પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૫

શતાબ્દી ગ્રંથ

૭

શ્રી મા

જન્મ
ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

–

ભારતમાં આગમન
માર્ચ ૨૯, ૧૯૧૪

–

મહાસમાધિ
નવેમ્બર ૧૭, ૧૯૭૩

–

જન્મશતાબ્દી
ફેબ્રુઆરી ૨૧, ૧૯૭૮




જે વર્ષો તમે નિરર્થક ગાળ્યાં હોય છે તે જ તમને વૃદ્ધ બનાવે છે.

નિરર્થક ગાળેલું વર્ષ એટલે કે જે દરમિઆન તમે કશી જ પ્રગતિ કરી નથી હોતી, ચેતના વિકાસ પામી હોતી નથી, પૂર્ણતાની દિશામાં તમે આગળ વધ્યા નથી.

તમારા પોતાના કરતાં કોઇ વધુ ઉચ્ચ અને વધુ વિશાળ વસ્તુને સિદ્ધ કરવા માટે તમારું જીવન સમર્પણ કરો અને જીવનમાં વહી જતાં વર્ષોનો ભાર તમને કદી પણ નહિ લાગે.

-શ્રી માતાજી



શ્રી માતાજી

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૫

શ્રી માતાજી

●

અનુવાદક
શ્રી શાંતિલાલ ઠાકર

●

શ્રી અરવિંદ સોસાયટી (શાખા)
અમદાવાદ ૩૮૦ ૦૦૬

પ્રકાશક : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ વતી
શ્રી હસમુખ શાહ, શ્રી અરવિંદ સોસાયટી,
'સેન્ટર', પ્રિતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

o

શતાબ્દી ગ્રંથ ૭

પ્રથમ આવૃત્તિ (શતાબ્દી આવૃત્તિ) ફેબ્રુઆરી ૧૯૮૩

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂા. ૪૫-૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ : પોંડિચેરી

: પ્રાપ્તિસ્થાન :

૧ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રિતમનગર, પહેલો ઢાળ
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

૨ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ નિવાસ
દાંડિયા બજાર, વડોદરા ૩૯૦૦૦૧

૩ SABDA, SRI AUROBINDO ASHRAM
PONDICHERRY 605 002

મુદ્રણસ્થાન :
નવસર્જન એકેડેમી પ્રેસ, નારગોળ-૩૯૬૧૩૪


પ્રકાશકની નોંધ

શ્રી માતૃવાણીનો આ ગ્રંથ–૭ અંગ્રેજીમાં 'કલેક્ટેડ વર્ક્સ ઑફ ધી મધર, વોલ્યુમ–૭' નું ગુજરાતી ભાષાંતર છે.

આ ગ્રંથમાં શ્રી માતાજીએ ૧૯૫૫માં આશ્રમના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાધકો સમક્ષ "બુધવારના વર્ગો"માં જે વાર્તાલાપો આપેલા તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ગોની શરૂઆત શ્રી માતાજીનાં લખાણો અથવા શ્રી અરવિંદના ગ્રંથોનાં શ્રી માતાજીએ કરેલા ફ્રેન્ચ ભાષાંતરના વાચનથી થતી. ત્યાર પછી શ્રી માતાજી વિવેચન કરતાં અથવા આ પુસ્તકો ઉપર અથવા બીજા વિષયો ઉપર પુછાયેલા પ્રશ્નોના ઉત્તર આપતાં.

શ્રી અરવિંદના "**યોગસાધનાના પાયા**" ઉપરના ૫ જાન્યુઆરીથી ૧૧ મે સુધીના વાર્તાલાપો છે. શ્રી માતાજીનો લેખ "સ્ત્રીનો પ્રશ્ન" તેના ઉપર ૧૮ મેનો વાર્તાલાપ છે. શ્રી અરવિંદનો ગ્રંથ "**માનવવિકાસ ચક્ર**" ના પ્રકરણ ૧૪ "પારતાર્કિક સૌંદર્ય" ઉપર મે ૨૫ થી જૂન ૧ સુધીના વાર્તાલાપોનો આધાર છે. એક નાટકનો, જે અંશતઃ શ્રી માતાજીએ લખેલું – તે "મહાન રહસ્ય" ઉપર ૧૪ સપ્ટેમ્બરથી ૨૦ ઑકટોબર સુધીના વાર્તાલાપો છે અને શ્રી અરવિંદના "**યોગ સમન્વય**"નાં બે પ્રકરણો 'ચાર મદદો' અને 'આત્મ-સમર્પણ' ઉપર ૧૯ ઑકટોબરથી ૨૮ ડિસેમ્બર સુધીના વાર્તાલાપોનું વિવેચન થયેલું.

આ વાર્તાલાપો ફ્રેન્ચમાં અપાયેલા અને તે સમયે ટેપ–રેકર્ડ થયેલા. આ વાર્તાલાપોનો મૂળ પાઠ અને ભાષાંતરો ત્રિમાસિક "**બુલેટિન ઑફ શ્રી અરવિંદ ઇન્ટરનેશનલ સેંટર ઑફ એજ્યુકેશન**"ના જુદાજુદા અંકોમાં પ્રકાશિત થયેલા; સંપૂર્ણ વાર્તાલાપો પ્રથમ વખત જ અહીં પ્રકાશિત થાય છે.



અનુક્રમણિકા

૧૧ જાન્યુઆરી	બાહ્ય પ્રકૃતિનો આંતરચેતના સાથે સુમેળ	૧
	રૂપાંતરને ઢીલમાં નાખવા માટે વિરોધી બળો પ્રયત્ન કરે છે	૨
	(ભવિષ્યનું) જ્ઞાન અને કાર્ય	૩
	'કુએ' ની પદ્ધતિ : સ્વયંસૂચન	૪
૧૨ જાન્યુઆરી	પ્રશ્નો અને પરિરોધ મુશ્કેલીઓમાં વૃદ્ધિ કરે છે અને ગ્રહણશીલતાને અટકાવે છે	૮
	સાચી વૃત્તિથી મુશ્કેલીઓનો સામનો કરવો	૯
	નિરાશા અને પ્રગતિ	૧૦
	અહંકારો – ઘણી સંખ્યામાં; વ્યક્તિગત અને સામૂહિક અહંકારો; અહંકારનો અર્થ	૧૨
	અનુભૂતિની વિશુદ્ધિ	૧૪
૧૯ જાન્યુઆરી	ઊર્ધ્વમનને ભજવવાનો ભાગ	૧૬
	વિરોધી બળો અને પ્રગતિ	૧૭
	વિપત્તિઓ, તેમનું કારણ; પ્રતિરોધ	૧૮
	વિરોધી બળોનું કાર્ય; બડાઈ	૧૯
	આત્મશ્લાઘા અને વિરોધી બળો	૨૦
	સુવિકસિત ચૈતસિક અસ્તિત્વ અને બાહ્ય પ્રકૃતિ; મુશ્કેલીઓ	૨૧
૨૬ જાન્યુઆરી	આપઘાત, તેનાં કારણો અને તેની અસરો	૨૪
	માણસોને ખૂબ અવાજ કરવામાં કેમ આનંદ આવે છે; કંટાળો	૨૬
	કાયરતા અને તમસ	૨૭
	પ્રાણીઓને તાલીમ આપનારની વાત; હિંમત અને બીકના પ્રકારો	૨૯
	પશુઓ અને બીક	૩૦
	હિંમત – યુદ્ધો દરમિયાન	૩૧
	સાચી હિંમત	૩૩
૨ ફેબ્રુઆરી	સાચું વલણ	૩૪
	શરીર-સાધના માટે જરૂરી	૩૫

	ફક્ત પૃથ્વી ઉપર જ પ્રગતિની શકયતા, શરીરમાં; આપઘાત	૩૫
	એકના એક અનુભવો પુનરાવર્તન કરતા નથી; સીધી પ્રગતિ	૩૬
૯ ફેબ્રુઆરી	કામના ચેપી છે; તેનું મૂળ, તેની વૃદ્ધિ માટે જરૂર	૩૯
	પ્રેમનું પ્રાથમિક અવસ્થાનું રૂપ	૪૦
	સાચો આનંદ કામના વગરનો હોય છે; કલાકારનો આનંદ	૪૦
	ઓપેરામાં બુદ્ધિઝમની તાલીમ લેતી સ્ત્રીની વાત; માલિકીનો આનંદ	૪૧
	ચૈત્યિક જરૂરિયાત; મન કરણ તરીકે	૪૩
	કઈ રીતે ચૈત્ય પુરુષ પોતાની જાતને અભિવ્યકત કરે છે	૪૩
	પોતાના સ્વરૂપ વિશે સચેતન બનવું	૪૪
	મન, પ્રાણ અને શરીરને ચૈત્યિકનું માર્ગદર્શન	૪૪
	માંદગી; શરીર અને મન	૪૬
	આધુનિક ચિત્રકામ; રંગીન ફોટાઓ	૪૮
	રંગીન કાચના ટુકડાઓ; માતાજીનું દર્શન	૫૦
૧૬ ફેબ્રુઆરી	માતાજીએ આપેલી વસ્તુ ગુમાવવી	૫૨
	વસ્તુઓનો સારી રીતે ઉપયોગ કરવો	૫૩
	સાબુના ટુકડાઓ એકઠા કરતા સાધકની વાત	૫૫
	કઈ વસ્તુઓ સાચી રીતે અનિવાર્ય છે	૫૫
	સૃષ્ટિની સાચી ગોઠવણી	૫૭
	પૈસા મેળવવા માટે; પૈસો એ શાપ; પરોપકાર	૫૭
	વસ્તુઓનો દુરુપયોગ; જગતની વિપત્તિ; વસ્તુઓ તેમની સાચી જગાએ નથી	૫૯
૨૩ ફેબ્રુઆરી	સ્વાદ ઉપર; ઇન્દ્રિયોને કેળવવી	૬૧
	ઉપવાસ ગ્રહણશીલતાની સ્થિતિ પેદા કરે છે; શકિત પ્રાપ્ત કરવી	૬૪
	શરીર અને ખોરાક	૬૫
૨ માર્ચ	સાચી ભાવના અને ચેતના. અભીપ્સા અને કામના	૬૯
	નિદ્રા અને યોગિક આરામ; કેવી રીતે નિદ્રા લેવી	૭૦
	સ્વપ્નોને યાદ રાખવાં	૭૨
	ચેતના અને બાહ્ય ક્રિયાઓ; ચૈત્યિકનો સંપર્ક	૭૩
	માતાજી દરેકની અંદર "દ્વાર" ખોલે છે	૭૪

	"નિમ્નતર પ્રાણની ભૂલ"	૭૫
	નિદ્રા, આંતરજ્ઞાનની પાઠશાળા	૭૬
	પ્રાણિક શક્તિઓનું મૂળ	૭૭
૬ માર્ચ	શારીરિક ચેતનામાં ચૈતસિક ખુલ્લાપણું; આંતરીકરણ	૮૦
	અહંતામય ગતિઓનું રૂપાંતર	૮૧
	ચૈત્યિક અસ્તિત્વનું કાર્ય; શરીરની રચનાઓનું રૂપાંતર	૮૨
	અનુભૂતિઓ મેળવવી; ચૈત્યિક અને પ્રભુનો સંપર્ક	૮૩
	ભિન્નભિન્ન અનુભવો	૮૪
	વિરોધી બળોનું આક્રમણ; અનિચ્છનીય મનોમય અને પ્રાણિક ગતિઓ	૮૬
	ધ્યાન દરમિયાન ભયંકર રૂપો જોવાં, પ્રાણિક અને મનોમય પ્રતિરોધો	૮૭
૧૬ માર્ચ	ખોટી ગતિઓનો ઈન્કાર અને રૂપાંતર	૮૯
	મૃત્યુ પછીની ભવિતવ્યતા; ચૈત્યિકની ઉત્ક્રાંતિ	૯૨
	સત્યનો પ્રકાશ અંધકારમય બિનસચ્ચાઈઓ, મનોમય અને પ્રાણિક,—ને બાળી નાખે છે	૯૪
	મનોમય વિકૃતિઓ અને વિરોધો	૯૬
	વિચારો, સામૂહિક મિલકત, શુદ્ધ વિચાર અને તેની અભિવ્યક્તિ	૯૮
	ધર્મો આંશિક સાક્ષાત્કાર	૯૯
૨૩ માર્ચ	બહાર ફેંકી દેવાની અને રૂપાંતરની પ્રક્રિયા	૧૦૦
	મોઢે કરવાનું શીખવું; સાચી સમજ	૧૦૧
	આકંપનો, જાતિની ગતિઓ	૧૦૨
	બિલાડી અને રશિયન સ્ત્રીની વાત	૧૦૩
	પ્રાણીઓનો પુનર્જન્મ; 'યોગ કરતી' બિલાડીની વાત	૧૦૪
૩૦ માર્ચ	યોગ શક્તિ	૧૦૭
	પૃથ્વીની શક્તિઓ "ઉચ્ચતર અને નિમ્નતર"	૧૦૮
	રોગ; યોગિક ઉપાયો દ્વારા દૂર કરવા	૧૦૯
	સાચો આત્મા અને ચૈત્ય સ્વરૂપનો ભેદ	૧૧૦
	જુદી જુદી પદ્ધતિઓથી મુશ્કેલીઓનો ઉકેલ	૧૧૧

૬ એપ્રિલ	ફ્રોઇડનું માનસશાસ્ત્રીય પૃથક્કરણ...તલશાયી ચેતના	૧૧૩
	તલશાયી અને ચૈત્યિક ચેતના	૧૧૪
	સાચા માનસશાસ્ત્રી વિશે	૧૧૭
	પ્રકૃતિના નિમ્નતર ભાગોને ઉચ્ચતર ચેતનાના દબાણથી પુનર્નિમાણ	૧૧૮
	સ્વરૂપના જુદા જુદા ભાગોમાં વિશ્વાસ	૧૧૯
	આશ્રમમાં ચૈત્યિક સાથે સભાન સંપર્ક	૧૨૧
૧૩ એપ્રિલ	માનસશાસ્ત્રીય પૃથક્કરણ કરનારાઓનાં ટોર્ચ લાઈટો	૧૨૩
	અંતઃસ્તલમાં રહેલી બૃહત્, અહંતા, ભિન્ન ભિન્ન સ્વપ્નો	૧૨૪
	સ્વપ્નાંઓ, નિદ્રા, રાત્રી દરમ્યાન પ્રવૃત્તિઓનું સંયમન	૧૨૫
	પ્રકારો, અધિમનસ અને ઊર્ધ્વ મન	૧૨૭
	કોઈ માણસને મૃત્યુ પામતો જોવો; તેનો અર્થ	૧૨૮
	વારંવાર આવતાં સ્વપ્નો	૧૨૯
	પૂર્ણ આરામ; સચ્ચિદાનંદમાં પ્રવેશ	૧૩૦
	જીવનને વ્યવસ્થિત કરવું... એકાગ્રતા; આરામ	૧૩૧
૨૭ એપ્રિલ	પ્રતીકમય સ્વપ્ન અને સૂક્ષ્મદર્શન	૧૩૩
	જુદી જુદી પદ્ધતિઓથી પીડા મટાડવી	૧૩૫
	ચેતનાની જુદી જુદી અવસ્થાઓ	૧૩૭
	પોતાની જાતને મૃત્યુ પામેલી સ્વપ્નાંઓમાં જોવી	૧૩૮
	બહાર નીકળવું	૧૩૯
૪ મે	વૈશ્વિક પ્રાણમય ભૂમિકામાંથી શક્તિ ખેંચવી	૧૪૧
	આંતરિક ભૌતિક ચેતના	૧૪૩
	જુદી જુદી શક્તિઓ પ્રત્યે ગ્રહણશીલતા	૧૪૪
	ગ્રહણશક્તિ અને વૃદ્ધિ	૧૪૬
૧૧ મે	આક્રમણોની શરીર પર અસર ન થવી	૧૪૮
	અવચેતના; તેને ફેરવવી	૧૪૯
	માંદગી; તેને અટકાવવી	૧૫૦
	શરીરમાં અતિમનસ	૧૫૩
	દુઃખનું સુખમાં રૂપાંતર	૧૫૪
	આશ્રમમાં સામૂહિક માંદગી	૧૫૬

૧૮ મે	સ્ત્રીનો પ્રશ્ન	૧૫૮
	પુરુષો અને સ્ત્રીઓ વિશે	૧૬૦
	પરમ માતા; નવું સર્જન	૧૬૧
	દેવ અને દેવીઓ વિશે	૧૬૩
	સર્જનની વાત; પૃથ્વી; વિશ્વનું પ્રતીક	૧૬૪
	પ્રકૃતિ જાતિને ઉત્ક્રાંતિના સાધન તરીકે યોજે છે	૧૬૬
	પ્રકૃતિ શું છે? બીજા ગ્રહો ઉપર પદાર્થતત્ત્વ	૧૬૭
	ચૈત્યસ્વરૂપ કેવળ પાર્થિવ ભૂમિકા પર; સત્ત્વો બધે, ઊડતી રકાબી	૧૬૭
	રહસ્યમય સાધનો વડે બીજા જગતમાં જવું	૧૬૯
	ઈન્દ્રિયોનો વિસ્તાર	૧૭૦
૨૫ મે	ધર્મ અને તર્કશક્તિ	૧૭૨
	તર્કશક્તિ–તર્કશક્તિનું ક્ષેત્ર	૧૭૪
	તર્કબુદ્ધિને આધ્યાત્મિક જીવન માટે અવરોધ અને પ્રકાશદાતા	૧૭૫
	તર્કબુદ્ધિને કેવી રીતે વિકસાવી શકાય; તૈયારી અને ઉપયોગનું કાર્ય	૧૭૭
	તર્કબુદ્ધિ ગાર્ગી તૈયાર કરે છે	૧૮૦
	કેમ જીવવું તે શીખવું... સામાન્ય માનવીઓ અને સરકારી લોકો	૧૮૧
	તર્કબુદ્ધિ જીવન પર કાબૂ રાખે છે અને વ્યવસ્થિત ગોઠવે છે	૧૮૨
	પ્રકૃતિ નિમ્ન તાર્કિક, માનવીમાં તર્કબુદ્ધિ	૧૮૩
૧ જૂન	'કલામય અંતઃકરણ'	૧૮૪
	સૌંદર્ય અને રૂપ	૧૮૫
	'આપણા જીવનનાં મૂળો'	૧૮૬
	સૌંદર્યની લાગણી સાહજિક હોઈ શકે, તાર્કિક હોય અથવા પારતાર્કિક	૧૮૭
	સૌંદર્યની લાગણીની તાલીમ – રસ	૧૮૮
	એક માણસ જે 'પ્રકૃતિની નીતિમત્તા'નો પ્રચાર કરતો હતો	૧૮૮
	માનસિક રચનાઓ – એક જ દર્શન પર રચાયેલી મર્યાદિત હોય છે	૧૮૯
	જગત અને માનવજાતિમાં ફેરફાર લાવવો	૧૮૯
	આધુનિક ચિત્રકલા	૧૯૧

૮ જૂન	ભગવાનનું કાર્ય કરવું અને અંગત હેતુઓ	૧૯૫
	આદર્શ વલણ પ્રભુને પૂર્ણ સમર્પણ કરવું	૧૯૫
	પૃથ્વી ઉપર પ્રભુનો આવિર્ભાવ	૧૯૬
	ચેતનાનું અંતરમાં પરિવર્તન; પોતાની જાતને જાણવી	૧૯૮
	પૂર્ણ પ્રગતિ, બાહ્ય અને આંતરિક મુશ્કેલીઓનો સામનો	૧૯૯
	આશ્રમના લોકો : સાધકો, બીજા કાર્યકરો, બાળકો	૨૦૦
	યોગ કરવા વિશે : ચેતના પ્રકાસ તરીકે કાર્ય કરે છે	૨૦૨
	બાળકોને આશ્રમમાં અદ્‌ભુત સ્વતંત્રતા; યોગની પસંદગી	૨૦૪
૧૫ જૂન	"સક્રિય સાક્ષાત્કાર" ; રૂપાંતરની પ્રક્રિયા	૨૦૭
	અનુભવની નિષેધાત્મક બાજુ અને વિધેયાત્મક બાજુ	૨૦૮
	સૂકા નાળિયેરની પ્રતિકૃતિ	૨૦૯
	પુરુષ, પ્રકૃતિ અને ભગવતી મા	૨૧૦
	સત્ય-સર્જન; પ્રગતિકારક સર્જનનો પ્રલયમાં અંત નહિ આવે	૨૧૧
	સંક્રાન્તિનો સમય; બધાં જ પગથિયાં ચડવાં જરૂરી છે	૨૧૨
૨૨ જૂન	યોગશક્તિની જાગૃતિ; પદ્ધતિઓ અને સાહજિક અનુભવ	૨૧૪
	"સહસ્રાર કમળ"	૨૧૬
	વાચન; યોગમાં કેટલું મદદગાર	૨૧૭
	ભિન્ન ભિન્ન માણસોમાં સ્વભાવની જટિલતા	૨૧૮
૨૯ જૂન	સાચાં પ્રાણિક અને શારીરિક અસ્તિત્વો	૨૨૦
	શારીરિક, પ્રાણિક અને માનસિક ભૂમિકાઓમાં દેશ અને કાળ	૨૨૨
	પૂર્વ જન્મોની ચૈત્યિકને સ્મૃતિ	૨૨૪
	ચૈત્યિક અસ્તિત્વ એકતાનું અસ્તિત્વ રાખે છે, જીવનને સંગઠિત કરે છે	૨૨૫
	ચૈતસિક અસ્તિત્વનું જ્ઞાન; શારીરિક ચેતનાનું અજ્ઞાન	૨૨૭
૬ જુલાઈ	ચૈત્યિક અસ્તિત્વ અને કેન્દ્રિય અસ્તિત્વ અથવા જીવાત્મા	૨૨૯
	ભગવાનની વિવિધતામાં પણ તાદાત્મ્ય; જુદા જુદા દૃષ્ટિકોણો	૨૩૦
	અનુભવો લેવા માટે અહંતાનાં કોચલાંમાંથી આરપાર જવું જોઈએ	૨૩૧

	માનસિક, પ્રાણિક અને શારીરિક બાહ્યીકરણ	૨૩૨
	કલ્પનામાં રૂપો સર્જવાની શક્તિ છે; મનનું દર્શન	૨૩૪
	કલ્પનાનું કાર્ય	૨૩૫
	વિશ્વ પ્રગતિશીલ છે; નવી વસ્તુઓ પ્રગટ થાય છે	૨૩૬
૧૩ જુલાઈ	વૈશ્વિક આત્મા અને વૈશ્વિક ચેતના	૨૩૭
	અજ્ઞાનની ભેદજનક દીવાલ; ઐક્ય અને ભેદ	૨૩૮
	સમજણ માટે અભીપ્સા; જાણવું અને બનવું	૨૪૦
	પ્રભુ વ્યક્તિના સ્વરૂપનો સારતત્ત્વ છે; વ્યક્તિની વિસ્મૃતિ	૨૪૧
	પ્રભુની ભેદ દ્વારા વિવિધતા અને એકતા	૨૪૧
	પ્રભુમાં શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણ સાક્ષાત્કારો લાવે છે	૨૪૩
૨૦ જુલાઈ	બિનંગત પ્રભુ	૨૪૫
	બીજા લોકોની અસરમાંથી મુક્ત રહેવું	૨૪૬
	પ્રભુને પોતાની જાતને સોંપી દેવાથી પૂર્ણ મુક્તિ મળે છે	૨૪૮
	જે લોકો પ્રભુને પોતાની જાત સોંપે છે તેમને પ્રભુ પોતાને સોંપે છે	૨૪૮
	અવ્યક્ત પરમાત્મા; નિર્વાણ	૨૪૯
	આંતરિક માપોનો સિદ્ધાંત – વિસ્તૃતિકરણ	૨૫૦
	પ્રભુ માટેની અભીપ્સામાં અને માર્ગમાં ભેદ; સમર્પણ	૨૫૧
	રેખાગત અને ગોળાકાર માર્ગો અને સાક્ષાત્કાર	૨૫૨
૨૭ જુલાઈ	હૃદયના કેન્દ્ર ઉપર એકાગ્રતા; મનથી પર સચેતન આરોહણ	૨૫૩
	"સૂકવેલું હૃદય"; ચૈતસિક અનુભૂતિને પ્રાણિક લાગણીઓ માનવાની ભૂલ	૨૫૪
	ચેતના; આત્મજ્ઞાન	૨૫૫
	ચેતના; ચૈત્યિક સાથે ઐક્ય; તેનાં કરણો; શરીર	૨૫૬
	વિખેરવાની ક્રિયા, લોકો વચ્ચે અભાન આપ-લે, ચેપી	૨૫૭
	અગાસીદર્શન અને ક્રીડાંગણમાં માતાજીનું કાર્ય	૨૫૮
	કૂચ અને સલામી	૨૬૦
	પ્રથમ વિશ્વયુદ્ધમાં વીરતા	૨૬૧
૩ ઑગસ્ટ	"સાચી જીવનક્રિયા". સિદ્ધાંતમાં કશું જ અશક્ય નથી	૨૬૩
	ચૈત્યિક સંપર્ક અને ચૈત્યિક અસર	૨૬૪

	રહસ્યમય શક્તિઓ; વિરોધી અસરો; જાદુ	૨૬૬
	જાદુ અને રહસ્યવાદ; યોગિક શક્તિઓ અને જાદુની પ્રક્રિયાઓ	૨૬૭
	હિપ્નોટિઝમ અને તેની અસરો	૨૬૯
૧૦ ઑગસ્ટ	કઈ રીતે ધ્યાન કરવું	૨૭૧
૧૭ ઑગસ્ટ	સીધું, ઊંચું આરોહણ અને ચેતનામાં સમાંતર ખુલ્લાપણું	૨૭૩
	ચૈત્યિક અસ્તિત્વની મુક્તિ	૨૭૪
	ચૈત્યિક અસ્તિત્વની શોધ માટેની ઉપમાઓ	૨૭૪
	સાધના, ચૈત્યિકના સંપર્ક માટે પ્રયત્નની જરૂર	૨૭૬
૨૪ ઑગસ્ટ	માતાજીના જુદા જુદા ફોટાઓ પર એકાગ્રતા	૨૭૮
	આત્મભાન માટેની તાલીમ, જુદા જુદા પ્રકારનાં ધ્યાન	૨૭૯
	એકાગ્રતા અને ધ્યાન	૨૮૦
	ચિંતન અને ધ્યાન	૨૮૧
	કવિતા એ આત્માની ઈન્દ્રિયગ્રાહ્યતા છે	૨૮૧
	કવિતામાં સૌન્દર્ય અને સત્ય	૨૮૨
	પ્રેરણા અને પ્રતિભાશાળી માણસો	૨૮૩
	શાંતિ : આંતરિક સ્થિતિ અને વસ્તુઓમાં	૨૮૪
	સપાટી પરના જીવનમાંથી અંદર ખેંચીને જીવવું	૨૮૫
૩૧ ઑગસ્ટ	સાધનામાં કાર્યની પસંદગી	૨૮૯
	કેળવણી : અનુભવ દ્વારા પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા	૨૯૦
	નિયમો અને પોતે જાણતા હોય તે ઉચ્ચતમ સત્ય પ્રમાણે જીવવું	૨૯૧
	સાચો આરામ એ પ્રકાશમાં ઊર્ધ્વગતિ છે	૨૯૧
	સચિત્ર સારાં પુસ્તકો વાંચવા વિશે	૨૯૨
	આધુનિક સમયમાં દરેક વસ્તુ ક્ષુદ્ર અસંસ્કારી બને છે	૨૯૨
૭ સપ્ટેમ્બર	કાર્ય – અનુભવની પાઠશાળા	૨૯૫
	જીવન એક ભ્રાંતિ; શંકર અને બુદ્ધના ઉપદેશો	૨૯૬
	કાર્ય : આંતરિક સાક્ષાત્કારને પ્રગટ કરે છે	૨૯૬
	વિષ્ણુ અને શિવના અવતારો; બુદ્ધ	૩૦૦
	વસ્તુઓમાં "રસ લેવો" અસંસ્કારિતા, પ્રગતિમાં અવરોધ	૩૦૨
	સિનેમા કેળવણીનું સાધન અથવા વિકૃતિનું	૩૦૩

૧૪ સપ્ટેમ્બર	સાચો રાજકારણી પુરુષ; નાણાંશાસ્ત્રી અને રાજકારણમાં પરિવર્તન લાવવું મુશ્કેલ	૩૦૫
	નાટકનાં પાત્રો અને તેનો હેતુ	૩૦૬
	વિશ્વનું રાજકારણ; અમેરિકા અને રશિયાનું સમાધાન	૩૦૮
	ઉત્ક્રાંતિનો વળાંક; આખી માનવજાતિ કેટલાક અનુભવોમાંથી પસાર થાય છે.	૩૦૯
	પ્રભુ એક સરખી રીતે કાર્ય કરે છે, યુદ્ધ દરમ્યાન ભેદ	૩૧૦
	વિશ્વમાં ભારતનો ભજવવાનો ભાગ	૩૧૧
૨૧ સપ્ટેમ્બર	સાહિત્ય અને પ્રકારો માટે રસવૃત્તિ	૩૧૨
	નાટકનાં બધાં પાત્રો	૩૧૩
	સાહિત્ય કઈ રીતે પ્રગતિ કરવામાં મદદ કરે છે	૩૧૩
	શીખવા માટે વાચન; ક્ષુદ્ર, અસંસ્કારી, આધુનિક સમયનાં પુસ્તકો	૩૧૪
	વેપારી વૃત્તિ, માનસિક વિકૃતિ અને ધનનો લોભ	૩૧૫
	પોતાને વાંચવાની ચોપડીઓની પસંદગી કેવી રીતે કરવી	૩૧૬
	આરોહણ માટે નક્કર પાયાની પ્રાપ્તિની શકયતાનો વિસ્તાર કરવો	૩૧૭
	માણસોનું સામાન્ય વલણ	૩૧૮
૫ ઑક્ટોબર	અજ્ઞાન માનવતાનું એકમાત્ર અનિષ્ટ	૩૨૧
	જ્ઞાન બચાવે છે. કયું જ્ઞાન ? વિજ્ઞાન અને બુદ્ધિનું દૃષ્ટિબિંદુ	૩૨૨
	તાદાત્મ્ય વડે જ્ઞાન	૩૨૩
	વિજ્ઞાન અને બુદ્ધિઝમમાં સાધના	૩૨૪
	માનસિક ક્ષેત્રમાં પ્રગતિ અને તેનાથી પર; પીઠમાં રહેલી યોજના	૩૨૫
૧૨ ઑક્ટોબર	રૂપાંતરનો પ્રશ્ન : વ્યક્તિગત અને સામૂહિક	૩૨૭
	ઉત્ક્રાંતિ : માનવ અને અતિમાનવ; તેમની અસર; સતત વિકાસ	૩૨૮
	નવીન અભિવ્યક્તિનો પ્રારંભ	૩૨૯
	શ્રી અરવિંદ હંમેશાં પાર્થિવ રૂપાંતરોના અધિષ્ઠાતા રહ્યા છે	૩૩૧
	નવીન જીવન માટે અપવાદરૂપ તક; પૂર્ણ સમર્પણની માગણી	૩૩૧

	ચેતનાનું રૂપાંતર અને પશુતાનું પૂર્ણ રૂપાંતર	૩૩૨
	વિશ્વની સાચી વાસ્તવિકતા	૩૩૪
	ઉત્ક્રાંતિ, પ્રથમ માનવ, પ્રથમ અતિમાનવ અને નવીન જાતિ	૩૩૫
	માનવ અને પાર-માનવનું વલણ	૩૩૭
૧૯ ઑક્ટોબર	ચેતનાની ભિન્ન ભિન્ન ગતિ; સમયની છંદોમયતા	૩૩૯
	જ્ઞાનનું અને પરિપૂર્ણતાનું કમળ	૩૪૧
	સુષુપ્ત જ્ઞાન	૩૪૨
	"આત્માની પાંખડીઓ"	૩૪૩
	યોગ માટે તૈયારી; શાસ્ત્રી અને ગુરુનું સીધું માર્ગદર્શન	૩૪૩
	અનંત પરમાત્માની પસંદગી કરે છે	૩૪૫
૨૬ ઑક્ટોબર	ભગવાન અને વૈશ્વિક ગુરુ	૩૪૮
	શબ્દની શક્તિ સીધેસીધી અથવા પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય	૩૪૯
	સર્જક શબ્દ; મન્ત્ર; ધ્વનિનાં આંદોલનો	૩૪૯
	ધ્વનિ, બીજા જગતોમાં ધ્વનિ	૩૫૧
	રૂપ, રંગ અને વિચારોનો પ્રદેશ	૩૫૩
૨ નવેમ્બર	પ્રથમ પગલું; ચેતનાને અંતર્મુખ કરવી; જીવનના હેતુની શોધ	૩૫૫
	યોગ : પ્રભુ સાથેનું મિલન, ચૈત્યિક અસ્તિત્વ	૩૫૭
	વૈદિક કાળ : નવીન પૃથ્વીનું વચન	૩૫૮
	વિવેકાનંદ વિશેનો પ્રસંગ	૩૫૯
	વેદોની રૂપકમય ભાષા	૩૬૦
	વૈદિક ઋષિઓ; અવક્રાંતિના મનુષ્યો	૩૬૧
	પૃથ્વીના વિકાસમાં ઉત્ક્રાંતિ અને અવક્રાંતિનું દ્વિવિધ કાર્ય	૩૬૨
૯ નવેમ્બર	વ્યક્તિના અંગત પ્રયાસની ખોટી લાગણી; અહંકારયુક્ત મન	૩૬૪
	માણસ ચાર રસ્તા મળે એવું જાહેર સ્થાન છે. વ્યક્તિતા હોતી નથી; પ્રકૃતિનું કાર્ય	૩૬૬
	વ્યક્તિતાની રચના માટે અહંકારની જરૂર; પછીથી અદૃશ્ય થઈ જાય છે	૩૬૬
	માણસને સચ્ચાઈપૂર્ણ બતાવવા વિરોધી બળોની જરૂર	૩૬૭
	જુદી જુદી ભૂમિકાઓની નિશ્ચિતતાઓ; 'ચમત્કારો'	૩૬૮

૧૬ નવેમ્બર	સંખ્યાનો અર્થ	૩૬૯
	સંખ્યાનો ભિન્ન ભિન્ન અર્થ, જ્યોતિષશાસ્ત્રની સંખ્યા	
	સાચું જ્ઞાન	૩૭૦
	કાલી પૂજા માટે 'ભગવાનનો પ્રેમ' પુષ્પોની પસંદગીનો અર્થ	૩૭૧
	રંગત પ્રયત્ન અહંતાપૂર્ણ હોય છે ?	૩૭૨
	ભગવાનની ખોજ અને પ્રગતિ – અભીપ્સા અને કામના	૩૭૩
	ભૂતકાળની ઉત્ક્રાંતિ અને અત્યારના સ્વભાવ વડે પ્રભુ પ્રત્યે અભિગમ	૩૭૪
	આંતરવિકાસ માટે ચિંતન અને કઠિન પ્રયાસ...	
	એક રસપ્રદ પ્રશ્ન	૩૭૬
	પ્રાચીન કેલ્ડિયન કથા	૩૭૮
૨૩ નવેમ્બર	એક જ વાસ્તવિકતાની અનેકરૂપ અભિવ્યકિત	૩૭૯
	પૂર્ણયોગ જુદા જુદા માર્ગોથી અભિગમ	૩૮૦
	પરમ માનવ અને દિવ્ય માનવ વચ્ચેનો ભેદ	૩૮૧
	રોજિંદા ખ્યાલ મુજબની અને નવીન દૃષ્ટિબિંદુ; બનાવોનો ચમત્કાર અને તર્ક	૩૮૧
૩૦ નવેમ્બર	કાળ મિત્ર તરીકે અને શત્રુ તરીકે; પ્રાકૃતિક બળો સાથે આપણો સંબંધ	૩૮૫
	માતાજીના અનુભવો અને પ્રાકૃતિક બળોની વાત	૩૮૭
	શાળાના વાર્ષિક કાર્યક્રમ પાછળ કાર્ય કરતાં બળોનો માતાજીનો અનુભવ	૩૮૯
	અજ્ઞાની આગંતુકો દ્વારા આશ્રમની ટીકા	૩૯૧
	શ્રીમતી ડેવિડ નીલની ટીકાઓ પ્રત્યે બેદરકારી	૩૯૩
	આશ્રમમાં જીવનનો આદર્શ; શ્રેષ્ઠતાનો ખોટો ખ્યાલ	૩૯૩
	ટીકાઓ પ્રત્યે વ્યકિત કઈ રીતે બેદરકાર રહી શકે. પદ્ધતિઓ	૩૯૬
	પરિણામની આસકિત વગર કાર્ય કરવું.	૩૯૭
૭ ડિસેમ્બર	ભગવાન પ્રત્યે સમર્પણની ચૈત્યિક અને લાગણીમય ગતિ	૩૯૮
	ચૈત્યિક સ્પર્શ અને બીજી શકિતઓની વૃદ્ધિ; વાર્તા	૩૯૯
	બુદ્ધિશાળી અને આત્મસમર્પણવાળા સાધકો. સાચો આનંદ વિજયની નિશાની	૪૦૧

	આનંદ અને રૂપાંતર; શત્રુ ઉપર વિજય મેળવવો	૪૦૨
૧૪ ડિસેમ્બર	જીવનનો માયા ગણીને ત્યાગ – પ્રાચીન યોગોમાં	૪૦૫
	વિરોધી બળોની સામે યુદ્ધ કરીને જીવનનું રૂપાંતર કરવું	૪૦૬
	વ્યક્તિગત અને વૈશ્વિક અસ્તિત્વ; પૂર્ણ યોગની ત્રણ અવસ્થાઓ	૪૦૭
	માણસ ભગવાનની સતત હાજરીનો કેવી રીતે અનુભવ કરી શકે	૪૦૮
૨૧ ડિસેમ્બર	પૂર્ણયોગમાં રૂપાંતર માટે સામૂહિક સાધનાની જરૂર	૪૧૩
	આશ્રમનું નિર્માણ; સામૂહિક મુશ્કેલીઓ અને કાર્ય	૪૧૪
	રૂપાંતરનો યોગ – સામૂહિક કાર્ય	૪૧૫
	આશ્રમનાં બાળકો અને યોગ	૪૧૭
	માનવ-ઇતિહાસમાં અદ્‌ભુત દરમિયાનગીરીઓ	૪૧૮
	શક્યતાઓ અને માનવપ્રકૃતિમાં વિરોધી મુશ્કેલીઓ	૪૧૯
	સાક્ષાત્કારના માર્ગ પર વસ્તુઓની ઉત્કટતાઓ	૪૨૦
૨૮ ડિસેમ્બર	અસ્તિત્વના જુદાજુદા ભાગોની અભીપ્સા	૪૨૧
	તૈયારી માટે ઉત્સાહની શક્તિ અને આભારવૃત્તિની સાહજિકતા	૪૨૨
	ચૈત્યિક સાથેનો સંપર્ક; બધાં પ્રાણીઓમાં તેમના ઉદ્‌ભવ માટે અભીપ્સા	૪૨૩
	શુભની અમર્યાદ શક્તિ, દુષ્ટતાને પણ મર્યાદા હોય છે	૪૨૪
	ચૈત્યિક અસ્તિત્વના જીવન વળાંકમાં પણ સતત પ્રગતિ	૪૨૫
	ભૌતિક શારીરિક પદાર્થતત્ત્વ, ઘટકપદાર્થનો પૂર્ણતામાં વિકાસ	૪૨૫
	સ્વપ્ન	૪૨૭

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૫

૫ જાન્યુઆરી ૧૯૫૫

આ વાર્તાલાપ શ્રી અરવિંદ કૃત
"યોગ સાધનાના પાયા" પુસ્તકના
"મુરકેલીમાં" નામના ત્રીજા પ્રકરણ
ઉપર આધારિત છે.

"મધુર માતાજી, અમે અમારી "પ્રકૃતિને પ્રભુની દિવ્ય જ્યોતિ અને દિવ્ય શક્તિના કાર્યની સાથે સંવાદી" બનાવવાનું કાર્ય કઈ રીતે સિદ્ધ કરી શકીએ?"

કઈ રીતે કરી શકો? પ્રયત્ન કરો તો એ થઈ શકે.

સૌ પ્રથમ તો તમારે એ વસ્તુ વિષે સભાન બનવું જોઈએ કે તમારે કયા પ્રકારની સંવાદિતા સિદ્ધ કરવી છે. જે જે બિંદુઓ ઉપર એ પ્રકારની સંવાદિતાનું ચરિત્રત્ત્વ ન હોય તેમના વિષે તમારે સભાન બનવું જોઈએ. એમના વિષે સભાન બનીને તમારી આંતર પ્રકૃતિ અને કેટલીક બાહ્ય ક્રિયાઓ વચ્ચે જે વિસંવાદ પ્રવર્તતો હોય છે તેમના વિષે જાણકારી પ્રાપ્ત કરવી જોઈએ. આ રીતે

સૌ પ્રથમ તો તમારે સભાન બનવું જોઈએ અને એક વાર તમે એમના વિષે સભાન બનો ત્યારે પછી તમારે તમારી બાહ્ય ક્રિયાઓને તમારા અંતરના આદર્શ સાથે સુસંગત બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ સૌ પ્રથમ તો એ વિસંવાદ પ્રત્યે તમારે સભાન બનવું જોઈએ. કારણકે, ઘણા લોકો એમ માનતા હોય છે કે તેમનામાં બધું બરાબર ચાલ્યે જાય છે અને જો તેમને એમ કહેવામાં આવે છે કે "ના, તમારી અંતરની અભીપ્સા અને બાહ્ય પ્રકૃતિ વચ્ચે વિસંવાદ છે", તો તેઓ તેનો વિરોધ કરે છે. એવા લોકો સભાન હોતા નથી. એટલે સૌથી પ્રથમનું પગલું તો સભાન બનવું એ છે, જે વસ્તુ વિસંવાદી હોય તેના વિષે સભાન બનવું, તે છે.

પહેલું તો એ કે, ઘણાખરા લોકો એમ કહેશે કે, "તમે જે આંતરિક ચેતનાની વાત કરો છો તે શું છે? હું તે જાણતો નથી!" એટલે સ્પષ્ટ થાય છે કે, જો તેઓ પોતાની સામાન્ય ચેતના કરતાં તેમની ભીતરમાં રહેલી કોઈ ઊર્ધ્વતર વસ્તુ વિષે સભાન નથી હોતા તો તેમનાથી આ સંવાદિતા સ્થાપવાનું કાર્ય નહિ બની શકે. આનો અર્થ એ થાય કે આ પ્રકારની સંવાદિતા માટે તૈયાર થવા પહેલાં, સભાનતા પ્રાપ્ત કરવાના ઘણા ઘણા ગાળાઓ વટાવવા જરૂરી બને છે.

સૌ પ્રથમ તો તમારે એ જાણી લેવું જોઈએ કે તમારા અંતરના સ્વરૂપનું ધ્યેય અને અવતરણ કરી રહેલી શક્તિને ઝીલનારી અભીપ્સા શું છે – આ દરેક વસ્તુ સભાનપણે થવી જોઈએ. અને પછી, પાછળની, તમારે તમારી બાહ્ય ક્રિયાઓને આંતરિક ચેતનાના પ્રકાશમાં નિહાળીને જાણી લેવું જોઈએ કે કઈ વસ્તુ સંવાદી છે અને કઈ વસ્તુ વિસંવાદી છે. વિસંવાદી ગતિઓને જોયા પછી તેમનું રૂપાંતર કરવા માટે જરૂરી સંકલ્પ અને અભીપ્સાને સઘન બનાવીને પછી જે ભાગ સૌથી સહેલો હોય ત્યાંથી તમારે શરૂઆત કરવી જોઈએ. સૌથી વધુ મુશ્કેલ વસ્તુ હોય ત્યાંથી શરૂઆત કરવી ઇષ્ટ નથી. સૌથી સહેલી વસ્તુથી, જેને તમે સૌથી વધારે સમજતા હો તેનાથી, તમને જે વિસંવાદિતા વધારેમાં વધારે સુસ્પષ્ટ દેખાતી હોય તેનાથી તમારે શરૂઆત કરવી જોઈએ. પછી ધીમે ધીમે તમે વધારે મુશ્કેલ અને કેન્દ્રીય વસ્તુઓ તરફ જઈ શકશો....તમે શા માટે તમારા ઘુંટણને મરડો છો?

(મૌન)

"માતાજી, ગઈ વખતે આપે કહ્યું હતું કે આ વર્ષે વિરોધી બળો એક છેલ્લો પ્રહાર કરી લેવાનાં છે. જો પૃથ્વી વિજય પ્રાપ્ત કરવા શક્તિમાન નહિ બને, તો..."

"પૃથ્વી? શું મેં પૃથ્વી–શબ્દનો ઉલ્લેખ કર્યો હતો?"

"પૃથ્વી, ભારત અને વ્યક્તિઓ."

હા, એ શકય છે, એ બોલવાનો એક પ્રકાર છે. અને એટલે, જો આપણે વિજય પ્રાપ્ત નહિ કરી શકીએ તો...?

"તો શું એનો અર્થ એવો છે કે રૂપાંતરની શકયતા વિલંબમાં પડશે?"

કદાચ ઘણા સૈકાઓ સુધી તે વિલંબમાં પડશે. વિરોધી બળો ખાસ કરીને તે જ વસ્તુ સિદ્ધ કરવા મથી રહ્યાં છે; રૂપાંતર સિદ્ધ થવાની ઘટના મુલતવી રહે તેમ કરવામાં તેઓ, અત્યાર સુધી હંમેશાં સફળ નીવડયાં છે. "રૂપાંતર બીજે કોઈ સમયે સિદ્ધ થશે;" અને પછી આ બીજો કોઈ સમય... એટલે હજારો વર્ષ પછી. વિરોધી બળો ફરી એકવાર તેમ બને એ માટે પ્રયત્ન કરી રહ્યાં છે, કદાચ કોઈક સ્થાને આ બધું પૂર્વનિર્ણિત હશે. એ શકય છે, પરંતુ એ પણ શકય છે કે સર્વ કાંઈ પૂર્વનિર્ણિત હોવા છતાં પણ એ વસ્તુ જે સ્વરૂપમાં બની આવવી જોઈએ તે રૂપમાં સિદ્ધ થાય તેટલા માટે, એ પૂર્વ–નિર્ણિત વસ્તુને અગાઉથી પ્રગટ કરવી હિતાવહ નથી. એવી ઘણી વસ્તુઓ છે; કારણકે પરિણામનું લોકોને પૂરું જ્ઞાન નથી, તેને સિદ્ધ કરવા માટે જરૂરી સભાનતા અને વિશુદ્ધિ તેમનામાં નથી, શું કરવું તેનું તેમને ચોક્કસતાપૂર્વક જ્ઞાન નથી. સોએ નવ્વાણું ટકા લોકો પરિણામની ઈચ્છા રાખતા હોતા નથી; જો કદાચ તેઓ તેની ઈચ્છા રાખતા હોય, તો પણ તે ઈચ્છામાં પરિવર્તન આવી જાય છે. ભેળ–સેળ થઈ જાય છે, તે ઈચ્છા મોળી પડી જાય છે, લોકોમાં અસંતોષકારક મતભેદો પેદા થઈ જાય છે. એટલે શું બનવાનું છે તેને માણસ ચોકકસપણે જાણતો હોય તો તે શાન્તિપૂર્વક બેસી જ રહે અને પછી કશો જ પ્રયત્ન ન કરે. તે કહે કે, "જો આ બનવાનું જ છે, તો તો બહુ સારું; મારે હવે વધારે કશું જ કરવાનું રહેતું નથી." તેથી માણસને શું બનવાનું છે તેનું જ્ઞાન નથી હોતું. પણ જે માણસ બધા સંજોગોમાં, કારણને સંપૂર્ણપણે જાણીને, પોતાનાં કાર્ય પરિણામને જાણીને, કર્મ કરી શકે છે, કેટલીક વાર સાથે સાથે પરિણામથી થોડું ઘણું વિરુદ્ધ કર્મ પણ કરી શકે છે, તે જ માણસ ખરેખર જાણી શકે. પણ એવા માણસોની સંખ્યા મોટી છે–એમ હું માનતી નથી. સામાન્ય જીવનમાં લોકો કહે છે કે "અમુક વસ્તુને સિદ્ધ કરવા માટે માણસે હંમેશાં પોતાના લક્ષ્ય કરતાં વધારે ઉચ્ચ વસ્તુને લક્ષ્ય તરીકે પોતાની સમક્ષ રાખવી જોઈએ. જે લોકોએ જીવનમાં કંઈક સિદ્ધ

કર્યું છે તેમણે, જેમણે કંઈક સર્જન કર્યું છે, સિદ્ધ કર્યું છે તેવા બધા મહાન પુરુષોએ પોતાની સમક્ષ એવું લક્ષ્ય, એવી મહત્ત્વાકાંક્ષા, એવી યોજના રાખી હતી કે જે હંમેશાં પોતે જે સિદ્ધ કર્યું હતું તેના કરતાં વધારે મહાન, વિશાલ, પરિપૂર્ણ અને સમગ્ર હતાં. તેઓ હંમેશાં પોતાની અપેક્ષા અને આશા કરતાં ન્યૂન વસ્તુ સિદ્ધ કરી શકયા હતા. તે એક નબળાઈ છે, પણ તે મેં જે કહ્યું તેમાંથી ઉદ્‌ભવે છે કે "જો માણસ પોતાની સમક્ષ એક ખૂબ મહાન આદર્શ ન રાખે, તેને સિદ્ધ કરવાની આશા ન સેવે, તો તે માણસ તેને સિદ્ધ કરવા માટે પોતાની સમગ્ર શકિતઓને કામે નહિ લગાડે, અને પરિણામે વધારેમાં વધારે નજીકના લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જરૂરી પ્રયત્ન નહિ કરે–સિવાય કે માણસમાં સ્પષ્ટ દર્શના હોય કે "આ કાર્ય કરવું જ જોઈએ", પછી તેનું ગમે તે પરિણામ આવે; પરિણામ માટે તે જરા પણ ચિંતા ન કરે; પણ તે રીતે કાર્ય કરવું એ કઠિન છે.

"મધુર માતાજી, 'કુએનો આશાવાદ'–તેનો અર્થ શો છે?"

આહ! કુએ. તમે શું કુએની કથા નથી જાણતા? કુએ એક ડોકટર હતો. તે માનસશાસ્ત્રીય પદ્ધતિ તથા આત્મ–સૂચન દ્વારા દરદીઓના રોગોને મટાડતો હતો; તે તેને કલ્પનાનું સાચું કાર્ય કહેતો હતો, તે જેને કલ્પના કહેતો હતો તે શ્રદ્ધા હતી. તે પોતાના બધા દરદીઓની આ રીતે દવા કરતો હતો. દરદીઓને એક પ્રકારની કલ્પનાનું નિર્માણ કરવાનું રહેતું, તેમને એમ વિશ્વાસ રાખવાનું રહેતું કે અમે આથી સાજા થઈ જઈશું; તે કલ્પનાના નિર્માણનું તેમણે પોતાના મનમાં પૂરતા આગ્રહપૂર્વક પુનરાવર્તન કરવાનું રહેતું જેથી તે અસરકારક બને. તે ડોકટરને બહુ નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત થતાં હતાં. ઘણા લોકોના રોગો તેણે આ પ્રમાણે મટાડયા તે હતા, જો કે કેટલાક કેઈસો નિષ્ફળ પણ નીવડતા, થોડા સમય પછી તે માંદગી દરદીઓને ફરી પ્રાપ્ત થતી. હું તે જાણતી નથી. પણ એટલી વાત ચોકકસ કે આ પદ્ધતિથી ઘણા લોકો કોઈક તદ્‌ન સત્ય અને મહત્ત્વની વસ્તુ પર વિચાર કરતા બની જતા હતા કે મન એક રચનાત્મક સાધન છે. જો માણસને તેનો યોગ્ય રીતે ઉપયોગ કરતાં આવડે, તો તેને સારાં પરિણામો પ્રાપ્ત થાય છે. તે કહેતો હતો કે–લોકો ખોટી રીતે વિચારો કરવામાં પોતાનો સમય બરબાદ કરે છે. હું તે કથન સાથે સંમત થાઉં છું. લોકોની માનસિક ક્રિયા લગભગ હંમેશાં અર્ધ–નિરાશામય હોય છે અને અર્ધ–વિનાશક પણ હોય છે. તેઓ બધો સમય ખરાબ વસ્તુઓ બનનારી છે–એમ જ વિચાર કર્યા કરે છે, પોતે જે કર્યું છે તેનાં બૂરાં પરિણામોનો જ વિચાર કર્યા કરે છે, તેઓ પોતાની પ્રચુર કલ્પના વડે

અનેક પ્રકારના સંકટોની જ કલ્પના કર્યા કરે છે; જો તે કલ્પનાનો ઉપયોગ તેમણે જુદી રીતે કર્યો હોત, તો તેમને તેથી વિરુદ્ધનાં, વધારે સંતોષપ્રદ પરિણામો પ્રાપ્ત થયાં હોત.

જો તમે તમારી જાતનું નિરીક્ષણ કરો, વિચાર કરતી તમારી જાતને ઓચિંતી પકડો, તો તમને માલૂમ પડે કે, તમે ૧૦ માંથી ૯ વખત સંકટના બૂરા વિચારો જ કરતા હો છો. તમે ભાગ્યે જ સુસંવાદી, સુંદર, રચનાત્મક, સુખમય, આશા-પૂર્ણ, પ્રકાશપૂર્ણ અને આનંદપૂર્ણ વસ્તુઓનો વિચાર કરતા હો છો. પ્રયોગ કરો, અને તમને આ કથનનું સત્ય સમજાશે. એકદમ અટકી જાઓ અને વિચાર કરતી તમારી જાતને નિહાળો, તમારા વિચાર સામે એક પડદો મૂકો અને વિચાર કરતી તમારી જાતને ઓચિંતી નિહાળો; તો તમને ૧૦ માંથી ૯ વખત, કદાચ તેથી પણ વધારે વખત, સંકટના બૂરા વિચારો આવતા જણાશે. (જે બનવાનું છે તેને વિષે, પોતાની પરિસ્થિતિ વિષે, પોતે જે કરવા માગે છે તે કાર્ય વિષે, જીવનના અથવા જગતના સંયોગોના ક્રમ વિષે માણસને ભાગ્યે જ પ્રકાશમય વિચારો આવતા હોય છે. તેનો આધાર તમે જે કાર્યમાં ગૂંથાયેલા હો છો તેના પર રહે છે.) તમે હંમેશાં નાના કે મોટા સંકટનો જ વિચાર કરી રહ્યા હો છો—તે તમને જણાશે.

બરાબર નહિ ચાલતી, નાનામાં નાની વસ્તુઓ લો. જો તમે તમારા શરીરનો વિચાર કરશો, તો હંમેશાં તમને એમ લાગશે કે તેને કશુંક અશુભ આવી પડવાનું છે, કારણ કે જ્યારે બધું જ બરાબર ચાલતું હોય છે, ત્યારે તમે તેને વિષે વિચાર કરતા હોતા જ નથી! તમે જોઈ શકશો કે જ્યારે તમે કોઈપણ કાર્ય કરતા હો છો, ત્યારે તમે શરીર વિષે એક પણ વિચાર કરતા હોતા નથી. જ્યારે કંઈક ગર-બડ પેદા થાય છે, જ્યારે થોડીક બેચેની અથવા મુશ્કેલી અનુભવાય છે, ત્યારે જ તમે શરીર વિષે ચિંતાપૂર્વક વિચાર કરવા માંડો છો, અને સંકટમય રચનાઓનું નિર્માણ કરવા માંડો છો.

જ્યારે કુએ...તેથી વિરુદ્ધ જ ભલામણ કરતો હતો. તે રીતે જ તે પોતાના દરદીઓના રોગો મટાડતો હતો. તે ડોકટર હતો. તે પોતાનાં દરદીઓને કહેતો કે "તમે તમારી જાતને વારંવાર કહો કે—હું સાજો થઈ જ જવાનો છું, ધીમે ધીમે મને આરામ થતો જાય છે, હું બળવાન છું, હું તદ્દન તંદુરસ્ત છું, હું આ કામ કે પેલું કામ કરી શકું તેમ છું."

હું એક સ્ત્રીને ઓળખું છું; તેના કેશ ઝડપથી ખરતા જતા હતા. તેને આ પદ્ધતિનો પ્રયોગ કરાવવામાં આવ્યો. વાળ હોળતાં, તે પોતાની જાત પાસે

વિચાર કરાવતી કે મારા વાળ નહિ ખરે. એકબે વાર તે પ્રયોગ કામિયાબ ન નીવડયો, પણ તે સ્ત્રી તે પ્રકારનો વિચાર કરવામાં મંડી જ રહી. વાળ હોળતી વખતે, દરેક વખતે, તે આગ્રહપૂર્વક કહેતી કે, હું મારા કેશ હોળી રહી છું, પણ તે ખરી નહિ પડે. એક માસમાં તો તેના વાળ ખરતા બંધ થઈ જયા. પછી તે સતત એમ વિચાર કરતી કે, હવે મારા વાળ ઊગશે, મોટા થશે. તે પ્રયોગમાં તે એટલી બધી સફળ થઈ કે મેં તેના મસ્તક પર ભવ્ય કેશકલાપ જોયો. તેણે પોતે જ મને આ વાત કરી હતી કે, હું તદ્ન કેશવિહીન બની જવાની અણી પર હતી, અને ત્યારે મેં આ પ્રયોગ શરૂ કર્યો હતો. તે પ્રયોગ ખૂબ જ અસર-કારક છે. તેમાં જરૂર છે માત્ર એટલી કે જયારે માણસ તે પ્રકારના વિચારનું નિર્માણ કરતો હોય, ત્યારે તેના મનના બીજા ભાગે એમ ન કહેવું જોઈએ કે હું જે વિચારનું નિર્માણ કરી રહ્યો છું તે સફળ થવાનું નથી, કારણકે તેમ કરવાથી તો તમે તમારા પોતાના કાર્યનો વિનાશ કરતા હો છો.

કુએ, મારા માનવા પ્રમાણે...આ સદીની શરૂઆતમાં થઈ ગયો.

(શ્રી માતાજી પવિત્ર તરફ જુએ છે.)

(પવિત્ર) : "મેં તેને ૧૯૧૭ કે ૧૮ માં પેરિસમાં જોયો હતો."

હા, બરાબર છે, આ સદીનાં પહેલાં ૨૫ વર્ષોમાં, તમે તેને ઓળખતા હતા?

(પવિત્ર) : "હા; પેરિસમાં."

આહ, આહ! તે વિષે તમે અમને કહો.

(પવિત્ર) : "મેં તેનાં એકબે વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં, તેની આ પદ્ધતિ હતી. તે દરદીઓને પ્રથમ દરરોજ સવારે અને પછી દિવસ દરમિયાન અનેક વાર આ વસ્તુનું પુનરાવર્તન કરવાનું કહેતો કે "હું દરરોજ વધુ ને વધુ તંદુરસ્ત બનતો જાઉં છું." રોજ સવારે અને સાંજે, અને દિવસ દરમિયાન, ખાતરીપૂર્વક, બે હાથ ભીડીને.....તે વિચારનું પુનરાવર્તન કરવાની સલાહ તે દરદીઓને આપતો હતો."

ઓહ! માણસને ક્રોધ આવે ત્યારે જો તે વારંવાર કહે કે "તમે મને ક્રોધ થતો નથી, હું સ્વસ્થ બની ગયો છું," તો કેવું સારું! (હસાહસ).

(પવિત્ર) : "હું પ્રતિદિન વધુ ને વધુ બુદ્ધિશાળી બનતો જાઉં છું."

તે તો બહુ જ સરસ છે. જો તમે બાળક પાસે વારંવાર બોલાવો કે હું સારો છું, સદાચારી છું, પ્રતિદિન વધુ સદાચારી બનતો જાઉં છું, તો કેવું સારું!

"હું વધુ ને વધુ સારો છું, વધુ ને વધુ આજ્ઞાંકિત બનતો જાઉં છું." ઓહ, પણ આ તો બહુ સુંદર. (**એક બાળકને**) એક દિવસ તેં મને પૂછ્યું હતું કે જેમને ઉછેરવાં કઠિન છે તે બાળકો માટે શું કરવું? તને આનો ઉત્તર મળી ગયો, આનો પ્રયોગ કર, "હું વધારે અને વધારે નિયમિત રીતે શાળામાં હાજરી આપું છું".

અને વળી "હું હવે કદી જુઠ્ઠું બોલતો નથી. હું હવે કદી અસત્ય નહિ બોલું."

"(પવિત્ર) : શરૂઆતમાં તે ભવિષ્ય માટે કહેવાનું, પછી પોતે ભવિષ્યકાળની વધુ નજીક જવાનું, અને આખરે વર્તમાનકાળમાં આવીને અટકવાનું."

ઓહ, વર્તમાનકાળમાં આવીને અટકવાનું. તેમ કરવામાં કેટલો સમય લાગ્યો હતો?

"(પવિત્ર) : તેનો આધાર તે વ્યક્તિ પર હતો."

તેનો આધાર તે કેઈસ પર છે. "હું કદી ફરી અસત્ય નહિ બોલું આ મારું આખરી અસત્ય ભાષણ છે." (હસાહસ).

હવે આપણે અટકીએ.

* * *

૧૨ જાન્યુઆરી ૧૯૫૫

આ વાર્તાલાપ
'યોગ સાધનાના પાયા' ના
ત્રીજા પ્રકરણ 'મુશ્કેલીમાં'
પર આધારિત છે.

"પ્રશ્નો પૂછવાથી, અસ્તિત્વના અમુક ભાગમાં પ્રતિરોધ કરવાથી મુશ્કેલીઓમાં વૃદ્ધિ થાય છે."

દા. ત. જ્યારે ગુરુ તમને અમુક કરવાનું કહે, અને જો તમે પ્રશ્ન પૂછવા માંડો કે "મારે શા માટે એમ કરવું જોઈએ? તેમ કરવાની શી જરૂર છે? મારે જે કરવું જોઈએ તે મને સમજાવો. મારે શા માટે તેમ કરવું જોઈએ?" આ પ્રશ્નો પૂછવા ગણાય.

પ્રતિરોધ કરવો એટલે આજ્ઞા ન માનવી. તેમાંથી છટકી જવા પ્રયત્ન કરવો તે. આમ કરવાથી સ્વાભાવિક રીતે જ મુશ્કેલીઓમાં વધારો થાય છે. પાછળથી તેની સમજૂતિ આપવામાં આવી છે. શ્રી અરવિંદ કહે છે કે તે કારણે જ પરિપૂર્ણ, પ્રશ્ન રહિત સમર્પણની માગણી કરવામાં આવી હતી; તે દિવસોમાં કોઈ પણ પ્રકારની દલીલને છૂટ આપવામાં આવતી ન હતી. તમને કહેવામાં આવતું કે આ કામ કરો, અને તે કરવું જ પડતું હતું, તમને કહેવામાં આવતું કે આ કામ ન કરશો, અને તે કામ કરવામાં આવતું નહિ; તેનું કારણ પૂછવાનો કોઈને અધિકાર ન હતો. જો કોઈ માણસ તે ન સમજે, તો તેનું જ અનિષ્ટ નીપજે.

પણ અહીં તેવું નથી. તમારે જે કાંઈ પૂછવું હોય તે પૂછવાનો તમને અધિકાર છે. માત્ર કેટલીક વખતે તે સાચું છે કે–તેથી કશી મદદ મળતી હોતી નથી. જો માણસ પોતાના મનમાં દલીલો કર્યા જ કરે કે એમ કરવાનું આપણને શા માટે કહેવામાં આવ્યું છે, તેમ કરવાનું આપણને શા માટે કહેવામાં આવ્યું છે? વગેરે, તો તેથી કોઈ મદદ મળતી નથી. તેથી તો મુશ્કેલીઓ અનેક ગણી વધી જાય છે, તે ચેતનાને કઠોર બનાવી દે છે. તેના પર એક જાડું આવરણ મૂકી દે છે, અને પરિણામે ચેતના કશું સ્વીકારી શકતી નથી. તે તો અમુક વસ્તુને અસ્પર્શ્ય બનાવી દેવા માટે તેના પર વાર્નિશ મૂકવા જેવું છે.

શું મન અભીપ્સા સેવે છે?

તેનો શો અર્થ છે? જ્યારે મન અભીપ્સા સેવે છે, ત્યારે તે અભીપ્સા સેવે છે,

"……માનસિક સંકલ્પ–શક્તિ અને ચૈત્યિક અભીપ્સા તમારા આધાર સ્તંભ બનવાં જોઈએ."

હા, પણ મન પણ અભીપ્સા સેવી શકે છે. પણ ચૈત્યિક અભીપ્સા માનસિક અભીપ્સા કરતાં વધારે બળવાન છે, અને મનને પોતાને પણ પોતાનો સંકલ્પ હોવો જોઈએ. જો માણસ માનસિક સંકલ્પની અને ચૈત્યિક અભીપ્સાની વાત કરે, તો તેનો અર્થ એવો નથી કે મનને પોતાની અભીપ્સા હોતી નથી અને ચૈત્યિકને પોતાનું સંકલ્પ બળ હોતું નથી. તેનો ભાવાર્થ તો એવો છે કે તે બંનેમાંથી દરેકને સૌથી વધારે મહત્ત્વની વસ્તુ હોય છે. પણ તેનો અર્થ એવો નથી કે તે તેનામાં માત્ર આ એક જ વસ્તુ હોય છે, તેનામાં બીજી બધી ગતિઓ પણ હોઈ શકે.

કેટલીક વાર જ્યારે મારે અમુક વસ્તુ જાણવી હોય છે, ત્યારે મને એમ લાગે છે કે મારા હૃદયમાં એક દ્વાર બંધ છે, અને પછી તે ખૂલી જાય છે અને બધું સ્પષ્ટ બની જાય છે.

હા, તે તદ્દન સાચું છે.

એ શું હશે?

એ શું છે? આમાં વસ્તુસ્થિતિ એવી છે કે જ્યારે દ્વાર બંધ હોય છે ત્યારે તમારા ચૈત્યિક અસ્તિત્વ સાથે તમારો સંપર્ક નથી હોતો. અને દ્વાર ખૂલી જાય તો સ્વાભાવિક રીતે જ સમગ્ર ચૈત્યિક ચેતનાનો લાભ તમને મળે, અને તમે જે જાણવાની ઇચ્છા રાખો છો તે બધી વસ્તુઓને તમે જાણી શકો.

મધુર માતાજી, શ્રી અરવિંદ અહીં કહે છે કે "……જ્યારે મુશ્કેલીનો સાચી વૃત્તિથી સામનો કરીને તેના પર વિજય મેળવવામાં આવે છે, ત્યારે એમ લાગે છે કે – અવરોધ અદૃશ્ય બની ગયો છે." તો સાચી વૃત્તિ એટલે શું?

આહ, હું તે પ્રશ્નની અપેક્ષા રાખતી હતી. સાચી વૃત્તિનો અર્થ શ્રી અરવિંદે નીચેના વાકયમાં સમજાવ્યો છે કે વિશ્વાસ જાળવી રાખો, શાન્ત રહો. થોડેક આગળ શ્રી અરવિંદ કહે છે કે આક્રમણ ચાલ્યું જાય તે માટે ધીરજપૂર્વક રાહ જુઓ, વિશ્વાસ જાળવી રાખો. શું તે વાકય ત્યાં નથી? તો તે બીજા ફકરામાં છે. તે ગમે ત્યાં હોય, પણ સાચી વૃત્તિ એટલે હિંમત ન ગુમાવવી, શ્રદ્ધા ન ગુમાવવી, અધીરા ન બનવું, નિરાશ ન થવું, શકય એવી વધુ અભીપ્સા-પૂર્વક શાન્ત રહેવું, જે કાંઈ બની રહ્યું છે તેનાથી ચિંતિત ન બનવું. એવી ખાતરી રાખવી કે આ બધું ચાલ્યું જશે, અને બધું ઠીકઠાક થઈ જશે. સાચે જ, આ શ્રેષ્ઠ વસ્તુ છે.

નિરાશ ન થવું – એટલે શું?……

નિરાશ ન થવું એ ખૂબ મહત્ત્વનું છે. નિરાશા એ નબળાઈની, કયાંક ખોટા સંકલ્પની નિશાની છે. ખોટો સંકલ્પ એટલે મદદનો અસ્વીકાર, નબળાઈને ચાલુ રાખવામાં સંતોષ. માણસ શિથિલ બની જાય છે. ખોટો સંકલ્પ સ્પષ્ટ છે, કારણકે– તમારા અસ્તિત્વનો અમુક ભાગ તમને કહે છે કે નિરાશા બૂરી છે. તમે જાણો છો કે તમારે નિરાશ ન બનવું જોઈએ. નિરાશામય ભાગ જવાબ આપે છે કે "ચૂપ રહો, હું મારી નિરાશાને રાખવા માગું છું." પ્રયોગ કરીને જુઓ. હંમેશાં આમ જ બનતું હોય છે. નહિ વારુ? પાછળથી માણસ કહે છે કે "પાછળથી હું જોઈ લઈશ. પણ અત્યારે મને નિરાશાની જરૂર છે…તેને માટે મારી પાસે કારણો પણ છે." જોયું ને? તે એક પ્રકારના નિર્બળ બળવો છે, તમારા અસ્તિ-ત્વમાં રહેલા કોઈ નિર્બળ ભાગનો બળવો છે.

અહીં શ્રી અરવિંદ "તે પરિવર્તનની વાત કરે છે કે જેની નિરાશા એક ભૂમિકા હોય છે……"

હા. જયારે માણસ નિરાશામાંથી અને ખોટા સંકલ્પથી મુકત થાય છે, ત્યારે તેને ખ્યાલ આવે છે કે – "કોઈક વિરોધી બળે મારા પર હુમલો કર્યો હતો; અમુક પ્રગતિ સાધવાની હતી; આ બધું બન્યું હોવા છતાં અંદર પ્રગતિ સધાઈ

છે, મેં એક ડગલું આગળ ભર્યું છે." મોટે ભાગે તે અભાન એવું કાંઈક છે કે જેને પ્રગતિ કરવાની જરૂર હોય છે, પણ તે પ્રગતિ કરવા માગતું નથી અને તેથી તે આ માર્ગ અપનાવે છે, તે એક ખીજાયેલા બાળક જેવું હોય છે, જે વિષણ્ણ, દિલગીર, દુ:ખી, અને ગેરસમજવાળું, ત્યકત, અને અનાથ બની જાય છે, અને મેં હમણાં જ કહ્યું તેમ પોતે દુ:ખી છે તે જણાવવા માટે નિરાશ બની જાય છે, સહકાર આપવાની ના પાડે છે. પોતે અસંતુષ્ટ છે તે ખાસ જણાવવા માટે માણસ નિરાશ બની જાય છે. તે વાત તે પ્રકૃતિને જણાવી શકે, ભગવાનને જણાવી શકે, આસપાસના લોકોને જણાવી શકે (તેનો આધાર તે વ્યકિત ઉપર છે સમજ્યા ને?) પણ તે પોતાનો અસંતોષ વ્યકત કરવાનો હંમેશાં એક પ્રકાર હોય છે કે "તમે જે માગી રહ્યા છો તે બાબત હું દુ:ખી છું", પણ તેનો અર્થ એવો હોય છે કે "હું દુ:ખી છું, અને તમે પણ મારું દુ:ખ જાણો તેમ હું કરીશ." સમજ્યા?

પણ જ્યારે તેનો અસંતોષ ચાલ્યો જાય છે, અને એક યા તો બીજા કારણે તેમાંથી બહાર નીકળી આવવા માટે જરૂરી પ્રયત્ન તેણે કર્યો હોય છે, ત્યારે સામાન્ય રીતે તેને ખ્યાલ આવે છે કે મારા અસ્તિત્વમાં કશાકનું પરિવર્તન થઈ ચૂકયું છે, કારણકે મહાન ખોટા સંકલ્પ છતાં, ઘણીવાર પ્રગતિ સિદ્ધ થઈ હોય છે બહુ ઝડપભેર નહિ, બહુ તેજોમય રીતે નહિ, પોતાના મહત્તર યશ માટે નહિ; પણ છતાં પ્રગતિ સિદ્ધ થઈ હોય છે, કોઈક વસ્તુનું પરિવર્તન સિદ્ધ થઈ ગયું હોય છે. બસ?

માતાજી, અહીં શ્રી અરવિંદે "અહંતામય વ્યકિતત્વના નિર્માણની" વાત કરી છે. અહંતામય વ્યકિતત્વ એટલે શું?...

અહંતાઓ વ્યકિતગત અને સામૂહિક હોય છે. દા. ત. રાષ્ટ્રીય અહંતા એ સામૂહિક અહંતા છે. કોઈ જૂથને પણ સામૂહિક અહંતા હોઈ શકે. માનવજાતિને સામૂહિક અહંતા હોય છે તે વધારે મોટી કે નાની છે, વ્યકિતગત અહંતા એ અમુક વ્યકિતની અહંતા છે; તે સૌથી નાનામાં નાની અહંતા છે. ઓહ, અલબત્ત પ્રાણિક અહંતા, માનસિક અહંતા અને શારીરિક અહંતા હોય છે; પણ આ બધી નાનકડી વ્યકિતગત અહંતાઓ છે. પણ આનો અર્થ છે અમુક વ્યકિતની અહંતા.

એક માણસમાં પણ ઘણી અહંતાઓ હોય છે. જ્યારે માણસ તેમનો નાશ કરવાની શરૂઆત કરે છે, ત્યારે તે તેમનાથી સભાન બને છે. જ્યારે માણસ

સૌથી વધારે હેરાનગતિ કરનાર અહંતાનો નાશ કરે છે, ત્યારે મોટે ભાગે તે એક પ્રકારનો આંતર ઝંઝાવાત પેદા કરે છે, જ્યારે તે ઝંઝાવાતમાંથી માણસ બહાર આવે છે, ત્યારે તેને લાગે છે કે "આહ, હવે તે ખતમ થઈ ગયો, બધું કરી દેવાયું, મારામાં રહેલા શત્રુનો મેં નાશ કરી નાંખ્યો, બધું પતી ગયું." પણ થોડા સમય પછી તેને માલૂમ પડે છે કે – બીજો ઝંઝાવાત આવી પડયો છે, પછી ત્રીજો, પછી ચોથો; હકીકતમાં માણસ નાનકડી અહંતાઓના ઢગલા વડે બનેલો હોય છે, જે અહંતાઓ ખૂબ દુ:ખપ્રદ હોય છે અને જેમનો, એક પછી એક, પરાજય કરવાનો હોય છે.

અહંતા એટલે શું ?

હું ધારું છું કે – અહંતા જ દરેક જણને, સર્વ શકય રીતે, એક ભિન્ન વ્યકિત બનાવે છે. અહંતા જ બેશક તમને 'હું તું, નું', 'હું છું' નું, 'હું માગું છું' નું, 'હું કરું છું' નું, 'હું અસ્તિત્વ ધરાવું છું' નું ભાન કરાવે છે; અરે 'હું વિચાર કરું છું અને તેથી હું છું' નું ભાન કરાવે છે જે એક પ્રકારની મૂર્ખાઈ છે એમ હું માનું છું; હું દિલગીર છું. પણ મારે કહેવું જોઈએ કે તે એક પ્રકારની પ્રસિદ્ધ મૂર્ખાઈ છે. ઠીક, પણ એ પણ અહંતા જ છે. અહંતા જ હું મનોજ છું અને બીજાઓથી ભિન્ન છું એવી છાપ તમારા મનમાં પેદા કરે છે. અહંતા જ તમારા શરીરને ઓગળી જતાં, ભૌતિક આકંપનોના સર્વસાધારણ જથ્થામાં વિલીન થઈ જતાં અટકાવે છે. અહંતા એવો ભાવ પેદા કરે છે કે મારું અમુક નિશ્ચિત રૂપ છે, નિશ્ચિત ચારિત્ર્ય છે, મારામાં બધાથી ભિન્ન ચેતના છે, હું બીજાઓથી સ્વતંત્રપણે મારામાં અસ્તિત્વ ધરાવું છું વગેરે. જો માણસ વિચાર ન કરે, તો સ્વયંભૂ રીતે તેને એમ જ લાગે કે – જગત અદૃશ્ય થઈ જાય, તો પણ હું ટકી રહેવાનો છું તેવો જ રહેવાનો. અલબત્ત, આ પાર–અહંતા છે.

જો માણસ વધારે ઝડપભેર પોતાની અહંતાને, માનસિક તથા પ્રાણિક દૃષ્ટિ-બિંદુથી જોતાં, ગુમાવી દે, તો તે ફરીથી ઢંગધડા વગરનો પરમાણુઓના જથ્થો બની જાય. અહંતા એ વ્યકિતકરણ માટે એક કરણ છે; જ્યાં સુધી માણસ પોતા-નામાં જ બનેલી એક વ્યકિત છે, ત્યાં સુધી અહંતા એક તદ્દન આવશ્યક તત્ત્વ છે. જો માણસમાં યોગ્ય સમય પહેલાં પોતાની અહંતાનો લય કરવાની શકિત હોત, તો તે પોતાનું વ્યકિતત્વ ગુમાવી બેસત. પણ વ્યકિતત્વનું એક વાર નિર્માણ થઈ

જાય, ત્યાર પછી અહંતા માત્ર નકામી જ નહિ, પણ નુકસાનકારક બની જાય છે. ત્યારે જ એવો સમય આવ્યો ગણાય કે જ્યારે અહંતાનો ત્યાગ કરવો જ જોઈએ. પણ તમારું નિર્માણ કરવામાં અહંતાએ ખૂબ જહેમત ઉઠાવી છે. એટલે સ્વાભાવિક રીતે જ તે સહેલાઈથી પોતાનું કામ ત્યજી દેતી નથી, તે પોતે કેટલા પ્રયાસનું વળતર માગે છે, અર્થાત્ વ્યક્તિત્વની મજા માણવાનું માગે છે.

શું શારીરિક નિર્માણ પણ એક પ્રકારની અહંતા છે ?

હા. જો તે અહંતાને નહિ, તો બીજા શેને આભારી હોય ?

તમે મને હમણાં જ પૂછતા હતા કે વ્યક્તિગત અહંતા શા માટે હોય છે ?

કુળની પણ અહંતા હોય છે; તે બહુ રસપ્રદ છે. કારણકે તે કારણે જ એક કુટુંબના સભ્યોમાં એક યા તો બીજા પ્રકારનું સામ્ય હોય છે; તેઓ એક જ વ્યક્તિ નથી હોતા. પણ તેઓ એક બીજા સાથે સામ્ય ધરાવતા હોય છે. માણસ જાણે છે કે હું અમુક એક જ કુટુંબનો છું; જો પૂર્વજોને ધ્યાનમાં લઈએ, તો માલૂમ પડે છે કે તે આખી પરંપરામાં સામ્ય હોય છે. તે કુટુંબની અહંતા છે, જે વ્યક્તિગત અહંતા કરતાં વધારે લાંબો સમય ટકી રહેતી હોય છે. વળી રાષ્ટ્રીય અહંતા પણ હોય છે. જે કુટુંબો એક બીજા સાથે સંમિશ્રિત થયાં ન હતાં, દા. ત. અમીર ઉમરાવોના સમયમાં તેઓ બીજાઓ સાથે ભળ્યા ન હતા, પોતાની વંશ પરંપરામાં જ અલગ રહ્યા હતા; તેમનામાં પણ અહંતાના લક્ષણો ખૂબ સ્પષ્ટ દેખાય છે; દા. ત. બૂર્બોન કુટુંબો, ફ્રાન્સમાં...કુટુંબો; નખથી શિખ સુધીનો તેમનો દેખાવ એક બીજા સાથે ખૂબ સામ્ય ધરાવે છે. જ્યારે જાતિઓનું, રાષ્ટ્રીયતાઓનું સંમિશ્રણ થાય છે, ત્યારે સ્વાભાવિક રીતે જ અહંતા-ઓનું સંમિશ્રણ પેદા થાય છે. પછી ક્ષિતિજ રેખા વિશાળ બનતી ચાલે છે. જ્યારે માણસ પોતાના મનને વિશાળ બનાવવાનો, ઘણી ભિન્ન ભિન્ન વસ્તુઓ સમજવાનો, ઘણી ભાષાઓનું અધ્યયન કરવાનો, ઘણા દેશોનું અને યુગોનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેની અહંતા ખૂબ વિસ્તૃત બનતી જાય છે, તે ઓછો સંકુચિત મનવાળો બનતો જાય છે. સ્વાભાવિક રીતે જ યોગ વડે માણસ આ બધાનો સભાનતાપૂર્વક પરાભવ કરી શકે છે.

શું સામૂહિક અહંતાનો આધાર તે સમૂહની વ્યક્તિઓની વ્યક્તિગત અહંતા પર છે ?

હા. મોટે ભાગે સામૂહિક અહંતાઓની ગુણવત્તા વ્યકિતગત અહંતાની ગુણવત્તા કરતાં નિમ્ન કોટિની હોય છે. તે ગુણાકાર અથવા સરવાળા કરતાં વધારે પ્રમાણમાં બાદબાકી બની જાય છે. માનસશાસ્ત્રીય રીતે જોતાં, તે એક સુવિજ્ઞાત હકીકત છે, વ્યકિતઓ તરીકે માનવોનો વિચાર કરો; તેઓ સામાન્ય બુદ્ધિ બતાવે છે. પણ તેમને સમૂહગત રીતે લો, બસ? તે એક મૂર્ખ માનવીઓનો જથ્થો બની જાય છે.

અનુભૂતિને કેવી રીતે વિશુદ્ધ કરી શકાય?

શ્રી અરવિંદે કહ્યું છે કે પ્રારંભમાં અનુભવો મહત્ત્વાકાંક્ષાને અથવા મિથ્યાભિમાનને કારણે અશુદ્ધ બની જતા હોય છે. આગળ શ્રી અરવિંદ જ તેની સમજૂતિ આપે છે. અનુભવને સાચા દિલનો અને નિર્હેતુક (નિ:સ્વાર્થ) બનાવવાથી તેનું વિશુદ્ધિકરણ થાય છે. મહત્ત્વાકાંક્ષા, મિથ્યાભિમાન, ઈચ્છા, સત્તા વગેરે હેતુઓને તે માણસે અનુભવમાંથી દૂર કરી દેવા જોઈએ. અનુભવને સાચા દિલનો, સ્વયંભૂ બનાવવાથી, તેમાં કામનાઓનું અને મહત્ત્વાકાંક્ષાઓનું સંમિશ્રાણ ન કરવાથી અનુભવ વિશુદ્ધ બને છે. શ્રી અરવિંદ આધ્યાત્મિક મહત્ત્વાકાંક્ષાઓની વાત કરે છે; તેઓ સૌથી વધારે જોખમકારક હોય છે.

માતાજી, ઘણા લોકો પૂછે છે કે ૧૯૫૭ ના સંદર્ભમાં તમે 'ક્ષ' સાથે જે કટોકટીની વાત કરી હતી તે અને આ વર્ષની કટોકટીએ બંને એક જ છે કે ભિન્ન ભિન્ન?

હેં!

૧૯૫૭માં તમે "ક્ષ" સાથે જે કટોકટીની વાત કરી હતી ને?

મેં ૧૯૫૭ માં કટોકટી વિષે કશી જ વાત કરી નથી. એ તો પરિપૂર્તિ છે, કટોકટી નહિ. કટોકટી પહેલાં આવે છે, આ તો પરિણામ છે. તે કટોકટી નથી, પણ વિજય છે. તેણે શું લખ્યું છે તે હું જાણતી નથી. અત્યારે મને તે યાદ નથી. પણ મેં તેની સાથે કટોકટી વિષે વાત કરી ન હતી – એ વાત ચોકકસ છે.

"રશિયા અને અમેરિકા વચ્ચે ભારતના પ્રશ્ન પરત્વે યુદ્ધ થવાની શકયતા છે....."

(માતાજી આશ્ચર્યની લાગણી બતાવે છે) ૧૯૫૭ માં?

હા. માતાજી

મારા જીવનમાં મેં કદી પણ તેવી વાત કરી નથી. તેણે જે લખ્યું છે તેમાં પણ તેનો કોઈ ઉલ્લેખ નથી, કારણકે – મેં તેને છાપવાની મંજૂરી કદી પણ ન આપી હોત, મેં તેને સુધાર્યું જ હોત. યુદ્ધની શકયતા છે, પણ '૧૯૫૭માં' એવું હું નથી બોલી. (મૌન) યુદ્ધની શકયતા છે. હા. મેં ગઈ વખતે તમને જે મુશ્કેલીઓ વિષે વાત કરી હતી તેમનો કદાચ તે એક ભાગ છે. પણ મેં તેને ૧૯૫૭માં નથી જ મૂકયું.

(લાંબું મૌન)

આમ વાત છે. બસ ને? ત્યારે હવે સંપૂર્ણ.

* * *

૧૯ જાન્યુઆરી, ૧૯૫૫

આ વાર્તાલાપ
'યોગ સાધનાના પાયા' ના
ત્રીજા પ્રકરણ 'મુશ્કેલીમાં'
પર આધારિત છે.

મધુર માતાજી, ઊર્ધ્વ મનનું શું કાર્ય છે?

કાર્ય? તમે ચોકકસ રીતે શું જાણવા માગો છો? શું કરવું જોઈએ તે? કે પછી માણસે શું.....?

ઊર્ધ્વ મને જે ભાગ ભજવવાનો છે તે.

ઊર્ધ્વ મને ભજવવાનો ભાગ? તેણે ઊર્ધ્વમાંથી પ્રેરણાઓ પ્રાપ્ત કરવી જોઈએ, તેણે તે પ્રેરણાઓને વિચારોના રૂપમાં સૌથી વધારે ભૌતિક મનને મોકલી આપવી જોઈએ, જેથી ભૌતિક મન કાર્ય કરે, નિર્માણ કરે, તે ઊર્ધ્વની શકિત અને સક્રિય મનની વચ્ચે એક દૂત તરીકે સેવા બજાવે છે. ઊર્ધ્વ મન વિચાર નિર્માણ કરનાર મન છે અને સાથે સાથે (**એક ક્ષણ જેટલા સમય સુધી પવનના જોરદાર અવાજમાં શ્રી માતાજીનો અવાજ સંભળાતો નથી.**)

એ એનો હેતુ છે. તે વધારે સામાન્ય માનસિકતાથી ઊર્ધ્વની વસ્તુઓની કંઈક સમજ આપે છે, સમજૂતિ આપે છે, અને સામાન્ય વિચારોને તથા તેમનાથી પરના સિદ્ધાંતોને સ્પષ્ટ બનાવે છે.

મધુર માતાજી, જો વિરોધી બળો ન હોય, તો શું આપણે પ્રગતિ ન સાધી શકીએ ?

જો જગત ન હોય, તો તે ન હોય. 'જો'! જે ક્ષણે તમે 'જો' શબ્દનો ઉપયોગ કરો છો, કે તરત જ તમારો પ્રશ્ન નિરર્થક બની જાય છે. વસ્તુઓ છે, કારણકે વસ્તુઓ જેવી છે તેવી છે. તેઓ તેવી છે, કારણકે તેમણે તેવી હોવાનું છે; નહિ તો તેઓ તેવી ન હોત. "જો તેઓ તેવી ન હોત, તો તેઓ કેવી હોત ?" એ પ્રશ્ન અર્થશૂન્ય છે, તે તેવી છે, તે તેવી છે.

જો તમે જગતમાં કોઈ પણ વસ્તુનું પરિવર્તન કરો, તો તે બીજું જગત બની જાય. "આપણે જગતમાંથી આ વસ્તુ દૂર કરવા માગીએ છીએ" – પણ જો તે વસ્તુ જગતમાં ન હોય, તો તે બીજું જગત બની જાય, જગત જેવું છે તેવું ન રહે. આ મિથ્યા, નકામા વિચારો છે. સમજ્યા ? વસ્તુઓ એવી જ બનેલી છે. જે છે ત્યાંથી આપણે પ્રારંભ કરીને બીજે જવાનું છે. આપણે એમ ન કહી શકીએ કે જે છે તે બીજે રૂપે હોત તો ! તેથી શો ફાયદો ? તે તેવું જ છે.

તમે માત્ર એટલું જ કહી શકો કે "વિરોધી બળો છે, તો પછી તેમનો તેમની હાજરીનો ઉપયોગ કરવાનો શ્રેષ્ઠ માર્ગ કયો છે ?" તે પ્રશ્નમાં કોઈ અર્થ રહેલો છે. પણ જો તમે મને કહો કે –" તેઓ ન હોત તો ?", તો માફ કરો, તેઓ ત્યાં છે જ ! તમારો પ્રશ્ન અસ્થાને છે, સમજ્યાં ? વિરોધી બળો જગતમાં છે. આપણે તે જેવાં છે તેવાં તેમને સ્વીકારવાં જોઈએ. એટલે તમે માત્ર એટલું કહી શકો કે "તેઓ ન હોય એવું હું ઈચ્છું છું." આમ કહેવું એ ન્યાય છે. પણ વિરોધી બળો અહાનિકારક બને તે માટે માણસે કાર્ય કરવું જોઈએ. પછી તેઓ ત્યાં નહિ હોય. જ્યારે તેઓ નકામાં બની જશે, ત્યારે તેઓ જગત-માંથી અદૃશ્ય થઈ જશે.

આપણે વસ્તુઓ અત્યારે જેવી છે તેવી તેમને સ્વીકારવી જોઈએ, અને તેઓ છે તેના કરતાં વધારે સારી બને એવી જે આપણે આશા રાખીએ છીએ, તે બીજી વસ્તુ પ્રત્યે પ્રગતિ કરવી જોઈએ. માણસ માત્ર એટલું જ કરી શકે.

મધુર માતાજી, અહીં લખેલું છે કે "દિવ્ય આવિર્ભાવની પદ્ધતિ શાન્તિ અને સંવાદિતા દ્વારા કાર્ય કરવાની છે, સંકટમય અંધાધુંધી મારફતે નહિ."

હા. શું તમે તે નથી જાણતા ? તમારે તે જાણવું જોઈએ.

કેટલાક લોકો એવી કલ્પના કરે છે કે વિપત્તિઓ દિવ્ય સંકલ્પનાં પરિણામો છે. બીજા કેટલાક લોકો એવા હોય છે કે જ્યારે તેમને કોઈ શકિત પ્રાપ્ત થાય છે કે તરત જ તેઓ ખૂબ વિક્ષુબ્ધ બની જાય છે, અને પછી તેઓ કહે છે કે જ્યારે ભગવાન કાર્ય કરે છે, ત્યારે તે માણસને પરિપૂર્ણ રીતે વિક્ષુબ્ધ બનાવી મૂકે છે. તે કથન તદ્દન ખોટું છે. ભગવાન તમને વિક્ષુબ્ધ નથી બનાવતા; તમારી પોતાની અપૂર્ણતા અથવા જે વિરોધી બળોની તે વાત કરે છે તેમાંના કોઈ બળનું આક્રમણ તમને વિક્ષુબ્ધ બનાવી દે છે. પણ જો તમારામાં અપૂર્ણતા ન હોય, તો તમે વિક્ષુબ્ધ ન બનો. છતાં, ભગવાન તો તમને વિક્ષુબ્ધ નથી જ કરી મૂકતા. પછીના વાકયમાં એમ કહેવામાં આવ્યું છે કે–માતાજી તમારી કસોટી નથી કરતાં; બાહ્ય સંજોગો તમારી કસોટી કરે છે. આમ માનવું એ શું વધારે આશ્વાસનપ્રદ નથી? (માતાજી હસે છે) એમ લાગે છે કે–ભગવાન વિક્ષોભો પેદા નથી કરતા તેથી તમે દિલગીર છો.

વિક્ષોભ હંમેશાં પ્રતિરોધમાંથી જન્મે છે. જો પ્રતિરોધ ન હોય, તો વિક્ષોભ પેદા ન થાય. એટલે પ્રતિરોધ જ પ્રાકૃતિક વિક્ષોભોને, ધરતીકંપોને, ઝંઝાવાતોને, ભરતીનાં મોજાંઓને, ખંડો સમુદ્રોમાં ડૂબી જાય છે તે ઘટનાઓને, જ્વાળામુખી પર્વતો ફાટી નીકળે છે તે ઘટનાઓને, વગેરેને પેદા કરે છે.

માતાજી, પોતાને જે કાર્ય સોંપવામાં આવેલું હોય છે તેનાથી શું વિરોધી બળો સભાન હોય છે? એટલે કે...

ના. ગ્રંથમાં શ્રી અરવિંદે કહ્યું છે કે તેમણે પોતે જ તે કાર્ય માથે લઈ લીધેલું હોય છે. વિરોધી બળો પોતે જ અમુક કાર્ય પસંદ કરી લે છે, અર્થાત્ અમુક કાર્ય કરવાનો નિર્ણય તેઓ જ કરે છે.

પણ તમે શું પૂછવા માગો છો? શા માટે તેમને આ કાર્યો સોંપવામાં આવ્યાં છે?

ના. મેં એમ પૂછ્યું હતું કે વિરોધી બળો તેમને સોંપવામાં આવેલા કાર્યથી સભાન હોય છે ખરાં? કારણ કે તેનો એવો અર્થ થાય કે વિરોધી બળો આધ્યાત્મિક સિદ્ધિમાં મદદ કરે છે.

એવી કોઈ પણ વસ્તુ નથી કે જે આખરે મદદ રૂપ ન નીવડે. જો વિરોધી બળો આત્મ નિર્ણય–પૂર્વક પોતાનું કાર્ય કરે, તો પછી તેઓ વિરોધી બળો જ ન રહે, તેઓ સહકારી બની જાય. તમારે એક વસ્તુની કાળજી રાખવી જોઈએ;

જ્યારે તમે આપણને વિરોધી એવાં બળોનો વિચાર કરો, ત્યારે તમારે "વિરોધી બળો" ની વાત ન કરવી જોઈએ. આ બળો માનવોનાં, તેમની શાંતિનાં, અથવા સુખના વિરોધી નથી હોતાં; તેઓ ભગવાનના કાર્યનાં વિરોધી હોય છે.

મોટે ભાગે હું માણસોને "વિરોધી બળો" વિષે એવી વાત કરતા સાંભળું છું કે મારા પર હુમલો કરનાર માંદગીનાં વિરોધી બળો, આ દૃષ્ટિબિંદુ તો ખૂબ અંગત (વ્યકિતગત) છે; તે માંદગી વિરોધી બળોનું પરિણામ ન પણ હોય; તેઓ તમારા પર હુમલો કરે છે, અને તેથી તમે તેમને વિરોધી કહો છો. પણ હકીકતમાં, જ્યારે માણસ વિરોધી બળો વિષે વાત કરતો હોય છે, ત્યારે તેનો અર્થ હોય છે– ભગવાનના કાર્યનો અથવા સંકલ્પનો વિરોધ કરતાં બળો. એટલે જો તેઓ આ કાર્યમાં સહકાર આપતાં હોય, તો પછી તેઓ વિરોધી ન રહે. સમજ્યા? એ કેવળ તર્કયુકત છે.

એટલે કોઈ પણ માણસ એમ ન કહી શકે કે તે માનવજાતિની અથવા વિશ્વની પ્રગતિ માટેનું, કોઈ પણ પ્રકારનું કાર્ય છે. પણ દિવ્ય કાર્ય માટે ઉપયોગી ન બની શકે તેવું કશું જ નથી, ખૂબ વિરોધી વસ્તુઓ પણ નહિ. આપણે તેને જે રીતે સ્વીકારીએ તેના પર તે તો આધાર છે. પણ એમ તો કહેવું જ પડે કે માનવો સાથેના સંબંધમાં, તેઓ તેમની કસોટી કરવામાં એક દુષ્ટ પ્રકારનો આનંદ માણે છે. દા. ત. જો તમે ખૂબ ખૂબ બળવાન અને સાચા દિલના ન હો, અને તમે તમારી જાતને કહો કે "ઓહ, મને મારી શ્રદ્ધાની ખાતરી છે" આ તો ઘણા દાખલાઓમાંનો એક દાખલો છે, તો તરત જ એવું કાંઈક બને છે, જે તમારી શ્રદ્ધાને પરિપૂર્ણ રીતે હચમચાવી મૂકવાનો પ્રયત્ન કરે. હું ધારું છું કે તે તેમની મોજ છે, તેમને તેમાં એક પ્રકારનો આનંદ મળે છે.

તમે જાણો છો કે માણસ ઘણી વાર બાલિશતાપૂર્વક બડાઈ કરે છે કે મને પૂરી ખાતરી છે કે હું તેવી ભૂલ કદી નહિ કરું, કે તરત જ હું આ પ્રમાણે કોઈ વિરોધી બળને ત્યાંથી પસાર થતું જોઉં છું; તે તેની બડાઈએ ખોલેલા નાનકડા દ્વારમાં થઈને તેનામાં પ્રવેશ કરે છે. તે આ પ્રમાણે અંદર પ્રવેશ કરે છે, ઘૂસી જાય છે, અને તમારે માટે એવી બધી ભૂમિકા રચે છે કે જેથી તમે જે કરવા માગતા ન હતા તે જ કાર્ય તમે કરો છો. પણ આ તો તે વિરોધી બળોની મોજ છે, તમને પ્રગતિમાં મદદ કરવા માટે તો નહિ જ, (માતાજી હસે છે). પણ જો તમે તેને કેવી રીતે સ્વીકારવું તે જાણો, તો તે તમને ચોકકસ પ્રગતિમાં મદદ કરે છે. પછી તમે કહો છો કે ઠીક, હવે ભવિષ્યમાં બીજી વખત હું બડાઈ નહિ કરું

આ બળો માનસિક અને પ્રાણિક ભૂમિકાઓ ઉપર ખૂબ સભાન હોય છે, એટલે માણસને શબ્દોનું ઉચ્ચારણ કરવાની પણ જરૂર નથી. દા. ત. જો તમે કોઈ ખરાબ ટેવને અથવા ભૌતિક નબળાઈને સુધારવા માટે સારી પેઠે કામ કર્યું હોય, તો તમે અમુક પ્રમાણમાં સફળતા પ્રાપ્ત કરો છો. પછી, જો તમે માનસિક રીતે એમ કહો કે મેં સફળતા પ્રાપ્ત કરી છે, તો બીજી જ ક્ષણે તે વિરોધી બળ પોતાનું કાર્ય શરૂ કરે છે, સમજ્યા? તમારે તે બાબતનો વિચાર પણ ન કરવો જોઈએ, તે કથન કરવાની બાબત નથી. તમારે તો માત્ર એટલું જ વિચારવાનું રહે છે કે "પહેલાં તે આમ હતું, અને અત્યારે તે આ પ્રકારનું છે. આહ, આ તો સરસ!" બસ, પતી ગયું. બીજી જ ક્ષણે તે વિરોધી બળ પોતાનું કાર્ય ફરી શરૂ કરે છે.

આ વાર્તા નિશ્ચિત છે, કારણકે તમારી આસપાસ સાક્ષીઓ છે, જેઓ દુષ્ટ રીતે ઈર્ષ્યાખોર, દુર્ભાવયુકત છે, અને તેમાં તેમને ખૂબ મજા પડતી હોય છે. કેટલીક વાર, જયારે કોઈક તેમને નિખાલસતાપૂર્વક કાંઈક કહે છે, ત્યારે હું તેમને હાસ્ય કરતા સાંભળું પણ છું. હું આમ તેમના નાનકડા હાસ્યને સાંભળું છું. ઓહ, તેમાં તેમને ખૂબ મજા પડે છે. અને પછી બીજી ક્ષણે અથવા બીજે દિવસે, તેઓ ફડડ દઈને ભાંગી પડે છે! બધું કર્યું – કરાવ્યું ધૂળમાં મળી જાય છે.

આપણે કેવી રીતે આ સાક્ષીઓને દૂર રાખી શકીએ?

આહ! વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી જોતાં, તમારે આંતર મૌનની સ્થિતિમાં રહેવું જોઈએ. તમારી માનસિક ક્રિયા તમે જે પ્રગતિ સિદ્ધ કરવા માગો છો તેમાં, તમે જે વસ્તુ કરવા માગો છો તેના નિર્માણમાં પરોવાયેલી રહેવી જોઈએ. તમારી નિરીક્ષણ શકિત અનંતગણી પસંદ કરવા યોગ્ય છે, તદ્ન અનિવાર્ય છે, જે શકિતનો ઉપયોગ તમારે તમારા કાર્યના ક્ષેત્રનું નિરીક્ષણ કરવામાં, તમારા કાર્ય માટે જરૂરી પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરવામાં, પાપ્ત થયેલાં પરિણામોનું નિરીક્ષણ કરવામાં, અનુભવમાંથી તમે પ્રાપ્ત કરેલા સિદ્ધાંતનું નિરીક્ષણ કરવામાં, તમે જે જ્ઞાન પ્રાપ્ત કરી શકો તેના નિરીક્ષણમાં કરવો જોઈએ; પણ તમારી જાત પ્રત્યે પાછા વળવામાં અને કાર્ય કરતી તમારી જાતને નિહાળવામાં તેનો ઉપયોગ ન કરવો જોઈએ. પોતાની જાતને નિરીક્ષણનો વિષય બનાવવાની આ ગતિ જોખમકારક છે. તે હંમેશાં બેચેની, અપ્રસન્નતા પેદા કરે છે, કેટલીક વાર તો ગંભીર અપ્રસન્નતા પેદા કરે છે. ઘણાખરા લોકો પોતાની જાતને નિહાળવામાં, પોતે જે કાર્ય કરતા હોય છે તેને નિહાળવામાં, પોતે કેવી રીતે જીવે છે તેને નિહાળવામાં પોતાનો સમય ગાળતા હોય છે; આથી તેઓ વધારે પડતા આત્મ સભાન બની જાય છે; પોતે જે કરી

રહ્યા છે માત્ર તેમાં જ સાચા દિલના બનવાને બદલે, તેઓ, પોતાના ખાસ સ્વભાવ અનુસાર પોતાની જાતને કાર્ય કરતી નિહાળે છે અને કાં તો પોતાની જાતનું મૂલ્યાંકન કરે છે અથવા પોતાની જાતને હલકી માને છે. કેટલાક લોકો કાર્ય કરતી પોતાની જાતને ખૂબ ઠંડે પેટે અને ખૂબ સંતોષપૂર્વક નિહાળે છે, અને પોતાની જાતને સાચે જ ખૂબ મહાન માને છે. તેથી ઊલટું, કેટલાક લોકોનું મન સમીક્ષા-યુકત હોય છે; તેઓ પોતાનો સર્વ સમય પોતાની જાતની ટીકા કરવામાં ગાળે છે. તે બંને પ્રકારના લોકો સરખા ખરાબ છે. શ્રેષ્ઠ વસ્તુ તો એ છે કે પોતાની જાતમાં માણસે પરોવાઈ ન જવું. જો તેને કોઈ કાર્ય કરવાનું હોય, તો તે કાર્યમાં ચિત્ત પરોવવું એ શ્રેષ્ઠ છે; તેથી પોતાનું કાર્ય પણ સ્વાભાવિક રીતે જ શ્રેષ્ઠ થશે. અલબત્ત, આમ કરવું એ હંમેશાં કલ્યાણકારી છે. પણ માણસ પોતાના કાર્યને સારી રીતે કરતો હોય કે ખરાબ રીતે, પણ પોતાની જાતનું જ નિરીક્ષણ કરીને પોતાનું મૂલ્ય આંકવું એ નકામું છે.

કાર્ય કેવી રીતે કરવું અને તે કરવાનો શ્રેષ્ઠ માર્ગ કયા છે–તે શોધી કાઢવું એ ખૂબ ઉપયોગી છે. પણ પોતાની જાતને કાર્ય કરતી નિહાળવી અને તેની પ્રશંસા કરવી અથવા તો તેને ઉતારી પાડવી એ માત્ર નિરુપયોગી જ નહિ, પણ ખતરનાક છે.

માતાજી, "સુવિકસિત ચૈત્યિક અસ્તિત્વ" નો યથાર્થ અર્થ શો છે?

ઓહ, સુવિકસિત ચૈત્યિક અસ્તિત્વનો અર્થ? પણ તે તો મેં તમને વિસ્તાર-પૂર્વક સમજાવ્યું છે. ગયે અઠવાડિયે કે તેની પહેલાંના અઠવાડિયે? હા, ચૈત્યિક પ્રાણીઓ પ્રથમ દિવ્ય સ્ફુલિંગમાંથી ધીમે ધીમે કેવી રીતે પરિપૂર્ણ રીતે સભાન અને સ્વતંત્ર અસ્તિત્વમાં વિકાસ સાધે છે તેની વાત મેં તમને કરી હતી. સુવિકસિત ચૈત્યિક અસ્તિત્વ એટલે પોતાની રચનાના ઉચ્ચતમ બિંદુએ પહોંચેલું ચૈત્યિક અસ્તિત્વ.

તો પછી વિકાસ પામ્યા પછી, તેનામાં કોઈ અપૂર્ણતાઓ કેવી રીતે હોઈ શકે?

કયી અપૂર્ણતાઓ?

તમે એક દિવસ કહ્યું હતું તેમ – તમે ન હતું કહ્યું? કે જો કોઈ માણસને મુશ્કેલીઓ હોય, તો તેનો અર્થ એ છે કે તે મધ્યમ પ્રકારનું અસ્તિત્વ છે.

પણ મને માફ કરો. ચૈત્યિક અસ્તિત્વનું બાહ્ય અસ્તિત્વ સાથે સંમિશ્રણ ન કરી દો. ચૈત્યિક અસ્તિત્વ પરિપૂર્ણ હોય, અને બાહ્ય અસ્તિત્વ મૂર્ખાઈ ભરેલું

હોય. બેની વચ્ચે ગૂંચવાડો ન કરી દો. કમ-નસીબે, ઘણાખરા સમય દરમિયાન તે બેને પરસ્પર કાંઈ જ કરવાનું હોતું નથી. કારણ કે-બાહ્ય અસ્તિત્વ ચૈત્યિક અસ્તિત્વથી જરા પણ સભાન નથી; પણ જેટલા પ્રમાણમાં તે સભાન હોય, તેટલા પ્રમાણમાં તે આ ચૈત્યિકની પરિપૂર્ણતાને પ્રતિબિંબિત કરે છે.

જો તમે ચારિત્ર્યની નહિ, પણ ચેતનાની વાત કરવા માગતા હો, તો જગતમાં ચૈત્યિક અસ્તિત્વને મુશ્કેલીઓ શા માટે ન આવી શકે? જો જગત સંપૂર્ણપણે ચૈત્યિક હોત, તો તો હું તમારી વાત સમજી શકત. પણ જગત સંપૂર્ણપણે ચૈત્યિક નથી; તે તો તેનાથી વિપરીત છે. હું માનું છું કે-માણસ જેમ વધારે ચૈત્યિક, તેમ મોટે ભાગે તેને વધારે મુશ્કેલીઓ આવી પડે છે. માણસ જેટલો વધારે ચૈત્યિક હોય, તેટલો તેને જગતની આધુનિક પરિસ્થિતિ સાથે વધારે વિરોધ થાય છે. જ્યારે કોઈ માણસ કોઈ વસ્તુ સાથે વિરોધમાં હોય, ત્યારે તેને પરિણામે મુશ્કેલીઓ પેદા થાય છે. મેં જોયું છે કે-જે લોકો પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે વધારે કે ઓછા ગાઢ સંપર્કમાં હોય છે, તેમને ઘણી વાર ઘણી મુશ્કેલીઓ આવી પડે છે. જો તમે બાહ્ય સંજોગો વિષે વાત કરવા માગતા હો-હું ચારિત્ર્ય વિષે વાત નથી કરતી, તે તો એક તદ્દન ભિન્ન વસ્તુ છે-, તો જે લોકોનું ચૈત્યિક અસ્તિત્વ વધારે વિકસિત હોય છે, તેમને ખૂબ સંઘર્ષ કરવો પડે છે અને ઘણાં દુઃખદાયી કારણો તેમને માથે આવી પડતાં હોય છે.

પ્રથમ તો, ચૈત્યિક અસ્તિત્વના વિકાસનાં બે સંયુકત પરિણામો આવે છે. ચૈત્યિક અસ્તિત્વના વિકાસવાળો માણસ વધારે લાગણી-પ્રધાન હોય છે. લાગણી પ્રધાનતાની સાથે સાથે દુઃખો સહન કરવાની શકિત વૃદ્ધિ પામે છે. પણ માણસ જેટલા પ્રમાણમાં ચૈત્યિક અસ્તિત્વ સાથે સંબંધમાં હોય છે, તેટલા પ્રમાણમાં તે તદ્દન ભિન્ન પ્રકારે અને એક પ્રકારની આંતર સ્વતંત્રતા સાથે જીવનના સંજોગોનો સામનો કરે છે; તે અમુક સંજોગમાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવાનું સામર્થ્ય ધરાવે છે; તે સામાન્ય પ્રકારે તેનો આઘાત અનુભવતો નથી. તમે શાન્તિપૂર્વક, પર્યાપ્ત આંતર જ્ઞાન-પૂર્વક મુશ્કેલીનો અથવા બાહ્ય વસ્તુઓનો સામનો કરી શકો છો. એટલે એક બાજુએ તમે વધારે લાગણી-પ્રધાન છો, અને બીજી બાજુએ તે લાગણી-પ્રધાનતાનો ઉકેલ લાવવા માટે તમારામાં વધારે સામર્થ્ય આવી ગયું હોય છે.

હવે કોઈ અગત્યનો, તાત્કાલિક પ્રશ્ન નથી ને?

તાત્કાલિક પ્રશ્ન કોને કહેવાય? કોણ જવાબ આપશે?

જેનો જવાબ તાત્કાલિક જરૂરી હોય તેવો પ્રશ્ન.

આહ, મેં એમ કહ્યું હોત કે..... એ કોઈ એવો પ્રશ્ન હોય કે જો એ વ્યકિત એ પ્રશ્ન ન પૂછે તો એને આજે નિરાંતે ઊંઘ ન આવે. (હસાહસ)

સાચે જ, તે જ માત્ર એક સાચી રીતે અગત્યનો, તાત્કાલિક પ્રશ્ન છે. બસ? હવે કોઈને પ્રશ્ન પૂછવો નથી, ખરું ને? આજે રાત્રે તમે બધા નિરાંતે ઊંઘી જશો. (હસાહસ)

તે એક એવો પ્રશ્ન હોઈ શકે કે જો કોઈએ તેણે ન પૂછયો હોત, તો તે આજે કશી પ્રગતિ સાધી શકયો ન હોત.

હા, તે વાત સાચી છે. પણ તમને પ્રગતિ કરાવે તેવા પ્રશ્નથી તમે સભાન છો? જો તેમ હોય, તો તે ચોકકસ કોઈ અગત્યની વસ્તુ છે. તેથી અડધી પ્રગતિ તો થઈ ગઈ–એમ ગણાય. તેવા કોઈ પ્રશ્નો તમારે પૂછવાના છે? કોઈ પણ માણસ પ્રગતિ માટે પરિપકવ બન્યો છે ખરો? ઠીક, તો પછી હવે આવતી વખતે.

* * *

૨૬ જાન્યુઆરી, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
ત્રીજા પ્રકરણ 'મુશ્કેલીમાં'
પર આધારિત છે.

મધુર માતાજી, આ "પ્રકૃતિ રૂપી યંત્રની" ત્રુટિઓ જોનાર, આ "શક્તિઓનો સ્વામી" કોણ છે?

વર્તમાન પ્રાણીના કાર્યમાં જે અપૂર્ણ છે તેને અંદરથી જોનાર, તે અંતર્યામી ભગવાનની હાજરી છે. ચૈત્યિક અસ્તિત્વમાં દિવ્ય ચેતના હાજર છે; તે અપૂર્ણ વસ્તુને જુએ છે અને સાથે-સાથે આક્રમણોથી પણ સભાન છે; તે આક્રમણોને મારી હઠાવવા માટે શું કરવાનું છે તેને તે દિવ્ય ચેતના જાણે છે. પણ તેને માટે માણસે પોતાના ચૈત્યિક અસ્તિત્વથી સભાન બનવું જોઈએ. તે હંમેશાં તે એક જ વસ્તુ હોય છે. આપણે હંમેશાં તે જ વસ્તુ પ્રત્યે પાછા આવીએ છીએ.

જ્યારે માણસ આપઘાત કરે છે, ત્યારે શા માટે તેને દુઃખ ભોગવવાં પડે છે?

માણસ શા માટે આપઘાત કરે છે? કારણ કે-તે બાયલો, ડરપોક હોય છે. બાયલા માણસને હંમેશાં દુઃખ સહન કરવાં જ પડે છે.

પછીની જીંદગીમાં તેને ફરી દુઃખ ભોગવવાં પડે છે?

ચૈત્યિક અસ્તિત્વ અમુક અનુભવોની પરંપરામાંથી પસાર થવાના, બોધપાઠ શીખવાના, અને પ્રગતિ કરવાના નિશ્ચિત હેતુ માટે આવતું હોય છે. જો તેનું કાર્ય

પૂરું થયા પહેલાં તમે ચાલ્યા જાઓ, તો તેને વધારે કઠિન પરિસ્થિતિઓમાં તે કાર્ય ફરી કરવા માટે પાછું આવવું પડે છે. એટલે એક જીવનમાં તમે જેનાથી દૂર ભાગી ગયા છો. તે બધું બીજા જીવનમાં તમને આવી મળશે; તે વધારે કઠિન સંજોગો હશે. આપઘાત કર્યા સિવાય પણ, જો તમારે જીવનમાં અમુક મુસીબતોનો પરાભવ કરવાનો હોય, જેને આપણે કસોટી કહીએ છીએ તેમાંથી પસાર થવાનું હોય, અને જો તમે તેમાંથી પસાર ન થાઓ, આપઘાત કરીને તેમાંથી છટકી જાઓ, તો બીજા જન્મમાં તમારે તેમાંથી પસાર થવું જ પડશે, અને તે પહેલાં કરતાં વધારે કઠિન કસોટી હશે.

તમે જાણો છો કે લોકો ખૂબ અજ્ઞાન હોય છે; તેઓ એમ જ માને છે કે વસ્તુસ્થિતિ જ આવી છે; જીવન પછી મૃત્યુ આવે જ છે; જીવન મુસીબતોનો એક ગુચ્છ છે, અને પછી આવતું મૃત્યુ એક સનાતન શાન્તિ છે. પણ હકીકતમાં તેવું નથી. જ્યારે માણસ સ્વૈચ્છિક રીતે આપઘાત કરીને ચાલ્યો જાય છે, અજ્ઞાનમય અને અસ્પષ્ટ આવેગપૂર્વક ચાલ્યો જાય છે, ત્યારે તે આ સર્વ આવેગોથી અને અજ્ઞાનથી ભરેલા, પ્રાણિક જગતમાં સીધો જતો હોય છે. પરિણામે જે મુશ્કેલીઓ-માંથી તે છટકી જવા માગતો હતો તે ફરી તેની પાસે ઉપસ્થિત થાય છે, અને તે પણ શરીર જે રક્ષણ આપે છે તે રક્ષણ વગર. જો તમને કદી ભયાનક ઓથાર (ભીષણ સ્વપ્ન) નો અનુભવ થયો હોય, અર્થાત્ પ્રાણિક જગતમાં મુસાફરી કરવાનો અનુભવ થયો હોય, તો તેનો ઉપાય છે તમારી જાતને જાગ્રત કરી દેવાનો, અર્થાત્ તરત જ તમારા શરીરમાં પાછા ધસી આવવાનો. પણ જ્યારે તમે તમારા દેહનો વિનાશ કરી નાંખ્યો હોય છે, તો પછી તમારી પાસે તમારું રક્ષણ કરનાર શરીર નથી હોતું. પરિણામે તમે સતત ચાલુ રહેતા ઓથારમાં જ રહો છો, જે બહુ સુખ-પ્રદ સ્થિતિ નથી. કારણ કે તે ઓથારથી દૂર રહેવા માટે તમારામાં ચૈત્યિક ચેતના હોવી જોઈએ; તમે જ્યારે ચૈત્યિક ચેતનામાં હો છો, ત્યારે વસ્તુઓ તમને દુઃખ નહિ આપે તેવી ખાતરી તમે રાખી શકો છો. એ તો સાચે જ અજ્ઞાનમય અંધકારમાં ગતિ છે, મેં કહ્યું તેમ, સતત કરવા યોગ્ય પ્રયત્નો સામે એક મહાન નામદર્દાઈ છે. બાયલાપણું છે.

મધુર માતાજી, વરસાદ અથવા અવાજો વગેરે-આ બધું માત્ર બુધવારો * પર જ કેમ બને છે?

---

* શ્રી માતાજીના આ વાર્તાલાપોના વર્ગો બુધવારોએ ભરાતા હતા.

ઠીક, તે એવું કાંઈક છે કે જેને આપણા બોધપાઠો ગમતા નથી. છતાં આજે ૨૬ મી જાન્યુઆરી હોવાને કારણે * આજે તેમ બન્યું છે.

મધુર માતાજી, માણસોને ખૂબ અવાજ કરવામાં આનંદ કેમ આવે છે?

અવાજ કરવામાં? કારણ કે તેમને પોતાની જાતને મૃતપ્રાય બનાવી દેવામાં મજા પડે છે. મૌનમાં તેમને પોતાની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે, તેઓ પોતાની જાતની સન્મુખ હોય છે; મોટે ભાગે તે તેમને ગમતું હોતું નથી. અવાજમાં તેઓ બધું જ ભૂલી જતા હોય છે, તેઓ મૂર્ચ્છિત બની જાય છે. એટલે તેઓ સુખી બને છે.

પોતાની જાતનું નિરીક્ષણ કરવાનો અને પોતે કેવી રીતે જીવે છે તેનો વિચાર કરવાનો સમય ન મળે તેટલા માટે, માણસ સતત બાહ્ય ક્રિયા પ્રત્યે ધસી જાય છે. કંટાળામાંથી છટકી જવાની ઇચ્છા વડે તે તેમ કરતો હોય છે. સાચે જ, કેટલાક લોકો માટે શાન્ત બેસી રહેવું એ ખૂબ વધારે કંટાળાજનક હોય છે. એટલે તેમને માટે એ કંટાળામાંથી છટકી જવાનો એક ઉપાય છે. ખૂબ અવાજ કરીને, ઘણી મૂર્ખાઈઓ કરીને, ભીષણ રીતે ગતિમાન બનીને તેઓ કંટાળામાંથી છટકી જવા મથતા હોય છે. જ્યારે તેઓ શાન્ત બેસીને પોતાની જાત પ્રત્યે જુએ છે, ત્યારે તેઓ ખૂબ કંટાળી જતા હોય છે. કદાચ તેનું કારણ એ પણ હોય કે તેઓ પોતે કંટાળાજનક છે. એ બહુ સંભવિત છે. માણસ જેટલો વધારે કંટાળા-જનક તેટલા તે વધારે કંટાળી જાય છે. ખૂબ રસમય લોકો મોટે ભાગે કંટાળી જતા હોતા નથી.

માતાજી, જો માણસ કાયર હોય અને મુશ્કેલીથી દૂર ભાગી જાય, જો બીજી વખતે તે મુશ્કેલી વધારે મહાન બનવાની હોય, તો આ બધું કેટલો લાંબો સમય ચાલ્યા કરે છે?

જ્યાં સુધી તે કાયર ન રહે, આપઘાત કરવા યોગ્ય નથી એમ તે સમજે, ત્યાં સુધી તે ચાલ્યા કરે છે. માણસ પોતાના કાયરપણા પર વિજય મેળવી શકે

---

* ઘણી વાર વાર્તાલાપ દરમિયાન, શહેરમાં મોટે અવાજે બોલનાર લોકોનું મોટે અવાજે ગવાતું સંગીત અને અવાજે ભભૂકી ઉઠતાં હતાં. ૨૬ મી જાન્યુઆરી ભારતનો પ્રજાસત્તાક દિન છે.

છે. જો માણસમાં તેમ કરવાની ઇચ્છા હોય, તો એવી કોઈ વસ્તુ નથી કે જેના પર તે જીત ન મેળવી શકે.

અજ્ઞાનને કારણે માણસ કાયર હોય છે ?

શેને કારણે ?

અજ્ઞાનને કારણે.

તેનો અર્થ એવો થયો કે માણસ અજ્ઞાનને સર્વ ખરાબ વસ્તુઓનું કારણ માની શકે. પણ હું માનું છું કે માણસ બાયલો હોય છે, કારણકે તે ખૂબ તામસિક છે, તેને પ્રયાસ કરતાં ડર લાગે છે. બાયલો ન બનવા માટે, માણસે પ્રયાસ કરવો જોઈએ, પ્રયાસ વડે શરૂઆત કરવી જોઈએ ; પછી તે ખૂબ રસપ્રદ બની જાય છે. પણ પોતાની જાતમાંથી બહાર ભાગી જવાની આ પ્રકારની ઇચ્છાને જિતવા માટે પ્રયત્ન કરવો એ શ્રેષ્ઠ વસ્તુ છે. વસ્તુનો સામનો કરવાને બદલે માણસ તેનાથી પાછળ હઠી જાય છે, ભાગી જાય છે, પોતાની પીઠ ફેરવી લે છે અને દોડી જાય છે. કારણ કે પ્રારંભિક પ્રયાસ કઠિન હોય છે. તમારો જડ, અજ્ઞાનમય સ્વભાવ તમને પ્રયાસ કરતા અટકાવે છે.

જ્યારે તમે રાજસિક સ્વભાવમાં પ્રવેશ કરો છો, કે તરત જ તમને પ્રયાસ કરવો ગમે છે. કમથી કમ, રાજસિક લોકોનો એક લાભ હોય છે કે તેઓ હિંમતવાન હોય છે, જ્યારે તામસિક લોકો બાયલા, ડરપોક હોય છે. પ્રયાસ કરવાનો ભય માણસને બાયલો, ડરપોક બનાવે છે. કારણકે એક વાર તમે પ્રારંભ કરો છો, નિર્ણય લઈને પ્રયાસની શરૂઆત કરો છો, એટલે પછી તમને તેમાં રસ પડવા લાગે છે. કોઈને પોતાના પાઠો શિખવાનું ગમતું હોતું નથી, શિક્ષક જે શિખવાડે તેના પર ધ્યાન આપવાનું ગમતું હોતું નથી, ઊંઘવાનું ગમે છે, બોધ પાઠ ગ્રહણ કરવા માટે અને યાદ રાખવા માટે જરૂરી પ્રયાસ કરવાનું ગમતું નથી તેનું પણ તે જ કારણ હોય છે. તે અર્ધનિદ્રા હોય છે. શારીરિક રીતે પણ તે જ વસ્તુ છે, તે અસ્તિત્વની નિદ્રા છે, જડતા છે.

મેં એવા લોકોને જોયા છે, જેઓ શારીરિક રીતે ખૂબ હિંમતવાન હતા, અને નૈતિક રીતે ખૂબ ખૂબ બાયલા – ડરપોક હતા, કારણ કે માણસો ભિન્ન ભિન્ન ભાગોના બનેલા હોય છે. તેમનું શારીરિક અસ્તિત્વ સક્રિય અને હિંમતવાન હોય, અને તેમનું નૈતિક અસ્તિત્વ બાયલું હોય. મેં તેમનાથી વિરુદ્ધ પ્રકારના લોકો પણ

જોયા છે. મેં એવા લોકોને જોયા છે કે જેઓ આંતરિક રીતે બહુ હિંમતવાન હતા અને બાહ્ય રીતે તેઓ ખૂબ બાયલા – ડરપોક હતા. પણ આ લોકોને કમથી કમ એક લાભ હોય છે; તેમનામાં આંતર સંકલ્પબળ હોય છે; જ્યારે તેઓ ધ્રુજતા હોય છે, ત્યારે પણ તેઓ પોતાની જાતને તે કામ કરવાની ફરજ પાડી શકતા હોય છે.

મને એક વાર એક માનસશાસ્ત્રીય પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જંગલી પશુઓનો વેપાર કરતા એક માણસે મને તે પ્રશ્ન પૂછયો હતો. તેની પાસે એક પશુગૃહ હતું. જ્યાં જંગલી પશુઓને પકડવામાં આવે છે તેવા બધા દેશોમાંથી તે જંગલી પશુઓને ખરીદતો અને યુરોપનાં બજારોમાં તે તેમને વેચતો. હું ધારું છું કે તે ઑસ્ટ્રિયન હતો. તે પેરિસમાં આવ્યો હતો. તેણે મને કહ્યું કે "મારે બે પ્રકારના પશુ–પાલકો સાથે કામ પાડવાનું હોય છે. તે બેમાંથી કયા લોકો વધારે હિંમતવાન છે તે જાણવાની મને ખૂબ ઇચ્છા છે. કેટલાક પશુપાલકો જંગલી પશુઓને ખૂબ ચહાતા હોય છે. તેઓ, એક મિત્ર જેમ મિત્રના ઘરમાં પ્રવેશે તેમ, પ્રેમપૂર્વક જંગલી પશુઓના પાંજરામાં પ્રવેશે છે. તેમ કરવું જોખમ ભરેલું છે, એવો વિચાર તેમના મનમાં ઉદ્‌ભવતો જ નથી. પછી તેઓ તે પશુઓને કામ કરતાં શિખવાડે છે, જરા પણ ભય વગર તેમને કામ કરતાં શિખવાડે છે. કેટલાક એવા પશુપાલકોને હું જાણું છું કે જેઓ પોતાના હાથમાં ચાબૂક પણ રાખતા નથી. તેઓ પાંજરામાં પ્રવેશ કરતા અને તે જંગલી પશુઓ સાથે એવી મૈત્રીભરી રીતે વાતો કરતા કે બધું ઠીકઠાક પતી જતું પણ તેથી એકાદ દિવસે તો તે જંગલી પશુઓ તેમને ખાઈ પણ જતાં. પણ છતાંય તેઓ પોતાનું કાર્ય ચાલુ રાખતા. આ એક પ્રકારના પશુપાલકો છે. બીજા પ્રકારના પશુપાલકો પાંજરામાં પ્રવેશ કરતા પહેલાં એટલા બધા ડરી જતા કે તેઓ ધ્રુજી ઉઠતા; ઘણીવાર તો તેઓ તેથી કંટાળી જતાં. પણ તેઓ પ્રયત્ન કરતા રહેતા. તેઓ ખૂબ નૈતિક પ્રયત્ન કરતા, અને જરા પણ ભય રાખ્યા સિવાય તેઓ પાંજરામાં પ્રવેશે છે અને પશુઓ પાસે કામ કરાવે છે."

પછી તેણે મને કહ્યું કે "મેં બે અભિપ્રાયો સાંભળ્યા છે. કેટલાક લોકો કહે છે કે બિલ્કુલ ભય ન હોવો તેના કરતાં ભયને જિતવો એ વધારે હિંમતભરેલું છે...આ એક સમસ્યા છે. આ બે પ્રકારના લોકોમાંથી કયા વધારે સારી રીતે હિંમતવાન છે?"

કદાચ એક ત્રીજા પ્રકારના લોકો હોય છે, જેઓ આ બંને પ્રકારના લોકો કરતાં વધારે, અને સાચી રીતે હિંમતવાન છે. તે એ માણસ છે કે જે જોખમથી પરિપૂર્ણ રીતે સભાન છે, જે એમ બરાબર જાણે છે કે આ જંગલી પશુઓનો વિશ્વાસ કરવાનો તે યોગ્ય નથી. જે દિવસે તે જંગલી પશુઓ ખાસ ઉશ્કેરાયેલી સ્થિતિમાં હોય, ત્યારે તેઓ દ્રોહપૂર્વક તમારા પર તૂટી પડે. પણ તેમને મન તેથી કશો ફેર પડતો નથી. તેઓ કરવાના કાર્યના આનંદ માટે ત્યાં જાય છે; અકસ્માત થશે કે નહિ તેનો પ્રશ્ન તેઓ મનમાં ઉઠાવતા નથી; તેઓ પૂર્ણ શાન્તિપૂર્વક ત્યાં જાય છે, શરીરમાં સર્વ જરૂરી બળ અને ચેતના સાથે તેઓ ત્યાં જાય છે. તે માણસ તે પ્રકારનો હતો. તેનામાં એવી ભીષણ સંકલ્પશકિત હતી કે થાબૂક સિવાય, માત્ર પોતાના સંકલ્પના આગ્રહથી તે પેલાં જંગલી પશુઓ પાસે પોતાનું ધારેલું કાર્ય કરાવતો. પણ તે સારી રીતે જાણતો હતો કે એ એક જોખમપૂર્ણ વ્યવસાય છે. તે વિષે તેને કોઈ ભ્રમણા ન હતી. તેણે મને કહ્યું કે એક બિલાડી સાથે હું આ કામ શીખ્યો છું–બિલાડી સાથે!

તે જંગલી પશુઓનો વેપારી હતો, પણ સાથે સાથે એક કલાકાર પણ હતો. તેને ચિત્રો દોરવાનું ગમતું હતું, તેને ચિત્રકળા ખૂબ ગમતી હતી. તેના કળા-ખંડમાં એક બિલાડી હતી. આ રીતે તેને પશુઓમાં રસ પડવાનું શરૂ થયું હતું. આ બિલાડી ખૂબ સ્વતંત્ર હતી; તેનામાં આજ્ઞાંકિતપણાની કોઈ ભાવના ન હતી. તેને પોતાની બિલાડીનું ચિત્ર દોરવું હતું. તેને તેણે ખુરશી પર મૂકી, અને પોતે ચિત્ર દોરવા બેઠો. ફરર્ર કરતી બિલાડી દોડી ગઈ. તે તેને શોધી આવ્યો, પાછી લાવ્યો, અને જરા પણ ઉચ્ચ સ્વરે તેને ઠપકો આપ્યા સિવાય, તેને માર્યા સિવાય, ઈજા કર્યા સિવાય, તેણે તેને ફરી ખુરશી પર બેસાડી. હવે બિલાડી વધારે ને વધારે હોશિયાર બની ગઈ. ચિત્ર-ખંડમાં ચિત્રો દોરવાનાં કેન્વાસોની થપ્પી ખૂણામાં સંતાડેલી પડી હતી. બિલાડી તે થપ્પીની પાછળ જઈને સંતાઈ ગઈ. તે જાણતી હતી કે મારા માલીકને કેન્વાસોની થપ્પીને દૂર કરવામાં અને મને પકડવામાં ખૂબ સમય લાગશે. તે માણસે, એક પછી એક, કેન્વાસોને શાંતિપૂર્વક બહાર કાઢયાં, બિલાડીને પકડી, અને ફરી પાછી ખુરશી પર બેસાડી.

તેણે મને કહ્યું હતું કે એક વાર સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી અટકયા સિવાય મારે તે કામ કરવું પડયું હતું. તેણે ખાધું નહિ અને બિલાડીએ પણ ખાધું નહિ. (હસાહસ). આખો દિવસ તેણે તે કામ કર્યા કર્યું. દિવસના અંતે તેણે

બિલાડી પર વિજય મેળવ્યો. જ્યારે તેના માલીકે તેને ખુરશી પર મૂકી, ત્યારે તે ત્યાં જ બેસી રહી (હસાહસ), અને ત્યાર પછી કોઈ દિવસ તેણે ભાગી જવાનો પ્રયત્ન ન કર્યો. પછી તેણે પોતાની જાતને કહ્યું કે મોટાં પશુઓ સાથે મારે આ પ્રયોગ શા માટે ન કરવો? તેણે પ્રયત્ન કર્યો અને તેને સફળતા મળી.

અલબત્ત, તે એક સિંહને તે રીતે લઈને ખુરશીમાં બેસાડી શકયો ન હતો; નહિ જ. પણ તે સિંહો પાસે સર્કસમાં કરાવે છે તેવી ગતિઓ કરાવવા માગતો હતો. દા. ત. તેમના આગલા પંજા એક સ્ટૂલ પર મૂકવા, એક ખૂબ નાની જગ્યા પર ચારેય પંજા એકઠા રાખીને બેસવું, અને એવી મૂર્ખાઈભરેલી વસ્તુઓ. આવી વસ્તુઓ સિંહ પાસે કરાવવાની એક ફેશન બની ગઈ છે, લોકો સમક્ષ તેમનું પ્રદર્શન કરવામાં આવે છે. વળી કૂતરાની પેઠે પાછલા બે પગો પર ઉભા રહેવું, જ્યારે તે પોતાની તર્જની ઊંચી કરે ત્યારે સિંહે ગર્જના કરવી વગેરે પણ તેણે સિંહને શિખવાડયું. તમે જોઈ શકશો કે આ બધી વસ્તુઓ મૂર્ખાઈભરેલી છે. પશુઓને સ્વતંત્રતાપૂર્વક ફરવા દેવા તે વધારે સારું અને રસપ્રદ છે. પણ મેં કહ્યું તેમ, તે એક ફેશન બની ગઈ છે.

પણ તે આ બધું ચાબૂકનો ઉપયોગ કર્યા સિવાય કરી શકયો હતો. તે કદી પોતાના ખિસ્સામાં પિસ્તોલ રાખતો નહિ. તે પરિપૂર્ણ રીતે સભાન હતો કે કોઈ દિવસે, જ્યારે તે હિંસક પશુઓ અસંતુષ્ટ હશે, ત્યારે તેઓ તેને આખરી નિર્ણયાત્મક ફટકો મારશે. પણ તેણે તે કામ, જેમ તેણે બિલાડી સાથે લીધું હતું તેમ, શાન્તિપૂર્વક અને ધીરજપૂર્વક સિદ્ધ કર્યું હતું. જ્યારે તે પોતાનાં તાલીમ અપાયેલાં પશુઓને સર્કસવાળા તાલીમ આપનારાઓને આપતો, ત્યારે તેઓ આશ્ચર્યચકિત બની જતા.

અલબત્ત, આ પશુઓ માણસ ડરતો હોય તો તે જાણી લે છે, પછી ભલે તે પોતાના ભયને વ્યકત ન કરે. તેઓ સાહજિક વૃત્તિથી જે સાહજિક વૃત્તિ માણસોમાં નથી અસાધારણ રીતે માણસના ભયને જાણી લે છે. ભયને કારણે તમારું શરીર એક એવા આકંપનને પેદા કરે છે, જે તેમનામાં એક ખૂબ અપ્રસન્નકારી લાગણી પેદા કરે છે. જો તે પશુઓ બળવાન હોય, તો તે આકંપન તેમને ભીષણ બનાવી દે છે; જો તે પશુઓ નિર્બળ હોય, તો તે આકંપનથી તેઓ ભયભીત બની જાય છે. પણ જો તમારામાં જરા પણ ભય ન હોય, જો તમે પૂર્ણ વિશ્વાસપૂર્વક તેમની પાસે જાઓ, મૈત્રીભાવપૂર્વક તેમની પાસે જાઓ, તો તમે જોશો કે

તેમનામાં પણ ભય પેદા થતો નથી, તેઓ તમારો તિરસ્કાર કરતાં નથી, તેઓ પણ વિશ્વાસુ બની જાય છે.

તમે જે બધા સિંહોને જુઓ તેમના પાંજરામાં પ્રવેશ કરવા માટે પ્રોત્સાહન આપવા આ હું નથી કહેતી, પણ માત્ર હકીકતનું જ કથન કરું છું. જો તમે કોઈ ભસતા કૂતરાને જોઈને ડરી જાઓ, તો તે તમને કરડશે ; જો તમે ડરશો નહિ, તો તે જતું રહેશે. પણ સાચી રીતે તમે નિર્ભય હો એ જરૂરી છે, નિર્ભયતાનો દેખાવ નહિ ચાલે, કારણ કે દેખાવ નહિ, પણ આકંપન મહત્ત્વની વસ્તુ છે.

તમને ખૂબ અવાજ મળી ચૂક્યો, નહિ વારુ ?

મધુર માતાજી, સૌથી વધારે હિંમતવાન કોણ છે તે તો તમે કહ્યું નહિ.

મેં કહ્યું કે ત્રીજા પ્રકારના લોકો સૌથી વધારે હિંમતવાન છે. હિંમત..... ભિન્ન ભિન્ન સ્થાનોમાં ભિન્ન ભિન્ન પ્રકારની હિંમત હોય છે જે પશુઓ સાથે મૈત્રીભાવવાળો છે, જેને તેમનો ભય નથી, તેને પશુઓ સાથે ખૂબ પ્રમાણમાં શારીરિક સંબંધ હોય છે, સ્વયંભૂ શારીરિક મૈત્રીભાવ હોય છે. પણ આપણે જાણતા નથી કે જો તેનામાં ઓચિંતી જોખમની લાગણી ઉદ્‌ભવે તો તે પોતાની હિંમત જાળવી રાખી શકશે કે નહિ. શકય છે કે તરત જ તે પોતાની હિંમત ગુમાવી દે.

તેથી ઊલટું, બીજા પ્રકારના માણસમાં પશુઓ સાથે કોઈ શારીરિક સંબંધ હોતો નથી, અને તેથી, તે તેમનાથી ડરે છે, પણ તેનામાં પોતાની અંદર ખૂબ હિંમત અને સદ્‌ભાવ છે, સંકલ્પ અને માનસિક હિંમત છે કદાચ પ્રાણિક હિંમત પણ છે, જે તેની શારીરિક ભાવિનો તેને સ્વામી બનાવી દે છે, અને નિર્ભય હોય તે રીતનું વર્તન તેની પાસે કરાવે છે, પણ શરીરમાં તો ભય હોય છે, તેણે માત્ર તેના પર કાબૂ મેળવ્યો છે, હવે આપણે એ જોવાનું છે કે શારીરિક હિંમત અને નૈતિક હિંમત એ બેમાં કોણ વધારે મહાન છે. તે બેમાંથી કોઈ એક બીજા કરતાં વધારે મહાન નથી, એ તો ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં એક જ હિંમત છે.

કેટલાક લોકો જરા પણ ધ્રુજારી સિવાય સર્વ પ્રકારનાં જોખમોમાં ગતિ કરે છે. તેમનામાં શારીરિક હિંમત છે.

બીજાઓ : યુદ્ધો દરમિયાન એક ઘટના બની હતી, આપણને તેના સર્વ શકય દાખલાઓ અધ્યયન કરવા માટે પ્રાપ્ત છે. સૈનિકો પોતપોતાની ખાઈઓમાં હતા.

તેમને તેમાંથી બહાર નીકળવાનો અને બીજી ખાઈઓમાં જવાનો હૂકમ મળ્યો. દુશ્મનોનો તોપમારો ચાલુ હતો. તેઓ પોતાની ખાઈમાંથી બહાર નીકળ્યા. સામેથી તોપમારો વરસી રહ્યો હતો. તેવે સમયે જો તમે તમારી જિંદગીની જરા પણ દરકાર કરતા રહો, તો તમને ભય પેદા થાય જ. પણ કેટલાક લોકો તેવે સમયે પણ નિર્ભય રહે છે, પણ તેઓ તો યોગીઓ હોય. સૈનિકો મોટે ભાગે યોગીઓ નહિ, પણ સામાન્ય લોકો હોય છે, કારણકે દરેક જણ સૈનિક થઈ શકતો હોય છે. ખૂબ પ્રાચીન સમયમાં જે લોકોને યુદ્ધોમાં રસ હતો તે બધા સૈનિકો બનતા હતા. પણ અત્યારે તેવું નથી. અત્યારે તો ખૂબ શાન્તિમય ગરીબડા શયતાનોને લઈ જઈને સૈનિકો બનાવવામાં આવે છે, દરેક જણને સૈનિક બનવું પડે છે. પરિણામે હજારમાં એક જણ પણ એવો નથી હોતો કે જેનામાં સારી રીતે સૈનિકનો સ્વભાવ હોય. તેમાંનો મોટો ભાગ તો સામાન્ય રીતે સામાન્ય જીવન જીવવા માટે નિર્માણ થયેલા લોકો હોય છે. તેમને શાંતિ અને જીવનનો સામાન્ય રોજિંદો કાર્યક્રમ ગમતો હોય છે. તેમને પોતે યોદ્ધાઓ છે એવી જરા પણ લાગણી અનુભવાતી હોતી નથી. એટલે તેઓ એકદમ વીરો બની જાય એવી અપેક્ષા રાખવી એ કઠિન છે, પણ ઓફિસરોના હાથમાં પિસ્તોલ હોય છે. જો તેમનો હૂકમ માનવામાં ન આવે તો તેઓ સૈનિકની પીઠમાં ગોળી મારે છે. એટલે સૈનિકો ઉંદરની પેઠે માર્યા જવા કરતાં આગેકૂચ કરવાનું વધુ પસંદ કરે છે, અત્યારે આવી પરિસ્થિતિ છે તે બહુ કાવ્યમય નથી પણ તે આ પ્રકારની છે. તેથી કેટલાક લોકો માંદા પડી જતા, તેમને ઝાડા થઈ જતા, છતાં પણ તેમને બહાર તો નીકળવું જ પડતું, માર્ગમાં સાચા જોખમની સન્મુખ, તેમનામાં ઓચિંતી મહાન હિંમત ઉત્પન્ન થઈ જતી.

બીજા લોકો કાષ્ઠના ટૂકડાની પેઠે આગળ વધતા, શું બનવાનું છે તેની તેમને ખબર ન હતી, મોટા જોખમને કારણે તેઓ તદ્દન મૂર્ચ્છાવશ બની જતા. જ્યારે હૂકમ આપવામાં આવ્યો ન હતો, ત્યારે પણ કેટલાક સૈનિકો બહાર નીકળી પડતા; તેમને એમ લાગતું કે અમારે આ જીવન કાર્ય પરિપૂર્ણ બજાવવાનું છે; તેઓ રાજીખુશીથી પોતાની જાતનું સમર્પણ કરી દેતા. પણ તેઓ બરાબર જાણતા હતા કે મૃત્યુ અમારી રાહ જોતું ખડું છે. આ લોકો હિંમતવાન હતા, પણ તેમની સંખ્યા જૂજ હતી. તેવા લોકો મોટી સંખ્યામાં ન જ હોઈ શકે.

માત્ર કાર્યની ગરમીમાં, જ્યારે વાયુમંડળમાં ખૂબ તનાવ પ્રસરી ગયો હોય, ત્યારે એવું એક પ્રકારનું સામૂહિક સૂચન પ્રગટે છે કે જે થોડા સમય માટે માણસોને વીરો બનાવી દે છે. પાછળથી તે ખતમ થઈ જાય છે, પણ તે ક્ષણે માણસ વીર બની જાય છે. અલબત્ત, આ એક સામૂહિક સૂચન હોય છે.

સાચી હિંમત તેના ગહનતમ અર્થમાં આ પ્રકારની હોય છે : જીવનમાં નાનામાં-નાની વસ્તુથી માંડીને મોટામાં મોટી વસ્તુનો ભૌતિક તેમ જ આધ્યાત્મિક વસ્તુનો સામનો કરવા શકિતમાન થવું, તેમાં જરા પણ ધ્રુજારી થવા દીધા સિવાય, હૃદય જરા પણ વધુ ઝડપથી ધબકારા ન કરે તેવી રીતે, જ્ઞાનતંતુઓ કંપે નહિ તે રીતે, અને અસ્તિત્વના કોઈ પણ ભાગમાં જરા પણ ઉશ્કેરાટ કે લાગણી પેદા થવા દીધા સિવાય દિવ્ય હાજરીની સતત ચેતના સાથે, ભગવાનને પરિપૂર્ણ આત્મ–સમર્પણ કરી દઈને, તે સંકલ્પમાં સમગ્ર અસ્તિત્વને એકત્રિત બનાવીને દરેક વસ્તુનો સામનો કરો ; ત્યારે જ માણસ જીવનમાં પ્રગતિ કરી શકે, જરા પણ ધ્રુજારી કે આકંપન સિવાય ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરી શકે. તમે જાણો છો કે આ લાંબા સમય સુધી કરેલા પ્રયાસનું પરિણામ છે, સિવાય કે માણસ ખાસ કૃપા પ્રાપ્ત કરીને જન્મ્યો હોય, જે વધારે વિરલ હોય છે.

ભયનો પરાભવ કરવો, એનો અર્થ એ છે કે અસ્તિત્વનો એક ભાગ બીજા ભાગ કરતાં વધારે બળવાન છે, જેનામાં ભય નથી અને જે પોતાની નિર્ભયતાને ભય પામેલા ભાગ ઉપર બળજબરીથી લાદે છે. પણ તે એમ નથી સૂચવતું કે એક માણસ જેને કોઈ ભય પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું છે જ નહિ તેવા બીજા માણસ કરતાં વધારે હિંમતવાન છે, કારણકે જેને કોઈ ભય પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું છે જ નહિ તેવો માણસ તો સર્વત્ર હિંમતવાન છે, પોતાના અસ્તિત્વના સર્વ ભાગોમાં હિંમતવાન છે. એક એવી નિર્ભયતા, હિંમત હોય છે કે જે અચેતનતા-માંથી અને અજ્ઞાનમાંથી જન્મે છે. દા. ત. જોખમો વિષે કશું જ ન જાણનારાં બાળકો એવી વસ્તુઓ કરે છે કે જે વસ્તુઓ જો તેમને જોખમનું જ્ઞાન હોત, તો તેમણે ન કરી હોત. એનો અર્થ એ થયો કે તેમની હિંમત અજ્ઞાનમય છે. પણ સાચી હિંમતમાં વસ્તુનું પરિપૂર્ણ જ્ઞાન હોય છે, બધી શકયતાઓનું જ્ઞાન હોય છે, અને તે અપવાદ વગર દરેક વસ્તુનો સામનો કરવા તૈયાર હોય છે.

* * *

ફેબ્રુઆરી, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
ત્રીજા પ્રકરણ 'મુશ્કેલીમાં'
પર આધારિત છે.

"તમારે સાચું વલણ અપનાવવું જોઈએ" એનો અર્થ શો છે?

તેમણે એ પહેલાં સમજાવ્યું છે. વિશ્વાસનું, આજ્ઞાપાલનનું, સમર્પણનું વલણ એ સાચું વલણ છે.

"કોઈ પણ વસ્તુને કે વ્યક્તિને તમારી અને માતાજીની શક્તિની વચ્ચે ન આવવા દો."...આ વ્યક્તિ તે કોણ છે?

વ્યક્તિ? ગમે તે વ્યક્તિ અથવા માણસ તમારી અને દિવ્ય શક્તિની વચ્ચે આવવા દેવાના અનેક માર્ગો છે. પ્રથમ તો, કોઈ પણ માણસ સાથેના તમારા સંબંધને ખૂબ વધારે મહત્ત્વ આપવું તે છે, અધિકારી એવો કોઈ પણ માણસ તમને સલાહ આપે તેના પર ધ્યાન આપવું તે છે. તે ગમે તે કારણસર, કોઈ પણ માણસને રાજી કરવાની ઇચ્છા છે. લોકો સતત એમ કરતા હોય છે, નહિ વારુ?

ઘણું કરીને આ તે માણસને લખવામાં આવ્યું હતું કે જે અમુક વસ્તુઓ સાંભળતો હતો અને તે સલાહોને, કથનોને, અથવા અભિપ્રાયોને ખૂબ મહત્ત્વ

આપતો હતો. એટલે શ્રી અરવિંદે તેને કહ્યું કે તમારી અને ભગવાનની વચ્ચે કોઈ પણ માણસને ન આવવા દો.

તે માણસ માતા-પિતા, મિત્રો, કે ગમે તે હોય, કોઈ ખાસ માણસ ન હોય.....એમ પણ હોય કે દરેક વ્યકિતને માટે કોઈ વિશિષ્ટ વ્યકિત ખાસ મનુષ્ય હોય.....

મધુર માતાજી, "સાધના શરીરમાં કરવાની છે," એ હું સમજ્યો નથી.

શરીર? આ કોઈક વસ્તુની સાથે સંબંધિત છે, એમ કહેવાય છે કે કેટલાક લોકો જીવનથી કંટાળી ગયા હોય છે, અને પછીના જીવનમાં પરિસ્થિતિ વધારે સારી બનશે એવી આશામાં તેઓ તેનો ત્યાગ કરવા માગે છે. એટલે એમ કહેવામાં આવ્યું છે કે તમારા શરીરમાંથી ભાગી જવું એ નિરર્થક છે; શરીર વગર વસ્તુસ્થિતિ તમારે માટે વધારે નહિ બને; ઉલટું, તે વધારે, ખૂબ વધારે કઠિન બનશે. શરીર યોગ કરવા માટે બનાવવામાં આવ્યું છે. આપણે પૃથ્વી પર છીએ, તે સમય દરમિયાન માણસ પ્રગતિ સાધી શકે છે. પાર્થિવ જીવનની બહાર માણસ પ્રગતિ સાધી શકતો નથી. પાર્થિવ, ભૌતિક જીવન ખાસ કરીને પ્રગતિનું જીવન છે; અહીં જ માણસ પ્રગતિ સાધી શકે છે. પાર્થિવ જીવનની બહાર માણસ આરામ લે છે, ચેતના રહિત હોય છે; અથવા મેળવેલી વસ્તુઓનું આત્મસાત્કરણ કરી શકે છે. પણ પ્રગતિનો સમય તો પૃથ્વી પર અને શરીરમાં જ પ્રાપ્ત થાય છે. એટલે જ્યારે તમે દેહ ધારણ કરો છો, ત્યારે પ્રગતિ માટે તેને ધારણ કરો છો; જ્યારે તમે દેહ છોડી દો છો, ત્યારે પ્રગતિનો સમય પૂરો થઈ જાય છે.

સાધના એ જ સાચી પ્રગતિ છે, અર્થાત્ તે સૌથી વધારે સભાન અને ઝડપી પ્રગતિ છે. નહિ તો માણસ પ્રકૃતિના છંદ અનુસાર પ્રગતિ કરે છે; ત્યારે થોડામાં થોડી પ્રગતિ સાધવામાં સૈકાઓ, લાખો વર્ષો વીતી જાય એમ બને. પણ સાચી પ્રગતિ સાધના દ્વારા જ થાય છે. યોગમાં માણસ થોડાક જ સમયમાં એવી પ્રગતિ કરે છે કે જે કરતાં તેને અનંત સમય લાગ્યો હોત. પણ તે પ્રગતિ માત્ર પૃથ્વી ઉપર અને શરીરમાં જ કરી શકાય છે, બીજે કયાંય નહિ. તેથી માણસ જ્યારે શરીરમાં હોય, ત્યારે તેણે તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી લેવો જોઈએ અને પોતાના સમય વ્યર્થ ન બગાડવો જોઈએ; તેણે એમ ન કહેવું જોઈએ કે હું સાધના થોડાક સમય પછી કરીશ. તે તરત જ શરૂ કરી દેવી તે વધારે હિતકારી

છે. જે વર્ષો દરમિયાન તમે પ્રગતિ કરી નથી તે વ્યર્થ ગયાં સમજવાં; પાછળથી તમને તે માટે પસ્તાવો થશે.

"અવિશ્વાસમાંથી અને આજ્ઞા-ભંગમાંથી મુશ્કેલી આવી પડી હોવી જોઈએ..."

હા, આ બધી વસ્તુએ પત્રોના જવાબ રૂપે છે. કોઈક માણસ મુશ્કેલી વિષે ફરિયાદ કરતો હતો. તેનો કાગળ વાંચીને શ્રી અરવિંદને એમ લાગ્યું કે તેની મુશ્કેલી વિશ્વાસના અને આજ્ઞાપાલનના અભાવમાંથી પેદા થઈ હોવી જોઈએ. તે તે માણસને એમ કહે છે. પણ તેવું ઘણી વાર બનતું હોય છે, તે ખૂબ સર્વ-સાધારણ છે; એટલે દરેક જણને તે ઉપયોગી છે.

માતાજી, એક જ પ્રકારનું ધ્યાન હંમેશાં માણસમાં તે જ પ્રકા-રની લાગણી પેદા કરતું હોતું નથી, તેનું કારણ શું? દા. ત. જ્યારે માણસ સમુદ્ર અથવા તારાઓ પ્રત્યે જુએ છે અને પોતાની ક્ષુદ્રતાનો વિચાર કરે છે, ત્યારે તેનામાં અમુક ખાસ લાગણી પેદા થાય છે. પછી જ્યારે બીજી વખતે તે માણસ તે જ અનુભવની ઇચ્છા કરતો હોય છે, ત્યારે તે વિષે વિચાર કરતાં છતાં, તે તેને ફરી પ્રાપ્ત થતો નથી. શા માટે?

માણસ કદી પણ એકનો એક અનુભવ બે વાર પ્રાપ્ત કરી શકતો નથી, કારણકે માણસ કદી પણ બે વાર તેનો તે જ હોતો નથી. પહેલા અનુભવ અને બીજા અનુભવ વચ્ચે એક જ કલાક પસાર થઈ ગયો હોય, પણ તમે તે જ માણસ રહેતા નથી, તમે તે જ વસ્તુનું પુનરાવર્તન કરી શકતા નથી. જો તમે વધારે સભાન, વધારે સાચા દિલના, વધારે એકાગ્ર બનવાની દરકાર રાખો, તો તે અનુભવ ભિન્ન હશે, પણ તે વધારે ગહન અને સ્પષ્ટ હશે. પણ જો તમે પહેલાંની વસ્તુને ચીટકી રહો અને તે જ વસ્તુનું પુનરાવર્તન કરવાની ઇચ્છા રાખો, તો તમને કશું જ પ્રાપ્ત નહિ થાય, કારણકે તમે તે જ વસ્તુને ફરી પ્રાપ્ત કરી શકતા નથી, તમે એવી સ્થિતિમાં છો કે નવો અનુભવ સ્વીકારવા તમે તૈયાર નથી હોતા, કારણ કે તમને પહેલા અનુભવ પ્રત્યે આસકિત પેદા થઈ છે. મોટે ભાગે જ્યારે માણસને એક બહુ અગત્યના આવિષ્કારનો અનુભવ થયો હોય છે, ત્યારે તે તેને ગુમાવી દેવા માગતો નથી, લાંબા સમય સુધી તે ચાલુ ન રહે તેની તેને દહેશત લાગતી હોય છે; એટલે કોઈક વસ્તુને ચીટકી રહેવાની આ ગતિમાં

માણસ પોતાની જાતને પ્રગતિ કરવામાંથી રોકે છે; અને એવી અવસ્થામાં પોતાની જાતને મૂકે છે કે તે હવે પછીનો અનુભવ પ્રાપ્ત કરી શકે નહિ.

આ વસ્તુને સમજવી જોઈએ, કારણકે તે એક પરમ સત્ય હકીકત છે: માણસ કદી તે જ અનુભવ બે વાર પ્રાપ્ત ન કરી શકે; સમાન અનુભવો થઈ શકે, ઘણા નિકટના અનુભવો થઈ શકે; પણ જો તે માણસ પરિપૂર્ણ રીતે સાચા દિલનો, તટસ્થ, અને કોરા કાગળ જેવો હોય, તો તેને માલમ પડશે કે તે અનુભવો ખૂબ નિકટના દેખાય, પણ તેમનામાં ભેદ હોય છે, કેટલીક વાર તો બહુ અગત્યનો ભેદ. પણ જો તમે કોઈ વધારે સારી અને ઉચ્ચતર વસ્તુ પ્રત્યે જઈ શકવા માટે, પહેલાંના અનુભવનો ત્યાગ કરવા માટે વધારે તૈયાર હશો, તો તમારી પ્રગતિ વધુ ઝડપી બનશે; જેમ જેમ તમે ભૂતકાળનું ભારે વજન વધુને વધુ ખેંચ્યે રાખશો, તેમ તેમ તમારી પ્રગતિ વધારે ધીમી બનશે.

સર્વ ભૂતકાળ માત્ર નીસરણીનું એક પગથિયું બની રહેવું જોઈએ, જેના પરથી તમારે ઉપલા પગથિયા પર જવાનું છે; તે સિવાય તે પગથિયાનો બીજો કશો ઉપયોગ નથી. જો તમે આ અનુભવી શકો, ભૂતકાળ તરફ તમારી પીઠ ફેરવી શકો, અને હવે શું કરવાનું છે તેના પર મીટ માંડી શકો, તો તમે ઝડપી પ્રગતિ કરી શકશો, તમે માર્ગમાં તમારો સમય વ્યર્થ નહિ બગાડો. ભૂતકાળમાં જે બન્યું છે અને અત્યારે જે બની રહ્યું છે તેને હંમેશાં ચીટકી રહેવામાં, તમને જે સુંદર અને સારું લાગ્યું હતું તે ભૂતકાળની વસ્તુને ચીટકી રહેવામાં તમે તમારો સમય વ્યર્થ બગાડો છો. ભૂતકાળના અનુભવે તમને મદદ કરવી જોઈએ, તમારે તેનો ઈન્કાર ન કરવો જોઈએ; પણ તેણે તમને આગળ વધવામાં મદદ કરવી જોઈએ; તે આગળ એક પગલું ભરવામાં તમને ટેકા રૂપ બની જવું જોઈએ.

અમુક સમયે, આંતર કે બાહ્ય સંજોગોમાં, તમે અમુક આકંપન ઝીલી શકયા હો; દા. ત. તમે કહ્યું તેમ, તારાઓને નિહાળતી વખતે, કોઈ દૃશ્યનું ધ્યાન કરતી વખતે, એક પુસ્તકનું પૃષ્ઠ વાંચતી વખતે, અથવા કોઈ પ્રવચન સાંભળતી વખતે, માણસને ઓચિંતો એક આંતર આવિષ્કાર, અનુભવ, કે ધ્યાન ખેંચે તેવી કોઈ વસ્તુ પ્રાપ્ત થાય કે જે તેના પર એવી છાપ મૂકી જાય કે હું કોઈ નવીન વસ્તુ પ્રત્યે ખુલ્લો બન્યો છું. પણ જો તમે તેને સખ્ત રીને ચીટકી રહેવા માગો, તો તમે બધું જ ગુમાવી દેશો, કારણકે માણસ ભૂતકાળને સાંધરી રાખી શકતો નથી, તેણે આગળ વધવું જ જોઈએ, પ્રગતિ કર્યા કરવી જ જોઈએ. આ પ્રકાશે તમને

તે નવા સ્તર પર તમારી જાતને સંગઠિત કરવા માટે તૈયાર કરવા જોઈએ, જેથી એક દિવસે તમે ફરી ઉચ્ચતર પગથિયા પર કૂદકો મારી શકો.

ઓચિંતાં આરોહણો વચ્ચે એક ઊભી, સીધીસટ પ્રગતિ છે. તે ઓચિંતા આરોહણની ક્ષણ તમને આવિષ્કાર જેવી, મહાન આંતર આનંદ જેવી કોઈક વસ્તુની છાપ આપતી હોય છે. પણ જો તમે જે પગથિયા પર ચઢીને ઉપલે પગથિયે પહોંચ્યા છો તે પગથિયા પર ફરી આરોહણ કરવાની ઈચ્છા કરો, તો તમારે ફરી નીચે ઉતરવું પડશે. તમે બીજા ઉચ્ચતર પગથિયા પર આરોહણ કરો તે માટે તમારે આ સ્તર પર તમારી જાતને તૈયાર કર્યે જવી જોઈએ. તમને ઓચિંતો મહાન આનંદ આપનારી આ વસ્તુઓ હંમેશાં આરોહણો હોય છે. પણ આરોહણો ઊભી, સીધીસટ પ્રગતિના ધીમા કાર્ય વડે તૈયાર કરાયેલાં હોય છે, અર્થાત્ માણસે વધુને વધુ સભાન બનવું જોઈએ, પોતે જે છે તેમાં વધુને વધુ પરિપૂર્ણ રીતે સ્થાપિત થવું જોઈએ, તેમાંથી, અને કાર્યમાં પણ, સર્વ આંતર માનસશાસ્ત્રીય ફળો અપનાવી લેવાં જોઈએ. તે ઓચિંતા કૂદકાનો લાંબા સમય સુધી કરાતો ઉપયોગ છે; હું કહું છું તેમ, પ્રગતિ બે પ્રકારની છે. પણ ઊભી સીધીસટ પ્રગતિ અનિવાર્ય છે.

તમારે વચ્ચે અટકી જવું ન જોઈએ, તમારે આ ઊભી સીધીસટ પ્રગતિને આમ ચીટકી રહેવું ન જોઈએ, આગળ વધવાનો ઈન્કાર ન કરવો જોઈએ કારણકે તેણે તમને એક આવિષ્કાર લાવી આપ્યો છે. બીજા આવિષ્કાર માટે તૈયારી કરવા માટે તેનો કેવી રીતે ત્યાગ કરવો તે તમારે જાણવું જોઈએ.

* * *

૯ ફેબ્રુઆરી, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગના પાયા" ના
ચોથા પ્રકરણ "કામના-આહાર અને જાતીય વાસના"
પર આધારિત છે.

મધુર માતાજી, અહીં લખેલું છે કે "સૂર્ય અને પ્રકાશ મદદરૂપ હોઈ શકે, અને.....બનશે?"

સ્પષ્ટ છે કે કોઈક સાધકે પોતાના અનુભવ વિષે લખ્યું હતું, જેમાં તેને સૂર્ય અને પ્રકાશ સાથે સંપર્ક થયો હતો, અને તે તેમને સાધનામાં મદદરૂપે (ટેકો-રૂપે) સ્વીકારવા માગતો હતો. તે અનુભવનો શ્રી અરવિંદે અહીં જવાબ આપ્યો છે.

મધુર માતાજી, શું કામના ચેપી છે?

હા, મારા બાળક, તે બહુ જ ચેપી છે. તે માંદગી કે રોગ કરતાં પણ વધારે ચેપી છે. જો તમારી પાસેના કોઈ માણસમાં કામના હોય, તો તરત જ તે તમારામાં પ્રવેશે છે; હકીકતમાં મુખ્યત્વે તે રીતે જ તેનો ચેપ લાગે છે. તે એક માણસ પાસેથી બીજા માણસ પ્રત્યે જાય છે. તે એવી તો બળવાન રીતે ચેપી છે કે માણસને ભાન પણ નથી હોતું કે તે ચેપ છે. માણસ પોતામાં ઓચિંતી

કોઈ વસ્તુને પેદા થતી અનુભવે છે; કોઈકે ધીમે રહીને તેને અંદર મૂકી દીધી હોય છે. અલબત્ત, માણસ એમ પણ કહી શકે કે કામનાવાળા લોકોને એક અલગ ઓરડીમાં શા માટે રાખવામાં નથી આવતા? તો પછી આપણે બધા લોકોને, દરેક જણને ક્વોરન્ટાઈનમાં (અલગ રૂમમાં) રાખવા પડે. (માતાજી હસે છે.)

કામના શેમાંથી ઉદ્‌ભવે છે?

બુદ્ધે કહ્યું હતું કે કામના અજ્ઞાનમાંથી ઉદ્‌ભવે છે, તે વાત લગભગ સાચી છે. તે કામના એક એવી વસ્તુ અસ્તિત્વમાં છે કે જે એમ કલ્પના કરે છે કે સંતોષ પ્રાપ્ત કરવા માટે અમુક વસ્તુની જરૂર છે તે અજ્ઞાન છે, તેની સાબીતી આ છે કે જ્યારે માણસ તે કામનાને સંતોષે છે, ત્યાર પછી તે તે વસ્તુની દરકાર કરતો નથી; સોમાંથી ૯૯ ।। વખત આમ બનતું હોય છે. હું માનું છું કે તેના ઉદ્‌ભવ-સ્થાનમાં કામના વૃદ્ધિ માટેની એક અસ્પષ્ટ જરૂરિયાત છે, જેમ જીવનનાં નિમ્નતમ રૂપોમાં પ્રેમ ગળી જવાની, પોતાનામાં સમાવી દેવાની, બીજી વસ્તુ સાથે સંયુકત બની જવાની જરૂરિયાતમાં પરિવર્તિત થઈ જાય છે તેમ આ જીવનનાં નિમ્નતમ રૂપોમાં પ્રેમનું એક તદ્‌ન પ્રાથમિક અવસ્થાનું રૂપ છે, જે બીજાને લઈને પોતામાં સમાવી દે છે. ઠીક, લઈ લેવાની જરૂરિયાત એ કામના છે. એટલે કદાચ જો આપણે અચેતનતાનાં આખરી ઊંડાણોમાં ખૂબ ખૂબ પાછા જઈએ, તો આપણે એમ કહી શકીએ કે કામનાનો ઉદ્‌ભવ પ્રેમમાંથી થાય છે, કામના એ પ્રેમનું સૌથી વધારે અસ્પષ્ટ અને અચેતન રૂપ છે. તે કોઈક વસ્તુ સાથે સંયુકત બનવાની જરૂરિયાત છે, આકર્ષણ છે, પોતામાં સમાવી લેવાની વૃત્તિ છે.

દા. ત. એવી કોઈ વસ્તુ લો કે જે તમને ખૂબ સુંદર, સંવાદમય, આનંદપ્રદ લાગે છે. જો તમારામાં સાચી ચેતના હોય, તો તમે તેને જોવાનો આનંદ માણો છો, કોઈક સુંદર સંવાદમય વસ્તુ સાથે સભાન સંપર્કમાં હોવાનો આનંદ માણો છો; બસ પછી બધું પતી જાય છે. એ ત્યાં અટકી જાય છે. એવી કોઈક વસ્તુ અસ્તિત્વ ધરાવે છે તેનો તમને આનંદ થાય છે. જેમનામાં સૌન્દર્યની ભાવના છે તેવા કલાકારોમાં આ તદ્‌ન સામાન્ય વસ્તુ છે. દા. ત. કલાકાર કોઈ સુંદર પ્રાણીને જુએ, અને તેના સૌન્દર્યને, શોભાને, ગતિની સંવાદિતાને જોવાનો આનંદ માણે; અને પછી બધું પતી જાય છે. એ ત્યાં અટકી જાય છે. તે પરિપૂર્ણ રીતે સુખી અને સંતુષ્ટ બની જાય છે, કારણકે તેણે કોઈક સુંદર વસ્તુનાં દર્શન કર્યાં છે. સામાન્ય, તદ્‌ન સામાન્ય, જડ ચેતના જો કોઈ સુંદર પદાર્થને કે વ્યકિતને જુએ

છે, કે તરત જ તે પોકારી ઉઠે છે કે મારે તે વસ્તુ કે વ્યકિત જોઈએ છે! તે શોચનીય છે; સમજ્યા? પરિણામે તેને સૌન્દર્યનો આનંદ પણ પ્રાપ્ત થતો નથી, કારણકે તેનામાં કામનાની પીડા હોય છે. તે આનંદ તે ગુમાવે છે અને બદલામાં તેને બીજું કશું મળતું નથી, કારણકે કોઈ પણ વસ્તુની કામના કરવામાં કશી પ્રસન્નતા પ્રાપ્ત થતી નથી. તે તો તમને અપ્રસન્ન સ્થિતિમાં મૂકી દે છે; બસ એટલું જ.

બુદ્ધે કહ્યું છે કે કામનાને સંતોષવા કરતાં તેનો પરાભવ કરવામાં વધારે આનંદ છે. દરેક જણ તે અનુભવને પ્રાપ્ત કરી શકે તેમ છે; તે અનુભવ સાચે જ ખૂબ ખૂબ રસપ્રદ છે.

પેરિસમાં આ ઘટના બની હતી. માસેનેટના ઓપેરાની પ્રથમ રાત્રિએ એક માણસને નિમંત્રવામાં આવ્યો હતો. તે કોનું ઓપેરા હતું તે મને અત્યારે યાદ નથી. વિષયવસ્તુ, નાટક સુંદર હતાં, સંગીત પણ નાખુશ કરે તેવું ન હતું. તે પ્રથમ સમય હતો અને આ માણસને લલિત કળાઓના મંત્રીની બોકસમાં નિમંત્રવામાં આવ્યો હતો. સરકારી નાટયગૃહોમાં બધી પ્રથમ રાત્રિઓ પર તે મંત્રી માટે હંમેશાં એક બોકસ રાખવામાં આવે છે. લલિત કળાઓનો આ મંત્રી એક ભલોભોળો, ગામડાનો માણસ હતો. તે પેરિસમાં બહુ રહ્યો ન હતો, તે પ્રધાનમંડળમાં તાજેતરમાં જ લેવાયો હતો. નવી વસ્તુઓ જોવામાં તેને બાળકના જેવો સાચો આનંદ આવતો. છતાં પણ તે એક સારી રીતભાતવાળો, વિનમ્ર માણસ હતો. તેણે એક સ્ત્રીને આમંત્રી હતી; એટલે તેને તેણે આગલી બેઠક આપી અને પોતે પાછળ બેઠો. પણ તે બધું જોઈ શકતો ન હતો, અને તેથી તેને દુ:ખ થતું હતું. એટલે તે આમ આગળ નીચો નમતો અને બહુ દેખાડો કર્યા સિવાય નાટકમાંની અમુક વસ્તુ જોવા માટે પ્રયત્ન કરતો. આગળ બેઠેલી સ્ત્રીએ તે જોયું. તેને પણ નાટકમાં ખૂબ રસ પડયો હતો, નાટક તેને બહુ સુંદર લાગતું હતું, તેને તે ખૂબ ગમતું હતું, તે જોવામાં તે રાચતી હતી. પણ તેણે જોયું કે બિચારો મંત્રી બહુ દુ:ખ અનુભવતો હતો, કારણકે તે નાટકનાં અમુક દૃશ્યો જોઈ શકતો ન હતો. એટલે તેણે આકસ્મિક રીતે પોતાની ખુરશી પાછી ધકકેલી, જાણે કે તે કોઈ વસ્તુના વિચારમાં ગરકાવ બની ગઈ હોય. મંત્રીની ખુરશી હવે આગળ આવી ગઈ; હવે તે સઘળું દૃશ્ય બરાબર જોઈ શકતો હતો. પોતાની ખુરશી પાછી ખેંચી લેનારી તે સ્ત્રીએ નાટક જોવાની સર્વ કામનાનો ત્યાગ કર્યો હતો; તેને આંતર આનંદનો અનુભવ થયો, વસ્તુઓ પ્રત્યેની સર્વ આસકિતમાંથી મુકિત

મળી, એક પ્રકારની શાન્તિ મળી કે મારી જાતને સંતોષવાને બદલે મેં બીજા કોઈ માણસ માટે કાંઈક કરી છૂટવામાં સંતોષ માન્યો છે; પરિણામે ઓપેરા જોવાથી તેને જે આનંદ મળ્યો હોત તેના કરતાં અનંત રીતે વધારે આનંદ તે સાંજે તેને પ્રાપ્ત થયો. આ એક સાચો અનુભવ છે, પુસ્તકમાં વાંચેલી કોઈ વાર્તા નથી. તે સ્ત્રી તે સમયે બૌદ્ધ સાધનાનો અભ્યાસ કરી રહી હતી; બુદ્ધના ઉપદેશ અનુસાર તેણે આ અખતરો અજમાવ્યો હતો.

આ અનુભવ એટલો બધો સઘન અને વાસ્તવિક હતો કે બે ક્ષણો પછી નાટક, સંગીત, એકટરો (નટો), દૃશ્ય, ચિત્રો, અને બધું જ ગૌણ વસ્તુઓની પેઠે ચાલ્યું ગયું, તદ્દન બિન મહત્ત્વનું બની ગયું; પણ પોતે પોતાની જાતમાંની કોઈક વસ્તુ પર પ્રભુત્વ મેળવ્યું હતું, કશુંક નિઃસ્વાર્થ કામ કર્યું હતું તેના આનંદે તેના સમગ્ર અસ્તિત્વને એક અતુલ ગંભીરતાથી, આનંદપ્રદ અનુભવથી સભર ભરી દીધું. આ કોઈ અંગત, એક જ વ્યકિતનો અનુભવ નથી. જે લોકો આને માટે પ્રયત્ન કરવા ઇચ્છે છે, તેઓ તે આનંદ પ્રાપ્ત કરી શકે છે.

જ્યારે માણસ રાજીખુશીથી પોતાની કામનાનો ત્યાગ કરે છે, અને તેથી પોતાની કામના પૂર્ણ કરવાથી તેને જે આનંદ મળ્યો હોત તેનાથી મહત્તર આનંદ પ્રાપ્ત કરે છે, ત્યારે તેને ચૈત્યિક અસ્તિત્વ સાથે એક પ્રકારની આંતર આપ-લે સિદ્ધ હોય છે. વળી જ્યારે માણસ પોતાની કામનાને સંતોષે છે, ત્યારે તેની અંદર એક પ્રકારનો કટુ સ્વાદ તે હંમેશાં મૂકી જાય છે; તેમાં કોઈ અપવાદ નથી.

એવી એક પણ સંતુષ્ટ કામના નથી કે જે એક પ્રકારની કટુતા પાછળ ન મૂકી જતી હોય. દા. ત. જ્યારે માણસે બહુ જ ખાંડવાળી મીઠાઈ ખાધી હોય છે, ત્યારે તે તેના મુખને કટુતાથી ભરી દે છે, એ એના જેવી વાત છે. તમારે સાચા દિલથી પ્રયત્ન કરવો જોઈએ. સ્વાભાવિક રીતે જ, તમારા કામનાનો ત્યાગ કર્યો હોવાનો દંભ ન કરવો જોઈએ અને તેને એક ખૂણામાં રાખી મૂકવી ન જોઈએ, કારણકે તેથી તો માણસ પછી બહુ દુઃખી થઈ જાય છે, તમારે સાચા દિલપૂર્વક કામનાનો ત્યાગ કરવો જોઈએ.

ચૈત્ય સ્વરૂપની જરૂરિયાત કેવી રીતે સિદ્ધ થાય છે?

(મૌન)

મેં તમારા શબ્દો સ્પષ્ટ રીતે સાંભળ્યા. પણ તમારા પ્રશ્નના અર્થને હું સમજી શકી નથી.

માણસ ક્યારે તેના મનમાં ચૈતસિક સ્વરૂપની જરૂરિયાતની લાગણી સિદ્ધ થયેલી અનુભવે છે?

ના, ના, જરા પણ નહિ. તમે પૂછવા માગો છો કે "ચૈત્યિક જરૂરિયાતનું ભાન કેવી રીતે સિદ્ધ થાય છે? બાહ્ય જીવનમાં તે કેવી રીતે અભિવ્યકત થાય છે." તમે "સિદ્ધ કરવું" એ શેને કહો છો? સ્પષ્ટ નથી? તે તમારા વિચારમાં બહુ સ્પષ્ટ નથી? તમે શેને ચૈતસિક જરૂરિયાત કહો છો? પોતાના ચૈત્ય સ્વરૂપને જાણવાની જરૂરિયાતને કે ચૈત્ય સ્વરૂપ પોતાની જાતને અભિવ્યકત કરે તેની જરૂરિયાતને?

ચૈત્ય સ્વરૂપ પોતાની જાતને અભિવ્યકત કરે તેની જરૂરિયાત.

તે પોતાની જાતને સિદ્ધ કરીને પોતાની જાતને અભિવ્યકત કરે છે.

કેવી રીતે?

તમે એમ પૂછવા માગો છો કે ચૈત્યિકને મન દ્વારા પસાર થવાની જરૂર પડે છે કે નહિ? ના, તેવી જરૂર નથી પડતી; તે માટે ભગવાનનો આભાર માનો, કારણકે તે તો બહુ કઠિન ક્રિયા બની જાય. ચૈત્યિક જરૂરિયાત એ ભગવાનની કૃપાની અભિવ્યકિત છે; દિવ્ય કૃપા વડે જ તે અભિવ્યકત થાય છે.

વિશ્વમાં ચૈત્યિક જીવન એ દિવ્ય કૃપાનું કાર્ય છે. ચૈત્યિક વૃદ્ધિ એ દિવ્ય કૃપાનું કાર્ય છે, અને ચૈત્યિક અસ્તિત્વનાં શારીરિક અસ્તિત્વ પરની આખરી સત્તા પણ દિવ્ય કૃપાનું જ પરિણામ હશે. જો મને ઉપયોગી નીવડવું હોય, તો તેણે બને તેટલું શાન્ત રહેવું જોઈએ, કારણકે જો તે તેમાં વચ્ચે માથું મારશે, તો ચોકકસ બધી વસ્તુ બગાડી મૂકશે.

તો પછી શું મનની કશી જરૂર નહિ રહે?

આહ, મને માફ કરો, મેં એમ કહ્યું નથી કે માણસને મનની જરૂર નથી. મન બીજી કોઈ વસ્તુ માટે ઉપયોગી છે. મન નિર્માણનું અને સંગઠનનું કરણ છે; જો મન ચૈત્યિકને પોતાનો ઉપયોગ કરવા દે, તો તે તો બહુ સારું થાય. પણ મન ચૈત્યિકને અભિવ્યકત થવામાં મદદ નથી કરતું. તેમને ભજવવાના ભાગો ઊલટા (વિપરીત) બની જાય છે. જયારે ચૈત્યિકે બાહ્ય ચેતના પર કબજો મેળવી લીધો હોય છે, ત્યારે પાછળથી મન ચૈત્યિકના પ્રગટીકરણ માટે કરણ બની શકે. જો મન પોતાનું સાચું સ્થાન અને સાચી ગતિ સ્વીકારે, તો તે કાર્યમાં મદદ કરી શકે. જો તે ચૈત્યિક પ્રેરણાને પરિપૂર્ણ આજ્ઞાંકિત બની જાય, તો તે જીવનને સંગ-

ઠિત કરવામાં મદદ રૂપ બની શકે, કારણકે આ તેનું કાર્ય છે, તેના અસ્તિત્વનો હેતુ છે. પણ પ્રથમ ચૈત્યિક અસ્તિત્વે ક્ષેત્રનો કબજો મેળવો જોઈએ, ઘરના માલીક બનવું જોઈએ. પછી પાછળથી વસ્તુઓને વ્યવસ્થિત ગોઠવી શકાય.

બાહ્ય અસ્તિત્વ માટે માત્ર એક જ માર્ગ છે. આપણે શારીરિક અસ્તિત્વ લઈએ. બિચારું નાનકડું શારીરિક અસ્તિત્વ, બાહ્ય અસ્તિત્વ, જે કશું પણ જાણતું નથી, તે પોતે એકલું કશું પણ કરી શકે તેમ નથી. ચૈત્યિક અસ્તિત્વના પ્રગટીકરણને થવા દેવા માટે તેને માટે માત્ર એક જ માર્ગ છે; બાળકની ખુલ્લા દિલની ઉષ્ણતા સાથે (માતાજી બહુ મૃદુતાપૂર્વક બોલે છે), પોતાના સર્વ બળપૂર્વક મને અભીપ્સા સેવવી જોઈએ, પ્રાર્થના કરવી જોઈએ, માગણી કરવી જોઈએ, ઈચ્છા કરવી જોઈએ, અને તે પણ તર્ક લડાવ્યા સિવાય, સમજવાનો પ્રયત્ન કર્યા સિવાય. અનુભવમાં તર્ક અને સમજવા માટેનો આ પ્રયત્ન કેટલો બધો મોટો અવરોધ પેદા કરે છે તેની માણસ કલ્પના કરી શકે તેમ નથી. જ્યારે તમે એવી એક અવસ્થાને પહોંચવાની અણીપર હો છો કે જ્યારે કાંઈક મહાન બની રહે, અસ્તિત્વની ચેતનામાં કોઈક આકંપન પરિવર્તિત થાય, તમે અભીપ્સામાં તમે મહાન તનાવ અનુભવો અને તમારી અભીપ્સાને સુસ્થિર કરવામાં સફળ નીવડયો હો, અને તમે પ્રત્યુત્તરની રાહ જોતા ઉભા હો, ત્યારે જો આ દુષ્ટ મન હલન-ચલન કરવાની અને આશ્ચર્ય પામવાની શરૂઆત કરે કે "શું બની રહ્યું છે, શું બનવાનું છે, તે ક્યારે બનશે, કેવી રીતે બનશે, કયા ક્રમમાં વસ્તુઓ પ્રગટ થશે?" તો બધું પતી ગયું સમજો, તમે ઉભા થઈને તમારી રૂમમાંથી બહાર ચાલ્યા જાઓ, તમે બીજું કશું કરવા માટે યોગ્ય નથી.

મધુર માતાજી, મન, પ્રાણિક, અને શારીરિક સિવાય ચૈત્ય સ્વરૂપ પોતાની જાતને અભિવ્યકત કરી શકે ખરું?

તેમના સિવાય તે સતત પોતાની જાતને અભિવ્યકત કરે છે. સામાન્ય માનવ તેને જોઈ શકે તેટલા ખાતર જ, ચૈત્ય સ્વરૂપે તે ત્રણ દ્વારા પોતાની જાતને અભિવ્યકત કરવી પડે છે, કારણકે સામાન્ય માનવી ચૈત્યિક સાથે સીધા સંપર્કમાં નથી. જો તે ચૈત્ય સ્વરૂપ સાથે સીધા સંપર્કમાં હોત, તો તે પ્રગટ થયેલું ચૈત્ય સ્વરૂપ હોત, અને બધું સાચી રીતે ઠીકઠાક બની ગયું હોત. પણ તે ચૈત્ય સ્વરૂપ સાથે સંપર્કમાં ન હોવાને કારણે, પોતે શું છે તે પણ મન જાણતું હોતું નથી, તે કયા પ્રકારનું અસ્તિત્વ હોઈ શકે તે બાબત ગૂંચવાડા ભરેલું આશ્ચર્ય અનુભવે છે. એટલે આ સામાન્ય માનવી ચેતનાને

પહોંચવા માટે ચૈત્ય સ્વરૂપ મન, પ્રાણ, અને શારીરિક ચેતના સામાન્ય સાધનોમાંથી પસાર થવું જોઈએ.

તે ત્રણમાંના એકને તમે ઠેકી જઈ શકો, પણ છેલ્લાને તો ચોકકસ નહિ જ, કારણકે પછી તો માણસ કશાથી સભાન ન રહી શકે. સામાન્ય માનવી માત્ર પોતાના શારીરિક અસ્તિત્વમાં જ સભાન હોય છે; માત્ર વિરળ ક્ષણોમાં જ તે પોતાના મનથી સભાન હોય છે, અને તેથી વધારે વાર પોતાના પ્રાણિકથી સભાન હોય છે, પણ આ બધું તેની ચેતનામાં એટલું બધું સંમિશ્રિત થઈ ગયું હોય છે કે તે એમ ન કહી શકે કે "આ ગતિ મનમાંથી આવે છે, આ પ્રાણિકમાંથી, અને આ ગતિ શારીરિકમાંથી." માણસને અનુભવાતી ભિન્ન ભિન્ન ગતિઓ ઉદ્‌ગમ સ્થાનો વચ્ચેના ભેદને પોતામાં પારખવાની શકિત મેળવવા માટે તેણે પ્રથમ ખૂબ વિકાસ સાધેલો હોવો જોઈએ. તે એટલાં બધાં સંમિશ્રિત થઈ ગયાં હોય છે કે માણસ પ્રયત્ન કરે તો પણ શરૂઆતમાં તેમનું વર્ગીકરણ કરવું અને તેમની વચ્ચેનો ભેદ પારખવો એ બહુ કઠિન હોય છે.

તે માણસ રંગો સાથે કામ કરતો હોય તેના જેવું છે. તે ત્રણ ચાર, કે પાંચ રંગો લે છે અને તેમને એક જ પાણીમાં મૂકે છે અને તેમને બધાને હલાવીને સંમિશ્રિત કરી નાંખે છે; તેથી ભૂખરું, અસ્પષ્ટ, ન સમજી શકાય તેવું મિશ્રાણ બની જાય છે; પછી માણસ કહી શકતો નથી કે કયો રંગ રાતો, ભૂરો, લીલો, અથવા પીળો છે; તે તો ઘણા રંગોનું ગંદુ સંમિશ્રાણ હોય છે. એટલે પ્રથમ તો માણસે આ રાતા, ભૂરા, પીળા, રંગોને જુદા પાડવા જોઈએ, દરેકને આમ પોતાના અલગ ખૂણામાં મૂકવો જોઈએ. આ કામ જરાય સહેલું નથી.

હું એવા લોકોને મળી છું જેઓ પોતાની જાતને બહુ બુદ્ધિશાળી, ઘણું જાણનારા માનતા હતા. જ્યારે મેં તેમને અસ્તિત્વના ભિન્ન ભિન્ન ભાગો વિષે વાત કરી, ત્યારે તેઓ મારી સામે આમ (અભિનય) તાકી તાકીતે જોઈ રહ્યા, અને તેમણે મને પૂછયું કે તમે શેને વિષે વાત કરી રહ્યાં છો! મારા કહેવામાં તેમને કશી ગમ પડી ન હતી. હું તેવા લોકો વિષે કહી રહી છું કે જેમણે બુદ્ધિશાળી હોવાની કીર્તિ પ્રાપ્ત કરી હતી. તેઓ જરા પણ સમજતા નથી. તેઓ તો માત્ર ચેતનાને જ સમજે છે કે "આ મારી ચેતના છે, આ મારા પડોશીની ચેતના છે; કેટલીક વસ્તુઓમાં ચેતના હોતી જ નથી." પછી મેં તેમને પૂછયું કે પશુઓમાં ચેતના હોય છે કે નહિ? તેઓ માથું ખંજવાળવા લાગ્યા અને બોલ્યા કે "જ્યારે

આપણે પશુને જોઈએ છીએ, ત્યારે આપણે તેનામાં ચેતના મૂકી આપતા હોઈએ છીએ." આમ.....

મધુર માતાજી, જ્યારે ચૈત્ય સ્વરૂપ પોતાની જાતનું પરિપૂર્ણ રીતે પ્રાગટય કરવા શક્તિમાન બનશે, ત્યારે તેને મનની કોઈ જરૂર રહેશે ખરી ?

જ્યાં સુધી અસ્તિત્વના બધા ભાગો સમન્વિત સહકાર નહિ આપે ત્યાં સુધી ચૈત્ય અસ્તિત્વ પરિપૂર્ણ રીતે પ્રગટ નહિ થાય. પણ હું એમ નથી માનતી કે ચૈત્ય અસ્તિત્વને અદૃશ્ય બનાવી દેવાના આશય વડે મનનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તે સર્વસામાન્ય રચનાનો એક ભાગ છે.

જો તમારા શરીરને મન ન હોત, તો તે ભારે ખોટમાં આવી પડત, તે શરીર ન રહેત, પણ કદાચ વધારે પ્રમાણમાં છોડ જેવું બની જાત. સવારથી સાંજ સુધીમાં તમે એવું કોઈ પણ કાર્ય કરતા નથી કે જેમાં મન પોતાનું કાર્ય ન કરતું હોય.

પણ જો ચૈત્ય સ્વરૂપ તેને દોરવણી આપી હોત તો ?

જો ચૈત્ય સ્વરૂપ મનને દોરવણી આપે, તો મન ચૈત્યિક રીતે કાર્ય કરે, તો પછી તે મન એક મહાન, નોંધપાત્ર, ખૂબ સંવાદમય, અને સાચી રીતે સારું કાર્ય કરતું મન બની જાય.

પણ પ્રાણમય સ્વરૂપ એને માટે તે જ પ્રકારની વાત છે. અત્યારે પ્રાણિક જે પ્રકારનું છે તેને સર્વ પ્રકારની મુશ્કેલીઓનું કારણ કહેવામાં આવે છે; તેને કામનાઓનું, આવેગોનું, બળવાઓનું વગેરેનું ઘર કહેવામાં આવે છે. પણ જો પ્રાણિકનું સમગ્રપણે ચૈત્યિકને સમર્પણ કરવામાં આવે, તો તે એક આશ્ચર્યકારક, ઉત્સાહી, શક્તિશાળી, સાક્ષાત્કારની શક્તિ રૂપ, આવેગપૂર્ણ, હિંમતપૂર્ણ કરણ બની જાય.

હવે રહે છે ગરીબ બિચારું શારીરિક સ્વરૂપ. ગરીબડું શારીરિક સ્વરૂપ સર્વ દુષ્કૃત્યોનું કારણ છે એવો તેના પર આક્ષેપ કરવામાં આવે છે. પ્રાચીન સમયમાં હંમેશાં એમ કહેવામાં આવતું હતું કે આવા જડ, અસ્પષ્ટ, ઓછામાં ઓછા અભિમુખ, શારીરિક પાસેથી કોઈ સારું કામ લેવું એ અશકય છે, પણ તેનું પણ જો ચૈત્યિકને સમર્પણ કરી દેવામાં આવે, તો તે પણ સાચી વસ્તુ સાચી રીતે કરે; પછી શારીરિકમાં એવી એક સ્થિરતા, શાન્તિ, અને ગતિઓમાં નિશ્ચિતતા આવે કે જે

અસ્તિત્વના બીજા ભાગોમાં નથી હોતાં, એવી કાર્ય કરવામાં એક નિશ્ચિતતા આવે કે જે શરીર વગર માણસ પ્રાપ્ત ન કરી શકે. તમે જોઈ શકો છો કે જ્યારે શરીર માંદુ પડે છે, જરાક અવ્યવસ્થિત બની જાય છે, ત્યારે તમે બળવાન સંકલ્પ, પ્રાણિકની અને મનની ખૂબ ધ્યાન, એકાગ્રતા વડે પણ, કેટલી બધી વસ્તુઓ કરી શકતા હોતા નથી. માણસમાં કરવા યોગ્ય વસ્તુનું ચોકકસ જ્ઞાન હોય, પણ શરીર અસ્વસ્થ બની જાય તો તે કશું જ કરી શકતો હોતો નથી. મારા કહેવાનો આશય એ છે કે જેને આપણે કેવળ સ્થૂલ ક્રિયા ન કરી શકીએ તેવી લખવા જેવી ક્રિયા પણ, તે બરાબર કરી શકતો નથી.

જો તમારું મસ્તિષ્ક જરાક અસ્વસ્થ હોય, તમને જરાક તાવ આવ્યો હોય કે શરદી થઈ હોય, તો પણ તેની પાસે સારી રીતે કામ કરાવવું એ કઠિન બની જાય છે. એક પ્રકારની શિથિલતા આવી જાય છે, કશીક અસ્પષ્ટતા આવી જાય છે, નિશ્ચિતતાપૂર્વક વસ્તુઓને પકડી, સમજી શકાતી નથી, કેટલીક વિચિત્ર ઘટનાઓ દૃશ્યો બને છે, પોતે વિચારોને અભિવ્યકત કરે ત્યારે પહેલાં તો તેઓ સંમિશ્રિત થઈ જાય છે, વસ્તુઓ પરસ્પર સંઘર્ષમાં અને વિરોધમાં આવી જાય છે; આમ એકત્રિત થવાને બદલે (અભિનય), વસ્તુઓ આમ કરવાની શરૂઆત કરે છે (અભિનય); પરિણામે તે અવ્યવસ્થા પેદા કરે છે. માણસ આ વિચારને પકડવા પ્રયત્ન કરે છે, અને તે વિચાર છટકી જાય છે. તે પેલા વિચારને શોધવા મથે છે, એને તે દોડી જાય છે. આ બધું માત્ર એટલા માટે બનતું હોય છે કે તાવને કારણે અથવા મસ્તિષ્કમાં શરદી થઈ હોવાને કારણે વસ્તુઓ વિક્ષિપ્ત બની ગઈ હોય છે, મસ્તિષ્ક બરાબર પોતાનું કાર્ય બજાવી શકતું હોતું નથી. જો તમે તેનાથી ઊર્ધ્વમાં ઉઠો, તો તમે તદ્ન સ્પષ્ટ, પરિપૂર્ણ રીતે સભાન બની જાઓ છો. તમે ખૂબ ખૂબ માંદા હો, પણ તેથી કાંઈ ફરક પડતો નથી. ત્યાં ઊર્ધ્વમાં તમે દરેક વસ્તુને પરિપૂર્ણ રીતે જાણો છો, જુઓ છો, સમજો છો, કશું જ પરિવર્તન બનતું હોતું નથી.

પણ જો તમારે તે બધાને કાગળ પર લખવું હોય, તો કાગળ અને પેન્સિલ લો અને લખવા માંડો, તેને રૂપ આપવા માંડો; તમને માલમ પડશે કે એક નાનકડો વિક્ષેપ આમ ફટ દઈને આવી જાય છે; સામાન્ય સ્થિતિમાં વસ્તુઓ સુગ્રથિત બની જાય છે અને તમે તેમને વ્યવસ્થિત ગોઠવી શકો છો, પણ અત્યારે તે ગમે તેમ અવ્યવસ્થિત રીતે આવતી હોય છે (અભિનય). શા માટે? વિચિત્ર રીતે તે ખૂબ આધુનિક ચિતરામણ જેવું બની જાય છે.

મને હંમેશાં એમ લાગે છે કે આ ચિત્ર દોરનાર કલાકારો ખૂબ તાવ સાથે તે ચિત્રો દોરતા હશે. વસ્તુઓ આ રીતે ઉદ્‌ભવતી હોય છે અને તમે જ્યારે તેમને કોઈક તર્કયુકત ક્રમમાં મૂકવા પ્રયત્ન કરો છો, ત્યારે કેટલીક વસ્તુઓ છટકી જાય છે, પોતાની જાતને સંતાડી દે છે, અથવા તે રીતે ભાગી જાય છે, અથવા આવીને બીજી વસ્તુઓ સાથે અથડાય છે; પરિણામે એક અસંબદ્ધતા સર્જાય છે:

તે સૌથી વધારે આધુનિક પ્રકારના ચિત્રને દોરવા માટે ખૂબ અનુકૂળ સ્થિતિ હોવી જોઈએ, તે ખૂબ તાવ આવ્યાની સ્થિતિ હોવી જોઈએ. ઓહ, મને શંકા છે કે તે કલાકારો કૃત્રિમ ઉપાયો વડે ચિત્ર દોરતા હોય છે. તેઓ કયી ઓષધિ લે છે, અથવા કયા પ્રકારનાં ભાંગ ગાંજો લે છે, અથવા કયા પ્રકારની બીડી પીએ છે, કયા પ્રકારનાં અફીણ સ્વપ્નોમાં તે જીવે છે તે ભગવાન જાણે. જે લોકો અફીણની બીડી પીએ છે તેઓ કહે છે કે અમને અદ્‌ભુત દર્શનાઓ પ્રાપ્ત થાય છે. તે એ પ્રકારનું કાંઈક હોવું જોઈએ. (હસાહસ)

હું તમને આ વિષે કહી રહી છું, કારણ કે કદાચ થોડા જ સમયમાં તમને એક ફોટોગ્રાફરનો સમૂહ બતાવવામાં આવશે. હું ધારું છું ફોટોગ્રાફર તરફથી પ્રાપ્ત થયેલો રંગીન ફોટોગ્રાફોનો કે તે ફોટાગ્રાફર કેલિફોર્નિયામાં છે. લોસઍન્જેલ્સ કેલિફોર્નિઆમાં છે, નહિ વારુ? (**માતાજી પવિત્રને પૂછે છે.**) હજી મને શીખેલી ભૂગોળ યાદ છે!

ઠીક, તે તદ્‌ન આધુનિક ચિત્રકળા છે, તે ફોટોગ્રાફી છે, ચિત્રકળા નહિ. તે રંગીન ફોટોગ્રાફિક કાગળ પર છાપેલી નેગેટિવો છે. રંગ તો પ્રશંસા યોગ્ય છે. હું એવા કોઈ ચિત્રકારને ઓળખતી નથી કે જે આવા આશ્ચર્યકારક રીતે સુંદર, જીવંત, ઉષ્ણ રંગો પેદા કરી શકે. પણ ચિત્રો તદ્‌ન આધુનિક છે, જેને આપણે ખૂબ તર્કયુકત કહીએ તેને તેઓ ખૂબ કદરૂપું, વરવું કહે છે. પણ અમુક દૃષ્ટિ-બિંદુથી જોતાં, તેમની વાત સાચી છે. ફોટોગ્રાફિક કલાકારનું ચિત્ર ખૂબ તર્કયુકત વસ્તુ છે, છતાં પણ તે એટલું બધું તર્કયુક્ત નથી કે તે કદરૂપું બની શકે. હું જાણતી નથી, તે કહેતો નથી કે આ મારો ફોટો (ચિત્ર) છે; પણ તે એક નાનકડું નામ આપે છે કે " ફલાણા ભાઈ એકાગ્ર બની રહ્યા છે." એવું કોઈક નામ તે આપે છે કે " અમુક ભાઈ ધ્યાન કરી રહ્યા છે, ચિંતન કરી કહ્યા છે, અંદર જઈ રહ્યા છે," શીર્ષકો બહુ સુંદર છે, તદ્‌ન આધુનિક છે. આપણે તે ભાઈને, જાણે તેમના પર એક હળવું આવરણ હોય તેમ, ટટ્ટાર બેઠેલા છે, પણ છતાંય તે માણસનું મસ્તક છે. આપણે જોઈએ છીએ કે તે એક મસ્તકનો ફોટોગ્રાફ છે, મસ્તક

વિકૃત બની ગયેલું નથી. મસ્તક સ્પષ્ટ રીતે દેખાય છે, પણ તે માત્ર પશ્ચાદ્-ભૂમાં પાછું ખેંચી લેવામાં આવેલું છે. ફોટોગ્રાફના આગળના ભાગમાં તેજસ્વી રેખાઓની સાથે વાંકીચુંકી આકૃતિઓ છે, વળાંક લેતી અને એક બીજાને છેદતી વસ્તુઓ છે; બીજી રેખાઓ ઉગતી શાખાઓ તથા ઉગતાં પાંદડાંની પેઠે ફૂટી નીકળતી દેખાય છે; તેમના રંગો તેજસ્વી છે. આ બધું ફોટોગ્રાફના આગલા ભાગમાં છે, કારણકે ચિત્રકાર શારીરિકમાંથી પ્રગટયો હતો, પશ્ચાદ્ભૂમાં ચાલ્યો ગયો હતો, અને તેણે પોતામાં ડૂબકી મારી હતી; તેથી આ વાંકીચુંકી રેખાઓ ઉપસી આવી છે. રંગ બહુ સુંદર છે. આશ્ચર્યજનક છે આ છે" શ્રી ફલાણાભાઈ અંદર પ્રવેશે છે. અંતર્ધ્યાન કરે છે," આપણે, તદ્દન આધુનિક નહિ એવા બિચારા લોકો આવી વસ્તુને શ્રેષ્ઠ રીતે સમજી શકીએ છીએ. બીજા ફોટાઓ પણ છે. આપણને આશ્ચર્ય થાય છે કે ચિત્રને શીર્ષક શા માટે આપવામાં આવ્યું છે! તે પ્રશ્ન તમારે ફોટોગ્રાફરને પૂછવો જોઈએ; તે તમને તેની સમજૂતિ આપશે. પણ કલ્પના કરો કે તે સુંદર છે, પણ તેમાં કશો અર્થ નથી; તે ખોટો અનુભવ આપે છે, પણ છે સુંદર. તે એટલું બધું સુંદર છે કે અમારે તેમનું પ્રદર્શન ગોઠવવું પડયું; તે ફોટા-ઓએ મારામાં એવો વિચાર પેદા કર્યો કે મારે આવા ફોટા ચીતરવા જોઈએ. મારે નહિ! હું ફોટોગ્રાફર નથી, મને ફોટોગ્રાફી વિષે કશું જ જ્ઞાન નથી; પણ ફોટો-ગ્રાફરો આવા ફોટા ચીતરે એવી ઈચ્છા મારામાં પ્રગટી, પણ કમનસીબે મારા મસ્તિષ્કની પીઠમાં એવો એક વિચાર પેદા થયો કે તે જરા પણ કેવળ આધુનિક નહિ હોય. મને એવો વિચાર આવ્યો કે જો કોઈને અભિવ્યકત કરનાર, સાચી અભિવ્યકિત કરનાર વસ્તુ માટે આ રંગોનો ઉપયોગ કરતાં આવડે, તો તે સાચે જ અદ્ભુત વસ્તુ બની જાય. તે વસ્તુ સિદ્ધ કરતાં એક વર્ષ લાગે, કદાચ તેથી પણ વધારે સમય લાગે. પણ છતાંય, પોતાની ફોટોગ્રાફી સાથે આ મહાશય દોષપાત્ર છે.

એમ લાગે છે કે આ ચિત્રકાર આખા જગતમાં વિખ્યાત છે. પણ મને આ બધામાં કંઈ જ સમજ પડતી નથી. આવું કોઈક સર્જન કરવા માટે માણસે ખૂબ પરિશ્રમ કરવો પડતો હોય છે. અલબત્ત, આ નેગેટિવો પર કરાયેલી રચનાઓ છે, આ રચનાઓની નેગેટિવ છે, અને છતાં પણ આ ખૂબ જટિલ, ગૂંચવાડાભરેલું છે. તે તમને સમજાવવા માટે હું પ્રયત્ન નથી કરતી; મને તેમાં કશું જ સમજાતું નથી; પણ મને કહેવામાં આવ્યું છે કે તે ફોટાઓ માટે ખૂબ પરિશ્રમ કરવો પડયો હતો, તે ઘણું કઠિન કામ હતું, ખૂબ જટિલ ટેકનિક (ખાસ પદ્ધતિ) પર તે માટે પ્રભુત્વ પ્રાપ્ત કરવું પડયું હતું, તેમાં એવી અસર પેદા કરવામાં આવી ૪.

છે કે જે પહેલાં કદી પેદા થઈ ન હતી. તે આટલા બધા મોટા, રંગીન ફોટોગ્રાફો છે; રંગીન ફોટા આટલા બધા મોટા ન હોવા જોઈએ. તે ફોટાઓમાં રાતો રંગ છે, બહુ જ સુંદર રાતો રંગ, જેને પ્રકૃતિએ પુષ્પોમાં અથવા સૂર્યાસ્તોમાં સર્જ્યો છે; પણ આ ફોટાઓનો રાતો રંગ તેના કરતાં પણ વધારે સુંદર છે. પણ ચિત્રકારે કેવી રીતે તે કર્યો હતો તે હું જાણતી નથી. તે ફોટાઓમાં ભૂખરો, લીલો, પીળો, બધી જાતના રંગો છે, કેટલાક વધારે સુંદર છે, અને કેટલાક ઓછા સુંદર; તેમાં ઓછાવત્તા પ્રમાણમાં સુખપ્રદ સંમિશ્રણો છે. કેટલાક ફોટોગ્રાફો સૂક્ષ્મદર્શક કાચની મદદ વડે લેવામાં આવ્યા છે. જ્યારે અતિશય સૂક્ષ્મ નાનકડી વસ્તુઓને મોટી બનાવવામાં આવે છે, ત્યારે તે અદ્‌ભુત બની જાય છે. આપણે ખૂબ સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ કે તેમની ઉપર રચના કરવામાં આવી છે; પણ રંગોની અસર તો અપવાદ રૂપ, અસાધારણ છે. સમજ્યા?

આ ફોટાઓ તમને તે લોકો કયારે બતાવશે તે હું જાણતી નથી. જો તેમને પાછા નહિ મોકલી દીધા હોય, તો એક બે દિવસમાં તમને તે દેખાડવામાં આવશે. હું તે બાબત જાણતી નથી, મારે તે માહિતી મેળવી લેવી જોઈએ. તે ફોટા તમને બતાવવા જોઈએ એમ મેં તેમને કહ્યું હતું તેટલું હું જાણું છું. મને આ ફોટો વધારે સારો લાગે છે. સદ્‌ભાગ્યે અહીં કોઈ ચિત્રકાર નથી. (હસાહસ) આ ફોટો આધુનિક ચિત્ર કરતાં વધારે સારો છે, આ સાચી ફોટોગ્રાફી છે. કારણકે આધુનિક ચિત્રકળા હજી સુધી આવી પારદર્શકતાથી અને તેજસ્વિતાથી રંગોનો ઉપયોગ કરી શકી નથી. આની સરખામણીમાં જલરંગો તદ્‌ન શુષ્ક અને નીરસ લાગે છે. તેલ રંગ કાદવ જેવો છે. રંગીન કાચ કદાચ થોડો ઘણો સારો લાગે. પણ તમે જુઓ, આ તો રમતો સૂર્ય છે, જેની પીઠમાં મહાન પ્રભુ રહેલો છે. પણ તે તો વધારે કઠિન છે.

મને એકવાર એવો વિચાર આવેલો કે પારદર્શક રંગીન કાચના ટૂકડાઓ એકઠા કરીને તેમની દ્વારા મને પ્રાપ્ત થતાં સૂક્ષ્મ દર્શનોની રચનાઓ પ્રગટ કરવી. જો એમ થઈ શકયું હોત તો તમને એ બધું બતાવવામાં મને ઘણો આનંદ થાત. મેં મારાં ચિત્રો દ્વારા મારા સૂક્ષ્મ દર્શનો પ્રગટ કરવા અનેકવાર પ્રયત્ન કર્યા છે પણ એ બધી રચનાઓ બેહૂદી લાગે છે. એવી રચનાઓ બેહૂદી લાગે છે; કારણકે સૂક્ષ્મ વસ્તુઓને સ્થૂલરૂપે પ્રગટ કરવાનાં સાધનો જ અયોગ્ય છે. એટલે મેં રંગીન કાચના ટુકડાઓનો ઉપયોગ કરવાનો વિચાર કરી જોયો. પરંતુ એમાં પણ આપણે

એ બધા કાચના ટુકડાઓને સીસાના, નાના નાના તાર વડે જોડવા પડે છે. અને એ રીતની રચના તો ભયંકર લાગે છે. સૂક્ષ્મ દર્શનને અભિવ્યકત કરતા રંગીન કાચના ટુકડાઓની વચ્ચે તરવરતા નાના નાના સીસાના તારોની જાળ, એ તો ખરેખર ભયંકર લાગે છે.

પરંતુ આ વસ્તુ ઘણી સારી છે. આપણે કંઈક કરી શકીશું.

બસ ત્યારે.

આવજો, મારા બાળકો.

* * *

૧૬ ફેબ્રુઆરી, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગના પાયા" ના
ચોથા પ્રકરણ "કામના, આહાર અને જાતીય વાસના"
પર આધારિત છે.

મધુર માતાજી, અહીં કહેવામાં આવ્યું છે કે માણસને ભૌતિક વસ્તુઓ પ્રત્યે કોઈ આસક્તિ ન હોવી જોઈએ. જ્યારે તમે અમને કોઈક વસ્તુ આપો છો અને અમે ગુમાવી બેસીએ છીએ, ત્યારે અમે દિલગીર બની જઈએ છીએ, તેને આસક્તિ કહી શકાય?

મારી આપેલી વસ્તુ તે ન ગુમાવી દેવી એ વધારે સારું છે (હસાહસ). તે વસ્તુ પ્રત્યે આસક્તિ ન રાખવી જોઈએ. પણ મેં તે વસ્તુમાં શક્તિ મૂકી આપી છે તેના પ્રત્યે તમારે ખુલ્લા બનવું જોઈએ; તે ખૂબ વધારે મહત્ત્વનું છે. અલબત્ત, અકસ્માત્ તો હંમેશાં બની શકે છે, પણ એ વાત ચોકકસ છે કે જો માણસ વસ્તુને તેનું આંતર પ્રતીકમય અથવા આધ્યાત્મિક મૂલ્ય આપે, તો તે વસ્તુ ગુમાવવાની તક બહુ ઓછી બની જાય છે; તે એક પ્રકારનો સંબંધ સર્જે છે, જેને કારણે તેને ગુમાવી દેવાની તક બહુ ઓછી બની જાય છે. તે તમારી બહુ જ નિકટ રહે છે.

મને એમ લાગે છે કે જ્યારે કોઈ માણસ મારી આપેલી વસ્તુ ગુમાવી દે છે, ત્યારે તે તેનો બાહ્ય રૂપ સાથે સંપર્કમાં હતો કોચલા સાથે અને મેં જે તે

વસ્તુમાં મૂકી આપ્યું હતું તેના સંપર્કમાં ન હતો; નહિ તો તેણે વસ્તુ ગુમાવી દીધી ન હોત; મને એમ લાગે છે કે તેનામાં ગહનતર દૃષ્ટિનો અભાવ હતો. કદાચ તે માણસ તે વસ્તુના બાહ્ય રૂપ સાથે બહુ આસકત હતો, પણ પીઠમાં જે હતું તેની પ્રત્યે વધારે ખુલ્લો ન હતો.

માતાજી, અહીં એમ કહેવામાં આવ્યું છે કે કસરતબાજ માટે અમુક ખાસ ખોરાકો જરૂરી છે, જેથી તેને જરૂરી વિટામિન્સ (પોષક-તત્ત્વો) મળી રહે, અને આ બધું.....

તે આધુનિક વિજ્ઞાન છે. હા, ઠીક. જો તમે ૫૦ વર્ષ રાહ જુઓ, તો તેમણે બીજું કાંઈક શોધી કાઢયું હશે, તે બદલાઈ જશે, અને વિટામિન્સ ભુલાઈ જશે. પણ તમે અત્યારે શું પૂછવા માગતા હતા?

તમે તેનો જવાબ આપી દીધો છે. (હસાહસ)

અમારે વસ્તુઓને કેવી રીતે વાપરવી જોઈએ?

આહ, પ્રથમ તો વસ્તુઓને તેમના સાચા ઉપયોગની સમજપૂર્વક વાપરવી જોઈએ, તેમના સાચા ઉપયોગના જ્ઞાનપૂર્વક વાપરવી જોઈએ, ખૂબ દરકારપૂર્વક વાપરવી જોઈએ, જરા પણ ગૂંચવાડા વગર વાપરવી જોઈએ, જેથી તેમનો બગાડ ન થાય.

હું તમને દાખલો આપું છું. તમારી પાસે કાતર છે. કાતરો અનેક પ્રકારની હોય છે, કાગળ કાપવા માટેની, દોરા કાપવા માટેની વગેરે. જો તમારી પાસે કાતર હોય, તો જે ઉપયોગ માટે તેને બનાવવામાં આવી છે તેને માટે વાપરો. પણ હું એવા લોકોને જાણું છું કે જેઓ જરા પણ વિવેક રાખ્યા વગર, ગમે તે વસ્તુને કાપવા માટે, રેશમી દોરા કાપવા માટે પોતાની પાસે હોય તે કાતરને વાપરે છે; તેના વડે તેઓ તારને કાપવા માટે ધાતુનાં ઢાકણાં (ટિન્સ) ઉઘાડવા માટે પ્રયત્ન કરે છે. તેમને કોઈ સાધનની જરૂર પડે કે તરત જ તેઓ તે કાતરનો ઉપયોગ કરે છે. એટલે થોડી જ વાર પછી તેઓ મારી પાસે આવીને મને કહે છે કે મારી કાતર બગડી ગઈ છે, મારે બીજી કાતરની જરૂર છે. જ્યારે હું તેમને કહું છું કે ના, તમને બીજી કાતર નહિ મળે, કારણ કે તમે આ કાતરને ખરાબ રીતે વાપરીને બગાડી નાંખી છે, ત્યારે તેમને આશ્ચર્ય થાય છે. આ તો મેં એક દાખલો આપ્યો. હું આવા બીજા અનેક દાખલા આપી શકું તેમ છું.

લોકો કોઈક વસ્તુનો ઉપયોગ કરે છે, જે વસ્તુ ગંદી બની જાય છે અને તેથી બગડી જાય છે, કારણકે તેઓ તેને સાફ કરવાનું ભુલી જાય છે. અથવા તેને સાફ કરવામાં વખત લાગે છે. તે કારણે તેઓ તેને સાફ કરવાની ઉપેક્ષા કરે છે.

પોતાની પાસેની વસ્તુ માટે માણસને માન હોવું જોઈએ, જેથી તેઓ વિચાર-પૂર્વક તેનો ઉપયોગ કરે, અને યથાશકય તે લાંબો સમય ચાલે તે રીતે તેને સાચવી રાખવા પ્રયત્ન કરે; પોતે તે વસ્તુમાં આસકિત ધરાવે છે અથવા તેની કામના રાખે છે તે કારણે નહિ, પણ વસ્તુ માનને યોગ્ય છે, કેટલીક વાર તેને બતાવવામાં ખૂબ પરિશ્રામ કરવો પડયો હોય છે તે કારણે. વસ્તુને બનાવવામાં જે પરિશ્રામ કરવો પડયો હોય છે તેને ધ્યાનમાં રાખીને આપણે તે વસ્તુને માન આપવું જોઈએ.

એવા લોકો પણ હોય છે જેમની પાસે ખૂબ અનિવાર્ય વસ્તુઓ પણ નથી હોતી, અને જેમને પોતાના અંગત ઉપયોગ માટે કોઈ પણ પ્રકારે તે વસ્તુઓને બનાવવાની ફરજ પડે છે. મેં આ પ્રકારના લોકોને જોયા છે, જેમણે ખૂબ પ્રયત્ન-પૂર્વક અને કુશળતાપૂર્વક વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી અનિવાર્ય, અમુક વસ્તુઓને બનાવી લીધી હતી. તેમને તે વસ્તુઓ બનાવવામાં જે પરિશ્રામ કરવો પડયો હતો તેથી તેઓ સભાન હતા, અને પરિણામે તેઓ ખૂબ નોંધપાત્ર રીતે તે વસ્તુઓ સાથે વર્તતા હતા, તેમની પાસેથી કામ લેતા હતા. તેઓ ખૂબ દરકારપૂર્વક અને માનપૂર્વક તે વસ્તુઓનો ઉપયોગ કરતા, કારણકે તેમને તે વસ્તુઓ બનાવવામાં પોતાને કેટલો પરિશ્રામ કરવો પડયો હતો તેનો ખ્યાલ હતો. પણ ખૂબ શ્રીમંત લોકો પોતાને જરૂરી વસ્તુ માટે દુકાનનું બારણું ખોલે છે, પૈસા ગણી આપે છે, અને તે વસ્તુને ખરીદે છે; તેવા લોકો તે વસ્તુ સાથે દરકારપૂર્વક વર્તતા હોતા નથી. તેઓ પોતાની જાતને નુકસાન પહોંચાડે છે, અને ખરાબ દાખલો બેસાડે છે.

હું ઘણી વાર કહું છું કે "ના. તમારી પાસે જે વસ્તુ છે તે વાપરો. તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો પ્રયત્ન કરો. વસ્તુઓને નકામી ફેંકી ન દો. નકામી તેમને માટે માગણી ન કરો. તમારી પાસે જે વસ્તુ છે તેની ખૂબ દરકાર રાખો, વ્યવ-સ્થિત રાખો, તેને યોગ્ય રીતે વાપરો, તેના ઉપયોગમાં ગરબડ ગોટાળો ન કરો."

તમે જાણો છો કે અહીં આપણી પાસે ચીઠ્ઠીઓ લખવા માટેનું પેડ * છે. દર મહિને માણસો પોતાને જરૂરી વસ્તુઓ તેના પર લખે છે. પછી અમારે તે

---

* આશ્રમવાસીઓ માતાજી જેને 'સમૃદ્ધિ' કહે છે ત્યાંથી પોતાનાં કપડાં, ટોઈલેટની વસ્તુઓ, અને બીજી જરૂરી વસ્તુઓ લે છે. તેઓ પોતાની સમૃદ્ધિ ચોપડીના પાના પર પોતાની જરૂરિયાતો લખે છે, અને દરેક માસની પહેલી તારીખ પહેલાં જ્યારે તે વસ્તુઓ તેમને વહેંચી આપવામાં આવે છે તેના થોડાક દિવસો અગાઉ તે સૂચિ આપે છે.

વસ્તુઓ પર કાપ મૂકવાની ફરજ પડી, કારણકે નહિ તો ખૂબ વસ્તુઓ વહેંચવી પડત. પણ ઘણી વાર આ કાપ મૂકવાનો અર્થ સરતો નહિ.

આશરે ૨૫ વર્ષ પહેલાં હું એક સાધકની રૂમમાં તેની મુલાકાત લેવા ગઈ હતી. તે બહુ જૂની કથા છે. મને હજી પણ તે યાદ છે. તે રૂમની ભીંતમાંથી એક પાંચ અભરાઈઓવાળો રેક લટકતો હતો. તે બધી અભરાઈઓ, એક ઉપર બીજી, વસ્તુઓથી ભરચક ભરેલી હતી; તેમાં સાબુના ટૂકડા ભરેલા હતા. એટલે મેં તેને પૂછયું, "તમે આ બધા સાબુઓનું શું કરો છો? તમે તે અભરાઈઓ પર શા માટે રાખ્યા છે? તમે તેમનો ઉપયોગ કેમ નથી કરતા?" તેણે મને કહ્યું, "દર મહીને એક સાબુ લેવાનો અમને અધિકાર છે, એટલે પ્રતિમાસ હું તેની માગણી કરું છું. ઘણી વાર માસ દરમિયાન તે પૂરો વપરાતો નથી. એટલે તે ટૂકડા હું સંઘરી રાખું છું."

તેણે સાબુ લેવાનું ચાલુ જ રાખ્યું?

હા. તેણે સાબુઓનો સંગ્રહ કર્યો, કારણ કે દર મહિને સાબુ માગવાનો તેને અધિકાર હતો. નવો સાબુ લેવા માટે તે પહેલાંના ટૂકડાને એક બાજૂ મૂકી દેતો હતો. આ એક સત્ય ઘટના છે. મેં તેને ઉપજાવી કાઢેલી નથી.

અહીં ઘણા લોકો તે પ્રકારના છે. હું તમને તેમનાં નામ નહિ કહું, પણ હું તેમને સારી પેઠે ઓળખું છું. એ પ્રકારના ઘણા લોકો છે. તેમને અમુક વસ્તુ માગવાનો અધિકાર છે; જરૂર ન હોય છતાં પણ તેઓ તે વસ્તુની માગણી કરે છે, કારણકે તેમને તેમ કરવાનો હક છે. આ એક વલણ છે, જેને માટે હું કોઈ વિશેષણ નહિ વાપરું.

કંજૂસ માણસ પોતાની છાતી પર સુવર્ણના ટૂકડા એકઠા કરીને રાખે છે, પણ, તે કદી તેમનો ઉપયોગ કરતો નથી. સોનું કહોવાઈ જતું નથી; બાકી નૈતિક દૃષ્ટિએ જોતાં તે કહોવાઈ જાય છે, કારણકે જે વસ્તુ એકના હાથમાંથી બીજાના હાથમાં જતી નથી, તે ખૂબ માંદી પડે છે, બગડી જાય છે. હવે, કોઈ નિગમનો તો નથી તારવવાનાં તે?

મધુર માતાજી, આપણા જીવન માટે કયી વસ્તુઓ સાચી રીતે અનિવાર્ય છે?

મને લાગે છે કે તે વસ્તુઓ દરેક જણ માટે એક સરખી નથી હોતી. તેનો આધાર દેશ ઉપર, અને ટેવો પર છે. જો હું સાચું કહું તો, જો માણસ

ઝીણવટથી તેમનું પૃથક્કરણ કરે, તો જણાય કે અનિવાર્ય વસ્તુઓ ઘણી નથી હોતી. તમે જો જગતમાં મુસાફરી કરો, તો તમને જણાશે કે દરેક દેશના લોકોની ઊંઘવાની, ખાવાની, વસ્ત્રભૂષાની, ટોઈલેટ કરવાની ટેવો ભિન્ન ભિન્ન હોય છે. તદ્ન સ્વાભાવિક રીતે તેઓ કહેશે કે આ વસ્તુઓ અમારે માટે અનિવાર્ય છે. પણ બીજા દેશના લોકો માટે તે વસ્તુઓ તદ્ન બિનઉપયોગી હોય છે, કારણકે તેઓ બીજી વસ્તુઓ વાપરતા હોય છે, જે તેમને માટે અનિવાર્ય હોય છે, તમે ત્રીજા દેશમાં જાઓ, અને ત્યાંના લોકો માટે ત્રીજા પ્રકારની જ વસ્તુઓ અનિવાર્ય હોય છે. એટલે આખરે જગતની મુસાફરી કરેલો તે માણસ પૂછે છે કે સાચી રીતે ઉપયોગી વસ્તુ કયી છે? હું દાંત સાફ કરવાના બ્રશને અનિવાર્ય માનું છું, મારો પડોશી મારા તરફ જોઈને કહેશે કે "તે દાંત સાફ કરવાનું બ્રશ એ કયી ચીજ છે? હું તો દાંત સાફ કરવા માટે મારી આંગળીનો ઉપયોગ કરું છું, અને તે બરાબર કામ આપે છે." બધું આમ જ હોય છે, નહિ વારું?

ખોરાક, તમને એમ લાગે છે કે શરીરને જરૂર બળ પ્રાપ્ત થાય તે માટે વસ્તુઓનો અમુક જથ્થો જરૂરી છે, અને તે ફલાણી ફલાણી વસ્તુઓ છે, કારણકે તમે તેમનાથી ટેવાઈ ગયા છો; પણ બીજા દેશમાં તેમનાથી તદ્ન ભિન્ન વસ્તુઓ હોય છે.

એટલે માણસ અમુક નિયમ ન બનાવી શકે. જો માણસે બહુ જ કડક (ચૂસ્ત) થવું હોય, તો મને લાગે છે કે તદ્ન અંગત વસ્તુ છે, તે દરેક માણસના શરીર પર આધાર રાખે છે; કારણકે જયારે તમારી ચેતના વિશાળ બને છે, ત્યારે તમને ભાન થાય છે કે જે વસ્તુઓ અનિવાર્ય લાગે છે તે બિલકુલ તેવી હોતી નથી, તમે તેમના સિવાય સારી રીતે ચલાવી શકો છો, સારી રીતે કામ કરી શકો છો, તમને અનિવાર્ય લાગતી વસ્તુઓ સિવાય તમારામાં ખૂબ શકિત હોય છે. હું ભૌતિક વસ્તુઓની વાત કરું છું, સમજ્યા ને? હા, થોડાક ખોરાકથી તમે ચલાવી શકો છો. માણસ તેને માટે કોઈ સામાન્ય નિયમ ન ઘડી શકે; તેનો આધાર વાયુમંડળ પર છે.

પ્રકૃતિ ખૂબ પૂર્વદૃષ્ટિવાળી છે; તે દરેક વાયુમંડળમાં તેને માટે યોગ્ય વસ્તુ પેદા કરે છે. અલબત્ત, કોઈએ માણસને કેન્દ્રમાં ન મૂકવો જોઈએ અને એમ ન કહેવું જોઈએ કે પ્રકૃતિએ માણસના ભલા માટે આ વસ્તુ બનાવી છે. હું એમ નથી માનતી, કારણકે માણસ પૃથ્વી પર દેખાયો ત્યાર પહેલાં, ઘણા સમય પહેલાં પ્રકૃતિએ આ બધું શોધી કાઢયું હતું. પણ એ એક પ્રકારની સંવાદિતા છે, જે

અમુક દેશના વાયુમંડળની પરિસ્થિતિઓ અને તેની પેદાશ વચ્ચે વિકસે છે, જેમ આપણે જાણીએ છીએ કે પશુઓના કદ વચ્ચે અને તેઓ જેમાં જીવે છે તે દેશના વિસ્તાર વચ્ચે સંવાદિતા છે તેમ. દા. ત. ભારતના હાથીઓનું કદ આફ્રિકાના હાથીઓના કદ કરતાં બહુ નાનું હોય છે. એમ કહેવામાં આવ્યું છે કે તેનું કારણ એ છે કે આફ્રિકામાં વિસ્તારો વિશાળ છે, અને તેથી ત્યાંનાં પશુઓનું કદ મોટું છે.

તે સૃષ્ટિમાં સ્થપાયેલી એક પ્રકારની સંવાદિતા છે. દેશો જેમ જેમ નાના થતા જાય છે, જેમ જેમ આ પ્રાણીઓ જે વિસ્તારોમાં જીવે છે તે નાના થતા જાય છે, તેમ તેમ પશુ નાનું થતું જાય છે, અને છેવટે જ્યારે મુકત અવકાશ અને તે પશુના કદ વચ્ચે કોઈ યોગ્ય સંબંધ રહેતો નથી, ત્યારે તે પશુ તદ્ન અદૃશ્ય થઈ જાય છે. જો તમે મોટી સંખ્યામાં મકાનો બાંધો, તો પછી તે જગ્યામાં વરૂઓ નહિ રહે; સ્વાભાવિક રીતે જ, પ્રથમ સિંહો અને વાઘો અદૃશ્ય થઈ જાય છે. પણ હું માનું છું કે આ બાબતમાં માણસોએ કાંઈક કર્યું છે. ભલે માણસોને બહુ વિનાશકારી બનાવી દીધા છે. પણ માણસોની સંખ્યા જેમ જેમ વધતી જાય છે અને મુકત અવકાશો ઓછા બનતા જાય છે, તેમ તેમ પશુ જાતિઓ વધારે નાનકડી બનતી જાય છે. તો પછી આપણે કેવી રીતે નિયમો બનાવી શકીએ ?

જેમ જેમ આપણને વધુ પૈસા મળે છે, તેમ તેમ આપણને તેમની વધારે જરૂરિયાત લાગે છે.....

હે મારા બાળક, માણસ પાસે જેમ જેમ વધારે પૈસા આવે છે, તેમ તેમ તે વધારે વિપત્તિની સ્થિતિમાં મૂકાય છે. હા, તે એક વિપત્તિ જ છે.

પૈસા હોવા એ એક મહાન સંકટ છે, તે તમને મૂર્ખ બનાવે છે, કંજૂસ બનાવે છે, દુષ્ટ બનાવે છે. પૈસા એ જગતમાં મોટામાં મોટી વિપત્તિઓમાંની એક છે. પૈસા એવી વસ્તુ છે કે જે માણસ પાસે, જ્યાં સુધી તે નિષ્કામ ન બને ત્યાં સુધી, ન હોવી જોઈએ, જ્યારે માણસમાં કોઈ કામનાઓ, આસકિતઓ રહેતી નથી, જ્યારે તેની ચેતના પૃથ્વી જેટલી વિશાલ બને છે, ત્યારે પૃથ્વી પર જેટલું ધન છે તેટલું ધન ભલે તેની પાસે હોય; તેથી દરેક માણસને લાભ થશે. પણ જો માણસ તેવો ન બન્યો હોય, તો તેની સર્વ ધન સંપત્તિ તેને માટે શાપરૂપ છે. આ વસ્તુ હું દરેક ગમે તે માણસને તેના મુખ સામે કહી શકું તેમ છું, તેવા માણસને પણ કે જે એમ માને છે કે શ્રીમંત હોવું એ એક ગુણ છે, સદ્ભાગ્ય

છે. સંપત્તિ એક વિપત્તિ છે, અને અપકીર્તિ (કલંક) પણ છે; તે ભગવાનની નારાજીની અભિવ્યકિત છે.

ગરીબ માણસના કરતાં શ્રીમંત માણસને સારા, ડાહ્યા, બુદ્ધિશાળી, અને ઉદાર બનવું તે વધારે કઠિન છે, મેં ઘણા દેશોમાં ઘણા લોકોને તે જાણ્યા છે; મને માલમ મડ્યું છે કે એ બધા દેશોમાં સૌથી વધારે ગરીબ લોકો જ સૌથી વધારે ઉદાર હતા. માણસનું ખિસ્સું જયારે પૈસાથી ભરાઈ જાય છે, ત્યારે તેને એક પ્રકારની માંદગી જકડી લે છે, જે માંદગી છે પૈસા પ્રત્યેની આસકિત. હું તમને ખાતરી આપું છું કે પૈસો એ એક શાપરૂપ છે.

એટલે પૈસાદાર માણસે પ્રથમ જે કરવાનું છે તે દાન છે, પણ કહેવામાં આવ્યું છે તેમ, દાન વિવેક વગર ન કરાવું જોઈએ; ધર્મદામાં લોકો પૈસા આપે છે તે રીતે તમે દાન ન કરતા, કારણકે તેવા લોકોના મનમાં એવું ભુસું ભરાઈ જાય છે કે અમે સારા, ઉદાર, અને મહત્ત્વના છીએ. તમારે સાત્ત્વિક કાર્ય કરવું જોઈએ, પૈસાનો શકય એટલો શ્રેષ્ઠ ઉપયોગ કરવો જોઈએ. એટલે દરેક માણસે પોતાની ઉચ્ચતમ ચેતનામાં શોધી કાઢવું જોઈએ કે મારી પાસે જે પૈસા છે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કેવો હોઈ શકે. સાચે જ, જો પૈસા એકના હાથમાંથી બીજાના હાથમાં ન જાય, તો તેની કશી કિંમત નથી. દરેક માણસ માટે, જયારે તે પોતાના પૈસા ખર્ચે છે ત્યારે જ તે મૂલ્યવાન બને છે. જો તે માણસ પોતાના પૈસા ન ખર્ચે... હું તમને કહું છું કે માણસો કાળજીપૂર્વક તેવી વસ્તુઓ પસંદ કરે છે કે જે કહેવાઈ ન જાય, બગડી ન જાય, દા. ત. સોનું, જો માણસ પોતાના પૈસા ન ખર્ચે તો નૈતિક દૃષ્ટિબિંદુથી જોતાં તે કહેવાઈ જાય છે. હવે સોનાને બદલે રૂપીઆની નોટો (કાગળ) આવી છે. જો તમે દરકાર લીધા સિવાય નોટોને લાંબા સમય સુધી સંધરી રાખો, તો તમારી તીજોરીનું ખાનું ઉઘાડતાં તમે જોઈ શકશો કે તમારી રૂપીઆની નોટોને ઊધઈઓ ખાઈ ગઈ છે; પછી બેન્ક તે નોટોને સ્વીકારશે નહિ.

એવા ઘણા દેશોમાં અને ધર્મોમાં એમ કહેવામાં આવ્યું છે કે ભગવાન જેને ચાહે છે તે માણસને તે ગરીબ બનાવે છે. તે સાચું છે કે નહિ તે હું જાણતી નથી. પણ એક વાત સાચી છે કે માણસ શ્રીમંત જન્મ્યો હોય અથવા તો તે શ્રીમંત બન્યો હોય, તે ગમે તેમ હોય પણ જયારે તેની પાસે વધારે ભૌતિક સંપત્તિ હોય છે, ત્યારે એટલી વાત નિશ્ચિત છે કે ભગવાને પોતાની દિવ્ય કૃપા માટે તેને પસંદ કર્યો નથી; જો તેણે ભગવાન પ્રત્યે સાચા માર્ગ પર ચાલવું હોય, તો તેણે સન્માન્ય રીતે પોતાની જાતને સુધારવી પડશે.

ધન, સંપત્તિ એ પ્રકૃતિની એક શકિત છે; મેં તે વાત તમને એક વાર કરી છે; તે શકિત પ્રસરણનું સાધન બનવી જોઈએ, તે શકિત ગતિમાન રહેવી જોઈએ, જેમ વહેતું જલ ગતિમાન એક શકિત છે તેમ. પૈસો એક એવી વસ્તુ છે કે જેનો ઉપયોગ સર્જન કરવામાં, સંગઠન કરવામાં કરી શકાય. તે એક સગવડભરેલું સાધન છે, કારણકે હકીકતમાં તે વસ્તુઓને પરિપૂર્ણ અને મુકત રીતે પ્રસારિત કરવાનું એક સાધનમાત્ર છે.

આ શકિત તેવા લોકોના હાથમાં હોવી જોઈએ કે જેઓ તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનું જાણે છે, અર્થાત્ મેં પ્રારંભમાં કહ્યું હતું તેમ, તે લોકોએ પોતાની સર્વ અંગત કામનાઓનો અને આસકિતઓનો ત્યાગ કર્યો હોવો જોઈએ. તેમાં આ બેની સાથે એક એવી દૃષ્ટિ ઉમેરાવી જોઈએ કે જે પૃથ્વીની જરૂરિયાતોને સમજી શકે તેટલી વિશાલ હોય; તેમનામાં એવું પરિપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ કે જે તે બધી જરૂરિયાતોને કેવી રીતે સંગઠિત કરવી તે જાણે અને આ ઉપાયો વડે આ શકિતનો ઉપયોગ કરવાનું જાણે.

જો આ વસ્તુઓ ઉપરાંત, આ લોકોમાં એક ઉચ્ચતર આધ્યાત્મિક જ્ઞાન હોય, તો તેઓ આ શકિતનો ઉપયોગ પૃથ્વી પર ધીમે ધીમે એવી કોઈ વસ્તુની રચના કરી શકે કે જે ભગવાનની દિવ્ય શકિતને, સત્તાને, કૃપાને પ્રગટ કરવા શકિતમાન બને. પછી મેં જેને હમણાં શાપરૂપ કહી હતી તે પૈસાની શકિત બધાના કલ્યાણ માટે આશીર્વાદ રૂપ બની જાય.

કારણ કે હું ધારું છું કે શ્રેષ્ઠ વસ્તુઓ જ સૌથી વધારે ખરાબ બની જતી હોય છે. કદાચ ખરાબમાં ખરાબ વસ્તુ પણ શ્રેષ્ઠ બની શકે. કેટલાક લોકો એમ પણ કહે છે કે દુષ્ટમાં દુષ્ટ માણસો જ સારામાં સારા બનતા હોય છે. હું આશા રાખું છું કે સારામાં સારા માણસો વધારેમાં વધારે ખરાબ નહિ બને, કારણકે તે તો સાચે જ શોચનીય બની જાય.

છતાં પણ એટલું ચોક્કસ છે કે જો સૌથી મહાન શકિતનો ખરાબ ઉપયોગ કરવામાં આવે, તો તે એક ખૂબ મહાન વિપત્તિ બની જઈ શકે છે. પણ જો તે જ મહાન શકિતનો સારો ઉપયોગ કરવામાં આવે, તો તે એક આશીર્વાદ બની શકે છે, બધાનો આધાર વસ્તુઓનો જે ઉપયોગ થાય છે તેના પર છે. જગતમાં દરેક વસ્તુનું પોતાનું સ્થાન છે, તેનું કાર્ય છે, તેનો સાચો ઉપયોગ છે; જો તેનો ઉપયોગ બીજી કોઈ વસ્તુ માટે કરવામાં આવે, તો તે અવ્યવસ્થા ગરબડ ગોટાળો,

અંધાધુંધી પેદા કરે છે, તેનું કારણ એ છે કે જગત અત્યારે જેવું છે તેમાં બહુ થોડી વસ્તુઓનો ઉપયોગ તેમના સાચા કાર્ય માટે કરવામાં આવે છે, ઘણી થોડી વસ્તુઓ તેમના સાચા સ્થાનમાં હોય છે; પરિણામે જગત આ બધી વિપત્તિથી અને દુ:ખોથી ભયંકર અંધાધુંધીમાં આવી પડયું છે. જો દરેક વસ્તુ તેના પોતાના સ્થાનમાં, સંવાદમય સમતુલામાં હોત, તો સમગ્ર જગત દુ:ખમય સ્થિતિમાં હોવાની જરૂરિયાત સિવાય પ્રગતિ કરી શકયું હોત.

એટલે કોઈ વસ્તુ પોતે જાતે ખરાબ નથી; પણ લગભગ બધી જ વસ્તુઓ પોતાના સ્થાનમાં નથી.

કદાચ શરીરમાં પણ તેમ જ છે. કોઈ પણ વસ્તુ પોતે જાતે ખરાબ નથી, પણ ઘણી વસ્તુઓ પોતાના યોગ્ય સ્થાનમાં નથી; તેથી માણસ માંદો પડે છે, એક આંતર અસંવાદિતા સર્જાય છે, પરિણામે માણસ માંદો પડે છે. માણસો હંમેશાં એમ વિચારે છે કે અમે માંદા પડયા તેમાં અમારો કોઈ દોષ નથી; પણ તે હંમેશાં તેમનો જ દોષ હોય છે. જયારે તેમને એ વાત કહેવામાં આવે છે, ત્યારે તેઓ ખૂબ ગુસ્સે થઈ જાય છે અને કહે છે કે તમારામાં દયા નથી. પણ છતાં તે સાચું છે.

બસ? હવે આપણે અટકીએ, નહિ? ડોઝ પૂરો થઈ ગયો.

* * *

૨૩ ફેબ્રુઆરી, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
ચોથા પ્રકરણ "કામના, આહાર અને જાતીય વાસના"
પર આધારિત છે.

મધુર માતાજી, શરૂઆતથી જ માણસ ખાતો આવ્યો છે, કારણકે જીવવા માટે તેને ખોરાકની જરૂર હતી. તો પછી ખોરાક માટે સ્વાદ શા માટે વિકસ્યો? માણસને જે ગમે છે તે ખોરાક તે ખાય છે, અને જે ખોરાક તેને નથી ગમતો તે તે નથી ખાતો!

હું ધારું છું કે પ્રાથમિક અવસ્થાનો માનવ ખૂબ પ્રમાણમાં પશુ જેવો હતો; તે બુદ્ધિ કરતાં વધારે સાહજિક વૃત્તિથી જીવતો હતો. જ્યારે તેને ભૂખ લાગતી, ત્યારે તે કોઈ પણ પ્રકારના નિયમ વગર ખોરાક ખાતો હતો. કદાચ તેનામાં તેના પોતાના સ્વાદો અને પસંદગીઓ પણ હતાં; તેમને વિષે આપણે બહુ જાણતા નથી; પણ તે ખૂબ વધારે ભૌતિક રીતે જીવતો હતો, અત્યારના કરતાં ખૂબ ઓછી માનસિક અને પ્રાણિક રીતે.

પ્રાથમિક અવસ્થાનો મનુષ્ય ચોકકસ ખૂબ ભૌતિક, પશુની ખૂબ વધારે નજીક હતો. જેમ જેમ સૈકાઓ વીતતા ગયા અને તે વધારે પ્રાણિક અને માનસિક

બનતો ગયો, તેમ તેમ સ્વાભાવિક રીતે જ સંસ્કારિતા શકય બની, બુદ્ધિ વૃદ્ધિ પામી, પણ સાથે સાથે વિકૃતિ અને ઊલટાપણું પણ શકય બન્યાં. સર્વ પ્રકારની સંસ્કારિતાને, વિકાસોને, જ્ઞાનને, મૂલ્યાંકનને, સ્વાદને, રસને વગેરેને લઈ આવવા શકિતમાન બનવાની હદ સુધી ઈન્દ્રિયોને કેળવવી, જે એક સાચો વિકાસ છે તેની વચ્ચે અને ચેતનાની તથા આસકિતની અથવા લોભીપણાની પ્રગતિ વચ્ચે ભેદ છે.

દા. ત. માણસ સ્વાદનું અધ્યયન કરી શકે અને વસ્તુઓના ભિન્ન ભિન્ન સ્વાદોનું, વિચારો અને સ્વાદ (રસ) વચ્ચેના સંબંધનું ખૂબ વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત કરી શકે, જેથી તે પ્રાણિકનો નહિ, પણ ઈન્દ્રિયોનો પૂર્ણ વિકાસ સાધી શકે. આની વચ્ચે તથા જે લોકો અકરાંતિયા વૃત્તિથી ખાય છે અને સઘળો સમય ખોરાકનો જ વિચાર કર્યા કરે છે તેમની વચ્ચે મોટો ભેદ છે. તેવા લોકો માટે ખાવું તે જ સૌથી વધારે મહત્ત્વની વસ્તુ છે, તેમના બધા વિચારો તેના પર જ એકાગ્ર બનેલા હોય છે, અને પોતે ખાવું જોઈએ તેટલા માટે ખાતા હોતા નથી, પણ તેઓ કામનાપૂર્વક, લોભપૂર્વક, અકરાંતિયા બનીને ખાતા હોય છે.

હકીકતમાં જે લોકો પોતાના સ્વાદને સંસ્કારી બનાવવા માટે, વિકસાવવા માટે પ્રયત્ન કરે છે, તેઓ ભાગ્યે જ ખોરાક પ્રત્યે વધારે આસકત હોય છે. ખોરાક પ્રત્યેની આસકિત વડે તેઓ તેમ કરતા નથી. તેઓ પોતાની ઈન્દ્રિયોને કેળવવા માટે તેમ કરતા હોય છે, જે એક તદ્ન ભિન્ન વસ્તુ છે. તે તો કલાકારો જેવા હોય છે, જેઓ ભૌતિક પ્રકૃતિમાં રહેલાં રૂપોનું, રંગોનું, રેખાઓનું વસ્તુઓની રચનાનું, સંવાદિતાનું મૂલ્યાંકન કરવા માટે પોતાની આંખોને તાલીમ આપે છે; તેઓ કામના દ્વારા તેમ કરતા નથી; તેઓ તો રસ, સંસ્કારિતા, દર્શનની ઈન્દ્રિયના વિકાસ, અને સૌન્દર્યના મૂલ્યાંકન દ્વારા તેમ કરતા હોય છે, જે સાચા કલાકારો છે, પોતાની કલાને ચાહે છે, સૌન્દર્યની ભાવનામાં જીવે છે, સૌન્દર્યની ખોજ કરે છે, તેમને ઘણી કામનાઓ હોતી નથી. તેઓ માત્ર પ્રાણિકની વૃદ્ધિની જ ભાવનામાં નહિ, પણ સૌન્દર્યના મૂલ્યાંકનની ભાવનામાં જીવે છે. તેમની અને જે લોકો પોતાના આવેગો અને કામનાઓ વડે જીવે છે તેમની વચ્ચે મહાન ભેદ છે. સાચા કલાકારોની વસ્તુ તદ્ન ભિન્ન છે.

મોટે ભાગે સર્વ કેળવણી, સર્વ સંસ્કૃતિ, ઈન્દ્રિયોની તથા અસ્તિત્વની સર્વ સંસ્કારિતા એ સાહજિક વૃત્તિઓને, કામનાઓને, અને આવેગોને સુધારવાના શ્રેષ્ઠ માર્ગોમાંનો એક માર્ગ છે. એ વસ્તુઓને દૂર કરવાથી પેલી ત્રણ વસ્તુઓમાં સુધારો થતો નથી; તેમને સુધારવાનો સૌથી વધારે નિશ્ચિત ઉપાય તો છે આગલી

ત્રણ વસ્તુઓને કેળવવી, તેમનું બુદ્ધિકરણ કરવું, તેમને સંસ્કારી બનાવવીને પ્રગતિ અને વૃદ્ધિ માટે સૌથી વધારે શકય વિકાસ આપવો, દર્શનની સંવાદિતાની અને નિશ્ચિતતાની અમુક ભાવના પ્રાપ્ત કરવી એ અસ્તિત્વની સંસ્કૃતિનો અને કેળવણીનો એક ભાગ છે. તે તો એવા લોકો જેવું છે કે જેઓ પોતાની બુદ્ધિને ખીલવે છે, જેઓ શીખે છે, વાંચે છે, વિચારે છે, તુલના કરે છે, અધ્યયન કરે છે. આ લોકોનાં મન વિશાલ બને છે; જે લોકો માનસિક કેળવણી વગર ક્ષુદ્ર વિચારો સાથે, જે કેટલીક વાર તો તેમની ચેતનામાં પરસ્પરવિરોધી હોય છે, અને તે વિચારોનું પૂર્ણ નિયમન કરે છે, કારણકે તે વિચારો સિવાય બીજા વિચારો તેમનામાં હોતા જ નથી અને જેઓ એમ માને છે કે આ અસાધારણ વિચારો છે કે જેમના વડે તેમણે પોતાના જીવનને દોરવણી આપવી જોઈએ; આવા લોકોનાં મન કરતાં પેલા લોકોનાં મન ખૂબ વધારે વિશાળ અને સમજુ હોય છે. પેલા લોકો તદ્‌ન સંકુચિત મનવાળા હોય છે, જયારે તાલીમ અને અધ્યયન કરેલા લોકોનાં મન વિશાળ હોય છે; તેઓ જોઈ શકે છે, વિચારોની તુલના કરી શકે છે, જાણે છે કે જગતમાં સર્વ શકય વિચારો છે અને મર્યાદિત સંખ્યાના વિચારોમાં આસકિત કરવી અને માત્ર તેમને જ સાચા માનવા એ એક ક્ષુદ્રતા છે, અસંભાવના છે.

ચેતનાને ઉચ્ચતર વિકાસ માટે તૈયાર કરવાનો એક શ્રેષ્ઠ ઉપાય છે કેળવણી. કેટલાક લોકોનો સ્વભાવ ખૂબ અસંસ્કારી અને ભોળો હોય છે, તેઓમાં મહાન અભીપ્સા હોઈ શકે અને તેઓ અમુક આધ્યાત્મિક વિકાસ સાધી શકે, પણ તેમના પાયાની ગુણવત્તા હંમેશાં નિમ્ન પ્રકારની હશે; તેઓ જયારે પોતાની સામાન્ય ચેતના પ્રત્યે પાછા વળશે કે તરત જ તેમને તેમાં અવરોધો દેખાશે, કારણકે તે તત્ત્વ બહુ પાતળું હોય છે, તેમની પ્રાણિક અને ભૌતિક ચેતનામાં પૂરતા પ્રમાણમાં એવાં તત્ત્વો નથી કે જે તેમને ઉચ્ચતર શકિતના અવતરણને સહન કરવા માટે શકિતમાન બનાવે.

લોભીપણા અને ખોરાક માટેના આવેગ દ્વારા ખાવું એ ભિન્ન ભિન્ન પ્રકારના સ્વાદોનું અધ્યયન કરવાથી, તે સ્વાદોની તુલના કેવી રીતે કરવી, તેમને કેવી રીતે સંયુકત કરવા અને તેમનું મૂલ્યાંકન કરવું તેનાથી ભિન્ન છે,

હવે કોઈ વધારે પ્રશ્નો પૂછવા છે? નહિ?

મધુર માતાજી, સ્વાદો શેમાંથી આવે છે?

તે જીભ નામની ઈન્દ્રિયમાંથી આવે છે; હું જાણતી નથી. જેમ સ્પર્શની ઈન્દ્રિય છે, તેમ સ્વાદની ઈન્દ્રિય છે, આપણને આંગળીઓનાં ટેરવાથી કાંઈક

અનુભવાય છે; તે કેવી રીતે બને છે? તે ટેરવામાં જ્ઞાનતંતુઓ અને ચેતના હોય છે. સ્વાદ એ જીભમાં અને તાળવામાં રહેલાં જ્ઞાનતંતુઓ અને ચેતના છે.

પણ ભિન્ન વસ્તુઓ માટે બીજા સ્વાદો હોય છે.

ઓહ, તે એક જ શબ્દ છે. શબ્દને પ્રથમ અક્ષરાર્થમાં વાપરવામાં આવે છે, અને પછી રૂપકના અર્થમાં. "તેને અમુક વસ્તુ માટે સ્વાદ (રસ) છે" તેમાં સ્વાદ શબ્દનો રૂપકમય અર્થ છે, તે જીભના સ્વાદ જેવો સ્વાદ નથી. જ્યારે કોઈ માણસ માટે કહીએ છીએ કે તેનામાં સારો સ્વાદ (રસ) છે, ત્યારે તેનો અર્થ એવો છે કે તેને સ્પષ્ટ અને ડહાપણ ભરેલી રીતે મૂલ્યાંકન કરતાં આવડે છે; પણ તેનો એવો અર્થ નથી કે તે પોતાની જીભ વડે તે ચાખે છે.

ઉપવાસ કેવી રીતે ગ્રહણશીલતાની સ્થિતિ પેદા કરે છે?

તેનું કારણ એ છે કે મોટે ભાગે પ્રાણિક અસ્તિત્વ શરીર પર ખૂબ એકાગ્ર હોય છે. જ્યારે શરીરને સારી રીતે ભોજન ખવડાવવામાં આવે છે, ત્યારે તેને ખોરાકમાંથી શકિત પ્રાપ્ત થાય છે; તેમ કરવાનો તે લગભગ એક જ સ્પષ્ટ માર્ગ છે; માત્ર એક જ નહિ, પણ જીવનની વર્તમાન પરિસ્થિતિઓમાં તે સૌથી વધારે મહત્ત્વનો માર્ગ છે. પણ તે શકિત પ્રાપ્ત કરવાનો એક ખૂબ તામસિક માર્ગ છે.

જો તમે તેને વિષે વિચાર કરો, તો તે એક પ્રાણિક શકિત છે, જે છોડોમાં અથવા પશુઓમાં છે; તાર્કિક રીતે, માણસમાં જે પ્રાણિક શકિત હોવી જોઈએ તેના કરતાં તે નિમ્ન ગુણવત્તાવાળી શકિત છે, કારણ કે મનુષ્ય જાતિઓના ક્રમમાં થોડોક ઉચ્ચતર છે. એટલે જો તમે નીચેથી શકિતને ખેંચો, તો તમે સાથે સાથે નીચેની અચેતનતાને પણ ખેંચો છો. ખૂબ પ્રમાણમાં અચેતનતાનું આત્મસાત્કરણ કર્યા સિવાય ખાવું તે અશકય છે. તે તમને ભારેખમ, જડ બનાવે છે, જો તમે વધારે પ્રમાણમાં ખાઓ, તો તમારી ચેતનાનો મોટો ભાગ તે ખાધેલી વસ્તુને પચાવવામાં અને આત્મસાત્ કરવામાં ગુંથાઈ જાય છે. એટલે જો તમે ઉપવાસ કરો, તો તમારે કાંઈ પચાવવાનું અને પરિવર્તિત કરવાનું હોતું નથી, અને પરિણામે તમારામાં અચેતનતા (જડતા) આવતી નથી, શકિતઓ મુકત રહે છે. ખર્ચેલી શકિતઓને તાજી કરવાની સાહજિક વૃત્તિ માણસમાં રહેલી છે; જો તમે તે શકિતઓ નીચેથી, ખોરાકમાંથી ન મેળવો, તો સાહજિક વૃત્તિથી જ તમે તેમને મુકત, વૈશ્વિક, પ્રાણિક શકિતઓ સાથેની એકતા દ્વારા તે શકિતઓને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો છો; જો માણસને તે વિરાટ શકિતઓને પચાવતાં આવડે, તો તે સીધી રીતે તેમ કરી શકે છે, અને પછી તેમાં કોઈ મર્યાદા રહેતી નથી.

તે એવું કાંઈક, તમારા જઠર જેવું નથી હોતું. જઠર તો ખોરાકના અમુક જથ્થાને જ માત્ર પચાવી શકે છે; એટલે તમે તે જથ્થા કરતાં વધુ ખોરાક ન લઈ શકો. વળી તમે જે ખોરાક લો છો તે પ્રાણિક શકિતના ખૂબ નાનકડા જથ્થાને જ મુકત કરે છે. તો પછી ખોરાક ગળી જવાની, પચાવવાની વગેરે ક્રિયાઓ પછી તમારી પાસે કેટલી પ્રાણિક શકિત બચે? ઝાઝી તો નહિ જ. પણ જો માણસ એક પ્રકારની સાહજિક વૃત્તિ વડે વિશ્વમાં મુકત પણે વિચરતી વૈશ્વિક અમર્યાદિત શકિતઓને પોતાની પ્રત્યે બને તેટલી વધારે ખેંચવાનું શીખી લે, અને નીચેથી ખોરાક વડે પ્રાપ્ત થતી શકિતનો તેમાં ટેકો ન લે, તો તમે બહારથી તમે ખેંચી શકો તેટલી શકિતઓને ખેંચીને તમારી શકિતઓને તાજી અને સમૃદ્ધ કરી શકો છો, કેટલીક વાર તો તમે તે કરતાં વધુ શકિતઓને પણ તમારામાં ખેંચી શકો છો. આ ક્રિયા તમને એક પ્રકારના ઉશ્કેરાટની સ્થિતિમાં મૂકી દે છે. જો તમારું શરીર ખૂબ બળવાન હોય અને ખોરાક વગર લાંબા સમય સુધી ચલાવી શકે તેવું હોય, તો તમે સમતુલા જાળવીને આ શકિતઓનો ઉપયોગ સર્વ પ્રકારની વસ્તુઓ માટે કરી શકો છો; દા. ત. પ્રગતિ માટે, વધારે સભાન બનાવા માટે, અને તમારા સ્વભાવનું રૂપાંતર કરવા માટે. પણ જો તમારા શરીરમાં ઝાઝું બળ સંચિત કરાયેલું ન હોય, અને ઉપવાસ કરવાથી તે ખૂબ નિર્બળ બની ગયેલું હોય, તો તમે જે શકિતઓ બહારથી અંદર ખેંચો છો તેમની અને તેમને ઝીલવા માટેની તમારા શરીરની શકિત વચ્ચે અસમતુલા સર્જાય છે, અને તેથી વિક્ષોભો પેદા થાય છે, તમે સમતુલા ગુમાવી બેસો છો અને શકિતઓની સમગ્ર સમતુલાને તમે ગુમાવી બેસો છો, અને પરિણામે ગમે તે વસ્તુ તમારા પર આવી પડે. ગમે તેમ પણ, તમે તમારી જાત પર કાબૂ ગુમાવી દો છો, મોટે ભાગે ખૂબ ઉશ્કેરાઈ જાઓ છો, અને તમે તે ઉશ્કેરાટને એક ઉચ્ચતર સ્થિતિ માની લો છો. પણ ઘણીવાર તો તે માત્ર આંતર અસમતુલા હોય છે, વધારે કશું જ નહિ. તે ગ્રહણશીલતાને ખૂબ તીક્ષ્ણ બનાવે છે. દા. ત. જયારે માણસ ઉપવાસ કરે છે અને નીચેથી શકિતઓ લેતો નથી, ત્યારે જો તે કોઈ પુષ્પની સુગંધ શ્વાસમાં અંદર લે, તો તે સુગંધ તેને પોષણ આપે છે, તમને ખૂબ શકિત આપે છે; પણ તે જોઈ શકતા નથી.

ઉપવાસથી અમુક કાર્યશકિતઓમાં વૃદ્ધિ થાય છે, ઉત્કટતા આવે છે, અને માણસ તેને એક આધ્યાત્મિક અસર માની લે છે. પણ તેને આધ્યાત્મિક જીવન સાથે કોઈ લેવા દેવા નથી. કેટલાક લોકો ખૂબ ખાય છે, ખોરાક વિષે બહુ વિચાર કરે છે, તેમાં ખૂબ ગરકાવ બની જાય છે; પણ ખૂબ ખાધા પછી તેમને ખોરાક પચાવવાનો હોય છે, તેથી તેમની બધી શકિતઓને પાચન પર એકાગ્ર બનવું પડે

છે ; તેવા લોકોનાં મન શુષ્ક, જડ બની જાય છે, જે તેમને ખૂબ પ્રમાણમાં પદાર્થ તત્ત્વ પ્રત્યે નીચે ખેંચી જાય છે. જો તેઓ ખાવાનું બંધ કરે અને ખોરાક વિષે વિચાર કરવાનું બંધ કરે, કારણકે જો માણસ ઉપવાસ કરે અને બધો સમય "પોતે ભૂખ્યો છે, મારે ખાવું જોઈએ" એવો જ વિચાર કર્યા કરે, તો તો તે ખાવા કરતાં દશગણું વધારે ખરાબ છે. સાચી રીતે ઉપવાસ કરે, કારણકે તેઓ બીજી કોઈ વસ્તુનો વિચાર કરતા હોય છે અને બીજા કોઈ કાર્યમાં પરોવાયેલા હોય છે, અને તેમને ખોરાકમાં કોઈ રસ નથી હોતો, તો તેઓ ચેતનાની જરાક ઉચ્ચતર ભૂમિકામાં આરોહણ કરે છે અને ભૌતિક જરૂરિયાતોની ગુલામીમાંથી મુકત બને છે. પણ જેમ દરેક વસ્તુમાં છે તેમ, જે લોકો ઉપવાસમાં માને છે તેમને માટે તે ફાયદાકારક છે. જ્યારે તમને એવી શ્રદ્ધા હોય કે ઉપવાસ મારી પાસે પ્રગતિ કરાવશે, મને વિશુદ્ધ બનાવશે, ત્યારે તમને તે લાભ કરે છે. જો તમે ઉપવાસમાં માનતા ન હો, તો ઉપવાસથી તમને કશો લાભ પ્રાપ્ત થયો નથી, સિવાયકે તમે દૂબળા પાતળા બનો છો.

હું ધારું છું કે તમે મેટરલિંકનનાં પુસ્તકો વિષે જાણો છો ; તમે નીલ પંખી અને તેનાં બીજાં પુસ્તકો વાંચ્યાં હશે. તે ખૂબ જાડો હતો. તેનામાં સૌન્દર્યની ભાવના હતી. એટલે જાડાપણું તેને ખૂબ અકળાવી મૂકતું હતું ; એટલે તેણે અઠવાડિયામાં એક દિવસ ઉપવાસ કરવાનો નિર્ણય કર્યો હતો. તે બુદ્ધિશાળી માણસ હતો, એટલે ખોરાકની તે માથાકૂટ કરતો ન હતો. ઉપવાસને દિવસે તે લખતો, ખૂબ કામ કરતો. પરિણામે તે તર્કયુકત સ્વસ્થ રહેતો, તેની આકૃતિ સુંદર બની ગઈ, તે દૃષ્ટિએ જોતાં, ઉપવાસ તેને માટે ખૂબ ઉપયોગી નીવડયો હતો.

જો માણસ ખાતો નથી, તો પાતળો બની જાય છે એ એક ખૂબ નિશ્ચિત પરિણામ આવે છે. એટલે જો માણસ ખૂબ જાડો હોય અને તેણે પાતળા બનવું હોય, તો ઉપવાસ એ એક સારો ઉપાય છે. પણ તેમાં શરત એટલી કે તે દિવસે તેણે ખોરાકનો વિચાર ન કરવો જોઈએ, કારણકે પછી તે ઉપવાસ છોડી દે છે, ખોરાક માટે દોટ મૂકે છે, અને એટલું બધું ખાય છે કે ગુમાવેલી ચરબી તે પાછી પ્રાપ્ત કરે છે. હકીકતમાં, શ્રેષ્ઠ વસ્તુ એ છે કે તેણે ખોરાક વિષે વિચાર ન કરવો જોઈએ, પોતાનું જીવનનું એવી રીતે નિયમન કરવું જોઈએ કે ખાવાનો વિચાર જ ન આવે. તમે નિશ્ચિત સમયે ખાઓ છો, તર્કયુકત રીતે ખાઓ છો, ખાતી વખતે તમારે ખોરાકનો વિચાર કરવાની જરૂર હોતી નથી ; તમારે શાન્તિપૂર્વક એકાગ્રતા-પૂર્વક ખાવું જોઈએ ; જ્યારે તમે ઉપવાસ કરો, ત્યારે તમારે ખોરાકનો કદી વિચાર

ન કરવો જોઈએ. તમારે વધારે પડતું ન ખાવું જોઈએ, કારણકે પછી તો તમારે તમારા પાચનનો વિચાર કરવો પડશે, તે વિચાર તમને અપ્રસન્ન બનાવશે, તેથી તમારો ખૂબ સમય બગડશે. તમારે જરૂર જેટલું જ ખાવું જોઈએ ; તમારી સર્વ કામનાને, આકર્ષણનો, પ્રાણિકની બધી ગતિઓનો અંત લાવવો જોઈએ, કારણકે જ્યારે શરીરને ખોરાકની જરૂર છે તેટલા માટે જ તમે ખાઓ છો, ત્યારે "પોતાને માટે આટલો ખોરાક બસ છે" એમ તમને શરીર જ તદ્દન ચોકકસપણે કહેશે ; જ્યારે માણસ પ્રાણિક કામના અથવા માનસિક વિચારો વડે સંચાલિત બનતો નથી, ત્યારે તે "હવે મારે માટે આટલો ખોરાક બસ થઈ ગયો" એ શરીરના કથનને ચોકકસપણે સાંભળી શકશે. એટલે તે માણસ ખાવાનું બંધ કરે છે. જ્યારે પ્રાણિકમાં કામના હોય છે, મનમાં વિચારો હોય છે, ત્યારે તમને ગમતી વસ્તુ તમે ત્રણ ગણી ખાઓ છો. હકીકતમાં અમુક પ્રમાણમાં આ વસ્તુ તમને સાજા કરે, કારણકે જો તમારી પાચન શકિત બળવાન ન હોય, તો તમને અપચો થાય, અને જે વસ્તુએ તમને અપચો કર્યો હતો તે વસ્તુ પ્રત્યે તમને અણગમો થાય. પણ આ જોખમકારક ઉપાયો છે. તેવા ઉપાયોનો આશ્રય લીધા સિવાય, માણસ પ્રગતિ કરી શકે છે. ખોરાક વિષે વિચાર ન કરવો એ શ્રેષ્ઠ ઉપાય છે.

અલબત્ત એવા લોકો છે જેમને પોતાને માટે તથા બીજાઓ માટે ભોજન બનાવવું પડે છે ; તેમને ભોજન વિષે વિચાર કરવાની ફરજ પડે છે ; પણ બહુ જ થોડો વિચાર કરવાની. વધારે રસ પ્રદ વસ્તુઓનો વિચાર કરતાં કરતાં, માણસ રસોઈ બનાવી શકે છે. પણ જેમ તેનો વિચાર ઓછો કરાય, તેમ વધારે સારું. જ્યારે માણસ માનસિક અથવા પ્રાણિક રીતે ખોરાકની પરવા કરતો નથી, ત્યારે શરીર બહુ સારું સૂચક બને છે. જ્યારે તેને ભૂખ લાગશે, ત્યારે શરીર જ તમને કહેશે. જ્યારે તેને કશુંક અંદર લેવાની જરૂર લાગશે, ત્યારે શરીર જ તમને કહેશે. જ્યારે તે ધરાઈ જશે, ત્યારે શરીર જ તમને કહેશે. જ્યારે તેને ખોરાકની જરૂર નથી હોતી, ત્યારે તે ખોરાકનો વિચાર જ નથી કરતું, કોઈક બીજી જ વસ્તુનો વિચાર કરે છે. મસ્તિષ્ક જ બધી મુશ્કેલીઓ પેદા કરે છે, તે બધી મુશ્કેલીઓ પેદા કરે છે કારણ કે મસ્તિષ્કનો કેવી રીતે ઉપયોગ કરવો તે માણસ જાણતો નથી. જો માણસને તેનો ઉપયોગ કરતાં આવડે, તો મસ્તિષ્ક સંવાદિતા પણ સર્જી શકે છે. પણ એ એક વિચિત્ર વસ્તુ છે કે માણસો હંમેશાં પોતાની કલ્પનાનો કોઈ ખરાબ વસ્તુ માટે જ ઉપયોગ કરતા હોય છે ; તેઓ બહુ ભાગ્યે જ સારી વસ્તુ માટે પોતાની કલ્પનાનો ઉપયોગ કરતા હોય છે. પોતાને સમતુલામાં અને સંવાદિતામાં રાખવામાં મદદ કરે તેવી સુખમય વસ્તુઓનો વિચાર કરવાને બદલે, તેઓ

હંમેશાં સર્વ શકય સંકટોનો જ વિચાર કરે છે; પરિણામે તેઓ પોતાના અસિત-ત્વની સમતુલાનો સ્વાભાવિક રીતે જ ભંગ કરે છે; અને જો તેઓ ભયભીત હોવાની કમનસીબી ધરાવતા હોય, તો પોતે જેમનાથી ભય પામે છે તે સંકટોને તેઓ આકર્ષે છે.

બસ? હવે પ્રશ્નો નથી ને?

હે મારાં બાળકો, તમને શુભ રાત્રિ ઈચ્છું છું.

* * *

૨ માર્ચ, ૧૯૫૫.

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
ચોથા પ્રકરણ "કામના આહાર જતીય વાસના"
પર આધારિત છે.

મધુર માતાજી, એવી કયી સાચી ભાવના અને સાચી ચેતના છે, જેમાં માણસે ભોજન કરવું જોઈએ?

તે સમર્પણની ભાવના છે.....

અને તમે બીજું શું કહ્યું હતું?

સાચી ચેતના

હા, તે એક જ વસ્તુ છે. તે ચેતના કેવળ ભગવાન પ્રત્યે વળેલી હોવી જોઈએ, તેણે માત્ર દિવ્ય સાક્ષાત્કાર જ માગવો જોઈએ, બીજું કશું જ નહિ. સાચી ભાવના એ ભગવાનને સમર્પણની ભાવના હોવી જોઈએ, જે કેવળ રૂપાંતર માત્ર છે, બીજું કશું જ નહિ, અર્થાત્ જે અભીપ્સાની પરિપૂર્તિમાં પોતાનો સંતોષ ખોજવા પ્રયત્ન નથી કરતી.

અભીપ્સા સ્વયંભૂ અને સાચા દિલની હોય, પણ તે ઉદ્‌ભવે કે તરત જ મન અને પ્રાણિક દ્વારા પાછળના લુંટારુઓની પેઠે, તેનું નિરીક્ષણ કરતાં હોય છે,

અને જો કોઈ બળ તેમને પ્રત્યુત્તર આપે છે, તો તેઓ પોતાના સંતોષ માટે તેના ઉપર ધસી જાય છે. એટલે તે બાબતમાં માણસે ખૂબ ખૂબ સાવધાન રહેવું જોઈએ, કારણકે અભીપ્સા સાચા દિલની હોય, આહ્વાન તદ્દન સ્વયંભૂ, સાચા દિલનું, અને વિશુદ્ધ હોય, પણ પ્રત્યુત્તર મળે કે તરત જ પેલા બે લુંટારુઓ ત્યાં હાજર હોય છે, અને પોતાના સંતોષ માટે જે આવે તેનો કબજો મેળવવા માટે પ્રયત્ન કરતા હોય છે. જે આવે છે તે તો બહુ સારું હોય છે, પણ તેઓ તેને તરત જ વિકૃત બનાવી મૂકે છે, તેને તેઓ અંગત હેતુઓ માટે વાપરે છે, પોતાની કામનાઓના અને મહત્ત્વાકાંક્ષાઓના સંતોષ માટે તેનો ઉપયોગ કરે છે, અને બધું બગાડી મૂકે છે. તેને તેઓ બગાડી મૂકે છે એટલું જ નહિ, પણ તેઓ અનુભવને અટકાવી દે છે. એટલે જો માણસ બહુ સાવધાન ન રહે, તો તે ત્યાં ચીટકી જાય છે, આગળ ગતિ કરી શકતો નથી. જો તમારી પર થોડીક ભગવાનની કૃપા હોય, તો જ્યારે તે કૃપા આ જુએ છે કે તે તરત જ તમને સત્ય પ્રત્યે પાછા બોલાવી લાવવા માટે સ્વયંભૂ રીતે તમારી ઈન્દ્રિયોને એક ભીષણ ફટકો લગાવે છે; તે તમારા મસ્તિષ્ક પર, ઉદરમાં, અથવા હૃદયમાં, અથવા ગમે ત્યાં એક જબરદસ્ત ફટકો લગાવે છે, જેથી તમે ઓચિંતા પોકારી ઉઠો છો કે ઓહ, તે હવે વધારે વખત નહિ ચાલી શકે.

હવે કોઈ પ્રશ્નો નથી?

માતાજી, "નિદ્રાનું ધીમે ધીમે યોગિક આરામમાં રૂપાંતર કરવાનું છે" એનો અર્થ શો છે?

આહ, યોગિક આરામ. તેનો અર્થ એ છે કે અચેતન નિદ્રા હોવાને બદલે, જો તમે તેને નિદ્રા કહેવા માગો તો તે સચેતન નિદ્રા છે. શરીર પરિપૂર્ણ આરામની સ્થિતિમાં છે, જ્ઞાનતંતુઓ શિથિલ બની ગયા હોય છે, સ્નાયુઓ શિથિલ બની ગયા હોય છે; માણસ પરિપૂર્ણ રીતે આરામમાં છે; પણ જીવાત્મા સચેતન રહેલા હોય છે, એટલે સચેતન કે તે પ્રાણિકને તથા મનને પણ, દરેક વસ્તુને આરામની, શાન્તિની, અગતિશીલતાની સ્થિતિમાં મૂકી દે છે, જેથી ચેતના તદ્દન મુકત બને. પછી જો ચેતનાને જરૂર લાગે, તો તે પણ આરામ કરી શકે, અથવા જરૂર લાગે તો તે કાર્ય પણ કરી શકે. તે ઈચ્છે તે પ્રમાણે કરવા તે મુકત છે, તે જે પ્રદેશોમાં જવા ઈચ્છે ત્યાં જવા માટે મુકત છે. પણ આધુનિક શરીરના બધા ભાગો અર્થાત મન, પ્રાણિક, અને શારીરિક પરિપૂર્ણ આરામમાં અને એક પ્રકારની અગતિશીલતામાં છે, જે કારણે નિદ્રાનો સમય આટલો બધો લાંબો હોય તેવી જરૂર નથી. જો

માણસ શરીરને આરામની આ સ્થિતિમાં મૂકે, તો તે નિદ્રાના કલાકોમાં ખૂબ ઘટાડો કરી શકે. પણ તે ખૂબ સભાન અને આગ્રહયુકત પરિશ્રમ માગી લે છે. તે તરત પ્રાપ્ત થઈ શકતું નથી; તે વર્ષો સુધી સાધના પણ માગે. પણ એક વાર તે પ્રાપ્ત થઈ જાય, તે નિદ્રા પર પ્રભુત્વ મેળવી લે અને...અટકાવે...દા. ત. ઘણા લોકો જ્યારે તેઓ ઊંઘવા માટે જાય છે, ત્યારે ચેતનાની બહુ સારી સ્થિતિમાં હોય છે, અને જ્યારે તેઓ સવારે જાગે છે, ત્યારે તેઓ તદ્દન ગૂંચવાઈ ગયેલા હોય છે, આગલે દિવસે તેમણે જે કાંઈ મેળવ્યું હતું તે બધાને તેમણે ગુમાવી દીધું હોય છે; તેનું કારણ એ છે કે તેમની નિદ્રા અચેતન હોય છે, અને તેઓ પ્રાણિકમાં, મનમાં, અથવા સૂક્ષ્મ શારીરિકમાં બહાર જતા હોય છે; તેઓ અનિચ્છનીય સ્થાનોમાં જાય છે અથવા અચેતનતામાં પતન પામતા હોય છે, અને પહેલાં તેમણે જે પ્રાપ્ત કર્યું હતું તે સર્વને તેઓ તે અચેતનતામાં ગુમાવી દે છે. તેમ ન બને તે બહુ જરૂરી છે, પણ તે સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય તેવું નથી. તે કરવું તે એક ખૂબ કઠિન કાર્ય છે, પણ તે બહુ જ ઉપયોગી છે; ખૂબ નિકટની દોરવણી સિવાય તે ભાગ્યે જ પ્રાપ્ત કરી શકાય છે, કારણકે જો છેલ્લી વિગત સુધી તે કેવી રીતે કરવું એ માણસ ન જાણતો હોય, તો તે મૂર્ખાઈભરેલાં કાર્યો કરવાનું જોખમ વહોરે છે.

પણ તે ગમે તેમ હોય છતાં બહુ સલામતીપૂર્વક એક વસ્તુ કરી શકો છો. ઊંઘતા પહેલાં, એકાગ્રતા કરો, શારીરિક અસ્તિત્વમાંના સઘળા તનાવને શિથિલ કરી દો, શરીર પથારીમાં એક મૃદુ ચીંથરા જેવું બનીને પડી રહે તે માટે પ્રયત્ન કરો, જેથી તે થડકાટ અનુભવે નહિ, હલનચલન કરે નહિ. પછી પ્રાણિકને તમારાથી બને તેટલું શાન્ત કરો. પછી મનને પણ શાન્ત અને નિષ્ક્રિય બનાવી દો. તમારે મસ્તિષ્ક ઉપર મહાન શાન્તિનું, મહાન મૌનનું બળ મૂકવું જોઈએ, કોઈ વિચારોને સક્રિય રીતે અનુસરવું ન જોઈએ, કોઈ પણ પ્રકારનો પ્રયત્ન ન કરવો જોઈએ, મનની સર્વ ગતિઓને પણ તમારે શિથિલ બનાવી દેવી જોઈએ, બને તેટલી મહાન શાન્તિમાં અને મૌનમાં મૂકી દેવું જોઈએ.

એક વાર તમે આ બધું કરી લો, પછી તમારે વધારામાં એક પ્રાર્થના અથવા અભીપ્સા, તમારા સ્વભાવ અનુસાર કરવી જોઈએ. તેમાં તમારે ચેતના માટે, શાન્તિ માટે, સર્વ નિદ્રા દરમિયાન સર્વ વિરોધી બળોથી રક્ષા માટે, અભીપ્સામાં અને રક્ષામાં એકાગ્રતા માટે માગણી કરવી જોઈએ. ભગવાનની કૃપાને વિનંતિ કરવી જોઈએ કે મારી નિદ્રા ઉપર તમે ચાંપતી નજર રાખજો, અને પછી તમારે

ઊંધી જવું જોઈએ. આ પ્રકારની નિદ્રા એ શ્રેષ્ઠ પરિસ્થિતિઓમાં ઊંઘવાની પ્રક્રિયા છે. પછી જે બને છે તેનો આધાર તમારા આંતર આવેગો ઉપર છે. પણ જો તમે દરેક રાત્રિએ આગ્રહપૂર્વક આ કરશો, તો થોડા સમય પછી તમે તેનું પરિણામ જોઈ શકશો.

મોટે ભાગે માણસ પથારીમાં સૂઈ જાય છે અને બને તેટલી ઝડપભેર ઊંઘવા પ્રયત્ન કરે છે; પછી બધું પતી જાય છે, કેવી રીતે સાચી નિદ્રા પ્રાપ્ત કરવી તેનું જ્ઞાન તેને હોતું નથી. પણ મેં તમને હમણાં જ કહ્યું તેમ, જો તમે નિયમિત રીતે તે કરશો, તો જરૂર તેની અસર થશે. તેથી તમે રાત્રે થતાં આક્રમણોને સારી રીતે દૂર રાખી શકશો. માણસ સુસ્થિતિમાં ઊંઘવા જાય છે, અને જાગે છે ત્યારે તે માંદો હોય છે; આ એક મહાન વિપત્તિ છે. તેનો અર્થ એ થાય છે કે રાત્રિ દરમિયાન, પરિપૂર્ણ અચેતનતાની સ્થિતિમાં કોઈક જગ્યાએ તેને ખરાબ ચેપ લાગી ગયો હતો.

માણસે પોતાનાં સ્વપ્નોને યાદ રાખવાં તે પણ શું જરૂરી નથી?

તે બહુ જરૂરી નથી. જો માણસને પોતાની નિદ્રા પર ખૂબ કાબૂ મેળવવો હોય, તો તે ઉપયોગી છે. પંણ તે પણ માણસને કેવી રીતે કરવું તે જાણવું જોઈએ. માણસ પોતાનાં સ્વપ્નોને સવારે યાદ કરે છે; પણ હું જે કહું છું તે સાંજ માટે છે. સવારમાં જ્યારે તમે જાગો ત્યારે તમારે ઉતાવળમાં ન હોવું જોઈએ. અર્થાત્ તમારે પથારીનો ત્યાગ કરવાના સમયે જ ન જાગવું જોઈએ; તમારે થોડોક સમય ફાઝલ રાખવો જોઈએ, ઊંઘવા જતા પહેલાં ખૂબ કાળજીપૂર્વક અમુક માનસિક રચના કરવી જોઈએ, જાગ્યા પછી ઓચિંતી ભાગાભાગ ન કરવી જોઈએ, કારણ કે તેમ કરવાથી તમારાં સ્વપ્નોની સ્મૃતિ અદૃશ્ય થઈ જાય છે. તમારે તમારું મસ્તક ઓશિકા પર તદ્ન સ્થિર રાખવું જોઈએ, અને તે પણ જ્યાં સુધી તમે શાન્તિપૂર્વક તમારી બહાર ગયેલી ચેતનાને ખેંચીને પાછી તમારામાં બોલાવી લો ત્યાં સુધી; તે ચેતનાને પાછી બોલવવાનું કાર્ય તમારે ખૂબ મૃદુતાપૂર્વક, આઘાત આપ્યા વગર, ઉતાવળ કર્યા વગર, અને એકાગ્રતાપૂર્વક કરવાનું છે. પછી જ્યારે બહાર ગયેલી ચેતના તમારામાં પાછી આવે, ત્યારે જો તમે તદ્ન સુસ્થિર, શાન્ત રહેશો, અનેક પ્રકારની વસ્તુઓની વિચાર કરવાનો પ્રારંભ નહિ કરો, તો પ્રથમ તે ચેતના એક સંસ્કાર લાવશે, પછી સ્મૃતિ. કેટલીક વાર તો ખંડિત સ્મૃતિ લાવશે. પણ જો તમે તે જ ગ્રહણશીલ અગતિશીલતાની સ્થિતિમાં રહેશો, તો પછી તે સ્મૃતિ વધારે ને વધારે સભાન બનશે. પણ આને માટે તમારે સમયની જરૂર પડશે. જો તમારામાં

જરા પણ એવી લાગણી પેદા થશે કે મારે ઉતાવળ છે, તો બસ, પતી ગયું, તમે કશું જ નહિ કરી શકો. જાગતાવેંત તમારે એમ પણ ન પૂછવું જોઈએ કે કેટલા વાગ્યા? જો તમે તેમ કરશો, તો સ્વપ્નની કોઈ સ્મૃતિ નહિ આવે; બધું પતી ગયું સમજવું; બધું અદૃશ્ય થઈ જશે.

પણ માતાજી, જો માણસ હલન-ચલન ન કરે, તો તે ફરી પાછો ઊંઘી જાય છે! (હસાહસ)

તેનો અર્થ એ થયો કે કાં તો તે માણસ પૂરતું ઊંઘ્યો નથી અને તેથી તેણે ફરી ઊંઘવું જોઈએ, અથવા તો તે માણસ સ્વભાવે જરાક તામસિક છે અને તેને અચેતનતામાં રહેવું ગમે છે.

બસ? મારાં બાળકો, હવે કોઈ પ્રશ્નો નથી ને?

માતાજી ઘણી વાર આંતર પ્રયત્ન બાહ્ય ક્રિયાઓને લીધે વેર-વિખેર થઈને બગડી જાય છે.

જ્યારે માણસ બાહ્ય રીતે સક્રિય હોય છે, ત્યારે એકાગ્રતા કેવી રીતે જળવાય? ઓહ, તે બહુ કઠિન ન હોવી જોઈએ. સાચે જ, તે વસ્તુ કઠિન ન હોવી જોઈએ. મારે માટે, આંતર ચેતનાની એક પ્રકારની ઉત્કટતા ન રાખવી, તેનાથી વિયુકત બનવું તે કઠિન લાગે છે; મને તેમ હોવું અશકય લાગે છે. જો એક વાર માણસ તેને પોતાનામાં બરાબર પકડે, જો તે તમારે માટે એક વાસ્તવિકતા બની જાય, તો પછી તે માણસ તેનાથી વિયુકત કેવી રીતે બની શકે? તો તો પછી તે માણસ તે ચેતનાથી, ચૈત્યિક સાથેની, સાથે આંતર એકતાથી, આચેત નાથી અને અભીપ્સાની ઉત્કટતાથી, આ હંમેશાં પ્રકાશમય જવાલાથી વિયુકત બની શકતો નથી, માણસ ગમે તે કરતો હોય, પણ તે જવાલા કદી હોલવાઈ જતી નથી, તે તો હંમેશાં ત્યાં રહે છે જ.

મને લાગે છે કે એક વાર તે ચેતના પ્રાપ્ત થયા પછી, માણસને તેનાથી વિયુકત થવા માટે તેણે એક દ્વાર બંધ કરવું પડે છે, તેના ઉપર આમ વિચારપૂર્વક દ્વાર બંધ કરી દેવું પડે છે અને એમ કહેવું પડે છે કે હવે મને આમાં કોઈ રસ પડતો નથી. પણ જો માણસને સાચે જ તે ચેતના સાથે સંપર્ક રાખવાનો સંકલ્પ હોય, તો મને તે કઠિન લાગતું નથી. મને લાગે છે કે તેનાથી વિમુખ બનવા માટે માણસને પોતાની પીઠ તેના પ્રત્યે ફેરવવાનો સાચે જ સંકલ્પ હોવો જોઈએ; નહિ તો, તે ચેતનાનો બધી જ વસ્તુઓની પીઠમાં સતત હોય જ છે. તેથી ઊલટું,

જો કોઈ પણ ગતિ કરતી વખતે, કશું પણ કહેતી વખતે, માણસે તે અંદરની ચેતનાનો અભિપ્રાય લેવાની ટેવ પાડી હોય, તે ચેતના પીઠમાં રાખ્યા સિવાય કશું જ ન કરી શકવાની ટેવ પાડી હોય, તો તે ચેતના કહે છે કે "હા, આ રસ્તે જા; તે રસ્તે નહિ. તે નહિ, તે નહિ, આ રસ્તે જા;" તો પછી તેના સિવાય જીવવું એ કઠિન છે.

પણ કેટલાક લોકોને તે ચેતના પજવે છે, તેમના આવેગો પર તે સંયમ મૂકે છે, અને તે લોકોને તદ્‌ન મુકત અને સ્વતંત્ર બનવું હોય છે, એટલે તેઓ હેતુ-પૂર્વક ફટ દઈને તે દ્વાર બંધ કરી દે છે, તે ચેતનાને અટકાવવા માટે બળજબરી-પૂર્વક તે દ્વાર બંધ કરી દે છે. પછી સ્વાભાવિક રીતે જ તે માણસ ઉપરચોટિયો, નિર્બળ, ક્ષુદ્ર, અજ્ઞાનમય, અને મૂર્ખ બની જાય છે! તેવા બનવાનું માણસ કેવી રીતે સહન કરી શકે? મને લાગે છે કે તેનામાં તરત જ એવી સાહજિક વૃત્તિ પેદા થશે કે "એક પગલું પાછું ભરી દે, ઉતાવળથી તે દ્વાર ખોલી નાંખ, અને ફરી તે ચેતનાના સંપર્કમાં મૂકી દે, તે ચેતના તેને કહેશે કે ના, ના, ના, આ અજ્ઞાનમય, ભયંકર સ્થિતિમાં તું ન રહીશ, જે અજ્ઞાનમય સ્થિતિમાં શું બોલવું અને શું ન બોલવું, શું કરવું અને શું ન કરવું, કયાં જવું અને કયાં ન જવું તેનું પણ તને ભાન રહેતું નથી; તું અસ્પષ્ટ અને અસંગત વિશાળતામાં ગૂંચવાઈ ગયો છે. તે એક ભયંકર સ્થિતિ છે. પણ જ્યારે દ્વાર ખુલ્લું હોય છે અને આ ચેતના પીઠમાં હોય છે, ત્યારે જાણે પોતે એક મહાન પ્રકાશ સામે પોતાની પીઠ ટેકવતો હોય તેમ, દરેક ક્ષણે બધું જ તદ્‌ન આરામમય બની જાય છે; ત્યારે એ મહાન ચેતના તેને કહે છે કે આ વસ્તુ તારે કરવી જોઈએ, તારે આમ બોલવું જોઈએ, તારે આવી ગતિ કરવી જોઈએ વગેરે. પછી માણસ આરામમય, શાન્ત, પીડારહિત, સમસ્યારહિત, નિશ્ચિન્ત બની જાય છે, પછી તે જે કરવા માગે તે જ કરે છે; લોકોને તે ગમે કે નહિ તે લોકોને જોવાનું છે; પણ પોતે તો તે કરે જ છે.

નોંધ કરો કે આ હું તમને કહી રહી છું, કારણ કે હું તમારું અંદરનું દ્વાર ખોલવા માટે બહુ દરકાર રાખું છું. જો તમારામાં એકાગ્રતાની થોડીક પણ ગતિ હશે, તો તમારે બંધ બારણાની સામે લાંબો સમય નહિ ગાળવો પડે, જે બારણું જરા પણ ચસકતું નથી, જેની તમારી પાસે ચાવી નથી, અને જેને ઉઘાડતાં તમને આવડતું નથી. કેટલીક વાર માણસને તે બંધ બારણા આગળ કલાકો સુધી, દિવસો સુધી, મહીનાઓ સુધી, અથવા વર્ષો સુધી રાહ જોવી પડે છે, અને શું કરવું તે તમે જાણતા હોતા નથી.

મારાં બાળકો, તમારે માટે પરિસ્થિતિ તે પ્રકારની નથી.

દ્વાર ખુલ્લું છે, માણસે માત્ર તેની પ્રત્યે જોવાની જરૂર છે; તેણે તેની તરફ પોતાની પીઠ ન ફેરવવી જોઈએ.

બસ, પતી ગયું?

મધુર માતાજી, નિમ્નતર પ્રાણિકની ભૂલ એટલે શું?

તે ભૂલ શું છે તે તમે પૂછો છો?

સર્વ કામનાઓ, સર્વ આવેગો, સર્વ અહંતા યુકત, અસ્પષ્ટ, અજ્ઞાનમય, આવેગ યુકત ગતિઓ, હકીકતમાં માણસ પ્રતિદિન જે ગતિઓ કરે છે તેમાંની ઘણી ખરી નિમ્નતર પ્રાણિકની ભૂલો છે. તે બધું જ પોતાને માટે માગે છે. તે સમગ્ર જીવનનો સ્વામી બનવા માગે છે, બધી જ વસ્તુઓનું નિયમન કરવા માગે છે. અને જયારે મન તેનો સહકાર્યકર્તા બને છે, જે સોમાંથી ૯૯ વખત બનતું હોય છે, ત્યારે મન કહે છે કે આને જ જીવન કહી શકાય, તેવું જીવવાનો માણસને અધિકાર છે. તેનો અર્થ એ થયો કે માણસને અજ્ઞાનમય અને મૂર્ખ પશુ બનવાનો અધિકાર છે.

માતાજી, નિદ્રા એ શું છે? તે માત્ર શરીરને આરામ કરવાની જરૂરિયાત છે કે બીજું કાંઈ છે?

નિદ્રા એકાગ્રતાનો અને આંતર જ્ઞાનનો એક ખૂબ સક્રિય ઉપાય બની શકે છે. જો માણસ નિદ્રામાં કોઈ બોધપાઠ લેવાનું જાણતો હોય, તો તે એક એવી પાઠશાલા છે કે જેમાંથી પસાર થવા વડે આંતર અસ્તિત્વ શારીરિક રૂપથી સ્વતંત્ર બની શકે, પોતાની જાતમાં સભાન બની શકે, અને પોતાના જીવનનો સ્વામી બની શકે. અસ્તિત્વના સમગ્ર ભાગો એવા છે કે જેમને આ અગતિશીલતાની શરીરના બાહ્ય અસ્તિત્વની અર્ધ ચેતનાની જરૂર છે, જેથી તેઓ પોતાનું જીવન સ્વતંત્રતા-પૂર્વક જીવી શકે.

માત્ર લોકો તે જાણતા હોતા નથી. જેમ તેઓ એક પ્રકારની સાહજિક વૃત્તિથી, અર્ધ-ચેતન આવેગથી ઊંઘે છે, ખાય છે, જીવે છે, તેમ તેઓ ઊંઘતા હોય છે. તેઓ પોતાની જાતને તે બાબાત કોઈ પ્રશ્ન પૂછતા હોતા નથી. તમે અત્યારે પ્રશ્ન પૂછો છો કે માણસ શા માટે ઊંઘે છે? પણ લાખો તે પ્રશ્ન પોતાની જાતને પૂછયા વગર જ ઊંઘતા હોય છે. તેમને ઊંઘ આવે છે અને તેથી તેઓ ઊંઘે

છે; તેમને ભૂખ લાગે છે અને તેઓ ખાય છે, તેઓ મૂર્ખાઈ ભરેલાં કાર્યો કરે છે, કારણ કે તેમની સાહજિક વૃત્તિઓ તેમને ધકકેલે છે; પણ તે તે બાબત કશો વિચાર કરતા હોતા નથી, કોઈ પ્રશ્ન પૂછતા હોતા નથી. પણ જે લોકો જાણે છે તેમને માટે નિદ્રા એક જાગ્રત અવસ્થાની પાઠશાળા કરતાં જુદી જ, એક સુંદર પાઠશાળા છે.

તે એક બીજા હેતુ માટેની બીજી પાઠશાળા છે, પણ તે પાઠશાળા છે જ. જો માણસે શકય એવી વધારેમાં વધારે પ્રગતિ કરવી હોય, તો તેણે પોતે પોતાના દિવસોનો જેમ ઉપયોગ કરે છે તેમ રાત્રિઓનો કેવી રીતે ઉપયોગ કરવો તે જાણવું જોઈએ. મોટે ભાગે શું કરવું તે લોકો જાણતા હોતાં નથી. પરિણામે તેઓ જાગતા રહેવાનો પ્રયત્ન કરે છે; તેઓ માત્ર શારીરિક અને પ્રાણિક અસમતુલા સર્જે છે કેટલીક વાર તો માનસિક અસમતુલા પણ.

શારીરિક અને સર્વ ભૌતિક શારીરિક ભાગોએ તદ્દન આરામમાં રહેવું જોઈએ, પણ તે આરામે અચેતનતામાં પતન ન પામવું જોઈએ; આ શરતોમાંની એક શરત છે. પ્રાણિ કે મૌનના આરામમાં રહેવું જોઈએ. જો આ ત્રણ તમારી વસ્તુઓ આરામમાં હોય, તો તમારું આંતર અસ્તિત્વ જે ભાગ્યે જ બાહ્ય જીવન સાથે સંબંધમાં હોય છે, કારણ કે બાહ્ય જીવન એટલું બધું ધોંધાટ ભરેલું અને અચેતન હોય છે કે આંતર અસ્તિત્વ પોતાની જાતને પ્રગટ કરી શકતું નથી, પોતાની જાતથી સભાન બની શકે, સક્રિય બની શકે, નિમ્નતર ભાગો ઉપર કાર્ય કરી શકે અને સભાન સંપર્ક સ્થાપિત કરી શકે. નિદ્રા માટે આ સાચું કારણ છે જો કે જીવનના અત્યારના સંજોગોમાં ક્રિયા અને આરામ, આરામ અને ક્રિયા, એક પછી બીજું આવે તેની જરૂર છે, તે ઉપરાંત નિદ્રા માટે પેલું સાચું કારણ છે.

શરીરને આરામની જરૂર છે, પણ મેં કહ્યું તેમ, બહુ જ થોડા લોકો કેવી રીતે ઊંઘવું તે જાણતા હોય છે. તેઓ એવી પરિસ્થિતિઓમાં ઊંઘે છે કે જાગ્યા પછી તેઓ તાજગી અનુભવતા હોતા નથી, તેમને ભાગ્યે જ આરામ મળેલો હોય છે. પણ આ તો એક શીખવાનું સમગ્ર વિજ્ઞાન છે.

માતાજી; આપણી સંગ્રહીત શારીરિક શક્તિઓનો આધાર શેના પર છે?

શારીરિક શક્તિઓના સંગ્રહ વિષે તમે પૂછો છો?

હા.

તેનો આધાર વૈશ્વિક પ્રાણિક શક્તિઓને ઝીલવાની તમારી શક્તિ પર છે, કારણકે ખોરાક મારફતે પણ માણસ આ પ્રાણિક શક્તિઓને ઝીલતો હોય છે, પણ તે શક્તિઓ તે નીચેથી પ્રાપ્ત કરતો હોય છે. પણ શક્તિઓને પ્રાપ્ત કરવા માટે તમારે જાણવું જોઈએ કે વૈશ્વિક પ્રાણિક શક્તિઓને કેવી રીતે ઝીલવી અને અસ્તિત્વમાં એક પ્રકારની એવી સમતુલા રાખવી કે જે તમને પ્રાપ્ત થયેલી શક્તિઓથી વધારે પ્રમાણમાં તેમને ખર્ચી નાંખવામાંથી અટકાવે.

શક્તિઓના સ્વીકાર અને ખર્ચ વચ્ચે એક પ્રકારનું માપ જાળવવું જોઈએ. એ એક પ્રકારની અસ્તિત્વમાં એવી સંવાદમયતા છે કે જેને સ્થાપવી જોઈએ. માત્ર કેટલાક લોકોમાં જ વૈશ્વિક, પ્રાણિક શક્તિઓને પોતા પ્રત્યે આકર્ષવાની અને આત્મસાત કરવાની શક્તિ હોય છે ; એટલે તેઓ પોતાની શક્તિઓને ખર્ચતાં ખર્ચતાં તેમની ભરપાઈ પણ કરી લે છે. આવા લોકો બીજાઓ કરતાં વધારે સર્જન કરી શકે છે. તેમાંના કેટલાક લોકો નિદ્રા, આરામ, અથવા શિથિલતા જેવી સ્થિતિઓમાં શક્તિઓને સંગ્રહીત કરી શકે છે અને પછી તેઓ તેમને પોતાની ક્રિયાઓને ખતમ કરી દેતા હોય છે, અને પછી તેમને ઓછી અનુકૂલ પરિસ્થિતિમાં પોતાની બેટરીને ફરી ચાર્જ કરવી પડતી હોય છે.

કેટલાક લોકોને તો શક્તિઓને ઝીલતાં બિલકુલ આવડતું હોતું નથી. તેઓ શરીરમાં એકત્રિત થયેલી શક્તિઓ પર જીવે છે, કારણકે શરીરના સર્વ પરમાણુઓમાં થોડીક શક્તિ એકત્રિત થયેલી હોય છે. તેઓ તેના પર જીવે છે, પણ થોડા સમય પછી; જો તેમને તે શક્તિઓ ફરી ભરી લેતાં ન આવડતું હોય, તો તેમની તે શક્તિ પૂરેપૂરી ખર્ચાઈ ગઈ હોય છે. એટલે આમ વધારે લાંબા સમય ચાલી શકતું નથી ; તે માનવોની સરેરાશ જિંદગી સુધી ચાલે છે, અને છતાં અમુક વર્ષો પછી તેઓ પહેલાંના જેટલો પ્રયત્ન કરી શકતા નથી, પહેલાં જેટલું સર્જન કરી શકતા નથી, અને વધારે પ્રગતિ સાધી શકતા નથી.

પણ જે લોકોને સાહજિક વૈશ્વિક, પ્રાણિક શક્તિઓ ઝીલતાં અને સંગ્રહીત કરતાં આવડે છે અથવા તો જે લોકોએ તે શીખી લીધું હોય છે, તેમની શક્તિઓ લગભગ અનિશ્ચિત સમય સુધી ટકી રહે છે. જો ખાસ કરીને જો તે લોકોને જ્ઞાન-પૂર્વક અને પદ્ધતિપૂર્વક તે શક્તિઓને ઝીલતાં અને સંગ્રહીત કરતાં આવડતું હોય છે, તો શક્તિઓનો ઘસારો બહુ થોડો થાય છે ; તેવા લોકો પરિપૂર્ણતાની અમુક માત્રાને પ્રાપ્ત કરી શકે છે.

કેટલીક વાર તો નવા લોકો લાંબા સમય સુધી ખર્ચાયેલી શક્તિઓને ફરી પોતામાં ભરી લેવા માટે બે કે ત્રણ મિનિટ પૂરતી હોય છે, માત્ર માણસને તેમ કરતાં આવડતું હોવું જોઈએ.

પણ જે લોકો પોતાની જાતને સંકોચી લે છે, સંકોચાઈને પોતાની જાત પર બેવડા વળી જાય છે, તેઓ આમ કરી શકતા નથી. માણસે સર્વ સમયે ખૂબ વિશાળ અને વિસ્તૃત ચેતનામાં જીવવું જોઈએ. (તમે તે શબ્દને સમજો છે કે નહિ તે હું નથી જાણતી. તે ચેતના સુસંવાદી રીતે અને શાન્તિપૂર્વક વિસ્તરે છે; જેમ ખૂબ ભરતી આવે ત્યારે જલ બધે શાન્તિપૂર્વ પ્રસરી જાય છે તેમ.) પ્રાણિકે તે પ્રકારનું હોવું જોઈએ; ત્યારે માણસ વૈશ્વિક શક્તિઓ પ્રત્યે ખુલ્લો બને છે. પણ જો, દાખલા તરીકે, માણસને પોતાના સહચારીઓ સાથે પ્રાણિક શક્તિઓની અદલા–બદલી કરવાની ખરાબ ટેવ હોય, તો તે સર્વ શક્તિ ગુમાવી દે છે. એટલે જ્યાં સુધી માણસ બીજા કોઈ સાથે સંબંધમાં ન હોય, ત્યાં સુધી તે કશું જ સ્વીકારતો હોતો નથી. પણ સ્વાભાવિક રીતે જ, જો તમે બીજાઓ દ્વારા શક્તિઓને સ્વીકારો, તો સાથે સાથે તમે બીજા લોકોની મુશ્કેલીઓને, કેટલીક વાર તેમના ગુણોને પણ સ્વીકારતા હો છો; પણ એ ગુણો ઓછા ચેપી હોય છે. સાચે જ, આ વસ્તુ એવી છે કે જે તમને વધારેમાં વધારે બંધ કરી દે છે, પૂરી દે છે.

પણ કેટલાક લોકો જ્યાં સુધી તેમને બીજાઓ સાથે થોડા ઘણા સામાજિક સંબંધો ન હોય, મૈત્રીના કે વાતચીત કરવાના વગેરે સંબંધો ન હોય, ત્યાં સુધી તેઓ કોઈ જ શક્તિઓ સ્વીકારતા હોતા નથી. સંબંધો દ્વારા જ માણસો શક્તિઓ સ્વીકારે છે. પણ એ હંમેશાં ચૂપ જેવી હોય છે. સ્વીકારાતી શક્તિઓ અડધી પચી ગયેલી હોય છે, તેમનામાં તેમની મૂળની વિશુદ્ધિ નથી હોતી; તે તમારી પોતાની શક્તિ પર વિપરીત અસર પેદા કરે છે.

પણ જ્યારે માણસની ચેતનામાં આ શક્તિ હોય છે, દા. ત. તમે ફરવા નીકળો, અને સમુદ્રતટ, મોટું મેદાન, અથવા પર્વતના શિખર જેવી, વિશાળ ક્ષિતિજવાળી જગ્યાએ પહોંચો, ત્યારે તમારામાં રહેલી આ પ્રકારની શારીરિક સાહજિક વૃત્તિ તમને ઓચિંતા ક્ષિતિજ જેટલા વિશાળ બનાવી દે છે, તમારામાં અનંતતાની, વિશાલતાની ભાવના પેદા થાય છે; અને તમે જેમ જેમ વિશાળ બનો છો, તેમ તેમ વધારે શાન્ત બનો છો.

તે રીતે પ્રકૃતિ સાથે સંપર્ક હોવો એ તમારે માટે પૂરતું છે.

તે માટે બીજા અનેક ઉપાયો છે, પણ આ ઉપાય ખૂબ સ્વયંભૂ છે. વળી જ્યારે તમે કોઈ ખૂબ સુંદર વસ્તુ જુઓ, ત્યારે પણ તમને તેવો જ અનુભવ થાય, એક પ્રકારનો આંતર આનંદ અને શક્તિઓ પ્રત્યે ખુલ્લાપણું તમને પ્રાપ્ત થાય; આ તમને વધારે વિશાળ બનાવે છે, તમને સભર ભરી દે છે. ઉપાયો તો ઘણા છે, પણ માણસ તેમનો ઉપયોગ કરતો નથી. સ્વાભાવિક રીતે જ, જો તમે ધ્યાન કરો, ઉચ્ચતર જીવન માટે અભીપ્સા કરો, અને ઊર્ધ્વમાંથી શક્તિઓને નીચે બોલાવો, તો બીજી કોઈ પણ વસ્તુ કરતાં તે તમારી શક્તિઓને વધારે ભરપાઈ કરી દે છે. પણ તે માટે અનેક પદ્ધતિઓ છે.

બસ, પતી ગયું? મારાં બાળકો, તમને હું શુભરાત્રિ ઇચ્છું છું.

* * *

૯ માર્ચ ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે.

મધુર માતાજી, "શારીરિક ચેતનામાં ચૈતસિક ખુલ્લાપણું" નો શો અર્થ છે?

હું ધારું છું કે એક વાર મેં તમને તે કહ્યું છે, માણસ ચેતનાના દરેક ભાગ દ્વારા ચૈત્યિકને પ્રાપ્ત કરી શકે છે. શારીરિકની પીઠમાં પણ તમે ચૈત્યિકને જોઈ શકો છો. શારીરિક ચેતના દ્વારા, પ્રાણિક ચેતના દ્વારા, અને માનસિક ચેતના દ્વારા તમે સીધી રીતે ચૈત્યિક સાથે સંપર્કમાં પ્રવેશી શકો છો. ચૈત્યિકને પ્રાપ્ત કરવા માટે તમારે અસ્તિત્વની બધી સ્થિતિઓને પાર કરવાની જરૂર નથી. તમારી શારીરિક ચેતનાનો ત્યાગ કર્યા સિવાય આંતરીકરણ દ્વારા તમે ચૈત્યિકમાં પ્રવેશી શકો છો, કારણકે તે આરોહણ કે ક્રમિક સ્થિત્યંતર નથી; તે આંતરીકરણ છે; આ આંતરીકરણ અસ્તિત્વની બીજી સ્થિતિઓમાંથી પસાર થયા સિવાય, સીધી રીતે કરી શકાય છે. શ્રી અરવિંદના કહેવાનો આ અર્થ છે : તમે શારીરિક ચેતનામાં છો, આ શારીરિક ચેતનાને ચૈત્યિક ચેતના પ્રત્યે ખુલ્લી કરતાં તમને કશું જ અટકાવી શકે તેમ નથી,

તમારે પ્રાણિક અથવા માનસિક રીતે વિકાસ કરવાની જરૂર નથી, અથવા ચૈત્યિક સાથે સંપર્કમાં પ્રવેશ કરવા માટે તમારે અસ્તિત્વની આ ભૂમિકાઓ પ્રત્યે પાછા જવાની કોઈ જરૂર નથી. તમે તેમાં સીધા પ્રવેશ કરી શકો છો. બીજી ભૂમિકાઓ-માંથી પસાર થયા સિવાય, ચૈત્યિક સીધી રીતે તમારા શારીરિકમાં પોતાની જાતને વ્યકત કરે છે. શ્રી અરવિંદનો કહેવાનો અર્થ આ છે.

મધુર માતાજી, અહીં કહેવામાં આવ્યું છે કે "સ્થૂલ ચેતનામાં અને નિમ્ન પ્રાણમય ભાગોમાં પરિપૂર્ણ સમતા, શાન્તિ, અંગત માગણીઓ અથવા કામના વગરનું પરિપૂર્ણ સમર્પણ સ્થાપિત કરવાનાં છે."

તમે શું પૂછવા માગો છો?

તે કેવી રીતે કરી શકાય?

તમારે તે કેવી રીતે કરવું જોઈએ? તમને તે પ્રાપ્ત કરવાની પ્રબળ ઈચ્છા હોવી જોઈએ, પછી તમારે અભીપ્સા સેવવી જોઈએ, પછી જ્યારે જ્યારે તમે આ આદર્શથી વિરુદ્ધનું કંઈક કરવા ઈચ્છતા હો, ત્યારે ત્યારે તમારે તમારી જાત સમક્ષ તે મૂકવું જોઈએ, તેના પર પ્રકાશ મૂકવો જોઈએ, અને પરિવર્તન માટે સંકલ્પ મૂકવો જોઈએ. જ્યારે જ્યારે માણસ કોઈક અહંતામય ગતિ કરે અથવા ન કરવા યોગ્ય વસ્તુઓ કરે, ત્યારે માણસે તરત જ તે વસ્તુઓને જાણે પુંછડી વડે હોય તેમ પકડવી જોઈએ, પછી તેમને પોતાના આદર્શ સમક્ષ અને પ્રગતિ માટેના પોતાના સંકલ્પ સમક્ષ રજૂ કરવી જોઈએ, અને તેમના પર પ્રકાશ અને ચેતના મૂકવાં જોઈએ, જેથી તે પરિવર્તિત થઈ જાય.

ન કરવા યોગ્ય દરેક વસ્તુને તે રીતે માણસે પકડવી જોઈએ, અને પછી તેને સ્થિરતાપૂર્વક પ્રકાશ સમક્ષ રજૂ કરવી જોઈએ અને તે પ્રકાશ તેના પર કાર્ય કરે અને તેનું રૂપાંતર કરે ત્યાં સુધી; આ કામ માણસ સર્વ સમયે કરી શકે. માણસ ગમે તે કાર્ય કરતો હોય, પણ તેણે આ કાર્ય હંમેશાં કરતા રહેવું જોઈએ. જ્યારે માણસ સભાન બને કે "કંઈક ખરાબ થઈ રહ્યું છે" તે દરેક સમયે તેણે તે વસ્તુને આમ પકડવી જોઈએ, તેને સંતાઈ જવા દેવી જોઈએ નહિ કારણકે તે સંતાઈ જવાનો પ્રયત્ન કરે છે, પછી તેને પોતાના અચેતન સંકલ્પના પ્રકાશ સમક્ષ આમ મૂકવી જોઈએ, જેથી તે પરિવર્તિત થઈ જશે.

હવે કંઈ પૂછવું છે?

(શ્રી માતાજી આંખો બંધ કરીને બેઠેલા પવિત્ર તરફ વળે છે.)

પવિત્રને કાંઈ પૂછવું છે? (તેણે માતાજીના શબ્દો સાંભળ્યા નથી, એટલે તે સ્થિર બેસી રહે છે. તેને ધ્યાનમાંથી બહાર લાવવા માટે તેનો પડોશી તેના શરીરમાં પોતાની પેન ગોચે છે. પવિત્ર હસાહસની વચ્ચે પોતાની આંખો ઉઘાડે છે. માતાજી તેને કહે છે:) તમારે કાંઈ પૂછવું છે? (તે હાથ વડે નિશાની કરે છે કે મારે કાંઈ પૂછવું નથી. હસાહસ.)

મધુર માતાજી, કેટલીક વાર અવતારનું શરીર બહુ નબળું હોય છે; તે શરીર પૃથ્વી પર તે જે કામ કરવા આવ્યા હોય છે તેમાં અવરોધરૂપ થતું નથી?

અવતાર! તમે કોને અવતાર કહો છો?

દા. ત. રામકૃષ્ણ પરમહંસ અથવા બીજા.....

ઓહ, ઓહ, ઓહ! પણ હું તમારો પ્રશ્ન બરાબર સમજી શકતી નથી. કોઈ પણ માણસના વર્તમાન શરીરમાં ચૈત્યિક અસ્તિત્વ હંમેશાં હોય જ છે. મોટે ભાગે ચૈત્યિક અસ્તિત્વની ઉત્ક્રાન્તિની માત્રા પર તેનો આધાર હોય છે, પણ શરીરમાં રહેલા દરેક ચૈત્યિક અસ્તિત્વને તે શરીર રચનાની સ્થિતિઓ હોય છે. તે ચૈત્યિકનું કામ છે. હંમેશાં તે સ્થિતિઓનું રૂપાંતર કરવાનું; તે એવું છે કે જાણે રૂપાંતરના કાર્ય માટે વિશ્વમાં તેને તે કાર્ય સોંપવામાં ન આવ્યું હોય. તેને પોતામાં તે કાર્ય કરવા કરતાં વધારે મહાન જીવન કાર્ય કરવાનું હોય તો પણ, જ્યાં સુધી તે પોતામાં તે રૂપાંતર સિદ્ધ ન કરે, ત્યાં સુધી તે વિશ્વમાં રૂપાંતર કરી શકતો નથી. જ્યાં સુધી તમે તમારી જાતનું રૂપાંતર સિદ્ધ ન કરો, ત્યાં સુધી તમે બાહ્ય જગતમાં રૂપાંતર લાવી શકતા નથી. આ પ્રથમ શરત છે. દરેક જણ માટે, પછી તે ઉંમરમાં મોટો હોય કે નાનો, હંમેશાં તે જ કાર્ય કરવાનું છે. આ કારણે પૃથ્વી પરનું જીવન ચૈત્યિક અસ્તિત્વ માટે એક પ્રગતિની તક છે.

પાર્થિવ જીવન દરમિયાન જ પ્રગતિનો સમય છે. પાર્થિવ જીવનની બહાર કોઈ પ્રગતિ થઈ શકતી નથી. માત્ર પાર્થિવ જીવનમાં જ પ્રગતિનાં સાધનો અને શક્યતા છે. પણ તે તમે જેમને અવતારો કહો છો માત્ર તેમને માટે જ નહિ, પણ સર્વ સચેતન પ્રાણીઓ માટે છે. બધાને માટે તે પ્રગતિ શક્ય છે. પ્રથમ તો માણસે પોતા પર જ તે કામની શરૂઆત કરવી જોઈએ; પછી જ તે બીજાઓ ઉપર કાર્ય કરી શકે છે; પણ પ્રથમ તેણે પોતા પર જ કાર્ય કરવું જોઈએ.

મધુર માતાજી, ભગવાન આ અંધકારમય અને અજ્ઞાનમય જગત પર અવતર્યા છે.....

તેને શું છે?

તેમને કેવું લાગે છે?

શું? તેમને કેવું લાગે છે? શું તમે કદી એવી તદ્ન અંધકારમય જગ્યામાં નથી ગયા કે જ્યાં તમને દીવા વગર તમારો માર્ગ શોધી લેવાની ફરજ પડે? તમે તેવું અનુભવ્યું છે?...એવી કોઈ અજાણી જગ્યા જે તદ્ન અંધકારમય હોય અને જ્યાં દીવા વગર તમારે તમારો માર્ગ શોધી લેવાનો હોય? તમે કદી એવી જગ્યાએ નથી ગયા? ઓહ, તેવી જગ્યાએ તમે ગયા હો, તો તમને તે સમજાય. દા. ત. તમે એક મોટા જંગલમાં હો; એ તો બહુ મોટી વસ્તુ છે, એટલે એમ ધારો કે તમે કોઈ મોટા બાગમાં હો; તેમાં તમે લાંબા સમય સુધી રહ્યા હો, ત્યાં કોઈ પ્રકાશ ન હોય કે જેના વડે તમે તમારો માર્ગ શોધી શકો. આવું તમને કદી નથી બન્યું? શું તમને હંમેશાં પૂરતો પ્રકાશ મળી રહ્યો હતો?

મધુર માતાજી, જો કોઈ માણસને અનુભૂતિઓની અથવા તેવી કોઈ વસ્તુની ઇચ્છા હોય, તો તેણે પ્રથમ શું કરવું જોઈએ?

કયા પ્રકારની અનુભૂતિઓની, સૂક્ષ્મ દર્શનો પામવાની કે મનોવૈજ્ઞાનિક અનુભવોની–અથવા કયા પ્રકારના અનુભવોની?

હકીકતમાં, સમગ્ર જીવન એક અનુભવ છે, નહિ વારુ? આપણે અનુભવો મેળવવામાં જ આપણો સમય ગાળીએ છીએ. શું તમારા કહેવાનો અર્થ એવો છે કે ભૌતિક વાસ્તવિકતાઓ કરતાં બીજા પ્રકારની વાસ્તવિકતાઓ સાથે સંપર્કમાં આવવાનો? આહ!

હું ધારું છું કે તેની પ્રથમ શરત તો એ છે કે શરૂઆતમાં તમારામાં એવી શ્રદ્ધા હોવી જોઈએ કે શારીરિક વાસ્તવિકતા કરતાં બીજી કોઈ વાસ્તવિકતા છે, આ પ્રથમ શરત હોઈ શકે. પછી બીજી શરત એ છે કે તમારે તે બીજી વાસ્તવિકતા શોધી કાઢવા માટે પ્રયત્ન કરવો જોઈએ; તે ક્રિયા માટે શ્રેષ્ઠ ક્ષેત્ર છે પોતાની જાત. એટલે માણસે પોતાની જાતનું થોડુંક અધ્યયન કરવા વડે શરૂઆત કરવી જોઈએ, અને કેવળ શરીર પર આધાર રાખતી વસ્તુ વચ્ચે અને શરીરથી ભિન્ન બીજી કોઈ વસ્તુ પર આધાર રાખતી વસ્તુ વચ્ચે વિવેક કરવો જોઈએ. માણસ તે રીતે શરૂઆત કરી શકે. માણસ પોતાની લાગણીઓને અથવા વિચારોને, તેમનાં કાર્યોમાં નિહાળીને

શરૂઆત કરી શકે. લાગણીઓ અને ઈન્દ્રિયજન્ય સંસ્કારો શરીર સાથે એટલાં બધાં સંકળાયેલાં છે કે તેમનો ભેદ પારખવો એ બહુ કઠિન છે; તેઓ આપણી ઈન્દ્રિયો સાથે ખૂબ સંકળાયેલાં છે, અને ઈન્દ્રિયો શરીરનાં કરણો છે; એટલે તેમનો ભેદ પારખવો એ કઠિન છે. પણ અનુભવેલી લાગણીઓ કયારનીયે ભાગી ગઈ હોય છે, અને તેમનાં મૂળને શોધી કાઢવું એ બહુ કઠિન છે. અને પછી વિચારો...વિચારો એ શું છે?

જો માણસ લાગણી શું છે અને વિચાર શું છે તેને સમજવાની, શોધી કાઢવાની શરૂઆત કરે, અને તેઓ કેવી રીતે કાર્ય કરે છે તેને સમજવાની શરૂઆત કરે, તો તે તે માર્ગે ખૂબ આગળ વધી શકે. સાથે સાથે માણસે તેનું પણ નિરીક્ષણ કરવું જોઈએ કે પોતાની લાગણીઓ અને વિચારો શરીર પર કેવી રીતે કાર્ય કરે છે અને તેમની પારસ્પરિકતા કેવી હોય છે. પછી તે માણસે એનું નિરીક્ષણ કરવું જોઈએ કે મારામાં કયી વસ્તુ આગ્રહપૂર્વક ચાલુ રહે છે, હું કોને "હું" કહું છું કે જે શરીર નથી? કારણકે એ વાત સ્પષ્ટ છે કે માણસ નાનો હોય છે ત્યારે અને દર વર્ષે તે જેમ જેમ મોટો થતો જાય છે ત્યારે આશરે ૧૦ વર્ષ પછી, તે વસ્તુઓ બદલાઈ ગયેલી હોય છે, "હું" બદલાઈ ગયેલું હોય છે; તે માણસને તેનો તે જ માણસ કહેવો એ કઠિન બની જાય છે. છતાં પણ માણસમાં "પોતે તે જ વ્યકિત છે" એવી લાગણી હંમેશાં રહેતી હોય છે. તે કયું તત્ત્વ છે તેને સમજવા, શોધી કાઢવા માટે માણસે ચિંતન કરવું જોઈએ, ખોજ કરવી જોઈએ. તેથી તમે ખૂબ પ્રગતિ સાધી શકશો. પછી જો માણસ વિચારો, લાગણીઓ, શરીર પર તેમનું કાર્ય, શરીરનું તેમના પર પ્રતિ કાર્ય, આ ભિન્ન ભિન્ન વસ્તુઓના સંબંધનું અધ્યયન કરે, આગ્રહપૂર્વક કયી વસ્તુ પોતાને "હું" કહે છે, કયી વસ્તુ અસ્તિત્વની ગતિમાં વળાંક દોરી શકે છે, તે બધાનું જો માણસ નિરીક્ષણ કરે, તો તેથી માણસ બહુ પ્રગતિ સાધી શકે છે. સ્વાભાવિક રીતે જ, તેવો દૂર સુધી શોધ કરનારો આગ્રહપૂર્વક નિરીક્ષણ કરનારો માણસ ચૈત્યિકને પહોંચી શકે.

તે તમને ચૈત્યિક પ્રત્યે દોરી જતો માર્ગ છે; એટલે એ પ્રથમ અનુભવ છે. જયારે માણસને પોતાના અમર અસ્તિત્વના સ્થાયી ભાગ સાથે સંપર્ક થાય છે, ત્યારે તે અમરતા દ્વારા તે હજી પણ આગળ જાય છે અને સનાતનને પહોંચે છે. તે ચેતનાની એક હજી પણ બીજી અવસ્થા છે. પણ આ રીતે માણસ ધીમે ધીમે તે માર્ગને અનુસરે છે. બીજા માર્ગો છે, પણ આ માર્ગ હંમેશાં સુલભ છે. માણસની સાથે હંમેશાં પોતાનું શરીર હોય છે, પોતાની લાગણીઓ અને વિચારો હોય છે;

દિવસની ગમે તે ક્ષણે, રાતે પણ માણસ આ કાર્ય કરી શકે છે. જ્યારે માણસની આસપાસ લોકો, વસ્તુઓ, અથવા અમુક પરિસ્થિતિઓ હોય છે, ત્યારે તે કાર્ય વધારે જટિલ બની જાય છે, પણ તે હંમેશાં તેને સુપ્રાપ્ય હોય છે. કોઈ પણ માણસ તમારી પાસે રહેલાં શરીરને, વિચારોને, લાગણીઓને ઈન્દ્રિયજન્ય સંસ્કારોને અટકાવી શકે નહિ. તે કાર્યક્ષેત્ર હંમેશાં તમારી સાથે જ હોય છે, તે ખૂબ સગવડ ભરેલું કાર્યક્ષેત્ર છે; તમારે બહાર કશું શોધવાની જરૂર નથી. જરૂરી બધી વસ્તુઓ માણસ પાસે છે. એટલે જરૂર છે માત્ર નિરીક્ષણ શક્તિની, એકાગ્રતા માટે શક્તિની, અને પોતાના અસ્તિત્વમાં અમુક ગતિને સતત અનુસરવાની. જ્યારે કોઈ બળવાન લાગણી તમને પકડમાં લે છે, ત્યારે તમારે તેને ચકાસી જોવી જોઈએ, તેના પર એકાગ્ર બનવું જોઈએ, અને તે ક્યાંથી અને શા માટે આવે છે તે શોધી કાઢવું જોઈએ. આ વસ્તુ એકાગ્રતાપૂર્વક શોધી કાઢવામાં મળેલી સફળતા તમને સીધા એક અનુભવ પ્રત્યે દોરી જવા માટે પૂરતી છે. પછી જો તમારે કાંઈક વ્યવહારું વસ્તુ કરવી હોય, જો તમારી લાગણીઓ તદ્દન વિક્ષુબ્ધ બની ગઈ હોય, જો તમારી અંદર એક પ્રકારનો ઝંઝાવાત પેદા થયો હોય, તો એકાગ્રતા વડે તમે તેનું આંતર કારણ શોધી કાઢવા માટે પ્રયત્ન કરી શકો છો, અને સાથે સાથે શાન્તિ, તમારી લાગણીઓમાં એક પ્રકારની આંતર અગતિશીલતા લાવવા માટે અભીપ્સા સેવી શકો છો, કારણકે તેના સિવાય તમે સ્પષ્ટ દર્શન કરી શકતા નથી. જ્યારે બધું ઝંઝાવાતમાં હોય છે, ત્યારે માણસ કશું જ જોઈ શકતો નથી. જેમ તમે મહાન વાવાઝોડામાં હો, બધી દિશાઓમાંથી પવન વાતો હોય, અને ધૂળનાં વાદળ હોય, ત્યારે તમે જોઈ શકતા નથી તેમ. એટલે તમારે અભીપ્સા કરવી જોઈએ, તે વાવાઝોડામાં આમ શાન્તિ અને અગતિશીલતા ખેંચી લાવવી જોઈએ; એટલે બધું જ શાન્ત બની જશે અને તમે જોઈ શકશો. તેમાં તમે સફળ નીવડો, તો તે બીજો અનુભવ છે, તે શરૂઆત છે.

અલબત્ત, માણસ બેસીને એકાગ્રતા કરી શકે છે, અભીપ્સા કરી શકે છે, અને ઊર્ધ્વમાંથી આવતી શક્તિ પ્રત્યે ખુલ્લો બની શકે છે; પણ તેણે ધ્યાન કરવાનું નથી, કારણકે તે વિચારની ક્રિયા છે જે અનુભવ પ્રત્યે દોરી જતી નથી. જો તે આગ્રહપૂર્વક એકાગ્રતા અને અભીપ્સા કરે, ઊર્ધ્વમાંથી આવતી શક્તિ પ્રત્યે ખુલ્લો બને, તો એવી એક ક્ષણ આવે છે કે જ્યારે તે અવતરણ કરતી આ શક્તિને, આ શાન્તિને, આ મૌનને અનુભવી શકે છે; તેઓ અસ્તિત્વમાં અંદર ખૂબ દૂર સુધી ભેદીને અવતરણ કરે છે. પ્રથમ દિવસે તે બહુ થોડું હશે, પણ ધીમે ધીમે તે વધતું જાય છે, આ પણ એક અનુભવ છે. આ બધી વસ્તુઓ કરવી તે સહેલું છે.

પણ જો દા. ત. કોઈ માણસને સ્વપ્ન આવ્યું હોય, તે તેને ખૂબ નિશ્ચિત રીતે વીગતવાર યાદ રાખી શકયો હોય, અને તે સ્વપ્નને સમજવા માટે તે એકાગ્રતા કરે, તો તે પણ એક અનુભવ બની શકે, સમજવા માટેનું કોઈક દ્વાર ખૂલી જઈ શકે, અને તે સ્વપ્નનો ગૂઢ અર્થ તે ઓચિંતો સમજી શકે. આ પણ એક અનુભવ છે. ઘણી વસ્તુઓ છે, અને માણસને હંમેશાં તેમને પ્રાપ્ત કરવાની તક મળતી હોય છે. જયારે તમે ચૈત્યિક સાથે સંપર્કમાં પ્રવેશો છો કે તરત જ તમને એવો અનુભવ થાય છે કે જે તમને આવિષ્કાર અથવા કોઈ નવીન વસ્તુ લાગે; તે ચૈત્યિકમાં જયારે તમે ભગવાનની હાજરીમાં હો છો, ત્યારે અનુભવાય છે. આ એક ખાસ પ્રકારનો અનુભવ છે, જે તમારા અસ્તિત્વની સમગ્ર ક્રિયા અને સમજ ઉપર કાર્ય કરે છે. પણ તે જલ્દી પણ આવે અથવા લાંબો સમય પણ લે. છતાં માણસની અત્યારની અવસ્થા અને તે સ્થિતિ વચ્ચે ઘણાં પગથિયાં છે. તે પગથિયાં માણસ પ્રાપ્ત કરી શકે તેવા અનુભવોનાં પગથિયાં છે.

એટલે એ એક વિશાળ કાર્યક્રમ છે. પ્રથમ પગથિયાં આ છે; પોતાની જાતનો પ્રત્યાહાર કરવો, ખૂબ શાન્ત બનવા પ્રયત્ન કરવો, અને અંદર શું બની રહ્યું છે તે જોવું, વસ્તુઓ અને અંદર જે બની રહ્યું છે તેમની વચ્ચેના સંબંધો જોવા, માત્ર ઉપલી સપાટી પર ન જીવવું.

હવે કોઈ પ્રશ્ન છે?

જયારે કોઈ માણસ ધ્યાન કરતો હોય ત્યારે એવી ક્ષણો આવતી હોય કે જયારે તેને દિવસો સુધી પોતાની સામે ખૂબ ગ્લાનિકારક સ્વરૂપો દેખાતાં હોય અને એવી અનુભૂતિની શરૂઆત થઈ. છેવટે અંત આવતો હોય તેનો અર્થ શો?

હા, ઘણું કરીને તેનો અર્થ એવો છે કે શાન્ત એકાગ્રતાપૂર્વ ધ્યાન કરવાને બદલે, માણસે પોતાની ચેતનાને પ્રાણિક પ્રદેશમાં અથવા અપ્રસન્નકારક માનસિક પ્રદેશમાં ખુલ્લી કરી હોય છે. તેનો એવો પણ અર્થ હોઈ શકે કે તેનો આધાર માણસે પ્રાપ્ત કરેલી વિકાસની માત્રા પર છે, અમુક કેઈસોમાં, જયારે માણસે પોતાની એકાગ્રતા પર પ્રભુત્વ મેળવ્યું હોય છે અને પોતે કયાં જઈ રહ્યો છે તે જાણતો હોય છે પણ આને માટે પણ ખૂબ સાધનાની જરૂર છે. ત્યારે પણ અમુક વ્યકિતઓ તરફથી અથવા અમુક પ્રદેશોમાંથી વિરોધી બળોનું, દુષ્ટ સંકલ્પોનું ખાસ આક્રમણ થતું હોય છે; પણ તે આક્રમણો જ હોય એવું માનવું જરૂરી

નથી; તે એમ હોઈ શકે કે તે માણસે પોતાની ચેતનાને ખૂબ ઈષ્ટ નહિ તેવા સ્થાનમાં ખુલ્લી રાખી છે, અથવા તો એમ પણ ઘણી વાર બને કે તે માણસમાં પોતામાં પ્રાણિકની અને મનની ખૂબ ઈચ્છનીય નહિ એવી અનેક ગતિઓ હોય; જ્યારે તે માણસ ધ્યાનની શાન્તિમાં પ્રવેશે છે અથવા તો બનનાર કોઈક વસ્તુની અપેક્ષાના એક પ્રકારના નિષ્ક્રિય વલણમાં પ્રવેશે છે, ત્યારે તેનામાંથી બહાર ગયેલાં આ બધાં આકંપનો તેમના અપ્રસન્નતાકારક સાચા દેખાવમાં પાછાં આવે છે. આમ ઘણી વાર બનતું હોય છે. માણસમાં ખરાબ લાગણીઓ હોય, વિધેયાત્મક રીતે દુષ્ટ નહિ, પણ છતાં અનિષ્ટ, ખરાબ વિચારો હોય, અસંતોષની, બળવાની, અધૈર્યની, અથવા સંતોષના અભાવની ગતિઓ હોય, તે કોઈકની સાથે બોલ્યા સિવાય, વિચારમાં ક્રોધે ભરાયો હોય વગેરે; જ્યારે તે માણસ શાન્ત બનીને કોઈ અનુભવ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતો હોય, ત્યારે આ બધી વસ્તુઓ તેમના સાચા રૂપમાં અર્થાત્ અપ્રસન્નતાકારક રૂપમાં તેનામાં પાછી આવે છે; તે રૂપો ખૂબ કદરૂપાં હોય છે; આ વાત મેં તમને અનેક વાર કહી છે. જો તમે તમારા વિચારો અને પ્રાણિક પ્રતિકાર્યો પર કાબૂ ન રાખો, જો તમે કોઈ માણસને અમુક કારણસર નાખુશ કર્યો હોય અને તેણે તમને કંઈક અણગમતું કહ્યું કે કર્યું હોય, અને તેથી તમે તેને વિરોધી માનતા હો અને તેથી તમને તેને એક યા તો બીજી રીતે સજા કરવાનું સ્વયંભૂ પ્રતિકાર્ય થયું હોય; જો માણસ તદ્દન પ્રાથમિક અવસ્થાનો હોય અને પરિણામે તેને વેર લેવાની વૃત્તિ જાગી હોય અથવા સામાનું કાંઈક બૂરું થાય તેવી તેણે આશા સેવી હોય આ બધાં કદરૂપાં રૂપો ધારણ કરીને તમારામાં પ્રવેશે છે.

પણ તે ખૂબ સ્વયંભૂ રીતે એક ભયંકર પ્રતિકાર્યના રૂપમાં પણ આવે, અને પછી તમે તેને માટે કોઈ વિચાર કરતા નથી. પણ જ્યારે રાતે તમે ઊંઘી ગયા હો છો, ત્યારે સોમાંથી ૯૯ વખત તે માણસ ખૂબ હિંસાવૃત્તિપૂર્વક, કાંતો તમને મારી નાંખવા અથવા તમને માંદા પાડવા, તમને બને તેટલી ઈજા પહોંચાડવા તમારી પાસે આવે છે; પછી તમારા અજ્ઞાનમાં તમે કહો છો કે તેની સાથે ગુસ્સે થવામાં હું તદ્દન સાચો હતો. પણ તે કેવળ તમારી જ રચના હોય છે, જે તમારી પાસે પાછી આવે છે, બીજું કાંઈ જ નહિ. તે માણસને તેની સાથે કશી લેવા દેવા હોતી નથી. તે તે બાબતમાં તદ્દન નિર્દોષ હોય છે. જે માણસોમાં વૈરવૃત્તિની, ક્રોધની, અથવા હિંસાની ગતિઓ હોય છે તેમને આવું દૃશ્ય ઘણી વાર દેખાતું હોય છે. સ્વપ્નમાં તેઓ હંમેશાં પોતાની ગતિઓને પ્રમાણિત કરનાર આવી વસ્તુઓ જોતા હોય છે, જ્યારે સાચી રીતે જોતાં તો તે તેમની પોતાની જ લાગણીઓની ધ્યાન

ખેંચે તેવી પ્રતિકૃતિ હોય છે. કારણકે પોતાની જ રચના આ રીતે તેની પાસે પાછી આવતી હોય છે.

તો પછી આવા પ્રસંગોએ એવા માણસે શું કરવું જોઈએ ?

શું કરવું જોઈએ ? પ્રથમ તો તમારે ખરાબ વિચારો ન કરવા જોઈએ. બીજું, તમે ખૂબ કદ્‌રૂપી, ભીષણ વસ્તુઓ જુઓ, તો પણ તમારે ડરવું ન જોઈએ, તેમના પ્રત્યે અણગમો કે વિરોધની વૃત્તિ ન રાખવાં જોઈએ; બને તેટલા શાન્ત અને વિશુદ્ધ રહેવું જોઈએ. પછી તે તમારી પોતાની રચના હશે કે બીજા કોઈકની, તે આક્રમણ હશે કે કોઈ ખરાબ સ્થાન હશે, પણ બધું ઠીક ઠાક બની જશે. પણ સૌથી વધારે આમ બનો : શાન્ત, દરેક પ્રકારના ભયથી મુકત, અણગમા વગરના, પીછે હઠ કરવાની વૃત્તિ વગરના, પરિપૂર્ણ શાન્તિપૂર્વક પૂર્ણ ઉપેક્ષા સેવતા. તો પછી તમને કોઈ વસ્તુ હાનિ નહિ પહોંચાડી શકે. તમારા પર હૂમલો કરવા આવનાર તમારો શત્રુ હશે, તો પણ તે શકિતહીન બની જશે.

અપવાદ સિવાય, બધા કેઈસોમાં, ગમે તે બને, પણ જો તમારામાં શાન્તિ, ગંભીર ભવ્ય શાન્તિ, અને દિવ્યકૃપામાં પરિપૂર્ણ શ્રદ્ધા હશે, તો તમારો વાળ વાંકો નહિ થાય. જો તમારે અનુભવો પ્રાપ્ત કરવા હોય, તો તમારે આ બધું પ્રાપ્ત કરવું પડશે, કારણકે આ વસ્તુઓ વગરના અનુભવો નકામા છે; પણ આ વસ્તુઓ સાથેના અનુભવો સરસ છે, સુંદર છે.

* * *

૧૬ માર્ચ ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" નાં
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે. આજે સાંજે નીચેની પંક્તિઓ સાથે વાચન પૂરું થાય છે :

"સર્વ વસ્તુઓ પોતાનું પુનરાવર્તન કર્યા કરે છે અને કશું જ પરિવર્તન થતું નથી, સિવાય કે દેખાવમાં, તેનું મુખ્ય કારણ અવચેતન છે. અવચેતનને કારણે લોકો કહે છે કે ચારિત્ર્યમાં કશો ફેરફાર થઈ શકતો નથી ; માણસ સદાને માટે જે વસ્તુઓથી દૂર રહેવા માગતા હતા તે સતત પાછી આવ્યા કરે છે તેનું કારણ પણ અવચેતન જ છે. જે વસ્તુને સંપૂર્ણપણે દૂર કર્યા સિવાય દબાવી દેવામાં આવે છે તે અવચેતનમાં ડૂબીને રહે છે, જેમ ગમે તે ક્ષણે ફૂટી નીકળનાર બીજ જમીનમાં રહે છે તેમ."

પણ તેથી નિરાશ થવાનું કારણ નથી, કારણકે જો તે નિરાશા જનક હોય, તો આપણે શારીરિક રૂપાંતર સિદ્ધ કરવાની આશા કદી પણ રાખી શકીએ નહિ. હવે પ્રશ્નો પૂછો.

મધુર માતાજી, અમારે અમારા પ્રાણમય સ્વરૂપમાંની અમુક વસ્તુને કઈ રીતે દૂર હટાવી દેવી કે જેથી તે અવચેતનમાં પ્રવેશી ન શકે ?

આહ !

પોતાને અણગમતી કોઈ વસ્તુને પાછી ધકકેલી દેવી અને પોતાના સ્વભાવને તદ્દન અપરિચિત એવી પોતાની ચેતનાની સ્થિતિને પરિવર્તિત કરવી એ બે વચ્ચે મહાન ભેદ છે. મોટે ભાગે માણસ પોતાને અણગમતી ગતિને પાછી ધકકેલી દે છે, પણ આ ગતિના આધાર રૂપ, ગતિને માટે હજી પણ આધાર રૂપ બની રહેલા પોતાની ચેતનાના અમુક વલણને માટે, કરચલી માટે તે કશી સાવધાની રાખતો નથી, જેથી તે વસ્તુ ચેતનામાં પ્રવેશ કરી શકે છે. તેથી ઊલટું, માત્ર ઠપકો આપવાની અને અસ્વીકાર કરવાની ગતિને બદલે, જો તે માણસ પોતાની પ્રાણિક ચેતનામાં વધારે ઊંડો પ્રવેશે અને ખૂણામાં સંતાઈ રહેલા, તેનો આધાર રૂપ, અમુક નાનકડા આકંપનને શોધી કાઢે, ઘણી વાર તે અંધકારમય ખૂણો એવો હોય છે કે તેનો શોધી કાઢવો એ કઠિન હોય છે, જો તે ખૂણાને તે પ્રયાસપૂર્વક શોધી કાઢવાની શરૂઆત કરે, અર્થાત્ જો તે માણસ અંદર જાય, એકાગ્રતા કરે, તે ગતિની પૂંછડીને તે તેનો ઉદ્‌ગમ સ્થાન સુધી અનુસરે, તો તેને કોઈ ગૂંચળું વાળીને પડેલા સર્પ જેવું કાંઈક દેખાશે, જે કેટલીક વાર એક દાણા જેટલું નાનકડું જણાશે, પણ જે ખૂબ કાળું અને અંદર ખૂબ ખુંપી રહેલું જણાશે.

પછી બે પદ્ધતિઓ છે : એક તો સત્ય ચેતનાનો એક એવો ઉગ્ર અને બળવાન પ્રકાશ તેમાં મૂકવો કે જેથી તે વિલીન થઈ જશે, અથવા તો તે વસ્તુને સાંડશી વડે હોય તેમ પકડવી, તેના સ્થાનમાંથી તે વસ્તુને બહાર ખેંચી કાઢવી અને પોતાની ચેતના સમક્ષ તેને ધરવી. પ્રથમ પદ્ધતિ મૌલિક છે, પણ માણસ હંમેશાં તે સત્યનો પ્રકાશ હોતો નથી ; એટલે માણસ હંમેશાં તે પદ્ધતિનો ઉપયોગ કરી શકતો નથી. બીજી પદ્ધતિ સ્વીકારી શકાય, પણ દાંત ખેંચી કાઢતાં જેટલી પીડા થાય છે તેટલી પીડા તે પદ્ધતિમાં થાય છે. મને ખબર નથી કે તમે કોઈ વાર દાંત ખેંચી કઢાવ્યો હતો કે નહિ, પણ તે અહીં (માતાજી પોતાની છાતીનું કેન્દ્ર બતાવે છે અને આમળવાની ગતિ કરે છે) દાંત ખેંચાવી કાઢવા જેવી પીડા ઉત્પન્ન કરે છે. અને માણસ મોટે ભાગે બહુ હિંમતવાન હોતો નથી. જ્યારે તે વસ્તુ ખૂબ પીડા પેદા કરે છે, ત્યારે તે માણસ આમ (અભિનય) તેને ભુસી નાંખવા પ્રયત્ન કરે છે, અને તેથી તે વસ્તુઓ આગ્રહપૂર્વક પાછી આવતી રહે છે. પણ જો માણસ હિંમતપૂર્વક તેને પકડીને બહાર ખેંચી કાઢે અને પોતાની જાત સમક્ષ મૂકે, તે ખૂબ પીડા કરે, છતાં પણ જો તે તેને આમ (અભિનય) પોતે સ્પષ્ટ જોઈ શકે અને તે વિલીન થઈ જાય ત્યાં સુધી પકડી રાખે, તો પછી

તે ખતમ થઈ જાય છે. બીજી વાર તે વસ્તુ તેની અવચેતનામાં સંતાઈ નહિ રહે, ફરી તમને હેરાન કરવા માટે નહિ આવે. પણ આ એક મૌલિક ક્રિયા છે; શસ્ત્ર-ક્રિયાની પેઠે તેને કરવી જોઈએ.

પ્રથમ તમારામાં તેની શોધ માટે ખૂબ ખંત હોવી જોઈએ, કારણકે જ્યારે માણસ આવી વસ્તુઓની શોધ શરૂ કરે છે, ત્યારે મન આવીને તેની શોધ ન કરવા માટેનાં ૧૦૧ અનુકૂળ કારણો, સમજૂતિઓ આપે છે. મન તમને કહે છે કે "શા માટે? ના, તે તમારા દોષ જરા પણ નથી; દોષ તો આ વસ્તુનો છે, પેલી વસ્તુનો છે, સંજોગોનો છે, માણસોનો છે. વસ્તુઓ તો બહારથી આવતી હોય છે." મન આવાં અનેક પ્રકારનાં સુંદર બહાનાં કાઢશે. જો તમારો નિશ્ચય બહુ દૃઢ નહિ હોય, તો તમે તે વસ્તુઓને જતી કરશો અને પછી બધું ખતમ થઈ જાય છે. એટલે થોડાક સમય પછી તેનું તે જ કાર્ય ફરી શરૂ થાય છે. તમે જે ખરાબ આવેગને, ગતિને અથવા વસ્તુને ઇચ્છતા ન હતા તે પાછી આવે છે અને તેથી તમારે ફરી તે વસ્તુ શરૂ કરવી પડે છે. જ્યાં સુધી તમે શસ્ત્રક્રિયા કરવાનો નિર્ણય કરતા નથી, ત્યાં સુધી આમ જ ચાલ્યા કરે છે. જ્યારે શસ્ત્રક્રિયા કરવામાં આવે છે, ત્યારે બધું પતી જાય છે, માણસ તેમાંથી મુકત બની જાય છે. પણ મેં કહ્યું તેમ, તમારે માનસિક બહાનાંનો વિશ્વાસ ન કરવો જોઈએ, કારણકે જ્યારે જ્યારે માણસ એમ કહે છે કે "હા, હા, બીજા સમયો પર તો તે તે પ્રમાણે હતું, પણ આ વખતે તો સાચે જ મારો દોષ નથી, મારો દોષ નથી." પછી બધું ખતમ થઈ જાય છે. તમારે તે ક્રિયા ફરી શરૂ કરવાની રહે છે. અવચેતન ત્યાં છે, છે વસ્તુ ત્યાં જઈને રહે છે, ખૂબ આરામપૂર્વક રહે છે, અને જે પ્રથમે દિવસે તમે સાવધાન નથી હોતા ત્યારે તે બહાર કૂદી આવે છે, અને તે લાંબો સમય રહે છે. હું એવા લોકોને ઓળખું છું જેમનામાં તે ૩૫ વર્ષ સુધી ચાલ્યું હતું, અંદર રહ્યું હતું, કારણકે જે જરૂરી હતું તે એક વાર પણ કરવાનો તેમણે નિર્ણય કર્યો ન હતો.

હા, તે થોડીક પીડા કરે છે, પણ પછી તે પતી જાય છે.

બસ? કોઈને કશું પૂછવું નથી? પણ તમારે કંઈક પૂછવું હતું ને?

આ વિષયથી બહારનું કાંઈક પૂછવું હતું.

આ વિષયથી બહાર? આ વિષયમાં તો બધી વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. તો પછી તે આ વિષયની બહારનું કેવી રીતે હોઈ શકે? આપણને કહેવામાં આવ્યું છે કે અવચેતન વૈશ્વિક છે.

માતાજી; જ્યારે, કોઈ માણસ અહીં હોય અને પૂર્ણ યોગની સાધના કરતો હોય ત્યારે એમ નથી કે.....

માણસ અહીં છે તેનો અર્થ શો છે? આશ્રમમાં કે વર્ગમાં? વર્ગમાં નહિ? (હસાહસ)

અમે વર્ગમાં પણ છીએ અને આશ્રમમાં પણ છીએ.

આહ, ઠીક! પછી તમારે શું પૂછવું છે?

શું તે નક્કી છે કે હવે પછીના જન્મમાં પણ એ માણસ અહીં અથવા આશ્રમમાં હશે? કે પછી તે બીજા અનુભવો માટે બીજે ક્યાંક જશે?

તેનો આધાર તે તે કેઈસો ઉપર છે. પ્રથમ તો, તમે બીજો જન્મ શેને કહો છો? મરી ગયા પછી લોકો બીજું શરીર ધારણ કરે છે તે ને?

હા.

ઠીક; પણ તેનો આધાર કેવળ તેઓ જે સ્થિતિમાં મરી ગયા હતા તેની પર અને તેમની છેલ્લી ઈચ્છા પર રહે છે, તેમના ચૈત્યિકના નિર્ણય પર રહે છે.

મેં તમને અનેક વાર કહ્યું છે કે મૃત્યુ પછીની ભવિતવ્યતા માટે, ચેતનાની આખરી અવસ્થા મોટે ભાગે સૌથી વધારે મહત્ત્વની છે. અર્થાત્ જો મૃત્યુની છેલ્લી ક્ષણે માણસને પોતાનું કામ ચાલુ રાખવા માટે પાછા આવવાની ઉત્કટ અભીપ્સા હોય, તો તેમ બને તેવી સ્થિતિઓ ગોઠવાય છે. પણ મૃત્યુ પછી જે બને છે તેને માટે અનેક પ્રકારની શક્યતાઓ છે. એવા લોકો છે કે જેઓ ચૈત્યિકમાં પાછા આવે છે. મેં તમને કહ્યું છે કે વધારે બાહ્ય અસ્તિત્વ ભાગ્યે જ સચવાઈ રહે છે; એટલે આપણે હંમેશાં ટકી રહેતી ચૈત્યિક ચેતનાની જ વાત કરીએ છીએ, એવા લોકો છે જેમને માટે તેમને જે અનુભવ થયો હતો તેને પચાવવા માટે અને તેમનું ભાવિ જીવન તૈયાર કરવા માટે ચૈત્યિક અસ્તિત્વ ચૈત્યિક પ્રદેશમાં પાછું આવે છે. તેને માટે સૈકાઓ વીતી જાય; તેનો આધાર તે માણસો પર હોય છે.

જેમ જેમ ચૈત્યિક વધારે ઉત્ક્રાન્ત થયું હોય, તે પરિપૂર્ણ પરિપક્વતાની વધારે નજીક હોય, તેમ તેમ બે જન્મોની વચ્ચે વધારે સમય વીતી જાય છે. કેટલાંક પ્રાણીઓ માત્ર હજાર, બે હજાર વર્ષ પછી પુનર્જન્મ ધારણ કરે છે.

માણસ જેમ જેમ રચનાના પ્રારંભની વધારે નિકટ હોય, તેમ તેમ પુનર્જન્મો વધુ જલ્દી થતા હોય છે. કેટલીક વાર માણસ તદ્દન નિમ્નતર સ્તર પર હોય, પશુની તદ્દન નજીક હોય, ત્યારે આમ બનતું હોય છે (અભિનય), અર્થાત્ લોકો પોતાનાં બાળકોનાં બાળકો થઈને જન્મે છે, અથવા માત્ર બીજી પેઢીમાં જ જન્મે છે. પણ ઉત્ક્રાન્તિની ખૂબ પ્રાથમિક સ્તર ઉપર, અને જ્યારે ચૈત્યિક અસ્તિત્વ બહુ સભાન ન હોય, ત્યારે હંમેશાં આમ બનતું હોય છે; ત્યારે ચૈત્યિક રચનાની અવસ્થામાં હોય છે. જેમ જેમ ચૈત્યિક વધારે વિકસિત બને છે, તેમ તેમ મેં કહ્યું તેમ પુનર્જન્મો વચ્ચે સમયના લાંબા ગાળા આવી જાય છે. જ્યારે ચૈત્યિક અસ્તિત્વ પૂર્ણ રીતે વિકસ્યું હોય છે, જ્યારે તેને પોતાના વિકાસ માટે પૃથ્વી પર પાછા આવવાની જરૂર હોતી નથી, જ્યારે તે તદ્દન મુક્ત હોય છે, ત્યારે જો તેને એમ લાગે કે મારું કાર્ય બીજે કયાંક છે, અથવા જો તે કેવળ વિશુદ્ધ ચૈત્યિક ચેતનામાં રહેવાનું પસંદ કરે, પુનર્જન્મ ધારણ કરવાનું પસંદ ન કરે, તો તેમ કરી શકે છે, અથવા તો જ્યારે તેની ઇચ્છા થાય ત્યારે, તે સ્થાને, પરિપૂર્ણ સભાનતાપૂર્વક ત્યાં આવી શકે છે. કેટલાક લોકોએ વૈશ્વિક પ્રકારનાં અને અધિમનસનાં અથવા બીજેના તત્ત્વો સાથે એકતા સાધી હોય છે; તેઓ સઘળો સમય પૃથ્વીના વાયુ મંડલમાં રહે છે અને પોતાના કાર્ય માટે, એક પછી બીજો એમ, અનેક જન્મો ધારણ કરે છે. એનો અર્થ એવો છે કે જ્યારે ચૈત્યિક અસ્તિત્વ પરિપૂર્ણ રીતે રચાઈ ગયું હોય છે અને તદ્દન સ્વતંત્ર બની ગયું હોય છે, ત્યારે તે પોતાની મરજી મુજબ ગમે તે કાર્ય કરી શકે છે; તેનો આધાર તેની પસંદગી પર હોય છે. એટલે કોઈ પણ માણસ એમ ન કહી શકે કે આમ કે તેમ થશે જ, તે ચૈત્યિક પોતાની મરજી મુજબ ગમે તે કરી શકે છે; પોતાના મૃત્યુ સમયે તેવી જાહેરાત પણ કરી શકે (આમ બનેલું છે) કે આવતા જન્મમાં હું આ રીતે અમુક સ્થળે જન્મ લઈશ અને આ કાર્ય કરીશ. પોતે જે કરવાનો છે તેની પસંદગી તેણે કરી લીધી હોય છે. પણ આવી સ્થિતિ વિરલ હોય છે; તેનો આધાર ચૈત્યિકના વિકાસની માત્રા પર અને તેની સમગ્ર ચેતના વડે રચાયેલી આશા પર હોય છે; ત્યારે હજી પણ તેની માનસિક, પ્રાણિક અને શારીરિક ચેતના ચૈત્યિક ચેતના સાથે જોડાયેલી હોય છે; એટલે મૃત્યુ સમયે તે અમુક આશાની, અભીપ્સાની, અથવા સંકલ્પની રચના કરે છે, અને મોટે ભાગે આ તેના ભાવિ જીવનને નક્કી કરે છે.

એટલે માણસ એમ ન પૂછી શકે કે શું બને છે અને શું કરવું જોઈએ? સર્વ શકય વસ્તુઓ બને છે, અને દરેક વસ્તુ કરી શકાય છે.

દરેક માણસના મનમાં એક વસ્તુ હોય છે : તે એક સામાન્ય પ્રશ્ન પૂછે છે, પણ તેના મનમાં અમુક ખાસ વિચાર, પ્રશ્ન હોય છે; પણ આવી વસ્તુઓની માણસ જાહેરમાં ચર્ચા કરતો નથી.

(માતાજી પવિત્ર પ્રત્યે વળે છે) પવિત્ર, તમારે કોઈ પ્રશ્ન પૂછવો છે? (પવિત્ર જવાબ આપે છે કે ના.) આહ, એ દયાજનક છે.

માતાજી, અહીં એમ કહેવામાં આવ્યું છે કે સત્યનો પ્રકાશ હંમેશાં માણસ આગે ત્યારે તેની પાસે હાજર નથી રહેતો...

તે હંમેશાં તેની પાસે હોય જ છે; પણ માણસ હંમેશાં તેનો ઉપયોગ નથી કરી શકતા.

પણ જો.....

તે હંમેશાં પાસે છે જ; તે સર્વત્ર છે; પણ તે તમારા હાથમાં નથી અર્થાત તેનો ઉપયોગ કેમ કરવો તે તમે જાણતા નથી.

પણ તેનો ઉપયોગ કેવી રીતે કરવો એ પૂછવા કોઈ માણસ તમારી પાસે આવે તો?

આહ! પણ માણસે અંગત પ્રશ્નો ન પૂછવા જોઈએ. અલબત્ત, જો તમારાંમાંનો કોઈ પણ બાળક મને એમ પૂછે કે મારે શું કરવું જોઈએ? તો હું તમને કહીશ કે "મારાં બાળકો, તે બહુ સહેલું છે, તમારે માત્ર મને બોલાવવાની છે; પછી જ્યારે તમને મારો સંપર્ક અનુભવાય, ત્યારે તમારે તે સંપર્કને તે ભાગ પર મૂકવો, જ્યાં સુધી તે તમારો ભાગ બધું સમજી જાય ત્યાં સુધી."

પણ તમારે જાણવું જોઈએ કે તેથી થોડીક પીડા તમને થાય છે, હું તમને ચેતવું છું, કારણકે તે વસ્તુ કયાંક ચીટકી રહે છે; તેને બહાર ઊખાડી લેવા માટે તમારામાં હિમત હોવી જોઈએ. જ્યારે તમે તેના પર સત્યનો પ્રકાશ મૂકો છો, ત્યારે કેટલીક વાર તમને બળતરા થાય છે, પીડા થાય છે; તે સહન કેવી રીતે કરવી તે તમારે જાણવું જોઈએ. તેને માટે દિલની સચ્ચાઈ બસ છે. ઓહ, તે પીડા કરે છે એમ કહીને તમારી જાતને બંધ કરી દેવાને બદલે, તમારે ખૂબ ખુલ્લા બનીને તે પ્રકાશને પરિપૂર્ણ રીતે સ્વીકારી લેવો જોઈએ.

કેટલાક માણસોના મસ્તિષ્કમાં અનેક પ્રકારની, નાનકડી, અંધકારમય વસ્તુઓ હોય છે. કેટલાક લોકોમાં તે અહીં (માતાજી હૃદય તરફ અંગૂલિ-નિર્દેશ કરે છે) હોય છે. બીજાઓમાં તે વધારે નીચે હોય છે; તેનો આધાર તે માણસ પર છે.

પણ દરેક જણ માટે વસ્તુ તેની તે જ હોય છે, આ હું એટલા માટે કહું છું કે જો કોઈ માણસ, પછી તે ગમે તે હોય, કાર્ય કરે, તો પરિણામ હંમેશાં તે જ આવે છે, પછી તે અંધકારમય વસ્તુ મસ્તિષ્કમાં હોય, છાતીમાં હોય, કે ચેતનાનાં સર્વ કેન્દ્રોમાં હોય. જો માણસ થાકયા વગર, ક્રમે ક્રમે પોતાની શોધને આગળ ધપાવે, તો તે હંમેશાં કોઈક વસ્તુને પહોંચે છે; દૂરથી તે એક નાના, કાળા દાણા જેવી દેખાય છે; પણ જો માણસ દરકારપૂર્વક તેની નજીક પહોંચે તેનો આધાર માણસની એકાગ્રતાની માત્રા પર હોય છે, તો તે એક ખૂબ નાના પરમાણુ જેટલા સર્પ જેવી દેખાય છે, જે ગૂંચળું વાળીને પડેલો હોય છે. પછી તે માણસ તેની પુંછડી પકડીને તેને બહાર ખેંચી કાઢે છે.

મધુર માતાજી, જેટલી ખરાબ ગતિઓ છે, શું તેટલાં સર્પો હોય છે?

હા, ચોકકસ તેટલી સંખ્યાના! (હસાહસ) સર્પોનું લશ્કર હોય છે. જ્યારે તે મસ્તિષ્કમાં હોય છે, ત્યારે તે સતાવે છે, કારણકે તેથી તેમને ખોળી કાઢવાનું કાર્ય વધારે કઠિન હોય છે; ત્યારે માણસમાં એટલા બધા ખોટા વિચારો હોય છે કે તેમને વ્યવસ્થિત રીતે ગોઠવવા એ બહુ કઠિન છે. જ્યારે તે અહીં (માતાજી પોતાની છાતીના કેન્દ્રને બતાવે છે) હોય છે, ત્યારે તેમને શોધી કાઢવા અને તેમનામાં સુધારો કરવો એ સહેલામાં સહેલું છે. પણ ત્યાં તેઓ સૌથી વધારે પીડા કરે છે. પણ તે એક એવું સ્થાન છે કે જ્યાં તેમને બહુ સહેલાઈથી શોધી શકાય છે અને તેમનામાં મૌલિક સુધારો કરી શકાય છે. વધારે નીચે, પ્રાણિકમાં તે વધારે અસ્પષ્ટ અને ગૂંચવાયેલા હોય છે; તેમનામાં સંમિશ્રાણ થઈ ગયેલું હોય છે, તેમની સંખ્યા પણ મોટી હોય છે. તેમની શોધી કાઢતા પહેલાં, તમારે પ્રથમ પ્રાણિકમાં થોડીક વ્યવસ્થા સ્થાપવી જોઈએ. કેટલાક તો આમ (અભિનય) ગૂંચવાઈ ગયેલા હોય છે. દા. ત. કેટલાક લોકોમાં એકદમ ગુસ્સે થઈ જવાનું વલણ હોય છે, ક્રોધ ઓચિંતો તેમના પર પકડ જમાવે છે. યુફ! તેઓ ભીષણ રીતે, ક્રોધાવિષ્ટ થઈ જાય છે. ત્યારે માણસે અહીં તેનું કારણ શોધવું જોઈએ, હૃદયમાં. અહીં બધું ગુંચવાઈ ગયેલું, સંમિશ્રિત થઈ ગયેલું હોય છે. માણસે ત્યાં ખૂબ ઊંડે અને ઝડપભેર જવું જોઈએ, કારણકે, એ પૂરતા વેગથી પ્રસરી જાય છે. જ્યારે તે પ્રસરી જાય છે, ત્યારે તે કાળા ધૂમાડાનો જથ્થો બની જાય છે, જે ઉપર ચઢે છે અને ચેતનાને બોજા રૂપ બની જાય છે; ત્યાં કોઈ વ્યવસ્થા સ્થાપવી એ ખૂબ ખૂબ કઠિન છે. પણ જ્યારે માણસને એમ લાગે કે ક્રોધ ઉપર ચઢવાની તૈયારી કરી રહ્યો છે, ત્યારે જો તે તરત જ વેગપૂર્વક પ્રાણિક કેન્દ્રમાં પહોંચી જાય, અને પાસે સારી

રીતે પ્રકાશ આપતી ટોર્ચ હાથમાં રાખીને પહોંચી જાય, તો તે માણસ તે ખૂણાને શોધી કાઢી શકે છે. ખૂણાને શોધી કાઢયા પછી, જો માણસે તેને ફડાક દઈને પકડે, તો પતી ગયું, ક્રોધ, તે માણસને કોઈ શબ્દ કહેવાનો વખત મળે ત્યાર પહેલાં, તરત જ અદૃશ્ય થઈ જાય છે. આ તો હું એક દાખલો આપું છું, પણ તેવા બીજા સેંકડો દાખલા છે. બધી લાગણીઓ, મિથ્યાભિમાન, મહત્ત્વાકાંક્ષા, આવેગ, ભૌતિક આવેગ, જેને માણસો પ્રેમ કહે છે (હું પ્રેમ શબ્દ વાપરવાનું પસંદ નથી કરતી, કારણકે એ પ્રેમની મશ્કરી છે) તે બધું, બધી આસક્તિઓ, બધા લાગણીવેડા પ્રાણિકમાં છે.

અને મસ્તિષ્કમાં ?

આહ ! મસ્તિષ્કમાં વિચારની બધી વિકૃતિઓ, અનેક પ્રકારના દ્રોહની વૃત્તિઓ, છળકપટો હોય છે. માણસ પોતાના આત્માને એટલી બધી વાર અને આગ્રહપૂર્વક છેહ દેતો હોય છે કે તે એક ભીષણ વસ્તુ છે. સર્વ નિર્ણયો, દૃષ્ટિબિંદુઓ, હું તમને કહેતી હતી તેવી અનુકૂળ સમજૂતિઓ, બીજાઓની ટીકા કરવાની એક પ્રકારની ટેવ, આ બધું મસ્તિષ્કમાં હોય છે. જ્યારે માણસને કાંઈ સાંભળવાનું ગમતું નથી, ત્યારે કોઈ ઉચ્ચતર વસ્તુ તમને તમારો દોષ બતાવી આપે છે, ત્યારે માણસને કોઈ સમજૂતિ શોધી કાઢવાની, વિચારની કડક ટીકા કરવાની ટેવ હોય છે; કેટલાક લોકો તેને હસી કાઢે છે, કેટલાક લોકો તરત જ બીજા કોઈ સામાન્ય વિચાર વડે તેનો વિરોધ કરે છે. મસ્તિષ્કમાં જે બજાર છે તેની તમે કલ્પના પણ ન કરી શકો ! તેઓ ભયંકર વસ્તુ છે. તમારા મસ્તિષ્કમાં જે ચાલી રહ્યું છે તેને જો તમે સાચી રીતે, વિષયગત રીતે જુઓ, તો તે એક ભયંકર વસ્તુ છે, તમે તેમાં કંઈક વ્યવસ્થા સ્થાપો ત્યાર પહેલાં, સ્પષ્ટ રીતે તે બધું જુઓ, તેને બરાબર ગોઠવો, જેથી બે વિરોધી વિચારો સમાંતર રેખામાં ન ગોઠવાઈ જાય.

હું એવા અનેક લોકોને જાણું છું કે જેઓ પોતાના મનમાં વિરોધી વિચારોને આશ્રય આપે છે, જે વિચારો સંગઠિત કરવામાં આવ્યા હોતા નથી, જેમનો સમન્વય કરવામાં આવ્યો હોતો નથી, તેમને માટે તો સમન્વય કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. તે મરણિયા રીતે પરસ્પરવિરોધી વિચારો ભ્રાતૃભાવ સાથે તેમના મસ્તિષ્કમાં સહનિવાસ કરીને રહેતા હોય છે, કે જે વિચારો એક જ સ્થાને ન રહી શકે તેવા હોય છે. તમે તેમને એક વિશાળ સમન્વયમાં ગોઠવી શકો છો; પણ તે તો એક ઉચ્ચતર કોટિનું કાર્ય છે. જે બે વસ્તુઓનાં, વિચારોનાં પરિણામો એકબીજાથી તદ્દન વિરુદ્ધનાં હોય, જે વિચારો એક જ હકીકતની તદ્દન વિરોધી

સમજૂતિઓ હોય, તે બે વસ્તુઓ સાથે સાથે મસ્તિષ્કમાં રહેતી હોય છે. કેટલીક વાર તો તે બે વિચારો એટલા બધા નિકટ હોય છે કે માણસને એમ લાગે કે તેઓ પોતાના સંયોગની (સંયુકતપણાની) હાસ્યાસ્પદતાની મુશ્કેલી અનુભવ્યા સિવાય, સંયુકત બનીને રહે છે.

મારે એક દિવસ તમને તેના અનેક દાખલા આપવા જોઈએ. હું તમને ઘણી વાર આ કહું છું, પણ મેં તમને કદી પણ તેના દાખલા નથી આપ્યા. પણ એક દિવસ હું તમારે માટે તે દાખલાઓને એકઠા કરીશ અને તમારી આગળ રજૂ કરીશ. તમે જોઈ શકશો કે જો તે શોચનીય ન હોત, તો હાસ્યાસ્પદ બની જાય. જે લોકોમાં આવું હોય તે તેમાંના ઘણાખરા તો તે જોતા હોતા પણ નથી; તેનાથી તેમને જરા પણ દુ:ખ થતું નથી. જો તમારામાં વસ્તુઓ વિષે કેટલાક વિચારો હોય, તમારામાં વસ્તુઓ વિષે, જગત વિષે, જીવન વિષે, અસ્તિત્વના લક્ષ્ય વિષે, ભાવિ સાક્ષાત્કાર વિષે કેટલાક વિચારો હોવા જોઈએ; હકીકતમાં તમારામાં ઘણા વિચારો હોય જ છે; પણ તમે એક દિવસ આ ક્રીડાનો પ્રયોગ કરો, આ સર્વ વિચારોને તમારી સમક્ષ આમ (અભિનય) મૂકો, પછી તેમને ગોઠવો; તેમ કરવું તે બહુ સહેલું છે; પણ તેમને જોવાથી તમને ખૂબ ગમ્મત પડશે, તમે આશ્ચર્યકારક વસ્તુઓ જોશો.

માત્ર તમારા વિચારો એકઠા કરીને તમારી સમક્ષ, એકબીજા સાથે મૂકો, ગમે તે કોઈ વિષય પરના વિચારોને, જાણે તમને તે વિષય ઉપર નિબંધ લખવાનું કહેવામાં આવ્યું હોય તેમ ગોઠવો, તો તમને તેમાં ખૂબ ગમ્મત પડશે. જો તમારામાં કોઈ કેન્દ્રીય વિચાર, કેન્દ્રીય સત્ય રાખવાની ટેવ નહિ હોય, કે જેની આસપાસ તમે તમારા તે વિચારોને ગોઠવી શકો, તર્કયુકત રીતે, તેમના પરસ્પરના સંબંધમાં, દરેક વિચારને તેની યોગ્ય જગ્યાએ મૂકીને, સંગઠિત કરી શકો, તે વિચારોની એક સ્થાપત્યમય ઈમારત રચી શકો, અને મનમાં તેમને વાંચવા પ્રયત્ન કરી શકો, તો તમને તેમાં સાચે જ કાંઈક હાસ્યાસ્પદ જણાશે, જે શોચનીય નહિ, તો ખૂબ હાસ્યાસ્પદ હશે. માત્ર એક કલાકમાં તમે કેટલા મોટા પ્રમાણમાં પરસ્પર વિરોધી વિચારો, આશ્ચર્ય પામ્યા સિવાય કરી શકો છો તેની તમે કલ્પના પણ ન કરી શકો.

તે પર નિબંધ લખવાનું કહેવું એ એક સુંદર અભ્યાસ છે. જીવનનું લક્ષ્ય શું છે, પૃથ્વી પરના અસ્તિત્વનો હેતુ શો છે, શું માણસો માત્ર મરી જવા માટે જ જન્મે છે? આવા કોઈ વિષય પર નિબંધ લખવો એ એક સુંદર અભ્યાસ ૭.

છે. હું તમને એવો વિષય નથી આપતી કે આજ તમે ફૂટબોલ શા માટે રમ્યા અને કાલે બાસ્કેટબોલ શા માટે રમશો? કારણકે તેની સમજૂતિ તો તમે હંમેશાં આપી શકો તેમ છો. હું તમને વધારે સામાન્ય વસ્તુઓ વિષે કહી રહી છું તે વિષય પરના તમારા વિચારો ગોઠવો; તમને તે બહુ હાસ્યાસ્પદ જણાશે.

કેટલીક વાર કોઈ પુસ્તક વાંચતાં માણસને વિચારો આવે છે; મધુર માતાજી, માણસ પોતાના અને બીજાના વિચારો વચ્ચે ભેદ કેવી રીતે કરી શકે?

ઓહ! બીજા માણસનો વિચાર અને પોતાનો વિચાર, એવું કાંઈ છે જ નહિ.

કોઈ પણ માણસમાં માત્ર પોતાના વિચારો હોતા જ નથી. તે અનેક વિચારોમાંથી, પોતાની અંગત સમાનતા અનુસાર, વિચારોને ખેંચી લેતો હોય છે. વિચારો એ સામૂહિક મિલ્કત છે, સામૂહિક સમૃદ્ધિ છે.

માત્ર ભિન્નભિન્ન અવસ્થાઓ હોય છે. એક સર્વસાધારણ સ્તર છે, જેમાં આપણાં મસ્તિષ્કો સ્નાન કરે છે. તે સ્તર દરેક જણનું હોય છે. પછી વિચારકો માટે જરાક ઉચ્ચતર સ્તર હોય છે. તેનાથી પણ ઉચ્ચતર સ્તરો હોય છે, ઘણા સ્તરો હોય છે, જે શબ્દોમાં અવર્ણનીય છે, અને છતાં પણ જે વિચારોના જ પ્રદેશો છે. કેટલાક શક્તિશાળી લોકો ઊર્ધ્વમાં ઝડપી ઉડ્યન કરી શકે છે, પ્રકાશ જેવી કોઈક વસ્તુને પકડી શકે છે, તે પ્રકાશને, તેના વિચારોના સમગ્ર સમૂહ સાથે નીચે ઉતારી શકે છે. ઉચ્ચતર પ્રદેશમાંથી નીચે લેવાયેલો વિચાર પોતાની જાતને સંગઠિત કરે છે, જેને અનેક વિચારોમાં ભિન્ન-ભિન્ન રીતે અભિવ્યકત કરી શકાય છે; પછી જો તમે લેખક, કવિ, કે કલાકાર હો, તો તમે તેને વધારે નીચે લાવીને એક જ નાનકડા વિચારની આસપાસ અનેક પ્રકારની ભિન્ન-ભિન્ન અભિવ્યકિતઓ પ્રગટ કરી શકો છો. પણ તે મૂળ વિચાર એક ખૂબ ઊંચા સ્તરમાંથી આવેલો હોય છે. જ્યારે તમને તેમ કરતાં આવડે છે, ત્યારે તે વખતે વિશુદ્ધ વિચાર અને તેને અભિવ્યકત કરવા માટેની પદ્ધતિ વચ્ચે ભેદ પારખતાં શીખવાડે છે.

કેટલાક લોકો પોતાના મસ્તિષ્કમાં તેમ કરી શકતા નથી. કારણકે તેમનામાં કલ્પના કે લખવાની શકિત હોતી નથી, પણ બીજાઓનાં લખાણોનું અધ્યયન કરીને તેઓ તેમ કરી શકે છે. દા. ત. ઘણા કવિઓ હોય છે કે જેમણે એક જ વિચારને અભિવ્યકત કર્યો હોય છે, પણ તે એવા ભિન્નભિન્ન રૂપમાં કે જ્યારે કોઈ માણસ તેમને વાંચે છે, ત્યારે તે ખૂબ રસપ્રદ થઈ પડે છે, તેમને કે જેમને વાંચ-

વામાં પ્રેમ છે અને જેઓ ખૂબ વાચન કરે છે. આહ! આ વિચારને અમુક કવિએ આમ વર્ણવ્યો છે, બીજાએ તેમ વર્ણવ્યો છે, ત્રીજા કવિએ તેની રચના આ રીતે કરી છે વગેરે. આમ તમને એક જ ઊર્ધ્વના વિચારની ભિન્નભિન્ન કવિઓએ કરેલી ભિન્નભિન્ન અભિવ્યક્તિઓ પ્રાપ્ત થાય છે. તમે જોઈ શકશો કે મૂળ વિચાર અને માનસિક, વિચારશીલ અથવા કલામય માનસિક જગતમાં કરાયેલી તેની રચના વચ્ચે લગભગ તાત્ત્વિક ભેદ હોય છે. આવી માનસિક કસરત-બાજી જેને ગમે છે તેને માટે આ એક સુંદર વસ્તુ છે.

જો તમારે સાચી રીતે બુદ્ધિશાળી બનવું હોય, તો તમારે માનસિક કસરતબાજી કેવી રીતે કરવી તે જાણવું જોઈએ, જેમ જો તમારે શરીરને ખૂબ બળ-વાન બનાવવું હોય, તો તમારે શારીરિક વ્યાયામ કરવો પડે છે તેમ. તે બંને એક જ વસ્તુનો પ્રકાર છે. જેમણે માનસિક કસરતબાજી કરી હોતી નથી તેમનાં મસ્તિષ્કો ગરીબ અને નાનકડાં હોય છે, ખૂબ ખૂબ ભોળાં હોય છે; તેઓ આખું જીવન બાળકોની પેઠે જ વિચાર કરતા હોય છે. માણસે આ કેવી રીતે કરવું તે જાણવું જોઈએ; તેનો અર્થ એવો નથી કે તેમનામાં ખાતરીઓ હોય જ નહિ. અને તેઓ એમ જ કહે કે "આ વિચાર સાચો છે અને પેલો વિચાર ખોટો છે; આ રચના બરાબર છે અને પેલી રચના બરાબર નથી, આ ધર્મ સાચો છે અને પેલો ધર્મ સાચો નથી" વગેરે. જો તમે એમ કરો, તો તે નરી મૂર્ખતા છે.

પણ જો તમે તે બધું જુઓ, દા. ત. એક પછી એક એમ, બધા ધર્મોને લો અને જુઓ કે પરમાત્મા માટે માણસની એક જ અભીપ્સાને તેમણે કેવી ભિન્નભિન્ન રીતે વ્યકત કરી છે, તો તે ખૂબ રસપ્રદ બની જાય; પછી તમે તે બધી વસ્તુઓ સાથે ક્રીડા કરી શકો. પછી જ્યારે તમે તે બધા પર પ્રભુત્વ મેળવો, ત્યારે તમે તેનાથી ઊર્ધ્વમાં ઉઠી શકો, અને સ્મિત સાથે, સર્વ સનાતન માનવી ચર્ચાઓ પ્રત્યે જોઈ શકો. ત્યાં તમે વિચારના સ્વામી બની જાઓ છો; પછી તમારાથી ભિન્ન વિચાર ધરાવનાર માણસ પ્રત્યે તમને ક્રોધ નહિ થાય, જે ક્રોધ કમનસીબે આ જગતમાં એક સર્વસાધારણ રોગ છે.

બસ,, હવે કોઈને પ્રશ્ન પૂછવાનો છે? નહિ ને?

બસ, હવે આપણે અટકીશું.

* * *

૨૩ માર્ચ ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે.

શ્રી અરવિંદ અહીં કહે છે કે "જે વસ્તુઓનો આપણે અસ્વીકાર કરીને આપણા સ્વભાવમાંથી જેમને બહાર ફેંકી દઈએ છીએ, પણ જે પાછી આવે છે, તેનો આધાર એના પર છે કે તમે તેમને ક્યાં ફેંકી દો છો. ઘણી વાર તેને વિષે એક પ્રકારની પદ્ધતિ હોય છે." મધુર માતાજી, તે પદ્ધતિ કયો છે ?

તેનું વર્ણન તે પાછળથી કરે છે, પાછળથી તે સમજાવે છે કે જેમનામાં હોય છે તેને પ્રાણિકમાં ફેંકી દેવામાં આવે છે, જે ઉચ્ચતર પ્રાણિકમાં હોય છે તેને નિમ્નતર પ્રાણિકમાં ફેંકી દેવામાં આવે છે, અને જે નિમ્નતર પ્રાણિકમાં હોય છે તેને શારીરિકમાં ફેંકી દેવામાં આવે છે, અને જે શારીરિકમાં હોય છે તેને અવચેતનમાં ફેંકી દેવામાં આવે છે. શ્રી અરવિંદ આ બધું કહે છે.

પણ હું ધારતો હતો કે આ ફેંકી દેવા માટે કોઈ એક પ્રક્રિયા હશે ?

ના, આ જ પદ્ધતિ અથવા પ્રક્રિયા છે કે અસ્તિત્વના નિમ્નતર ભાગમાં હંમેશાં તે ફેંકી દેવું, અને તેનું છેલ્લું આશ્રયસ્થાન અવચેતન છે એમ શ્રી અરવિંદ

કહે છે. જો સાચું કહ્યું તો, કોઈક વસ્તુથી મુકત બનવા માટે તમારે સીધા અવ-ચેતનમાં જવું જોઈએ; જો કોઈ માણસ ત્યાં પણ તેનો પીછો કરે છે, તો તે વસ્તુ ત્યાંથી નીચે જઈ શકતી નથી. એટલે તેને માટે એક જ ઉકેલ છે, તેનું રૂપાંતર કરવું તે.

વધારે આગળ ગયા સિવાય માણસ તેનું રૂપાંતર ન કરી શકે?

કરી શકે. પણ તે ખૂબ કઠિન છે, પણ માણસ તે કરી શકે, કારણકે અસ્વીકાર કરવો એ શ્રેષ્ઠ પદ્ધતિ નથી. એમ કરવું (અભિનય) તે સહેલામાં સહેલો માર્ગ છે. કશુંક તમને સતાવે છે, ત્યારે તમે આમ (અભિનય) કરો છો, તમે માંખોને ઉરાડી મૂકો છો તેમ કરો છો. પણ માંખોની પેઠે તે એક ગોળચક્કાવો લઈને ફરી તમારી પાસે પાછું આવે છે.

પણ જે જરૂરી છે તે મેં તમને ગઈ વખતે વિસ્તારપૂર્વક સમજાવ્યું હતું. તે શા માટે આવે છે તે શોધી કાઢવું અને તેના કારણ તે જ પરિવર્તિત કરવું. પછી તે ફરી પાછું આવતું નથી; તમારે તેની સાથે પછી કોઈ સંબંધ રહેતો નથી.

વસ્તુઓ તમારી પાસે આવે છે, કારણકે તેમને તમારી સાથે કોઈ સંબંધ હોય છે; તમારામાં એવી કોઈક વસ્તુ છે જેને તેઓ ચીટકી રહી શકે, તમારામાં કયાંક એવા પ્રકારની સહાનુભૂતિ છે, જે બહુ સભાન અથવા બહુ ખુલ્લી હોતી નથી, પણ તે હોય છે ખરી. જો તે સહાનુભૂતિ તમારામાં ન હોય, તો પછી વસ્તુ તમારામાં આવે જ નહિ. જો એક વાર તમે તમારા સ્વભાવના આવશ્યક મુદ્દાઓમાં પરિવર્તિત કર્યું હોય, તો એવી અનેક વસ્તુઓ છે કે જે પછી તમને સતાવવા માટે ન આવે.

હું તમને એક પ્રશ્ન પૂછવા માગતી હતી કે અવચેતન અને અતિચેતન વચ્ચે શો તફાવત છે. નલિની આપણને તે કહેશે.

(નલિની:) અવચેતન પાછળ પીઠમાં રહેલી વસ્તુ છે.....

માણસની અંદર, અને અતિચેતન ઊર્ધ્વમાં છે. સુંદર, હું એમ જ ધારતી હતી, પણ મને તેની ખાતરી ન હતી.

હવે આ સાંજે બીજા કોઈ પ્રશ્નો નથી?

મધુર માતાજી, જયારે ગાવા માટે આપણે અમુક વસ્તુને મોઢે કરવાનું શીખીએ છીએ, ત્યારે તે યાદ રહે તેમ શીખવાનો સાચો માર્ગ કયો છે?

તેને યાદ રાખવાનો સાચો માર્ગ છે તેને સમજવું તે, તે ગોખવાની વસ્તુ નથી. ગોખવાની ક્રિયા તો યાંત્રિક છે, પણ થોડા વખત પછી ગોખેલી વસ્તુ ભુલાઈ જાય છે, સિવાય કે તમે તેનો સતત ઉપયોગ કરતા રહો. દા. ત. તમને ગુણાકારના ટેબલ ગોખાવવામાં આવે છે; જો તમે તેમનો સતત ઉપયોગ કરો, તો તમે તેમને યાદ રાખી શકશો; પણ જો વર્ષો સુધી તમે તેમનો ઉપયોગ ન કરો, તો તમે તેમને તદ્ન ભૂલી જશો. પણ જો તમે તેમનો સિદ્ધાંત સમજો, તો તમે તેમને યાદ રાખી શકશો, જો તમે ગણિતીય ભાવપૂર્વક તેને સમજો, તો તમારે તેને ગોખવાની જરૂર નહિ રહે, સ્વાભાવિક રીતે જ ગુણાકારની ક્રિયા તમારા મસ્તિષ્કમાં થશે. દરેક વસ્તુ માટે તેવું જ છે.

જો તમે વસ્તુને સમજો, તેની પીઠમાં રહેલા સિદ્ધાંતને સમજો, તો તમે તેને, તમે જો સો વર્ષ જીવો તો, સો વર્ષ સુધી યાદ રાખી શકો. પણ જો તમે કોઈ વસ્તુને ગોખો, તો થોડાક સમય પછી મસ્તિષ્કનાં કોષાણુઓમાં વૃદ્ધિ થાય છે, તેમને સ્થાને બીજા કોષાણુઓ આવે છે, અને તેથી વસ્તુઓ ભૂસાઈ જાય છે. આ પ્રકારના અનુભવો માટે, તમે હજી બહુ નાની ઉંમરના છો, પણ પાછળથી માણસને ખ્યાલ આવે છે કે જીવનમાં કેટલીક વસ્તુઓ ભૂમિચિહ્નોની પેઠે લાંબો સમય રહે છે, અને કેટલીક બીજી વસ્તુઓ તદ્ન ભૂંસાઈ જાય છે, માણસ તેમને બિલકુલ યાદ કરી શકતો નથી, તેઓ ચાલી ગઈ હોય છે. પણ કેટલીક વસ્તુઓ જીવનમાં સાચે જ માઈલ બતાવનાર પત્થરો જેવી ટકી રહેલી હોય છે. તે વસ્તુઓ સભાન અનુભવો હતી; અર્થાત્ તેમને સમજવામાં આવી હતી; એટલે તે અનુભવ ખૂબ લાંબા સયમ સુધી ટકી રહે છે; ચેતનાની એક નાનકડી ગતિ વડે, તમે તેને આગળ લાવી શકો છો. પણ જે વસ્તુ યાંત્રિક રીતે શીખવામાં આવી હોય છે તેનો જો તમે ઉપયોગ ન કરો, તો તે ભૂંસાઈ જાય છે.

મધુર માતાજી, "વિશ્વ પ્રકૃતિમાંથી" આવતી વસ્તુઓનો અર્થ શો છે?

તેનો શો અર્થ છે?

હું પાછળથી પૂછીશ!

અમુક આકંપનોની ગતિઓ જાતિનાં આકંપનોની હોય છે, તમે જે જાતિના હો તેની વિશિષ્ટ ગતિઓ હોય છે; જેમ બીજી જાતિઓ છે, તેમ માનવજાતિ પણ છે. આ ગતિઓમાંની કેટલીક ગતિઓ બિલ્કુલ અંગત ગતિઓ હોતી નથી, તેઓ જાતિની ગતિઓ હોય છે.

માનવજાતિમાં અસ્તિત્વની અમુક ખાસ વિશિષ્ટ રીતરસમો હોય છે, જેમને આપણે લગભગ સ્વયંભૂ રીતે ઉત્પન્ન કરતા હોઈએ છીએ, દા. ત. આમ ટટ્ટાર ચાલવું (અભિનય), જ્યારે બિલાડી ચાર પગ પર ચાલતી હોય છે. પાછલા બે પગ પર ટટ્ટાર ઉભા રહેવાની સાહજિક વૃત્તિ ખાસ માણસમાં જ છે, તે માનવજાતિનાં એક વિશિષ્ટ ગતિ છે. માથું ઊંચું રાખી આપણે બેસીએ છીએ તેમ બેસવું, બરડા પર આપણે સૂઈ જઈએ છીએ તેમ સૂઈ જવું વગેરે મનુષ્ય જાતિની ખાસ રીત-રસમો છે.

તમારે માત્ર પશુઓનું નિરીક્ષણ કરવાનું છે; તેઓ ટુંટિયું વાળીને સૂઈ રહે છે, નહિ વારુ? લગભગ બધાં જ પશુઓ તેમ કરે છે. હું ધારું છું કે પગ લાંબા કરીને પીઠ પર સૂવાનો પ્રકાર માણસમાં જ શરૂ થયો છે. હું ધારું છું કે વાંદરાં તેમ સૂતાં નથી, તેઓ બેવડાં વળીને ઊંઘે છે. માણસે જ આ પ્રકારે પીઠ પર, પગ લાંબા કરીને સૂવાની ટેવની શરૂઆત કરી છે. આ મને યાદ આપે છે...

મારી પાસે એક બિલાડી હતી. તે દિવસોમાં હું જમીન પર ઊંઘી જતી હતી. તે બિલાડી હંમેશાં આવતી, મચ્છરદાનીમાં ઘૂસી જતી અને મારે પડખે ઊંઘી જતી. તે બિલાડી તદ્દન સીધી રહીને ઊંઘતી તે બીજી બિલાડીઓ માફક ઊંઘતી ન હતી; તે અહીં માથું મૂકતી અને આ પ્રમાણે સૂઈ જતી (અભિનય); તે મારા પગની સાથે સાથે પોતાના આગલા બે પંજા આમ રાખતી, અને પાછલા બે પગ તદ્દન સીધા રાખતી. એક રાતે મેં તેનામાં એક ખૂબ ખૂબ વિચિત્ર વસ્તુ જોઈ; હું ઘણી વાર મારી જાતને પૂછતી કે આમ કેમ? એક રાતે મેં એક રૂંવાંટીવાળી ટોપી પહેરેલા લોકોની એક રશિયન સ્ત્રીને જોઈ; તેની સાથે ત્રણ નાનાં બાળકો હતાં. તે સ્ત્રીને તે પોતાનાં બાળકો પ્રત્યે એક પ્રકારનો પૂજ્યભાવ હતો; તે હંમેશાં તે બાળકો માટે કોઈ આશ્રાયસ્થાનની શોધમાં હતી. હું તે હકીકત જાણતી નથી, પણ મેં જોયું કે તેની સાથે તેનાં નાનાં ત્રણ બાળકો હતાં, એક આટલું હતું, બીજું તેટલું હતું અને ત્રીજું આટલું હતું. (માતાજી તેમની ઊંચાઈનો ભેદ બતાવે છે.). તે સ્ત્રી તે બાળકોને પોતાની સાથે ઘસડી જતી હતી; તેમને સલામત રાખવા માટે તે કોઈ ખૂણો શોધતી હતી. તેને કાંઈક થયું હોવું જોઈએ, તે અમુક પ્રકારની પશુની, માતાની સાહજિક વૃત્તિ વડે ઓચિંતી મરી ગઈ હોવી જોઈએ. પણ તે ખૂબ ભયની, પીડાની, ચિંતાની વૃત્તિ હશે. આ કંઈક ત્યાંથી આવ્યું હોવું જોઈએ, અને તેણે ગમે તે કોઈ પ્રકારે પુનર્જન્મ ધારણ કર્યો હશે. તે એક ગતિ હતી, વ્યકિત નહિ. તે માતાની ગતિ બિલાડીમાં આવી હોવી જોઈએ.

ગમે તે કારણસર તે ગતિ ત્યાં હોવી જોઈએ; તે કેવી રીતે બન્યું તે હું નથી જાણતી; પણ આ બિલાડીની રીતરસમો તદ્દન માનવી જેવી હતી. પછી થોડા જ સમય પછી તે બિલાડીને પેટે ત્રણ બચ્ચાં જન્મ્યાં, તે આશ્ચર્યકારક હતું. બિલાડી તેમને જરા પણ વહીલાં મૂકતી ન હતી, તેમને છોડવા તે બિલ્કુલ રાજી ન હતી. તે ખાતી નહિ, પોતાની જરૂરિયાતોને સંતોષવા જતી નહિ, તે હંમેશાં બચ્ચાંની પાસે જ રહેતી. જ્યારે એક દિવસે તેને વિચાર આવ્યો, અલબત્ત, કોઈએ તેને કશું જ કહ્યું ન હતું, અને તેણે, બિલાડીઓ કરે છે તેમ, એક બચ્ચાના ગળાની ચામડી પકડીને તેને ઉચકયું અને લાવીને મારા બે પગની વચ્ચે મૂકી દીધું. હું હાલીચાલી નહિ. બિલાડી પાછી ગઈ. તે બીજું બચ્ચું લઈ આવી અને મારા બે પગ વચ્ચે તેને મૂકી દીધું. પછી તે ત્રીજા બચ્ચાને લઈ આવી અને તેને પણ મારા બે પગ વચ્ચે મૂકી દીધું. જ્યારે તેણે ત્રણેય બચ્ચાંને તે રીતે મૂકી દીધાં, ત્યારે પછી તેણે મારી સામે જોયું, મિયાંઉ મિયાંઉ કર્યું, અને પછી તે જતી રહી. બચ્ચાંને જન્મ આપ્યા પછી, તે પહેલી વાર તેમને મૂકીને આમ ચાલી ગઈ હતી. તે બાગમાં પોતાની જરૂરિયાતોને સંતોષવા અને ખાવા માટે ગઈ, કારણકે તેને નિરાંત હતી કે તેનાં બચ્ચાં મારા બે પગની વચ્ચે હતાં. જ્યારે તે તેનાં બચ્ચાંને લઈ જતી, ત્યારે સ્ત્રીની પેઠે તે તેમને પીઠ પર બેસાડીને લઈ જતી. જ્યારે તે મારી નજીક પડખે ઊંઘતી, ત્યારે તે પોતાની પીઠ પર ઊંઘતી. તેમાંનું કશું જ બિલાડીઓ કરે છે તેવું ન હતું.

ઠીક, આ વસ્તુઓ જાતિની ટેવો, જાતિની ગતિઓ છે. આવી અનેક જાતિઓ છે, પણ આ એક દૃષ્ટાંત છે.

આ બિલાડી જેવાં અસાધારણ પશુઓ મૃત્યુ પછી માનવશરીર ધારણ કરીને પાછાં આવે છે?

આહ!

એક બિલાડી હતી. તેનું નામ શું હતું તે હું જાણતી નથી. તમે જાણો છો કે હું ઘણી બિલાડીઓ રાખતી હતી, એટલે અત્યારે મને તેનું નામ યાદ નથી. આ બિલાડીના પહેલા બાળકનું નામ કીકી હતું, અને પછીના બાળકનું નામ બ્રાઉની હતું.

આ બચ્ચું સરસ હતું; તે બિલાડીઓના રોગથી મરી ગયું, જેમ કૂતરાંનો રોગ હોય છે, તેમ બિલાડાંનો પણ રોગ હોય છે, તે રોગ તેને કેવી રીતે આવ્યો

તે હું જાણતી નથી, પણ માંદગી દરમિયાન તે બચ્ચું અદ્‌ભુત હતું. હું તેની બાળકની પેઠે દરકાર લેતી હતી. તે હંમેશાં એક પ્રકારની અભીપ્સા વ્યકત કરતું હતું. તે માંદું પડયું ત્યાર પહેલાં, તે દિવસોમાં અમે પુસ્તકાલયની રૂમમાં, શ્રી અરવિંદની પોતાની રૂમમાં રોજ ધ્યાનમાં બેસતાં હતાં. અમે જમીન પર બેસતાં હતાં. ખૂણામાં એક આરામખુરશી હતી. જયારે અમે ધ્યાન માટે એકઠાં મળતાં, ત્યારે આ બચ્ચું દરરોજ આવીને આરામખુરશીમાં બેસતું. તે અક્ષરશ: સમાધિમાં ચાલ્યું જતું, તેનામાં સમાધિની ગતિઓ હતી. તે ઊંઘતું ન હતું, પણ સાચે જ સમાધિમાં હતું. તેનામાં સમાધિનાં ચિહ્નો જોઈ શકતાં હતાં, તેનામાં પશુઓ સ્વપ્નમાં કરે છે તેવી આશ્ચર્યકારક ગતિઓ જોવામાં આવતી હતી. તે સમાધિમાંથી બહાર આવવા ઈચ્છતું ન હતું, સમાધિમાંથી બહાર આવવાની તે ના પાડી દેતું, કલાકો સુધી તે સમાધિમાં રહેતું. પણ અમે જ્યાં સુધી ધ્યાન શરૂ કરતાં નહિ, ત્યાં સુધી તે કદી રૂમમાં આવતું નહિ. ધ્યાનના સમગ્ર સમય દરમિયાન તે આરામખુરશીમાં જ રહેતું. અમારું ધ્યાન પતી જતું, પણ તે તો ત્યાં જ રહેતું. જયારે હું તેની પાસે તેને લેવા માટે જતી, અમુક રીતે બોલાવતી, તેને શરીરમાં પાછું લાવતી, ત્યારે જ તે જતા રહેવા માટે સંમત થતું; નહિ તો ગમે તે કોઈ આવે અને તેને બોલાવે, પણ તે હાલતું-ચાલતું નહિ. ઠીક, બિલાડીના આ બચ્ચામાં મનુષ્ય બનવા માટેની એક મહાન અભીપ્સા હતી; હકીકતમાં શરીર છોડી દીધા પછી તેણે મનુષ્ય શરીરમાં જ પ્રવેશ કર્યો. તે માનવ પ્રાણીની ચેતનાનો એક ખૂબ નાનકડો ભાગ હતો. બીજી બિલાડીવાળી સ્ત્રીના કરતાં તેની ગતિ તદ્‌ન વિરુદ્ધ પ્રકારની હતી. પણ આ બિલાડીનું બચ્ચું માનવ દેહનો સંપર્ક સાધવા માટે ઘણી ચૈત્યિક અવસ્થાઓને, ઘણા જન્મોને ઠેકી ગયું હતું. તે એક સામાન્ય શરીર હતું. પણ છતાંય...

બિલાડીના અને માણસના વિકાસમાં એક તફાવત છે. આ પ્રસંગો અપવાદ રૂપ છે. પણ છતાંય તેવું બને છે.

આવા દાખલાઓમાં ચૈત્ય સ્વરૂપ સભાન હોય છે?

હા, અભીપ્સા સભાન હોય છે. તેનામાં અભીપ્સા ખૂબ સભાન હતી. તે જયારે ચૈત્યિક પરિપૂર્ણ રીતે સ્વતંત્ર બને છે ત્યારે તે હોય છે તેવું રચાયેલું ચૈત્યિક ન હતું, પણ તે પ્રગતિ માટે એક ઉત્કટ અભીપ્સા છે, જેમ આપણામાં માનવી રહેવાને બદલે અતિમાનસિક પ્રાણીઓ બનવાની અભીપ્સા હોય છે તેમ.

તેનામાં લગભગ તેવું જ કાંઈક હતું. તે બિલાડીનું બચ્ચું માનવ બનવા માટે સાચે જ યોગ કરી રહ્યું હતું.

કદાચ તેનું કારણ એ હોય કે તેની માતામાં માનવની ચેતનાનું એક નિર્માણ, એક પ્રાગટય હતાં. ઘણું કરીને તેણે જ માનવ જીવન માટે એક પ્રકારનો અણગમો તેની માતામાં પેદા કર્યો હતો, જેને પરિણામે તેનામાં અભીપ્સાની આ ઉત્કટતા પ્રગટી હતી. પણ સાચે જ તે બચ્ચું તેને માટે જ યોગ કરી રહ્યું હતું.

* * *

૩૦ માર્ચ, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે.

મધુર માતાજી, અહીં એમ લખવામાં આવ્યું છે કે, "એક યોગ શક્તિ ગૂંચળું વાળીને પડેલી અથવા સુષુપ્ત છે." તેને કેવી રીતે જાગ્રત કરી શકાય?

હું ધારું છું કે માણસ યોગ કરવાનો નિર્ણય કરે છે કે તરત જ તે જાગૃત થાય છે. જો નિર્ણય સાચા દિલનો હોય અને માણસમાં અભીપ્સા હોય, તો તે તરત જ સ્વાભાવિક રીતે જાગૃત થાય છે.

કદાચ તેની જાગૃતિ જ માણસને યોગ કરવાની અભીપ્સા આપે છે.

શકય છે કે તે કૃપાનું પરિણામ હોય, અથવા યોગ વિષે થોડીક વાતચીતથી અથવા તેના વાચનથી તમને યોગ વિષે જાણવાનો અને અભીપ્સા કરવાનો વિચાર છે, અને તમે યોગ કરવા માંડો છો. કેટલીક વાર તેને માટે માત્ર કોઈકની સાથે યોગ વિષે વાતચીત અથવા એક ફકરાનું વાચન બસ હોય છે; તે આ યોગ શકિતને જાગૃત કરે છે, અને તે તમારી પાસે યોગ કરાવે છે.

પ્રથમ માણસ તેનાથી સભાન હોતો નથી સિવાય કે આપણા જીવનમાં કાંઈક પરિવર્તન પામ્યું હોય, એક નવીન નિર્ણય, વળાંક લેવાયો હોય.

મધુર માતાજી, આ યોગશક્તિ એ શું છે?

તે પ્રગતિ માટેની શક્તિ છે, તમારી પાસે યોગ કરાવે છે, તમારી પાસે સભાનપણે પ્રગતિ કરાવે છે. તે એક સભાન શક્તિ છે.

હકીકતમાં, યોગશક્તિ એ યોગ કરવાની શક્તિ છે.

મધુર માતાજી, નીચેથી દિવ્ય શક્તિઓને ખેંચવી એ વધારે કઠિન નથી?

હું ધારું છું કે તેમ કરવું તદ્‌ન અર્થહીન છે.

મેં ઘણી વાર કેટલાક લોકો પાસેથી સાંભળ્યું છે કે પૃથ્વીમાં ઘણી શક્તિ ભરી પડેલી હોય છે; જો લોકો તે શક્તિને પોતામાં ખેંચે, તો તેઓ આ વસ્તુઓ કરી શકે છે; પણ તે હંમેશાં સંમિશ્રિત છે.

દિવ્ય હાજરી સર્વત્ર છે એ તો બરાબર સમજાઈ ગયું છે. હકીકતમાં, તે ઉપર કે નીચે નથી હોતી. જેને ઉપર કે નીચે કહેવામાં આવે છે, તે તો ચેતનાની અથવા ભૌતિકતાની માત્રા છે; વધારે અચેતન અને ઓછું અચેતન હોય છે, અવ-ચેતન અને અતિચેતન હોય છે; એટલે ભાષાની સગવડ માટે આપણે 'ઉપર' 'નીચે' કહીએ છીએ.

પણ હકીકતમાં, તે વિચાર છે, પૃથ્વીની શક્તિઓ આપણામાં ખેંચવાનો; જ્યારે તમે ઉભા રહ્યા હો છો, ત્યારે તે શક્તિઓ તમારા પગ તળે હોય છે, અર્થાત્ તમારા સંબંધની દૃષ્ટિએ જોતાં, નીચે હોય છે; પણ આ શક્તિઓ હંમેશાં સંમિશ્રિત હોય છે, તેઓ ખૂબ અંધકારમય છે.

હવે કોઈ પ્રશ્ન છે?

જેણે છેલ્લો સવાલ પૂછ્યો હતો તે બાળકને તમારે બીજો પ્રશ્ન પૂછવો છે?

મધુર માતાજી, પ્રકૃતિના નિમ્નતર ભાગોમાં અથવા સ્તરોમાં નીચે જવું તેનો નિશ્ચિત અર્થ શો છે?

તેનો નિશ્ચિત અર્થ છે નીચે અંધકારમાં જવું, અંધકારની પાસે જવા માટે પ્રકાશથી ખૂબ દૂર જવું, અચેતનતાની વધારે પાસે જવા માટે ચેતનાથી દૂર જવું.

માણસ પોતાની ચેતનામાં અસ્પષ્ટ, સામાન્ય, અભાન વસ્તુઓથી ઊર્ધ્વમાં જવાની અને પોતાની જાતને ઊર્ધ્વીકૃત કરવાની લાગણી અનુભવે છે, કારણકે-આપણું મસ્તક શિખર ભાગ પર છે, શરીરના બીજા ભાગો કરતાં વધારે સચેતન છે; માણસમાં એવો ખ્યાલ હોય છે કે પોતાથી ઊર્ધ્વમાં મહત્તર ચેતના છે. એટલે જ્યારે માણસ પ્રગતિ કરવા માટે પ્રયાસ કરે છે, ત્યારે સાથે સાથે તે આરોહણ માટે પ્રયાસ કરે છે. કેટલીક વાર તેને એમ લાગતું હોય છે કે હું પર્વત પર આરોહણ કરી રહ્યો છું, શિખર પર પહોંચવા ઈચ્છું છું, અર્થાત્ પ્રકાશના, પવિત્ર તત્ત્વના મુકત વિસ્તારોની બને તેટલું વધારે નજીક જવા ઈચ્છું છું. જો માણસ સાવધાન રહેતો નથી, તો તે સ્વાભાવિક રીતે જ, સ્વયંભૂ રીતે જ સામાન્ય ચેતનામાં પાછો સરકી પડે છે.

નિમ્ન, અસ્પષ્ટ, સામાન્ય વસ્તુઓમાં, પગ કાદવમાં ખૂંપી જાય તેવી લાગણીમાં, અમુક સંપર્કોમાં, કાર્યોમાં, ચેતનાની અમુક ગતિઓમાં ખૂબ આકર્ષણ શકિત હોય છે. તમને એમ લાગે છે કે અમે કોઈ અંધકારમય, કાદવવાળા છિદ્રમાં સરકી રહ્યા છીએ.

જ્યારે માણસે પ્રયાસ કરીને પ્રગતિ પ્રાપ્ત કરી હોય છે, ત્યારે ઘણીવાર તેને એમ લાગે છે કે હું મારાથી ઊર્ધ્વમાં વધારે વિશુદ્ધ, વધારે સ્પષ્ટ, વધારે સાચા પ્રકાશમાં તથા ચેતનામાં આરોહણ કરી રહ્યો છું. પણ જો માણસ આ અભીપ્સાને ચાલુ ન રાખે, જો તે નિશ્ચિતપણે ત્યાં સ્થાપિત ન થયો હોય, તો પતનની લાગણી અનુભવવા માટે એક નાનકડી વસ્તુ, દા. ત. એક પ્રકારની શારીરિક અસંવાદમયતા, કોઈ માણસ સાથે મિલન અથવા વાતચીત અથવા અભાનપણે કરાયેલી કોઈ ગતિ બસ છે; પછી તે પ્રકાશને, તે ઊંચાઈને પકડી રાખી શકતો નથી. એટલે માણસે ફરી પાછા ફરી જવું પડે છે, ઢોળાવ પર ફરી આરોહણ કરવું પડે છે, નીચેના આકર્ષણમાંથી છટકી જવું પડે છે. કેટલીક વાર તેમાં બહુ સમય લાગે છે; માણસ બહુ ઝડપભેર નીચે સરકી પડે છે, પણ ફરી આરોહણ કરવામાં તેને પરિશ્રમ કરવો પડે છે.

તે યોગના શારીરિક ઉપાયો વડે રોગને દૂર કરવાના પ્રયત્ન જેવું છે; ત્યારે રોગ જતો રહે છે અને ફરી પાછો આવે છે, ત્યારે માણસ પોતાની જાતને રોગથી મુકત કરવામાં, રોગ સાથેના સંબંધને કાપી નાંખવામાં સફળતા પ્રાપ્ત કરે છે, અને તેને એવી લાગણી થાય છે કે મારી બેચેની, ગેરવ્યવસ્થા, ગૂંચવાડો, માંદગી ચાલ્યાં ગયાં; પણ તે રોગ ફરી પાછો આવે તે માટે તેની સ્મૃતિ, આશ્ચર્યની

લાગણી બસ છે; અને તેને ફરી પાછું રોગ દૂર કરવાનું કાર્ય કરવાનું રહે છે. કેટલીક વાર તો તેને તેમ ત્રણ વાર, ચાર વાર, દશ વાર, કરવું પડતું હોય છે, પણ કેટલાક લોકો પ્રયાસ બરાબર કરી શકે છે, પણ બીજી વાર તેઓ પ્રયાસ કરી શકતા હોતા નથી, અને ત્રીજી વાર તો તેઓ પ્રયાસ કરતા જ હોતા નથી; તેઓ તમને કહે છે કે "ઓહ! ગૂઢ રહસ્યમય ઉપાયો વડે માંદગી દૂર કરી શકાતી નથી, દિવ્ય શકિતઓ તમને સાજા કરી શકતી નથી; દવા લેવી તે વધારે સારું છે." એવા લોકો માટે ડોકટર પાસે જવું એ વધારે સારું છે, કારણકે તેનો અર્થ એવો થયો કે તેમનામાં આધ્યાત્મિક ખંત નથી; માત્ર ભૌતિક ઉપાયો જ પોતાની અસરકારકતાની ખાતરી તેમને આપતા હોય છે.

જ્યારે માણસ ચારિત્ર્ય, અંગોનું કાર્ય, અથવા ટેવો જેવી ભૌતિક જીવનની વસ્તુઓને પરિવર્તિત કરવા માગતો હોય છે, ત્યારે તેનામાં અડગ ખંત હોવી જોઈએ, તેણે પહેલી વખતની ઉત્કટતા ફરી સો વખત રાખીને તે જ કાર્યને ફરી શરૂ કરવા તૈયાર રહેવું જોઈએ, જાણે કે તેણે એકકેય વખત તે કાર્ય કર્યું જ ન હોય.

લાગણી પ્રધાન લોકો આ કરી શકતા નથી. પણ જો માણસ તે ન કરી શકે, તો તે યોગ પણ ન કરી શકે, ખાસ કરીને પૂર્ણ યોગ તો નહિ જ; તે પોતાના શરીરનું રૂપાંતર કરી શકતો નથી.

શરીરનું રૂપાંતર કરવા માટે માણસે તેની તે જ વસ્તુ લાખો વાર કરવા માટે તૈયાર હોવું જોઈએ, કારણકે શરીર રોજિંદી ટેવોનું અને ક્રિયાઓનું ફરજંદ છે, અને રોજિંદી ટેવોનો નાશ કરવા માટે માણસે વર્ષો સુધી ખંતપૂર્વક પ્રયત્ન કરવો પડે છે.

બસ? હવે કાંઈ પૂછવું છે?

એ પ્રશ્ન પાઠય પુસ્તકની બહારનો છે.

કોઈ હરકત નહી; પૂછ બેટા.

મધુર માતાજી, સાચો આત્મા અને ચૈત્ય સ્વરૂપ એ બંને એક જ છે?

ના. સાચો આત્મા એ અસ્તિત્વનું સત્ય છે. તે એક દિવ્ય તત્ત્વ છે, જે તમારી વ્યકિતરૂપ વાસ્તવિકતા છે, જે તમને એક ભિન્ન વ્યકિત બનાવે છે, જે એક અસ્તિત્વનો અંશ છે અને સ્વાભાવિક રીતે જ તે એક અસ્તિત્વ પણ છે, અર્થાત્ અમુક પાસાં રૂપે તે એક અસ્તિત્વ તમને એક વ્યકિત બનાવે છે, પણ તે એક પરમાત્માનું જ વિષયીકરણ છે.

આ સાચો આત્મા છે. ચૈત્યિક અસ્તિત્વ એ એક પાર્થિવ રચના છે. માણસોમાં જ ચૈત્યિક અસ્તિત્વ હોય છે, જે પૃથ્વી પર પાર્થિવ જીવન વડે વિકસ્યું હોય છે; પદાર્થ તત્ત્વ જ જડતામાંથી જાગૃત થાય અને ભગવાનના માર્ગે પાછું વળે તે માટે, દિવ્યચેતનાએ પદાર્થતત્ત્વમાં જે પ્રાગટય કર્યું છે તે ચૈત્યિક અસ્તિત્વ છે.

પણ અમુક કેઈસોમાં સાચો આત્મા ચૈત્યિક અસ્તિત્વમાં જડે છે અર્થાત્ તે ચૈત્યિક અસ્તિત્વમાં નિવાસ કરે છે, પણ હંમેશાં નહિ.

ચૈત્યિક અસ્તિત્વમાં હંમેશાં દિવ્ય હાજરી હોય જ છે, પણ દિવ્ય હાજરી એ જ ચૈત્યિક અસ્તિત્વની રચના કરી છે, તે દિવ્ય ચેતનામાંથી પ્રગટ થતું હોય છે; જ્યારે સાચો આત્મા એ પાર્થિવ રચના નથી. તે પાર્થિવ રચનાની પહેલાંનો છે.

બસ? હવે કોઈ પ્રશ્ન છે? તમારે હજી કાંઈક પૂછવું છે; પૂછો.

મધુર માતાજી, જ્યારે માણસને દિવસ દરમિયાન કોઈ મુશ્કેલી હોય, અને તમને મળવું અથવા તેને વિષે કહેવું એ શકય ન હોય, ત્યારે તેણે શું કરવું?

જો તે શકય નથી, તો તમારે એકલા બેસવું જોઈએ, શાન્ત બનવા પ્રયત્ન કરવો જોઈએ, જાણે હું ત્યાં હાજર હોઉં તેમ મને બોલાવવી જોઈએ, અને તદ્દન સાચા દિલથી અને વિષયગત રીતે તમારી મુશ્કેલી મારી સમક્ષ રજૂ કરવી જોઈએ; પછી તમારે ખૂબ શાન્ત રહેવું જોઈએ. અને પરિણામની રાહ જોવી જોઈએ.

હું ધારું છું કે પરિણામ ચોકકસ આવે છે, તેનો આધાર મુશ્કેલીના પ્રકાર છે. જો તે ઉકેલ માગતી કોઈ સમસ્યા હોય, તો ઉકેલ આવે છે; જો તે કોઈ કથળેલી આંતર ગતિ હોય, તો જો માણસ સાચા દિલનો હશે તો તે મુશ્કેલી તેના યોગ્ય સ્થાનમાં પાછી મૂકાઈ જશે, જો તે કોઈ નિર્ણય લેવાની વાત હશે કે અમુક કાર્ય કરવું કે નહિ તે માણસ ન જાણતો હોય, તો શાન્તિમાં રહેલા તે માણસને "હા કે ના" નો જવાબ મળી જશે. પછી તમારે તેની વધુ ચર્ચા ન કરવી જોઈએ, મને તેમાં શંકા-કુશંકાઓ ન ઉઠાવવી જોઈએ, કારણકે તેથી બધું ધુમ્મસમય, અસ્પષ્ટ બની જાય છે, તમારે 'સુંદર' કહીને તે નિર્ણય તો આમ ફટ દઈને અમલ કરવો જોઈએ. પણ તે માટે તમારે સાચા દિલનું હોવું જોઈએ, અર્થાત્ તમારા કોઈ પૂર્વગ્રહો ન હોવા જોઈએ.

જો અસ્તિત્વનો એક ભાગ અમુક વસ્તુ કરવા માગતો હોય અને બીજો ભાગ તે વસ્તુ કરવા ન માગતો હોય, તે પ્રકારની મુશ્કેલી ઉભી થઈ હોય, તો તે જટિલ બની જાય છે, કારણકે તે વસ્તુની ઈચ્છા કરનાર ભાગ જવાબમાં પોતાના સંકલ્પને દાખલ કરી દેવા પ્રયત્ન કરે છે. એટલે માણસે પ્રથમ તે ભાગને સાચા દિલનું સમર્પણ કરવાનું સમજાવવું જોઈએ, તેથી માણસ સાચી પ્રગતિ કરી શકે છે. તે ભાગે કહેવું જોઈએ કે "હવે હું સભાન બન્યો છું કે મારી આવી ઈચ્છા હતી, પણ જો બીજું જ કરવાનું હોય, તો હું મારી ઈચ્છાનો ત્યાગ કરવા તૈયાર છું," પણ તમારે આ માત્ર મસ્તિષ્કમાં જ ન કરવું જોઈએ, તે સાચા દિલથી કરાવું જોઈએ, અને આગળ વધવું જોઈએ. પછી શું કરવાનું છે તેની ખબર તમને પડી જશે.

કેટલીકવાર, જ્યારે તમે તેને લખો છો, ત્યારે તે વધારે સહેલું બને છે. તમારે કલ્પના કરવી જોઈએ કે હું ત્યાં હાજર છું; પછી તમે જે મને કહેવા માગતા હતા તેને તમારે કાગળ પર લખવું જોઈએ. તેને સ્પષ્ટ રીતે લખવાના પ્રયત્ન વડે પરિસ્થિતિનું સાચું ચિત્ર તમારી સમક્ષ ખડું થઈ જશે, અને તમે વધારે સહેલાઈથી જવાબ મેળવી શકશો. કેટલીક વાર તે પ્રમાણે લખવાની જરૂર પડે છે અને કેટલીકવાર નહિ. પણ જો તમે કોઈ ઝંઝાવાત જેવા ગુંચવાડામાં હો, કોઈ પ્રાણિક ઉશ્કેરાટનો ઉભરો આવી ગયો હોય, તો લખવાનો પ્રયત્ન તમને શાન્ત પાડશે, તે વિશુદ્ધીકરણનું કાર્ય શરૂ કરશે.

હકીકતમાં, જ્યારે માણસને એમ લાગે કે હું એક યા તો બીજા પ્રકારના આવેગમાં, ખાસ કરીને ક્રોધના આવેગમાં સપડાઈ ગયો છું, ત્યારે તેણે લખવાનું કાર્ય કરવું જોઈએ. કાર્ય કરવાને બદલે અથવા બોલવાને બદલે (કારણકે વાણી એક પ્રકારનું કાર્ય છે), તે આવેગ હેઠળ કાર્ય કરવાને બદલે, જો માણસ પોતાની જાતને પાછી ખેંચી લઈને મેં કહ્યું તેમ કરે, શાન્તિપૂર્વક બેસી જાય, એકાગ્રતા કરે, પોતાના ક્રોધ સામે શાન્તિપૂર્વક જુએ, અને લખવા માંડે, તો લખવાનું કાર્ય પૂરું થતાં, ઘણી વાર ક્રોધ ચાલ્યો ગયો હશે.

* * *

૬ એપ્રિલ, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે.

મધુર માતાજી, ફ્રોઈડનું આ માનસશાસ્ત્રીય પૃથક્કરણ એ શું છે ?

આહ, મારા બાળક, તે આ સદીના પ્રારંભમાં ખૂબ પ્રચલિત હતું...ના, ના, આ સદીની મધ્યમાં !

(શ્રી માતાજી પવિત્ર પ્રત્યે વળે છે) પવિત્ર, તમે જાણો છો કે તે કયારે પ્રચલિત હતું, ફેશનમાં હતું ?

(પવિત્ર :) આ સદીની શરૂઆતમાં.

આ સદીની શરૂઆતમાં, બરાબર.

શ્રી અરવિંદ તેને જોખમકારક, નકામું, અજ્ઞાનમય, ઉપરચોટિયું કહે છે, તે ફેશનમાં હતું, કારણકે લોકોને આવી વસ્તુઓ ગમે છે; પોતાના સ્વભાવમાં જે નુકસાનકારક વસ્તુઓ હોય છે તેમની સાથે એ વસ્તુઓ ખૂબ સુસંગત હોય છે. તમે જાણો છો કે બાળકોને કાદવમાં ચાલવું ગમે છે ! ઠીક, મોટી ઉમ્મરના લોકો તેમના કરતાં વધારે સારા નથી હોતા !

મધુર માતાજી, તલશાયી ચેતનાનો ચોકકસ અર્થ શો છે ?

એને શ્રી અરવિંદ "પાછળ રહેલી વસ્તુ" કહે છે. હું ધારું છું કે તેને સૂક્ષ્મ શારીરિક, સૂક્ષ્મ પ્રાણિક, અને સૂક્ષ્મ મન કહી શકાય. તે પ્રગટ થતી વસ્તુની પાછળ રહેલું હોય છે. પ્રગટ થયેલી વસ્તુ એક થર જેવી, છાલ જેવી હોય છે, જેને આપણે જોઈ શકીએ છીએ, જેના સ્પર્શમાં આપણે હોઈએ છીએ. ને કશાકને વસ્ત્રની પેઠે આવૃત કરી દે છે અથવા વધારે સૂક્ષ્મ કોઈક વસ્તુને અભિવ્યકત કરે છે, અને તેના ટેકા રૂપ બની રહે છે.

સ્વપ્નમાં માણસ ઘણીવાર પોતાના તલશાયી સ્વરૂપમાં જતો હોય છે, એ અવસ્થામાં વસ્તુઓ લગભગ તેની જ હોય છે, પણ સાવ તેની તે જ નહિ. તેમાં ખૂબ સામ્ય હોય છે, અને છતાં તફાવત હોય છે; મોટે ભાગે તે તફાવત મોટો હોય છે. માણસને પોતે કોઈક વધારે વિશાલ વસ્તુમાં પ્રવેશેલો હોય તેવો અનુભવ થાય છે. દા. ત. તેને એમ લાગે છે કે હું વધારે કરી શકું, વધારે જાણી શકું; ત્યાં તેને સામાન્ય ચેતનામાં નથી હોતી તેવી શકિત અને સ્પષ્ટ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. જાગૃત અવસ્થાના કરતાં સ્વપ્નમાં માણસને એમ લાગે છે કે હું ઘણી વધારે વસ્તુઓ જાણું છું, નહિ વારું ? આમ નથી બનતું હોતું ? તમને એવાં સ્વપ્નો નથી આવતાં ? સ્વપ્નમાં માણસ ખૂબ જાણતો હોય તેવી લાગણી અનુભવે છે, દા. ત. વસ્તુઓનાં ગૂઢ કારણો અમુક ગતિ કયી વસ્તુ અભિવ્યકત કરે છે તે, વગેરે. જ્યારે માણસને કોઈ વ્યકિત વિષે સ્વપ્ન આવે છે, ત્યારે જાગૃત અવસ્થા કરતાં તે શું વિચારે છે, શું માગે છે વગેરે વધારે સારી રીતે જાણે છે. જ્યારે તે તલશાયી ચેતનામાં પ્રવેશ્યો હોય છે, ત્યારે આમ બને છે. ઘણી ઘણીવાર માણસને તલશાયી ચેતનામાં સ્વપ્નો આવતાં હોય છે.

તલશાયી ચેતનાને ચૈત્ય સ્વરૂપ સાથે કોઈ સંપર્ક હોય છે ?

સીધી રીતે નહિ, બાહ્ય અસ્તિત્વ કરતાં વધારે સીધી રીતે નહિ. જો બાહ્ય રીતે, તમારી સામાન્ય ચેતનામાં તમને ચૈત્યસ્વરૂપ સાથે સંપર્ક હોય છે, તો તલશાયી ચેતનાને પણ ચૈત્ય સ્વરૂપ સાથે સંપર્ક હોય છે; તેને ઊલટી રીતે પણ મૂકી શકાય કે જો તલશાયી ચેતનાને ચૈત્ય સ્વરૂપ સાથે સંપર્ક હોય છે, તો તે તમને ચૈત્ય સ્વરૂપ સાથે સંપર્ક સાધવામાં મદદરૂપ બની શકે છે પણ હંમેશાં નહિ, અનિવાર્ય રીતે નહિ. તેનો આધાર અસ્તિત્વના વિકાસની માત્રા પર છે. તલશાયી ચેતના વધારે પ્રકાશમય, વધારે સમતોલ નથી હોતી; ના, તે બાહ્ય ચેતના કરતાં વધારે સૂક્ષ્મ છે, ઓછી જડ છે. આપણી બાહ્ય ચેતના બહુ જડ છે, તેનામાં

ઊંડાણ નથી હોતું, જેમ આપણી બાહ્ય સમજમાં ઊંડાણ નથી હોતું, આપણા ઈન્દ્રિયજન્ય સંસ્કારોમાં ઊંડાણ નથી હોતું તેમ તલશાયી ચેતનામાં તેમના કરતાં વધારે ઊંડાણ હોય છે, પણ અનિવાર્યપણે વધારે સાચું નહિ.

તો પછી તે સૌથી વધારે અગત્યની, મહત્ત્વની કેમ છે?

કારણકે તે આંતરિક છે. તે બાહ્યને ટેકો આપે છે. બાહ્ય તો આનો દેખાવ માત્ર છે. મેં કહ્યું તેમ, જ્યારે માણસ સ્વપ્નમાં તલશાયી ચેતનામાં જાય છે, ત્યારે તે માણસ નહિ જાણેલી વસ્તુઓ જાણે છે, જાગૃત અવસ્થામાં ન થઈ શકેલાં કાર્યો કરી શકે છે, નહિ જાણેલી વસ્તુઓના સંબંધમાં આવી શકે છે, કારણકે તે પણ ઉપરચોટિયું છે.

તે કોઈક વસ્તુના અંદરના જેવું છે. બહારની વસ્તુબાહ્ય તેની અભિવ્યકિત છે, પણ તે કેવલ ઉપરચોટિયા અભિવ્યકિત છે. એટલે સ્વાભાવિક રીતે જ તે એક જ હોય તેમ દેખાય છે; આપણે બહારથી જે વસ્તુ જોઈએ છીએ તેની સાથે સામ્ય ઉપરાંત, તાદાત્મ્ય પણ હોય છે. આપણે રૂપ, અભિવ્યકિત જોઈએ છીએ, નહિ વારુ? આ અભિવ્યકિતમાં અંદર રહેલી વસ્તુ સાથે માત્ર સામ્ય જ નહિ, પણ તાદાત્મ્ય હોય છે. એટલે જો બાહ્ય રીતે આપણે જોઈએ કે અમુક માણસ પોતાના ચૈત્ય સ્વરૂપથી તદ્દન અજાણ છે, તો ભીતરમાં તે તેનાથી સજ્ઞાન, અભાન હોય એમ બનવું અસંભવિત છે; એ તેની વધારે નિકટમાં હોઈ શકે, પણ ચૈત્યસ્વરૂપ જ્યાં સુધી બહાર પ્રતિબિંબિત ન થાય, ત્યાં સુધી તે તેના વિષે સભાન ન હોઈ શકે. જો તે બહાર પ્રતિબિંબિત ન થાય, તો તેનો એવો અર્થ થયો કે હજી સુધી તે માણસમાં ચૈત્ય સ્વરૂપ સાચી રીતે સ્થાપિત થયેલું નથી.

તમે આ સમજ્યા કે નહિ?

બરાબર નહિ.

તો પછી આપણે શું કરીશું? તે જ વિષય વિષે બીજો પ્રશ્ન પૂછો. કદાચ તેથી તમે તેને સમજી શકશો.

તલશાયી સ્વરૂપ અને ચૈત્ય સ્વરૂપ એ એક જ વસ્તુ છે?

બેટા, જો તમારે મને આવા પ્રશ્નો પૂછવા હોય, તો તમારે તે પ્રશ્નો મારી પાછળ બેઠેલા સજ્જનને (નલિનીને) પૂછવા જોઈએ, કારણકે હું આ વસ્તુઓને ભુલી જાઉં છું.

અહીં કઈ જગ્યાએ અવચેતન આત્માનું કથન કરવામાં આવ્યું છે?

"તલશાયી આત્મા સ્વરૂપ પાછળ ખડું રહે છે અને સપાટી ઉપરની માનવ ચેતનાને આધાર પૂરો પાડે છે....."

મેં આ વાત તમને હમણાં જ કહી. આપણે તેને કેવી રીતે સમજાવી શકીએ?

(લાંબું મૌન)

તે કદાચ ફળના સ્વાદ જેવું છે. તમે એક ફળને જુઓ છો, તેને અમુક દેખાવ હોય છે, અમુક રંગ હોય છે, તમને તે અમુક જાતનું ફળ હોય એમ લાગે છે; પણ જ્યાં સુધી તમે તેને ચાખો નહિ, અર્થાત્ જ્યાં સુધી તમે તેની અંદર પ્રવેશો નહિ, ત્યાં સુધી તેના સ્વાદ કેવો હોય છે તે તમે જાણી શકો નહિ. તે વસ્તુ એના જેવી છે.

અથવા તે ઘડિયાળ જેવી છે, નોંધ લો કે હું તમને સમજાવવા પ્રયત્ન કરી રહી છું; તે સાચી રીતે ઘડિયાળ જેવી નથી. જ્યારે તમે કોઈ ઘડિયાળ જુઓ છો, ત્યારે તમે તેના ડાયલને અને કાંટાઓને ફરતા જુઓ છો; પણ જો તમે ઘડિયાળને જાણવા માગતા હો, તો, તમારે તેને ઉઘાડવું જોઈએ અને અંદરની ક્રિયા જોવી જોઈએ.

તે તેના જેવું કાંઈક છે. તમે અહીં માત્ર પરિણામ જુઓ છો, કારણ પાછળ રહેલું હોય છે. તે તેના જેવું કંઈક છે.

આપણે જગતને જેવું જોઈએ છીએ તે જગત અને આપણી બાહ્ય ચેતના પીઠમાં રહેલી કોઈક વસ્તુનું પરિણામ છે, જેને શ્રી અરવિંદ તલશાયી ચેતના કહે છે. શ્રી અરવિંદ કહે છે તેમ, આ તલશાયી ચેતના પોતે પણ નીચેના અવચેતનમાંથી અને ઊર્ધ્વના પરચેતનમાંથી આવતાં આંદોલનો વડે ગતિમાન બને છે, તે જાણે કે ત્યાં એકત્રિત થતું હોય છે; એકવાર ત્યાં સંગઠિત થયા પછી તે બાહ્ય-સામાન્ય ચેતનામાં અભિવ્યકત થાય છે.

ત્યાં જવું તે શ્રેષ્ઠ માર્ગ છે; એકવાર તમે ત્યાં જાઓ, એટલે તે શું છે તે તમે સમજી લો છો. તે બહુ મુશ્કેલ નથી; સ્વપ્નોમાં માણસ સતત અવચેતનમાં બહુ સહેલાઈથી, કોઈ પ્રયત્ન કર્યા સિવાય, જતો હોય છે.

આપણે ત્યાં ગયા છીએ તે અમે કેવી રીતે સમજી શકીએ?

જો તમે યાદ રાખો, તો તમે સમજી શકો. સ્વપ્નમાં જે સંસ્કાર પડયો હતો તેનો ભેદ જો માણસ યાદ રાખે, તો તે અવચેતનને સમજી શકે. સ્વપ્નમાં અમુક

સંસ્કાર પડે છે. જાગ્યા પછી તેને અવચેતનના સંસ્કાર કરતાં કોઈક જુદી જ વસ્તુ અનુભવાય છે; દૃષ્ટિબિંદુ પણ બદલાઈ જાય છે. જો માણસ તેને યાદ રાખે, તો તે અવચેતનને સમજી શકે. જો માણસને ટેવ પડી હોય, તો બોલતાં, કાર્ય કરતાં, કોઈક વસ્તુ પર વિચાર કરતાં તેને સારી રીતે દેખાય કે પાછળ કોઈક બીજું વધારે વિશાળ સ્તર રહેલું છે, જેમાં વસ્તુઓ બાહ્ય ચેતના કરતાં ઘણી વધારે સમન્વિત રીતે સંગઠિત બને છે (સમજી શકાય તે રીતે તો નહિ જ). જો માણસ જરાક ચિંતન કરે, અને પોતાની જાતને વિચાર કરતી જુએ, તો તે પાછળ રહેલી આ વસ્તુને (અવચેતનને) બરાબર જોઈ શકે, તે બે વસ્તુઓને, રચાયેલા વિચારને અને પાછળ રહેલા, તે વિચારના ઉદ્‌ગમ-સ્થાનને, આમ (અભિનય) સાથે-સાથે ગતિ કરતી જોઈ શકે. પછી જ્યારે માણસ વિચાર કરે છે, ત્યારે તેને પોતે કોઈક વસ્તુમાં પૂરાયેલો હોય તેવી લાગણી થાય છે, પણ અવચેતનમાં તો તેને તરત જ એમ લાગે છે કે હું બીજી ઘણી વસ્તુઓના સંપર્કમાં છું, અને આ વસ્તુ ઘણી વધારે મહાન છે.

મધુર માતાજી, સાચા માનસ-શાસ્ત્રે કેવું હોવું જોઈએ?

તમે સાચું માનસશાસ્ત્ર કોને કહો છો?

કારણકે આપણે કહ્યું હતું કે...

શ્રી અરવિંદ તેને સાચું માનસ-શાસ્ત્ર નથી કહેતા; તે કહે છે કે આધુનિક માનસ-શાસ્ત્ર પાસે કંઈ જ જ્ઞાન નથી; સાચા માનસ-શાસ્ત્રમાં જ્ઞાન હોવું જોઈએ.

માનસ-શાસ્ત્ર (લોગોસ એટલે જ્ઞાન) નો નિશ્ચિત અર્થ શો છે? સાઈક એટલે આત્મા, અને લોગોસ એટલે જ્ઞાન, વિજ્ઞાન. (અંગ્રેજીમાં માનસ-શાસ્ત્ર માટે સાઈકોલોજી શબ્દ છે.) એટલે માનસ-શાસ્ત્ર આત્માનું, ચૈત્ય સ્વરૂપનું જ્ઞાન હોવું જોઈએ. અત્યારે તો માણસે તેને આંતર ગતિઓનું, સર્વ લાગણીઓનું, જે કેવળ શારીરિક ન હોય તેવી બધી ગતિઓનું શાસ્ત્ર બનાવી દીધું છે, જે લાગણીઓ, વિચારો, અને ઈન્દ્રિયજન્ય સૂક્ષ્મ સંસ્કારો વિષે જ ચર્ચા કરે છે. પણ સાચા માનસ-શાસ્ત્રે આત્માનું, ચૈત્યિક અસ્તિત્વનું જ્ઞાન આપવું જોઈએ. જો માણસને ચૈત્યિક અસ્તિત્વનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય, તો તેની સાથે-સાથે અસ્તિત્વની સર્વ સાચી ગતિ-ઓનું, અસ્તિત્વના આંતર નિયમોનું જ્ઞાન થાય જ છે. આ સાચું માનસ-શાસ્ત્ર છે.

તે અંગ્રેજીમાંના મૂળ શબ્દની વ્યુત્પત્તિનો અર્થ છે.

પ્રકાશને નીચે લાવવા કરતાં પ્રકૃતિના નિમ્નતર ભાગોમાં નીચે જવું એ માણસને વધારે સહેલું શા માટે લાગે છે?...

ઓહ! તમે તેને વિષે પૂછો છો? તમે જાણો છો કે આ સિદ્ધાંતો છે. આજે શું હું આનું વાચન કરું છું?

ના, મધુર માતાજી, ગઈ વખતે "વધારે સહેલું"! મેં ભૂલ કરી હતી. તે "વધારે સહેલું" છે...

ઠીક, તે વાકય સ્પષ્ટ રીતે ફરી વાંચો.

પ્રકાશને નીચે લાવવા કરતાં પ્રકૃતિના નિમ્નતર ભાગોમાં નીચે જવું એ માણસને વધારે સહેલું શા માટે લાગે છે?...

શું તેમ તે લખવામાં આવ્યું છે?

મને ખબર નથી.

તમે તે વાકયને શોધી કાઢી શકતા નથી?

કદાચ તે બીજી રીતનું હોય...

કદાચ બીજી રીતનું!

તે અહીં લખવામાં આવ્યું નથી.

લખવામાં નથી આવ્યું? ત્યારે તમે તે કયાંથી ઉપાડી લાવ્યા?

"જો તમે તમારા સ્વભાવના નિમ્નતર ભાગોમાં કે પ્રદેશોમાં નીચે જાઓ, તો તમારે હંમેશાં ઊર્ધ્વ ચેતનાની સાથે સાવધાનીભર્યો સંબંધ રાખવાની દરકાર કરવી જોઈએ..."

પણ તેમાં તો "વધારે સહેલું" કે "વધારે કઠિન" વિષે કોઈ પ્રશ્ન જ નથી. તે શું કહેવા માગે છે?

(પવિત્ર:)- ત્યાં એક ફકરો છે: 'જો તમે તમારા સ્વભાવના નિમ્નતર ભાગોમાં કે પ્રદેશોમાં નીચે જાઓ, તો તમારે હંમેશાં ચેતનાના ઉચ્ચતર સ્તરો સાથે સાવધાનીભર્યો સંબંધ રાખવાની દરકાર કરવી જોઈએ' વગેરે, પછી છે: "ચેતનાના ઉચ્ચતર ભાગમાં રહેવું અને નિમ્નતર ભાગને પરિવર્તિત કરવા માટે ત્યાંથી તેના પર દબાણ મૂકવું એ સૌથી વધારે સલામત માર્ગ છે."

હા, પણ આને તમે જે પૂછતા હતા એની સામે કશો જ સંબંધ નથી.

સૌથી વધારે સલામત માર્ગ એ છે કે નીચે જવું જ નહિ, ઊર્ધ્વમાં રહેવું અને ત્યાંથી નીચેની વસ્તુ પર દબાણ મૂકવું. જો તમે નીચે જાઓ, તો ઊર્ધ્વમાં રહેલી વસ્તુ સાથે સંબંધ રાખવો એ બહુ કઠિન બની જાય છે; એટલે જો માણસ ભૂલી જાય, તો તો તે કશું જ કરી શકતો હોતો નથી, તે જેમાં પોતે નીચે ગયો હતો તે ભાગ જેવો બની જાય છે. તે બહુ કઠિન છે, એટલે તેનાથી ઊલટું માણસે પોતાની ઉચ્ચતર ચેતનામાં રહેવું અને, નીચે ગયા વગર ત્યાંથી નિમ્નતર ગતિઓ ઉપર કાર્ય કરવું એ વધારે સારું છે.

દા. ત. જ્યારે અવચેતનમાંથી ક્રોધ પેદા થતો હોય અને તેને માણસ કાબૂમાં રાખવા માગતો હોય તો માણસે તે ક્રોધ સાથે તાદાત્મ્ય ન થઈ જાય તે બાબત બહુ સાવધાન રહેવું જોઈએ. માણસે ક્રોધમાં નીચે ન જવું જોઈએ. તેણે ઊર્ધ્વમાં, પોતાની ચેતનામાં શાન્ત રહેવું જોઈએ, ત્યાંથી તે ક્રોધ પર દૃષ્ટિપાત કરવો જોઈએ અને તેના પર પ્રકાશ અને શાન્તિ મૂકવા જોઈએ, જેથી ક્રોધ શાન્ત પડી જાય અને અદૃશ્ય થઈ જાય. પણ જો માણસ તેની સાથે તાદાત્મ્ય કરે, પોતે પણ ક્રોધમય બની જાય, તો તે તેનું રૂપાંતર ન કરી શકે.

હવે કાંઈ પૂછવું છે? કાંઈ નહિ? કોઈને કશું કહેવું નથી? નહિ ને? પતી ગયું? તમને બધાને ખાતરી થઈ ગઈ? સરસ! તો પછી આપણે અટકીશું.

(જેણે પ્રશ્ન પૂછ્યો હતો તે બાલિકાને) તમારે બીજું કાંઈક પૂછવાનું હતું ને?

ઓહ! તેણે તો પ્રશ્નોનો ઢગલો તૈયાર રાખ્યો છે. પણ પેલા પ્રશ્ન જેવો નહિ! પ્રશ્ન પૂછતા પહેલાં તમારે કમથી કમ પાઠય-પુસ્તકને સમજવું જોઈએ. હવે તમારો બીજો પ્રશ્ન શો છે?

તે તમે ગઈ વખતે જે વાંચ્યું હતું તે વિષે છે: "ઉચ્ચતર પુનર્નિર્માણ કરી દેવાયેલાં ચેતનાનાં સ્તરો" જેમને વિષે કહેવામાં આવ્યું છે.

હા, તેમાં તમારે શું પૂછવું છે?

મને તે સમજાતું નથી.

તમને શું સમજાતું નથી? તમને "પુનર્નિર્માણ કરાયેલાં, તાજાં બનેલાં" નો અર્થ સમજાતો નથી?

હા, જે હતું તેનું પુનર્નિર્માણ કરવા માટે...

પુનર્નિર્માણ કરાયેલું એટલે રૂપાંતર કરાયેલું, પરિપૂર્ણ બનાવાયેલું, પવિત્ર કરાયેલું, પ્રકાશમય બનાવાયેલું. ત્યાં સૌથી વધારે ભૌતિક સ્તરથી માંડીને સૌથી વધારે સૂક્ષ્મ સ્તર સુધીનાં ચેતનાનાં બધાં સ્તરોનો સવાલ છે. ચેતનાની આ ભૂમિકાઓમાં કેટલાક ભાગો બીજાઓ કરતાં વધારે પ્રકાશિત હોય છે.

એટલે તમારો પ્રશ્ન શો છે? તમારા અસ્તિત્વના કયા ભાગો વધારે પ્રકાશિત બનેલા છે તે તમારે જાણવું છે?

હા.

આહ! ચાલો, આપણે તે જોઈએ. આપણે આવી એક રમત રમી શકીએ.

દરેક જણના અસ્તિત્વમાં, કયા ભાગમાં દિવ્ય કૃપામાં વધારે સમગ્ર શ્રદ્ધા છે?

ચૈત્ય સ્વરૂપમાં.

આહ! ના. હું અનુભવ વિષે પૂછી રહી છું, શાબ્દિક જ્ઞાન વિષે નહિ. તમારામાંના દરેક જણમાં કયા ભાગમાં દિવ્ય કૃપામાં સૌથી વધારે શ્રદ્ધા છે? તે શારીરિકમાં હોઈ શકે, પ્રાણિમય ચેતનામાં હોઈ શકે, ચૈત્ય સ્વરૂપમાં હોઈ શકે, આ કે તે ભાગમાં હોઈ શકે, આ કે તે ક્રિયામાં હોઈ શકે. દા. ત. કેટલાક લોકોમાં દિવ્ય કૃપા સાથેના સંપર્કનો કૃપામાં રહેલી શ્રદ્ધાનો એક પ્રકારનો તદ્દન માનસિક સાક્ષાત્કાર હોય છે. તેઓ પોતાની પ્રાણમય અથવા શારીરિક ચેતનામાં આવે છે કે તરત જ કશું જ વધારે બનતું હોતું નથી. તેથી ઊલટું, બીજા કેટલાક લોકોમાં ઝાઝું માનસિક જ્ઞાન હોતું નથી, પણ જેમને પોતાની શારીરિક ચેતનામાં, દિવ્ય કૃપામાં પરિપૂર્ણ વિશ્વાસ અથવા શ્રદ્ધા હોય છે, અને એ શ્રદ્ધા અને વિશ્વાસને આધારે તેઓ જીવતા હોય છે. બીજા કેટલાક લોકોને પોતાની ફકત ઊંડી લાગણીઓમાં જ દિવ્ય કૃપામાં શ્રદ્ધા હોય છે, એ સિવાય તો તેમના વિચારો રખડેલ જેવા હોય છે. વળી કેટલાક લોકોમાં પ્રાણમય શ્રદ્ધા હોય છે, આવા લોકો વિરલ હોય છે, પણ તેઓ અસ્તિત્વ ધરાવે છે ખરા? તેઓને દિવ્ય કૃપામાં એવી પ્રાણમય શ્રદ્ધા હોય છે કે સર્વ કાંઈ હંમેશાં તદ્દન સારી રીતે નભશે, તેની આવી માન્યતા પાછળ ખૂબ જ બળ હોય છે.

પણ તમે તમારામાં શું છે તે જોવાનો જરા પણ પ્રયત્ન નથી કર્યો શું? પ્રથમ તો, તમારામાં દિવ્ય કૃપામાં શ્રદ્ધા છે?

હા.

હા! સરસ તે સુંદર કહેવાય. તમારામાં કયાં, અસ્તિત્વના કયા ભાગમાં તે શ્રદ્ધા છે? વિચારમાં, લાગણીઓમાં, ઈન્દ્રિયજન્ય સંસ્કારોમાં, કે શારીરિક ક્રિયામાં? જો એકી વખતે તે શ્રદ્ધા તમારા બધા ભાગોમાં હોય, તો તમે પરિપૂર્ણ બનેલાં માનવો છો, અને હું તમને અભિનંદન આપું છું.

ઇન્દ્રિયજન્ય સંસ્કારો.

ઈન્દ્રિયજન્ય સંસ્કારો! તમને તેમનો અનુભવ થયો છે? તો તમે એક વિરલ વ્યકિત છો! (**હસાહસ**).

ના, પ્રભુ કૃપા પ્રત્યેની શ્રદ્ધાનું સ્થાન મારી લાગણીઓમાં છે.

આહ, લાગણીમાં; તે એક ભિન્ન વસ્તુ છે. મોટે ભાગે તે લાગણીમાં હોય છે. પણ એવા લોકો છે, જેમને પ્રથમ તે શ્રદ્ધા વિચારમાં હોય છે, જેમને તેનું એક પ્રકારનું માનસિક જ્ઞાન છે; પણ પછી બધું પતી જાય છે, તે ત્યાં અટકી જાય છે. કેટલાક લોકોને તેની લાગણી હોય છે, પણ તે દિવ્ય કૃપામાં શ્રદ્ધાનો માનસિક અનુભવ હોતો નથી, તેમનું મન જ એ પ્રકારનું હોય છે...

એમ ન બની શકે કે કેટલીક વાર પોતામાં તે કૃપાનું આશ્રય-સ્થાન લાગણીમાં હોય અને બીજે સમયે વળી તે વિચારમાં હોય?

આ વળી એક જુદી રીતની ઘટના છે. તેનો અર્થ એ થયો કે દિવ્ય કૃપામાંની આ શ્રદ્ધા અથવા વિશ્વાસ ચૈત્ય સ્વરૂપમાં છે, ત્યાં પાછળના ભાગમાં છે, હંમેશાં ત્યાં જ હોય છે. એટલે કેટલીક વાર તે લાગણી, તે વિચાર, તે શરીર ચૈત્યિક સાથે સંપર્કમાં આવતાં હોય છે, તે હકીકત જાણ્યા સિવાય તેઓ ચૈત્યિકની અસર હેઠળ આવતાં હોય છે; તે સમયે એ શ્રદ્ધા અથવા વિશ્વાસ આમ આગળ આવે છે અને આધાર રૂપ બને છે. જ્યારે માણસને અમુક ક્ષણો એ ચૈત્યિક સાથે સંપર્કો થાય છે, ત્યારે આમ બને છે. દા. ત. જ્યારે તમે કોઈ ખૂબ મોટી મુશ્કેલીમાં આવી પડયા હો અથવા કોઈ ખૂબ મહાન જોખમમાં આવી પડયા હો અને તમે ઓચિંતા આ દિવ્ય કૃપામાંની તમારી શ્રદ્ધાને અથવા વિશ્વાસને શકિત રૂપે તમારામાં આવતી અનુભવો છો, ત્યારે તે તમને મદદ કરે છે. એટલે તેનો અર્થ એ થયો કે તમને તમારા ચૈત્યિક સાથે સભાન સંપર્ક હોય છે અને તે તમને મદદ કરવા માટે આવે છે તે તમારા પર વરસાવવામાં આવેલી ભગવાનની ખાસ કૃપા છે. આ પરિસ્થિતિ અહીં સૌથી વધારે વખત બનવી જોઈએ, કારણકે અહીં સર્વ સમયે દરેક જણમાં સભાનતાપૂર્વક, આ સંપર્ક સ્થાપવામાં આવતો હોય છે.

એટલે આ દાખલો વારંવાર બનવો જોઈએ, અહીં તે તદ્દન સામાન્ય છે. અર્થાત્ સક્રિય ભાગ અનુસાર અથવા જરૂરિયાત અનુસાર, અહીં અને તહીં, તમે ઓચિંતા આ ભગવાનની કૃપામાંના તમારા વિશ્વાસને અનુભવતા હો છો, જે તમારા પર સ્વામિત્વ જમાવે છે અને તમારી રક્ષા કરે છે. તે તે બનતું હોય છે. બસ!

* * *

૧૩ એપ્રિલ ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે.

હવે કોઈને કોઈ પ્રશ્નો છે?

મધુર માતાજી, અહીં એમ લખાયું છે કે "આ માનસશાસ્ત્રીય પૃથક્કરણ કરનારાઓને ગંભીરતાપૂર્વક સ્વીકારવાનું મને બહુ મુશ્કેલ લાગે છે..."

તેનો એવો અર્થ છે કે શ્રી અરવિંદ તેમને માત્ર હસી કાઢે છે.

(બાળક વાંચવાનું ચાલુ રાખે છે :) "જ્યારે તેઓ **આધ્યાત્મિક અનુભૂતિની ચકાસણી અસ્થિર પ્રકાશવાળી તેમની.....**". "ટોર્ચ લાઈટના અસ્થિર પ્રકાશમાં" તે મશ્કરી રૂપ છે. તેનો અર્થ એ છે કે તે પ્રકાશ તદ્દન નાનકડો, નહિવત્ હોય છે, અને તેઓ એમ માને છે કે અમે ટોર્ચ લાઈટના ક્ષુદ્ર પ્રકાશ વડે આધ્યાત્મિક અનુભવોનો નિર્ણય કરી શકીશું. તે પ્રકાશમાં કશું જ બળ હોતું નથી. આ એક ઉપહાસ છે.

પણ તમે શું પૂછવા માગતા હતા?

અહીં લખેલું છે કે "ટોર્ચ લાઈટના અસ્થિર પ્રકાશ વડે આધ્યાત્મિક અનુભૂતિનું..."

હા, એ એમ છે. તેનો અર્થ એવો છે કે તેઓ નજીવા, ખૂબ નાનકડા પ્રકાશ વડે, નિર્બળ ટોર્ચ–લાઈટ વડે આધ્યાત્મિક અનુભવનો નિર્ણય કરવા માગે છે; તે નકામો હોય છે. તેઓ સર્વ વસ્તુઓને, સૃષ્ટિને તથા સર્વ ઉચ્ચતર ઘટનાઓને પણ તદ્દન સામાન્ય ચેતનાની નાનકડી શારીરિક ટેવોની મદદથી સમજાવવા માગે છે. તે તદ્દન હાસ્યાસ્પદ છે.

મધુર માતાજી, બૃહત્ અહંકાર એટલે શું?

તે વિસ્તૃત બનેલી; સૂજી ગયેલી, વધારે મહત્ત્વની બનાવાયેલી હોય તેના કરતાં પણ વધારે મહત્ત્વની બનાવાયેલી અહંતા છે. આ આખો પત્ર મશ્કરીથી ભરેલો છે. બૃહત્ અહંતા સામાન્ય અહંતા કરતાં વધારે મોટી, સૂજી ગયેલી અહંતા છે. જે પોતે કાંઈ જ ન હોવા છતાં વધારે મહાન બનવાનો પ્રયત્ન કરતી હોય છે.

પણ અંતસ્તલમાં રહેલી બૃહત્ અહંતા શા માટે?

અંતસ્તલમાં રહેલી એટલે ખૂબ નીચે, ચેતનામાં સંતાઈ રહેલી બૃહત્ અહંતા. "અંતસ્તલમાંની" એટલે નીચે ખૂબ અંધકારમાં, પડછાયામાં સંતાઈ રહેલી, ખૂબ વધારે ભૌતિક ગતિઓમાં લપાઈ રહેલી અહંતા, જે વધારે મહત્ત્વની વ્યકિત બનવાનો પ્રયત્ન કરતી હોય છે.

મધુર માતાજી, કેટલીક વાર આપણને સામાન્ય વસ્તુઓનાં સ્વપ્ન આવે છે, પણ કેટલીક વાર તે સ્વપ્નો એવા નથી હોતાં કે.....

હા. શ્રી અરવિંદ એમ જ કહે છે, નહિ વારું? તે કહે છે કે બધાં સ્વપ્નો સામાન્ય, સ્મૃતિઓના સંગ્રહ જેવાં નથી હોતાં; કેટલાંક સ્વપ્નો આવિષ્કારો હોય છે. અહીં તે બધા પ્રકારનાં સ્વપ્નો વર્ણવે છે.

મધુર માતાજી, એનો આધાર દિવસ ઉપર નથી હોતો? જો અમે દિવસ દરમ્યાન વધુ સભાન હોઈએ તો એમ ન બને કે અમને સારાં સ્વપ્ન આવે?

તેનો આધાર શેના પર છે એ કહેવું ઘણું કઠિન છે.

એવું પણ બને છે કે જ્યારે તમે તમારા અમુક મુદ્દા પર પ્રકાશ ફેંકે, તમારે જે પ્રયત્ન કરવો જોઈતો હોય તો તેનું સૂચન આપે તેવા સ્વપ્નની ઈચ્છા કરો છો, ત્યારે તેવું સ્વપ્ન તમને આવે છે.

તેનો આધાર દરેક વસ્તુનું નિરીક્ષણ કરતી ચેતના પર છે. જો માણસ જરા ખુલ્લો હોય, તો તે તેને માર્ગદર્શન અથવા સુચના આપે છે.

હું માનું છું કે અમુક પ્રકારનાં સર્વ સ્વપ્નો તદ્દન સામાન્ય, નકામાં, અને કંટાળાજનક હોય છે. જો માણસ ઊંઘવા જતા પહેલાં એકાગ્રતા માટે પ્રયત્ન કરે, અભીપ્સા અથવા પ્રાર્થના દ્વારા પોતામાં રહેલી શ્રેષ્ઠ વસ્તુ સાથે સંપર્કમાં આવવાનો પ્રયત્ન કરે, અને પછી ઊંઘવા જાય, તો તે તેવાં સ્વપ્નોને દૂર રાખી શકે છે. તમને ઠીક લાગે તો, તમે ધ્યાનમાં બેસો અને પછી, જરા પણ ખ્યાલ આવવા દીધા સિવાય, સ્વાભાવિક રીતે જ ધ્યાનમાંથી નિદ્રામાં જાઓ. મોટા ભાગનાં સ્વપ્નો નકામાં અને કંટાળાજનક હોય છે, જે તમને સારી રીતે આરામ લેતાં અટકાવે છે; આ બધાંને તમે દૂર રાખી શકો. જો માણસ એકાગ્રતા કરવામાં સાચી અને સારી રીતે સફળ થયો હોય, તો શકય છે કે તેને સ્વપ્નો નહિ પણ અનુભવો આવે, જેમનાથી તે સભાન બને છે, જેઓ બહુ ઉપયોગી હોય છે; મેં કહ્યું તેમ તે એવાં સૂચનો હોય છે કે જે પ્રશ્નો તમે તમારી જાતને પૂછયા હતા, પણ જેમનો જવાબ તમને મળ્યો ન હતો તે વિષેનાં સૂચનો, તમારે જે નિર્ણય લેવો જોઈએ અને જે નિર્ણય વિષે જાણતા ન હતા તે વિષેનાં સૂચનો તમને તે સ્વપ્નોમાં મળે છે. કેટલીક વાર, તમારા પોતાના ચારિત્ર્યની અમુક રીત રસમ, જે પોતાની જાતને તમારી જાગૃત ચેતનામાં સ્પષ્ટ રીતે બનાવતી ન હતી કારણ કે તમે તેનાથી એટલા બધા ટેવાઈ ગયા છો કે જેને પરિણામે તમે તેનાથી સભાન હોઈ શકતા નથી, પણ જે તમને નુકસાનકારક છે, તમારા વિકાસમાં અવરોધ રૂપ છે અને તમારી ચેતનાને અસ્પષ્ટ બનાવી મૂકે છે, તે કોઈક પ્રતીકમય આવિષ્કારક સ્વપ્નમાં તમારી સમક્ષ રજૂ થાય છે, તમે તેનાથી સ્પષ્ટ રીતે સભાન બનો છો, અને પછી તમે તેને દૂર કરવા પ્રયત્ન કરી શકો છો.

તેનો આધાર માણસ દિવસ દરમિયાન કેવો હતો તેના પર નથી, કારણકે તેની અસર હંમેશાં રાત્રિ પર ઝાઝી પડતી હોતી નથી, પણ તે કેવી રીતે નિદ્રામાં ગયો હતો તેના પર છે. ઊંઘવા જવાની ક્ષણે સાચા દિલની એવી અભીપ્સા હોવી કે "આ રાત્રિ ચેતનાને અંધકારમય બનાવને બદલે, મને કાંઈક સમજવામાં, અનુભવ પ્રાપ્ત કરવામાં મદદ રૂપ બનો" એટલું પર્યાપ્ત છે; તો પછી તે અનુભવ ભલે હંમેશાં ન આવતો હોય, પણ તે આવે એવી તક ઊભી થાય છે.

માણસ રાત્રિની અનેક ક્રિયાઓને તો જરાય યાદ રાખી શકતો નથી. કેટલીક વાર, જયારે માણસ ખૂબ ધીમે ધીમે શાન્તિપૂર્વક ઊંઘમાંથી જાગે છે, જાગતાં વેંત

બહાર કૂદી પડતો નથી, પણ તદ્દન મૃદુતાપૂર્વક જાગે છે, જરા પણ હલનચલન કર્યા સિવાય જાગે છે, ત્યારે તેને એવો અસ્પષ્ટ ખ્યાલ આવે છે કે રાત્રિ દરમિયાન સ્વપ્નમાં એવું કાંઈક બન્યું છે જેણે મારી ચેતના પર અમુક સંસ્કાર મૂકી આપ્યો છે, જે કેટલીક વાર તો એક વિચિત્ર સંસ્કાર હોય છે. દરેક જણની જાગવાની રીત ભિન્નભિન્ન પ્રકારની હોય છે. જો તમે તે સંસ્કારને હલનચલન કર્યા સિવાય, શાન્તિપૂર્વક, ધ્યાનપૂર્વક તપાસશો, તો તમને રાત્રે જે બની હતી તે ક્રિયાની એક પ્રકારની અર્ધસ્મૃતિ પ્રાપ્ત થશે. તે અર્ધ-સ્મૃતિ પડદા પાછળથી ઓચિંતી ફૂટ દઈને તમારી પાસે આવતી તમને જણાશે, અને પછી તમે સ્વપ્નની ખુંછડી પકડી શકશો. તે એક નાનકડી ઘટના છે, પણ જ્યારે તમે તે ખુંછડીને પકડીને આમ મૃદુતાપૂર્વક ખેંચો છો કે તરત તે આવે છે. પણ તમારે ખૂબ શાન્ત રહેવું જોઈએ, જરા પણ હલનચલન ન કરવું જોઈએ. મોટે ભાગે આ સ્વપ્નો બહુ રસપ્રદ હોય છે, આ ક્રિયાઓ ખૂબ બોધપાઠ આપનારી હોય છે.

માણસ રાતે અનેક વસ્તુઓ કરે છે, જેમનું તેને ભાન હોતું નથી. પણ જ્યારે તે શીખે છે, સભાન બને છે, ત્યારે તે તેમના પર કાબૂ રાખી શકે છે. સભાન બન્યા સિવાય તમે કાબૂ રાખી શકતા નથી પણ જેમ જેમ તમે સભાન બનો છો, તેમ તેમ વધારે કાબૂ રાખી શકો છો. તમારી રાત્રિની ક્રિયાઓ પર જો તમે કાબૂ રાખી શકો, તો તમે વધારે સારી રીતે ઊંઘી શકો. જો તમે જાગો ત્યારે તમને ઊંઘવા જતી વખતના જેટલો જ થાક લાગેલો હોય અને શરીરમાં શિથિલતા આવી ગઈ હોય, તો તે બતાવે છે કે તમે રાત્રિ દરમિયાન અનેક નકામી વસ્તુઓ કરી હતી, તમે પ્રાણિક જગતમાં અથવા મનમાં ખૂબ ભટકતા રહ્યા હતા, મૂર્ખાઈ ભરેલી ક્રિયાઓ કરી હતી અને તેથી તમે થાકી ગયા હતા.

ઠીક. જો એક વાર તમે તેના પર કાબૂ રાખી શકો, તો તે તદ્દન બંધ થઈ જાય છે. ઊંઘવા માટે જતા પહેલાં તેને અટકાવી દો, તમારી જાતને એ મહાન, વિશાળ, શાન્ત સમુદ્રની પેઠે તદ્દન શાન્ત બનાવી દો. તમે તમારા મનને તેવું વિશાળ, શાન્ત બનાવી શકો છો, એક વિશાલ, શાન્ત, ગતિ વગરની સપાટી જેવું; પછી તમને સરસ ઊંઘ આવશે.

અલબત્ત, કેટલીક વાર લોકો, પોતાની નિદ્રા દરમિયાન, પ્રાણિક જગતની ખરાબ જગ્યાઓએ જતા હોય છે; જ્યારે તેઓ ત્યાંથી પાછા આવે છે, ત્યારે તેઓ ખૂબ થાકી ગયેલા હોય છે અથવા માંદા પડી ગયેલા હોય છે. તેનું કારણ એ છે કે તેઓ ખરાબ સ્થાનોમાં ગયા હતા અને ત્યાં તેમને યુદ્ધ કરવું પડયું હતું.

પણ આને જાગૃત કાળ દરમિયાનની ચેતનાની સ્થિતિ સાથે સંબંધ છે. દા. ત. તમે દિવસ દરમિયાન ક્રોધ કર્યો હોય, તો એવી ઘણી તકો ઉદ્‌ભવે છે કે જ્યારે રાત્રિ દરમિયાન તમારે થોડાક સમય સુધી પ્રાણિક યુદ્ધ કરવું પડે. આમ બને છે.

બસ? હવે કાંઈ પૂછવું છે? કાંઈ નહિ?

"આદ્દિ સ્વર્ગીય કમલ" કોને કહે છે?

તેનો અર્થ છે કમલનો મૂળનો વિચાર.

શારીરિક રીતે અભિવ્યક્તિ કરાયેલી દરેક વસ્તુનો ખ્યાલ, તે ભૌતિક રીતે સિદ્ધ થાય (રચાય) ત્યાર પહેલાં કયાંક કરવામાં આવ્યો હતો.

એક એવું સમગ્ર જગત છે, જે નિર્માણકારોનું જગત છે, જ્યાં સર્વ પ્રકારના ખ્યાલોનું નિર્માણ કરવામાં આવે છે. આ જગત મનનાં સર્વ જગતો કરતાં ખૂબ વધારે ઉચ્ચ છે. તે જગતમાંથી નિર્માણકારોએ જેમના ખ્યાલો કર્યા હોય છે તે બધાં નિર્માણો, સર્જનો, ટાઈપો (પ્રકારો) નીચે આવે છે અને ભૌતિક વસ્તુઓમાં અભિવ્યકત થાય છે. ઘણી વાર ભૌતિકીકરણ કરાયેલી વસ્તુઓ, મૂળ વિચારોની સરખામણીમાં, હાસ્યાસ્પદ પ્રતિકૃતિઓ હોય છે. તેમને શ્રી અરવિંદ મૂળ ટાઈપો કહે છે. તે ભિન્નભિન્ન જગતોમાં બને છે; તેનો આધાર વસ્તુઓ પર છે; પણ શારીરિકમાંની ઘણી વસ્તુઓના મૂળ વિચારો, આ મુખ્ય ટાઈપો શ્રી અરવિંદ જેને અધિમનસ્ કહે છે તેમાં હતા.

પણ આના કરતાં પણ એક ઉચ્ચતર પ્રદેશ છે, જ્યાં ઉદ્‌ભવ સ્થાનો હજી વધારે વિશુદ્ધ છે; જો માણસ તે પ્રદેશને પ્રાપ્ત કરે, તો પૃથ્વી પર અભિવ્યકત થયેલી વસ્તુઓની તદ્‌ન વિશુદ્ધ ટાઈપો (પ્રકારો) તેને જોવા મળે. પછી તેમની સરખામણી કરવી, પાર્થિવ સર્જન કેટલું બધું ભીષણ, વિકૃત બની ગયું છે તે જોવું તે ખૂબ રસપ્રદ છે. વળી જ્યારે માણસ આ પ્રદેશોમાં પહોંચી શકે છે અને તાત્ત્વિક રીતે વસ્તુઓની વાસ્તવિકતાને જોઈ શકે છે, ત્યારે જ તે તેમનું અહીં રૂપાંતર કરવા માટે જ્ઞાનપૂર્વક કાર્ય કરી શકે છે. નહિ તો, અત્યારના જગત કરતાં વધારે સારા, વધારે પરિપૂર્ણ, અને વધારે સુંદર જગતનો ખ્યાલ આપણે કેવી રીતે કરી શકીએ? આપણી કલ્પના વડે આપણે તેનો ખ્યાલ ન કરી શકીએ, કારણ કે આપણી કલ્પના તો પોતે જ એક ખૂબ ગરીબડી અને ખૂબ ભૌતિક વસ્તુ છે. પણ જો આપણે તે ચેતનામાં પ્રવેશી શકીએ, સૃષ્ટિનાં આ ઉચ્ચતર જગતોમાં ખૂબ ઊંચે ઉડી શકીએ, તો પોતાની ચેતનામાં આને રાખીને માણસ ભૌતિક વસ્તુઓ પોતાનું સાચું રૂપ ધારણ કરે તે માટે કાર્ય કરી શકીએ.

માતાજી, જો રાત્રી દરમ્યાન માણસ કોઈ માણસને મરતો જુએ, અને થોડાક મહીના પછી તે જ માણસને ફરી મૃત્યુ પામતો જુએ, તો તેનો શો અર્થ છે? શું તે માણસ જોખમમાં હોય છે?

માણસ સ્વપ્નમાં એક માણસને મરતો જુએ અને થોડાક માસ પછી તે તેને ફરી મરતો જુએ તો...?

હા, મરતો જુએ.

માણસ અમુક માણસને મરતો જુએ છે, અને થોડાક માસ પછી તે તેને ફરી મૃત્યુ પામતો જુએ છે, તો તે મરી ગયો છે કે **જીવે** છે?

જીવે છે.

હે મારા બાળક, આ તો અશાન્તિકારક બની જાય છે! હું જાણતી નથી; તેનો આધાર કેવલ તે કેઈસ ઉપર છે.

તે આધ્યાત્મિક મૃત્યુ હોઈ શકે, પ્રાણિક મૃત્યુ હોઈ શકે, અસ્તિત્વમાં એવી કોઈક વસ્તુ હોય કે જેણે અદૃશ્ય થઈ જવું જોઈએ (અને પછી, તેનો અર્થ છે કે તે પ્રગતિ કરી શકે છે) તેનું મૃત્યુ હોય, તે અગાઉથી પ્રાપ્ત થતી લાગણી હોય, તે તેવી અનેક વસ્તુઓ હોઈ શકે. જ્યાં સુધી તમારા સ્વપ્નનો સંદર્ભ તમને પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેને સમજાવી ન શકાય. પણ તમારી પાસે સ્વપ્નોનો ન્યાય આપનાર કોઈક ન્યાયાધીશ હોવો જોઈએ. શું મને કદી તમારા સ્વપ્નની પાછળથી બનેલી ઘટનાઓ સાથે સરખામણી નથી કરી? દા. ત. હું જાણું છું કે તમે એવું અનુભવ્યું છે કે તમે કોઈ માણસને સ્વપ્નમાં મરતો જુઓ છો અને તે માણસ સાચે જ મરી જાય છે; નથી અનુભવ્યું વારું? પણ તમે તેને ફરી, બીજી વાર મૃત્યુ પામતો નથી જોતા. જો તમે તે જ સ્વપ્ન બે વાર જુઓ, તો તેનો અર્થ આ બેમાંથી એક હોઈ શકે કે તેણે ફરી એક વાર અસ્તિત્વની બીજી સ્થિતિ ગુમાવી દીધી છે, તેણે પ્રાણિક ચેતનામાં પ્રવેશ કર્યો છે, અથવા તો પાછળથી આ પ્રાણિક ચેતનામાંથી ચૈત્યિક ચેતનામાં પ્રવેશ કરવા માટે બહાર ગયો છે, તે તેમ હોઈ શકે. પણ ત્યારે **અમુક** નિશ્ચિત નિશાનીઓ હોય છે, તે સ્વપ્ન તમને છેતરી શકે નહિ, તે સમાન પણ હોઈ શકે નહિ. કદાચ એમ પણ હોય કે કોઈક વસ્તુએ તમારા વિચારમાં, મસ્તિષ્કમાં બહુ ઊંડી છાપ પાડી હોય, અને અમુક સંજોગોમાં, જેનાં અનેક કારણો હોઈ શકે આ છાપ ફરી સક્રિય બનવાનું શરૂ કરે છે અને તમને બીજી વાર તેનું તે જ સ્વપ્ન આપે છે, તે તે જ સ્વપ્ન હોઈ શકે, તે એક મસ્તિષ્કના કોશાણુઓની ઘટના છે.

ઘણાં સ્વપ્નો માત્ર મસ્તિષ્કની ઘટનાઓ છે, અર્થાત્ એવી વસ્તુઓની કે જે અમુક (એક યા બીજા) આવેગ હેઠળ ફરી સક્રિય બને છે, અને તેનાં તે જ ચિત્રો પાછાં લાવે છે; કેટલીક વખત તેમનામાં થોડાક ભિન્ન સંબંધો અને સંસ્કારો હોય છે.

કેટલીક વાર કેટલાંક સ્વપ્નો ફરી ફરી આવતાં હોય છે, જેમને તમને કાંઈક બોધપાઠો કે સૂચનો આપવાનાં હોય, કંઈક તમને કહેવું હોય, જાહેર કરવું હોય, અથવા અમુક વસ્તુ પ્રત્યે તમારું ધ્યાન ખેંચવું હોય, અમુક વસ્તુ સામે તમને સાવચેતી રાખવાનું કહેવું હોય. ઘણી વાર તેવાં સ્વપ્નો થોડાક ગાળાઓ પછી અથવા દૂરથી વારંવાર આવતાં હોય છે. મોટે ભાગે તેનો અર્થ એ છે કે પ્રથમ સમયે તેની છાપ બહુ ઝાંખી પડી હતી, માણસ તેને બરાબર યાદ રાખી શકયો ન હતો. બીજી વાર માણસમાં એવી એક અસ્પષ્ટ છાપ પેદા થાય છે કે આ સ્વપ્ન મને પહેલાં પણ આવી ગયું હતું, ત્રીજી વખતે તે સ્વપ્ન સ્પષ્ટ, નિશ્ચિત, અને બળવાન હોય છે; માણસને યાદ આવે છે કે આહ, આ સ્વપ્ન તો મેં ત્રણ વાર જોયું છે.

મોટે ભાગે આ સ્વપ્નો બહુ રસપ્રદ હોય છે; તેઓ તમને નિશ્ચિત સૂચનો આપે છે કે અમુક કાર્ય તમારે કરવું અથવા ન કરવું; તમારે જે ચેતવણી લેવાની હોય, કોઈક સાથેના તમારા સંબંધો વિષે, અમુક માણસ પાસેથી મેળવવાની તમે જે અપેક્ષા રાખતા હો તેને વિષે, અમુક સંજોગોમાં તમારે તેની સાથે કેવી રીતે કાર્ય કરવું તેને વિષે તે સ્વપ્નો તમને કહી જતાં હોય છે.

આમ એક તદ્ન નાનકડી વીગત આમ વારંવાર સ્વપ્નમાં આવે છે; કેટલીક વાર તે તરત જ આવે છે; કેટલીક વાર તે સ્વપ્ન એકવાર, બીજીવાર, ત્રીજીવાર, અઠવાડિયાં સુધી આવતાં રહે છે.

મધુર માતાજી, રાત્રિઓનો લાભ ઊઠાવવા માટે, સારાં સ્વપ્નો આવે તે માટે શું એ જરૂરી છે કે માણસે મોડી રાત સુધી કોઈ ખૂબ બૌદ્ધિક કાર્ય ન કરવું, રાતે ખૂબ મોડે વાળુ ન લેવું, અથવા કોઈ બાહ્ય વસ્તુ ન કરવી?

તેનો આધાર દરેક, તે તે માણસ પર છે. પણ જો તમે રાતે શાન્તિપૂર્વક ઊંઘવા માગતા હો, તો ઠેઠ ઊંઘવાના સમય સુધી તમારે અધ્યયન ન કર્યા કરવું જોઈએ; તેથી તમારું મસ્તિષ્ક કાર્ય કરવાનું ચાલુ રાખશે અને પરિણામે તમને સારી ઊંઘ નહિ આવે. જ્યારે મન કાર્ય કરવાનું ચાલુ રાખે છે, ત્યારે માણસને આરામ મળતો નથી.

આદર્શ એ છે કે તમારે પરિપૂર્ણ આરામમાં પ્રવેશવું જોઈએ, અર્થાત તમારે શરીરમાં અગતિશીલતા, પ્રાણિકમાં પરિપૂર્ણ શાન્તિ, મનમાં કેવળ મૌન રાખવાં જોઈએ; તેમ કરવાથી ચેતના સર્વ પ્રવૃત્તિમાંથી બહાર નીકળી સચ્ચિદાનંદમાં પ્રવેશે છે. જો તમે આ કરી શકો તો જાગતાંવેંત તમે અસાધારણ શકિત, પરિપૂર્ણ આનંદ અનુભવી શકશો. પણ આમ કરવું તે બહુ સહેલું નથી. તેમ કરી શકાય છે; તે આદર્શ સ્થિતિ છે.

મોટે ભાગે આમ જરાપણ બનતું હોતું નથી; નિદ્રાનો ઘણોખરો સમય કોઈક પ્રકારની અવ્યવસ્થિત ક્રિયાઓમાં નકામો બગડતો હોય છે; તમારું શરીર પથારીમાં પાસાં બદલ્યા કરે છે, તમે લાતો મારતા રહો છો, પાસાં બદલતા રહો છો, તમે આમ (અભિનય) કરતા હો છો અને તેમ કરતા રહો છો. એટલે તમને જરા પણ આરામ મળતો નથી.

દિવસ દરમિયાન અમને સમય મળતો હોતો નથી, એટલે અમને અમારું લેસન (પાઠ) રાતે કરવાની ફરજ પડે છે.

બોહ વસ્તુઓ કરવા માટેનાં હંમેશાં ૫૦ હજાર કારણો-બહાનાં હોય છે. તમારે તેમાં કોઈ નૈતિક પ્રશ્ન ન લઈ આવવો જોઈએ, તમે તમારી ફરજ બજાવી શકો છો અને તે પણ તદ્ન નિ:સ્વાર્થ રીતે, અને છતાં પણ તે તેમને ઊંધમાંથી અટકાવી શકે છે.

નૈતિક પ્રશ્નોને આંતર વિકાસ સાથે કશી લેવા-દેવા નથી. મારે તમને આ કહેવું પડે છે તેથી હું દિલગિરી અનુભવું છું, પણ એક માણસ એક માર્ગે જતો હોય છે, અને બીજો માણસ બીજે માર્ગે, તદ્ન નિસ્વાર્થ કાર્ય કરવા વડે તમે તદ્ન માંદા પડી જઈ શકો છો, અને તદ્ન સ્વાર્થી હોવા છતાં તમે ખૂબ તંદુરસ્ત બની શકો છો. તે અવરોધરૂપ નથી બનતું. આ પ્રકારની નૈતિકતા અસરકારક નથી.

નૈતિક અંત:કરણ હોવું અને સત્યની અભિવ્યકિત રૂપ ચેતના હોવી એ બે વચ્ચે મોટો તફાવત છે. પણ મારે કહેવું જોઈએ કે નૈતિક અંતઃકરણ હોવા કરતાં સત્યને અભિવ્યકત કરતી ચેતના હોવી એ અનંતગણું વધારે કઠિન છે, કારણકે સામાજિક નિયમોને જાણનાર અને તે પ્રમાણે વર્તનાર કોઈ પણ મૂર્ખ માણસમાં નૈતિક અંત:કરણ હોઈ શકે છે; પણ સત્યની ચેતના માટે પ્રથમ શરત એ છે કે માણસ મૂર્ખ ન હોવો જોઈએ!

હું એક વર્ષથી પણ વધારે સમયથી મારી રાત્રિઓ આ પ્રકારે બગાડી રહ્યો છું !

હા, પણ તમને એમ નથી લાગતું કે આ બધી વસ્તુઓનું કારણ એ છે કે તમારા જીવનમાં સંગઠનનો અભાવ છે ? માણસ એક ક્ષણથી બીજી ક્ષણ પ્રત્યે, વસ્તુઓ આવે છે તેમ તેમ, ગમે તે રીતે જીવતો હોય છે. અથવા તો તે એવા માનસિક સંગઠન માટે પ્રયત્ન કરતો હોય છે કે જે સત્ય સાથે બિલ્કુલ સુસંગત નથી, અને પરિણામે હર ક્ષણે તેને અવરોધો નડતા હોય છે.

પણ જો માણસ ચેતનાના ઉચ્ચતર સિદ્ધાંત અનુસાર પોતાના જીવનને સંગઠિત બનાવે, તેમ કરવા માટે વ્યર્થ ફાંફાં ન મારે, પણ હર ક્ષણે શું કરવાનું છે અને તે કેવી રીતે કરવાનું છે તેના નિશ્ચિત સૂચન સાથે જીવે, તો મને લાગે છે કે વસ્તુઓ બેચેની પેદા કરે તે રીતે કઠિન ન બની રહે. સારા શિક્ષક બનવું એ એક સારી વસ્તુ છે, પણ ઊંઘવા જતી વખતે વિદ્યાર્થીઓને ઘેરથી કરી લાવવા માટે આપેલું કાર્ય સુધારવું તે કદાચ તદ્દન જરૂરી નથી ; હું પોતે કદી પણ એક સારી શિક્ષિકા ન હતી, એટલે હું જાણતી નથી, અને તેથી હું મારા વિદ્યાર્થીઓને લખવા આપવાના વિષયો પર પૂર્વ તૈયારી કરતી ન હતી, તેમના ઘેરથી કરી લાવવા આપેલા કાર્યને સુધારતી ન હતી. પણ છતાં મને લાગે છે કે તે સુધારવાનું કામ શિક્ષિકા રાતે ઊંઘવા જતી વખતે ન કરે એ શકય છે.

મોટે ભાગે પોતે જે કામ સારી રીતે કરી શકે તેવા કાર્યની કાળજીપૂર્વક પસંદગી કરવાને બદલે, માણસ ખૂબ વધારે પડતું કાર્ય માથે લેતો હોય છે. અને તેવા કાર્યનો મોટો ભાગ તો થોડો ઘણો નકામો હોય છે ; પરિણામને નુકસાન કર્યા વિના તે કાર્ય તે ઓછું કરી શકાય તેમ હોય છે (ખ્યાલ રાખો કે હું આ એક સર્વ સામાન્ય નિયમ નથી બનાવતી ; હું તો માત્ર મારા અનુભવનું કથન કરું છું). જ્યારે માણસ આંતર સૂચન પ્રત્યે ખૂબ ધ્યાન આપે છે, અને બહારથી આવતાં મોજાંઓ વડે ફેંકાઈ જવાની ના પાડી દે છે, આ મોજાં બીજાઓના સંકલ્પોમાંથી ઉદ્ભવતી, અથવા સંજોગોના દૈનિક કાર્યક્રમમાંથી ઉદ્ભવતી, અથવા પ્રતિકૂલ શકિતઓના વિરોધમાંથી ઉદ્ભવતી અનેક પ્રકારની ગતિઓ હોય છે, જ્યારે માણસ નિશ્ચિત, આંતર, સ્પષ્ટ સૂચનને સ્વીકારી તેને અનુસરે છે, જરા પણ આનાકાની કર્યા સિવાય, કડક રીતે અનુસરે છે જો તે બીજાઓને ન ગમતું હોય, તો તેટલું તેમને નુકસાન થવાનું છે ત્યારે માણસ સંજોગોનો એક પ્રકારનો સ્વામી

બને છે, તે સંજોગોને અનુકૂલ રીતે સંગઠિત કરે છે, અને તે થોડા સમયમાં ખૂબ વધારે કાર્ય કરી શકે છે.

એકાગ્રતાને ખૂબ વધારવાથી વસ્તુઓ કરવામાં જરૂરી સમયને ઓછો બનાવી શકાય છે. ઘણા લોકો લાંબા સમય સુધી એકાગ્ર રહી શકતા નથી, તેમ કરતાં તેઓ થાકી કંટાળી જાય છે; પણ તે તો વજન ઉંચકવા જેવી વાત છે, માણસ તેનાથી ટેવાઈ જાય છે. જો તમે એકાગ્રતા પર સ્વામિત્વ મેળવવામાં સફળ નીવડો, તમારા મનને તદ્દન શાન્ત રાખવામાં સફલ નીવડો કારણકે આ પ્રથમ શરત છે અને જો તમે તે શાન્તિમાં તમારે જે કાર્ય કરવાનું છે તેના પર, એકાગ્રતા ચાલુ જ રાખો, તો તે એક ખૂબ શાન્ત પણ સર્વ શકિતમાન આવેગની શકિત બની જાય છે. પછી તમે જે કાર્ય કરતાં એક કલાક લાગે તેમ હતું તેને પા કલાકમાં પૂરું કરી દઈ શકો છો. પરિણામે તમને વધારે સમય પ્રાપ્ત કર્યો હોવાનો લાભ મળે છે; પછી એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિમાં, એક વિક્ષોભમાંથી બીજા વિક્ષોભમાં ઝંપલાવવાને બદલે, તમે થોડીક મિનિટો સુધી પરિપૂર્ણ આરામ લઈ શકો છો. તેથી તમને આરામ લેવાનો સમય મળે છે. આ આરામ લેવાથી સ્વાભાવિક રીતે જ જે બધી વસ્તુઓ જરાક વિક્ષોભકારક બની જઈ હોત, તેમને તમે વ્યવસ્થિત કરી શકો છો; તે તમને ફરી એવી સ્થિતિમાં મૂકી આપે છે કે જેમાં તમે વધારે એકાગ્રતા કરી શકો. પ્રયત્ન કરી જુઓ!

બસ? હવે કોઈ પ્રશ્નો નથી ને?

તો પછી હે મારાં બાળકો, તમને હું શાન્તિ ઈચ્છું છું, તમારી વિદાય લઉં છું.

* * *

૨૭ એપ્રિલ ૧૯૫૫ *

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે.

મધુર માતાજી, પ્રતીકમય સ્વપ્ન અને સૂક્ષ્મદર્શન વચ્ચે શો તફાવત હોય છે?

મોટે ભાગે માણસ જ્યારે ઊંઘતો હોતો નથી, જાગતો હોય છે, ત્યારે તેને સૂક્ષ્મદર્શનો દેખાતા હોય છે. જ્યારે માણસ જાગતો હોય અને તેણે ધ્યાનમાં કે એકાગ્રતામાં પોતાની જાતમાં પ્રવેશ કર્યો હોય, ત્યારે તેને સૂક્ષ્મ દર્શનો દેખાય છે, અથવા રાતે જ્યારે તમે ઊંઘી શકતા હોતા નથી, લાંબા થઈને શાન્ત સૂતા હો છો, ઊંઘતા નથી, ત્યારે તમને સૂક્ષ્મ દર્શનો દેખાય એમ બની શકે.

જ્યારે માણસ ઊંઘતો હોય છે, તે જાગૃત ચેતનામાં નથી હોતો, ત્યારે તેને સ્વપ્નો આવે છે; જ્યારે સૂક્ષ્મ દર્શનની અવસ્થામાં માણસ જાગૃત ચેતનામાં હોય છે, પણ તે તેને શાન્ત અથવા અક્રિય બનાવી દે છે, અને વધારે આંતર ચેતના

---

* ૨૦ મી એપ્રિલના રોજ આ વર્ગ લેવાયો ન હતો.

જાગૃત હોય છે; છતાં માણસ ઊંઘતો હોતો નથી, શરીર ઊંઘતું હોતું નથી, તેને માત્ર શાન્ત બનાવી દેવામાં આવ્યું હોય છે.

માણસ સક્રિય હોય ત્યારે પણ તે સૂક્ષ્મ દર્શનો જુએ તેમ બની શકે છે. કેટલાક લોકો જ્યારે કામમાં લાગેલા હોય છે ત્યારે પણ તેમને સૂક્ષ્મ દર્શનો દેખાય છે. સૂક્ષ્મ દર્શન એ જાગૃત અવસ્થાની એક બીજી ભૂમિકા છે. મનમાં, અથવા પ્રાણમાં, અથવા શારીરિક ચેતનામાં રહેલી ઈન્દ્રિયો જાગતી રહે છે અને પોતાના અનુભવોને બાહ્ય ચેતનામાં મોકલી આપવાની વ્યવસ્થા કરે છે. તે એવું છે કે જાણે આ બે આંખોની પાછળ તેને બીજી બે આંખો હોય, જે આંખો શારીરિકમાં જોવાને બદલે પ્રાણિકમાં જોઈ શકતી હોય છે. હંમેશાં આમ બનતું હોય છે. પણ માણસ માત્ર સૌથી વધારે ભૌતિક જીવન પર એકાગ્ર બનેલો હોય છે, એટલે તે તેને જોઈ શકતો નથી. પણ કેટલાંક બાળકોમાં તે બંને સંયુકત રીતે હોય છે; તેઓ બધા પ્રકારની અશારીરિક વસ્તુઓને પણ શારીરિક વસ્તુઓને પણ શારીરિક રીતે જુએ છે, મોટે ભાગે તે બાળકોને કહેવામાં આવે છે કે તમે મૂર્ખાઈ ભરેલી વસ્તુઓ કહો છો, એટલે તેઓ તે વસ્તુઓ વિષે બોલતાં અટકી જાય છે. પણ તેઓ આ વસ્તુઓને માત્ર શારીરિક રીતે જુએ છે એટલું જ નહિ, પણ તેમની પાછળ બીજી વસ્તુઓને જુએ છે. માણસને બંધ આંખો સાથે દર્શનાઓ આવી શકે, અને ખુલ્લી આંખો સાથે પણ દર્શનાઓ આવી શકે; પણ સ્વપ્નો વખતે તો માણસ હંમેશાં ઊંઘતો જ હોય છે.

બીજા કોઈ પ્રશ્નો છે?

આપણે પ્રતીકરૂપ સ્વપ્નો અને બીજાં સ્વપ્નો વચ્ચેનો ભેદ કેવી રીતે સમજી શકીએ?

દરેક જણ માટે તે ભિન્નભિન્ન છે, પણ તે પ્રશ્ન માણસના સંસ્કાર પર આધાર રાખે છે. મોટે ભાગે પ્રતીકમય સ્વપ્ન વધારે સ્પષ્ટ, વધારે નિશ્ચિત, અને વધારે સુ-સમન્વિત હોય છે; તે પોતાની સાથે કોઈ સત્ય વસ્તુની ચેતના લઈ આવે છે. હું જાણતી નથી, પણ માણસ તેને વધારે સારી રીતે યાદ રાખે છે, સ્મૃતિમાં તે વિકૃત બની જતું નથી.

બીજું કંઈ પૂછવું છે?

મધુર માતાજી, જયોતીન્દ્રનો એક પ્રશ્ન છે.

આહ! તે બાળક શું જાણવા માગે છે?

તે જાણવા માગે છે કે માણસ જ્યારે ખૂબ પીડા ભોગવતો હોય અથવા તે ખૂબ ચીઢાઈ ગયેો હોય, ત્યારે તે શાન્તિપૂર્વક કેવી રીતે ઊંઘી શકે ?

તેમાં સાચે જ અમુક યોગિક શકિતની જરૂર પડે છે. શ્રેષ્ઠ અને એકમાત્ર ઉપાય એ છે કે તેણે પોતાના શરીરની બહાર ચાલ્યા જવું.

જ્યારે શરીરને પીડા થતી હોય, માણસને તાવ આવ્યો હોય અથવા શરીર ખૂબ માંદું પડયું હોય, ત્યારે માત્ર એક જ ઉપાય છે કે તેણે શરીરમાંથી બહાર આવવું, પોતાના પ્રાણિક અસ્તિત્વને બહાર લાવવું. જો તે યોગી હોય અને જાણતો હોય, તો તે પોતાના શરીરને જોવા માટે જરાક ઊર્ધ્વમાં જાય છે. જો પ્રાણિક અસ્તિત્વ સારા એવા ભૌતિક રૂપમાં બહાર આવ્યું હોય, તો તે શરીરને જોઈ શકે છે; માણસ પોતાના શારીરિક દેહને જુએ છે; પછી પોતાની ચેતના અને શકિત વડે, તે આ શકિતઓનાં કિરણોને શરીરના માંદા ભાગ સ્થાન પ્રત્યે વાળે છે. પણ અલબત્ત આ તો શિખર છે, પોતાની જાતને સાજી કરવાનો તે સૌથી વધારે નિશ્ચિત માર્ગ છે. જો માણસમાં શકિત અને જ્ઞાન હોય, તો તે ઉપાય કદી નિષ્ફલ જતો નથી.

માણસે બહુ જ સમયમાં પોતાની જાતને ગમે તે રોગથી મુકત કરી શકે. માત્ર એ ખૂબ અભ્યાસ, અસ્તિત્વની તાલીમ માગી લે છે, તે એકદમ નથી બની શકતું. પણ હકીકતમાં, જ્યારે પીડા અસહ્ય બની જાય છે અને લોકો મૂર્ચ્છાવશ થઈ જાય છે, ત્યારે તેઓ સાહજિક વૃત્તિથી આ કરતા હોય છે. મૂર્ચ્છાવશ થવું એટલે શરીરમાંથી બહાર જવું એટલે જે લોકો પોતાના શરીર સાથે ખૂબ સઘનતા-પૂર્વક બંધાયેલા હોય છે, જ્યારે તેમને ખૂબ પીડા થતી હોય છે, તેઓ ખૂબ માંદા પડે છે, ત્યારે તેઓ મૂર્ચ્છાવશ બની જાય છે.

ખૂબ અસહ્ય પીડા તમને મૂર્ચ્છાવશ બનાવી દે છે, અર્થાત્ તમે તમારા શરીરમાંથી બહાર નીકળી જાઓ છો, તમારું શરીર જડ બનીને પડી રહે છે, જો કોઈ માણસમાં જ્ઞાન હોય અને તે તમને આમ (અભિયન) હલાવે નહિ, જગાડવા માટે તમને ઢંઢોળે નહિ, તો તે પીડામાંથી છટકી જવાનો એક ઉપાય છે. અલબત્ત, જો તમારી પાસે રહેલો માણસ ગભરાઈ જાય, તમારા માથા પર ઠંડું પાણી છાંટે, અથવા તમને ઢંઢોળે, તો પરિણામ સંકટમય આવે; નહિ તો શરીરમાં પીડા અનુભવવા માટે જરૂરી ચેતના ન હોવાને કારણે શરીર શાન્ત બની જાય છે; લગભગ દરેક કેઈસમાં શરીર હલનચલન વગરનું બની જાય છે, અને પરિણામે

પીડા હોવા છતાં તે આરામ કરવા શકિતમાન બને છે. શરીરને તે વખતે પીડા અનુભવાતી જ નથી. આ શ્રેષ્ઠ ઉપાય છે.

ગૌણ પદ્ધતિઓ છે અને તેમનાં પરિણામો વધારે ઓછાં આવે છે. પણ તે પણ બહુ સહેલી તો નથી જ; પીડા પામતા અંગ અને તેની નોંધ લેવા મસ્તિષ્કની વચ્ચેનો સંબંધ કાપી નાંખવો તે સહેલું નથી. તે બેની વચ્ચેનો સંબંધ કાપી નાંખ્યા પછી મસ્તિષ્ક તે પીડાની નોંધ લેતું નથી. ડોકટરો જે વસ્તુ એનેસ્થેટિકસ વડે (ભાગને બહેરો બનાવી દેવાની દવા વડે) કરે છે તેને તે લોકો મસ્તિષ્ક અને પીડાતા અંગ વચ્ચેના સંબંધને કાપી નાંખીને કરે છે. તેઓ જ્ઞાનતંતુઓ અને માંદા અંગની અને મસ્તિષ્કની વચ્ચેના સંબંધને કાપી નાંખે છે: પરિણામે મસ્તિષ્ક પીડા અનુભવતું નથી અથવા બહુ ઓછી અનુભવે છે. તે હંમેશાં એક જ પરિણામ પેદા કરે છે એક યા બીજી રીતે; પણ તેમાં ગૂઢ શકિતની અથવા તાલીમની જરૂર પડે છે. કેટલાક લોકો સ્વયંભૂ રીતે તેમ કરી શકે છે, પણ તેવા લોકો બહુ ઓછા છે, પણ તેટલે દૂર ગયા સિવાય માણસ એક વસ્તુનો પ્રયોગ કરી શકે છે : તેણે પીડા પર એકાગ્રતા ન કરવી જોઈએ, પીડા કરતાં બીજી કોઈ વસ્તુ પર ધ્યાન આપવું જોઈએ, પીડાનો બિલ્કુલ વિચાર ન કરવો જોઈએ અથવા ઓછામાં ઓછો વિચાર કરવો જોઈએ, તેના પર જરા પણ ધ્યાન ન આપવું જોઈએ કે "ઓહ, મને પીડા થાય છે"; નહિ તો પીડા જરાક વધી જાય છે કે "ઓહ, મને વધારે પીડા થાય છે"; તેથી પીડા વધારે ખરાબ બની જાય છે, કારણકે તે તેના પર એકાગ્રતા કરતો હોય છે; માણસ હંમેશાં આ ભૂલ કરે છે કે તે પીડાનો વિચાર કરે છે, તેમાં મનને ડૂબાડી દે છે, પીડાતાં ચિહ્નોની રાહ જુએ છે. તે એકાગ્રતાને પરિણામે પીડા વધી જાય છે. તેથી માણસ જ્યારે માંદો હોય, ત્યારે શ્રેષ્ઠ વસ્તુ એ છે કે તેણે કોઈક પુસ્તક વાંચવું અથવા વંચાવવું; તેનો આધાર માણસની પરિસ્થિતિ પર છે. પણ જો માણસ પોતાના ધ્યાનને બીજી કોઈ વસ્તુમાં પરોવે, તો પીડા અનુભવાતી નથી.

હવે કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, આપણને સ્વપ્નની જરૂર છે ખરી?

શેની જરૂર?

.....સ્વપ્નની જરૂર.....

સ્વપ્નની જરૂર! પણ મારા બાળક, તેમાં જરૂરિયાતનો પ્રશ્ન જ નથી ઊભો થતો; માણસને હંમેશાં સ્વપ્ન આવે છે.

પણ આપણને શા માટે સ્વપ્નો આવે છે?

તમે શા માટે મસ્તકને હવામાં રાખીને, તમારા પગ પર ચાલો છો? તમે શા માટે ખાઓ છો અને ઊંઘો છો? સ્વપ્નો પણ તેવાં છે. તે શા માટે આવે છે? એમ તમે ન પૂછી શકો. તે સામાન્ય ક્રિયાનો એક ભાગ છે.

સ્વપ્નો એ તમારા પર કૃત્રિમ રીતે લાદવામાં આવેલી કોઈ વસ્તુ નથી. તમને ભણવા માટે નિશાળમાં મોકલવામાં આવે છે તેના જેવી તે વસ્તુ નથી. તે તમારી રોજિંદી સામાન્ય ક્રિયાનો એક ભાગ છે; મોટે ભાગે મસ્તિષ્ક કામ કર્યા કરતું હોય છે. કેટલીક વાર જ્યારે માણસ ઉચ્ચતર સ્થિતિઓમાં હોય છે, ત્યારે તેનું આંતર અસ્તિત્વ તે ક્રિયામાં પ્રવેશે છે, પોતાના પ્રદેશોમાં જાય છે, અને ત્યાં પોતાનું જીવન જીવે છે. પણ આ બધી વસ્તુઓનું સંગઠન કોઈ કારણસર થતું હોતું નથી. તે શરીરની ક્રિયાનો એક ભાગ છે. સ્વપ્નો દિવસની ક્રિયાઓ જેટલાં જ સ્વાભાવિક છે; સ્વપ્નમાં માણસને વત્તો ઓછો ખ્યાલ આવે છે કે પોતે તેને વિષે કાંઈ જ જાણતો નથી; પણ જીવનમાં પણ તેમ જ બનતું હોય છે, કારણકે ગમે તે વસ્તુ બને, પણ માણસ તે વસ્તુ શા માટે અને કેવી રીતે બને છે, બનેલી વસ્તુ શું છે તેવા સેંકડો સવાલો પૂછે છે. તમે તેને વિષે કાંઈજ જાણતા નથી; માત્ર તમને તેવા હોવાની ટેવ પડી ગઈ છે.

હવે કોઈ પ્રશ્ન પૂછવો છે?

મારે હજી એક સવાલ પૂછવાનો છે.

હજી પણ એક સવાલ?

મધુર માતાજી, જ્યારે માણસ ઊંઘે છે, ત્યારે તેની ચેતના જાગૃત અવસ્થાની ચેતના કરતાં ભિન્ન હોય છે...

હા; અને શા માટે? (હસાહસ)

તે કેવી રીતે ભિન્ન હોય છે?

તે ભિન્ન છે તે શું તમે કદી જોયું નથી? દા. ત. તમારી શારીરિક ચેતના, અથવા તમારી સૂક્ષ્મ શારીરિક ચેતના, તમારી પ્રાણિક ચેતના, અથવા તમારા ઉચ્ચતર કે નિમ્નતર પ્રાણિકની ચેતના, તમારી ચૈત્યિક ચેતના, તમારી માનસિક ચેતના, તેમાંની દરેક ચેતના તદ્દન ભિન્ન છે! એટલે જ્યારે તમે ઊંઘો છો ત્યારે તમારામાં એક ચેતના હોય છે, અને જ્યારે તમે જાગો છો ત્યારે તમારામાં બીજી ચેતના હોય છે. તમારી જાગૃત અવસ્થામાં તમે વસ્તુઓને તમારાથી બહાર જુઓ છો; નિદ્રાવસ્થામાં

તમે તેમને તમારી અંદર જુઓ છો. એટલે જાણે એમ બને છે કે એક અવસ્થામાં તમે તમારી જાતને તદ્દન બહાર, સામે ફેંકાઈ ગયેલી જુઓ છો, અને બીજી અવસ્થામાં તમે તમારી જાતને દર્પણમાં જોતા હો એવું લાગે છે.

શું તમને આ બરાબર નથી સમજાતું?

ઠીક, માણસ તે બે અવસ્થાઓ વચ્ચેના તફાવતને સમજતાં શીખવું જોઈએ, પોતાની ચેતનાની સ્થિતિઓનો ભેદ જાણી લેવો જોઈએ, કારણકે નહિ તો માણસ સતત ચાલતા ગૂંચવાડામાં જ જીવે છે.

હકીકતમાં તે માર્ગપર પહેલું પગથિયું છે, તંતુની શરૂઆત છે; જો માણસ તંતુના અંત ભાગ સુધી તેને ચીટકી ન રહે, તો તે માર્ગમાં ભૂલો પડે છે; તે અર્થ છે તંતુને અંત ભાગ સુધી પકડી રાખવાનો.

હવે કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, જ્યારે માણસ સ્વપ્નમાં પોતાની જાતને મરેલી જુએ છે, ત્યારે તે શું સૂચવે છે?

આહ! આ પ્રશ્ન મને ઘણીવાર પૂછવામાં આવ્યો છે. તેનો આધાર તેના સંદર્ભ પર છે.

તેનો એવો અર્થ હોઈ શકે કે તે માણસે એવી પૂરતી પ્રગતિ સાધી લીધી છે કે તેને તે જૂના પ્રકારના અસ્તિત્વમાં રહેવાની કશી જરૂર નથી. હું ધારું છું કે આવા કેઈસો ઘણીવાર બનતા હોય છે. નહિ તો, તેનો આધાર કેવળ સંદર્ભ પર, અર્થાત્ સ્વપ્નના સંજોગો પર છે.

અર્થાત્... માણસ પોતાની જાતને મરેલી જુએ છે; તે કેવી રીતે પોતાને મરેલો જુએ છે? તે માત્ર જડ બની ગયેલા શરીરને જુએ છે, કે પોતાની જાતને મરી ગયેલી જુએ છે, કે પછી નહિ મરેલા પોતાને તે મરેલો માની લે છે?

જો તમે તમારા શરીરને છોડી દો; મેં પહેલાં સમજાવ્યું હતું તેમ, તમે તદ્દન સ્થૂલ એવી પ્રાણમય ભૂમિકામાં ચાલ્યા ગયા હો, તો પથારી પર પડેલું શરીર તદ્દન મરી ગયેલું દેખાય છે, પણ તે મરી ગયું હોતું નથી. પણ જો તમે તેને તમારી બાહ્ય ચેતના વડે જુઓ, તો તે તમને મરી ગયેલું દેખાય છે, તે અચેતન સ્થિતિમાં પડેલું દેખાય છે. પછી જો શું કરવું જરૂરી છે તે તમે જાણતા હો, તો તે બહુ સહેલું છે; પણ જો તમે ન જાણતા હો અને કલ્પનામાં ભટકવાનું શરૂ કરી દો, તો તમે ભય માટે દ્વાર ખોલી નાંખો છો, અને ગમે તે વસ્તુ બની શકે.

પણ હકીકતમાં, હું એમ માનું છું કે લાંબા સમયોમાં એક વાર પણ તે સ્વપ્ન તમારા મૃત્યુની આગાહી સૂચવતું હોતું નથી. મને એ વધારે સંભવિત લાગે છે કે તમારા અસ્તિત્વનો અમુક અંશ તદ્દન નિરુપયોગી બની ગયો છે, એટલે તે અદૃશ્ય થઈ જાય છે; એટલે તે અંશ સમગ્રનું રૂપ ધારણ કરે છે, અને માણસ પોતાની જાતને મરી ગયેલી જુએ છે, કારણકે તેનામાં એ અંશે અસ્તિત્વમાં હોવાનું બંધ કરી દીધું છે. આ દાખલો વારંવાર બનતો હોય છે; તે સૌથી વધારે તર્કયુક્ત દાખલો છે.

હવે, માણસ મૃત્યુ ન જુએ, પણ દા. ત. અકસ્માત, ખૂન, અથવા એવું કાંઈક જુએ તો તે એક સાચું, આઘાત જનક સ્વપ્ન છે; તેનો અર્થ એ છે કે કોઈ માણસે કોઈ ચોક્કસ હેતુ માટે તેની પ્રત્યે મોકલેલાં ખરાબ બળોએ તેના પર હૂમલો કર્યો છે. પછી તો તે માણસે સખ્ત પ્રહાર કરીને તેનું બળવાન પ્રતિકાર્ય કરવાનું રહે છે.

મધુર માતાજી, કેટલીક વાર માણસ ઊંઘતો હોય છે, ત્યારે તે જાણતો હોય છે કે હું ઊંઘી ગયો છું, પણ તે પોતાની આંખો ઉઘાડી શકતો નથી. એમ કેમ બનતું હશે?

માણસ જ્યારે પોતાના શરીરમાંથી બહાર ગયો હોય છે, ત્યારે આમ બને છે. પણ ત્યારે માણસે વસ્તુઓને બળજબરીપૂર્વક ન લાદવી જોઈએ, તેણે તદ્દન સરલતા-પૂર્વક ધીમે ધીમે પોતાની ચેતનાને શરીરમાં એકાગ્ર કરવી જોઈએ, અને પોતાનું અને શરીરનું સંયોગીકરણ થાય તેની રાહ જોવી જોઈએ, તેણે બળજબરી ન વાપરવી જોઈએ.

કેટલીક વાર આંખો થોડી ખુલ્લી હોય છે, અને માણસ વસ્તુઓ જોઈ પણ શકતો હોય છે.....

અને તે હલનચલન કરી શકતો નથી!

હા.

તેનો અર્થ એ છે કે તેની ચેતનાનો અમુક અંશ જ પાછો આવ્યો છે, જે શરીરની સર્વ ગતિઓને પાછી લાવવા શકિતમાન નથી. તમારે તમારી જાતને હલાવવી ન જોઈએ, કારણકે તેમ કરવામાં તમે તમારી જાતને થોડી ગુમાવી દો તેવું જોખમ રહેલું છે. તમારે તદ્દન શાન્ત રહેવું જોઈએ, અને ધીમે ધીમે તમારા શરીર પર એકાગ્ર બનવું જોઈએ; તેમાં માત્ર એક કે બે મિનિટ બસ છે.

નહિ તો, માણસ પોતાની જાતમાંની કયી વસ્તુ ગુમાવી દે તેમ બને ?

ગમે તે, બહાર ગયેલી વસ્તુ, કારણકે અસ્તિત્વનો એક ભાગ બહાર ગયો છે ? એટલે જો તમે શરીરને હલાવો, તો તેને પાછા આવવાનો સમય મળતો નથી. શા માટે ? તમારી પાછળ બેઠેલા ભાઈને (**નલિનીને**) આ પ્રકારનો અનુભવ થયો હતો. કોઈકે તે ઊંઘતા હતા ત્યારે તેમને જોરથી હલાવીને જગાડયા હતા ; જ્યારે તે પાછા આવ્યા ત્યારે તેમને સાચે જ એવો અનુભવ થયો હતો કે કોઈક વસ્તુ મારામાં ખૂટે છે. ખરું ને ? (**શ્રી માતાજી નલિની તરફ વળે છે.**)

(નલિનીઃ) હા, એમ બન્યું હતું.

પછી મેં નલિનીને શાન્તિપૂર્વક એકાગ્રતા કરવાનું કહ્યું ; તે ભાગ પાછો આવી ગયો. જો માણસ ભય પામે, તો તે જટિલ બની જાય છે.

પણ કોઈ પણ માણસે બીજા કોઈને ઊંઘમાંથી ખૂબ હલાવીને જગાડવો ન જોઈએ, કારણકે પોતાના શરીરમાં પાછા આવવામાં તેને સમય લાગે છે. દા. ત. પથારીમાંથી ફડાક દઈને બહાર કૂદી પડવું એ સારું નથી. શાન્તિપૂર્વક તમે તમારી જાતને તમારામાં પાછી લાવતા હો તેમ, તમારે થોડોક સમય પથારીમાં આમ (અભિનય) શાન્ત રહેવું જોઈએ. જ્યારે તમે તદ્દન શાન્ત બનો, જ્યારે તમને એમ લાગે કે શરીરમાં બધી વસ્તુઓ આવી ગઈ છે, ત્યારે તમારે જાગવું, ઊભા થવું જોઈએ, અને બધું પતી ગયું હોય છે. પણ પથારીમાંથી એકદમ બહાર કૂદી પડવું એ સારું નથી. વળી કેટલીક વાર એમ બને છે કે પથારીમાં એકદમ બહાર કૂદી પડતા લોકોને ચકરી આવે છે, તેઓ પડી જાય તેવું જોખમ ઊભું થાય છે. જાણે તમે તમારી ચેતનાને, શરીરમાં એકત્રિત કરી શકાય તેવી બધી, અનેક પ્રકારની વસ્તુઓને એકત્રિત કરતા હો તેમ, તમારે હંમેશાં આ પ્રકારની ગતિ (અભિનય) કરવી જોઈએ. તેમને એકત્રિત કરવા માટે થોડીક ક્ષણો સુધી તમારે ખૂબ શાન્ત રહેવું જોઈએ. જ્યારે યોગ્ય રીતે તેમ કરાયું હોય છે, ત્યારે તમે સ્વસ્થતાપૂર્વક, શાન્તિપૂર્વક જાગો છો.

હવે કોઈ પ્રશ્ન છે ? તો પછી સમાપ્તિ થઈ ગઈ.

* * *

૪ મે, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે.

મધુર માતાજી, માણસ વૈશ્વિક પ્રાણમય ભૂમિકામાંથી શક્તિને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?

ઘણી રીતે તે તેમ કરી શકે છે?

પ્રથમ તો તમારે જાણવું જોઈએ કે તે અસ્તિત્વ ધરાવે છે અને માણસ તેની સાથે સંપર્કમાં પ્રવેશી શકે છે. બીજું, તમારે તે સંપર્ક સાધવા પ્રયત્ન કરવો જોઈએ, તેને સર્વત્ર, બધી વસ્તુઓમાં, બધી વ્યકિતઓમાં, અને બધા સંજોગોમાં પ્રસરતી અનુભવવી જોઈએ. દા. ત. જ્યારે તમે ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષોની વચ્ચે હો, ત્યારે તમારે તેને સમગ્ર પ્રકૃતિમાં, વૃક્ષોમાં, અને વસ્તુઓમાં પ્રસરતી જોવી જોઈએ, પછી તમારે તેની સાથે આપ લે કરવી જોઈએ, તમારી જાતને તેની નિકટ અનુભવવી જોઈએ; પછી જ્યારે જ્યારે તમારે તેની સાથે વ્યવહાર કરવો પડે, ત્યારે ત્યારે તમારે તે ગ્રામ્ય વિસ્તારના તમારા અનુભવને યાદ કરવો જોઈએ, અને વૈશ્વિક, પ્રાણિક શકિતના સંપર્કમાં પ્રવેશવું જોઈએ.

કેટલાક લોકોને માલમ પડે છે કે અમુક ગતિઓ સાથે, અમુક અભિનયો સાથે, અમુક ક્રિયાઓ સાથે, તેઓ વધારે નિકટતાપૂર્વક તેના સંપર્કમાં પ્રવેશે છે. હું એવા લોકોને જાણું છું કે જેઓ ચાલતાં ચાલતાં અભિનયો કરતા હતા; તેમને સાચી રીતે એવી છાપ પડતી હતી કે ચાલતાં ચાલતાં તેવા અભિનયો કરવાથી તેઓ તે શક્તિ સાથે સંપર્કમાં આવતા હતા. પણ બાળકો જ્યારે પોતાની રમતગમતમાં મશગૂલ બની જાય છે, દોડતાં હોય છે, રમતાં હોય છે, કૂદતાં હોય છે, બૂમો પાડતાં હોય છે, ત્યારે તેઓ સ્વયંભૂ રીતે જ એવા અભિનયો કરતાં હોય છે. જ્યારે તેઓ પોતાની શક્તિઓ એ રીતે વાપરતાં હોય છે, ત્યારે તેઓ પોતાની જાતને સંપૂર્ણપણે રમવાના આનંદમાં, હલનચલન કરવાના અને દોડી જવાના આનંદમાં સમર્પિત કરી દે છે, અને પોતાની જાતને વૈશ્વિક, પ્રાણિક શક્તિના સંપર્કમાં મૂકી દે છે. તેમને તેની ખબર પડતી નથી, પણ વૈશ્વિક, પ્રાણિક શક્તિના સંપર્કમાં રહીને તેઓ પોતાની પ્રાણિક શક્તિને ખર્ચતાં હોય છે, અને તેથી તેઓ થાકયા સિવાય દોડી શકે છે; તેઓ બહુ સમય પછી જ થાકી જતાં હોય છે. જો તેઓ તે વૈશ્વિક, પ્રાણિક શક્તિના સંપર્કમાં ન હોત, તો તેઓ તરત જ તદ્દન થાકી ગયાં હોત. વળી તેથી જ તેઓ મોટાં થતાં જાય છે, કારણકે તેઓ ખર્ચતાં હોય છે તેના કરતાં વધારે શક્તિ પ્રાપ્ત કરતાં હોય છે, તેમ કરતાં તેમને આવડતું હોય છે. આને કોઈ જ્ઞાન સાથે લેવા દેવા નથી હોતી. આ તો એક સ્વાભાવિક, સ્વયંભૂગતિ છે. તે પોતે જે કરી રહ્યાં હોય છે તેમાં આનંદની, આનંદપૂર્વક શક્તિ ખર્ચવાની ગતિ છે. તે શક્તિ વડે માણસ ઘણી વસ્તુઓ કરી શકે છે.

હું એવા યુવાનોને ઓળખતી હતી કે જેઓ હમેશાં એક શહેરમાં નાનકડી રૂમોમાં રહેતા હતા, જેમાં દરેક માણસ ભીંચડાઈને સૂઈ જતું હોય છે. તેઓ એક વાર ફ્રાન્સના દક્ષિણ ભાગમાંના ગ્રામ્ય વિસ્તારમાં પોતાની રજાઓ ગાળવા આવ્યા હતા, ત્યાં અહીંના કરતાં ખૂબ વધારે સૂર્યનો તાપ હોય છે (મેડિટરેનિયન કિનારાઓ પર હોય છે તેના કરતાં પેરિસમાં સૂર્યનો તાપ વધારે હોય છે.) એટલે જ્યારે તેઓ પહેલાંના થોડાક દિવસો દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં ફરવા નીકળ્યા, ત્યારે તેમનું માથું ભીષણ રીતે દુ:ખવા લાગ્યું, તેઓ ખૂબ બેચેની અનુભવવા લાગ્યા; તેનું કારણ સૂર્યનો તાપ હતો. પણ તેમને ઓચિંતો વિચાર આવ્યો કે જો આપણે સૂર્ય સાથે મૈત્રી કરીએ, તો તે હવે પછી આપણને નહિ સંતાપે. પછી તેમણે સૂર્ય સાથે મૈત્રી કરવાનો અને તેનામાં વિશ્વાસ રાખવાનો એક પ્રકારનો આંતર પ્રયત્ન કરવા લાગ્યા. જ્યારે તેઓ સૂર્યના તાપમાં બહાર ફરવા જતા, ત્યારે બેવડા વળી જવાનો પ્રયત્ન કરવાને બદલે તેઓ એમ કહેવા લાગ્યા

કે ઓહ, સૂર્યમાં કેટલી બધી શકિત, આનંદ, અને પ્રેમ છે! તેમણે પોતાની જાતને સૂર્ય પ્રત્યે આમ (અભિનય) ખુલ્લી કરી દીધી. પછી તેમને તાપનું દુઃખ ન લાગ્યું એટલું જ નહિ, પણ તેમને બનતો અનુભવ થવા માંડયો; તેઓ બધે ફરવા લાગ્યા; જો કોઈ તેમને કહેતું કે સૂર્યનો તાપ બહુ છે, તો તેઓ કહેતા કે અમે કહીએ છીએ તેમ કરો, અને તમને અનુભવ થશે કે સૂર્ય કેટલો ભલો છે! તેઓ ખુલ્લે માથે કલાકો સુધી સૂર્યના તાપમાં રહેતા, પણ તેમને કોઈ અગવડતા-ભરી લાગણી થતી નહિ. તે આ જ સિદ્ધાંત છે.

તે આ જ સિદ્ધાંત છે. તેમણે સૂર્યમાં રહેલી વૈશ્વિક, પ્રાણિક શકિત સાથે સંપર્ક સાધ્યો, અને પરિણામે એ શકિતએ તેમને અપ્રસન્નકારક એવું બધું જ દૂર કરી દીધું.

જ્યારે માણસ ગ્રામ્ય વિસ્તારમાં હોય છે, વૃક્ષો નીચે ચાલે છે, અને પ્રકૃતિ સાથે, વૃક્ષો સાથે, આકાશ સાથે, સર્વ પાંદડાં સાથે, સર્વ ડાળીઓ સાથે, સર્વ ઓષધિઓ સાથે ખૂબ નિકટતા અનુભવે છે, જ્યારે તે માણસ આ વસ્તુઓ સાથે મહાન મૈત્રીની લાગણી અનુભવે છે, અને જ્યારે શ્વાસમાં કલ્યાણકારી, સુગંધયુક્ત, બધાં વૃક્ષોના સુગંધથી ભરેલી હવા લે છે, ત્યારે તે માણસ વૈશ્વિક, પ્રાણિક શકિત પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે છે, અને તેની સાથે લેવડ-દેવડ કરે છે. બધી વસ્તુઓ માટે આમ જ બનતું હોય છે.

શું માણસ ઠંડી હોય ત્યારે પણ તે જ વસ્તુ કરી શકે છે?

હા, હું એમ ધારું છું કે સર્વ પ્રસંગે માણસ તેમ કરી શકે છે.

પ્રકૃતિના સંગઠનમાં સૂર્ય એક ખૂબ શકિતશાળી પ્રતીક છે. એટલે તે પ્રકૃતિની બીજી વસ્તુઓ જેવો નથી; તેનામાં અસાધારણ શકિત રહેલી છે. ઠંડી મને એક વધારે નિષેધાત્મક વસ્તુ લાગે છે; તે અમુક વસ્તુનો અભાવ છે. તેમ છતાં પણ, જો માણસ પ્રકૃતિની ગતિઓની છંદોમયતામાં કેમ પ્રવેશ કરવો તે જાણતો હોય, તો તે ઘણી અગવડોને દૂર રાખી શકે છે. સંકુચિતતા જ માણસને દુઃખ આપે છે, તેના શરીરની સમતુલાને વિક્ષિપ્ત બનાવી દે છે. તેમ બને છે, કારણકે માણસ મર્યાદાઓમાં પૂરાયેલો હોય છે, અને શ્રી અરવિંદ અહીં લખે છે તેમ, પરિણામે ખૂબ બળવાન દબાણ, જેને તે મર્યાદાઓ સહન કરી શકતી નથી તેવું દબાણ બધી વસ્તુઓને વિક્ષિપ્ત બનાવી મૂકે છે.

મધુર માતાજી, "આંતરિક ભૌતિક ચેતના" એ શું છે?

અવપ્રકાશમયની ચર્ચા વખતે આપણે આ પ્રશ્ન ચર્ચ્યો હતો, તે બે એક જ વસ્તુ છે.

બાહ્ય શારીરિકને અથવા શરીરને, બાહ્ય દેખાવને એક પ્રકારનું આંતર અસ્તિત્વ અને આંતર પદાર્થ ટકાવી રાખે છે, જે બાહ્ય વસ્તુમાં અભિવ્યકત થાય છે. જ્યારે બહારની કોઈક વસ્તુ તમને વાગે છે અને તમે પીડા અનુભવો છો, ત્યારે તમે આનો સ્પષ્ટ રીતે અનુભવ કરો છો; પછી જ્યારે તમે તેનાથી પાછા ફરી જાઓ છો, સંકોચાઈ જાઓ છો, ત્યારે તમે તે સંજોગો અથવા વસ્તુઓના સંપર્કમાંથી પાછા વળી જાઓ છો; પ્રથમ તમને તમે તમારા શારીરિક અસ્તિત્વમાં તમારી જાતને સંકોચી લો છો, જે શારીરિક અસ્તિત્વ બાહ્ય રૂપ પર દબાણ કરે છે, જેથી નવું રૂપ સર્જી શકાય.

આ વસ્તુ જ બાળકોને ઉમ્મરમાં મોટાં બનાવે છે ; તે એક એવી આંતર વસ્તુ છે, જે તમને કાર્ય માટે, ગતિ માટે, પ્રગતિ માટે ધકકેલે છે, પણ તે વસ્તુ શારીરિક છે ; તે પ્રાણિક અથવા માનસિક ચેતના નથી, તે કેવલ શારીરિક છે ; તે અંદરથી આવિર્ભાવ પ્રત્યે ધકકેલતી વસ્તુ છે, જે આવિર્ભાવમાં એકત્રિત બની તેમાં વહી આવે છે. તે અંદર વધારે વિશાલ અને અનિશ્ચિત છે. શ્રી અરવિંદ તેને આંતર શારીરિક કહે છે. તે વધારે અસ્પષ્ટ અને અનિશ્ચિત છે. માણસ ત્યાં સ્વપ્ન પણ સેવી શકે. દા. ત. માણસને સ્વપ્ન આવે છે, તે પોતાની જ રૂમને જુએ છે ; તે પોતાની જ રૂમ છે, પણ છતાં તેમાં નાનકડા તફાવતો હોય છે ; તે તદ્‌ન એવી રૂમ નથી કે જેને માણસ પોતાની જાગૃત અવસ્થામાં પોતાની બે આંખો વડે જુએ છે. તે એક શારીરિક દર્શન છે, પણ તેમાં થોડીક તફાવત હોય છે ; તદ્‌ન ભૌતિક સાથે સરખાવતાં, તેમાં થોડાંક પરિવર્તનો હોય છે.

હવે કોઈ પ્રશ્ન પૂછવાનો છે ?

મધુર માતાજી, વૈશ્વિક પ્રાણમય શકિતઓને કોઈ મર્યાદાઓ હોય છે ?

તેમનામાં મર્યાદા હોય એમ હું માનતી નથી, કારણકે આપણી સરખામણીમાં તેઓ અમર્યાદિત છે. પણ તેમને સ્વીકારવાની આપણી શકિત મર્યાદિત છે. અમુક માપ કરતાં વધારે આપણે તેમને આપણી અંદર ચૂસી લઈ શકતા નથી. વળી આપણે તેમને સ્વીકારવાની આપણી શકિત અને ખર્ચા વચ્ચે સમતુલા જાળવવી જોઈએ. જો માણસ ઓચિંતો, આવેગપૂર્વક, કોઈક આવેગમય ગતિમાં, પોતે જ

શકિત પોતામાં ઝીલી હતી તેના કરતાં વધારે ખર્ચી નાંખે, તો તેને થોડાક સમય માટે એકાગ્રતા કરવાની, વૈશ્વિક શકિતઓ પ્રત્યે શાન્ત, ગ્રહણશીલતાની જરૂર પડે છે. તેમને ઝીલવા માટે તમારે તમારી જાતને અમુક સ્થિતિમાં મૂકવી જોઈએ; પછી તે શકિતઓ અમુક સમય સુધી ચાલે છે; તેમને ખર્ચી નાંખ્યા પછી તમારે તેમને ઝીલવાની ફરી શરૂઆત કરવી પડે છે. આ અર્થમાં, મર્યાદાઓ છે. શકિતઓ મર્યાદિત નથી, આપણી ગ્રહણશકિત મર્યાદિત છે.

દરેક માણસની ગ્રહણશકિત ભિન્નભિન્ન છે, ગુણવત્તામાં અને જથ્થામાં. બે ગ્રહણશકિતઓ એક જ નથી હોતી. માણસ ખૂબ વિશુદ્ધ, ખૂબ ઉત્કટ શકિતઓ સાથે જેમને આપણે રૂપાંતરિત વૈશ્વિક, પ્રાણિક શકિતઓ કહી શકીએ, જે ભગવાન સાથે સંપર્કમાં છે, જે ભગવાનને સ્વીકારવા માટે અભીપ્સા સેવે છે, તેમની સાથે સંપર્કમાં પ્રવેશે છે. એટલે જો તમે આ શકિતઓને ચૂસો, તો તેથી તમને પ્રગતિ માટે ખૂબ બળ પ્રાપ્ત થાય છે. આમાં ગુણવત્તા ખૂબ વધારે મહત્ત્વની છે. અને વૈશ્વિક પ્રાણિક શકિતઓની ગુણવત્તાનો આધાર સ્વાભાવિક રીતે જ માણસ પોતે જેવો હોય છે અને તે શું કરે છે તેના પર છે.

જો માણસ આ શકિતઓનો ઉપયોગ અધમ પ્રકારના, કોઈ કેવલ સ્વાર્થી કાર્ય માટે કરે છે, તો તે વધારે સુંદર ગુણવત્તાવાળી નવી શકિતઓ સ્વીકારી શકતો નથી. માણસ પ્રાપ્ત થતી શકિતઓનો જે ઉપયોગ કરે છે તેના પર તે સઘળું આધાર રાખે છે. તેથી ઊલટું, જો તમે તેમનો ઉપયોગ પ્રગતિ કરવા માટે, તમારી જાતને પરિપૂર્ણ બનાવવા માટે કરો, તો તમને ખૂબ પ્રમાણમાં તે શકિતઓ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય મળે છે અને બીજી વખતે તમે ખૂબ વધારે શકિતઓ પ્રાપ્ત કરી શકો છો. મુખ્યત્વે તેનો આધાર તમે તેમનો જે ઉપયોગ કરો છો તેના પર છે. દા. ત. કેટલાક લોકો મિજાજી હોય છે, તેઓ પોતાના ગુસ્સાને કાબૂમાં રાખી શકવામાં સફળ નીવડયા હોતા નથી. જો અભીપ્સા વડે અથવા બીજી કોઈ રીતે તેઓ કેટલીક ઉચ્ચતર પ્રાણિક શકિતઓ પ્રાપ્ત કરવામાં સફલ બન્યા હોય, તો તે શકિતઓ તેમના ગુસ્સાને શાન્ત કરવાને બદલે ઊલ્ટો વધારી મૂકે છે, તેઓ વધારે ચીડિયા બની જાય છે, તેમની હિંસક ગતિ વધારે શકિતવાળી બને છે, વધારે ઉગ્ર બને છે, કારણકે તેમનામાં આત્મસંયમ હોતો નથી. એટલે એ બરાબર કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક શકિતઓ સાથે સંપર્ક હોવાથી માણસ પ્રગતિ કરે તેવું નિશ્ચિતપણે ન કહી શકાય. તેનું કારણ એ હોય છે કે તેઓ તે શકિતઓનો દુરુપયોગ કરતા હોય છે. પણ લાંબે ગાળે સ્વાભાવિક રીતે જ આ દુરુપયોગ તે શકિતઓ ઝીલવાની તેમની

શકિતને ન્યૂન બનાવે છે; પણ તેમ થતાં સમય લાગે છે, તે તરત નથી બનતું હોતું. એટલે ઉચ્ચતર શકિતઓને સ્વીકારવા માટે અને નિમ્નતર શકિતઓનો ઈન્કાર કરવા માટે તમારે તમારી જાતને સારી સ્થિતિમાં મૂકવી એ બહુ મહત્ત્વનું છે. બીજું, જ્યારે તમે તે શકિતઓને પ્રાપ્ત કરો, ત્યારે શ્રેષ્ઠ વસ્તુ માટે તેમનો ઉપયોગ કરો, જેથી તમને ઉચ્ચતર ગુણવત્તાવાળી શકિતઓ પ્રાપ્ત થાય. પણ જો તમે તમારી જાતને ખુલ્લી કરો, શકિતઓને પ્રાપ્ત કરો, અને પછી તેમને મેળવી હોવાનો સંતોષ માનીને, તમે તમારી જાતને સામાન્ય ગતિઓમાં પતન પામવા દો, તો તમે બારણું બંધ કરી દો છો, તે શકિત પાછી તમારી પાસે આવતી નથી.

શું માણસ પોતાની ગ્રહણ-શકિતમાં પણ વૃદ્ધિ કરી શકે છે?

આપણે કેવી રીતે આપણી ગ્રહણશકિતમાં વૃદ્ધિ કરી શકીએ? પ્રગતિ કરવા માટે?

પ્રથમ તો માણસે પોતાની જાતને કેવી રીતે ખુલ્લી કરવી તે જાણવું જોઈએ; પછી ખૂબ શાન્તિમાં તેણે તે શકિતઓને કેવી રીતે પચાવવી તે જાણવું જોઈએ; તેણે તે શકિતઓને ફરી ફેંકી દેવી ન જોઈએ. માણસે તેમને કેવી રીતે આત્મસાત કરવી તે જાણવું જોઈએ.

પ્રગતિકારક સમતુલામાં, આત્મસાત્કરણના સમયોમાં, ખર્ચાના સમયોમાં, અને તે બે વચ્ચે સમતુલા કેવી રીતે જાળવવી તે જાણવામાં અને તમારી પોતાની અંગત છંદોમયતામાં તે બે ક્રિયાઓને વારાફરતી થવા દેવામાં પ્રગતિ રહેલી છે. તમારે તમારી શકિતની હદ ન વટાવવી જોઈએ, તે શકિત કરતાં ઓછી શકિતઓ ઝીલવામાં ન રહેવું જોઈએ, કારણકે વૈશ્વિક, પ્રાણિક શકિતઓ કોઈ એવી વસ્તુ નથી કે જેમને તમે એક મજબૂત પેટીમાં મૂકી રાખી શકો. તે તો પ્રસરતી જ રહે, એટલે તેમને કેમ ઝીલવી અને સાથે સાથે કેમ ખર્ચવી તે જાણવું જોઈએ. પણ શકિતઓ તમને વધુને વધુ પ્રમાણમાં મળે તે ગ્રહણશકિતમાં વૃદ્ધિ કરવા માટે તમારે તેમને કેવી રીતે ઝીલવી અને કેવી રીતે ખર્ચવી તે જાણવું જોઈએ. વળી મેં તમને કહ્યું તેમ, બાળકોમાં આ સ્વાભાવિક રીતે જ બનતું હોય છે. તેઓ શરૂઆત કરે છે, અમુક પ્રયત્ન કરે છે, સ્વયંભૂ રીતે અમુક શકિત પ્રાપ્ત કરે છે, તેને તેઓ પચાવે છે, અને થોડા દિવસ પછી, બે, દશ, વીસ દિવસો પછી તેઓ વધારે શકિત ખર્ચી શકે છે. એક વર્ષ પછી, તેઓ તેથી પણ વધારે પ્રમાણમાં તેમ કરી શકે છે, કારણકે સ્વાભાવિક રીતે જ તેઓ શકિતઓને ઝીલવાની અને ખર્ચવાની ક્રિયાઓ, એક પછી બીજી એમ, કરતા રહે છે, અને પોતાના કદમાં તેઓ પ્રગતિ કરે છે.

અલબત્ત, તેઓ અભાનપણે આમ કરતાં હોય છે; પણ માણસ જેમ જેમ ઉમ્મરમાં મોટો થાય છે, તેમ તેમ તે વધારે કઠિન બને છે, દા. ત. તે પછી મોટી ઉમ્મરનો બનવાનું બંધ કરી દે છે. એટલે આનો અર્થ એ છે કે વિકાસનો સમય સરકી ગયો છે. પણ આંતર સાધના વડે માણસ તે સમયને વધારે લાંબો બનાવી શકે છે; દરેક માણસે તે પદ્ધતિ પોતાને માટે શોધી કાઢવાની છે.

* * *

૧૧ મે, ૧૯૫૫

આ વાર્તાલાપ
"યોગ સાધનાના પાયા" ના
પાંચમા પ્રકરણ "સ્થૂલ ચેતના વગેરે"
પર આધારિત છે.

આજે કોણ સવાલો પૂછવાનું છે?

મધુર માતાજી, અમે શરીરને આક્રમણની તેના પર કશી અસર ન થાય તેવું કેવી રીતે બનાવી શકીએ?

ઠીક, શ્રી અરવિંદે પાછળથી તે વિષે લખ્યું છે, નહિ ચાલુ? તે કહે છે કે માત્ર અતિમનસની શકિતનું અવતરણ જ શરીરને દરેક આક્રમણથી મુકત કરી શકે છે. તે કહે છે કે નહિ તો તે મુકિત ક્ષણિક જ નીવડે છે, હંમેશાં તે કામિયાબ નીવડતી નથી. તે કહે છે કે શરીર વ્યવહારુ રીતે આક્રમણથી મુકત બની શકે, પણ પરિપૂર્ણ રીતે નહિ. તે સદાને માટે આક્રમણથી મુકત બને તે માટે સ્વભાવનું અતિમનસના સ્વભાવમાં રૂપાંતર કરવું જોઈએ; પછી શરીર પર કદી કોઈ આક્રમણ નહિ આવે.

મધુર માતાજી, શું અવચેતના, મનોમય, પ્રાણમય, અને શારીરિક ચેતના કરતાં વધારે બળવાન છે?

"વધારે બળવાન" નો તમે શો અર્થ કરો છો?

અહીં લખ્યું છે કે.....

અવચેતનમાં વધારે મોટી શકિત છે. તે અવચેતન હોવાને કારણે તે સર્વત્ર છે, દરેક વસ્તુ અવચેતનમાં ડૂબેલી છે એમ જણાય છે. એટલે અવચેતન અર્ધ-ચેતન છે, પૂરું ચેતન પણ નહિ અને પૂરું અચેતન પણ નહિ. તે તે બેની વચ્ચેનું છે; તે અડધે માર્ગે છે; એટલે વસ્તુઓ અવચેતનમાં નીચે સરી પડે છે, માણસ જાણતો નથી કે વસ્તુઓ ત્યાં છે અને ત્યાંથી કાર્ય કરે છે. તેઓ ત્યાં છે એ માણસ જાણતો નથી, એટલે જ તેઓ ત્યાં રહી શકે છે. માણસ ઘણી વસ્તુઓને રાખવા માગતો નથી, એટલે તે તેમને સક્રિય ચેતનામાંથી બહાર હાંકી કાઢે છે; પણ તે વસ્તુઓ ત્યાં નીચે જાય છે, સંતાઈ રહે છે, કારણ કે અવચેતનમાં માણસ તેમને જોઈ શકતો નથી. પણ તે વસ્તુઓ તદ્ન બહાર ચાલી ગઈ હોતી નથી. જ્યારે તેમને ઉપર આવવાની તક મળે છે, ત્યારે તેઓ ઉપર આવી જાય છે. દા. ત. શરીરમાં ખરાબ ટેવો હોય છે, અર્થાત્ શરીરને પોતાની સમતુલા ગુમાવી દેવાની ટેવ છે; આપણે તેને માંદગી કહીએ છીએ; પણ ખરાબ ટેવને કારણે શરીરનું કાર્ય ન્યૂનતાવાળું (ખામી-ભરેલું) બની જાય છે. તમે શકિતને એકાગ્ર કરીને, આ ખામી પર તેને એકાગ્ર કરીને તેને અદૃશ્ય બનાવી દેવા પ્રયત્ન કરો છો; પણ તે તદ્ન અદૃશ્ય થઈ જતી નથી, તે ખામી અવચેતનમાં પ્રવેશે છે. પછી જ્યારે તમે અસાવધાન હો, તેના પર યોગ્ય રીતે ધ્યાન આપીને તેને ફરી પ્રગટ થતી રોકી ન શકતા હો, ત્યારે તે બહાર નીકળી આવે છે. તમે મહિનાઓ સુધી, અરે વર્ષો સુધી એમ માન્યા કરતા હો છો કે મારો અમુક રોગ તદ્ન મટી ગયો છે, પછી તમે તેના પર ધ્યાન આપતા નથી, અને એક દિવસ તે ચાલ્યો ગયો જ ન હોય તેમ ઓચિંતો તે રોગ પાછો આવી જાય છે; તે અવચેતનમાંથી આવે છે. જ્યાં સુધી માણસ અવચેતનમાં પ્રવેશીને, ત્યાં વસ્તુઓને પરિવર્તિત કરતો નથી, અર્થાત્ જ્યાં સુધી તે અવચેતનનું સભાનતામાં રૂપાંતર કરતો નથી, ત્યાં સુધી આમ બન્યા જ કરતું હોય છે, તેની પદ્ધતિ છે. અવચેતનને સચેતનમાં રૂપાંતરિત કરવાની દરેક વસ્તુ ઉપલી સપાટી પર આવી સચેતન બને, તે જ ક્ષણે તેનું પરિવર્તન કરી દેવું જોઈએ. તેના કરતાં પણ એક વધારે સીધેસીધી પદ્ધતિ છે: તે એ છે કે પોતાની સમગ્ર ચેતના સાથે અવચેતનમાં પ્રવેશ કરવો અને ત્યાં જ કાર્ય પતાવી દેવું; પણ આ કઠિન છે, પણ જ્યાં સુધી આમ કરવામાં આવતું નથી, ત્યાં સુધી શારીરિકમાં સાધેલી સર્વ પ્રગતિ નાશ પામી શકે છે.

(માતાજી એક બાળક પ્રત્યે વળે છે) શું તમે ઊંઘો છો? લગભગ!

કોઈ પ્રશ્નો નથી? તમે? તમારે કાંઈ પૂછવાનું નથી?

મધુર માતાજી, જ્યારે માણસ આવતી માંદગીને જુએ ત્યારે તે તેને કેવી રીતે અટકાવી શકે?

આહ! પ્રથમ માંદગી મારે નથી જોઈતી એવી ઈચ્છા તમારે કરવી જોઈએ; શરીરમાં કોઈ પણ વસ્તુએ માંદગી ન ઈચ્છવી જોઈએ. માંદા ન પડવાનો તમારામાં બળવાન સંકલ્પ હોવો જોઈએ. આ પહેલી શરત છે.

બીજી શરત એ છે કે તમારે સમતુલાનો, શાન્તિનો પ્રકાશ બોલાવવો જોઈએ, તેને શરીરનાં બધાં કોશાણુઓમાં ધકકેલવો જોઈએ, બધાં કોશાણુઓ ન ડરવાની આજ્ઞા કરવી જોઈએ, કારણ કે તે પણ એક શરત છે.

પ્રથમ માંદા ન પડવાનો સંકલ્પ કરવો, અને પછી માંદગીથી ડરવું નહિ. તમારે માંદગીને આકર્ષવી ન જોઈએ, ને તેનાથી ધ્રુજારી પણ ન અનુભવવી જોઈએ. મારામાં બિલ્કુલ માંદગી ન આવે એવી તમારે ઈચ્છા કરવી જોઈએ, પણ તે ઈચ્છા ભયને કારણે ન કરવી જોઈએ. તમારે ડરવું જોઈએ નહિ. તમારામાં એવી શાન્ત ખાતરી અને પરિપૂર્ણ વિશ્વાસ હોવાં જોઈએ કે ભગવાનની કૃપાની શકિત દરેક વસ્તુથી મારી રક્ષા કરશે; પછી તમારે જ બીજી કોઈ વસ્તુનો વિચાર કરવો જોઈએ, માંદગીની જરા પણ ફિકર ન કરવી જોઈએ. જ્યારે તમે આ બે વસ્તુઓ કરશો, તમારા સઘળા સંકલ્પપૂર્વક માંદગીનો ઈન્કાર અને ભગવાનની કૃપામાં વિશ્વાસ, ત્યારે તમારાં શરીરનાં બધાં કોશાણુઓમાંથી ભય તદ્ન દૂર થઈ જશે; પછી તમારે બીજા કોઈ કાર્યમાં ગુંથાઈ જવું, માંદગીનો જરા પણ વિચાર ન કરવો, તેના અસ્તિત્વને તદ્ન ભૂલી જવું. જો તે કેવી રીતે કરવું તે તમે જાણી લો, તો તમે ગમે તેવા ચેપી રોગવાળા માણસોના સંપર્કમાં આવશો, છતાં પણ તેમનો ચેપ તમને લાગશે નહિ. પણ તે કેવી રીતે કરવું તે તમારે જાણવું પડશે.

ઘણા લોકો કહે છે કે, "હા આ બાબતમાં હું ડરતો નથી. તેમને મનમાં કોઈ પ્રકારનો ભય નથી હોતો, તે બળવાન છે, તે નિર્ભય છે; પણ તેમનું શરીર ધ્રુજવા માંડે છે, તેમના શરીરમાં કોશાણુઓની ધ્રુજારી ચાલુ રહે છે. ભયંકર ચિંતાથી તેમનું શરીર કંપે છે; આ વસ્તુ માંદગીને આકર્ષે છે. તમારે ત્યાં તમારી શકિતને મૂકવી જોઈએ, પરિપૂર્ણ શાન્તિ અને ભગવાનની કૃપામાં પરિપૂર્ણ વિશ્વાસ મૂકવાં જોઈએ. પછી કેટલીકવાર "શારીરિક જગત રોગોથી ભરપૂર છે, આ રોગો ચેપી

છે, હું અમુક ચેપી રોગવાળા માણસના સંપર્કમાં આવ્યો હતો, એટલે તે ચેપ મને જરૂર લાગવાનો; આંતર પદ્ધતિઓ શારીરિક પર કાર્ય કરી શકવા જેટલી બળવાન નથી હોતી," વિચારમાં રહેતાં આ પ્રકારનાં સર્વ સૂચનોને તેવી જ કોઈક શકિત વડે ભગાડી મૂકવાની તમને ફરજ પડે છે. હવા સર્વ પ્રકારની મૂર્ખાઈઓ વડે સભર ભરેલી છે. આ સામૂહિક સૂચનો છે, જે એક માણસ પાસેથી બીજા માણસ પ્રત્યે જતાં હોય છે. અને જો ભાગજોગે ત્યાં બે-ત્રણ ડોકટરો હોય, તો તો તે ભયંકર બની જાય છે. (હસાહસ)

જ્યારે શ્રી અરવિંદ કહે છે કે, માંદગી બહારથી આવતી હોય છે, ત્યારે હકીકતમાં શું આવતું હોય છે?

તે માનસિક સૂચનોનું બનેલું એક પ્રકારનું આકંપન હોય છે, ગેરવ્યવસ્થાની પ્રાણિક શકિત હોય છે, માનસિક સૂચનનાં અને પ્રાણિક આકંપનનાં ભૌતિકીકરણ-રૂપ અમુક શારીરિક તત્ત્વો છે. તે શારીરિક તત્ત્વોને આપણે રોગનાં જંતુઓ (માઈક્રોબ્ઝ) કહીએ છીએ; આવી અનેક વસ્તુઓ હોય છે.

જો માણસની સૂક્ષ્મ ઈન્દ્રિયો બહુ વિકાસ પામી હોય, તો તેની સાથે એક લાગણી, સ્વાદ, અને ગંધ પણ હોય. રોગની આ રચનાઓ હોય છે, જે હવાને એક ખાસ સ્વાદ, ગંધ, અથવા થોડી ખાસ લાગણી આપે છે.

લોકોને ઘણી ઈન્દ્રિયો છે, જે સુષુપ્ત છે. તે ખૂબ ખૂબ તામસિક છે. જો માણસ પાસે તે બધી ઈન્દ્રિયો જાગૃત બને, તો એવી ઘણી વસ્તુઓ છે કે જે બને, જે પાસેથી પસાર થઈ જાય, અને તે પણ કોઈને કશી શંકા આવ્યા વગર.

દા. ત. ઘણા લોકોને તે ક્ષણે અમુક પ્રકારનો ઈન્ફલુએન્ઝા થયો હોય છે. તે ખૂબ પ્રસરી ગયેલો હોય છે. જ્યારે તે નિકટ આવે છે, ત્યારે તેનો ખાસ સ્વાદ હોય છે, ખાસ ગંધ હોય છે; તે તમને અમૂક પ્રકારનો સંપર્ક લાવે છે. (સ્વાભાવિક રીતે જ, તે એક આઘાત જેવો નથી હોતો), જે વધારે સૂક્ષ્મ સંપર્ક હોય છે, જાણે તમે કોઈ વસ્તુ ઉપર તમારો હાથ પાછો પસાર ન કરી લેતા હો તેવો. શું તમે તેમ કદી નથી કર્યું? વસ્તુ કે પદાર્થને દાણો હોય છે. જ્યારે તમે સાચી દિશામાં તમારો હાથ પસાર કરો છો, આમ (અભિનય) પસાર કરો છો, ત્યારે તે તમારી ચામડી પર થઈને આમ પાછળ પસાર થઈ જાય છે. પણ તે સ્વાભાવિક રીતે જ, તે કોઈ મહાન આઘાતની પેઠે નથી આવતો, તે બહુ સૂક્ષ્મ, પણ બહુ સ્પષ્ટ હોય છે, જો તમે તે જુઓ, તો બહુ સહેલાઈથી...

જો માણસને પોતાની આસપાસ એક પ્રકારની દિવાલ બનાવી દે તેવું, ખૂબ શાન્ત આકંપન પેદા કરતાં આવડતું હોય, તો...પણ સર્વ સમયે, બહારથી આવતાં આકંપનોના પ્રત્યુત્તરમાં માણસ આકંપનો પેદા કરતો હોય છે. જો તમે સર્વ સમયે તેનાથી સભાન બનો, તો કોઈક વસ્તુ આમ આ વસ્તુ કરતી હોય છે (અભિનય) જે બહારથી આવતાં સર્વ આકંપનોને પ્રત્યુત્તર આપે છે. તમે કદી તમારામાંથી પ્રગટ થતા તદ્ન શાન્ત વાયુમંડલમાં હોતા નથી; તે વાયુમંડલ તમારી અંદરથી બહાર આવતું હોય છે, બહારથી અંદર જતું હોતું નથી; તે તમારી આસપાસ રહેલા એક આવરણ જેવી વસ્તુ છે, તે આમ ખૂબ શાન્ત હોય છે; તેની સાથે તમે ગમે ત્યાં જાઓ, તો પણ બહારથી પ્રગટ થયેલાં આકંપનો તમારા વાયુમંડલમાં કશું જ લાવી શકતાં નથી.

જો તમારી આસપાસ ચાલી રહેલા, આકંપનોના આ નૃત્યને તમે જોઈ શકો, તો હું જે કહેવા માગું છું તે તમે સમજી શકો.

દા. ત. તમે જે રમત રમતા હો છો, તેમાં આમ (અભિનય) બનતું હોય છે; ત્યાં એક બિંદુનાં આકંપનો જેવું કાંઈક બનતું હોય છે; તેમાં વૃદ્ધિ થતી રહેતી હોય છે, અને પછી ઓચિંતાં તે પડી ભાંગે છે, એક અકસ્માત, થાય છે. તે એક સામૂહિક વાયુમંડલ છે. અમે આવીને તે જોઈએ છીએ; તમે બાસ્કેટ બોલની અથવા ફૂટ બોલની રમતમાં પરોવાઈ ગયેલા હો છો; અમે તે અનુભવીએ છીએ, જોઈએ છીએ. તે તમારી આસપાસ એક પ્રકારનો ધૂમાડો (કેટલીક વાર આવતી ગરમીની વરાળો) પેદા કરે છે; તે પછી આમ, આમ, વધારેને વધારે એક આકંપનનું રૂપ ધારણ કરે છે; સમતુલામાં ઓચિંતો ભંગ થઈ જાય છે; કોઈક બાળક પોતાનો પગ ભાંગી નાંખે છે, તે પડી ગયો હોય છે, તેના મુખ પર બોલ વાગ્યો હોય છે વગેરે. જ્યારે આકંપન તે પ્રકારનું હોય છે, ત્યારે માણસ તે પ્રકારના અકસ્માત્ની આગાહી કરી શકે છે. પણ કોઈ તેનાથી સભાન હોતું નથી.

ઓછા ગંભીર પ્રસંગોમાં, તમારામાંના દરેક જણની આસપાસ એક ખૂબ શાન્ત આવરણ હોય છે, જે તમે જે વસ્તુને ન સ્વીકારવા માગતા હો તેનાથી તમારી રક્ષા કરે છે; મારો કહેવાનો ભાવાર્થ એવો છે કે તમારી ગ્રહણશકિત વિચારપૂર્વકની અને સભાન બની જાય છે, નહિ તો તમે તેને સ્વીકારી શકતા નથી. જ્યારે તમારામાં આવું, સભાન, ખૂબ શાન્ત વાયુમંડલ હોય છે, જ્યારે તે વાયુમંડલ અંદરથી આવતું હોય છે, બહારથી નહિ, ત્યારે તમે કોઈ

પણ પ્રકારની ઈજા પામ્યા સિવાય જીવનમાં, બીજાઓની વચ્ચે, દરેક ક્ષણે પેદા થતા સર્વ સંજોગોમાં જઈ શકો છો.

નહિ તો, જો ક્રોધ, ભય, માંદગી, બેચેની જેવી કોઈક ખરાબ વસ્તુ પકડાય તેવું વાયુમંડલ હોય, તો તે વસ્તુ તમે ચોકકસ પકડવાના. તમે આમ (અભિનય) કરવાની શરૂઆત કરો છો કે તરત જ તમે જાણે સર્વ સમાન આકંપનોને આવીને તમને પકડી લેવા માટે બોલાવો છો.

માણસો જે અચેતનતા સાથે જીવનને પસાર કરે છે તે આશ્ચર્યકારક છે; તેમને જીવતાં આવડતું નથી, લાખમાંથી એક પણ માણસને જીવતાં આવડતું નથી; તેઓ બધા લાંગડાતા-બથડતા ગમે તેમ જીવે છે, તેઓ ગમે તે રીતે જીવી નાંખે છે; આહ! કેવી વસ્તુઓ બનતી રહે છે!

તેમને જીવતાં આવડતું નથી, છતાં પણ માણસે કેમ જીવવું તે શીખવું જોઈએ. બાળકોને તે વસ્તુ પહેલી શીખવાડવી જોઈએ, જીવવું કેમ તે. મેં તેવો પ્રયત્ન કર્યો છે, પણ મને તેમાં કેટલી સફલતા મળી છે તે હું જાણતી નથી. મેં તમને આ બધું ઘણી વાર કહ્યું છે, નહિ વારુ?

હા.

બસ, પતી ગયું? હવે કોઈ પ્રશ્ન બાકી રહ્યો છે?

મધુર માતાજી, મને તમે જે કહ્યું તેનો છેલ્લો ભાગ ન સમજાયો.

છેલ્લો ભાગ અતિમનસની વાત કરે છે, નહિ વારુ?

આહ, હા. તમારા કહેવાનો ભાવાર્થ એ છે કે તમને યોગિક શકિતઓ અને અતિમાનસ પ્રકૃતિ વચ્ચે તફાવત સમજાતો નથી. પરંતુ શ્રી અરવિંદ તેની સમજુતી આપેલી છે.

હું તે સમજી શકયો નથી.

બાહ્ય માનસિક અને શારીરિક ચેતનામાં આપણે હમણાં જેને વિષે વાત કરી રહ્યા હતાં તેવું પરિણામ લાવવા માટે (દા. ત. એક રક્ષણાત્મક અંગત વાયુમંડલ, જે તમને કોઈ પણ અનિષ્ટ સંપર્કથી બચાવે, સલામત રાખે), તમારામાં યોગિક શકિત, યોગના અભ્યાસથી પ્રાપ્ત થતી શકિત હોવી જોઈએ; જો તમારા શરીરનું અતિ-મનસીકરણ થઈ ગયું હોય, જો તેનામાં સામાન્ય શારીરિક સ્વભાવ હોવાને બદલે અતિમનસનો સ્વભાવ આવી ગયો હોય, તો પછી તેમાં, તમારી રક્ષા માટે, કોઈ

યૌગિક જ્ઞાનને અથવા શક્તિને દરમિયાનગિરી કરવાની જરૂર રહેતી નથી, કારણકે આ અતિમનસના સ્વભાવ વડે તમે સ્વાભાવિક રીને જ સુરક્ષિત રહો છો. શ્રી અરવિંદ તેમ કહે છે.

પણ શરીરમાં અતિમનસના સ્વભાવને હજી સિદ્ધ કરવાનો છે, તેને હજી શારીરિક ચેતનામાં સિદ્ધ કરવાનો બાકી છે. શારીરિક ચેતનામાં તેને સિદ્ધ કરવો એ શકય છે, પણ હજી સુધી શરીરમાં તો નહિ.

વળી શ્રી અરવિંદે આપણને કહ્યું છે કે તેને હજી ૩૦૦ વર્ષ લાગશે, એટલે હજી આપણે તેટલો સમય રાહ જોવાની છે. આપણે માત્ર રાહ જોતાં શીખવાનું છે, તે બને ત્યાં સુધી રાહ જોતા શીખવાનું છે.

બસ, હવે કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, માણસ દુઃખનું સુખનાં રૂપોમાં કેવી રીતે રૂપાંતર કરી શકે.

આહ! પણ હે મારા બાળકો, તે કોઈ કરવાની વસ્તુ નથી. ચોકકસ, હું તમને તેની કોઈ પદ્ધતિ નહિ આપું! તે એક વિકૃતિ બની જાય.

પ્રથમ ખૂબ અનિવાર્ય વસ્તુ એ છે કે પીડા સાથેનો સંબંધ કાપી નાખીને તેને અદૃશ્ય બનાવી દેવી. માણસ પીડાથી સભાન બને છે, કારણકે પીડા ત્યાં હોય છે.

દા. ત. તમારી આંગળી કપાઈ ગઈ હોય, ત્યાંના જ્ઞાનતંતુ પર અસર પેદા થઈ હોય, એટલે જ્ઞાનતંતુ તરત મસ્તિષ્કને તે વસ્તુ કહેવા માટે તેની પાસે જાય છે, કે અમુક જગ્યાએ ખરાબ વસ્તુ બની છે, તમારા ધ્યાનને જાગૃત કરવા માટે તમને પીડા થાય છે; તે તમને કહે છે કે કાંઈક ખરાબ વસ્તુ બની છે. પછી તરત જ વિચાર ચિંતા અનુભવે છે કે "શું ખરાબ બન્યું છે? ઓહ, તે તો બહુ પીડા આપે છે." પછી તે વિચાર આંગળી પ્રત્યે પાછો આવે છે અને હજી સુધી નાશ નહિ પામેલા ભાગને વ્યવસ્થિત કરવા પ્રયત્ન કરે છે. મોટે ભાગે તે એક નાનકડો પાટો આંગળી પર બાંધે છે. પણ તમને પીડા ન અનુભવાય તે માટે, જો તમને ખૂબ પીડા થતી હોય, તો તમારે વિચાર તે સંબંધને માત્ર કાપી નાંખવો જોઈએ, જ્ઞાનતંતુને કહેવું જોઈએ કે "હવે શાન્ત બની જા, તેં તારું કામ કર્યું છે, તેં મને ચેતવણી આપી છે; હવે તારે કાંઈ વધારે કહેવાની જરૂર નથી; બસ હું તને અટકાવી દઉં છું." જો તમે તેને સાફ સાફ સંભળાવી દો,

તો તમને પીડા નહિ અનુભવાય, તે પતી જાય છે, તમે પીડાને ખતમ કરી દો છો. તેમ કરવું એ શ્રેષ્ઠ વસ્તુ છે. તમારી જાતને એમ કહેવું કે બહુ પીડા થાય છે, તેના કરતાં એ અનંતગણું વધારે સારું છે.

હું એક માણસને ઓળખતી હતી, જેને ચામડીમાં નખ ઉગતો હતો. તમને તેનો અનુભવ થયો છે કે નહિ તે હું જાણતી નથી. જ્યારે પગમાં ચામડીમાં નખ ઉગતો હોય છે, ત્યારે ખૂબ પીડા થાય છે. તે ચામડીમાં ઉગતો હોય છે; એટલે માણસ જો સખત બૂટ પહેરે, તો ખૂબ પીડા થાય છે. હું એક છોકરાને ઓળખતી હતી; તેણે આમ (અભિનય) પોતાના નખને દબાવવાની શરૂઆત કરી. તે એમ માનતો હતો કે પીડા એ આકંપનોની અમુક ઉગ્રતાઓ સહન કરી લેવાની અશકિત છે. એટલે તેણે હદ બહાર નખને દબાવવા માંડયો. પ્રથમ તો તેને ભયંકર પીડા થઈ, પણ આખરે તેની પીડા એક પ્રકારના સુખમાં પરિવર્તિત થઈ ગઈ. તેમાં તે સારી રીતે સફલ નીવડયો.

જો તમને પીડા થતી હોય, અને તમે પોતે તમારી જાતને હજી પણ વધારે પીડા આપો, તો છેવટે એક એવી ક્ષણ આવે છે કે જ્યારે તમે મૂર્ચ્છા પામો છો (જરાક નિર્બળ અને ઓછી સહનશકિતવાળા લોકો મૂર્ચ્છા પામે છે), અથવા તો તે પીડા સુખમાં પરિવર્તિત થઈ જાય છે; પણ આ ભલામણ કરવા જેવી વસ્તુ નથી. હું તમને એટલા માટે તે કહું છું કે તેમ કરી શકાય છે. તેં એક ૧૨ વર્ષની ઉમ્મરનો છોકરો જોયો હતો, જે વિચારપૂર્વક, સભાનતાપૂર્વક તે પ્રમાણે કરતો હતો. તેણે કદી યોગ વિષે કશું સાંભળ્યું ન હતું, પણ તેણે જાતે જ તે શોધી લીધું હતું પણ આ ભલામણ કરવા જેવી વસ્તુ નથી, કારણકે તેની પાની વધારે ખરાબ બની ગઈ; તે જરા પણ વધારે સારી ન બની.

પણ મારી પદ્ધતિ આ છે: તમારા જ્ઞાનતંતુને કહો કે "તેં સારું કાર્ય કરી દીધું છે; હવે શાન્ત રહે, તારે મને કશું વધારે કહેવાની જરૂર નથી." આ વધારે સારી પદ્ધતિ છે. તે પીડાને કાપી નાંખે છે અને બધું પતી જાય છે.

જ્યારે માણસને દાંત દુખતો હોય (તમને કોઈ વાર દાંતનો દુખાવો થયો છે કે નહિ તે હું જાણતી નથી. પણ તેથી ભીષણ પીડા થાય છે, કારણકે તેનો જ્ઞાનતંતુ મસ્તિષ્કની ખૂબ ખૂબ નજીક છે, એટલે પીડા માર્ગમાં પોતાની ઉગ્રતાને બહુ ગુમાવતી નથી, તે સીધી મસ્તિષ્કને પહોંચી જાય છે અને ખૂબ દુઃખ આપે છે), ત્યારે શ્રેષ્ઠ ઉપાય એ છે કે જ્ઞાનતંતુને કાપી નાખવો, તેને સંભળાવી દેવું કે, "તેં તારું કામ કરી દીધું છે, તેં મને જણાવી દીધું છે કે ત્યાં કોઈક

ગરબડ પેદા થઈ છે. બસ, હવે તું કોઈ પણ ગતિ કરીશ નહિ." માણસ આમ (અભિનય) તેને કાપી નાખે છે, સંબંધને કાપી નાખે છે, પછી તે મસ્તિષ્કને સંદેશો મોકલતું હોતું નથી. સ્વાભાવિક રીતે જ, તમારે બીજી કોઈ વસ્તુના વિચારમાં પરોવાઈ જવું જોઈએ. જો તમે પછી એમ કહેવાની શરૂઆત કરો કે હજી મને પીડા થાય છે ખરી? તો.....(હસાહસ).

માતાજી, અહીં શ્રી અરવિંદે કહ્યું છે કે પીડા એ મૂળ આનંદનું વિકૃત સ્વરૂપ છે.

હા, પણ દરેક વસ્તુ અધ:પતન, વિકૃત છે. તેમણે કહ્યું છે કે સુખ પણ અધ:પતન, વિકૃતિ છે. સુખ અને દુ:ખ બંને સરખી રીતે આનંદની વિકૃતિ છે. વળી, માનવની શારીરિક ચેતના, સમતુલા માટેની શકિત બહુ થોડી હોય છે. સુખ ગમે તે પ્રકારનું હોય, પણ જો તમે તેને જરાક વધારે આગળ ધકકેલો, તો તે ગમે તે પ્રકારનું દુ:ખ બની જાય છે. હંમેશાં એક એવું સ્થાન છે, જ્યાં માણસને સુખનો કે દુ:ખનો ખ્યાલ રહેતો જ નથી; તે સુખ પણ હોઈ શકે અથવા દુ:ખ પણ હોઈ શકે. પણ થોડાક થોભો, કોઈ ખૂબ ગળી વસ્તુ ખાઓ, તમે તેની અસર જોશો. શરૂઆતમાં તમે કહેશો કે બહુ સ્વાદિષ્ટ છે, પણ પછી તે ઓચિંતી ખૂબ અસહ્ય બની જાય છે. દરેક વસ્તુ માટે તેમ જ બનતું હોય છે. સુખ અને દુ:ખ બહુ નિકટનાં સગાં છે, સમજ્યા?

બસ. હવે કોઈને કાંઈ પૂછવાનું છે?

માતાજી, એવા સમયો હોય છે કે જ્યારે આશ્રમમાં સામૂહિક માંદગી આવે છે.....

હા, માત્ર આશ્રમમાં જ નહિ. કમનસીબે, પ્રથમ તે શહેરમાં આવે છે. પછી જે કેટલાક લોકો શહેરમાં પોતાનો ઘણો સમય ગાળે છે, તેઓ તે માંદગીને અહીં લઈ આવે છે; અને અહીંના લોકો પેનર્જીનાં ઘેટાં જેવા છે. કોઈ માણસ જો તે માંદગી પકડે, તો તે ચપલતા, સુંદરતા ગણાય છે; પછી દરેક જણ તે રોગને પકડે છે.

(મૌન)

તમે શું પૂછવા માગતા હતા?

હું એ પૂછવા માગતો હતો કે શા માટે તે...

શા માટે? એનો જવાબ તો મેં આપી દીધો.

અનુકરણની ભાવના! પૅનર્જીનાં ઘેટાં!

પૅનર્જીનાં ઘેટાં શું છે એ તમે જાણો છો? નથી જાણતા? ઓહ, હું ધારું છું કે તે પહેલી વાત છે. હું જાણતી નથી કે તેણે પ્રાચીન પરંપરાઓમાંથી તે વાત લીધી હતી કે કેમ. પણ તમે રાબેલાઈસ વિષે સાંભળ્યું છે? હા? ઠીક, રાબેલાઈસે એક પુસ્તકમાં તે વાત કહી હતી. (પ્રથમ માતાજી પવિત્ર તરફ વળે છે, એ વિષયમાં તે જાણતો નથી એટલે શ્રી માતાજી નલિની તરફ વળે છે) કદાચ નલિની તે જાણે છે.

(નલિની) "પેન્ટાગ્રુએલ."

"પેન્ટાગ્રુએલ"! ઠીક, તેને વિષે હું કાંઈ જ જાણતી નથી. તે રાબેલાઈસનું એક પ્રસિદ્ધ પુસ્તક છે, જેને મેં વાંચ્યું નથી. તે એક ઘેટાંના ટોળાની વાર્તા કહે છે. તે ઘેટાંને એક નૌકામાં સામે પાર લઈ જવામાં આવ્યાં હતાં. હેતુપૂર્વક તેમ કરવામાં આવ્યું હતું કે અકસ્માત્ તેમ બન્યું હતું તે મને અત્યારે યાદ નથી, કારણકે કેટલાક ભિન્નભિન્ન લોકો વડે કહેવાયેલી તે વાર્તા મેં વાંચી છે. આવી પ્રાચીન હિંદુ પરંપરાઓ પણ છે; આવી પર્શિયન વાર્તાઓ પણ છે, આવી આરબ વાર્તાઓ પણ છે. એટલે રાબેલાઈસે શું કહ્યું છે તે હું ચોકકસપણે જાણતી નથી. છતાં વાર્તા આ પ્રમાણે છે.

કોઈ કારણસર એક ઘેટું નૌકામાંથી સમુદ્રમાં પડી જાય છે, અને તેની પાછળ, એક પછી બીજું એમ, બધાં ઘેટાં સમુદ્રમાં પડે છે. (હસાહસ) એક ઘેટું પડી ગયું, એટલે બધાં ઘેટાં ઊંધું ઘાલીને પાણીમાં જંપલાવે છે, એટલે તે વાર્તા પ્રસિદ્ધ બની ગઈ છે. તેમને પૅનર્જીનાં ઘેટાં કહેવામાં આવે છે.

પણ મેં કહ્યું હતું તેમ, માત્ર એક જ માર્ગ છે. માણસે પોતાનું વાતાવરણ શાન્ત અને પ્રકાશમય રાખવું જોઈએ; પછી તે માણસ પૅનર્જીનું ઘેટું બનતો નથી.

આમ છે. બેટા. હવે કંઈ પૂછવું છે?

* * *

૧૮ મે, ૧૯૫૫

આ વાર્તાલાપ
"સ્ત્રીનો પ્રશ્ન *" નામના
માતાજીના લેખપર
આધારિત છે.

હવે કોઈ પ્રશ્ન નથી ને? મારે કાંઈ ઉમેરવાનું નથી, મેં બધું કહી નાખ્યું છે.

તમે કાંઈક પૂછવા માગતા હતા ને?

આપે એ લેખનું શીર્ષક તો "સ્ત્રીનો પ્રશ્ન" એવું આપ્યું છે પરંતુ પુરુષના પ્રશ્ન વિષે પણ એવું કહ્યું છે.

હા, કારણકે તે બેને છૂટાં પાડવાં એ કઠિન છે. મારા કહેવાનો અર્થ એવો ન હતો કે તે સમસ્યાનો ઉકેલ સ્ત્રીઓએ લાવવાનો છે. મારા કહેવાનો અર્થ એવો હતો કે સ્ત્રીઓને કારણે પૃથ્વી પરના જીવને આ સમસ્યા ઊભી કરી છે.

અત્યાર સુધી પુરુષો પોતાનાથી અને પોતે જે કર્યું હતું તેનાથી પરિપૂર્ણ રીતે સંતુષ્ટ હતા. એકાદ સૈકા અગાઉ સ્ત્રીઓએ વિરોધ કરવાની શરૂઆત કરી. પહેલાં

---

* પ્રથમ ૧૯૫૫ ના એપ્રિલના બુલેટિનમાં છપાયેલો; અત્યારે "કેળવણી પર" નામના શતાબ્દી ગ્રંથ, ૧૨ માં છપાયેલો લેખ. (આ ગ્રંથમાં)

તેઓ કશું જ કહેતી ન હતી, અથવા તો તેમને કાંઈક કહેવાની તક મળતી ન હતી. પણ તાજેતરમાં, બહુ સમય પહેલાં નહિ, સ્ત્રીઓએ એમ કહેવાની શરૂઆત કરી કે અમને ક્ષમા કરો, પણ સાચે જ અમે સંતુષ્ટ નથી. જો પહેલાં તેમણે આવી વસ્તુ કહેવાની હિંમત કરી હોય, તો તેમને આઘાત આપવામાં આવતો, અને તેમને કહેવામાં આવતું કે ચૂપ રહો, તમારે આમાં માથું મારવાની જરૂર નથી. છતાં, દરેક વસ્તુ બનવા છતાં, સૌકાના અંતભાગમાં પુરુષો તેમની સાથે જે વર્તન રાખતા હતા તેની સામે સ્ત્રીઓએ જાહેર વિરોધ ઉઠાવ્યો, કારણકે પુરુષોએ ઘડેલા કાયદા પુરુષના લાભમાં હતા, પુરુષોએ સાંધેલાં સર્વ સંગઠનો પુરુષના લાભમાં હતાં; સ્ત્રીને હંમેશાં ઊતરતો દરજ્જો આપવામાં આવતો હતો, અને કેટલીક વાર તો તે તે દરજ્જો તિરસ્કારપાત્ર હતો. અમુક દેશોમાં હજી પણ એમ જ છે.

પણ ત્યાં સુધી, જો સ્ત્રીઓ વિરોધ ઉઠાવતી, તો તે વ્યકિતગત અથવા સંતાડી રાખેલી રીતે હોવો જોઈએ, કારણકે તે જાહેર જનતાનો પ્રશ્ન બન્યો ન હતો. પણ છેલ્લી સદીના અંત ભાગમાં "નારીત્વ" નામની ચળવળ શરૂ થઈ, અને સ્ત્રીઓએ પરિસ્થિતિ સામે ઉગ્રતાપૂર્વક વિરોધ ઉઠાવવા માંડયો. તેમણે કહ્યું કે "અમને માફ કરો, અમને લાગે છે કે તમે તમારાં બધાં કામકાજોમાં નિષ્ફળ ગયા છો, તમે સારી રીતે કોઈપણ વસ્તુને ઉકેલી શકયા નથી, તમે જ કાંઈ કર્યું છે તે સઘળું ખરાબ છે. તમે કશામાં સફળ નીવડયા નથી; સફળ નીવડયા છો માત્ર પરસ્પર ઝઘડવામાં, એક બીજાને મારી નાંખવામાં, અને દરેક જણ માટે જીવનને અસહ્ય બનાવી મૂકવામાં. અમે એમ કહેવાનો પ્રારંભ કરીએ છીએ કે અમારે કાંઈક કહેવાનું છે, આમ ન ચાલે, વસ્તુઓમાં સુધારો થવો જોઈએ." આમ વિરોધની શરૂઆત થઈ. પછી તો વિરોધો, ઝઘડાઓ, ઉપહાસ શરૂ થયાં. સ્ત્રીઓએ મશ્કરી કરીને પુરુષોને ગુંગળાવી દેવાનો પ્રયત્ન કર્યો. પણ પુરુષોએ પોતાની જાતને મૂર્ખાઓ બનાવ્યા, સ્ત્રીઓએ નહિ (શ્રી માતાજી હસે છે), અને છેવટે સ્ત્રીઓએ એક વસ્તુ પ્રાપ્ત કરી: હવે તેઓ રાજ્યના વહીવટમાં પોતાની વાત રજૂ કરી શકે છે.

તે એક નિંદાયોગ્ય વાત હતી, પણ હવે જરાક ઓછા પછાત દેશોમાં સ્ત્રીઓને શાસનતંત્રમાં પ્રવેશવા દેવામાં આવે છે એ એક સ્વીકૃત હકીકત છે. મારે કહેવું જોઈએ હું જાણું છું ત્યાં સુધી, સ્વીડન દેશમાં પ્રથમ તેમ બન્યું હતું, તે આ સદીની શરૂઆતમાં બન્યું હતું. સ્વીડનમાં સ્ત્રીઓને પાર્લામેન્ટમાં અને શાસનતંત્રમાં પ્રવેશ મળ્યો હતો, અને તેમણે પહેલું કાર્ય દારૂબંધીનું કર્યું.

એટલે કે...

દારૂબંધી એટલે શું તે તમે નથી જાણતા ? દારૂ એટલે આલ્કોહોલ. કમનસીબે તેને પીવાની ટેવ સમગ્ર પૃથ્વી પર પ્રસરી ગઈ છે. મોટે ભાગે પુરુષો દારૂ પીતા હોય છે. શ્રમજીવી લોકોને પગાર મળે કે તરત જ તેઓ અરધા કરતાં વધારે પગાર મદ્યપાનમાં ખર્ચી નાખે છે. જ્યારે પત્ની તેમની પાસે કુટુંબના ખોરાક માટે પૈસા માગવા જાય છે, ત્યારે તેને માર પડે છે. મોટે ભાગે આમ બનતું હોય છે સ્વીડન સરકારે લાંબા સમય સુધી દારૂબંધી માટે પ્રયત્ન કર્યો હતો, કારણ કે એ લોકો બહુ તર્ક બુદ્ધિવાળા હતા, તેમણે જોયું હતું કે મદ્યપાનની ટેવ સામાજિક શાન્તિને નુકસાન પહોંચાડવામાં મુખ્ય ભાગ ભજવે છે. પણ તેઓ કદી સફળતા પ્રાપ્ત કરી શકયા ન હતા. પણ શાસનનાં બે-ત્રણ વર્ષોમાં સ્ત્રીઓ દારૂબંધી કરવામાં સફળ બની. તે ટેવ ખતમ થઈ ગઈ, કોઈ માણસ દારૂનું નામ પણ સાંભળતો નહિ. તેઓ કેવી રીતે તેમાં સફળ નીવડી હતી તે મને અત્યારે યાદ નથી. કોઈકે મને તે સમયે તે વિષે કહ્યું હતું. દારૂબંધીનો કાયદો તેમણે ઘડયો ન હતો, કારણકે જ્યાં જ્યાં તે ઘડવામાં આવ્યો હતો, ત્યાં ત્યાં સફલતા સાંપડી ન હતી. પણ સ્વીડનની સ્ત્રીઓ સફલ નીવડી હતી. સફલતા પ્રાપ્ત કરવામાં તેમને અડધી સદી કરતાં વધારે સમય લાગ્યો હતો. અત્યારે ઘણા દેશોમાં સ્ત્રીઓ સરકારી તંત્રમાં કામ કરે છે.

(પવિત્રને) શું ફ્રાન્સની પાર્લામેન્ટમાં સ્ત્રી સભ્યો છે ?

(પવિત્ર) હા.

ખરેખર ?

(પવિત્ર) હા. મંત્રીઓ. એક સ્ત્રી મંત્રી પણ બની હતી.

ના. મંત્રી નહિ, પણ રાજ્યની સેક્રેટરી હતી, મંત્રી હતી, પ્રધાન નહિ. કેટલીક સ્ત્રીઓ પાર્લામેન્ટમાં હતી. તેમણે તેવો પ્રયત્ન કર્યો છે.

(પવિત્ર) એક સ્ત્રી શિક્ષણ મંત્રી છે.

ના, એમ નહિ, પણ એક સ્ત્રી રાજ્યની સેક્રેટરી હતી. આ વાત હું એટલા માટે કહું છું કે ફ્રાન્સ ખૂબ પછાત દેશોમાંનો એક હતો, હજી પણ તે એક ખૂબ પછાત દેશ છે. આ ખૂબ રસપ્રદ હકીકત છે. તે કદાચ એક એવો દેશ છે કે જે, રાજકારણી દૃષ્ટિબિંદુથી જોતાં, ખૂબ વિકસિત વિચારો ધરાવે છે. સમાનતાના, ભ્રાતૃભાવના, અને સ્વતંત્રતાના વિચારો ફ્રાન્સમાંથી આવ્યા છે ; તે વિચારો ત્યાંથી સમગ્ર જગતમાં પ્રસર્યા છે. પણ સ્ત્રી પુરુષના સંબંધોના દૃષ્ટિબિંદુથી જોતાં, ફ્રાન્સ

ચોકકસ સર્વ દેશો કરતાં વધારે પછાત દેશ હતો. આને માટે માનસશાસ્ત્રીય કારણો છે. પણ અહીં તે વિષે હું કહેવા માગતી નથી. હવે કાંઈ પૂછવાનું છે?

મધુર માતાજી, અહીં કહેવામાં આવ્યું છે કે "સર્વ પુરુષો ઘણી બાબતોમાં સ્ત્રીઓ જેવા હોય છે, અને સર્વ સ્ત્રીઓમાં, ખાસ કરીને આધુનિક સમાજોમાં સ્ત્રીઓનાં ઘણા લક્ષણો પુરુષો જેવાં હોય છે."

હા, કોઈ પણ વ્યકિત સર્વાંશે સ્ત્રી જાતિની કે પુરુષ જાતિની નથી હોતી.

તો પછી હજી પણ ગુંચવાડો કેમ ચાલે છે?

કારણકે તેઓ પોતાની જાતને જાણતાં નથી. વળી તેઓ પોતાના દેહના રૂપનાં ગુલામ હોય છે. કારણકે જ્યારે તેઓ દર્પણમાં પોતાની જાતને જુએ છે, ત્યારે પુરુષોને લાગે છે કે અમે પુરુષો છીએ, અને સ્ત્રીઓ પોતાને સ્ત્રી રૂપે જુએ છે. તેઓ શારીરિક રૂપનાં ગુલામ છે તે જ તેનું કારણ છે.

પણ હું ઘણીવાર એવા પુરુષોને મળી છું કે જેઓ અમુક દૃષ્ટિબિંદુઓથી જોતાં, ખૂબ સ્ત્રૈણ હતા, પણ તે રાજી થવા જેવાં પ્રકારે નહિ; તેઓ પોતાના પુરુષ તરીકેના અધિકારો પર ખૂબ આગ્રહ રાખતા હતા અને પોતાની જાતને સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ માનતા હતા. વળી હું ખાસ કરીને સ્ત્રીઓના અધિકાર માટેની ચળવળની શરૂઆતમાં એવી સ્ત્રીઓને મળી છું કે જેઓ ખોટા કોલરો, ગળપટ્ટાઓ અને ગંજીફરાકો પહેરતી હતી, પુરુષના જેવા વાળ રાખતી હતી. તેઓ પુરુષો જેવી દેખાવા માટે બને તેટલો પ્રયત્ન કરતી હતી. પણ તેઓ શોચનીય રીતે માત્ર સ્ત્રીઓ જ હતી! (હસાહસ) તેઓ બીજાઓને રાજી કરવા, બીજાઓનું ધ્યાન આકર્ષવા માગતી હતી. જો કમ-નસીબે કોઈ પુરુષ તેમની સાથે પુરુષ જેવો વ્યવહાર કરતો, તો તેઓ ખૂબ ગુસ્સે થઈ જતી હતી. (હસાહસ) કારણકે પરિવર્તિત થવામાં ઘણો સમય લાગે છે.

હવે કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, આપ અહીં પરમ માતાની વાત કરો છો. શ્રી અરવિંદે તેમના પુસ્તક "મા" માં જેમની વાત કરે છે તે અને આપ જે પરમ માતાની વાત કરો છો તે બંને એક જ છે?

હા.

તો પછી શું પરમ માતા વિષેનો ખ્યાલ કેવળ માનુષી છે? અથવા તો તેમને મૂળમાં કોઈ જાતિ નથી?

ના.

પણ મેં કદી એમ નથી કહ્યું કે પરમ માતાનો ખ્યાલ કેવળ માનવીય હતો. મેં એમ કહ્યું હતું કે તેમનું રૂપ માનવી હતું, પણ તે કેવલ માનવીય નહિ. મેં કયાંય એમ નથી કહ્યું કે તે તદ્દન માનવીય હતાં. કોઈ માણસ એમ કહે કે આ સમજૂતિ જરાક વધારે પડતી માનવીય છે; પણ મારા કહેવાનો અર્થ એવો નથી કે પરમ માતા કેવલ માનવીય છે.

ત્યારે તેમને મૂળમાં જાતિ હોય છે ખરી?

આવિર્ભાવથી ઊર્ધ્વમાં કોઈ ભેદ નથી હોતો, અર્થાત્ બે નથી હોતાં, માત્ર એક જ છે. સૃષ્ટિની ક્ષણે તે તત્ત્વ બે (પુરુષ અને સ્ત્રી) બન્યું. પણ ત્યાર પહેલાં એક જ તત્ત્વ હતું, તેમાં કોઈ ભેદ ન હતો, કારણકે તે એક જ હતું. અસંખ્ય શકયતાઓ હતી. પણ તે તત્ત્વ તો એક જ હતું. માત્ર સૃષ્ટિમાં તે બે બન્યું. તે ભેદ સનાતન અને એકી વખતે અસ્તિત્વ ધરાવનારી કોઈ વસ્તુ નથી. તે તો માત્ર આ જગતના સર્જન માટે બે બન્યું. કદાચ ઘણાં જગતો આપણા વિશ્વથી જુદી જ રીતે સર્જાયેલાં હતાં. અત્યારે પણ એવાં અસંખ્ય વિશ્વો છે, જેમની સાથે આપણને સંપર્ક નથી, અને પરિણામે જેમને વિષે આપણે કાંઈ જ જાણતા નથી, અને છતાં પણ જે અસ્તિત્વ ધરાવે છે.

મધુર માતાજી, એવાં વિશ્વો છે?

હું તમને કહું છું કે તે અશકય છે, (**હસાહસ**) આપણે તેમને વિષે કાંઈ કહી ન શકીએ. આપણે તેમને વિષે કાંઈ જ જાણતા નથી. આપણે તો માત્ર આપણા વિશ્વ વિષે જ જાણીએ છીએ, બસ. પણ બીજાં વિશ્વો ન હોય તેને માટે કોઈ કારણ નથી. કોઈ પણ માણસ એમ ન કહી શકે કે બીજાં વિશ્વો નથી. માણસ તેમને વિષે કાંઈ જ જાણતો નથી. તે વિશ્વોમાં સર્વ વસ્તુઓ એટલી બધી ભિન્ન છે કે આપણને તેમની સાથે કોઈ સંબંધ નથી. હું અંત ભાગમાં તેમ જ કહું છું કે એક નવીન, અતિમનસની સૃષ્ટિ થશે. આ સૃષ્ટિ અત્યારના કરતાં કોઈ ભિન્ન પ્રકારનું રૂપ ધારણ ન કરે એમ માનવાનું કોઈ કારણ નથી. હું ત્યાં એમ કહું છું કે આ સમસ્યાનો એ જ એક માત્ર ઉકેલ છે; ત્યાં ભેદ હોવાને બદલે, તે એક એવી સૃષ્ટિ હશે કે જે ખ્યાલને અને તેને મૂર્ત બનાવવા કાર્યનો, દર્શનને અને ચેતનામાં તથા કાર્યમાં તેના સર્જનને સંયુકત કરશે. કારણ કે તેણે જ ભેદ કર્યા છે, એ એક હકીકત છે કે પહેલાં ખ્યાલ હતો અને પછી તે

કાર્યાન્વિત બન્યો. જે થવાનું છે તેનું દર્શન અને પછી તે દર્શનનું સર્જન અર્થાત્ તે દર્શનનું મૂર્તીકરણ. તેમાં ભેદ રહેવા માટે કોઈ કારણ નથી. એક જ તત્ત્વ તે બે વસ્તુઓ કરી શકે છે, એટલે પરિણામમાં એક જ અસ્તિત્વ રહેવું જોઈએ.

બે રેખાઓ, એક પુરુષ અને બીજી સ્ત્રી હોવાને બદલે, એક જ અસ્તિત્વે હોવું જોઈએ; તેને જ હું માત્ર આ સમસ્યાનો જ નહિ, પણ સર્વ સમસ્યાઓનો ઉકેલ માનું છું, અતિમાનસની સૃષ્ટિની પ્રતિકૃતિ માનું છું.

મધુર માતાજી, આપે અહીં કહ્યું છે કે, પરમ માતા વિશ્વની સર્જિકા છે. પણ ભારતમાં મોટે ભાગે એમ કહેવામાં આવે છે કે, સૃષ્ટિનું સર્જન બ્રહ્માએ કરેલું છે.

પણ શ્રી અરવિંદે કહ્યું છે કે, પરમ માતા એ બ્રહ્માની માતા છે, તે બધા દેવોની માતા છે.

શું દેવોની અને દેવીઓની જાતિઓ પણ માનવીનાં સર્જન છે?

ના, ના. શા માટે તેમણે માનવી સર્જનો હોવું જોઈએ? મેં કદી એમ નથી કહ્યું કે, તેઓ માનવ સર્જનો હતાં. અધિમનસના દેવોનાં અને દેવિઓનાં રૂપ ભિન્ન હોય છે. માનવે અધિમનસના દેવોનું સર્જન નથી કર્યું. અધિમનસના દેવોનું સર્જન સીધેસીધું થતું હોય છે. તેઓ માનવો કરતાં પહેલા અસ્તિત્વમાં આવ્યા કે કેમ, તે હું જાણતી નથી, પણ તેમ બન્યું હોય એમ હું ધારું છું. હું માનું છું કે અધિમનસના દેવોએ પાર્થિવ સૃષ્ટિ રચી હતી, અતિ-મનસના એવા ઘણા દેવો છે જેમણે પૃથ્વી પરની રચના કરી હતી; તેઓ પૃથ્વી પર અવતર્યા ન હતા, પણ પૃથ્વી પર જે કાંઈ બન્યું તેમાં તેઓ રચનારા, નિર્માણ-કારો હતા, જેમણે વિચારો અને રૂપો આપ્યાં હતાં. શ્રી અરવિંદ હંમેશાં એમ કહેતા હતા કે, જેને પહેલાં "દેવ" કહેવામાં આવતો હતો, તે અધિમનસનું એક અસ્તિત્વ હતો; પરમ દેવ એ એક અધિમનસનું અસ્તિત્વ હતો.

માતાજી, જો દેવોનાં અને દેવીઓનાં રૂપોમાં ભેદ છે, તો શું એ જ પ્રશ્ન તેમને માટે પણ ખડો થાય છે ખરો?

આહ! મારા બાળક, તે વાત તમારે તેમને પૂછવી જોઈએ. પણ જે વાર્તાઓ આપણને કહેવામાં આવી છે તેમને જો આપણે સાચી માનીએ, તો તેમની વચ્ચે પણ કજીઆ, મુશ્કેલીઓ, વિસંવાદો, અદેખાઈઓ જેવી બધી વસ્તુઓ હતી. એવા સમયો હોય છે કે જ્યારે તેઓ મનુષ્યો કરતાં વધારે ડાહ્યા નથી હોતા.

મધુર માતાજી, દેવો અને દેવીઓ કેવી રીતે જન્મેલાં ?

એ તો નિશ્ચિત રીતે સૃષ્ટિનો એક ભાગ છે. આપણે અહીં જેમને અદિતિ અર્થાત્ સર્જનાત્મક ચેતના કહીએ છીએ, તે...

હું તમને આ વાત તદ્દન બાલિશ રીતે કહીશ :

જ્યારે અદિતિને સર્જન કરવાનો આદેશ મળ્યો, ત્યારે તેવા પોતાના અસ્તિત્વમાંથી ચાર સત્ત્વોને પ્રગટ કર્યાં, અને તેમને વિશ્વનો વિકાસ કરવાનું કામ સોંપ્યું. પછી, મેં તમને એક વાર આ વિષે વાત કરી છે, કામ વણસી ગયું; આપણે તે રીતે તેનું વર્ણન કરી શકીએ. એટલે અદિતિએ સર્વ સત્ત્વોની બીજી એક સૃષ્ટિ સર્જી, જે દેવો બની ગયા. પહેલાંના આવિર્ભાવોએ જે ગેરવ્યવસ્થા સર્જી હતી તેને સમાંતર એક સુવ્યવસ્થા સર્જાઈ, અર્થાત્ પરમાત્માના માર્ગદર્શન હેઠળ એક ક્રમિક જગતોનું સર્જન થયું, જે આખરે પદાર્થતત્ત્વના સર્જન સુધી નીચે ઉતર્યું. દેવો, પાછળથી સર્જાયેલા દેવો આ રેખાના છે. શ્રી અરવિંદ જેને અધિમનસ કહે છે તે ક્ષેત્રમાં વધારેને વધારે મૂર્તિકરણ રૂપ તે દેવો છે. તે ક્ષેત્રમાંથી તેઓ ભૌતિક વિશ્વનું અને પૃથ્વીનું જેમને તે દેવોએ સર્જ્યાં હતો તેમનું અધિષ્ઠાતા બનીને સંચાલન કરે છે. પૃથ્વીને સર્વ વિશ્વના એક પ્રતિનિધિરૂપે, પ્રતીકમય સૃષ્ટિરૂપે સર્જવામાં આવી; પૃથ્વીમાં સમસ્યાને સઘન અને કેન્દ્રિત બનાવી દેવામાં આવી છે, જેથી તે સમસ્યાનો ઉકેલ સહેલાઈથી લાવી શકાય. ખગોળ-શાસ્ત્રની દૃષ્ટિએ આ પૃથ્વી ભલે ખૂબ નાની અને બિન મહત્ત્વની હોય, પણ વૈશ્વિક સૃષ્ટિના રહસ્યમય દૃષ્ટિબિંદુથી જોતાં, તે એક એવું પ્રતીક છે કે જે વિશ્વનું પ્રતિનિધિત્વ એવી પરિપૂર્ણ રીતે કહે છે કે પૃથ્વીનું રૂપાંતર કરવા વડે માણસ, ચેપ અથવા સામ્ય દ્વારા, વિશ્વનું રૂપાંતર કરી શકે, કારણ કે પૃથ્વી એ વિશ્વનું પ્રતીક છે. દેવોએ આ પ્રકારની પ્રક્રિયા સ્વીકારી હતી. તે દેવોના નિવાસસ્થાનને શ્રી અરવિંદ અધિમનસ કહે છે.

અલબત્ત, વસ્તુઓ તે પ્રકારની નથી. એમ ન માનશો કે વસ્તુઓ વાસ્તવિક રીતે જેમ બની હતી તે રીતે જ મેં તમને કહી છે. તે તો કહેવાનો એક પ્રકાર છે, મસ્તિષ્કને સમજાય તેવો એક પ્રકાર છે. જેમ બન્યું હોય તેમ લાગે છે.

પણ જે મેં ચાર સત્ત્વો વિષે વાત કરી હતી તે જાતિ વગરનાં છે, તે પુરુષો પણ ન હતાં અને સ્ત્રીઓ પણ ન હતાં, પ્રાણિક જગતમાં પ્રાણિક સૃષ્ટિનો એક સમગ્ર ભાગ છે, જે આ સત્ત્વોનું પરિણામ છે, અને જેમાં સ્ત્રી પુરુષની જાતિ

નથી. વળી દેવોએ પણ સ્ત્રી પુરુષની જાતિ વગરનું જગત બનાવ્યું હતું. તે દેવ-દૂતોનું જગત છે, જે દેવદૂતોને રહસ્યવાદમાં નિર્માણકર્તાઓ કહેવામાં આવે છે. પણ આ સત્ત્વો સ્ત્રી પુરુષ જાતિની વગરનાં છે; તમે જાણો છો કે તેમને પાંખો-વાળાં વર્ણવવામાં આવ્યાં છે.

જગતમાં એવાં સત્ત્વો છે, જે પુરુષો કે સ્ત્રીઓ નથી; પ્રાણિક જગતમાં તેવાં અનેક સત્ત્વો છે. પ્રાણિક જગતમાં જાતિવાળાં સત્ત્વો છે. પણ તેઓ તે જગતના સૌથી વધારે ભૌતિક ભાગમાં છે, જે ભાગ પૃથ્વીની સૌથી વધારે નજીકનો છે; પ્રાણિક જગતના સૌથી વધારે મહત્ત્વના ભાગમાં તેવાં જાતિવાળાં સત્ત્વો નથી હોતાં. પણ તેથી તેઓ વધારે સારાં નથી બની જતાં, કારણ કે તે બધાં સત્ત્વો દિવ્ય સંકલ્પની અને દિવ્ય સાક્ષાત્કારની વિરુદ્ધનાં છે, પણ તેમનામાં ભીષણ શક્તિ હોય છે. તેથી દેવોએ પણ એવાં અનેક સત્ત્વો સર્જ્યાં છે, જેમનામાં જાતીય વૃત્તિ નથી હોતી, અને જેમને લોકો દેવદૂતો કહે છે. તેઓ તમારા રક્ષક દેવદૂતો છે, બીજું શું?

(પવિત્ર) ગાંધર્વો, કિન્નરો.

હા, હા, તેમને ઘણાં નામો આપવામાં આવ્યાં છે. હવે કોઈ પ્રશ્ન?

મધુર માતાજી, પ્રાચીન પરંપરાઓમાં તેઓ હંમેશાં એવા દેવોની પત્નીઓની વાત કરે છે, જેમને અસુરો પીડા કરતા હોય છે.

શું દેવપત્નીઓને અસુરો પીડા કરતા હતા? પછી!

તેઓ ભૌતિક જગતથી વધુ નિકટ હોય છે? એ વસ્તુ પ્રાણમય જગતમાં છે કે.....

તેઓ પ્રાણમય જગતમાં રહેલાં છે.

(પવિત્ર) માતાજી, મનોમય ભૂમિકામાં પણ મનનાં સત્ત્વો હોય છે...

માનસિક જગતમાં બધાં તો નહિ પણ ઘણાં બધાં સત્ત્વો જાતિ વગરનાં છે. એમાંનાં કેટલાંક માનસિક સત્ત્વો આગ્રહી છે, તેમનું નિર્માણ બહુ સારી રીતે થયેલું હોય છે, તેઓ સારી રીતે સંવાદમય છે, આગ્રહી છે, કોઈક પ્રકારની માનસિક રચનાઓ છે જે જીવતાં સત્ત્વો છે, પણ જે જ્યારે અવતરે છે ત્યારે બેદરકારીપૂર્વક પુરુષના શરીરમાંથી સ્ત્રીનું શરીર બની જાય છે. તેમ તે માટે તે એક સરખુંજ છે, તેમને તેમાં કોઈ ભેદ દેખાતો નથી.

આટલું જ કે હજી કોઈ પ્રશ્ન બાકી રહે છે?

માતાજી, જાતિય ભેદ પ્રગટ થવાનું સાચું કારણ શું છે? કારણકે શરીરશાસ્ત્રના અધ્યયનમાં આપણે જોઈએ છીએ કે એકકોષી જીવોમાં જાતિભેદ ન હતો; જાતિ પાછળથી પ્રગટ થઈ.

મારા બાળક, તે પ્રકૃતિ છે, જેણે અનેક પ્રકારની પદ્ધતિઓનો પ્રયોગ કર્યો છે. આ બધાં સાધનોનો ઉપયોગ પ્રકૃતિએ કર્યો છે. એમ લાગે છે કે ભૌતિક ઉત્ક્રાન્તિના દૃષ્ટિબિંદુથી જોતાં અનેક પ્રકારનાં પ્રાણીઓની પરિપૂર્ણતા માટે સ્ત્રી પુરુષનો ભેદ જરૂરી હતો; એમ લાગે છે કારણ કે તેવો ભેદ સ્પષ્ટ રીતે પાછળથી સ્વીકારવામાં આવ્યો હતો. હું માનું છું કે આ પ્રકૃતિએ દરેક શકય વસ્તુનો પ્રયોગ કર્યો છે.

પરંતુ આપ કહો છો કે દેવોમાં પણ સ્ત્રી પુરુષની જાતિ છે.

હા, કદાચ તેમની પ્રેરણા હેઠળ પ્રકૃતિએ તે ભેદ પેદા કર્યો છે. પૃથ્વી પર તેવો ભેદ દેખાયો, માટે દેવામાં પણ તેમ હોવું જોઈએ એમ ચોકકસ ન કહી શકાય. પણ પ્રકૃતિએ સીધી પ્રેરણાઓ પ્રાપ્ત કરી હોય એમ લાગતું નથી; તેણે પોતાની રીતે પોતાના માર્ગનું અનુસરણ કર્યું હોય એમ લાગે છે. પણ તેણે સર્વ શકય વસ્તુઓનો પ્રયોગ કર્યો છે; મને લાગે છે કે પ્રયોગ કરવામાં તેણે કોઈ વસ્તુને છોડી દીધી નથી; હજી પણ તે પ્રયોગો કરી જ રહી છે. પણ પ્રકૃતિએ માનવ રૂપમાં પણ જાતિ વગરનાં પ્રાણીઓ સર્જ્યાં છે, મેં તેવું એક ગ્રીક પૂતળું પણ જોયું છે. ગ્રીક લોકો આ હકીકતને જાણતા હતા.

માણસ જે જે કલ્પના કરી શકે તેટલી અને તેના કરતાં વધારે, ઘણી વધારે કલ્પના પ્રકૃતિએ કરી છે, માત્ર તે ઉતાવળ કરવા માગતી નથી. મને લાગે છે કે તેમ કરવામાં તેને મજા પડે છે. એટલે તે પોતાની રીતે જ કાર્ય કરવા માગે છે; તે પ્રયોગ કરે છે, તેને ભાંગી નાંખે છે, ફરી શરૂ કરે છે, અને ફરી ભાંગી નાંખે છે, માત્ર આમ (અભિનય) કરીને તે સમગ્ર જાતિનો વિનાશ કરી શકે છે; તેને મન તે બધું એકસરખું છે; તે માત્ર એટલું જ કહે કે ના, તે સારું ન હતું. પછી તે વસ્તુ ખતમ થઈ જાય છે. તે ઉતાવળ કરવા માગતી નથી. જો આપણે પ્રકૃતિને કહીએ કે "આ વસ્તુ આ પ્રકારે બહુ લાંબા સમય સુધી ટકી રહી છે; તેનું જરાક વધારે સંવાદમય પરિણામ લાવી શકાય", તો તે બળવો પોકારે છે, તે જરા પણ ખુશી બનતી નથી. તે હંમેશાં એમ જ કહે છે કે "તમે શા માટે

ઉતાવળ કરો છો? તમે જે ઇચ્છો છો તે બધું બનશે, પણ મારે તેમાં કશી ઉતાવળ કરવાની જરૂર નથી. તમે શા માટે આટલી બધી ઉતાવળ કરો છો?" તે હંમેશાં તેવો જવાબ આપે છે. તેને આમ તેમ ભટકવાનું બહુ ગમે છે.

પ્રકૃતિ એ શું છે? એટલે કે પરમ માતા સાથે તેને શો સંબંધ છે?

હું ધારું છું કે પ્રકૃતિ સર્જક શક્તિનો સૌથી વધારે ભૌતિક ભાગ છે, તે ખાસ કરીને પૃથ્વીના, આપણે પૃથ્વી પર જેને જાણીએ છીએ તે ભૌતિક જગતના સર્જન સાથે લેવા દેવા છે, તેની જ તેને ફિકર છે.

છેલ્લામાં છેલ્લી ખગોળ શાસ્ત્રીય શોધો વિષે મારે કેટલીક માહિતી જોઈએ છે...

(પવિત્રને) પૃથ્વી પર જે પદાર્થતત્ત્વ છે તેના જેવું જ પદાર્થતત્ત્વ બીજા જગતોમાં છે?

(પવિત્ર :) માતાજી, બધે જ પૃથ્વીના જેવું જ પદાર્થતત્ત્વ છે. અત્યાર સુધી પદાર્થતત્ત્વની બાબતમાં કેવળ સૂર્ય માળામાં જ નહિ, પણ બીજે ઠેકાણે પણ કોઈ તફાવત જણાયો નથી.

બધે એક જ પ્રકારનું પદાર્થતત્ત્વ છે. તો પછી મનુષ્યો અન્ય ગ્રહો પર, ગુરુ કે શુક્ર ગ્રહો પર પણ કેમ જીવી શકતાં નથી?

(પવિત્ર :) તત્ત્વો તો તેનાં તે જ છે, દા. ત. રાસાયનિક તત્ત્વો તો તેનાં તે જ છે, પણ અત્યારે જે તત્ત્વોનું નિર્માણ થયું છે, દા. ત. ગુરુના ગ્રહમાં એમોનિયાનું અને કાર્બોનિક ગેસનું (વાયુનું) વાતાવરણ હશે.....

હા. એટલે છેવટે નિર્માણ એક જ પ્રકારનું નથી?

(પવિત્ર :) દેખીતી રીતે સેન્દ્રિય પદાર્થતત્ત્વ એક જ પ્રકારનું ન હોઈ શકે.

હા, મોટે ભાગે લોકો જેને જાણે છે...

(પવિત્ર :)...તેવા પ્રકારનું ન હોઈ શકે.

ન હોઈ શકે? સમજ્યા?

એ ગ્રહોમાં મૈત્ય સ્વરૂપોનું અસ્તિત્વ છે કે તે કેવળ આ પાર્થિવ ભૂમિકા ઉપર જ છે?

મેં એમ સાંભળ્યું છે કે ચૈત્ય સ્વરૂપો માત્ર પૃથ્વી પર જ છે, કારણકે સમસ્યા પર એકાગ્રતા કરવા માટે પ્રતીક તરીકે પૃથ્વીનું સર્જન કરવામાં આવ્યું છે, અને પરમાત્માની સીધી દરમિયાનગિરીના પરિણામરૂપ ચૈત્યિક સત્ત્વને અહીં જ (પૃથ્વી પર જ), આ પ્રતીકમય કાર્યની જરૂરિયાતો માટે, સર્જવામાં આવ્યું છે.

ગુરુ કે મંગળ પર કોઈ વાસ્તવિક સત્ત્વો છે ખરા?

જો મને પૂછો તો, સત્ત્વો બધે જ છે, બધે જ. માત્ર માણસ તેમને જોઈ શકતો નથી, એટલું જ. પણ તેઓ બધે જ છે. પણ આપણે તેમને મિત્રોમાં જોઈએ છીએ, તેવાં તો તે ચોકકસ નથી; તમને બુધ પર રહેતાં સત્ત્વો ચિત્રોમાં બહુ કદ્રુપા રૂપવાળાં બનાવવામાં આવ્યાં હતા, પણ તેઓ તેવાં છે એમ માનવાને કોઈ કારણ નથી એમ મને લાગે છે.

તમે ઊડતી રકાબીની વાત સાંભળી છે?

હા. મેં તેનું અધ્યયન પણ કર્યું છે. છતાં, હું તેનો મને શારીરિક અનુભવ થાય તેની રાહ જોઈ રહી છું, યુદ્ધ દરમિયાન પોંડિચેરી ઉપર ઉડતી રકાબીને મેં સાચે જ જોઈ હતી; મેં સ્પષ્ટ રીતે, ઊઘાડી આંખે સમુદ્રમાંથી આવતી અને જમીન તરફથી તે ધીમે ધીમે જતી મેં તે રકાબીને જોઈ હતી. તેનો રંગ હળવો ભૂરો હતો, તેનો આકાર આવો થોડોક ગોળ હતો. તે રકાબીને મેં જોઈ હતી અને મેં મારી જાતને કહ્યું હતું કે મને આ દર્શન પ્રાપ્ત થયું છે! મેં મારી આંખો ચોળી, પણ મારી આંખો તો તદ્દન ખુલ્લી હતી. ઓચિંતું મેં આકાશમાં આ પ્રમાણે પસાર થતું એક રૂપ દીઠું. મેં મારી જાતને કહ્યું કે તે કેવું વિચિત્ર છે! પણ ત્યાં સુધી મને કોઈએ તે વિષે વાત કરી ન હતી, એટલે મેં તેને એક દર્શન માની લીધું. સામાન્ય રીતે લોકો જેમને જોતા નથી તેવી ઘણી વસ્તુઓ હું જોઉં છું. પણ જ્યારે લોકોએ આ વિષે વાતો કરવાનું શરૂ કર્યું, ત્યારે મેં મારી જાતને કહ્યું કે મેં પસાર થતી, એક ઉડતી રકાબી જોઈ છે. પણ હું ધારું છું કે ઉદારે પણ એક ઉડતી રકાબી જોઈ છે.

(ઉદાર:) હા, માતાજી (હસાહસ).

તે અસ્તિત્વ ધરાવે છે એ વાત નિઃશંક છે. તે શું છે? દરેક જણને તેનો અલગ અલગ અભિપ્રાય છે, પણ હું જે રીતે તે સત્ત્વોનું વર્ણન કરવામાં આવ્યું છે તેવાં તેમને મારી સન્મુખ જોવા ઇચ્છું છું. કોઈક માણસે કહ્યું હતું (તેની પોતાની ધારણા મુજબ) કે તે ઉડતી રકાબીમાં રહેલા એક સત્ત્વ સાથે મેં વાત-

ચીત કરી છે. ઠીક, પણ તેવું કોઈ સત્ત્વ જો મને મળે, તો હું ખૂબ રાજી થાઉં. ત્યાર પછી, તેને મળ્યા પછી, હું તમને કહીશ કે તે શું છે.

માતાજી, એમ કહેવામાં આવે છે કે એવી બીજી સૂર્ય માળાઓ પણ છે, જ્યાં કદાચ પૃથ્વી પર છે તેવી પરિસ્થિતિ હોઈ શકે. પણ ત્યાં શું આપણા જેવા મનુષ્યો મળે ખરા?

તમારે ત્યાં જઈને જોવું જોઈએ. (હસાહસ).

માતાજી, શું આપણે ગૂઢ રહસ્યમય સાધનો વડે બીજા ગ્રહોમાં જઈ શકીએ?

આહ! હા, માણસ ગમે ત્યાં જઈ શકે. આપણે જતાં શું અટકાવે છે? માણસ સર્વત્ર જાય છે. આપણે માત્ર એટલું જ જાણવું જોઈએ કે શરીર ત્યાં જતું નથી, શરીરનો સૌથી વધારે ભૌતિક વસ્તુ છે, સૌથી વધારે ભૌતિક પ્રાણિક છે, અને તેને ત્યાં જવું એ બહુ કઠિન છે.

મોટે ભાગે પ્રાણિકનો માનસિક ભાગ બહાર જાય છે, મન કે પ્રાણિક નહિ. થોડેક દૂર માણસ પોતાના શરીરમાંથી, પોતાના સૂક્ષ્મ શારીરિક સાથે બહાર જઈ શકે છે; આવા કેઈસો માણસ વસ્તુઓ ભૌતિક રીતે હોય છે તેવી જ તેમને જુએ છે. પણ માણસ બહુ લાંબે અંતરે દૂર જઈ શકતો નથી. તેમાં કેટલાંક વ્યવહારુ કારણો છે, પણ સૌથી વધારે કારણ છે સલામતીનું; કારણ કે જો માણસ સૂક્ષ્મ શારીરિક સાથે ખૂબ દૂર જાય, તો શરીર માત્ર મૂર્ચ્છિત બની જાય છે; એટલું નહિ, પણ તે અચેતન સ્થિતિમાં આવી જાય છે; અને ત્યારે જો કોઈ ખૂબ ઊંડા જ્ઞાનવાળો અને મહાન શકિતવાળો માણસ તે શરીરની રક્ષા ન કરે, તો તેનું પરિણામ બહુ ખરાબ અને ગંભીર આવે છે, એટલે આવી દૂરની મુસાફરીઓ માટે, મોટે ભાગે પ્રાણિકનો સૌથી વધારે સૂક્ષ્મ ભાગ (જે પ્રાણિકની એક પ્રકારની માનસિક ચેતના જેવો હોય છે તે) બહાર જાય છે.

એટલે માણસ સમાન ગુણવાળી દરેક વસ્તુને જુએ છે. પણ ધારો કે ત્યાં કોઈ ખૂબ ભૌતિક વસ્તુ છે, તો તેને તે જેવી હોય તેવી જોતો નથી. એટલે તે આ પ્રમાણે છે અંથવા આ પ્રમાણે નથી" એમ કોઈ નિશ્ચયપૂર્વક કહી શકે નહિ. માણસ માત્ર આટલું જ કહી શકે કે મેં આ જોયું. પણ ચંદ્ર, ગુરુ, કે શુક્ર પર જે બને છે તેને વિષે સમાચારપત્રોમાં જે વાતો આવે છે તેવી વાતો છે તેવી વાતો માણસ ન કહી શકે. માણસને અનુભવ હોઈ શકે, અમુક વસ્તુઓ તે જાણી શકે, પણ મોટે ભાગે તે વધારે માનસશાસ્ત્રીય પ્રકારની વસ્તુઓ છે.

પણ જો માણસ એમ જાણવા માગે કે ત્યાં અમુક સત્ત્વો છે કે નહિ, તો હું માનું છું કે વિશ્વમાં કોઈ પણ સ્થાન એવું નથી કે જ્યાં સત્ત્વો ન હોય, વ્યકિતરૂપ સર્જનો ન હોય. વ્યકિતરૂપ સર્જનો સર્વત્ર છે; તે આ વિશ્વનો સિદ્ધાંત છે, પણ તે સર્જનોની ઘટૃતા ભિન્નભિન્ન હોય છે. તે સત્ત્વોમાંનાં ઘણાંખરાં અદૃશ્ય હોય છે, માત્ર સમાન ઘટૃતાવાળા લોકો જ તેમને જોઈ શકે છે; જે લોકોમાં પોતાનાં શરીરોમાંથી બહાર આવીને ફરવા જવાની શકિત છે, માત્ર તેઓ જ આ વસ્તુઓ જોઈ શકે છે. પણ જ્યાં સુધી તમે આંખોનો ઉપયોગ કરો છો, ત્યાં સુધી તમે બહુ જોઈ શકતા નથી.

દર્શનનું આટલું બધું મર્યાદિત ક્ષેત્ર! હકીકતમાં, તમે જ્યારે તેને વિષે વિચાર કરો છો, ત્યારે તે આવી તદ્દન હાસ્યાસ્પદ મર્યાદા લાગે છે! આપણું ઈન્દ્રિય અનુભવનું ક્ષેત્ર તદ્દન હાસ્યાસ્પદ રીતે મર્યાદિત છે, પણ જો તમે મનમાં કોઈ માણસનો, વસ્તુનો, શહેરનો, કે સ્થાનનો વિચાર કરો છો, કે તરત જ તમે ત્યાં પહોંચી જાઓ છો, સમજ્યા? તમે ત્યાં નથી એવું નથી, તમે ત્યાં છો, તમે એવો નિશ્ચિત માનસિક સંપર્ક સાધી શકો કે તમે તેની સાથે વાતચીત કરી શકો, પ્રશ્નો પૂછી શકો, જવાબો મેળવી શકો; શરત માત્ર એટલી કે તે સામી વ્યકિત પણ ખૂબ લાગણી પ્રધાન હોવી જોઈએ, અરે, આ તો એક એવી વસ્તુ છે કે જે સતત બને છે, માત્ર તમારામાં સ્વાભાવિક રીતે જ થોડુંક જ્ઞાન હોવું જોઈએ, કારણ કે–નહિ હતો શું બની રહ્યું છે તે પણ તમે સમજી શકતા નથી.

શારીરિક રીતે, આ શરીર સાથે, આંખો સાથે, નાક સાથે, આંગળીઓ સાથે, મુખ સાથે, કાન સાથે, ઓહ, તે હાસ્યાસ્પદ છે! જો માણસ ઈચ્છે, તો તે આમને વિકસાવી શકે. દા. ત. માણસ ખૂબ દૂર થતી વસ્તુને સાંભળવામાં શારીરિક રીતે સફલતા મેળવી શકે, શારીરિક કરતાં કોઈ બીજાં કરણો વડે નહિ, પણ માણસને ઈન્દ્રિયો પર કાબૂ હોવો જોઈએ, તેમનાં આકંપનોને પર્યાપ્ત રીતે લંબાવવાની શકિત હોવી જોઈએ. માણસ દૂર રહેલી વસ્તુને જોઈ શકે, અને તે પણ રહસ્યમય, ગૂઢ દર્શન વડે નહિ. માણસ પોતાના દર્શનને વિસ્તારી શકે; જો તે પોતાનાં જ્ઞાનતંતુઓના આકંપનને અંગની બહાર કેવી રીતે લંબાવવું તે જાણતો હોય, તો તે સંપર્કને લંબાવી શકે; હું એમ નથી કહેતી કે કેટલાક કીલોમિટર દૂર, પણ અમુક વિસ્તારમાં, દા. ત. ભીંતની આરપાર, જેને અશકય માનવામાં આવે છે, ભીંત વડે ભેદાયેલી બીજી રૂમમાં શું બની રહ્યું છે તેને તે જોઈ શકે. પણ તેને માટે ખૂબ પદ્ધતિસરના અભ્યાસની જરૂર છે. પણ આમ જોવું, લાગણી અનુભવવી, સાંભળવું એ શકય છે.

જો માણસ મહેનત કરે, તો તે પોતાના ક્ષેત્રને ખૂબ વિસ્તારી શકે. પણ તેને માટે કાર્ય, ખંત, એક પ્રકારનો ઉદ્યમી પ્રયાસ જરૂરી છે. અરે, એમ પણ જોવામાં આવ્યું છે કે માણસ આંખથી ભિન્ન, જોવા માટેનાં કેન્દ્રો વિકસાવી શકે છે. કોઈ પણ કારણસર જે લોકો આંખ વડે જોઈ શકતા નથી તેમના ઉપર આ પ્રયોગ સફલતાપૂર્વક કરવામાં આવ્યો છે. સતત, પદ્ધતિપૂર્વકના પ્રયાસ વડે દૃષ્ટિનું બીજું કેન્દ્ર કે કેન્દ્રો વિકસાવી શકાય છે. જુલ્સરોમાંએ તેને વિષે એક પુસ્તક લખ્યું છે. તેણે પોતે પ્રયોગો કર્યા હતા, અને નિશ્ચયાત્મક પરિણામો પ્રાપ્ત કર્યો હતો.

આનો અર્થ એ થાય છે કે આપણામાં ઘણી શકયતાઓ છે, જેમને આપણે આપણી અંદર ઊંઘવા દઈએ છીએ, કારણ કે આપણે તેમને વિકસાવવા માટે મહેનત કરતા નથી. આપણે જે કરીએ છીએ તેના કરતાં અનંતગણું વધારે કરી શકીએ. પણ આપણે તો વસ્તુઓ જેમ આવે તેમ તેમને સ્વીકારી લઈએ છીએ.

* * *

૨૫ મે, ૧૯૫૫

શ્રી માતાજી શ્રી અરવિંદના
" હ્યુમન સાયકલ " પુસ્તકના
૧૪ મા પ્રકરણ " અગમ્ય સૌન્દર્ય " માંથી
અમુક ભાગ વાંચે છે.

હું જોઈ શકું છે કે આમાંનો પોણો ભાગ તમને સમજાયો નથી. હવે આપણે ધીમે ધીમે, એક પછી બીજું એમ પગલે પગલે, તેને સમજી શું. (**એક બાળકને**) આ ફકરાની શરૂઆતમાંથી એક પ્રશ્ન પૂછો કે આનો અર્થ શો ?

મધુર માતાજી, અહીં લખવામાં આવ્યું છે કે બૌદ્ધિક તર્કશક્તિ ભલે એક અપૂર્ણ સહાયક હોય અને એ વસ્તુ તેને છેવટે નહિ પણ શરૂઆતથી સમજાઈ જાય કે પોતે પોતાના ક્ષેત્રથી બહાર વિચરે છે અને એના નસીબે આત્મવિશ્વાસ વિનાનાં ડગલાં માંડવાનું આવ્યું છે...

તો હવે તમારે શું પૂછવાનું છે ?

જો બુદ્ધિ વડે નહિ, તો પછી શેના વડે આપણે તે સમજવાની શરૂઆત કરવાની છે ?

શેના વડે શરૂઆત કરવી ?

હા, શેની મદદ વડે ?

શ્રી અરવિંદ ધર્મની વ્યાખ્યા કરે છે કે ધર્મ એટલે આધ્યાત્મિક વસ્તુની અર્થાત્ અતિમનસની શોધ, જે અતિમનસ સામાન્ય માનવ ચેતનાથી પર છે, અને જેણે ઉચ્ચતર પ્રદેશમાંથી જીવન પર અસર પાડવાની છે. એટલે ધર્મ જેની શોધ કરે છે તે અતિમનસ તર્કબુદ્ધિથી પર છે, કારણ કે તે પારતાર્કિકમાં જાય છે. તો પછી ધર્મના પ્રદેશમાં તર્કબુદ્ધિ કેવી રીતે મદદ કરી શકે? શ્રી અરવિંદના કહેવાનો એ અર્થ છે કે જો માણસ ધર્મના ક્ષેત્રનો નિર્ણય કરવામાં અને તેમાં પ્રગતિ કરવામાં તર્કબુદ્ધિનો ઉપયોગ કરે, તો તે જરૂર ભૂલો કરવાનો, કારણ કે તર્કબુદ્ધિ તે પ્રદેશમાં પ્રભુત્વ ધરાવતી નથી, પ્રકાશ આપી શકતી નથી. જો તમે કોઈ પણ ધર્મનો નિર્ણય તર્કબુદ્ધિ વડે કરવા ઇચ્છો, તો તમે જરૂર ભૂલો કરવાના, કારણ કે ધર્મ એ તર્કબુદ્ધિના ક્ષેત્રની બહારનો વિષય છે. તર્કબુદ્ધિ સામાન્ય જીવનના તાર્કિક પ્રદેશની વસ્તુઓનો નિર્ણય કરી શકે. પાછળથી શ્રી અરવિંદ કહે છે તેમ, તર્કબુદ્ધિએ સાચી રીતે ભાગ ભજવવાનો છે, માનવ જીવનમાં, મનની અને પ્રાણિકની ગતિઓ પર કાબૂ રાખવાનો અને તેમને સંગઠિત કરવાનો.

દા. ત. જ્યારે જ્યારે માણસમાં કોઈ પ્રકારની પ્રાણિક ગેરવ્યવસ્થા, આવેગોની, કામનાઓની વગેરેની પ્રાણિક ગેરવ્યવસ્થા પેદા થઈ હોય, અને જો માણસ તર્કબુદ્ધિને બોલાવી તર્કબુદ્ધિના દૃષ્ટિબિંદુથી તે વસ્તુઓને જુએ, તો તે ફરી તેમને સુવ્યવસ્થિત કરી શકે. પ્રાણિકની અને મનની સર્વગતિઓને સંગઠિત કરવી અને તેમનું નિયમન કરવું એ તર્કબુદ્ધિને ભજવવાનો ભાગ છે. દા. ત. બે વિચારો એકી સાથે રહી શકે કે તેઓ એકબીજાનો વિરોધ કરે છે તે જોવા માટે, તમારી માનસિક રચનામાં બે સિદ્ધાંતો સાથે સાથે ખડા રહી શકશે કે એક સિદ્ધાંત બીજા સિદ્ધાંતનું ખંડન કરી દેશે તે જોવા માટે તર્કબુદ્ધિને બોલાવી શકો છો. આ બધી વસ્તુઓનો નિર્ણય કરવો અને તેમને સંગઠિત કરવી તે તર્કબુદ્ધિનો પ્રદેશ છે. આવેગો તર્કયુકત છે કે નહિ, તેઓ કોઈ વિપત્તિ તરફ દોરી જશે, કે તે સત્ય છે અને જીવનમાં કોઈપણ વસ્તુને વિક્ષિપ્ત નહિ કરે તે જોવું તે તર્કબુદ્ધિનું કાર્ય છે. આ તેનો પરિપૂર્ણ પ્રદેશ છે; શ્રી અરવિંદના કહેવાનો તે આશય છે.

પણ ધર્મનું મૂલ્ય જાણવા માટે, પણ ધર્મમાં સાચે જ તમને ભગવાન સાથે સંપર્કમાં મૂકવાની, આધ્યાત્મિક જીવન સાથે સંપર્કમાં મૂકવાની, તેના પ્રત્યે દોરી જવાની શકિત છે કે નહિ તેનો નિર્ણય તર્કબુદ્ધિ કેવી રીતે કરી શકે? તે તેના પ્રદેશ બહારની વસ્તુ છે. તે તેને વિષે કંઈ જ જાણતી નથી. તે તેનું ક્ષેત્ર નથી, તે ક્ષેત્રમાં તે કંઈ જ સમજતી નથી. આપણે બીજાં સાધનોનો ઉપયોગ કરવો

જોઈએ, સ્વાભાવિક રીતે જ, શ્રી અરવિંદ તે રીતે શરૂઆત કરે છે; અંત ભાગમાં, કયાં સાધનોનો ઉપયોગ કરવો તે આપણને કહેશે; મને ખબર નથી કે તે આ પ્રકરણોના અંતભાગમાં છે કે નહિ, પણ તે સૂચન હંમેશાં આપે જ છે. તે કહે છે કે તર્કબુદ્ધિનો ઉપયોગ ન કરો; તેના વડે તમે નિર્ણય નહિ કરી શકો બસ એટલું જ.

શું તર્કબુદ્ધિ પોતાના ક્ષેત્રમાં હંમેશાં સાચી હોય છે?

તર્કબુદ્ધિ? હા. જો તે ખરેખર તર્કબુદ્ધિ હોય, તો તે સાચી જ હોય છે. માણસ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી વસ્તુઓ પ્રત્યે જુએ, તો તર્કબુદ્ધિ હંમેશાં સાચી નથી પડતી, કારણ કે આ ક્ષેત્રોમાં તે કશું જ સમજતી હોતી નથી, પણ તાર્કિક દૃષ્ટિબિંદુથી જોતાં સ્વાભાવિક રીતે જ તે ક્રોષ્ઠ નિર્ણાયક છે,

સામાન્ય જીવન સાથે સંબંધ રાખતી દરેક વસ્તુ માટે, અને હું કહું છું તેમ માણસના માનસિક, પ્રાણિક, અને શારીરિક જીવન માટે, પોતાની તર્કબુદ્ધિ અનુસાર જીવતો માણસ આ દૃષ્ટિબિંદુથી ભૂલ કરી શકે નહિ. જ્યારે માણસ માત્ર એમ કહે કે, "આ ભૂમિકાઓ વડે મર્યાદિત જીવન પરિપૂર્ણ નથી," ત્યારે તેને આધ્યાત્મિક અથવા પારતાર્કિક ભૂમિકા ભૂમિકાને, ચોથી ભૂમિકાને પ્રવેશ કરાવવાની જરૂર પડે છે. પછી આ દૃષ્ટિબિંદુથી આપણે એમ કહેવાની શરૂઆત કરીએ છીએ કે, તર્કબુદ્ધિ આનું કાંઈ જ સમજતી નથી, આ બાબતમાં તેણે શાન્ત રહેવું જોઈએ, અને પારતાર્કિક અસરને કામ કરવા દેવી જોઈએ." પણ સામાન્ય જીવનના દૃષ્ટિબિંદુથી, જે લોકો સામાન્ય જીવન ગાળે છે, યોગ કરતા નથી અથવા આધ્યાત્મિક રીતે વિકાસ કરતા નથી, તેમને માટે તર્કબુદ્ધિ તદ્દન ભલામણ કરવા યોગ્ય સ્વામી છે. તર્કબુદ્ધિ અનુસાર જીવતા લોકો મોટે ભાગે ખૂબ સાત્વિક હોય છે, કોઈ પ્રકારનાં બહાનાં કરતા નથી અથવા ગંભીર ભૂલો કરતા નથી; તેઓ તર્કયુકત રીતે જીવે છે. જ્યારે માણસ માત્ર સામાન્ય જીવનમાંથી બહાર આવે છે, આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રત્યે દોરી જતું જીવન જીવવા ઈચ્છે છે, ત્યારે તર્કબુદ્ધિને દૂર જતા રહેવું પડે છે. છતાં પણ, જ્યાં સુધી માણસ પોતાના મનની અને પ્રાણિકની ગતિઓનો પરિપૂર્ણ સ્વામી બનતો નથી, ત્યાં સુધી તર્કબુદ્ધિ તેને મદદ કરી શકે છે. જ્યાં સુધી આ બે વસ્તુઓનું રૂપાંતર સિદ્ધ થયું નથી, ત્યાં સુધી તર્કબુદ્ધિનો ઉપયોગ કરવો એ તમારે માટે યોગ્ય છે, કારણકે તે તમને આ ગતિઓ પર પ્રભુત્વ મેળવવામાં મદદ કરશે.

બીજો કોઈ પ્રશ્ન છે?

(બીજા બાળકને) તમને આમાં થોડીઘણી સમજ પડી? ના? તો પછી પ્રશ્ન પૂછો.

મધુર માતાજી, અગમ્ય સૌન્દર્ય એ શું વસ્તુ છે?

આહ, મારા બાળક, જ્યારે આપણે આ પ્રકરણ વાંચી રહીશું, ત્યારે તે તમને સમજાશે, કારણકે આ પ્રકરણનો વિષય જ તે છે. શ્રી અરવિંદ તમને તે પૂરેપૂરું સમજાવે છે. જો હમણાં હું તમને તેને વિષે કહું તો પછી પ્રકરણ વાંચવાની તકલીફ નકામી બની જશે. (હસાહસ)

શું તર્કબુદ્ધિ એ મનનું ઉચ્ચતમ કાર્ય છે?

હા, માનવી મનનું તે ચોક્કસ ઉચ્ચતમ કાર્ય છે. માણસ જ્યાં સુધી કેવળ માનવી માનસિક પ્રદેશમાં રહે છે, ત્યાં સુધી તર્ક-બુદ્ધિનો ઉપયોગ કરનાર માણસ ભૂલો કરવાનું જોખમ ખેડતો નથી.

તર્કબુદ્ધિ આધ્યાત્મિક જીવન માટે કેવી રીતે અવરોધરૂપ બને છે?

કારણકે તે તેને વિષે કંઈ જ સમજતી નથી. આધ્યાત્મિક જીવન તેનાથી પર જાય છે, તે તર્ક-બુદ્ધિનો પ્રદેશ નથી, ત્યાં તે કશું જ સમજતી નથી. સર્વ નીતિ, આત્મસંયમ માટે તે એક ખૂબ સારું સાધન છે, પણ આધ્યાત્મિક જીવન આ વસ્તુઓથી પર છે; તર્કબુદ્ધિ તે વિષયનું કાંઈ જ સમજતી નથી.

પણ જો માણસમાં સાચે જ તર્કબુદ્ધિ હોય, તો તર્કબુદ્ધિએ કબૂલ રાખવું જ પડે છે, કે આધ્યાત્મિક જીવન, તેનાથી ઉચ્ચતર છે!

હા.

તો પછી તે શા માટે અવરોધરૂપ બની જાય છે?

તેમ ન થવા માટે શરત છે કે, તર્કબુદ્ધિએ શાન્ત રહેવું જોઈએ અને વચ્ચે દખલ ન કરવી જોઈએ. જો તે દખલ કરવા પ્રયત્ન કરે, તો તે અવરોધ બની જાય છે. જો તે વ્યવસ્થિત રીતે પાછી જતી રહે અને શાન્ત રહે, તો તે વધારે સારું છે.

જો તમે તર્કબુદ્ધિનો નિર્ણાયક અને સ્વામી તરીકે ઉપયોગ કરવા માગો, તો તે અવરોધ છે. પણ જો તમે તેનો ઉપયોગ અસ્તિત્વના બીજા ભાગોની પેઠે, એક કરણ તરીકે કરો, તો તે અવરોધ રૂપ નથી બનતી. તે એક સુંદર કરણ છે, પણ એ શરતે કે તે કરણ તરીકે રહે અને નિર્ણાયક સ્વામી બનવા ન ઈચ્છે. પોતાના ક્ષેત્રમાં સાચો નિર્ણય કરનારી તે એક શક્તિ છે. પણ જ્યારે તે પોતાના

પ્રદેશની પાર જાય છે કે તરત જ તે કશું જ સમજી શકતી નથી, તેનામાં કોઈ વિવેક શકિત હોતી નથી.

એટલે જો તર્કબુદ્ધિ આ સમજે, શાન્ત રહે, પોતે કરણ છે, સ્વામી અને નિર્ણાયક નહિ એવું વલણ રાખે, તો તે પરિપૂર્ણ છે. પણ એ માટે, ચેતના પારતાર્કિક પ્રદેશમાં પૂરતી વિકસિત બનેલી હોવી જોઈએ, જેથી તે ઊર્ધ્વમાંથી તર્કબુદ્ધિ પર કાર્ય કરી શકે અને તે વસ્તુ તેને સમજાવી શકે, કારણ કે તે પ્રદેશ તર્ક બુદ્ધિનો ભાગ નથી. એટલે સ્વાભાવિક રીતે જ તે પ્રદેશ તર્કબુદ્ધિનો ઈન્કાર કરે છે, સિવાય કે ચેતનાનો અમુક ભાગ એટલા પ્રમાણમાં વિકસ્યો હોય કે તે તર્કબુદ્ધિ પર કાંઈક મૂકી શકે, જેને પરિણામે તર્કબુદ્ધિ તે સમજી શકે. તેનો આધાર માણસની ચેતનાના વિકાસની માત્રા પર છે. તે કેવલ વ્યકિતગત પ્રશ્ન છે.

માતાજી, જ્યારે તમે તર્કાતીત પ્રદેશની વાત કરો છો, ત્યારે તે પ્રદેશ તર્કબુદ્ધિ કરતાં ઉચ્ચતર પ્રદેશ છે કે પછી કોઈ વિશિષ્ટ પ્રદેશ છે?

તે પ્રદેશ નથી, તેને એક સ્થિતિ કહેવી જોઈએ. સ્થૂલ ભૂમિકામાં તર્કાતીત પ્રદેશ હોવો એ શકય છે, પ્રાણમય ભૂમિકામાં પણ તર્કાતીત પ્રદેશ હોવો એ શકય છે, મનોમય ભૂમિકામાં પણ તર્કાતીત હોવો એ શકય છે; એવા તર્કાતીત પ્રદેશો પણ છે, જે આ બધા પ્રદેશોથી પર છે. ચેતનાના અને જીવનના અમુક ભાગમાં તેને પ્રદેશ કહેવા કરતાં સ્થિતિ કહેવી એ વધારે યોગ્ય છે. તે અસ્તિત્વની એકધારી છે. તે એક એવી વસ્તુ છે કે જે સામાન્ય ચેતનાની સ્થિતિથી પર જાય છે. પણ શારીરિક તથા પ્રાણિક રીતે તેનો અનુભવ થઈ શકે છે. માણસને ઓચિંતું એમ લાગે છે કે પોતે સર્વ તાર્કિક પ્રદેશોથી પર એવી કોઈ વસ્તુ સાથે સંપર્કમાં છે; તે ઊર્ધ્વમાંથી પ્રાણિકમાં કાર્ય કરતી એક અસર છે. નહિતો માનસિક, પ્રાણિક, અથવા શારીરિક અસ્તિત્વના નિમ્નતર ભાગોનું રૂપાંતર કરવાની આશા તદ્દન અશકય બની જાય, જો તેઓ પારતાર્કિક અસરને સ્વીકારવા અશકિતમાન હોય, તો તેમનું રૂપાંતર કદી પણ થઈ શકે નહિ; ત્યાં જ તેને શોધી કાઢવાનું છે.

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદે લખ્યું છે કે "એક બાજુ એ તર્કબુદ્ધિ પ્રકાશ દાતા છે, પણ હંમેશાં મુખ્ય પ્રકાશ દાતા નહિ...

હા. આપણે એ જ વાત કરી કે તાર્કિક ક્ષેત્રમાં તર્કબુદ્ધિ સાચો નિર્ણય અને સાચું માર્ગદર્શન આપે છે; અને આપણે પ્રકાશ દાતા કહીએ છીએ. જ્યારે તમને કોઈ વસ્તુ વિષે ખાતરી ન હોય, તમે અંધકારમાં અથવા ગૂંચવાડામાં હો, અને ત્યારે તમે જો તર્કબુદ્ધિને બોલાવો, તો તે તમને સારી રીતે માર્ગદર્શન આપી

શકે, અંધકારમાં તમને સ્પષ્ટ દર્શન આપી શકે; એટલે તે પ્રકાશ-દાતા છે. હવે આત્માનો પ્રધાન (મંત્રી), જેને વિષે તે બાળક પૂછતો હતો, તેનો અર્થ એ છે કે તે તર્કબુદ્ધિનું રૂપાંતર અસ્તિત્વના નિમ્નતર ભાગોમાં આધ્યાત્મિક વાસ્તવિકતાને પ્રગટ કરવા માટેના કરણમાં થઈ શકે છે તે "આત્માનો મંત્રી" બની શકે છે. મંત્રી એ રાજાનું એક કરણ છે. તે આત્માના શાસન માટેના માર્ગો તૈયાર કરી શકે છે, અસ્તિત્વને સમતોલ અને શાન્ત બનાવી શકે છે. તેના નિર્ણયોમાં અને કાર્યોમાં તેને સાચું બનાવી શકે છે, જેથી તે અસ્તિત્વ પ્રકાશમય સમતુલાની સ્થિતિમાં રહી શકે છે, આત્માને સ્વીકારવા સમર્થ બને છે.

જે અસ્તિત્વ અંધકારના ઝંઝાવાતમાં સપડાયેલું છે, તે સ્પષ્ટ રીતે આત્માને સ્વીકારવા તૈયાર નથી હોતું. પણ જ્યારે માણસ પોતાના અસ્તિત્વને તાર્કિક રીતે સંગઠિત કરી શકયો હોય છે, સમતોલ અને ડહાપણ ભરેલી રીતે, તર્કબુદ્ધિ મુખ્યત્વે એક ડહાપણનું કરણ છે ત્યારે એ ઊર્ધ્વમાં જવાની સુંદર તૈયારી છે, પણ એ શરતે કે માણસે જાણવું જોઈએ કે આ પરાકાષ્ઠા નથી. આ માત્ર તૈયારી જ છે, તે પાયા જેવું છે. જે લોકોને આધ્યાત્મિક અનુભૂતિ પ્રાપ્ત થઈ છે, જેમને ઉચ્ચતર જગતો સાથે સંપર્ક પ્રાપ્ત થયો છે અને જેઓ નિમ્નતર પ્રદેશોમાં તૈયાર હોતા નથી, તેમને ઘણી મુશ્કેલી નડે છે, કારણ કે તેમને સંગઠિત નહિ બનેલાં, વિશુદ્ધ નહિ બનેલાં, વર્ગીકરણ નહિ કરાયેલાં અનેક તત્ત્વો સાથે સતત યુદ્ધ કરવું પડે છે; દરેક તત્ત્વ પોતાની દિશામાં તેને ખેંચે છે; તેનામાં આવેગો, પસંદગીઓ, અને કામનાઓ હોય છે; એટલે ઊર્ધ્વમાંથી આવેલા આ પ્રકાશે આ બધાને સંગઠિત કરવાનું રહે છે. પણ જો તર્કબુદ્ધિ શરૂઆતમાં કાર્ય કરીને તે સ્થાનને નિવાસ યોગ્ય બનાવ્યું હોય, તો જ્યારે આત્મા આવે ત્યારે તેને સહેલાઈથી ત્યાં સ્થાપિત કરી શકાય છે.

તર્કબુદ્ધિને કેવી રીતે વિકસાવી શકાય?

ઓહ! તેનો ઉપયોગ કરવા વડે. તર્કબુદ્ધિને સ્નાયુઓની પેઠે, સંકલ્પબળની પેઠે, વિકસાવી શકાય છે. આ બધી વસ્તુઓ તેમનો તર્કયુકત ઉપયોગ કરવા વડે વિકસાવી શકાય છે. દરેક જણમાં તર્કબુદ્ધિ હોય છે; માત્ર તે તેનો ઉપયોગ કરતો નથી. કેટલાક લોકો તર્કબુદ્ધિથી ખૂબ ડરતા હોય છે, કારણકે તે તેમના આવેગોનો વિરોધ કરે છે. એટલે તેઓ તેની વાત ન સાંભળવાનું પસંદ કરે છે. પછી તેને વિકસાવવાને બદલે, જો માણસ તેની વાત ન સાંભળવાની ટેવ પાડે, તો સ્વાભાવિક રીતે જ, તર્કબુદ્ધિ વધુ ને વધુ પ્રમાણમાં પોતાનો પ્રકાશ ગુમાવી દે છે.

તર્કબુદ્ધિને વિકસાવવા માટે તમારામાં તેમ કરવાની સાચા દિલની ઈચ્છા હોવી જોઈએ. જો તમે એક બાજૂએ એમ કહો કે, મારે મારી તર્કબુદ્ધિને વિકસાવવી છે, અને બીજી બાજૂએ તમે તેની વાત સાંભળો જ નહિ, તેના કહેવા મુજબ વર્તો જ નહિ, તો તમે કોઈ સફળતા પ્રાપ્ત કરી શકતા નથી; કારણકે જ્યારે તે તમને અમુક કરવાનું અથવા અમુક કામ ન કરવાનું કહે છે, ત્યારે તમે તેથી વિરૂદ્ધનું જ કામ કરતા હો છો; પછી તે તમને કહેવાની ટેવ તદ્ન ગુમાવી દે છે.

માતાજી, સામાન્ય જીવનમાં પણ, તર્કબુદ્ધિ દા. ત. સૌન્દર્યની કદર કરવામાં કેવી રીતે મદદ કરી શકે ?

તે તેમ ન કરી શકે. શ્રી અરવિંદ તમને અહીં તે જ વસ્તુ કહેવાના છે કે, સૌન્દર્યનું મૂલ્યાંકન કરવામાં તર્કબુદ્ધિ તદ્ન નિરુપયોગી છે. આખરી પૃથક્કરણમાં તે નિરુપયોગી છે, કારણકે સૌન્દર્ય ધર્મની પેઠે, તર્કબુદ્ધિથી પર છે. આખું પ્રકરણ તમને આ જ વસ્તુ સમજાવશે. તેથી શ્રી અરવિંદ તેને પારતાર્કિક સૌન્દર્ય કહે છે. સૌન્દર્યનો ઉચ્ચતર સિદ્ધાંત એક પારતાર્કિક સિદ્ધાંત છે, એટલે તર્કબુદ્ધિ તેને વિષે કાંઈ જ સમજતી નથી. જો તમે કલાનું મૂલ્યાંકન તર્કબુદ્ધિથી કરવા માગો, તો તમે જરૂર મૂર્ખાઈભરેલી વસ્તુઓ જ કહેવાના.

હું ધારું છું કે આ જ પ્રકરણમાં શ્રી અરવિંદ બતાવે છે કે સૌન્દર્ય એ ધર્મ જેટલી જ એક ઉચ્ચ પ્રદેશની વસ્તુ છે; ધર્મની પેઠે જ, સૌન્દર્ય દ્વારા માણસ ભગવાન સાથે સંપર્કમાં આવી શકે છે, પછીનું પ્રકરણ છે "પારતાર્કિક કલ્યાણ." તેમાં શ્રી અરવિંદ બતાવે છે કે, કલ્યાણકારી અને અકલ્યાણકારી વસ્તુ માટે પણ તર્કબુદ્ધિ નિર્ણાયક બની શકતી નથી; છેલ્લો નિર્ણાયક તો પારતાર્કિક જ હોય છે. તે જ રીતે, તર્કબુદ્ધિ ત્યાં જવાના માર્ગને તૈયાર કરી શકે, પણ માત્ર તૈયારી જ છે. અલબત્ત, શ્રી અરવિંદ આપણને જે કહેવા માગે છે તેને પૂરેપૂરી રીતે સમજવા માટે આપણે આખું પુસ્તક વાંચવું જોઈએ. પણ તેમાં તે લગભગ ૧૦ વર્ષ વીતી જાય, એટલે હું તે માટે પ્રયત્ન કરતી નથી. મેં માત્ર આ બે પ્રકરણો જ લીધાં છે, કારણકે તેમાંના બે વિષયો બહુ જ રસપ્રદ છે; તે બે વિષયો છે, સૌન્દર્ય અને કલ્યાણ.

સૌન્દર્ય એ માણસની કલામય સાહજિક વૃત્તિ છે, અને કલ્યાણ તેની નૈતિક સાહજિક વૃત્તિ છે; તે બે વસ્તુઓ માનવની કેળવણીમાં અને વિકાસમાં બહુ મહત્ત્વની છે; એટલે મેં તમારે માટે આ બે પ્રકરણો પસંદ કર્યાં છે. પણ વિચારના સંપૂર્ણ

વિકાસ માટે તમારે આખું પુસ્તક વાંચવું જોઈએ. પાછળથી તમે તે વાંચશો, કદાચ તમારામાંના કેટલાકને તે વાંચવાની જિજ્ઞાસા પેદા થશે.

મધુર માતાજી, 'કલામય' નો અને "નીતિમય" નો શો અર્થ છે?

કલામયને સૌન્દર્ય સાથે સંબંધ છે, અને નીતિમયને કલ્યાણ સાથે સંબંધ છે.

મારાં બાળકો, જો તમને કેટલાક શબ્દો ન સમજાતા હોય, તો શબ્દકોશમાંથી તેના અર્થો શોધી લેજો. તેથી તમને ભાષા પણ આવડશે, અને સાથે સાથે થોડુંક ફ્રેન્ચ પણ શીખશો. પણ આ શબ્દો અંગ્રેજીમાં પણ તેના તે જ છે; તમારે તેમનું જ્ઞાન મેળવવું જોઈએ. તેમને જરાક જુદી રીતે લખવામાં આવે છે, જરાક જુદી રીતે તેમનું ઉચ્ચારણ કરવામાં આવે છે, પણ શબ્દો તેના તે જ છે.

માતાજી, શ્રી અરવિંદ અહીં કહે છે કે, "આપણને એવો ખ્યાલ આવવો સંભવિત છે કે, મર્યાદિત જ્ઞાનના, વિજ્ઞાનના, તત્ત્વચિંતનના, ઉપયોગી કલાઓના પોતાના ક્ષેત્રમાં તર્કબુદ્ધિનો અધિકાર વિવાદાસ્પદ નથી. પણ છેવટે તે ખ્યાલ સાચો નીવડતો નથી..."

તો પછી વિજ્ઞાનના, તત્ત્વચિંતનના, અને ઉપયોગી કલાઓના અધ્યયનમાં તર્કબુદ્ધિનું કાર્ય શું હોવું જોઈએ?

મેં કહ્યું તેમ, તૈયારીનું કાર્ય, કોઈક ઉચ્ચતર પારતાર્કિક વસ્તુ માટે, કે જે વસ્તુ આવવી જ જોઈએ, તેને માટે તૈયારી કરવાનું, તે એક તૈયારી છે. શ્રી અરવિંદે કહ્યું છે કે, માણસ એમ ધારે, અર્થાત માણસ એમ ધારે કે, તર્કબુદ્ધિનો અધિકાર વિવાદાસ્પદ નથી, પણ તે એક મન પરની છાપ હોય છે. તે ચર્ચાસ્પદ, વિવાદાસ્પદ છે જ. શ્રી અરવિંદ કહે છે કે, તર્કબુદ્ધિનો પ્રદેશ વિશાળ છે, તેની શક્તિઓ ઘણી મોટી છે, તેનું કાર્ય વધારે આત્મવિશ્વાસવાળું છે; પણ તે હંમેશાં આપણા અસ્તિત્વની બે બીજી શક્તિઓની વચ્ચે, નિમ્નતાર્કિક અને પારતાર્કિક શક્તિઓની વચ્ચે ખડી રહેતી હોય છે. નિમ્નતાર્કિકની અસરમાંથી, અર્થાત્ સર્વ સાહજિક વૃત્તિઓની, સર્વ કામનાઓની, સર્વ આવેગોની અસરમાંથી આપણને મુકત કરવા માટે તર્કબુદ્ધિ દરમિયાનગિરી કરે છે, અને પારતાર્કિક પ્રદેશના આગમન માટે આપણને તૈયાર કરે છે. તેથી તે દરમિયાનગિરીનું, પરિવર્તનનું, સંક્રમણનું એક કરણ છે; આ પ્રદેશમાં તે શ્રેષ્ઠ સ્વામી છે. પણ તે ત્યાંથી આગળ જઈ શકતી નથી. એક એવું બિંદુ છે કે જ્યાં તે પોતાની શક્તિ ગુમાવી દે છે. જ્યારે માણસ પારતાર્કિક દરમિયાનગિરી માટે તૈયાર બન્યો

હોય છે, ત્યારે તર્કબુદ્ધિએ શાન્ત રહેવું જોઈએ. દા ત. જો આંતર વિકાસ વડે, યોગ સાધના વડે જો તમે દિવ્ય ચેતના સાથે સંપર્કમાં આવી ગયા હો, તે દિવ્ય ચેતનામાંથી પ્રેરણાઓ મેળવતા હો, તે વખતે જો તમે તર્કબુદ્ધિ વડે આ પ્રેરણાઓનો નિર્ણય કરવા માગો, તો તમે જરૂર મૂર્ખાઈ ભરેલી ભૂલો કરવાના, કારણકે, તર્કબુદ્ધિ એને વિષે કાંઈ જ સમજતી નથી; તેણે ચાલ્યા જવું જોઈએ, પણ તમને ખાત્રી થઈ ગઈ હોવી જોઈએ કે, તે સંપર્ક સાચે જ દિવ્ય શકિત સાથે છે. જ્યાં સુધી તેવી ખાતરી ન થાય, ત્યાં સુધી તર્કબુદ્ધિ તમને તમારી જાતને છેતરવામાંથી બચાવી લે છે.

મોટે ભાગે જે લોકોમાં તદ્દન સામાન્ય અનુભવો માટે કોઈ વલણ નથી હોતું, તેઓ તર્કબુદ્ધિને બહુ મુશ્કેલીજનક અનુભવે છે; તેઓ તેના કાર્યની પર જવા માટેની તૈયારી પ્રાપ્ત કર્યા પહેલાં તેનો ઈન્કાર કરે છે; પરિણામે તેઓ તદ્દન અતાર્કિક બની જાય છે અને અર્ધપાગલ બની જાય છે. તેથી જ્યાં સુધી તમારે જ્યાં પહોંચવું છે ત્યાં પહોંચ્યા હોવાની પૂરી ખાતરી તમને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તમારે તમારામાં તર્કબુદ્ધિને બહુ સક્રિય રાખવી જોઈએ, જેથી તમે પાગલ ન બની જાઓ. આ બહુ જ અગત્યની વાત છે. જ્યાં સુધી ઉચ્ચતર પ્રદેશોનો અનુભવ એવો પરિપૂર્ણ અને સાચો ન બને કે જેથી તમારે તેને સ્વીકારવો જ પડે, ત્યાં સુધી માણસ તર્કબુદ્ધિને સિંહાસન પરથી પદભ્રષ્ટ ન કરી શકે. પણ એ વસ્તુ બહુ વિરલ છે. એટલે હું હંમેશાં માણસોને પોતાની તર્કબુદ્ધિને જાળવી રાખવાની સલાહ આપું છું. પણ એક બિંદુ એવું છે કે જ્યાં તર્કબુદ્ધિને તેના ઉચ્ચ અધિકારો વાપરતાં અટકાવી દેવી જોઈએ, અર્થાત્ આધ્યાત્મિક અનુભવ વિષે નિર્ણય ન કરવા દેવો જોઈએ, કારણકે તે તેના નિર્ણય કરી શકતી નથી, તેને સમજી શકતી નથી; પણ તે અનુભવ સાચો આધ્યાત્મિક અનુભવ હોવો જોઈએ, તેનું અનુકરણ કરવા પ્રયત્ન કરતી કોઈ વસ્તુ નહિ; અહીં પરિપૂર્ણ દિલની સચ્ચાઈની જરૂર છે. માણસે મહત્ત્વાકાંક્ષા દ્વારા પોતાની જાતને છેતરવી ન જોઈએ; અથવા વિચિત્ર આડંબર કરનારા લોકો તમારી પાસે આવે, અને તમારી આગળ અસાધારણ વાર્તાઓ કરે કે જેથી તમે તેમની શ્રેષ્ઠતામાં માનો, તેવા લોકોથી તમારે તમારી જાતને છેતરવા ન દેવી જોઈએ.

બસ ને?

માર્ગ તૈયાર કરવો એટલે શું?

ઓહ! માર્ગ તૈયાર કરવો તેનો અર્થ શો છે?

શું તમને તમારા જીવનમાં કદી પણ એવી લાગણી થઈ નથી કે હું કોઈક વસ્તુ પ્રત્યે જઈ રહ્યો છું? નથી થઈ? જ્યારે માણસ જન્મે છે, ત્યારે તે પોતાનો પગ એવા એક માર્ગ પર મૂકવાનો પ્રારંભ કરે છે કે જે વળાંક દ્વારા તેના સમગ્ર જીવનને દોરી જવાનો છે એવી લાગણી શું તેનામાં પેદા થતી નથી? તે એક પ્રતિકૃતિ છે. એટલે જો તમે એવો માર્ગ લો કે જે તમને આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રત્યે દોરી જાય, તો તેનો અર્થ એ છે કે તમારાં બધાં કાર્યો આ લક્ષ્ય પ્રત્યે વિચારપૂર્વક લઈ જનારાં બનવાં જોઈએ. એટલે શ્રી અરવિંદ કહે છે કે તે માર્ગ-માંનો થોડોક ટૂકડો તર્કબુદ્ધિના કાબૂ હેઠળ છે; જો તમે તેને અનુસરો, તો ઘણી-વાર ભૂલો કર્યા સિવાય તમને તે માર્ગે આગળ વધવામાં તર્કબુદ્ધિ મદદ કરે છે. કારણકે એ નોંધપાત્ર વસ્તુ છે કે જીવનમાં કશું પણ જાણ્યા સિવાય શરૂઆત કરો છો, દરેક પગલે તમે કંઈક શીખતા હો છો, અને મોટે ભાગે ઝાઝું શીખ્યા વગર તમે માર્ગના અંતભાગને પહોંચી જતા હો છો, કારણકે તમે ઘણી વાર ભૂલો કરો છો અને તમને માર્ગદર્શન આપે તેવી કોઈ વસ્તુ તમારી પાસે નથી.

સામાન્ય લોકો, જીવવું એટલે શું તે જાણ્યા વગર જ, જીવનમાં પ્રવેશ કરતા હોય છે; ડગલે ને પગલે તેમને કેવી રીતે જીવવું તે શીખવું પડતું હોય છે, પોતે શું સિદ્ધ કરવા માગે છે તે જાણ્યા પહેલાં, તેમણે, કમથી કમ, કેમ ચાલવું તે જાણવું પડે છે; જેમ નાના બાળકને આપણે ચાલતાં શીખવાડીએ છીએ તેમ, માણસ કેમ જીવવું તે જીવનમાં શીખવું પડે છે. કેમ જીવવું તે કયા લોકો જાણે છે? અનુભવો, ભૂલો, દરેક પ્રકારનાં દુર્ભાગ્યો અને મુશ્કેલીઓ દ્વારા માણસ ધીમે ધીમે તર્કયુકત બનવાની શરૂઆત કરે છે, અર્થાત્ જ્યારે માણસ અનેક વાર ભૂલો કરે છે અને તેને પરિણામે અનેક મુશ્કેલીઓ અનુભવે છે, ત્યારે માણસ ફરી તે ભૂલ ન કરતાં શીખે છે. પણ એક એવી ક્ષણ આવે છે કે જ્યારે તેનું મસ્તિષ્ક પૂરતું વિકસિત બને છે, તે તર્કબુદ્ધિનો ઉપયોગ કરી શકે છે, ત્યારે તે તર્કબુદ્ધિ તેને ઓછી ભૂલો કરવામાં મદદ કરે છે, વારંવાર ઠોકરો ખાધા સિવાય માર્ગ પર ચાલતાં તેને શીખવાડે છે.

મોટા ભાગના માણસો, પોતે શા માટે જન્મ્યા છે તે જાણ્યા સિવાય જ, જન્મે છે, જીવે છે, અને મરી જાય છે. તે પ્રકારે બનતું હોય છે. તેઓ જન્મે છે, જીવે છે, સુખદુ:ખને અનુભવે છે, અને છેવટે મરી જાય છે, જગતમાંથી ચાલ્યા જાય છે. તેઓ કશું પણ શીખ્યા વગર જ આવ્યા અને ચાલ્યા ગયા. આવા માણસોની સંખ્યા ખૂબ મોટી છે.

તેમનામાંના કેટલાક બહુ જ થોડા લોકો સંસ્કારી હોય છે, જેઓ પોતે શા માટે પૃથ્વી પર આવ્યા છે અને પોતાને થયેલી ઘટનાઓ શા માટે બની તે જાણવા માટે પ્રયત્ન કરે છે. તેમાંના કેટલાક લોકો પોતાની તર્કબુદ્ધિનો ઉપયોગ કરે છે, પરિણામે તેઓ માર્ગ પર યોગ્ય રીતે અને બીજાઓ કરતાં વધારે ઝડપભેર ચાલવાનું શોધી લે છે. આ તર્કયુકત માનવો છે.

એક મુઠ્ઠીભર લોકો એવા હોય છે કે જેમને એવી લાગણી હોય છે કે જીવનમાં બીજું કાંઈક શોધવા જેવું છે, જીવનનો એક ઉચ્ચતર હેતુ છે, લક્ષ્ય છે; તેને શોધી કાઢવા માટે તેઓ પ્રયત્ન કરે છે, આ લોકોનો માર્ગ તર્કથી પર છે, તેમને બીજાની મદદ સાથે અથવા મદદ વગર પ્રદેશો શોધવાના રહે છે; અકસ્માત્ તેમને દોરી જાય તેમ તેઓ આગળ વધે છે, પછી તેમને ઉચ્ચતર જગતો શોધી કાઢવાનાં રહે છે. પણ આ પ્રકારના લોકોની સંખ્યા જૂજ છે. અત્યારે જગતમાં કેટલા તે પ્રકારના લોકો છે તે હું જાણતી નથી, પણ મારી છાપ એવી છે કે તેઓ ગણતરી કરી શકાય તેટલા તો હોય છે. તેમની પ્રગતિનો આધાર કયારે તેઓ શરૂઆત કરે છે તેના પર છે.

કેટલાક લોકો જન્મે છે, તેમના જીવનના તર્કયુકત સમયની શરૂઆત બહુ વહેતી થાય છે, તેઓ નાના હતા ત્યારથી; તે સમય થોડા જ સમય માટે ચાલુ રહે છે, પછી તેઓ ઉચ્ચતર વાસ્તવિકતાઓ પ્રત્યે જવા માટે, નવીન અને અણશોધાયેલા માર્ગો પર ચાલી નીકળવા માટે તરત જ તૈયાર થઈ જાય છે. પણ નિર્ભયતાપૂર્વક, જોખમ સિવાય, આ માર્ગોપર ચાલી નીકળવા માટે, તે માણસે તર્કબુદ્ધિની મદદથી પોતાના અસ્તિત્વને પોતાની ચેતનાના ઉચ્ચતમ કેન્દ્રની આસપાસ એવી રીતે સંગઠિત કરવું પડે છે કે તે આંતરિક રીતે પોતાના કાબૂમાં રહે, દર ક્ષણે તેને એમ કહેવું પડતું નથી કે "આહ, મેં આ કાર્ય કર્યું; શા માટે કર્યું તે હું જાણતો નથી. શા માટે તે બન્યું તેવું જાણતો નથી." જ્યાં સુધી માણસને વારંવાર "શા માટે, શા માટે" એમ કહેવું પડે છે, ત્યાં સુધી માર્ગ થોડો ઘણો જોખમ ભરેલો છે. જયારે માણસ પોતાની ઈચ્છા મુજબ કાર્ય કરે છે, પોતે શું ઈચ્છે છે તે જાણે છે, ખાતરીપૂર્વક પોતાની જાતને દોરી શકે છે, જીવનનાં જોખમો વડે આમ તેમ અફળાતો હોતો નથી, ત્યારે તે નિર્ભયતાપૂર્વક, અચકાયા સિવાય, આનાકાની અનુભવ્યા સિવાય, જરા પણ જોખમ વગર, પારતાર્કિક માર્ગો પર આગેકૂચ કરી શકે છે. પણ આમ બને તે માટે તે માણસ વૃદ્ધ હોવો જોઈએ એવું નથી. માણસ યુવાન હોય, અને છતાં તે શરૂઆત કરી શકે છે, પાંચ વર્ષનો નાનો બાળક પણ

પોતાની જાતને કાબૂમાં રાખવા માટે તર્કબુદ્ધિનો ઉપયોગ કરી શકે છે; હું તે જાણું છું. આ સ્વયંભૂ અને બેજવાબદાર દેખાતાં નાનાં બાળકોમાં પૂરતું માનસિક સંગઠન હોય છે. પોતાની જાતનું, પોતાના જીવનનું, સ્વભાવનું, ગતિઓનું, કાર્યોનું, અને વિચારોનું તર્કબુદ્ધિ વડે સંગઠન કરવા માટે તેમનામાં જ્ઞાનતંતુઓનું પૂરતું સંગઠન હોય છે.

અહીં આ પ્રકારનાં કેટલાંક નાનાં બાળકો છે; બધાં નહિ, પણ કેટલાંક બાળકો આ પ્રકારનાં છે, હું તેમને ઓળખું છું. જો તેમને નાનપણમાં જ તર્કબુદ્ધિનો ઉપયોગ કેવી રીતે બરાબર કરવો તે શીખવાડવામાં આવે, તો તેઓ મહાન સાહસ પર ચાલી નીકળવા માટે તૈયાર થઈ જાય. તેમને બહુ સમય મળી રહે. પણ માણસે આવેગોના અને કામનાઓના ટોપલા સાથે આ માર્ગે ચાલી નીકળવું ન જોઈએ, કારણકે તેથી અનેક પ્રકારની ગંભીર મુશ્કેલીઓ પેદા થાય છે.

હે મારા બાળકો, પતી ગયું? કોઈ કંઈ બોલતું નથી!

(એક બાળકને) તમારે હજી કંઈક કહેવાનું છે?

પ્રકૃતિના નિયમો શું માનવ તર્કબુદ્ધિના નિયમને અનુસરે છે?

ઓહ, ના!

તો પછી આપણે તર્કબુદ્ધિ વડે પ્રકૃતિના આટલા બધા નિયમોને કેવી રીતે સમજાવી શકીએ?

કારણ કે માનવની તર્કબુદ્ધિ પ્રકૃતિ કરતાં ઉચ્ચતર છે.

પ્રકૃતિ નિમ્ન તાર્કિક છે. પ્રકૃતિના નિયમો નિમ્ન તાર્કિક નિયમો છે, એટલે જ્યારે માણસો આવીને તમને કહે કે "તમારી શી ઇચ્છા છે; આ તો પ્રકૃતિનો નિયમ છે," ત્યારે હું હસું છું. તે કથન માણસને છાજતું નથી; તો પછી તો તમારે વાનર, કે સિંહ તરીકે જન્મવું તે વધારે સારું હતું. પ્રકૃતિના નિયમો નિમ્ન તાર્કિક છે.

માણસમાં આ જ શ્રેષ્ઠતા રહેલી છે કે તેનામાં તર્કબુદ્ધિ છે; જ્યારે તે તેનો ઉપયોગ કરતો નથી, ત્યારે તે માત્ર પશુ બની જાય છે.

"તમારે શું જોઈએ છે? એ તો પ્રકૃતિનો નિયમ છે?" એ તો છેલ્લું બહાનું છે.

મોડું થઈ ગયું છે; નહિ તો હું તમને કેટલીક વાર્તાઓ કહેત.

આપણે અટકવું જોઈએ.

* * *

૧ જૂન, ૧૯૫૫

માતાજી
"હ્યુમન સાયકલ" પુસ્તકમાંથી
૧૪મા પ્રકરણ "અગમ્ય સૌન્દર્ય" નો
બીજો ફકરો વાંચે છે.

મધુર માતાજી, કલામય અંતઃકરણ એટલે શું ?

તે સૌન્દર્યની ચેતના છે. કલામય એટલે તે કે જેને કળા સાથે, સૌન્દર્ય સાથે સંબંધ છે તે દા. ત. કેટલાક માણસો જીવનમાં વિચરે છે, અને પ્રદેશોનાં દૃશ્યો જુએ છે, માણસો અને વસ્તુઓ જુએ છે, અને તે ચીજો સુંદર છે કે નહિ તેનું તેમને ભાન થતું હોતું નથી, વધારામાં તેમને તે ચીજોમાં કોઈ ભેદ દેખાતો નથી. તેઓ આકાશ સામે જુએ છે, તેમાં વાદળો છે કે નહિ તે જુએ છે, વરસાદ પડશે અથવા આકાશ સ્વચ્છ બની જશે તે જુએ છે, સૂર્ય તપે છે કે પવન ઠંડો છે તે જુએ છે. પણ કેટલાક લોકો આંખો ઊંચી કરીને સુંદર આકાશ સામે જુએ છે. તે તેમને પ્રસન્નતા અર્પે છે, તેઓ કહે છે કે "આજે આ સુંદર છે, આજે સૂર્યોદય સુંદર છે, સૂર્યાસ્ત સુંદર છે, વાદળોની આકૃતિઓ સુંદર છે." પ્રથમ પ્રકારના લોકોમાં કલામય અંતઃકરણ નથી; બીજા પ્રકારના લોકોમાં તે છે.

"આપણી શક્તિઓની સામાન્ય માત્રા" એનો અર્થ શો છે ?

માત્રા સૌથી વધારે નિમ્નથી માંડીને ઉચ્ચતમ શકિતઓના ક્રમનો વિચાર આપે છે. દા. ત. ચાલવાની શકિત, અને વિચારવાની શકિત તે બેની વચ્ચે એક ક્રમ હોય છે. ચાલવાની શકિત તદ્ન શારીરિક છે, વિચારવાની શકિત બૌદ્ધિક છે. એટલે ચેતનાના ભિન્નભિન્ન ક્રમો, ભૂમિકાઓ છે, જેમને વિષે શ્રી અરવિંદ અહીં વાત કરે છે કે આપણી શકિતઓની સામાન્ય માત્રા; તે આધ્યાત્મિક અથવા યોગિક શકિતઓની વસ્તુઓની વાત નથી કરતા; તે સામાન્ય જીવનની માત્રા છે અર્થાત્ દરેક જણ માટે તે તે પ્રકારનું છે. કારણકે તે કહે છે કે જંગલી માણસમાં પણ એવું કાંઈક છે જે તદ્ન જંગલી નથી, તેનામાં પણ આ માત્રા હોય છે; તે વધારે પ્રાથમિક અવસ્થાની, અસંસ્કૃત છે, પણ તે સૌથી વધારે ભૌતિક વસ્તુથી માંડીને તે વિચારના ગર્ભ સુધી અસ્તિત્વ ધરાવે છે. આપણને કહેવામાં આવે છે તેમ, જંગલી માણસને પણ જગત વિષે, જગત શું છે તેને વિષે પોતાનો અભિપ્રાય છે; તેનામાં આ વસ્તુઓ વિષે એક વિચાર છે; કદાચ તે થોડોક બાલિશ હોય, પણ તેનામાં તે વસ્તુઓ વિષે કોઈ વિચાર હોય છે. એટલે તેનામાં પણ આ માત્રા છે. અલબત્ત, વિચાર શકિત કરતાં ઉચ્ચતર શકિતઓ છે, પણ તે વિરલ છે, તે વારંવાર જોવામાં આવતી નથી.

બસ? હવે આપણે શું કરીશું?

મારે બીજા ફકરામાં કેટલીક વાતો પૂછવાની છે; મને તે બરાબર સમજાઈ નથી.

પછીનો ફકરો? જો તમે હું તે ફકરાને વાંચું એવી ઈચ્છા રાખતો હો તે જુદી વાત, પણ તે ફકરો તો આવતા બુધવાર માટે છે.

ના, મધુર માતાજી, બીજાઓને પ્રશ્નો પૂછવાના છે.

તમારે કોઈ પ્રશ્નો પૂછવાના છે? તમારે? ત્યાં, તમારે કોઈ પ્રશ્નો છે? કોઈ પ્રશ્નો નથી?

સૌન્દર્ય કોઈ રૂપની બહાર અસ્તિત્વ ધરાવી શકે?

લાગણીઓનું સૌન્દર્ય છે સિવાય કે તમે એમ માનો કે લાગણીઓને પણ રૂપ છે. તમે શું એમ પૂછવા માગો છો કે કોઈ શારીરિક રૂપ સિવાય તેની બહાર સૌન્દર્ય છે?

હા.

આહ! હા. વિચારનું સૌન્દર્ય છે, લાગણીનું સૌન્દર્ય છે. આપણે ઘણી વાર તેને જોઈએ છીએ. જ્યારે કોઈ માણસ કોઈ ખૂબ ઉદાત્ત, ખૂબ નિઃસ્વાર્થ કાર્ય સ્વયંભૂ રીતે કરે છે, ત્યારે આપણે કહીએ છીએ કે તે સુંદર છે! તે સાચું છે, તે સુંદરતાની ભાવના પ્રગટ કરે છે.

સૌન્દર્ય કેવલ શારીરિક નથી. આપણે કહ્યું છે કે સૌન્દર્ય એ શારીરિક જગતમાં ભગવાનની શ્રેષ્ઠ અભિવ્યકિત છે. પણ તેનો અર્થ એવો નથી કે સૌન્દર્ય માત્ર શારીરિક જગતમાં જ છે.

(મૌન)

શું તે બરાબર નથી?

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદે કહ્યું છે કે "સૌન્દર્ય માટેની આ શોધ આપણા જીવનનાં મૂળમાંથી જન્મે છે."

તે આપણા જીવનનાં મૂળમાંથી જન્મે છે, એટલે?

આપણા જીવનનાં મૂળ ક્યાં છે?

શ્રી અરવિંદ એમ કહેવા માગે છે કે તે શોધ સાહજિક વૃત્તિમાંથી પ્રગટે છે, તે તાર્કિક નથી હોતી, તેનો આધાર તર્કબુદ્ધિના પ્રદેશ પર નથી, તે સાહજિક વૃત્તિમાંથી પ્રગટે છે. આપણામાં સૌન્દર્યની ભાવના છે, આપણે સૌન્દર્યને ચાહીએ છીએ અને તે પણ તેનું કારણ જાણ્યા વગર જ. એવી વસ્તુઓ છે, જે આપણને સૌન્દર્યની ભાવના આપે છે, તેનું કારણ જાણ્યા સિવાય, આપણી તર્કબુદ્ધિનો ઉપયોગ કર્યા સિવાય. તે સાહજિક વૃત્તિમાંથી જન્મે છે, શ્રી અરવિંદ કહે છે કે આ કલામય ભાવનાની નિમ્ન તાર્કિક અવસ્થા છે. એ તદ્દન સ્પષ્ટ છે કે કોઈ બાળક એક સુંદર પુષ્પ જુએ છે, તેનામાં સૌન્દર્યની લાગણી પ્રગટે છે, તેનું કારણ તે જાણતું નથી; તે તમને કદી પણ એમ નહિ કહી શકે કે તેનું કારણ એ છે કે આ પુષ્પનું રૂપ સમ-ધારણ છે, તેના રંગો સુંદર છે; તે બાળક તેને સમજાવી નહિ શકે. એટલે તો તાર્કિક નથી, તે કેવલ સાહજિક વૃત્તિમાંથી જન્મે છે, તે એક આકર્ષણ છે, આવેગ છે, જે તેને કોઈક વસ્તુ તરફ ખેંચે છે. તે એક સંવાદમયતા છે, જેને માણસ અનુભવે છે, પણ તે તેની વ્યાખ્યા આપી શકતો નથી. ઘણીવાર તો આમ જ બનતું હોય છે. માણસ ભાગ્યે જ એમ કહી શકે છે કે આ વસ્તુ આ કારણે અથવા તે કારણે સુંદર છે; તે કોઈ વસ્તુની સુંદરતા પર વ્યાખ્યાન આપી શકતો નથી. મોટે ભાગે માણસ માત્ર તે વસ્તુ સુંદર છે

એટલું જ અનુભવતો હોય છે; જો પાછળથી તેને આશ્ચર્ય થાય કે મને તે વસ્તુ શા માટે સુંદર લાગી? તો પાછળથી પોતાની બુદ્ધિ વડે પ્રયત્ન કરીને તે માણસ તેને સમજવામાં સફળ નીવડે; પણ પ્રારંભમાં માણસ કારણ શોધવામાં ગુંથાતો નથી, પ્રારંભમાં તેને તે વસ્તુ સુંદર લાગે છે અને બધું પતી જાય છે, તેને તેનાથી સંતોષ પ્રાપ્ત થઈ જાય છે.

દા. ત. તમે કોઈ ઐતિહાસિક મકાનમાં પ્રવેશો છો, અને મહાન સૌન્દર્યની લાગણી તમને પોતાની પકડમાં લે છે; તેને તમે કેવી રીતે સમજાવો છો? જો કોઈ તમને તે વિષે પૂછે, તો તમે કહો કે મને તે સુંદર લાગે છે, પણ જો કોઈ સ્થપતિ મકાનમાં પ્રવેશ કરે અને તેને લાગે કે આ વસ્તુ સુંદર છે, તો તે તમને તરત કહે છે કે "તેનું કારણ એ છે કે," રેખાઓ સુસંવાદિતાપૂર્વક એક બીજાને મળે છે, કદનો જથ્થો સંવાદિતામાં છે, સમગ્ર ઈમારત સૌન્દર્યના, ક્રમના, અને છંદોમયતાના અમુક નિયમોને અનુસરે છે." તે તમને તે નિયમો સમજાવશે. પણ તેનું કારણ એ છે કે તે સ્થપતિ છે; છતાં પણ તેને સમજાવી શકયા સિવાય, તેના જેટલી જ સૌન્દર્યની લાગણી અનુભવી શકયા હોત. ઠીક, તમારી સૌન્દર્યની ભાવના, શ્રી અરવિંદનો શબ્દ વાપરીએ તો નિમ્નતાર્કિક છે, જ્યારે તે સ્થપતિની સૌન્દર્યની લાગણી તાર્કિક છે, કારણ કે તે પોતાની તર્કબુદ્ધિ વડે પોતાને તે મકાન શા માટે સુંદર લાગે છે તે સમજાવી શકે છે.

પણ જો તમે કોઈ સ્ત્રીને જુઓ, તે તમને સુંદર લાગે, તો તમે તમારી જાતને તેનું કારણ આપી શકશો? ઘણી વાર તો નહિ જ. જો તમે પ્રયત્ન કરો, ધ્યાનપૂર્વક તે સ્ત્રીને જુઓ, તેના પર ચિંતન કરો, તો તમે તમારી જાતને કહેવાની શરૂઆત કરશો કે આ કે પેલા કારણે તે સુંદર છે; તમારાં કારણો ચોકકસપણે સાચાં ન પણ હોય.

હકીકતમાં, સૌન્દર્ય એવી એક વસ્તુ છે કે જે પકડમાંથી છટકી જાય છે. તે એક એવા પ્રકારની સુસંવાદિતા છે કે જેને તમે અનુભવી શકો, પણ જેને વિષે વિચાર ન કરી શકો. સૌન્દર્ય સાથેનો સાચો પારતાર્કિક સંબંધ જરા પણ તર્કયુકત હોતો નથી (શ્રી અરવિંદ તમને તે વાત અંત-ભાગમાં કહેશે), તે તર્ક-બુદ્ધિથી પરિપૂર્ણ રીતે પર ચાલી જાય છે, તે ઉચ્ચતર પ્રદેશમાં થતો સંપર્ક છે. પણ આ ફકરામાં આપણે ચોકકસતાપૂર્વક કહે છે કે જ્યારે તે સાહજિક વૃત્તિ હોય છે, ત્યારે તે અજ્ઞાનની, સંસ્કૃતિના અને સંસ્કારના અભાવની ગતિઓ સાથે સંમિશ્રિત હોય છે, તેથી આ સાહજિક વૃત્તિ કેટલીક વાર પોતાની અભિવ્યકિતમાં

ખૂબ સ્થૂલ અને અપૂર્ણ હોય છે. સાચી રીતે કોઈ સુંદર વસ્તુને જોઈને માણસ એક કલામય આનંદ અનુભવી શકે અને સાથે સાથે કોઈ અસુંદર વસ્તુ પણ અનુભવી શકે. પણ જે એક પ્રકારનો આનંદ આપે છે, કારણ કે તે સંમિશ્રિત છે, કારણ કે તે માણસની કલા-રસિક સાહજિક વૃત્તિ વિશુદ્ધ નથી, તે અનેક પ્રકારની અસંસ્કૃત અને તાલીમ વગરની લાગણીઓ સાથે સંમિશ્રિત બની ગઈ હોય છે. શ્રી અરવિંદ કહે છે તેમ, ત્યાં તર્કબુદ્ધિને પોતાનો ભાગ ભજવવાનો છે, અમુક વસ્તુ શા માટે સુંદર છે તે સમજાવવા માટે તે અંદર આવે છે, તે રસ વૃત્તિને કેળવવા માટે આવે છે, પણ તે આખરી નથી, તર્કબુદ્ધિ આખરી નિર્ણાયક નથી. તે ભૂલો કરી શકે છે, નિર્ણય તરીકે તે જરાક ઉચ્ચતર છે, તદ્દન નિમ્નતાર્કિક અસ્તિત્વ કે જેનામાં તર્કબુદ્ધિ અને વસ્તુઓની સમજ નથી તેના કરતાં તે જરાક ઉચ્ચતર છે. તે એક અવસ્થા છે, એમ શ્રી અરવિંદ કહે છે. પણ જો તમારે સત્ય સૌન્દર્યનો સાક્ષાત્કાર કરવો હોય, તો તમારે આ અવસ્થાથી ખૂબ વધારે દૂર જવું જોઈએ. આપણે હવે જે વાંચીશું તેમાં તે તે વસ્તુ સમજાવશે. પણ ફકરામાં તેમણે જે કહ્યું છે તેનો આ સાર છે. પ્રથમ તમારી સૌન્દર્યની ભાવના સાહજિક વૃત્તિના હોય છે, આવેગ-મય, નિમ્ન તાર્કિક, પ્રકાશના અભાવવાળી, સાચી સમજ વગરની હોય છે; તેને તર્કબુદ્ધિની જરૂર હોય છે. કલા ભાવનાનું ઉદ્‌ભવ-સ્થાન નિમ્ન તાર્કિક હોવાને કારણે, તે સમજાય છે, માણસ હંમેશાં કહે છે કે આમાં કોઈ રસો અને રંગો વિવાદાસ્પદ નથી. અનેક પ્રકારની લોક કહેવતો કહે છે કે સૌન્દર્યનું મૂલ્યાંકન તર્કબુદ્ધિનો વિષય નથી, દરેક જણને અમુક વસ્તુ ગમે છે પણ તેનું કારણ તે જાણતો નથી, અમુક વસ્તુ જોવામાં માણસને આનંદ આવે છે, તે આનંદની ચર્ચા થઈ શકે તેવો તે નથી. આ કલા-રસિકતાની નિમ્ન તાર્કિક અવસ્થા છે.

મધુર માતાજી, ગઈ વખતે, વર્ગ પૂરો થતી વખતે, તમે અમને કંઈક કહેવા માગતાં હતાં, પણ સમયને અભાવે તમે અટકી ગયાં હતાં.

આહ, શું તમે એમ માનો છે કે તે મને યાદ છે? તે શેને વિષે હતું?

તે પ્રકૃતિની નીતિમત્તા વિષે હતું.

ઓહ! તે રસપ્રદ નથી.

પૅરિસમાં હું લોકોના એક સમૂહને મળી હતી. એક માણસે "પ્રકૃતિની નીતિમયતા" નામનો એક સમૂહ સ્થાપ્યો હતો. પોતાના નીતિનિયમો ઘડવા માટે તે પ્રકૃતિની સર્વ પ્રકારની ગતિઓનો આશ્રય લેતો હતો. પણ આપણે જાણીએ છીએ કે પ્રકૃતિ એક શક્તિ, ચેતના, અથવા અસ્તિત્વ છે. તમને ગમે તે નામ તેને

આપો, જે તદ્દન નીતિરહિત છે. જેને માટે કોઈ નૈતિક ભાવનાનું અસ્તિત્વ જ નથી. પરિણામે સ્વાભાવિક રીતે જ તેનાં વિપત્તિજનક પરિણામો આવતાં હતાં. જે સભામાં તે સજ્જન પોતાના સિદ્ધાંતો સમજાવતો હતો, તેમાં એક ખૂબ વિદ્વાન કેથોલિક પાદરી હાજર હતો. તે ઘણી વસ્તુઓ જાણતો હતો, તેણે ઘણી વસ્તુ-ઓનું અધ્યયન કર્યું હતું. તેણે પેલાં સજ્જનને તરત જ કહ્યું કે પ્રકૃતિ નીતિ-રહિત છે. પેલો સજ્જન નાખુશ થયો. તેણે કહ્યું કે "ઓહ! હા. તમે તમારાં આરસપાણના ટાવરને સાતમે માળે ચઢો છો, અને ત્યાંથી સમજ્યા વગર તમે વસ્તુઓને જુઓ છો." આરસપાણના ટાવરનો સાતમો માળ બહુ રસપ્રદ ન હતો.

તે પાદરીએ, પોતાના અભિપ્રાય મુજબ, (હું તેનું નામ ભુલી ગઈ છું) સુખી થવાના ઉપાયો શોધી કાઢયા હતા, જેમનાથી દરેક માણસ સંતુષ્ટ બને અને માણસો એક બીજાને ચાહે. એટલે જે લોકો તેની સાથે સંમત ન હતા તેમણે સ્વાભાવિક રીતે જ તેને કહ્યું કે "તો પછી એમ કેમ બને છે કે જ્યારે માત્ર પ્રકૃતિનો નિયમ જ શાસન કરે છે. દા. ત. પશુઓ સુધી દૂર ન જતાં, વનસ્પતિ જીવનમાં છોડો સતત એક બીજા સાથે ઝઘડે છે, એક બીજાને મારી નાંખે છે; શું તમે આને સુસંવાદિતા કહો છો?" પેલો પાદરી કાંઈ સમજી શકે નહિ.

હકીકતમાં, જે લોકોને સામાન્ય પ્રશ્નોમાં રસ છે, જેઓ જન્મ જીવન અને મરણના નાનકડી દૈનિક કાર્યક્રમમાંથી બહાર આવે છે, કારણ કે તેમને તેમાં સંતોષ પ્રાપ્ત થતો નથી, તેઓ સામાન્ય વિચારો પ્રાપ્ત કરવા માટે અને જગતની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરે છે. તેઓ આંતર અથવા માનસિક પ્રયત્ન કરે છે, અને એક યા બીજી રીતે, શકિતઓના મહાન પ્રવાહોમાં પ્રવેશ કરે છે. પ્રથમ માનસિક શકિતઓના, ઉચ્ચતર પ્રકાશના, અને કેટલીકવાર આધ્યા-ત્મિક શકિતના. પછી તેઓ પોતાની ચેતનામાં તે શકિતનું એક બિંદુ પ્રાપ્ત કરે છે, જે તેમનામાં આવિષ્કારનો પ્રકાશ પ્રગટ કરે છે, અને તેમને એમ લાગે છે કે અમે સત્યને સમજી લીધું. તેમને આવિષ્કાર પ્રાપ્ત થયો હોય છે, એટલે સ્વાભાવિક રીતે જ તેઓ ખૂબ રાજી થઈ જાય છે અને તરત જ વિચારવા લાગે છે કે મારા સુખમાં હું બીજાઓને ભાગીદાર બનાવીશ, તેમનામાં હું મૂકી આપીશ, કારણકે તે લોકો બહુ ભલા અને શુભ આશયવાળા છે. પછી, પોતાનું સુખ બીજાઓમાં મૂકી આપવા માટે તેઓ પોતાના આવિષ્કારની આસપાસ એક રચના કરે છે; તેઓ તેને એક પદ્ધતિ બનાવે છે; નહિ તો તેઓ બીજાઓને ઉપદેશ કેવી રીતે આપી શકે? એટલે તેઓ, પેલા સજ્જનની પેઠે, એક પદ્ધતિ ઘડી

કાઢે છે. જગતમાં હું તેવા સેંકડો લોકોને મળી છું. તેવા દરેક જણને એક આવિષ્કાર પ્રાપ્ત થયો હતો. અને તેણે એક રચના ઘડી કાઢી હતી, જે તેને મન સર્વ સમસ્યાઓના ઉકેલરૂપ હતી. તેઓ તે રચના દરેક વસ્તુને લાગુ પાડવા માગતા હતા. એટલે તેઓ પોતાની આસપાસ લોકોને એકત્રિત કરતા. પોતાની અસરના, સત્તાના બલ અનુસાર તેઓ ૩૦૦–૪૦૦ લોકોને એકત્રિત કરતા. કેટલીક વાર તેઓ મોટા સમૂહોને એકત્રિત કરતા અને કહેતા કે, જો આપણે જે કરીએ છીએ તે દરેક જણ કરે, તો જગતનું રૂપાંતર થઈ જાય. કમનસીબે તે પ્રકાશનો એક સ્ફુલિંગ માત્ર હતો, અને તેમની રચના કેવલ માનસિક હતી, જીવનના સામાન્ય નિયમોથી મુક્ત ન હતી. એટલે તે સમૂહમાંના જે લોકો જગતને સંવાદિતા, સૌન્દર્ય, સુખ, આનંદ અને શાન્તિ વગેરે શીખવાડવાના હતા, તેઓ માંહ્યોમાંહ્ય ઝઘડવા લાગ્યા. આથી તેમના ઉપદેશમાં કશું બલ રહ્યું નહિ. વસ્તુ આવી છે, અને હકીકતમાં તે સાચી છે.

જ્યારે કોઈ તદ્દન નવી અને ઉત્કૃષ્ટ વસ્તુ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે અને આધ્યાત્મિક દબાણ દ્વારા તેનું પરિવર્તન કરે છે, ત્યારે જ માનવચેતના એવા પૂરતા પ્રમાણમાં પરિવર્તિત થશે કે જેને પરિણામે સંજોગો પણ બદલાય.

મને આ વિષયમાં કોઈ ભ્રાન્તિઓ નથી, કારણકે હું જાણું છું કે શ્રી અરવિંદે વસ્તુઓના સત્યને જોયું હતું, અને તેથી જો માનવ-જાતિ માત્ર વસ્તુ-ઓના સત્યના દર્શનમાત્રથી પરિવર્તન પામવા તૈયાર હોય, તો કમથી કમ જે લોકો આ સત્ય સાથે સંપર્કમાં છે તેઓમાં તો પરિવર્તન સિદ્ધ થઈ ગયું હોત; પણ તેમનામાં પરિવર્તન થયું નથી.

તમારામાં જે અંગત અને સામૂહિક ખામીઓ છે તે બધીને તમે જાણો છો. સદ્‌ભાવ હોવા છતાં, જ્યારે માણસ સામાન્ય ખ્યાલોમાંથી બહાર નીકળીને જે જગતનો ખ્યાલ કરે છે તેવું તેને બતાવવા માટે હજી ઘણું ઘણું કરવાનું બાકી છે–એ વાત સ્પષ્ટ છે; હજી જગતમાં સંવાદિતા, શાન્તિ, સમજી, મનની વિશા-લતા, સદ્‌ભાવ, નિઃસ્વાર્થતા, ઉચ્ચતર આદર્શ માટે નિઃસ્વાર્થ સમર્પણ, આત્મ-વિસ્મૃતિ સ્થપાય તે માટે આ વસ્તુઓની વધુ જરૂર છે. પ્રથમ તમારે માત્ર નાની વસ્તુથી શરૂઆત કરવી જોઈએ, તમારામાં જ થોડાક વધારે મહાન વિચારો હોવા જોઈએ, તમે સાંપ્રદાયિક ન બની જાઓ તેટલી જરાક વધારે સમજ હોવી જોઈએ.

જે આટલા બધા સ્થૂલ પરાયણ છે તેવા વાસ્તવવાદી અને અમૂર્તવાદી હલ્લાકારોને કયા પ્રકારની તર્કબુદ્ધિ માર્ગદર્શન આપે છે?

કયા પ્રકારની તર્કબુદ્ધિ, તમે શા માટે એમ માનો છો કે તે તર્કબુદ્ધિ છે? સિવાય કે તેઓ જે કાંઈ કરે છે તેના કારણરૂપ તર્કબુદ્ધિ છે એવો ખુલાસો આપણે આપતા હોઈએ.

બાકી એ તર્કબુદ્ધિ છે એવું તમે શા માટે માનો છો?

ના, કારણકે શ્રી અરવિંદે આ ફકરામાં કહ્યું છે કે અહીં તર્કબુદ્ધિ માર્ગદર્શન આપે છે.

પણ કદાચ તર્કબુદ્ધિ તેમને દોરવણી આપતી નથી, તેને કારણે જ તેઓ જે કાર્ય જે રીતે કરે છે તે કરે છે, નહિ વારુ?

પણ ચિત્રકલા આટલી ઊંચાઈએ પહોંચ્યા પછી આટલી કદરૂપી અને બાલિશ કેમ, કેવી રીતે બને છે?

પણ શું તમે કોઈ દિવસ માનવી આરોહણને તદ્દન સીધું સટ જોયું છે? તે સર્વ સમયે વળાંકો લેતું હોય છે. એટલે જો તમે માની લો કે માનવપ્રગતિ સીધી, ઊર્ધ્વગામી રેખાઓમાં જ થતી હોય છે, ત્યારે તે પ્રગતિ કરે છે, પણ જ્યારે તેઓ વધારે આગળ જાય છે, ત્યારે તે અવનતિ પામે છે.

કદાચ ૧૦ વર્ષમાં હું તમને કહીશ કે આધુનિક ચિત્રકલામાં કાંઈક છે કે નહિ. કારણ કે હું તમને કોઈક વિચિત્ર વસ્તુ કહેવાની છું. અત્યારે તો હું તેને તદ્દન વરવી, કદરૂપી જોઉં છું, માત્ર કદરૂપી જ નહિ, પણ મૂર્ખાઈભરેલી; પણ વધારે ભયજનક વસ્તુ તો એ છે કે તે તમને બીજાં સર્વ ચિત્રો પ્રત્યે ખૂબ કંટાળો પેદા કરે છે. આજે આપણને જે ચિત્રો જોવા મળે છે, જેમને વિષે ખૂબ બુદ્ધિપૂર્વક સમાલોચનાઓ કરવામાં આવે છે, તેમાં પ્રાચીન અને અર્વાચીન ચિત્રકૃતિઓને સાથે સાથે મૂકવામાં આવે છે, જેથી તે વસ્તુ ખૂબ રસપ્રદ બની જાય છે, તમે તે બંને પ્રકારનાં ચિત્રોને જોઈ શકો છો અને તેમની તુલના કરી શકો છો. આધુનિક ચિત્રકારો જે ચિત્રો દોરે છે તેમાં મને કોઈ સૌન્દર્યનો સ્પષ્ટ ખ્યાલ દેખાતો નથી; હું કબૂલ કરું છું કે હું હજી તે ચિત્રોને સમજી શકી નથી; પણ વિચિત્ર વાત તો એ છે કે આધુનિક ચિત્રોએ પ્રાચીન ચિત્રો માટેનો મારો રસ ખતમ કરી દીધો છે; કેટલાંક ખૂબ વિરલ ચિત્રોને બાદ કરીએ તો, બાકીનાં ચિત્રો મને દેખાડો કરનારાં, કૃત્રિમ, હાસ્યાસ્પદ, અસહ્ય જણાયાં છે.

હવે આનો અર્થ એ છે કે આ અસંગતતાની અને અંધાધુંધીની પીઠમાં ચોકકસ કોઈ સર્જનાત્મક સત્ત્વ છે, જે પ્રગટ થવા માટે પ્રયત્ન કરી રહ્યું છે.

એ વાત સ્પષ્ટ છે કે આપણે એવા એક જગતમાંથી પસાર થઈ ગયા છીએ કે જે પરિપૂર્ણતાને પામ્યું હતું અને ધીમે ધીમે અવનતિ કરી રહ્યું હતું, તે સૃષ્ટિમાંથી નવીન સૃષ્ટિમાં જવા માટે (કારણ કે માની લો કે પ્રકૃતિનાં સામાન્ય બળો કાર્ય કરી રહ્યાં છે), સતત આરોહણ કરવાને બદલે, તે સ્પષ્ટ રીતે અવનતિમાં, અંધાધુંધીમાં પતન પામી રહી હતી, અર્થાત્ નવીન સૃષ્ટિ માટે અંધાધુંધી એક જરૂરિયાત છે.

પ્રકૃતિની રીતરસમો તે પ્રકારની હોય છે. આપણી સૂર્યમાળા અસ્તિત્વમાં આવી ત્યાર પહેલાં અંધાધુંધી હતી. એક પ્રકારના શિખરે પહોંચેલી કલામય રચનામાંથી નવીન સૃષ્ટિમાં જતા પહેલાં મને સ્પષ્ટ લાગે છે કે અંધાધુંધી આવી ગઈ છે. આ વસ્તુઓ જોતી વખતે મારા મન પર એવી છાપ ઉઠે છે કે આ ચિત્રકારોમાં દિલની સચ્ચાઈ નથી; તે હકીકતથી હું પીડાઉં છું. તેમાં દિલની સચ્ચાઈ નથી. કદાચ તે ચિત્રકાર બને એટલો પાગલ બનીને પોતાની જાતને રમૂજ આપી રહ્યો હતો, અથવા તો તે પોતાની જાતને અને બીજાઓને છેતરવા માગતો હતો, અથવા તો તે એક પ્રકારની એવી અસંગત કલ્પના હતી, જેમાં ચિત્રકાર એક સ્થાનમાં રંગનો ડાઘો મૂકે છે અને પછી તરત જ તે પોકારી ઉઠે છે કે રંગનો ડાઘો ત્યાં મૂકવો તે હાસ્યાસ્પદ છે, મેં અહીં તે મૂકયો હોત તો સરસ બનત; એમ તે કલ્પનાઓ કરતો જ રહે છે. મારા મન પર આધુનિક ચિત્રો જોતી વખતે આવી છાપ ઉઠતી હોય છે; મને તેમનામાં કશી દિલની સચ્ચાઈ દેખાતી નથી.

પણ પીઠમાં કોઈ સાચા દિલનું, સર્જક સત્ત્વ છે, જે પ્રગટ થવા મથે છે, પણ એક ક્ષણ માટે પ્રગટ થઈ શકતું નથી, પણ જે ભૂતકાલનો વિનાશ કરવા માટે પૂરતું સમર્થ છે. એક સમય હતો કે જયારે હું રેમ્બ્રાન્ટનાં, ટિટિયનનાં, ટિન્ટોરેટ્ટોનાં, રેનોઈરનાં, અને મોનેટનાં ચિત્રો જોતી હતી, ત્યારે મને ખૂબ કલા-રસિક આનંદ આવતો હતો. અત્યારે મને તે કલા-રસિક આનંદ આવતો નથી. મેં પ્રગતિ કરી છે, કારણ કે હું પાર્થિવ ઉત્ક્રાન્તિની સમગ્ર ગતિને અનુસરું છું. એટલે મારે આ ચક્રની પાર જવું એ અનિવાર્ય હતું, હું બીજા ચક્રમાં આવી પહોંચી છું, અને મને આ ચક્રમાં જરા પણ કલા-રસિક આનંદ દેખાતો નથી. તર્કબુદ્ધિના દૃષ્ટિબિંદુથી કોઈ માણસ મતભેદ ઉઠાવે, ચિતરાયેલાં સુંદર અને સારાં ચિત્રો વિષે વાત કરે; તે એક જુદી જ બાબત છે. પણ આ સૂક્ષ્મ વસ્તુ, સાચો કલારસિક આનંદ ચાલ્યો ગયો છે. મને હવે તે અનુભવાતો નથી. અલબત્ત, અત્યારે ચિત્રકારો જે કરી રહ્યા છે તેનાથી હું સેંકડો માઈલ દૂર છું. પણ પીઠમાં રહેલી

કોઈક વસ્તુએ તે બીજી વસ્તુને અદૃશ્ય કરી દીધી છે, એટલે કદાચ ભાવિ પ્રત્યે થોડાક પ્રયત્ન કરવા વડે, આપણે નવીન સૌન્દર્યની ફોર્મ્યુલાને શોધી કાઢી શકીશું. તે બહુ રસપ્રદ હશે. તાજેતરમાં જ મારા મન પર આવી છાપ ઉઠી છે, બહુ સમય પહેલાં નહિ. મેં પરિપૂર્ણ સદ્‌ભાવ રાખ્યો છે, સર્વ પ્રકારની પસંદગીઓને, પૂર્વગ્રહોને, ટેવોને, ભૂતકાળના રસોને દૂર કરીને મેં આધુનિક ચિત્રો જોવાનો પ્રયત્ન કર્યો છે; પણ મને તેમાં કશો આનંદ આવતો નથી, કેટલીક વાર તો મને તેમના પ્રત્યે અણગમો, કંટાળો આવી જાય છે. પણ હંમેશાં મારા પર એવી છાપ ઉઠે જ છે કે આ ચિત્રકારો સાચા નથી, તેમનામાં દિલની સચ્ચાઈ નથી.

પણ તાજેતરમાં મને ઓચિંતી એક એવી લાગણી ઉદ્‌ભવી કે ભાવિની કોઈ નવીન વસ્તુ ધક્કો મારીને આગળ આવી રહી છે. પ્રગટ થવા મથી રહી છે, પોતાની જાતને અભિવ્યક્ત કરવા પ્રયત્ન કરી રહી છે, સફળ બની રહી નથી, પણ જે ભૂતકાળનાં બધાં ચિત્રોમાં અભિવ્યક્ત થયેલી વસ્તુઓ કરતાં વધારે જબરદસ્ત પ્રગતિ કરાવશે; તે જ સમયે ચેતનાની ગતિ જન્મે છે, જે આ નવીન વસ્તુ પ્રત્યે વળે છે અને તેને સમજવા માગે છે. આ કદાચ રસપ્રદ થઈ પડશે, તેથી મેં તમને આ વાત કરી છે. તેને હજી ૧૦ વર્ષ લાગશે. કદાચ ૧૦ વર્ષમાં એવા લોકો હશે કે જેમણે નવીન અભિવ્યકિત શોધી લીધી હશે. તેને માટે ઘણી પ્રગતિ કરવી જરૂરી છે, ટેકનિકમાં ઘણી પ્રગતિ કરવી જરૂરી છે; જૂની ટેકનિક જંગલી લાગે છે. હવે નવી વૈજ્ઞાનિક શોધખોળો વડે, કદાચ ચિત્રો દોરવાની ટેકનિકમાં પરિવર્તન આવશે, જે નવી ટેકનિક પ્રગટ થવા ઇચ્છતા નવીન સૌન્દર્યને પછી અભિવ્યક્ત કરી શકશે. આપણે ૧૦ વર્ષના ગાળામાં તેને વિષે વાત કરતા થઈ જઈશું.

આવજો!

* * *

૮ જૂન, ૧૯૫૫

માતાજી શ્રી અરવિંદના
"યોગ પર દીપ્તિઓ" માંથી
"લક્ષ્ય" નામનું
પ્રકરણ વાંચે છે.

હવે આપણે તૈયાર કરેલા પ્રશ્નો નહિ, પણ તાત્કાલિક ઉદ્‌ભવેલા પ્રશ્નો હાથ ધરીશું, (એક બાળકને) તમારે કોઈ પ્રશ્ન છે?

મધુર માતાજી, અહીં લખવામાં આવ્યું છે કે "આ મુક્તિ, પરિપૂર્ણતા, સર્વાંગ સંપૂર્ણતા આપણે માત્ર આપણી ખાતર જ પ્રાપ્ત કરવાની નથી, પણ ભગવાન માટે તે પ્રાપ્ત કરવાની છે." પણ અમે જે સાધના કરીએ છીએ, તે શું અમારે પોતાને માટે નથી કરતા?

પણ શ્રી અરવિંદ તે જ વાત પર ભાર મૂકે છે. તેનો અર્થ એ છે કે, જે પરિપૂર્ણતા આપણે પ્રાપ્ત કરવાના છીએ તે અંગત કે સ્વાર્થી હેતુ માટે નથી, તે ભગવાનને પ્રગટ કરવા માટે આપણે સમર્થ થઈએ તેટલા માટે છે, તે ભગવાનની સેવામાં સમર્પિત કરવાની છે. આપણે અંગત પરિપૂર્ણતા તો સ્વાર્થી હેતુ રાખીને આ વિકાસ નથી સાધતા, પણ ભગવાનનું કાર્ય સિદ્ધ કરવાનું છે તેટલા માટે તે વિકાસ સાધીએ છીએ.

પણ શા માટે આપણે આ ભગવાનનું કાર્ય કરીએ છીએ? આપણી જાતને ચરિતાર્થ બનાવવા માટે આપણે તે કાર્ય કરીએ છીએ?

ના, જરા પણ નહિ. તે ભગવાનનો સંકલ્પ છે એટલા માટે આપણે તે કાર્ય કરીએ છીએ. તે અંગત હેતુ માટે જરા પણ નથી; તેમ ન જ હોવું જોઈએ. તે દિવ્ય સંકલ્પ છે, દિવ્ય કાર્ય છે, તેથી આપણે તે કાર્ય કરીએ છીએ.

જ્યાં સુધી તેમાં કોઈ અંગત અભીપ્સા અથવા કામના, કોઈ સ્વાર્થી સંકલ્પ સંમિશ્રિત બની જશે, ત્યાં સુધી તે ભગવાનના સંકલ્પની અભિવ્યકિત નહિ હોય. ભગવાન અને તેમનો સંકલ્પ, તેમનો આવિર્ભાવ, તેમની અભિવ્યકિત એ જ મહત્ત્વનાં છે, માણસ તે માટે જ અહીં જન્મ્યો છે, માણસ તે જ છે, બીજું કશું જ નહિ. જ્યાં સુધી માણસમાં પોતાની, અહંતાની, વ્યકિતની લાગણી હોય, જે આ કાર્યમાં પ્રવેશે, તો તે સાબીત કરે છે કે, માણસે જે હોવું જોઈએ તે હજી સુધી તે બન્યો નથી, બસ એટલું જ, હું એમ નથી કહેતી કે આ એક રાતમાં કરી શકાશે, પણ છતાં સાચે જ આ સત્ય છે.

આ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ઘણા લોકો (આધ્યાત્મિક જીવન જેમણે સ્વીકાર્યું છે અને જેઓ યોગ કરે છે તેવા લોકો) પણ અંગત કારણો માટે, અનેક પ્રકારના હેતુઓ માટે આ કાર્ય કરે છે. કેટલાક લોકો જીવનથી કંટાળી ગયા હોય છે, કેટલાક દુ:ખી હોય છે, કેટલાક લોકો વધારે જાણવા માગે છે, કેટલાક લોકો આધ્યાત્મિક રીતે મહાન બનવા માગે છે, કેટલાક લોકો વસ્તુઓ શીખવા માગે છે કે જેથી તેઓ બીજાઓને શીખવાડી શકે, આવાં હજારો અંગત કારણસર તેઓ યોગ કરે છે. બહુ જ થોડા લોકો ભગવાન તેમને સ્વીકારે અને પોતાના સંકલ્પને અનુરૂપ તેમને બનાવે તેટલા માટે ભગવાનને પોતાને સમર્પિત કરતા હોય છે, અને તે પણ પરિપૂર્ણ વિશુદ્ધિમાં અને સ્થિરતાપૂર્વક; અને છતાં પણ સત્ય તો એમ કરવું તે જ છે. તેમ કરનાર લોકો સીધા લક્ષ્યની પ્રાપ્તિ કરે છે, ભૂલો કરવાનું જોખમ ખેડતા નથી. પણ બીજા સર્વ હેતુઓ હંમેશાં અહંતાથી સંમિશ્રિત બનીને કલંકિત બનેલા હોય છે; તેઓ તેમને સ્વાભાવિક રીતે જ આમતેમ રખડાવે, લક્ષ્યથી પણ બહુ દૂર ધકકેલી દે.

અસ્તિત્વ માટે તે એક જ કારણ, લક્ષ્ય હોવું, એક જ હેતુ હોવો, ભગવાનને એટલું પરિપૂર્ણ સમર્પણ કરી દેવું કે તમે તમારી જાતને તેમનાથી ભિન્ન જોઈ શકો જ નહિ, કોઈપણ અંગત પ્રતિકાર્યોને વચ્ચે આવવા દીધા સિવાય તમે સંપૂર્ણપણે ભગવાનરૂપ જ બની જાઓ, આ આદર્શ વલણ છે. તે વલણ જ માત્ર

તમને જીવનમાં અને કાર્યમાં આગળ લઈ જાય છે, દરેક વસ્તુથી સુરક્ષિત રાખે છે, તમારી જાતથી પણ, કારણકે માણસની જાત પોતે બધાં જોખમોમાં સૌથી વધારે મહાન છે, તેના કરતાં વધારે મોટું કોઈ બીજું જોખમ નથી. (અહીં 'જાત' નો અર્થ છે અહંતાયુકત જાત)

શ્રી અરવિંદના કહેવાનો આ અર્થ છે, બીજો નહિ.

હવે કોને પ્રશ્ન જડયો છે?

તમારે પુસ્તકના શબ્દોમાં પ્રશ્નને શોધવાનો નથી, પણ મેં જે વાંચ્યું તેના પ્રત્યે તમને જે પ્રતિકાર્ય થયું તેમાંથી શોધવાનો છે, જો તમે બરાબર સાંભળ્યું હોય, તેની તમારા પર અમુક અસર પડી હોય, તો તમારામાં કેટલાંક પ્રતિકાર્યો પેદા થયાં હોવાં જ જોઈએ. તમારે તે પ્રતિકાર્યોને તમારામાં સ્પષ્ટ બનાવવાં જોઈએ. પછી જો તમે એક દિવસે મને પૂછો કે, "મને શા માટે આવી લાગણી પેદા થઈ? તેનો શો અર્થ છે? મને આવો વિચાર શા માટે આવ્યો?" તો આ સાચે જ પ્રશ્નો છે! કારણકે તે એવી તક છે કે, જયારે તમારી ચેતનામાં કોઈક વસ્તુને સ્પષ્ટ કરી શકાય. જયારે હું વાંચું છું, ત્યારે તમારામાં કયાંક, છેવટે મસ્તિષ્કમાં તો કોઈક પ્રતિકાર્ય પેદા થયું જ હોય. તમારે તેને નોંધી લેવું જોઈએ અને મને પૂછવું જોઈએ કે, "જયારે મેં એ વાકય સાંભળ્યું, ત્યારે ઓચિંતી મને આવી લાગણી શા માટે થઈ. જયારે પેલું વાકય કહેવામાં આવ્યું, ત્યારે મને આવો વિચાર કેમ આવ્યો?" આ પ્રશ્નો રસપ્રદ હોય.

માતાજી આપે હમણાં જ કહ્યું કે આપણે દરેક વસ્તુ ભગવાન માટે કરવી જોઈએ.

હા.

પણ ભગવાન આ અંધાધુંધીવાળા જગતમાં શા માટે પ્રગટ થવા માગે છે?

કારણકે તે માટે જ તેમણે પૃથ્વીનું સર્જન કર્યું છે, બીજા કોઈ હેતુ માટે નહિ. પૃથ્વી એ એક વિકૃત રૂપમાં ભગવાન પોતે જ છે; ભગવાન તેને ફરી સત્યમાં સ્થાપિત કરવા માગે છે. પૃથ્વી તેમનાથી ભિન્ન કે અપરિચિત નથી. તે તેમની જ વિકૃતિ છે, જેણે ફરી પોતાના મૂળ સ્વરૂપને ધારણ કરવું જોઈએ, ભગવાનરૂપ બનવું જોઈએ.

તો પછી ભગવાન શા માટે આપણે માટે અજાણ્યા રહ્યા છે?

હે મારા બાળક, તે આપણી સાથે કોઈ અપરિચિત તત્ત્વ નથી. એ તો તમારી કલ્પના માત્ર છે. તે તમારા અસ્તિત્વનું સારતત્ત્વ છે. ભગવાન સિવાય તમે અસ્તિત્વમાં જ ન હો. ભગવાન સિવાય તમે એક ક્ષણના કરોડમા ભાગ સુધી પણ અસ્તિત્વમાં ન હોઈ શકો. તમે માત્ર એક પ્રકારની અસત્ય ભ્રાન્તિમાં અને વિકૃતિમાં જીવો છો, એટલે તમને તેનું ભાન નથી. તમે તમારી જાતથી સભાન નથી. તમે જેને તમારી જાત માનો છો, પણ જે તમે નથી તેવી કોઈક વસ્તુથી સભાન છો.

તો પછી, હે મધુર માતાજી, હું કોણ છું?

ભગવાન.

મધુર માતાજી, જ્યારે આપ વાંચો છો ત્યારે અમારામાં થતાં પ્રતિક્રાર્યોની જ્યારે આપ વાત કરો છો, ત્યારે અંગત રીતે મને એમ લાગે છે કે, હું જે કાંઈ કરું છું તે બધું હાસ્યાસ્પદ છે; તેનું નખથી શિખ સુધી પુનર્ગઠન કરવાની જરૂર છે.

મને વાક્યનો અંત ભાગ ન સંભળાયો.

(પવિત્ર:) દરેક વસ્તુ પુનર્ગઠન માગી લે છે.

હા, શા માટે?

(પવિત્ર:) કારણ કે, દરેક વસ્તુ હાસ્યાસ્પદ છે. હું જે કાંઈ કરું છું તે બધું હાસ્યાસ્પદ છે!

હાસ્યાસ્પદ! એટલે હું ન સમજી. હા, અમુક દૃષ્ટિબિંદુથી જોતાં, તે હાસ્યાસ્પદ છે. દરેક જણ જે કાંઈ કરે છે, તે અમુક દૃષ્ટિબિંદુથી જોતાં હાસ્યાસ્પદ છે.

ભીષણ બગાડ થઈ રહ્યો છે. આપની પાસેથી હું જે કાંઈ પ્રાપ્ત કરું છું, તે બધું દરેક વખતે ખોઈ બેસું છું. દેખીતી રીતે, બધું બરાબર ચાલતું રહે છે. ચાલ્યે જાય છે, અને સનાતન કાલ સુધી એમ ચાલુ રહી શકે. પણ જો તેને બદલવું હોય, તો તે તરત જ એક ક્રાન્તિ બની રહેશે. તેથી જ માણસ તેજોમય ખેડવા નથી માગતો. દંભ પ્રવર્તે છે. બધું બરાબર ઠીકઠાક છે, પણ તે સાચું નથી. ખૂબ ખૂબ પ્રમાણમાં ચેતના ગુમાવાઈ દેવાતી હોય છે. શું આ ચેતનાનું તાત્કાલિક પરિવર્તન કરવું એ શક્ય છે?

પરિવર્તન ?...

(પવિત્ર :) આ ચેતનાનું તાત્કાલિક પરિવર્તન કરવું એ શું શક્ય છે ?

તરત જ ?

(પવિત્ર :) થોડીક મિનિટોમાં માણસને એમ લાગે છે કે તે પરિવર્તન એક ક્રાન્તિ બની રહેશે.

હા, પણ ક્રાન્તિ તો અડધી ક્ષણમાં પણ બની શકે ; તેને થતાં ઘણાં વર્ષો, સદીઓ, ઘણા જન્મો પણ લાગે. તે એક ક્ષણમાં પણ કરી શકાય.

માણસ તે કરી શકે છે. જ્યારે ચેતનાની આ આંતર ઊલટા-સુલટી થાય છે, ત્યારે એક ક્ષણમાં બધું પરિવર્તિત થઈ જાય છે. પોતે જે છે, પોતે પોતાને જે માને છે તે સાચું નથી, પોતાના અસ્તિત્વના સત્યને માણસ જાણતો નથી આમ વિચારવું એ આશ્ચર્યજનક છે. આ પ્રતિકાર્ય સામાન્ય રીતે હોવું જોઈએ. પેલી બાલિકાએ કહ્યું કે "તો પછી મારી જાત એ શું છે? જો હું જેને મારી જાત સમજું છું તે ભ્રાન્તિમય રચના હોય, મારા અસ્તિત્વનું સત્ય ન હોય, તો પછી મારી જાત એ શું છે?" તે તે જાણતી નથી. જ્યારે માણસ આવા પ્રશ્નો પૂછે છે, ત્યારે...

એવી એક ક્ષણ આવે છે, કારણ કે તે પ્રશ્ન એવો છે કે જે વધુ ને વધુ ઉત્કટ અને તીક્ષ્ણ બને છે, જ્યારે તમને એવી લાગણી થાય છે કે, વસ્તુઓ વિચિત્ર છે અર્થાત્ વાસ્તવિક નથી, એક એવી ક્ષણ આવે છે જ્યારે તમારી જાત વિષેની આ લાગણી વિચિત્ર, અવાસ્તવિકતાની, એક પ્રકારની ભાવનાવાળી બની જાય છે. પછી એ પ્રશ્ન વારંવાર આવવાનું ચાલુ રાખે છે કે, તો પછી હું કોણ છું, શું છું? એક એવી ક્ષણ છે કે જ્યારે તે પ્રશ્ન એટલી બધી એકાગ્રતા-પૂર્વક અને ઉત્કટતાપૂર્વક આવે છે કે એ એકાગ્રતાની ઉત્કટતાને કારણે ઓચિંતી અંદર ઊલટા-સુલટી થઈ જાય છે, પછી તમે આ બાજૂએ હોવાને બદલે પેલી બાજૂએ હો છો ; અને જ્યારે તમે પેલી બાજૂએ હો છો, ત્યારે બધું ખૂબ સરલ બની જાય છે ; તમે સમજો છો, તમે જાણો છો, તમે છો, તમે જીવો છો, અને પછી તમે બાકીની બધી વસ્તુઓની અવાસ્તવિકતાને સ્પષ્ટતાપૂર્વક જુઓ છો ; આટલું બસ છે.

આ ક્ષણ આવતા પહેલાં માણસને દિવસો સુધી, મહીનાઓ સુધી, વર્ષો સુધી, સદીઓ સુધી, જન્મો સુધી રાહ જોવી પડે છે. પણ જો માણસ પોતાની અભીપ્સાને ઉત્કટ બનાવે, તો એક ક્ષણે તેનું દબાણ એટલું બધું વધી જાય છે અને પ્રશ્નની ઉત્કટતા એટલી બધી તીવ્ર બની જાય છે કે ચેતનામાં અમુક વસ્તુ પાસું બદલે છે અને તેને તદ્દન આવી જ લાગણી પેદા થતી હોય છે; પછી તે માણસ અહીં હોવાને બદલે ત્યાં હોય છે, બહારથી જોવાને અને અંદર શોધવાને બદલે તે માણસ અંદર જ સ્થિતિ કરે છે, માણસ અંદર સ્થિતિ પ્રાપ્ત કરે કે તરત જ બધું પરિપૂર્ણ રીતે પરિવર્તિત બની જાય છે, અને પહેલાં જે બધું તેને સાચું, સ્વાભાવિક, સામાન્ય, વાસ્તવિક, અને સ્પર્શગમ્ય દેખાતું હતું તે તેને ખૂબ કદ્રુપું, વિચિત્ર, અવાસ્તવિક, અને અસંભવિત લાગે છે; ત્યારે તેણે એવી કોઈ વસ્તુનો સ્પર્શ પ્રાપ્ત કર્યો હોય છે કે જે સત્ય અને સનાતન કાલ માટે સુંદર છે. તે વસ્તુને પછી તે ફરી ગુમાવતો નથી.

એક વાર એ ઊલટા-સુલટી થઈ જાય, પછી તમે બાહ્ય ચેતનામાં સરી શકો, જીવનની વસ્તુઓ સાથેનો સામાન્ય સંપર્ક ન ગુમાવો, પણ પેલી વસ્તુ સ્થિર રહે છે, કદી પણ ગતિ કરતી નથી. બીજા લોકો સાથેના વ્યવહારમાં તમે જરાક તેમના જેવા અજ્ઞાનમાં અને અંધતામાં પતન પામો, પણ હંમેશાં કોઈક વસ્તુ ત્યાં જીવંત, અંદર ખડી રહે છે જે જરા પણ હાલતી-ચાલતી નથી (વિચલિત થતી નથી); છેવટે તે વસ્તુ દરેક વસ્તુને ભેદી નાંખે છે, અને તે પણ ત્યાં સુધી કે જ્યાં બધું પતી જાય છે, અંધતા સદાને માટે અદૃશ્ય થઈ જાય છે. આ અનુભવ ખૂબ જ સઘન હોય છે, કોઈ પણ ધટ્ટ પદાર્થ કરતાં વધારે સઘન હોય છે, તમારા માથા પર પડેલા ફટકા કરતાં પણ વધારે સઘન હોય છે, બીજી કોઈ પણ વસ્તુ કરતાં વધારે વાસ્તવિક હોય છે.

એટલે જ્યારે લોકો મને પૂછે છે કે, પોતે ચૈત્યિક અસ્તિત્વ સાથે સંપર્કમાં છે કે નહિ તે કેવી રીતે જાણવું, પોતે ભગવાનને પ્રાપ્ત કર્યા છે કે નહિ તે કેવી રીતે જાણવું, ત્યારે મને હસવું આવે છે, એમ હું હંમેશાં કહું છું, કારણ કે જ્યારે તેવું તમને બને છે, ત્યારે બધું પતી જાય છે, પછી તમે કોઈ પ્રશ્ન પૂછતા નથી, તે કેવી રીતે બને છે, એવો પ્રશ્ન પૂછતા નથી.

હું આ મુદ્દા વિષે પૂછવા માગું છું. હું વારંવાર સામાન્ય ચેતનામાં સરી પડું છું. હું અંગત રીતે અનુભવું છું કે મારી સામાન્ય ચેતના વધુ ને વધુ જક્કી બનતી જાય છે.

આ એક તદ્દન અંગત પ્રશ્ન છે.

જ્યારે હું જાણું છું કે, તે તદ્દન મૂર્ખાઈભરેલું, અસંભવિત છે, છતાં તે કેમ બનતું હોય છે?

હું ધારું છું કે તેનું કારણ એ છે કે, તમે તમારા અસ્તિત્વમાં ભેદ રાખ્યો છે, અર્થાત્ તમારા અસ્તિત્વના અમુક ભાગો બીજા ભાગો સાથે જવાની ના પાડી છે, મોટે ભાગે આવું બનતું હોય છે. એક ભાગ પ્રગતિ કરે છે, અને બીજો ભાગ પોતાની જગ્યાએ ચીટકી રહે છે; ગતિ કરવા માગતો નથી. એટલે તમને લાગે છે કે, આ ભાગ આગ્રહપૂર્વક પોતે જેવો છે તેવો જ રહેવા માગે છે. તેનું કારણ એ છે કે, તમે તમારો અમુક સામાન રસ્તામાં નીચે પાડી નાંખ્યો છે, તમારી સાથે લઈ ગયા નથી. તે તમને હંમેશાં પાછા ખેંચે જ. કમનસીબે, કેટલીકવાર માણસને પાછા જવું પડે છે, તે સામાનને ઊંચકી લેવો પડે છે, પાછો લઈ આવવો પડે છે; પરિણામે તે માણસનો ઘણો સમય બગડે છે. સાચે જ માણસ આમ જ પોતાનો સમય ગુમાવતો હોય છે. તેનું કારણ એ છે કે, પોતાના અસ્તિત્વમાં રહેલી ઘણી વસ્તુઓ પ્રત્યે પોતાની આંખો બંધ કરી દે છે. માણસ તેમને જોવા ઇચ્છતો નથી, કારણકે તેઓ સુંદર દેખાતી નથી. એટલે તેમને ન જાણવાનું તે માણસ પસંદ કરે છે. પણ માણસ તે વસ્તુથી અજાણ હોય, તેનો અર્થ એવો નથી થતો કે, તે વસ્તુ બિલ્કુલ અસ્તિત્વ ધરાવતી નથી. માણસ આમ કરે છે, તેને માર્ગમાં નીચે મૂકી દે છે અને પછી આગળ જવા પ્રયત્ન કરે છે, પણ તે વસ્તુ તંતુઓ વડે તેની સાથે ગ્રથિત છે, તે તેને મિલના એક વજનદાર પત્થરની પેઠે પાછો ખેંચે છે; માટે માણસે તેને હિંમતપૂર્વક ઉપાડી લેવી જોઈએ અને આમ (અભિનય) ઊંચે પકડી રાખવી જોઈએ, અને તેને કહેવું જોઈએ કે, હવે તારે મારી સાથે ચાલવું પડશે! શાહમૃગની પેઠે વર્તવાથી (જાણે જોઈને પોતાની આંખો બંધ કરી દેવાથી) કશો ફાયદો થતો નથી. માણસ આંખો મીંચી દે છે, તે પોતાનો દોષ, મુશ્કેલી, અજ્ઞાન, કે મૂર્ખાઈ જોવા માગતો નથી; તે બીજી બાજૂએ જુએ છે, પણ છતાંયે તે દોષ વગેરે તેનામાં રહે છે જ.

એક દિવસ તમારે તેનો સામનો કરવો જ પડશે. નહિ તો, તમે કદી લક્ષ્યને પ્રાપ્ત કરી શકશો નહિ; તે હંમેશાં તમને પાછા ખેંચશે, તમે આગળ નજર નાંખો, લક્ષ્યને દૂરથી નજીક આવતું જુઓ, તમારામાંની કોઈક વસ્તુ પહેલી લક્ષ્યને પહોંચી જાય છે, તેનો સ્પર્શ કરવા પ્રયત્ન કરે છે, પણ જો પેલા મિલના વજનદાર પથરા તમને પાછા ખેંચતા હશે, તો તમે કદી પણ લક્ષ્યનો સ્પર્શ નહિ

કરી શકો. એક દિવસ તમારે તે બધા દોષોને ઝાટકીને દૂર કરી દેવા પડશે. કેટલીકવાર તેમ કરવામાં લાંબો સમય પસાર થઈ જાય છે; પણ માણસે પોતાના પૂલો બાળી નાંખવા પડશે; નહિ તો તમે ગોળ ગોળ ફર્યા કરશો, નહિવત્ પ્રગતિ કરશો, મરવાની ઘડી આવી પહોંચશે, અને તમને ઓચિંતી એવી લાગણી થશે કે આહ, હવે કદાચ હું તે બીજા જન્મમાં કરીશ. આ એક દુ:ખદાયક વસ્તુ છે, ભીષણ વસ્તુ છે, કારણ કે જો માણસે કશું જ જાણ્યું ન હોય, તે કશું જ સમજ્યો ન હોય, પ્રયત્ન જ ન કર્યો હોય, તો... માણસો જન્મે છે, જીવે છે, મરી જાય છે, ફરી જન્મે છે, જીવે છે, અને ફરી મરી જાય છે, આમ અનિશ્ચિત કાલ સુધી ચાલ્યા જ કરે છે, તેઓ પોતાની સમક્ષ તે સમસ્યાને મૂકતા હોતા પણ નથી. પણ જો માણસ જીવનનો રસ હોય, જીવનના સ્વાદને તેને પહેલાં ચાખ્યો હોય, માણસ શા માટે જન્મે છે, તેણે શું કરવાનું છે તે તે જાણતો હોય, અને સાક્ષાત્કાર કરવા માટે તેણે પ્રયત્ન કર્યો હોય, પણ જો તેણે થોડોક સામાન રસ્તામાં પાડી નાંખ્યો હશે, તો તેણે ફરી બીજી વાર શરૂઆત કરવી પડશે, તેના કરતાં તો સામાન ન પાડી નાંખવો એ વધારે સારું છે. જ્યાં સુધી તે સભાનતાપૂર્વક કાર્ય કરી શકે ત્યાં સુધીમાં કાર્ય કરી લેવું એ વધારે સારું છે. તમે આજે જે કરી શકો તેને આવતી કાલ પર મુલ્તવી ન રાખો, એ કહેવતનો આ જ અર્થ છે. "આજે" એટલે આ જીવનમાં, કારણ કે અહીં આપણને તક મળી છે, કદાચ તેવી તક ફરી મળતા પહેલાં હજારો વર્ષો સુધી રાહ જોવી પડે. ગમે તે ભોગે, પોતાનું કાર્ય આ જન્મમાં જ કરી લેવું અને તે પણ જરાય સમય બગાડયા વગર, એ વધારે સારું છે.

જ્યારે જ્યારે તમે તમારી જાત પ્રત્યે જોવાથી ડરો છો, અને તમારો વિકાસ રૂંધનાર વસ્તુને કાળજીપૂર્વક સંતાડી રાખો છો, ત્યારે તે તમારા માર્ગ ઉપર એક દિવાલ ખડી કરવા જેવું છે, જેને પાછળથી તમારે આગળ વધવા માટે તોડી નાંખવાની રહે છે. તમારે તમારું કાર્ય તરત જ કરી લેવું, તમારી જાત સામે સીધું જોવું, કડવી ગોળીને ખાંડ ચોપડીને ગળી બનાવવા પ્રયત્ન ન કરવો એ વધારે સારું છે. તે બહુ કટુ ક્રિયા છે. તમારી અંદર નબળાઈઓ, વિરૂપતાઓ, અનેક પ્રકારની ક્ષુદ્ર વસ્તુઓ છે, છે અને છે જ. તમે કોઈ સાક્ષાત્કાર પ્રાપ્ત કરવાની, એક પ્રકાશનો સ્પર્શ કરવાની અણી પર હો છો, અને પછી ઓચિંતી કોઈક વસ્તુ તમને આમ (અભિનય) પાછા ખેંચે છે, તમે ગૂંગળાઈ જાઓ છો, આગળ વધી શકતા નથી. આવી ક્ષણોમાં કેટલાક લોકો રડે છે, વિલાપ કરે છે, અને કહે છે કે ઓહ, ગરીબડા બીચારા મારા પર આ વસ્તુ ફરી આવી પડી!

આ બધી એક હાસ્યાસ્પદ નબળાઈ છે. તમારે માત્ર તમારી સામે આમ જોવાનું અને કહેવાનું રહે છે કે, "કયી ક્ષુદ્ર નિર્બળતા, નાનકડી મૂર્ખાઈ, નાનકડું મિથ્યાભિમાન, અજ્ઞાન, ખરાબ સંકલ્પ હજી મારામાં એક ખૂણામાં સંતાઈ રહ્યાં છે, જે મને ઉંબરાને ઓળંગવામાં અટકાવે છે, આ નવીન શોધના ઉંબરાને? મારામાં એવી કયી ક્ષુદ્ર, નાનકડી, જક્કી વસ્તુ, ફળમાં રહેલા એક કીડા જેવી છે કે જે મને દેખાતી નથી?" જો તમારામાં દિલની સચ્ચાઈ હોય છે, તો તમે તેને શોધી કાઢી શકો છો; પણ મોટે ભાગે તો તમે તે કડવી ગોળીને હંમેશાં ખાંડ વડે ગળી બનાવી દેતા હો છો, જે ક્રિયાને પોતાની જાતની માનસિક સમજ કહેવામાં આવે છે. એટલે ફળમાંના કીડા પેઠે અંદર રહેલી તે વસ્તુને તમારી જાતથી સંતાડી રાખવા માટે તમે ખાંડ વડે બને તેટલી ગળી, ખૂબ ગળી બનાવી દો છો; તેને માટે માણસ હંમેશાં કોઈને કોઈ બહાનું શોધી કાઢે છે.

"તું શા માટે ઉતાવળ કરે છે, તારે શી ઉતાવળ છે? બીજાઓ તો તે કાર્ય હજી કરતા નથી" આ સૂચન મને મારી જાતને ઉચ્ચતર અસર પ્રત્યે ખુલ્લા થવામાંથી રોકે છે.

આ એક ભયંકર સ્થિતિ–મનોદશા છે! તે કલ્પી શકાય તેવાં, સૌથી વધારે મૂર્ખાઈભરેલાં બહાનામાંનું એક બહાનું છે. ના, તેના કરતાં બીજાં બહાના વધારે સૂક્ષ્મ અને જોખમકારક હોય છે.

પણ જો સમગ્ર સૃષ્ટિમાં તમે એકલાએ જ ખૂબ વિશુદ્ધિપૂર્વક તમારી જાત ભગવાનને સમર્પિત કરી દીધી હોય, તમે એકલાએ જ તેમ કરેલું હોવાને કારણે બીજા લોકો તમારે વિષે ગેરસમજ કરતા હોય, તમારી મશ્કરી કરતા હોય, તમારો તિરસ્કાર દ્વેષ કરતા હોય, છતાં પણ તમારે તે કાર્ય ચાલુ ન રાખવા માટે કોઈ કારણ નથી. પોતાના કાર્યને બંધ કરી દેનાર માણસ કાં તો એક ક્ષુદ્ર નર છે અથવા તો મૂર્ખ છે. બીજાઓ તે કાર્ય કરે કે ન કરે તેની તમારે શા માટે પરવા કરવી જોઈએ? આખું જગત ખોટે માર્ગે જતું હોય, પણ મારે શા માટે તેની દરકાર કરવી જોઈએ? મારે તો એક જ વસ્તુની દરકાર કરવાની છે, અને તે ભગવાન પ્રત્યે સીધા આગળ વધવાની. બીજાઓ શું કરે છે તે જોવાની દરકાર મારે શા માટે રાખવી? તે તેમને જોવાનું છે, મારે નહિ.

તેવી પરવા કરવી એ એક સૌથી વધારે ખરાબ ગુલામી છે!

અહીં એમ કહેવામાં આવ્યું છે કે "માણસને જ્યાં સુધી નૈતિકના આહ્વાનની ખાતરી પ્રાપ્ત ન થઈ હોય, લક્ષ્ય પ્રાપ્તિ સુધી

આગળ વધવાની પોતાની શક્તિની ખાતરી ન થઈ ગઈ હોય, ત્યાં સુધી તેણે યોગના ઘણાખરા માર્ગો કરતાં વધારે વિશાળ અને વધારે પરિશ્રમ-સાધ્ય એવા આ માર્ગમાં પ્રવેશવું ન જોઈએ.” માતાજી, શું આનો એવો અર્થ છે કે આ આશ્રમમાં જેમને સ્વીકારવામાં આવ્યા છે તે લોકો ચોકકસ આગળ વધશે અને સફળતા પ્રાપ્ત કરશે?

મને માફ કરો! અહીંના લોકોની તૈયારી કેટલી છે તે હું ચોકકસપણે જાણતી નથી. પણ અહીંના મોટા ભાગના લોકો જરૂર યોગ કરતા નથી. ઘણાં કારણોસર તેઓ અહીં આવીને રહ્યા છે; પણ અહીંના લોકોનો મોટો ભાગ એવો છે કે જેમણે દિલની સચ્ચાઈપૂર્વક યોગ કરવાનો નિર્ણય કર્યો નથી. હે બાળકો, તમે નાની ઉમ્મરમાં અહીં યોગ માટે આવ્યા છો; પણ અત્યારે તમને યોગ વિષે જરા પણ વિચાર કેવી રીતે હોઈ શકે? તે અશકય છે. નાની ઉમ્મરમાં અહીં આવેલાં બાળકો જ્યારે મોટાં થશે, ત્યારે તે સમસ્યા તેમની સમક્ષ ઉપસ્થિત થશે. તે વખતે તમારે વિચાર કરવો જોઈએ, અને તે વખતે તેમને હું પૂછું પણ છું. મેં તમને ઘણી વાર તે વિષે પૂછયું છે? હું આ વર્ગો લઉ છું, હું યોગ વિષે બોલું છું; પણ બહુ વિરલ પ્રસંગોએ, વ્યકિતગત રીતે તમને બોલાવીને મેં પૂછયું હશે કે તમે યોગ કરવા માગો છો કે નહિ? માત્ર જે બાળકોને પોતામાં એક આવેગ છે, એક પ્રકારની સાહજિક વૃત્તિ છે, તેઓ જ આવીને કહે છે કે હા, મારે યોગ કરવો છે. બસ, પછી પતી જાય છે. હું તેમને કહું છું કે “સારું. આ તેની શરતો છે, યોગ આમ કરાય. યોગ એ કોઈ સહેલી વસ્તુ નથી. તમને તેને વિષે આંતર ખાતરી હોવી જોઈએ કે હું યોગ કરવા માટે અહીં આવ્યો છું, હું યોગ કરવા માગું છું એટલું પૂરતું છે.” માણસમાં ખૂબ સારો સંકલ્પ હોય, દિવ્ય સાક્ષાત્કાર કરવા પ્રત્યે વળેલું જીવન હોય, કોઈ દિવ્ય કાર્ય પ્રત્યે ઉપરચોટિયું સમર્પણ હોય, અને છતાં તે યોગ ન કરે.

શ્રી અરવિંદનો યોગ કરવો એટલે પોતાની જાતનું સંપૂર્ણ રૂપાંતર કરવું; એવો જીવનમાં હેતુ રાખવો કે તે યોગથી બીજું કાંઈ જીવનમાં છે જ નહિ, તે એકલી જ વસ્તુ કરવા યોગ્ય છે. એટલે માણસને પોતામાં સ્પષ્ટ લાગે છે કે મારે આ યોગ કરવો છે કે નહિ. જો તે યોગ ન કરવા માગતો હોય, તો પણ તેના જીવનમાં શુભ સંકલ્પ હોય, સેવામય અને સમજવાળું જીવન હોય, સિદ્ધ કરવાના કાર્ય માટે તે વધારે સહેલાઈથી પરિશ્રમ કરે, તેવા માણસ ઘણી વસ્તુઓ કરી શકે. પણ તેની અને આ યોગ કરવા વચ્ચે મહાન તફાવત છે.

યોગ કરવા માટે તમારામાં સભાનતાપૂર્વક તે કરવાની ઇચ્છા હોવી જોઈએ, શરૂઆત કરવા માટે તે યોગ શું છે તે તમારે જાણવું જોઈએ, તેને વિષે તમારે નિર્ણય કરવો જોઈએ. પણ એક વાર નિર્ણય કર્યા પછી તમારે આનાકાની ન કરવી જોઈએ, વિચલિત ન થવું જોઈએ. તેથી તમારે તે વસ્તુને પૂરેપૂરી સમજી તે સ્વીકારવી જોઈએ. જ્યારે તમે એમ કહો કે મારે યોગ કરવો છે, ત્યારે તમે શેનો નિર્ણય કરો છો તે જાણવું જોઈએ; તેથી તો હું તમારા પર તે બાબતમાં કોઈ દબાણ કરતી નથી. હું તે યોગ વિષે વાત કરી શકું. ઓહ, હું તે વિષે તમને ઘણું ઘણું કહું છું, તે સાંભળવા માટે તમે અહીં આવતા હો છો. પણ વ્યક્તિગત રીતે તો હું તેને જ વાત કરું છું કે જે આવીને મને કહે છે કે આ યોગ વિષે મારી પાસે મારો પોતાનો વિચાર છે, અને હું આ યોગ કરવા માગું છું; તે સારું છે.

પછી તેમને માટે તે યોગ એક જુદી જ વસ્તુ છે, જીવનની પરિસ્થિતિઓ આંતરિક રીતે ભિન્ન હોય છે. અંદર વસ્તુઓ પરિવર્તિત બનતી જાય છે.

ચેતના સતત પરિસ્થિતિને સુધારવા માટે કાર્ય કરવા લાગે છે, જે પરિસ્થિતિ હંમેશાં તમને અવરોધોની સમક્ષ મૂકતી હોય છે, જે અવરોધો તમને પ્રગતિ કરતાં રોકે છે, તમારી પોતાની ભૂલો અને અંધતા સાથે અફળાવે છે. જેમણે યોગ કરવાનો નિર્ણય લીધો હોય છે, તેમને માટે જ આ ચેતના કાર્ય કરે છે; બીજાઓ માટે આ ચેતના એક પ્રકાશ પેઠે, જ્ઞાન પેઠે, રક્ષણ પેઠે, પ્રગતિની શક્તિ પેઠે કાર્ય કરે છે, જેથી તેઓ પોતાની વધુમાં વધુ શક્તિઓ પ્રાપ્ત કરી શકે, શકય તેટલા અનુકૂળ વાતાવરણમાં બને તેટલો વિકાસ સાધી શકે. પણ તે ચેતના તેમને તેમની પસંદગીમાં તદ્દન મુક્ત રાખે છે.

નિર્ણય અંદરથી આવવો જોઈએ. જે લોકો યોગ શું છે તે સમજીને યોગ સભાનતાપૂર્વક કરવા માટે આવે છે, તેમને અહીં જીવવા માટેની શરતો આ છે; બહારની દૃષ્ટિએ કોઈ ભેદ નથી, પણ આંતર દૃષ્ટિએ તેમાં ખૂબ મોટા ભેદો છે. ચેતનામાં એક પ્રકારની એવી અનિવાર્યતા હોય છે કે જે તેમને માર્ગમાંથી ચસકવા દેતી નથી. તેઓ જે ભૂલો કરે છે તે તરત જ, પોતાનાં પરિણામો સાથે, તેમને દૃષ્ટિગોચર થઈ જાય છે, તે પરિણામો એવાં બળવાન હોય છે કે જે તેમને સમજવામાં ભૂલ કરવા દેતાં નથી; વસ્તુઓ બહુ ગંભીર બની જાય છે. પણ આવું વારંવાર બનતું હોતું નથી.

હે મારા બાળકો, મારે આ તમને કહેવું જોઈએ, મેં અનેક વાર તેની પુનરુક્તિ કરી છે કે અપવાદ રૂપ સ્વતંત્રતામાં જીવો. બાહ્ય દૃષ્ટિએ કેટલીક મર્યા-

દાઓ છે, કારણ કે આપણે અહીં મોટી સંખ્યામાં છીએ, સમગ્ર પૃથ્વીનો આપણે મરજી મુજબ ઉપયોગ કરી શકીએ તેમ નથી, આપણે અમુક પ્રમાણમાં શિસ્તને તાબે થવું જ પડે છે, જેથી અહીં ઝાઝી ગેરવ્યવસ્થા ન થાય. પણ આંતરિક રીતે તમે એક અદ્‌ભુત સ્વતંત્રતામાં જીવો છો; કોઈ સામાજિક બંધન, બૌદ્ધિક બંધન, કોઈ નિયમ કશું જ હોતું નથી, પણ માત્ર પ્રકાશ છે. જો તમારામાં તે પ્રકાશનો લાભ લેવાની ઇચ્છા હોય, તો તે લાભ તમને મળે છે. જો તમારે તે પ્રકાશનો લાભ ન લેવો હોય, તો તેમ કરવામાં પણ તમે સ્વતંત્ર છો.

પણ જે દિવસે તમે પસંદગી કરો છો, દિલની સચ્ચાઈપૂર્વક યોગ કરવાનો નિર્ણય કરો છો, ત્યારે વસ્તુ બદલાઈ જાય છે. તમારે તે પ્રકાશને અને તે માર્ગને સીધા-સટ અનુસરવાનું છે, તેમાંથી તમારે જરા પણ ચસકવાનું નથી. તે કોઈને મૂર્ખ બનાવતો નથી, યોગ એ કોઈ મશ્કરી, ગમ્મત નથી. જ્યારે તમે તેની પસંદગી કરો છો, ત્યારે તમારે જાણવું જોઈએ કે તમે શું કરી રહ્યા છો. પસંદગી કર્યા પછી તમારે તેને ચીટકી રહેવું જોઈએ. પછી તેમાં જરા પણ આનાકાની કરવાનો, ડગુમગુ થવાનો તમને કોઈ અધિકાર નથી. તમારે સીધા આગળ ધપ્યે જ જવું જોઈએ.

હું તમારી પાસે માત્ર આટલું જ ઇચ્છું છું કે યોગ સારી રીતે કરવાનો સંકલ્પ રાખો, પ્રગતિ માટે પ્રયત્ન કરો, સામાન્ય માણસો કરતાં જીવનમાં જરાક વધારે સારા બનવાની ઇચ્છા રાખો. તમે મોટા થયા છો, ખૂબ ખૂબ પ્રકાશમય, સભાન, સંવાદમય સદ્‌ભાવથી પરિપૂર્ણ પરિસ્થિતિઓમાં તમે વિકાસ સાધ્યો છે; આ પરિસ્થિતિઓના પ્રત્યુત્તર રૂપે તમારે જગતમાં આ પ્રકાશની, આ સંવાદિતાની, આ સદ્‌ભાવની અભિવ્યકિત બનવું જોઈએ. આનું પરિણામ બહુ સરસ આવશે.

આ રૂપાંતર સિદ્ધ કરવાનો યોગ સૌથી વધારે પરિશ્રમ માગી લે તેવો છે, આ યોગ તેને માટે છે કે જેને એવી લાગણી થાય કે "હું માત્ર આ યોગ કરવા માટે જ, બીજું કશું જ નહિ, જન્મ્યો છું, આ જ મારા અસ્તિત્વનું એકમાત્ર કારણ છે, પછી ભલે તેમાં ખૂબ મહેનત કરવી પડે, દુ:ખ વેઠવું પડે, સંઘર્ષ કરવો પડે તે કોઈ મહત્ત્વનું નથી, મારે તો આ યોગ જ કરવો છે, બીજું કશું જ નહિ." નહિ તો હું કહીશ કે "તમે સુખી અને સારા બનો એટલું જ હું તમારી પાસે માગું છું. સમજો, જાણો કે તમે જે પરિસ્થિતિઓમાં અહીં જીવી રહ્યા છો, તે અપવાદરૂપ છે. સામાન્ય માણસો કરતાં વધારે ઉચ્ચ, ઉદાત્ત, સાચું જીવન જીવો, જેથી આ ચેતનામાંની થોડીક ચેતના, આ પ્રકાશમાંનો થોડોક પ્રકાશ, આ સદ્‌-

ભાવમાંનો થોડોક સદ્‌ભાવ જગતમાં પોતાની જાતને અભિવ્યકત કરી શકો તે બહુ સારી વસ્તુ બનશે."

પણ એક વાર તમે યોગના માર્ગ પર પગ મૂકો, તો પછી તમારામાં લોઢા જેવો અફર નિર્ણય હોવો જોઈએ, ગમે તે ભોગે પણ તમારે લક્ષ્ય-પ્રાપ્તિના માર્ગે સીધા ચાલ્યા જવું જોઈએ.

બસ, અહીં આપણે અટકીશું.

* * *

૧૫ જૂન, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશ" માંથી
"લક્ષ્ય"
વાંચે છે.

મધુર માતાજી, "સક્રિય સાક્ષાત્કાર" એ શું છે?

તે કાર્યમાં અભિવ્યકત થયેલો સાક્ષાત્કાર છે. નિષ્ક્રિયતામાં પણ એક સાક્ષાત્કાર હોય છે, દા. ત. માણસો ધ્યાનમાં બેસે છે, અને તેમાંથી તેઓ બહાર આવતા નથી, હલનચલન કરતા નથી. વળી એક સક્રિય સાક્ષાત્કાર હોય છે, જે તમારા સર્વ કર્મનું, ગતિઓનું, અસ્તિત્વના પ્રકારનું, ચારિત્ર્યનું રૂપાંતર કરી દે છે. પહેલા કેઈસમાં માણસનું બાહ્ય અસ્તિત્વ તેનું તે જ રહે છે, તેમાં કોઈ પરિવર્તન થતું નથી, મોટે ભાગે તે કાર્યની સર્વ શકયતાનો વિનાશ કરે છે, તે કાંઈ જ કરતો નથી, માત્ર બેસી રહે છે. બીજા કેઈસમાં તે સર્વ વસ્તુઓને પરિવર્તિત કરે છે, તમારા ચારિત્ર્યનું, અસ્તિત્વના પ્રકારનું, કાર્ય કરવાના પ્રકારનું, સર્વ ક્રિયાઓનું, અને પરિસ્થિતિઓનું છેવટે તમારા સમગ્ર અસ્તિત્વનું રૂપાંતર કરે છે, આ સક્રિય સાક્ષાત્કાર છે, જેમાં શરીરનું રૂપાંતર એ શ્રેષ્ઠ સિદ્ધિ હોય છે.

કેટલાંક લોકો પોતાની બુદ્ધિનું રૂપાંતર કર્યા પહેલાં જ પોતાના શરીરનું રૂપાંતર કરવા પ્રયત્ન કરે છે; તેના પરિણામે તેઓ તદ્દન અસમતોલ બની જાય છે, તે

પરિપૂર્ણ સ્થાન-ભ્રષ્ટતા પેદા કરે છે. પ્રથમ માણસે પોતાના વિચારનું, મનનું, સર્વ-માનસિક ક્રિયાઓનું રૂપાંતર કરવું જોઈએ, તે બધાંને ઉચ્ચતર જ્ઞાન વડે સંગઠિત કરવાં જોઈએ; સાથે સાથે માણસે પોતાના ચારિત્ર્યનું, પ્રાણિકની સર્વગતિઓનું, સર્વ આવેગોનું, સર્વ પ્રતિકાર્યોનું રૂપાંતર કરવું જોઈએ. જ્યારે આ બે વસ્તુઓ અમુક હદ સુધી સિદ્ધ થાય, ત્યારે છેવટે તે માણસ પોતાના શરીરનાં કોશાણુઓનું રૂપાંતર કરવાના વિચારની શરૂઆત કરી શકે; તેણે અંતભાગથી શરૂઆત ન કરવી જોઈએ, પણ પ્રારંભ ભાગથી શરૂઆત કરવી જોઈએ.

શ્રી અરવિંદ કહે છે કે માણસ એકી સાથે બધું જ કરી શકે છે; પણ શરીરનું રૂપાંતર કરવાનો વિચાર કરતા પહેલાં, માણસે પ્રથમ સૌથી મહત્ત્વના ભાગરૂપી કેન્દ્રનું પર્યાપ્ત પ્રમાણમાં રૂપાંતર કરવું જોઈએ. દા. ત. કેટલાક લોકો તરત જ પોતાના ખોરાકમાં ફેરફાર કરવા માગે છે અથવા આહારનો બિલ્કુલ ત્યાગ કરવા માગે છે, કારણકે તેઓ એમ માને છે કે જ્યારે છેવટે અતિમનસ આવશે, ત્યારે ખાવાની કોઈ જરૂર નહિ રહે. એટલે અતિમનસના આવ્યા પહેલાં, જે પછી બનવાનું છે તેની તેઓ શરૂઆત કરવાની ઈચ્છા કરે છે; તેઓ ખાવાનું તથા ઊંઘવાનું બંધ કરે છે, અને પરિણામે માંદા પડે છે.

પ્રથમ પર્યાપ્ત જ્ઞાન સાથે પોતાના મનમાં અતિમનસનો સ્વીકાર કરીને શરૂ-આત કરવી તે પસંદ કરવા યોગ્ય છે, અને ધીમે ધીમે બીજા ભાગોનું રૂપાંતર કરવાની બાબત પર તેણે આવવું જોઈએ.

મધુર માતાજી, "સક્રિય બાજુ" એ શું છે?

તે એક જ વસ્તુ છે. તે યોગની આ બાજુ છે.

બે બાજુઓ છે; એક નિષ્ક્રિય બાજુ છે, જે તૈયારી રૂપ છે; અને બીજી સક્રિય બાજુ છે, જે રૂપાંતરની કાર્યની બાજુ છે. સક્રિય એટલે શક્તિશાળી, ધકકેલતી, કાર્ય કરતી બાજુ.

અનુભવની નિષેધાત્મક બાજુ અને વિધેયાત્મક બાજુ એનો શો અર્થ છે?

હે મારાં બાળક, તમે જાણો છો કે તમારામાં કેટલાક દોષો છે, જે તમને પ્રગતિ કરતાં અટકાવે છે. એટલે નિષેધાત્મક બાજુ એ છે કે પ્રયત્ન કરવો અને દોષોથી, ત્રુટીઓથી મુકત થવું. તમારે અમુક બનવાનું છે, તમારામાં અમુક ગુણો

ખિલવવાના છે, જેથી તમે સાક્ષાત્કાર કરી શકો; આ રચનાની બાજુ એ વિધેયાત્મક બાજુ છે.

તમારામાં એક દોષ હોય, દા. ત. જુઠું બોલવાનો. આ અસત્ય બોલવાની ટેવ સામે તમે ઝઘડો છો, તમારી ચેતનામાંથી અસત્યનો ઈન્કાર કરો છો, જુઠું બોલવાની ટેવને દૂર કરવાનો પ્રયત્ન કરો છો. તેમ કરવા માટે, તમારે માત્ર સત્ય બોલવાની ટેવ તમારામાં સ્થાપવી જોઈએ. એક વસ્તુ નિષેધાત્મક છે, તમે અસત્ય ભાષણના દોષને દૂર કરો છો; બીજી વસ્તુ વિધેયાત્મક છે તમે સત્ય ભાષણના ગુણને સ્થાપો છો. આ બે બાજુઓ છે.

દરેક વસ્તુ માટે તેમ જ હોય છે. દા. ત. તમારા અસ્તિત્વમાં કયાંક બળવો કરવાની, અજ્ઞાનમય, ઉદ્ધત, અસ્પષ્ટ બળવો કરવાની, ઊર્ધ્વમાંથી આવતી વસ્તુનો અસ્વીકાર કરવાની ટેવ છે. એટલે તે ટેવ સામે ઝઘડવું, તેને અભિવ્યકત થતાં અટકાવવી, સ્વભાવમાંથી તેને દૂર કરવી એ નિષેધાત્મક બાજુ છે. બીજી બાજુએ તમારે સમર્પણ કરવાની, સમજવાની, આત્મસમર્પણની, દિવ્ય શકિતઓ સાથે પરિપૂર્ણ સહકાર કરવાની ટેવ સ્થાપવી જોઈએ, એ વિધેયાત્યક બાજુ છે. સમજ પડી ?

બીજો એક દાખલો લો. માણસને ગુસ્સે થઈ જવાની ટેવ હોય છે. માણસ તેની સાથે ઝઘડે છે, ક્રોધનો ઈન્કાર કરે છે, ક્રોધનાં આકંપનોને દૂર રાખે છે. તે નિષેધાત્મક બાજુ છે. પણ તેની જગ્યાએ માણસે અવિક્ષિપ્ત શાન્તિ, પરિપૂર્ણ સહિષ્ણુતા, બીજાઓનું દૃષ્ટિબિંદુ સમજવાની શકિત, સ્પષ્ટ અને શાન્ત દર્શન, શાન્ત નિર્ણય સ્થાપવાં પડશે. આ વિધેયાત્મક બાજુ છે.

"સૂકા નાળિયેરની પ્રતિકૃતિ" એ શું છે ?

એમ કહેવામાં આવ્યું છે કે, જયારે માણસ સાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે (શ્રી અરવિંદ અહીં તે વસ્તુ કહે છે), ત્યારે તે સૂકા નાળિયેર જેવો બની જાય છે, જે કોચલામાં હાલે-ચાલે છે, અંદર મુકત છે, આવરણ સાથે આસકિતવાળો નથી હોતો, અંદર મુકત રીતે ગતિ કરે છે, મેં તે સાંભળ્યું છે. તે અનાસકિતની પ્રતિકૃતિ છે. તમે આ જોયું છે. જયારે નાળિયેર તદ્ન સૂકાઈ જાય છે, ત્યારે તેનો અંદરનો ગર્ભ કોચલાને ચીટકી રહેતો નથી; જયારે તમે તેને હલાવો છો, ત્યારે તે અંદર હાલે છે; તે કોચલાથી તદ્ન સ્વતંત્ર, મુકત હોય છે, એટલે મુકત પુરુષને સૂકા નાળિયેરની ઉપમા આપવામાં આવે છે. તેની સામાન્ય શારીરિક ચેતના એ કોચલું છે. જયાં સુધી આત્મા પરિપૂર્ણ રીતે મુકત થયો નથી, ત્યાં સુધી તે શારીરિક

ચેતનામાં આસકત હોય છે, તે કોચલાને ચીટકી રહે છે, ગર્ભભાગને કોચલાથી છૂટો પાડી શકાતો નથી. પણ જ્યારે આત્મા પરિપૂર્ણ રીતે મુકત થઈ જાય છે, ત્યારે તે અંદર તદ્ન મુકત હોય છે, ચીટકી ગયા સિવાય તે કોચલામાં મુકત રીતે ગબડી શકે છે. નાળિયેરની ઉપમાનો અર્થ આ છે.

મધુર માતાજી, "માણસે પુરુષની વફાદારીને નિમ્નતર પ્રકૃતિમાંથી સંક્રાંત કરવી જોઈએ" એનો શો અર્થ છે?

તમને શું એના અર્થની ખબર નથી?

સામાન્ય કેઈસમાં, સામાન્ય માણસમાં, અને સામાન્ય જીવનમાં પુરુષ બાહ્ય પ્રકૃતિને પરાધિન છે, તેનો ગુલામ છે. એટલે શ્રી અરવિંદ કહે છે કે, આ ગુલામી-માંથી મુકત થવું એટલું જ માત્ર બસ નથી. તે રીતે તે શરૂઆત કરે છે, પણ તેની ગુલામીમાંથી મુકત થવું એટલું જ પર્યાપ્ત નથી. તેણે પોતાની વફાદારી તો રાખવી જોઈએ, પણ પ્રકૃતિની આજ્ઞા માનવાને બદલે તેણે દિવ્ય માતાની આજ્ઞા માનવી જોઈએ, અર્થાત્ પોતાના કરતાં નિમ્નતર વસ્તુની આજ્ઞા માનવાને બદલે તેણે કોઈ ઉચ્ચતર વસ્તુની આજ્ઞા માનવી જોઈએ, તે વાકયનો આ અર્થ છે: તેણે પોતાની વફાદારી પ્રકૃતિ પ્રત્યેથી ઉઠાવીને દિવ્ય માતા પ્રત્યે સંક્રાંત કરવી જોઈએ.

સમજ્યા? નહિ? આહ, ઘણું કરીને કોઈકે શ્રી અરવિંદને લખ્યું હતું કે, હું માગું છું કે મારો પુરુષ પ્રકૃતિ પ્રત્યેની વફાદારીમાંથી તદ્ન મુકત બની જાય. એટલે શ્રી અરવિંદે જવાબ આપ્યો કે, "ના, એટલું જ બસ નથી. તમે તેને મુકત કરો, તો તે અડધું કાર્ય થયું ગણાય. વફાદારી તો હોવી જ જોઈએ; પણ તે પ્રકૃતિ પ્રત્યે નહિ, પણ દિવ્ય માતા પ્રત્યે. પાછળથી શ્રી અરવિંદ તે તફાવતને સમજાવે છે. એક આખા ફકરામાં તે કહે છે કે, દિવ્ય માતાનું તાદાત્મ્ય પ્રકૃતિ સાથે ન કરાવું જોઈએ. સ્વાભાવિક રીતે જ દિવ્ય માતાના અમુક અંશ પ્રકૃતિમાં છે, કારણકે દિવ્ય માતાનો અમુક અંશ દરેક વસ્તુની પીઠમાં છે. પણ માણસે પ્રકૃતિને દિવ્ય માતા ન માની લેવી જોઈએ.

(નલિની:) તારાએ પૂછયું હતું તેમ, એ પ્રકૃતિ પ્રત્યેની વફા-દારીની નિષેધાત્મક અને વિધેયાત્મક બાજુ છે.

હા, પ્રકૃતિ પ્રત્યે વફાદારી, એ સાચી વાત છે. પ્રકૃતિ પ્રત્યેની આ વફાદારીમાંથી મુકત થવું એ વિકાસની નિષેધાત્મક બાજુ છે. પણ માણસે એક ડગલું આગળ જવાનું છે, જેની વિધેયાત્મક બાજુ છે, દિવ્ય માતાને સમર્પિત થવું તે.

છેલ્લું વાક્ય : "સત્ય સર્જનમાં સતત પ્રગટીકરણનો નિયમ છે, તેમાં કોઈ પ્રલયને અવકાશ નથી." આ સતત પ્રગટીકરણ એટલે શું?

સત્ય-સર્જન...એ છેલ્લી પંકિત છે? (માતાજી પુસ્તકમાં જુએ છે) હું ધારું છું કે આ વસ્તુ વિષે આપણે ઘણી વાર કહ્યું છે. એમ કહેવામાં આવ્યું છે કે સર્જનની પ્રક્રિયામાં, સર્જનની ક્રિયા પછી તેને સાચવી રાખવાની ક્રિયા આવે છે, અને છેવટે વિઘટનની અથવા વિનાશની ગતિ આવે છે. ઘણીવાર એમ કહેવામાં આવ્યું છે કે જેનો પ્રારંભ હોય છે તેનો અવશ્ય અંત આવે છે.

હકીકતમાં આપણા વિશ્વના ઈતિહાસમાં છ ક્રમિક સમયો છે, જેમની શરૂઆત સર્જનથી થાય છે, જેમને સાચવવાની શકિત વડે લંબાવવામાં આવ્યા હતા, અને છેવટે તેમનું વિઘટન, વિનાશ થાય છે, તે પોતાના ઉદ્‌ભવસ્થાન પ્રત્યે પાછા જાય છે જેને પ્રલય કહેવામાં આવે છે. તેથી આ પરંપરા રચાઈ છે. પણ એમ પણ કહેવામાં આવ્યું છે કે સાતમું સર્જન એક પ્રગતિકારક સર્જન હશે, અર્થાત્ સર્જનના પ્રારંભ બિંદુ પછી તેને સાચવી રાખવાના ક્રમને બદલે એક એવો પ્રગતિમય આવિર્ભાવ થશે કે જે ભગવાનને વધુ ને વધુ અભિવ્યકત કરશે, જે કારણે, વિઘટન અને મૂળ ઉદ્‌ભવસ્થાનમાં પ્રલય જરૂરી નહિ હોય. એમ જાહેર કરવામાં આવ્યું છે કે આપણે જે સમયમાંથી પસાર થઈ રહ્યાં છીએ તે તે સાતમો યુગ છે, જેનો પ્રલય નહિ થાય પણ જેમાં સતત પ્રગતિ થતી રહેશે, કારણ કે તે સૃષ્ટિમાં દિવ્ય આદિકારણનું વધુ ને વધુ પરિપૂર્ણ પ્રગટીકરણ હશે.

શ્રી અરવિંદ કહે છે કે સતત પ્રગટીકરણ ચાલુ રહેશે, અર્થાત્ પરમાત્મા તે પ્રગતિશીલ સૃષ્ટિમાં વધુ ને વધુ પરિપૂર્ણ રીતે પ્રગટ થશે. આ પ્રગતિનો સ્વભાવ પ્રલયને બિન જરૂરી બનાવી દેશે. જે પ્રગતિ કરતું નથી, તે બધું અદૃશ્ય થઈ જાય છે; તેથી ભૌતિક શરીરો મરી જાય છે, કારણકે તેઓ પ્રગતિશીલ હોતાં નથી; અમુક ક્ષણ સુધી જ તેઓ પ્રગતિ કરતાં રહે છે, પછી તેઓ ત્યાં અટકી જાય છે, ઘણી વાર તેઓ અમુક સમય સુધી સ્થિર રહે છે અને પછી ક્ષીણ બનવા માંડે છે, અને પછી, અદૃશ્ય થઈ જાય છે. તેનું કારણ એ છે કે અત્યારનું પદાર્થ-તત્ત્વ પૂરતું સ્થિતિસ્થાપક નથી, કે જેથી તે સતત પ્રગતિ કરી શકે. પણ શરીરને પરિપૂર્ણ કરવા માટે તેને પૂરતું સ્થિતિસ્થાપક બનાવવું એ અશકય નથી, જો તેમ કરવામાં આવે, તો તેને વિઘટનની, મૃત્યુની જરૂર ન રહે.

તે ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે અતિમનસનું અવતરણ થાય. અત્યાર સુધી પ્રગટ થયેલી બધી શકિતઓ કરતાં અતિમનસની શકિત વધારે મહાન છે; તે

શકિત શરીરને એવી સ્થિતિસ્થાપકતા આપશે કે જેથી શરીર સતત પ્રગતિ કરી શકશે, અર્થાત્ દિવ્ય ગતિને તેના પ્રગટીકરણમાં અનુસરશે.

મધુર માતાજી, હું વસ્તુઓનું સંમિશ્રણ કરી દઉં છું. અહીં એમ લખવામાં આવ્યું છે કે "પણ જે માણસે અધિમનસનાં સત્યો પર પ્રભુત્વ નથી મેળવ્યું અને તે અનુસાર નથી જીવ્યો, તે અતિમાનસનાં સત્યોને નહિ પહોંચી શકે."

હા.

અહીં હું સંમિશ્રણ કરી દઉં છું. તમે ઘણી વાર કહ્યું છે કે અધિમનસનું શાસન પૂરું થઈ ગયું છે, હવે અતિમનસનું શાસન આવવાનું છે, માણસે અધિમનસના તેના તે જ અનુભવોમાંથી પસાર થવાની જરૂર નથી, કારણકે તે તો થઈ ચૂકયું છે.

તે શું કહે છે? પવિત્ર, તે જે કહે છે તેને તમે સમજો છો?

(પવિત્ર :) માતાજી, તમે ઘણી વાર કહ્યું છે કે અધિમનસનું શાસન પૂરું થઈ ગયું છે; હવે અતિમનસનું શાસન છે.

હા, એક રીતે જોતાં, હા.

એટલે અતિમનસને પહોંચવા માટે અધિમનસના અનુભવોમાંથી પસાર થવાની જરૂર નથી.

મેં કોઈ પણ વખત એમ કહ્યું છે ખરું કે અતિમનસના અનુભવોને પ્રાપ્ત કરવા માટે અધિમનસના અનુભવોમાં પસાર થવું એ જરૂરી નથી?

હું એમ નથી કહેતો કે તમે એવું કહ્યું છે, પણ કદાચ હું તેવું સમજ્યો હતો.

તે ગમે તેમ હોય, પણ હું એમ નથી માનતી. મેં તેવું કહ્યું હતું કે નહિ તે હું નથી જાણતી; પણ હું એમ નથી માનતી, કારણ કે આપણે સંક્રાન્તિના સમયમાં છીએ. તે તદ્દન નિશ્ચિત વાત છે કે સામાન્ય પ્રકારે જોતાં, હજી અધિમનસ શાસન કરી રહ્યું છે. જો અતિમનસ આવે, હજી તો તે આવવાની અને અસર પાડવાની શરૂઆત કરી રહ્યું છે. તેવા સંક્રાન્તિ-સમયમાં, શ્રી અરવિંદ અહીં જે કહે છે તે તદ્દન સ્પષ્ટ છે. જો તમે અધિમનસ વિષે કંઈ જ ન સમજતા હો, તો અતિમનસ વિષે તમે તેથી પણ ઓછું સમજશો. શ્રી અરવિંદે અનેક વાર

કહ્યું છે કે પગથિયાં પર ચઢયા સિવાય માણસે ઉચ્ચતમ શિખર પર કૂદકો મારવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. થોડાક સમય પહેલાં જ મેં વાંચ્યું હતું કે શિખરે પહોંચવા માટે બધાં પગથિયાં પર ચઢવું તે આવશ્યક છે. તમે બીજાં બધાં પગથિયાંની ઉપેક્ષા કરીને શિખર પર કૂદકો ન મારી શકો, તે શકય નથી. તમે તે ઝડપભેર કરી શકો છો. જે વસ્તુ સિદ્ધ કરતાં અનેક જન્મો જાય તેને તમે થોડાંક વર્ષોમાં અથવા થોડાંક મહીનાઓમાં કરી શકો છો; પણ તમારે તે કરવું જોઈએ.

જયારે આપણાં બધાંનાં શરીર અતિમાનસિક બનશે અને આપણી અંદર અતિમાનસિક ચેતના હશે, ત્યારે કદાચ આપણે નાનકડો અતિમાનસિક સત્ત્વોની રચના કરી શકીશું કે જેમને અધિમનસના અનુભવોમાંથી પસાર થવાની જરૂર નહિ રહે! પણ અત્યારે તો વસ્તુસ્થિતિ તે પ્રકારની નથી. (હસાહસ)

વસ્તુઓ સિદ્ધ કરવામાં આવે ત્યાર પહેલાં માણસે તેમને માટે આશા ન રાખવી જોઈએ. તેઓ સિદ્ધ થશે, પણ થોડાક સમય પછી.

* * *

૨૨ જૂન, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશો" માંથી
"અસ્તિત્વની ભૂમિકાઓ અને ભાગો"
વાંચે છે.

માણસ કેવી રીતે પોતાની યોગશક્તિને જાગૃત કરી શકે ?

તે એ વસ્તુ પર આધાર રાખે છે કે તેણે એમ માનવું જોઈએ કે યોગ મારા જીવનમાં સૌથી વધારે મહત્ત્વની વસ્તુ છે. બસ.

કેટલાક લોકો ધ્યાનમાં બેસે છે, મૂળાધાર પર એકાગ્રતા કરે છે અને તેને જગાડવાની ઇચ્છા કરે છે. પણ તેટલું જ બસ નથી. જ્યારે તેને યોગ પોતાના જીવનમાં સૌથી વધારે મહત્ત્વની વસ્તુ લાગે છે, બીજી બધી વસ્તુઓમાંથી રસ ઉડી જાય છે, જ્યારે તેને અંદર એમ લાગે છે કે હું માત્ર યોગ કરવા માટે જ પૃથ્વી પર જન્મ્યો છું, તે જ માત્ર એક સાચા મહત્ત્વની વસ્તુ છે, ત્યારે યોગ સાધના કરવા માટે તેટલું બસ છે.

માણસ ભિન્નભિન્ન ચક્રો ઉપર એકાગ્રતા કરી શકે, પણ ઘણા લાંબા સમય સુધી ઘણા પ્રયત્ન કરવા છતાં, તેનું કાંઈ પરિણામ આવતું નથી. પછી કોઈક દિવસ કોઈક વસ્તુ તમને હચમચાવી મૂકે છે, તમને એમ લાગે છે કે પગ નીચેથી

જમીન સરી રહી છે, ત્યારે ભગવાન સાથે એકતા કરવાના, ભગવાનની હાજરીને ચીટકી રહેવાના, ચેતનાનું રૂપાંતર સિદ્ધ કરવાના વિચારને ચીટકી જાઓ છો, તમે તમારી લાગણીઓને, ગતિઓને, આવેગોને તે વિચારની આસપાસ સંગઠિત કરવાની અભીપ્સા સેવો છો, કોશીશ કરો છો. અને તે સિદ્ધ થાય છે.

કેટલાક લોકોએ અનેક પ્રકારની પદ્ધતિઓની ભલામણ કરી છે; કદાચ તે પદ્ધતિઓ તેમની બાબતમાં સફળ નીવડી હશે. પણ સાચું કહું તો, દરેક જણે પોતાની પદ્ધતિ શોધી કાઢવાની છે, અને તે પણ પોતે તે વસ્તુ કેવી રીતે કરવી તે જાણ્યા પછી તે વસ્તુ કરીને જ, ત્યાર પહેલાં નહિ.

જો કોઈ માણસ પહેલેથી તે જાણતો હોય, તો તે માણસ એક માનસિક રચના કરે છે, અને ભ્રાન્તિરૂપ તે માનસિક રચનામાં જીવવાનું મોટું જોખમ ખેડે છે; કારણ કે, જ્યારે મન અમુક સ્થિતિઓનું નિર્માણ કરે છે અને તેમને સિદ્ધ કરે છે, ત્યારે તે કેવલ માનસિક રચનાઓ હોવાનો સંભવ છે, જે રચનાઓ અનુભવ નહિ, પણ માત્ર પ્રતિકૃતિ હોય છે. એટલે આ બધી સાચી રીતે આધ્યાત્મિક અનુભૂતિઓ માટે હું એમ માનું છું કે, તેમને જાણ્યા પહેલાં તેમને પ્રાપ્ત કરવી એ વધારે ડહાપણભરેલું છે. જો માણસ તેમને જાણે, તો તે તેમનું અનુકરણ કરે, તે અનુભૂતિઓ તેને પ્રાપ્ત થતી હોતી નથી, તેમને પ્રાપ્ત કર્યાની તે માત્ર કલ્પના કરતો હોય છે, તેથી ઊલટું, માણસ વસ્તુઓ કેવી રીતે બને છે, તે કેવી છે, તેમણે કેવી રીતે બનવું જોઈએ, ક્યારે પ્રાપ્ત થવું જોઈએ, આવું કશું જ ન જાણતો હોય, તો અંદર ખૂબ શાન્ત રહેવા વડે અને પોતાના અસ્તિત્વમાં તેમનું એક પ્રકારનું આંતર પૃથક્કરણ કરવા વડે, તે ઓચિંતી કોઈ અનુભૂતિ પ્રાપ્ત કરે છે, અને પાછળથી પોતાને શું પ્રાપ્ત થયું છે તેને તે જાણે છે. પછી તે પતી જાય છે, તે પ્રાપ્ત કર્યા પછી તે જાણે છે કે, તેને કેવી રીતે કરી શકાય. તે ચોક્કસ આ પ્રકારનું બનતું હોય છે.

માણસ સ્પષ્ટ રીતે પોતાની કલ્પનાનો ઉપયોગ કરી શકે, કુંડલિનીની કલ્પના કરીને તેને ઉપર ખેંચવાનો પ્રયત્ન કરે, પણ માણસ આ પ્રકારની વાર્તાઓ પણ પોતાની જાતને કરી શકે. મારી પાસે એવા ઘણા દાખલા છે કે જેમાં માણસોએ, પુસ્તકોમાં વર્ણવેલા હોય છે તે જ રીતે પોતાના અનુભવો મારી સમક્ષ વર્ણવ્યા હતા, પુસ્તકોમાંના શબ્દો પણ તેઓ જાણતા હતા, સર્વ વિગતો તેમાં ઉમેરી લેતા હતા. પછી હું તેમને એક નાનકડો સવાલ પૂછતી કે, જો તમને તે અનુભવ થયો

હોય, તો તમને અમુક વસ્તુનો અનુભવ થયો હોવો જોઈએ. પણ આ પુસ્તકોમાં ન હતું, એટલે તેઓ જવાબ આપી શકતા નહિ.

મધુર માતાજી, સહસ્રાર કમળનો શો અર્થ છે?

તે લોકો તે રીતે તેનું વર્ણન કરે છે. કારણ કે ત્યાં એક ખૂબ જટિલ કેન્દ્ર ચક્ર હોય છે. હું માનું છું કે તેનો અર્થ છે વિચારની અસંખ્ય શક્તિઓ, તે અનેક રૂપોવાળું જ્ઞાન છે, એમ જ હોવું જોઈએ. આ રહ્યો એક બીજો દાખલો. જે લોકોએ તે વિષે વાંચ્યું છે, અધ્યયન કર્યું છે, અને પાછળથી અનુભવ પ્રાપ્ત કર્યો છે, તેઓ પુસ્તકોમાંથી લઈ લીધેલાં નામો વડે, પુસ્તકોમાં કહેલા કમલોનાં વર્ણનો વડે તેનું વર્ણન કરે છે. પણ જે લોકોને ચોપડીઓમાં વાંચ્યા વગર, તે વિષે કાંઈ શીખ્યા વગર, સ્વયંભૂ અનુભવ થાય છે, તેઓ તદ્દન જીવંત રીતે, વ્યકિતગત વાસ્તવિકતાપૂર્વક તેનું વર્ણન કરે છે. દરેક જણ પોતાની અલગ રીતે તે અનુભવ પ્રત્યે જાય છે. જ્યારે આ ચક્રો જાગૃત બને છે, આ ચક્રો છે, તે જાગૃત થાય છે, તે ચેતનાના અને શક્તિના સમગ્ર કાર્યને પરિવર્તિત કરે છે એ એક હકીકત છે; પણ જો વર્ણન સ્વયંભૂ અને સાચા દિલનું હોય, તો તે દરેક જણ માટે ભિન્નભિન્ન હોય છે. માણસને અમુક વસ્તુ સાથે સમાનતાની લાગણી હોઈ શકે, પણ જે બને છે તેનું નિશ્ચિત અને ચોકકસ વર્ણન કરવું એ તો હંમેશાં મનની દરમિયાનગિરી હોય છે.

આ દૃશ્ય ખૂબ સાચું, સઘન હોય છે; શારીરિક દૃશ્યના જેટલી જ વાસ્તવિકતા અને સઘનતા સાથે તે અનુભવાય છે. પણ દરેક માણસ, તેના ખાસ વિશિષ્ટ રૂપમાં તેનું વર્ણન કરે છે, સિવાય કે તેણે વિષે પુસ્તકોમાં વાંચ્યું હોય અને તેનું અધ્યયન કર્યું હોય અને તેનું મસ્તિષ્ક પુસ્તકિયા જ્ઞાનથી ઠાંસીઠાંસીને ભરેલું હોય, ત્યારે તો તેણે જે વાંચ્યું હોય છે તે સ્વયંભૂ રીતે જ તેના અનુભવતે રૂપ આપે છે, જે તેમાંથી દિલની સચ્ચાઈની અને સત્યતાની છાપ પેદા કરનાર સ્વયંભૂપણાને હરી લે છે; તે એક માનસિક રચના બની જાય છે. જો તમે ખૂબ ખૂબ એમ વાંચ્યું હોય કે કુંડલિની એક ગૂંચળું વાળીને પડેલા સર્પ જેવી છે, તો જ્યારે તમે એકાગ્રતા કરીને તેને જાગૃત કરવાનો પ્રયત્ન કરો છો, ત્યારે સ્વાભાવિક રીતે જ તમે એક ગૂંચળું વાળીને પડેલો સર્પ જુઓ છો, કારણ કે તમે કુંડલિની વિષે એ પ્રકારનો વિચાર બાંધી લીધો હોય છે, જો તમને હજાર પાંખડીઓવાળા કમલ વિષે કહેવામાં આવ્યું હોય, તો તમે હજાર પાંખડીઓવાળું કમલ જુઓ છો. પણ તે અનુભવની હકીકત પર લદાયેલો માનસિક ખ્યાલ છે. પણ તે અનુભવનું સાર-

તત્ત્વ આ! છે; એકી જ વખતે અસંખ્ય અને છતાં પણ એક તત્ત્વની લાગણી, કાંઈક ઉઘડતું હોય, જાગૃત થતું હોય, આકંપન કરવાની શરૂઆત કરતું હોય, શકિતઓને પ્રત્યુત્તર આપતું હોય, તમને પ્રકાશની, સમજની, ઉચ્ચતર પ્રદેશો પ્રત્યે ખુલ્લા થવાની છાપ તમારામાં ઉદ્‌ભવે છે. છતાં જ્યારે તમે તેમનું ચોપડીઓમાં વાંચેલી ઉપમાઓ વડે વર્ણન કરવાની શરૂઆત કરો છો, ત્યારે તમે તેમને એકદમ ઉપરછલ્લી, જડ, કૃત્રિમ, અને દિલની સચ્ચાઈ વગરની બનાવી દો છો.

મારે માટે સૌથી વધારે રસપ્રદ કેઈસો તે લોકોના હતા કે જેમણે કાંઈ જ વાંચ્યું ન હતું, પણ જેમનામાં ખૂબ ઉત્કટ અભીપ્સા હતી, અને જેમણે આવીને મને એમ કહ્યું હતું કે "મને કોઈક રમૂજી વસ્તુનો અનુભવ થયો છે, મને આ અસાધારણ અનુભવ પ્રાપ્ત થયો હતો, સાચી રીતે તેનો શો અર્થ હોઈ શકે?" પછી તેઓ એક ગતિનું, આકંપનનું, શકિતનું, પ્રકાશનું વર્ણન કરે છે તેનો આધાર તે તે વ્યકિત પર છે કે તે આમ બન્યું, તે રીતે આવ્યું, પછી આ બન્યું અને પછી પેલું બન્યું; આ બધાંનો અર્થ શો છે? અહીં તે માણસ સાચી દિશામાં છે. આપણને ખ્યાલ આવી જાય છે કે આ કાલ્પનિક અનુભવ નથી; આ એક સાચા દિલનો, સ્વયંભૂ અનુભવ છે; માનસિક જ્ઞાન વડે લવાયેલા અનુભવ કરતાં આ અનુભવમાં રૂપાંતર કરવાની શકિત હંમેશાં ખૂબ વધારે હોય છે.

તો પછી માતાજી, શું આનો અર્થ એવો છે કે વાંચવું નહિ તે વધારે સારું છે?

એક શરત કે માણસમાં પોતામાં સાચી રીતે અભીપ્સાની ઉત્કટતા છે. જો તમે યોગ કરવા માટે જન્મ્યા હો, યોગ તમારા અસ્તિત્વ પર સૌથી વધારે પ્રભુત્વ ધરાવે છે એમ તમને લાગતું હોય કે બીજું કાંઈ જાણતા પહેલાં મારામાં જે કાંઈ છે તેને મારે શોધી કાઢવું જોઈએ, તો એક શબ્દ તમને પ્રકાશ આપતી થોડીક વાતચીત બસ થઈ પડે છે. પણ જે લોકો હજી ખોજ કરે છે, ફાંફાં મારે છે, જેમને પૂરેપૂરી ખાતરી નથી, જેઓ આમ તેમ ધકકેલાય છે, ખેંચાય છે, જેમને જીવનમાં બીજી ઘણી વસ્તુઓમાં રસ છે, જેઓ સ્થિર નથી, આત્મ–સાક્ષાત્કારના સંકલ્પમાં સ્થાપિત નથી, તેમને માટે વાંચવું એ બહુ સારું છે, કારણ કે તે તેમને તે વિષય સાથે સંપર્કમાં મૂકે છે, તેમનામાં તે વસ્તુ માટે રસ પેદા કરે છે.

મારા કહેવાનો અર્થ એ છે કે પ્રત્યેક નિશ્ચિત માનસિક રચના હંમેશાં અનુભવને અમુક રંગે રંગી દે છે. દા. ત. જે લોકોને અમુક ધર્મમાં ઉછેરવામાં આવ્યા છે, તેમના અનુભવો હંમેશાં તે ધર્મના રંગથી રંગાયેલા હશે. હકીકતમાં,

વસ્તુના મૂળને પહોંચવા માટે માણસે પોતાની જાતને બાહ્ય રચનામાંથી મુકત બનાવવી જોઈએ.

પણ એવું એક પ્રકારનું વાંચન છે જે તમારામાં તે વસ્તુ માટે રસ જાગૃત કરે છે અને પ્રથમ સંશોધનોમાં મદદ કરી શકે છે. સામાન્ય રીતે, જો માણસને અનુભવો પ્રાપ્ત થયા હોય, તો તેને તે વસ્તુ સાથે વિચારનો સંપર્ક સાધવાની જરૂર પડે છે, જેથી તે સભાનતાપૂર્વક પરિશ્રમ કરી શકે. પણ માણસ જેમ જેમ વધારે જાણે, તેમ તેમ તેણે પોતાના અનુભવમાં વધારે ને વધારે સાચા દિલના બનવું જોઈએ, અર્થાત તેણે પોતાના મનની રચનાત્મક શકિતનો ઉપયોગ અનુભવની કલ્પના કરવામાં, તેનું સર્જન કરવામાં ન કરવા જોઈએ. જ્ઞાન આપવાની દૃષ્ટિ-બિંદુથી તે ઉપયોગી હોઈ શકે; પણ અનુભવના દૃષ્ટિબિંદુથી જોતાં તે અનુભવના ક્રિયાશીલ મૂલ્યને લઈ લે છે, તેમાં અનુભવની એવી ઉત્કટતા નથી હોતી કે જે તેને માટે જરૂરી, નૈતિક અને આધ્યાત્મિક શરતોને પૂર્ણ કરવાથી આવતી હોય છે. તેથી માનસિક મર્યાદામાં વૃદ્ધિ થાય છે, સ્વયંભૂતાને તે વસ્તુ લઈ લે છે, આનો આધાર માત્રા પર છે. દરેક જણે પોતાને જરૂરી એવી વાંચનની માત્રાને શોધી કાઢવી જોઈએ. તેણે શોધી કાઢવું જોઈએ કે, મારે વાંચનની કેટલી જરૂર છે, ધ્યાનની કેટલી જરૂર છે, એકાગ્રતાની કેટલી જરૂર છે, વગેરે. દરેક જણ માટે તે ભિન્ન ભિન્ન હોય છે.

મધુર માતાજી, અહીં એમ લખવામાં આવ્યું છે કે, "આપણા સ્વભાવની મહાન જટિલતાથી સભાન બનવું, તે સ્વભાવને સંચાલિત કરતી ભિન્ન ભિન્ન શક્તિઓને જોવી, અને તે સ્વભાવ પર માર્ગ-દર્શક જ્ઞાનનો કાબૂ મેળવવો, એ યોગના પાયાનો એક ભાગ છે." શું તે શક્તિઓ દરેક માણસ માટે ભિન્ન ભિન્ન હોય છે?

હા. તેમનું સંઘટન તદ્‌ન ભિન્ન ભિન્ન હોય છે, નહિ તો બધા જ માણસો એક સરખા હોત. એવા બે માણસો નથી કે જેમનામાં તાદાત્મ્યવાળું સંયોજન હોય, અસ્તિત્વના ભિન્ન ભિન્ન ભાગોમાં અને તે ભાગોના સંઘટનમાં માત્રા ભિન્ન ભિન્ન છે. પ્રાથમિક અવસ્થાના, હજી સુધી અવિકસિત જાતિઓના અથવા પતન પામેલી જાતિઓના માણસોનાં સંઘટનો સરલ હોય છે; તેમના સંઘટનો જટિલ હોય છે, પણ તે સાદાં હોય છે. માનવી નીસરણીના શિખરે પહોંચેલા, સુસંસ્કારી લોકોનાં સંઘટનો એટલાં બધાં જટિલ બની ગયાં હોય છે કે તે સંઘટનો વચ્ચેના સંબંધો શોધી કાઢવા માટે એક વિશિષ્ટ વિવેકશકિતની જરૂર પડે છે.

એવા લોકો છે જેઓ પોતાનામાં હજારો ભિન્ન ભિન્ન વ્યકિતત્વોનું વહન કરે છે, જે દરેક વ્યકિતત્વને પોતાની અલગ છંદોમયતા અને પરિવર્તન હોય છે;

તે બધાંનું તેનામાં સંયોજન થયેલું હોય છે; કેટલીક વાર તેઓ માંહ્યોમાંહ્ય ઝઘડે છે; તેમની ક્રિયાઓમાં એક નાટક ભજવાતું હોય છે, તે ક્રિયાઓ છંદોમય અને પરિવર્તનશીલ હોય છે, જેમાંના અમુક ભાગો આગળ આવે છે, પછી પાછળ જતા રહે છે, વળી પાછા આગળ આવે છે, ત્યારે તે સંયોજનો એવાં જટિલ બની જાય છે કે કેટલાક લોકોને તો પોતામાં શું ચાલી રહ્યું છે તે સમજવું કઠિન લાગે છે, અને છતાં તે સંયોજનોમાં પરિપૂર્ણ, સુ-સમન્વિત, સભાન, સંગઠિત કાર્ય કરવાની ખૂબ શકિત હોય છે; પણ તેમનું સંગઠન પ્રાથમિક અવસ્થાના અથવા અવિકસિત માણસોના સંગઠન કરતાં અનંતગણું વધારે જટિલ હોય છે. પ્રાથમિક અવસ્થાના અથવા અવિકસિત લોકોમાં તો બે કે ત્રણ આવેગો અને ચાર પાંચ વિચારો હોય છે, જેમને તે લોકો પોતામાં સહેલાઈથી વ્યવસ્થિત કરી શકે છે; તેઓ વધારે સુસમન્વિત અને તાર્કિક લાગે છે, કારણ કે તેમનામાં ઝાઝું સંગઠિત કરવાનું હોતું નથી, પણ કેટલાક લોકો તો એક ટોળા સમાન હોય છે; તેથી તેમનામાં કાર્યની સ્થિતિસ્થાપકતા અને પ્રવાહિતા હોય છે, દર્શનની અસાધારણ જટિલતા હોય છે; તેઓ અનેક વસ્તુઓને સમજી શકવા સમર્થ હોય છે, જાણે તેમની આજ્ઞામાં એક સૈનાન હોય, જેને તેઓ સંજોગો અને જરૂરિયાત અનુસાર આમથી તેમ ખસેડે છે; આ બધું તે લોકોની અંદર બનતું હોય છે. એટલે જ્યારે આ લોકો યોગ–સાધનાની મદદથી એ બધાં સત્ત્વોને દિવ્ય હાજરીના કેન્દ્રીય પ્રકાશની આસપાસ કેન્દ્રિત કરવામાં સફળતા પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓ ખૂબ શકિતશાળી બને છે, તેમની જટિલતાને કારણે જ. જ્યાં સુધી આ સંગઠિત કરાતું નથી, ત્યાં સુધી તેઓ અસંગતતા, અજ્ઞેયતાની છાપ પેદા કરતા હોય છે; તેઓ શા માટે તેવા છે તે વસ્તુ કોઈ સમજી શકતું નથી; તેઓ એટલા બધા જટિલ હોય છે. પણ જ્યારે તેમણે આ બધાં સત્ત્વોને સંગઠિત કરી લીધાં હોય છે અર્થાત્ દિવ્ય કેન્દ્રની આસપાસ દરેક સત્ત્વને તેની યોગ્ય જગ્યાએ મૂકી દીધું હોય છે, ત્યારે તેઓ સાચે જ ભીષણ છે, કારણ કે તેમનામાં રહેલાં તત્ત્વોના સમૂહને કારણે તેમનામાં બધું જ સમજવાની અને બધું જ કરવાની શકિત આવી જાય છે. માણસ જેમ જેમ નીસરણીના શિખર–ભાગની વધુ ને વધુ નજીક હોય છે, તેમ તેમ તે વધારે પ્રમાણમાં તે પ્રકારનો બનતો જાય છે, અને પરિણામે તેને માટે પોતાના અસ્તિત્વને સંગઠિત કરવું એ વધારે કઠિન છે. કારણ કે જ્યારે તમારામાં આશરે બાર તત્ત્વો હોય છે, ત્યારે તમે તેમને ઝડપભેર સંગઠિત કરી શકો છો; પણ જ્યારે તેમની સંખ્યા હજારોની હોય છે, ત્યારે તેમને સંગઠિત કરવાં એ કઠિન છે.

* * *

૨૯ જૂન, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશો" માંથી
"અસ્તિત્વની ભૂમિકાઓ અને ભાગો"
વાંચે છે.

મધુર માતાજી, શું માણસનો પ્રાણિક સ્વભાવ તેના સાચા પ્રાણિક અસ્તિત્વમાંથી આવ્યો હોય છે?

તમે "આવ્યો હોય છે" નો શો અર્થ સમજો છો? તમે એમ સમજો છો કે, પ્રથમ પ્રાણિક અસ્તિત્વ હતું, અને પછી તે, આપણે જે પ્રાણિકને જોઈએ છીએ તેના વડે, પોતાની જાતને શારીરિક, પાર્થિવ સ્વભાવમાં અભિવ્યક્ત કરે છે? હા.

માતાજી, એ આટલું બધું વિરોધી શા માટે છે?

બાહ્ય જગત શા માટે દિવ્ય જગતના પરિપૂર્ણ વિરોધ રૂપ છે? તે વસ્તુ બરાબર આવી જ છે.

શ્રી અરવિંદ જેને વર્ણવે છે તે સાચું પ્રાણિક અસ્તિત્વ ભગવાન સાથે સંપર્કમાં છે, તેણે ભગવાનને સંપૂર્ણ સમર્પણ કરી દીધું હોય છે, તે ભગવાનનું કરણ છે; જ્યારે સામાન્ય પાર્થિવ ચેતનામાં, પ્રાણિક અસ્તિત્વ અને શારીરિક અસ્તિત્વ જરા પણ ભગવાનનાં હોતાં નથી; તેઓ એમ માને છે. અમે, અમારા

માલીક છીએ; તેમને મન તો માત્ર પોતાની નાનકડી વ્યકિત જ મહત્ત્વની વસ્તુ છે; પરિણામે બધું આમ બનતું હોય છે, વિશ્વમાં ખૂબ ગેરવ્યવસ્થા પેદા થતી હોય છે.

મધુર માતાજી, અહીં એમ લખવામાં આવ્યું છે કે, "એક સાચું શારીરિક અસ્તિત્વ છે." તેનો શો અર્થ છે?

એક શારીરિક પ્રકૃતિ છે જે પરિપૂર્ણ રીતે સંવાદમય છે, જે તદ્‌ન સુસંવાદમય રીતે કાર્ય કરે છે, જેમાં કશી ગેર–વ્યવસ્થા, અસમતોલતા, કે સંવાદિતામાં છેદ આવતાં નથી. તે શારીરિક પ્રકૃતિને અભિવ્યકત કરી શકાય છે. જો તે પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતી હોય, તો તેને પરિપૂર્ણ તંદુરસ્તી વડે, વૃદ્ધિ પામતી શકિત વડે, સતત પ્રગતિ વડે અભિવ્યકત કરી શકાય છે. પછી માણસ પોતાના શરીરમાંથી જે કાંઈ પ્રાપ્ત કરવા માગતો હોય તેને તે પ્રાપ્ત કરી શકે છે; તે પરિપૂર્ણતાની અકલ્પ્ય પ્રગતિ સુધી આગળ વધી શકે છે.

અત્યારે આપણે શારીરિક સ્થિતિમાં જે અસંવાદિતાઓ, નબળાઈઓ, અને કદ્રૂપતાઓ જોઈએ છીએ, તે એવી એક વિકૃતિ છે કે જેણે સાચા ઉચ્ચતર પ્રાણિકનું આપણે અત્યારે જોઈએ છીએ તેવા પ્રાણિકમાં પરિવર્તન કરી દીધું છે. તેનું કારણ તે જ છે; તે ખૂબ વિચ્છેદની તીવ્ર લાગણી સાથે તેના મૂળ ઉદ્‌ભવ–સ્થાનમાંથી કપાઈ ગયેલું છે; પરિણામે માણસને તદ્‌ન અસ્પષ્ટ અને અજ્ઞાનમય ચેતનામાં જીવવું પડે છે; નહિ તો તે પોતાના ઉદ્‌ગમ–સ્થાનની ચેતનામાં સતત જીવી શકત.

બસ? હવે કાંઈ પૂછવાનું છે?

મધુર માતાજી, મને બરાબર સમજ ન પડી.

સાચું શારીરિક શું છે તે તમે સમજી શકયા નહિ, કારણ કે તે સમજવાની વસ્તુ નથી. માણસ તેનાથી સભાન નથી, કારણ કે તે તેની અંદર નથી, તે તેમાં જીવતો નથી. પણ શું તમે એવા શરીરનો ખ્યાલ નથી કરી શકતા કે જે પરિપૂર્ણ રીતે પોતાનું કાર્ય કરી શકે, કદી માંદું ન પડે, થાકી ન જાય, અને સતત પ્રગતિની સ્થિતિમાં હોય? પ્રથમ તો તે ઊંચું બનીને પોતાની વધારેમાં વધારે ઊંચાઈને પહોંચે છે, પછી તે વધુ ને વધુ બળવાન બને છે, ચતુર બને છે, સભાન બને છે, સદા પરિપૂર્ણ સંવાદિતામાં રહે છે. પછી તે કદી માંદું પડતું નથી, થાકતું નથી, ભૂલો કરતું નથી, પ્રતિક્ષણે શું કરવું અને તે શા માટે કરવું તે તે જાણતું હોય છે.

માતાજી, એમ કહેવામાં આવ્યું છે કે, સાચું અસ્તિત્વ છે. પણ જ્યારે માણસ શારીરિક વિષે વાત કરતો હોય છે, ત્યારે તે ભૌતિક શરીર વિષે વાત કરે છે, નહિ વારુ ?

અત્યારે તો ખૂબ ભૌતિક પ્રદેશમાં સાચું અસ્તિત્વ નથી. તે માત્ર એક પ્રકારની સૂક્ષ્મ પ્રતિકૃતિ છે, જે ભૌતિક રીતે સિદ્ધ થતી નથી.

(બીજા બાળકને) તમારે કાંઈ પૂછવાનું છે?

રૂપો છે, એટલે અનિવાર્ય રીતે દેશ અને કાળ પણ છે; પણ તે શારીરિક જેવું જ નથી. તે તે જ કાળ કે દેશ નથી.

માતાજી, શું દેશ અને કાળ માત્ર શારીરિક જગતને જ લાગુ પડે છે કે બીજાં જગતોને પણ તે લાગુ પડે છે ?

દા. ત. જ્યારે તમે પ્રાણિકમાં આવો છો, ત્યારે તરત જ ત્યાં દેશ કાળ છે, જે શારીરિકનાં જેવાં હોય છે, પણ તેમાં અહીં છે તેવી જ નિશ્ચિતતા, કઠણપણું, અને અનિવાર્યતા નથી. દા. ત. પ્રાણિકમાં એક બળવાન બુદ્ધિશાળી સંકલ્પ તરત જ કાર્ય કરતો બની જાય છે; અહીં, શારીરિકમાં તેને સિદ્ધ થતાં બહુ લાંબો સમય લાગે છે, એક સમગ્ર પ્રક્રિયા અનુસરવાની હોય છે. પ્રાણિકમાં, સંકલ્પ સંજોગો પર સીધી રીતે કાર્ય કરે છે; જો તે સાચે જ ખૂબ બળવાન સંકલ્પ હોય તો તે તરત જ સિદ્ધ થાય છે. પણ છતાંયે ત્યાં દેશ છે, માણસને પોતે એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જઈ રહ્યો છે એવી લાગણી થાય છે; તેમાં અમુક સમય વચ્ચે આવતો હોય છે, પણ શારીરિક સમય કરતાં તે સમય ખૂબ ટૂંકા ગાળાનો છે.

માનસિક ભૂમિકા ઉપર, કાળનો ખ્યાલ લગભગ સંપૂર્ણ રીતે અદૃશ્ય થઈ જાય છે. દા. ત. તમે તમારી માનસિક ચેતનામાં છો, કોઈ માણસનો, વસ્તુનો, કે સ્થાનનો વિચાર કરો છો, અને તરત જ તમે ત્યાં હો છો, વિચારની અને તેની સિદ્ધિની વચ્ચે સમયની કોઈ જરૂર નથી. જ્યારે મન પ્રાણિક સાથે સંમિશ્રિત હોય છે, માત્ર ત્યારે જ કાળનો ખ્યાલ અંદર પ્રવેશે છે, જ્યારે તે બે શારીરિકમાં નીચે જાય છે, ત્યારે માનસિક ખ્યાલને સિદ્ધ થતા પહેલાં એક સમગ્ર પ્રક્રિયાની જરૂર પડે છે. તમે પદાર્થતત્ત્વ પર સીધુંસટ માનસિક કાર્ય કરી શકતા નથી. દા. ત. જો તમે કલકત્તામાં રહેલા કોઈ માણસનો વિચાર કરો, તો શારીરિક રીતે તમારે વિમાનમાં બેસવું પડે છે, ત્યાં પહોંચતાં પહેલાં અમુક કલાકો વીતી જાય છે; જ્યારે માનસિક રીતે તમે અહીં હો અને કલકત્તામાં રહેતા કોઈ માણસનો વિચાર કરો, તો તે જ ક્ષણે તમે તે માણસની સાથે હો છો, પણ જો તમે તમારા

શરીરમાંથી પ્રાણિકમાં જાઓ, અને કથાંક જવાની ઈચ્છા કરો, તો તમને ગતિ કરતા હોવાની લાગણી થાય છે, તે સ્થાને પહોંચવા માટે જરૂરી સમયની (કાળની) પણ લાગણી થાય છે. પણ તે શારીરિકની તુલનામાં ખૂબ ઝડપી હોય છે, શારીરિક કાર્યો કરતાં જે સમય લાગે તેના કરતાં ખૂબ ઝડપી હોય છે.

જ્યારે માણસ નીસરણીના શિખર ભાગ પર, વિશ્વના કેન્દ્ર અને ઉદ્‌ભવ સ્થાન પર પહોંચે છે, ત્યારે દરેક વસ્તુ તે જ ક્ષણે બને છે. ભૂતકાળ, વર્તમાન કાળ, અને ભવિષ્યકાળ એક પરિપૂર્ણ, એકી સમયની ચેતનામાં સમાવિષ્ટ છે. અર્થાત્ જે સદાહનું અને જે હજી થવાનું છે તે બંને એક જ ક્ષણમાં, વિશ્વના એક જ ધબકારામાં સંયુકત બની જાય છે; ત્યાં માણસ દેશ કાળથી પર ચાલ્યો જાય છે.

માતાજી, તમે કહ્યું કે જો આપણે માનસિક રીતે કોઈ વસ્તુનો વિચાર કરીએ, તો આપણે તરત જ તે વસ્તુની હાજરીમાં પહોંચી જઈએ છીએ. પણ જો દા. ત. આપણે માનસિક રીતે કોઈક ઉચ્ચતર વસ્તુનો, ભગવાનનો વિચાર કરીએ, તો...

હા.

તો, શું આપણે તરત જ ભગવાનની હાજરીમાં પહોંચી જઈએ છીએ?

હા; પણ વિચારનો તે ભાગ જ, તમારું શરીર નહિ. મેં તે જ કહ્યું. માનસિક પ્રદેશમાં તેવું છે; જો કોઈ માણસ ભગવાન પર એકાગ્રતા કરે, તેમનો જ વિચાર કરે, તો તે ભાગ, હું એમ નથી કહેતી કે સમગ્ર વિચાર, કારણ કે વિચાર અનેક વસ્તુમય અને વિભકત હોય છે, જે ભાગ દિલની સચ્ચાઈપૂર્વક ભગવાન પર એકાગ્ર બન્યો હોય છે. તે ભાગ ભગવાન સાથે હોય છે. તેનાથી અમુક લાભ થાય છે, પણ જ્યારે એ ભાગ સેંકડો ભિન્ન-ભિન્ન વસ્તુઓ વિષે વિચાર કરતા બીજા ભાગો સાથે સંમિશ્રિત બની ગયેલો હોય છે, ત્યારે ઝાઝો લાભ થતો નથી; અથવા તો જ્યારે તે વિચારનો ભાગ નીચે શરીરમાં ઉતરી જાય છે. ભૌતિક વસ્તુઓની ભયંકર મંદ ગતિ સાથે બંધાઈ ગયો હોય છે, અને જ્યારે આપણને અહીંથી દ્વાર સુધી જવામાં ખૂબ પગલાં ભરવાં પડતાં હોય છે, ત્યારે તેને ઝાઝો લાભ થતો નથી.

પ્રાણિકમાં એક છલંગ મારીને માણસ ત્યાં જઈ શકે છે; માનસિક રીતે તો કૂદકાની પણ જરૂર નથી.

ચૈત્યિક ભૂમિકા પર ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળ છે?

ચૈત્યિકમાં? હા, ત્યાં તમને તમારા બધા પૂર્વજન્મોની ચેતના હોય છે. જ્યારે તમે ચૈત્યિક સાથે સંપર્ક સાધો છો, ત્યારે તમે તમારા બધા પૂર્વજન્મોથી સભાન બનો છો; જેમાં ચૈત્યિકે ભાગ લીધો હતો તે બધી ઘટનાઓ જીવંત સ્મૃતિ ચૈત્યિક રાખે છે, સમગ્ર જીવનની નહિ. તે સ્મૃતિ એવી નથી કે માણસ અનેક પ્રકારની વાતો પોતાની જાતને કહી શકે કે પ્રથમ હું વાનર હતો, પછી હું કાંઈક ઉચ્ચતર ગુફામાં રહેતો માણસ બન્યો વગેરે. એવી વાતો તે ન કહી શકે. પણ જે પૂર્વ જન્મોની ઘટનાઓમાં ચૈત્યિક ભાગ લીધો હતો, તે બધી સ્મૃતિમાં સચવાઈ રહે છે; જ્યારે માણસ પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે સભાન સંપર્કમાં પ્રવેશે છે, ત્યારે એક પ્રકારના સિનેમાની પેઠે તે ઘટનાઓને ખડી કરી શકાય છે. પણ જો તે જન્મોમાં ચૈત્યિક તદ્દન સભાન, સક્રિય, સ્થાયી રીતે સક્રિય અર્થાત્ ચેતના સાથે સતત સંબંધમાં ન હોય, તો તે પૂર્વ જન્મોની ઘટનાઓમાં સાતત્ય જળવાતું નથી. એટલે સ્વાભાવિક રીતે જ, ચેતના સાથે સતત સંપર્કમાં હોવાને કારણે તે માણસના સાચા જીવનમાં બનેલી બધી વસ્તુઓને તે સભાનપણે યાદ કરે છે. જ્યારે માણસ તે સ્મૃતિઓને અનુસરે છે, ત્યારે તેના ચૈત્યિક અસ્તિત્વની સ્મૃતિઓ વધુ ને વધુ સમન્વિત બને છે, જેને શારીરિક સ્મૃતિ કહી શકાય તેની વધુ ને વધુ નજીક આવે છે, જીવનનાં સર્વ બૌદ્ધિક અને લાગણીમય તત્ત્વોની વધારે નજીક આવે છે, અને જ્યારે આ સાત્ત્વને બાહ્ય ચેતનામાં પ્રગટ થવાનું શકય હતું ત્યારની કેટલીક શારીરિક ઘટનાઓ પણ વધારે નજીક આવે છે; તે ક્ષણોમાં, માણસ જે શારીરિક સંજોગોમાં હતો તેમના સર્વ સમૂહને ચેતનામાં સુરક્ષિત રાખવામાં આવે છે.

માતાજી, અહીં શ્રી અરવિંદ "સર્વ વસ્તુઓના આધાર રૂપ, પીઠમાં રહેલા ચૈત્યિક" ની વાત કરે છે; એનો શો અર્થ છે?

હા, ચૈત્યિક આ માનવ જીવનના અને ચેતનાના ત્રિવિધ સંગઠનની પીઠકમાં રહેલું છે, અને પોતાની અમર ચેતના વડે તેને ટકાવી રહેલું છે. ચૈત્યિકને કારણે જ આપણને સાતત્યનું સ્પષ્ટ ભાન હોય છે. નહિ તો, જો તમે તમારી અત્યારની જાતને તમે ત્રણ વર્ષની ઉમ્મરના હતા ત્યારની સ્થિતિ સાથે સરખાવો, તો ચોકકસ તમે તમારી જાતને ઓળખી શકો નહિ, શારીરિક રીતે, પ્રાણિક રીતે, અથવા માનસિક

રીતે તે બે સ્થિતિઓમાં કોઈ પ્રકારનું સામ્ય ન દેખાય. પણ પીઠમાં ચૈત્યિક છે, જે વિકાસને, અસ્તિત્વની વૃદ્ધિને ટેકવી રાખે છે, ચેતનાને આ સાતત્ય અર્પે છે, પોતે તદ્દન ભિન્ન બની ગયો હોવા છતાં જે માણસમાં એવી લાગણી પેદા કરે છે કે હું તે જ માણસ છું. જો પાછળથી માણસ પોતાની જાતનું પૂરતું નિરીક્ષણ કરે, તો તે જોઈ શકે કે ત્રણ વર્ષની ઉમ્મરે હું જે વસ્તુઓ સમજી શકતો હતો અને કરી શકતો હતો તે અત્યારે ખ્યાલમાં પણ ન આવે એવી છે; અત્યારે તે માણસ તેવી વસ્તુઓ કદી ન કરી શકે, કારણ કે તે જરા પણ તે જ માણસ રહ્યો નથી. પણ અંદર અમર ચૈત્યિક ચેતના હોવાને કારણે તે માણસને એવી લાગણી થાય છે કે હું તે જ માણસ છું જે પહેલાં હતો, અત્યારે છું, અને ઓછાવત્તાં પ્રગતિમય અને ઓછાવત્તાં સભાન પરિવર્તનો સાથે ભવિષ્યમાં પણ રહેવાનો.

માતાજી, શું માણસના જીવનનું, પ્રકાશીકરણનું નિયમન ચૈત્યિક કરે છે?

હા. પણ ઘણાખરા પ્રસંગો પર માણસ તેનાથી સભાન હોતો નથી. પણ ચૈત્યિક જ તેના અસ્તિત્વનું સંગઠન કરે છે, માત્ર મુખ્ય રેખાઓમાં, કારણ કે વિગતોની બાબતોમાં ઉતરવા માટે બાહ્ય અસ્તિત્વ અર્થાત્ પ્રાણિક અને શારીરિક અસ્તિત્વો અને ચૈત્યિક અસ્તિત્વ વચ્ચે સભાન એકતા હોવી એ જરૂરી છે. પણ મોટે ભાગે તેવી એકતા નથી હોતી. એટલે બાહ્ય વિગતો સંગઠિત થતી નથી. દા. ત. એક બહુ ગૂંચવણમાં પડેલા માણસે મને પૂછ્યું કે, જો ચૈત્યિક અસ્તિત્વ અથવા તેમાં રહેલા ભગવાન આપણા જીવનનું નિયમન કરતા હોય, તો હું મારા ચાના પ્યાલામાં જે સંખ્યામાં સાકરના ટુકડા નાંખું છું તે શું ભગવાન નક્કી કરે છે? તેનો પ્રશ્ન મેં તમને અક્ષરશઃ કહી બતાવ્યો છે. એટલે મારે એવો જવાબ આપવો પડ્યો કે, ના, કારણકે ચૈત્યિક અથવા તેમાં રહેલા ભગવાન આ પ્રકારની વિગતોમાં દરમિયાનગિરી કરતા નથી.

જ્યારે તમે તમારી મૂઠી લોઢાની રજકણના ઢગલામાં ખોસો છો, ત્યારે તે અત્યંત સૂક્ષ્મ લોઢાની રજકણો તમારી મૂઠીના આકારમાં સંગઠિત થવું પડે છે, પણ તે વિચારપૂર્વક કે સભાનતાપૂર્વક તેમ કરતાં નથી. તે તો ધક્કેલતી ચેતનાના કાર્ય દ્વારા એ પ્રકારનું કાર્ય બને છે, દરેક તત્ત્વે ચોક્કસપણે આ સ્થાનમાં આમ હોવું જોઈએ એવો કોઈ નિર્ણય નથી હોતો. મૂઠીને જેણે ધક્કેલી હતી તે શક્તિ-તત્ત્વોને (રજકણોને) સંગઠિત કરે છે, આમ બનતું હોય છે. જીવનમાં ચૈત્યિક ચેતના કાર્ય કરી રહી છે, જે તમારા જીવનના સર્વ સંજોગોને સંગઠિત કરે છે. ૧૫.

પણ તે વિગતોની વિચારપૂર્વક કરાયેલી પસંદગી સાથે નહિ. હકીકતમાં, માનવોના શારીરિક જીવનના સંગઠનમાં ઘણી થોડી વસ્તુઓ હેતુપૂર્વકની અને સભાન હોય છે. મોટે ભાગે એમ જ બનતું હોય છે. જો તમે કોઈને પૂછો કે, તમે આ કામ શા માટે કર્યું? તો જવાબ મળશે કે, તે રીતે તે કામ બની ગયું. હંમેશાં એમ જ બનતું હોય છે. ૧૦૦ માંથી ૭૫ વખત. માણસ જવાથી, ગતિ કરવાથી, તે રીતે કાર્યો કરવાથી એવો તો ટેવાઈ ગયો હોય છે કે, માણસ તેને જોતો પણ હોતો નથી. પણ જો માણસ પોતાની જાતનું નિરીક્ષણ કરવાની શરૂઆત કરે, તો તેને માલમ પડે કે, તે સાચું છે. ઘણી ઓછી વસ્તુઓ સ્પષ્ટ, સંકલ્પ-પૂર્વક કરાયેલા નિર્ણયનાં પરિણામો હોય છે. ઘણી ઓછી વસ્તુઓ, દા. ત. જેમને માણસ મહત્ત્વની ગણતો હોય તે, અને તેમાં પણ ઘણા અપવાદો હોય છે. શારીરિક સાથે અચેતનતાનો જે જથ્થો સંમિશ્રિત થયેલો હોય છે, તે જબરદસ્ત, ખૂબ વધારે પ્રમાણવાળો હોય છે; પણ આપણે તેનાથી ટેવાઈ ગયા છીએ, એટલે તે નજરે પડતો નથી. પણ જો તમે તેનું પૃથક્કરણ કરવાની, તેને જોવાની, તેનું અધ્યયન કરવાની શરૂઆત કરો, તો તમે ભયભીત બની જાઓ. અનેક વખત પ્રશ્નો આવીને તમારી સામે ખડા થઈ જાય છે. તમે સ્વયંભૂ રીતે, ટેવને લીધે કાર્ય કરતા હો છો; કદાચ કેટલીકવાર પરાંદગીપૂર્વક કાર્ય કરો છો; પણ ઓચિંતી એક તદ્દન નજીવી વિગત તમારી સામે આવીને ખડી થાય છે, "મારે આમ કરવું કે તેમ? માત્ર આ જ, ખૂબ નાની વસ્તુઓ લો. તમે ખાતા હો, અને તમે તમારી જાતને પૂછો છો કે, મારે ખાવાનું ચાલુ રાખવું કે બંધ કરવું? કેટલી વખત તમે હેતુ-પૂર્વકનો અને સભાન નિર્ણય લઈ શકો છો? ઓચિંતુ તમને ભાન થાય છે કે, હું તેને વિષે કાંઈ જ જાણતો નથી. હું આ કરી શકું, તે કરી શકું; પણ મારામાં રહેલી કઈ વસ્તુ તેની પસંદગી કરશે સિવાય કે તમારામાં માનસિક રચનાઓ હોય. પણ જો માનસિક રચનાઓ તમારા જીવન પર શાસન કરતાં હશે, તો તમે તેવા સવાલો નહિ પૂછો, તમે એક સ્વયં-સંચાલિત યંત્રની પેઠે જીવશો, તમારે માટે તમે નક્કી કરેલા ટેવયુકત કાર્યક્રમમાં તમે જીવશો. આમ એકવાર નહિ, પણ હજાર વાર બને છે.

દા. ત. તમે કોઈની સાથે સંપર્કમાં છો, તમને તેને માટે બહુ સારી લાગણીઓ છે; તમે જરાક કઠિન સંજોગમાં આવી પડયા છો અને યથાશકય શ્રેષ્ઠ વસ્તુ કરવા માગો છો. જો તમે સ્વયંભૂ રીતે કાર્ય કરો, તો તમારી સામે કોઈ સમસ્યા ઉભી નહિ થાય, કારણકે તમે એક પછી બીજું કાર્ય, વિચાર કર્યા વિના જ કરો છો. તમે સમ્માનતા-પૂર્વક કાંઈક શ્રેષ્ઠ કરવા માગો છો. તમે કયી વસ્તુને તમારા નિર્ણયનો

પાયો બનાવશો? કયું જ્ઞાન તમને નિર્ણય કરવા દેશે? "મારે આ કરવું જોઈએ, તે કરવું જોઈએ; મારે આ કહેવું જોઈએ, તે કહેવું જોઈએ, અથવા કશું જ ન કહેવું જોઈએ, આવી અસંખ્ય શકયતાઓ તમારી સામે ખડી થશે; તમે કયી વસ્તુને તમારા નિર્ણયનો પાયો બનાવશો? જો તમે દિલની સચ્ચાઈ-પૂર્વક તેને તપાસશો, તો તમને માલમ પડશે કે, પ્રત્યેક પગલે તમે તે જાણતા હોતા નથી.

જો તમે તમારામાં અંદર જવાની, આંતર ચૈત્યિક ચેતનાનો અભિપ્રાય લેવાની અને તમે જે કરવા માગો છો તેનો નિર્ણય તેને કરવાની ટેવ પાડી હોય, તો તમે ખાતરી-પૂર્વક, આનાકાની કે શંકા વગર, તે કામ કરી શકો છો. તમે જાણો છો કે, આ કાર્ય નિઃશંક કરવાનું છે, તેને માટે કોઈ પ્રશ્ન નથી. પણ તે ટેવ પાડી હોય, તો જ તેમ બને. એટલે જયારે તમે ચૈત્યિકને સભાનપણે, સતત તમને દોરવણી આપવા દો, તો જ તમે સાચી વસ્તુ સભાનતાપૂર્વક, સતત રીતે કરી શકો છો. પણ તે ત્યારે જ.

બીજા કેઈસમાં, જો તમે અધ્યયન અને નિરીક્ષણ કરવાની ટેવ પાડી હોય, તો જીવનની નાની નાની વસ્તુઓ સતત, વારંવાર થતી રહે છે. તમે એક પ્રકારની ટેવ વડે યાંત્રિક રીતે જીવવા માગતા નથી; તમે સભાનતાપૂર્વક, તમારા સંકલ્પનો ઉપયોગ કરીને જીવવા માગો છો, પ્રત્યેક ક્ષણે એક સમસ્યા તમારી સમક્ષ આવીને ખડી થાય છે; જેનો તમે કેવળ શારીરિક રીતે ઉકેલ લાવી શકતા નથી. તમારા શરીરમાંની અમુક મુશ્કેલી લો; તેમાં કોઈક ગેરવ્યવસ્થા છે, જે પોતાની જાતને એક બેચેની વડે વ્યકત કરે છે; એ માંદગી નથી, પણ બેચેની છે; શરીરમાં કોઈક વસ્તુ બરાબર કાર્ય કરતી નથી. જો તમારામાં ચૈત્યિક જ્ઞાન ન હોય કે જે કોઈ દલીલ વગર તમારે કરવું જોઈએ તે કાર્ય સીધુસટ કરાવે, જો તમે તેમાં મનની તમને જે જ્ઞાન છે તેની સલાહ માગો, તો બેચેની દૂર નહિ થાય. દવાના ક્ષેત્રનો એક કેઈસ લો, અર્થાત્ મારે આમ કરવું કે તેમ, આ દવા લેવી કે પેલી, ખોરાકમાં પરિવર્તન કરવું, આ ખોરાક લેવો કે પેલો?" જો તમે ખૂબ પ્રાથમિક સિદ્ધાંતોથી વિશેષ કંઈ જ નહિ જાણતા હો, તો તમારી પસંદગી ખૂબ સહેલી બની જાય છે, પણ જો અકસ્માત્ વડે તમે થોડુંક અધ્યયન કર્યું હશે, જો સારવારની ભિન્નભિન્ન દાકતરી પદ્ધતિઓ જાણતા હશો, ભિન્નભિન્ન દેશોમાં દવાઓની ભિન્નભિન્ન પદ્ધતિઓ હોય છે, દા. ત. ઍલોપથી, હોમિયોપથી વગેરે, તો એક પદ્ધતિ તમને આમ કરવાનું કહેશે અને બીજી પદ્ધતિ બીજું કરવાનું કહેશે. કેટલાક લોકોએ તમને કહ્યું હોય કે આ ન કરતા, પેલું કરો; બીજાઓ કહે છે કે આ તો

કદી ન કરતા, પેલું કરો, વગેરે. પરિણામે તમારી સમક્ષ એક સમસ્યા ખડી થઈ જાય છે; તમે તમારી જાતને પૂછો છો કે "હું મારી જાતને કેવી જાણું છું, મારે કયો નિર્ણય કરવો? હું તો કાંઈ જ જાણતો નથી."

તમારું ચૈત્યિક એકલું જ તમારા માટે યોગ્ય અથવા જરૂરી વસ્તુ જાણે છે; તે કદી ભૂલ કરતું નથી. તે તમને તરત જ કહેશે. જો તમે તેની આજ્ઞા માનશો, તમારા વિચારોને અને દલીલોને બાજુ પર મૂકી દેશો, તો તે તમારી પાસે સાચી વસ્તુ કરાવશે. જો બીજી માથાકૂટમાં પડશો, તો તમે નિષ્ફલ નીવડશો. તમે શેનું અધ્યયન કરવા માગો છો, શેનું અધ્યયન કરવા નથી માગતા, તમારે કયું કાર્ય કરવું છે, કયો માર્ગ અપનાવવો છે? આ બધી વસ્તુઓમાં ચૈત્યિક જ તમને સાચો નિર્ણય આપશે. પણ પછી સર્વ શકયતાઓ અંદર આવે છે; તમે જીવનમાં જે અધ્યયન કર્યું છે તે, તમે જે વસ્તુને મળ્યા હો તે, ચારેય બાજૂએથી તમને પ્રાપ્ત થયેલાં સર્વ સૂચનો તમારી આજુબાજુ નાચવા લાગે છે. તમે શેના વડે નિર્ણય કરશો? હું એવા લોકોની વાત કરી રહી છું કે જેઓ તદ્દન સાચા દિલના છે, જેમને કોઈ પૂર્વગ્રહો નથી, યાંત્રિક રીતે અનુસરાતા કોઈ સ્થાપિત નિયમો નથી, જેઓ સત્યને જાણવા માટે કશો પ્રયાસ કરતા નથી, અને જેઓ માત્ર પોતાની માનસિક રચનાને જ સત્ય માની લે છે. પછી તો બધું સરલ બની જાય છે, માણસ સીધો પોતાને માર્ગે આગળ ધપે છે, દિવાલ સામે તેનું નાક અફળાય છે, પણ નાક છુંદાઈ જાય ત્યાં સુધી તે દિવાલને જોતો નથી. પણ નહિ તો તે ભીષણ રીતે કઠિન છે.

જ્યારે શ્રી અરવિંદે કહ્યું હતું કે, "માણસ સતત અજ્ઞાનમાં જીવતો હોય છે; જ્યાં સુધી અજ્ઞાનના મનને સ્થાને પ્રકાશનું મન ન આવે, ત્યાં સુધી કોઈ પણ માણસ સાચા માર્ગને અનુસરી શકતો નથી. સંપૂર્ણ રૂપાંતર સિદ્ધ થાય ત્યાર પહેલાંની આ અનિવાર્ય તૈયારી હતી," ત્યારે તેમના કહેવાનો આ અર્થ હતો.

બસ? (એક બાળકને) તમારે કાંઈ કહેવાનું છે? નથી?

બસ ત્યારે, ખૂબ મોડું થઈ ગયું છે.

* * *

૬ જુલાઈ, ૧૯૫૫

માતાજી

"યોગ પર પ્રકાશમાંથી"

"અસ્તિત્વની ભૂમિકાઓ અને ભાગો"

વાંચે છે.

મધુર માતાજી, અહીં એમ લખવામાં આવ્યું છે કે, "આખરે, નવીન જન્મ પાસે આવે ત્યાં સુધી આત્મા અથવા ચૈત્યિક અસ્તિત્વ આરામ કરવા માટે ચૈત્યિક જગતમાં ચાલ્યું જાય છે. માતાજી, પછી કેન્દ્રિય અસ્તિત્વને શું બને છે?

આ ભિન્ન ભિન્ન દાખલાઓ પર જ માત્ર આધાર રાખે છે. આપણે કહ્યું કે કેન્દ્રીય અસ્તિત્વ અને ચૈત્યિક અસ્તિત્વ એક જ વસ્તુ છે, પણ તેનો જે ભાગ રહે છે અને ભગવાનમાં હોય છે, તે રહે છે અને ભગવાનમાં રહે છે. ચૈત્યિક એ પૃથ્વીની વૃદ્ધિ માટે પાર્થિવ જીવનમાં આ ભગવાનનો પ્રતિનિધિ છે. પણ ભગવાન સાથે તાદાત્મ્ય પામેલા કેન્દ્રીય અસ્તિત્વનો ભાગ ભગવાન સાથેના તાદાત્મ્યમાં રહે છે, તેમાં કશું પરિવર્તન થતું નથી. જીવન દરમિયાન પણ તે ભગવાન સાથે તાદાત્મ્યમાં છે, અને મૃત્યુ પછી તે જીવનમાં હતું તેવું જ રહે છે; તેને જીવન-મરણ વચ્ચે કોઈ ભેદ નથી. ચૈત્યિક અસ્તિત્વને અનુભવનાં પરિવર્તનો અને આત્મસાત્કરણ, અનુભવ

અને આત્મસાત્કરણ આવતાં રહે છે. પણ જીવાત્મા ભગવાનમાં છે અને ભગવાનમાં રહે છે, તે ત્યાંથી વિચલિત થતો નથી; તેને પ્રગતિ કરવાની હોતી નથી. તે ભગવાનમાં છે, ભગવાન સાથે તાદાત્મ્યમાં છે, તે ભગવાન સાથે તાદાત્મ્યમાં જ રહે છે, ભગવાન જુદો પડતો નથી. પાર્થિવ દેહ હોય કે ન હોય, તેથી તેનામાં કોઈ ભેદ પડતો નથી.

તો પછી હે મધુર માતાજી, શું દરેક જણનું કેન્દ્રીય અસ્તિત્વ એક જ હોય છે?

ના, કારણ કે આપણને કહેવામાં આવ્યું છે કે વિવિધતામાં પણ તે ભગવાન સાથેના તાદાત્મ્યમાં જ છે. તે દરેક પ્રાણીનું સનાતન સત્ય છે. એક દૃષ્ટિબિંદુથી જોતાં, બધા જીવો એક જ ભગવાન સાથેના તાદાત્મ્યમાં છે; બીજા દૃષ્ટિબિંદુથી જોતાં, જીવો અનેક છે, કારણ કે દરેક પ્રાણીનું સત્ય એ વૈયક્તિક સત્ય છે, પણ તે ભગવાન સાથે તાદાત્મ્યમાં છે. તે આવિર્ભાવથી બહાર છે, પણ તે આવિર્ભાવનું ઉદ્‌ભવ-સ્થાન છે. તે એક-સમાનતા વગરની એકતા છે.

તે સાચે તે જ વસ્તુ છે કે જે હું ગઈ વખતે સમજાવતી હતી; દરેક જણ ભિન્ન છે, અને છતાં એક જ છે. જો તમે ભગવાનની પાસે ભિન્નભિન્ન દૃષ્ટિ-કોણોથી જાઓ, તો તે તમને ભિન્નભિન્ન દેખાય છે; તેનું કારણ તમે અપનાવેલો દૃષ્ટિકોણ છે. આવિર્ભાવ પામેલા માટે તે એક જ વસ્તુ છે. પણ હું જો એમ કહું તો, આ દૃષ્ટિકોણમાં તે ભગવાનની પરિપૂર્ણ એકતા છે કે જેને માણસ પ્રાપ્ત કરે છે. મિલન-બિંદુ ભિન્ન છે, પણ તેનાથી પર, એક જ સમગ્રતા છે.

તેને શબ્દોમાં વ્યકત કરવું એ કઠિન છે. પણ તે અનુભૂતિ છે, જેને માણસ પ્રાપ્ત કરી શકે છે. તે જાણે અસંખ્ય દ્વારો અથવા માર્ગો જેવું છે, જેમની વડે માણસ ભગવાનને પહોંચી શકે છે. એટલે માણસ જ્યારે ભગવાન પાસે જાય છે, ત્યારે તે અમુક દૃષ્ટિકોણથી જાય છે, અમુક દ્વારમાં થઈને પ્રવેશ કરે છે, પણ અંદર ગયા પછી તેને સાક્ષાત્કાર થાય છે કે આ એક જ એકતા છે, માત્ર તેના પ્રત્યે દોરી જતો માર્ગ અથવા અભિગમ ભિન્ન હતો.

મધુર માતાજી, "જે ક્ષણે જીવાત્મા આવિર્ભાવની ક્રિયાશીલતાઓનો અધિષ્ઠાતા બને છે ત્યારે તે પોતાની જાતને અનેકરૂપ ભગવાનનું એક કેન્દ્ર જાણે છે, પરમેશ્વર તરીકે નહિ."

મેં તે જ વસ્તુ તમને હમણાં કહી. તેની પુનરુકિત કરવા હું નથી માગતી.

શું ?

મધુર માતાજી, જ્યારે શ્રી અરવિંદ અલિપોરમાં [૧] હતા, ત્યારે વિવેકાનંદ તેમની પાસે પંદર દિવસ સુધી આવ્યા હતા અને તેમને ખાસ કાંઈક વિવેકાનંદે સમજાવ્યું હતું. તે વિવેકાનંદનો કયો ભાગ હતો, ચૈત્યિક અસ્તિત્વ કે આત્મા ?

તે વિવેકાનંદનું મન હોઈ શકે, કારણ કે તેમણે પોતાના મનને પોતાના ચૈત્યિક અસ્તિત્વની આસપાસ એકરૂપ બનાવી દીધું હતું. એટલે તેમનું મન અનિશ્ચિત કાલ સુધી અસ્તિત્વમાં ચાલુ રહી શકે. તે તેમનું મન હોઈ શકે.

માતાજી, અહંતાનો વિલય થયા સિવાય, માણસ પોતાના જીવાત્મા સાથે વ્યવહાર કરી શકે ?

શ્રી અરવિંદ તે જ કહે છે. તે કહે છે કે, શારીરિક જીવન ખતમ થઈ ગયા પછી પણ અહંતા જીવતી રહે છે, આ વાત પરિપૂર્ણ રીતે સાચી છે. પ્રાણિક અહંતા અને માનસિક અહંતા ખૂબ લાંબા સમય સુધી અસ્તિત્વમાં ચાલુ રહી શકે છે. અહંતાનો વિલય થયા વગર પણ માણસને અનુભવો થઈ શકે છે. નહિ તો, કોને અનુભવો થઈ શકે? એવા કેટલા લોકો છે કે જેમણે પોતાની અહંતાનો વિલય કરી દીધો છે? હું ધારું છું કે, ઘણા તો ન જ હોઈ શકે.

જ્યારે માણસને અનુભવ થાય છે, ત્યારે જાણે માણસ પોતાની અહંતા દ્વારા અનુભવને પ્રાપ્ત કરવા જતો હોય છે. જો તે તે અભ્યાસ ચાલુ રાખે, તો છેવટે તેની અહંતાની કઠોરતા અને અસ્પષ્ટતા ઓછી થઈ જાય છે, અનેક અનુભવોને કારણે તે વધુ ને વધુ સ્થિતિસ્થાપક અને વ્યાપ્ય બને છે. માણસને તેનો સ્પષ્ટ અનુભવ થાય છે કે જાણે તે તેને અનુભવ પ્રાપ્ત કરતાં અટકાવતા, કોઈ કોચલામાં થઈને પસાર થતો હોય. માણસ તેમાંથી પસાર થાય છે, અનુભવને પ્રાપ્ત કરે છે; જ્યારે તે પાછો આવે છે, ત્યારે તેને લાંબા સમય સુધી જેલમાં પૂરી રાખનાર કોચલામાંથી પસાર થવાની છાપ ઉભી થતી હોય છે. તે આ પ્રકારની વાત છે. પણ જે લોકો સભાનતાપૂર્વક પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે સંપર્ક સાધવામાં સફળ થયા હોય છે, તેઓ આ સંપર્કને... રાખી શકે છે.

---

૧. શ્રી અરવિંદને ૧૯૦૮ ના મે ની ૧ લી તારીખે સરકાર સામે દ્રોહના ગુન્હા માટે પકડવામાં આવ્યા હતા, અને એક વર્ષ સુધી અલિપોર જેલમાં રાખવામાં આવ્યા હતા. તેમના લેખોને અને તેમનાં ભાષણોના રિપોર્ટોને ધ્યાનમાં લઈને બ્રિટિશ સરકારે તેમને સમગ્ર ક્રાન્તિકારી ચળવળ માટે જવાબદાર ગણ્યા હતા.

પરિપૂર્ણ રીતે અહંતાની પાર જવા માટે, જેથી તે દરમિયાનગિરી ન કરે, ઘણા લાંબા સમયની જરૂર પડે છે, તે એકદમ બની જતું નથી. ત્યારે તમે અંદર એક એવી વસ્તુ અનુભવો છો જે તમને ગુંગળાવી મૂકે છે; જો તમે તે વસ્તુને બહારથી જુઓ, તો તેમાં નહિ જેવી સુસંગતતા નજરે પડે છે, પણ તે અસ્તિત્વને તે અનુભવની ઉત્કટતા સમગ્ર રીતે જોતાં અટકાવે છે; તે એક એવા થર જેવું છે કે જે આકંપનોની અને ચેતનાની ઉત્કટતાને ઓછી કરી મૂકે છે; તમને તે અનુભવાય છે. તે તમને ખૂબ નિશ્ચિત અને અપારદર્શક જણાય છે, ઘણા લોકોને જરૂર અનુભવો થાય છે, પણ તેઓ તેમને યાદ રાખતા હોતા નથી, કારણ કે જ્યારે તેઓ અહંતાના આ સ્તરમાંથી પસાર થાય છે, ત્યારે તેઓ બધું જ ભૂલી જાય છે, ગુમાવી દે છે, પોતાના અનુભવની સ્મૃતિને ગુમાવી દે છે. પણ જ્યારે માણસ તેની ટેવ પાડે છે, ત્યારે કદાચ તે સ્મૃતિ ઝાંખી બને છે, તેમાં ઉત્કટતા અને નિશ્ચિતતા હોતાં નથી, પણ તે સ્મૃતિ રહે છે.

બસ, પતી ગયું? હવે બીજું કાંઈ પૂછવાનું નથી?

માતાજી, તે દિવસે તમે કહ્યું હતું કે જ્યારે માણસ કોઈ માણસનો અથવા વસ્તુનો વિચાર કરે છે, ત્યારે આ વિચારનો એક ભાગ તરત જ ત્યાં જાય છે.

હા.

દા. ત. હું કલકત્તામાં રહેતા કોઈ માણસનો વિચાર કરું છું; ત્યારે મારો વિચાર ત્યાં જાય છે; તો પછી મને...નું જ્ઞાન હોવું જોઈએ?

વિચાર માત્ર મનમાંના વિચારથી સભાન હોય છે. એટલે તમે કલકત્તામાં રહેતા માણસથી, કલકત્તાના માનસિક વાતાવરણથી જ માત્ર સભાન બની શકો છો, કશાથી નહિ, પ્રાણિક અને શારીરિક સાથે જેને લેવા દેવા છે તેનાથી બિલ્કુલ નહિ.

પ્રાણિકમાંની કોઈ વસ્તુથી સભાન બનવા માટે તમારે પ્રાણિકમાં જવું જોઈએ; આ એક બાહ્યીકરણ છે, જે શરીરના ½ ભાગને મૂર્ચ્છામાં મૂકી દે છે. જો તમારે વસ્તુઓને શારીરિક રીતે જોવી હોય, તો તમારે સૌથી વધારે ભૌતિક સૂક્ષ્મ શારીરિકમાં બહાર જવું જોઈએ; ત્યારે તમે તમારા શરીરને મૂર્ચ્છાની સ્થિતિમાં છોડવું પડે છે; આ વસ્તુઓ કરતી વખતે તમારી પાસે કોઈ માણસ હોવો જોઈએ, જે આ વસ્તુઓને સમજતો હોય અને જે તમારું રક્ષણ કરે.

પણ માનસિક બાહ્યીકરણ સતત થતું રહેતું હોય છે, તે તમને માત્ર માનસિક જગતના સંપર્કમાં મૂકી આપે છે. કદાચ જો તમે બહુ સભાન હો, અને તમે જેને કલકત્તામાં મળવા જાઓ છો તે માણસ પણ બહુ સભાન હોય, અને જો તેણે કલકત્તામાં જે બની રહ્યું છે તેને વિષે અમુક અભિપ્રાયો અથવા વિચારો રચ્યા હોય, તો તે વિચારો વિષે તમે આડકતરી રીતે સભાન બની શકો છો, પણ સીધી રીતે તમે તે વસ્તુથી સભાન નથી હોતા.

માતાજી, જ્યારે માણસ કોઈ વસ્તુની કલ્પના કરે છે, ત્યારે શું તે અસ્તિત્વમાં નથી હોતું ?

જ્યારે તમે કોઈ વસ્તુની કલ્પના કરો છો, ત્યારે તમે એક માનસિક રચના કરો છો, જે સત્યની નજીક પણ હોય અથવા તદ્દન ખોટી પણ હોય; તેનો આધાર તમારી રચનાની ગુણવત્તા પર છે. કેટલાક લોકોમાં માનસિક રચના કરવાની એવી શકિત હોય છે કે તેઓ પોતાની કલ્પનાને સત્ય બનાવવામાં સફળતા પ્રાપ્ત કરે છે. આવા લોકો થોડા હોય છે, ઘણા નહિ. તેઓ કોઈ વસ્તુની કલ્પના કરે છે, અને તેમની રચનાનું નિર્માણ એવી સરસ રીતે કરવામાં આવ્યું હોય છે અને તે એવી શકિતશાળી હોય છે કે તે સિદ્ધ થવામાં સફળ થાય છે. આ લોકો નિર્માતાઓ છે, જો કે તેમની સંખ્યા બહુ થોડી હોય છે.

જો કોઈ માણસ અસ્તિત્વમાં ન હોય તેવા અથવા મૃત્યુ પામેલા માણસનો વિચાર કરે, તો ?

આહ ! તમે શું કહેવા માગો છો ? અસ્તિત્વમાં ન હોય અથવા મરી ગયેલો માણસ ? આ બે ભિન્ન ભિન્ન વસ્તુઓ છે.

મારો કહેવાનો અર્થ છે, મરી ગયેલો માણસ.

મરી ગયેલો માણસ !

જો એ માણસ માનસિક પ્રદેશમાં રહ્યો હોય, તો તમે તરત જ તેને જોઈ શકો છો. જો તે માનસિક પ્રદેશમાં ન હોય, જો તે ચૈત્યિક પ્રદેશમાં હોય, તો તેને વિષે વિચાર કરવો એટલું જ બસ નથી. તેને શોધવા માટે તમને ચૈત્યિક પ્રદેશમાં કેવી રીતે જવું તે આવડવું જોઈએ. પણ જો તે માનસિક પ્રદેશમાં રહ્યો હોય અને તમે તેનો વિચાર કરો, તો તમે તેને તરત જોઈ શકો છો; એટલું જ નહિ, પણ તમે તેની સાથે માનસિક સંપર્ક સાધી શકો છો, તેના અસ્તિત્વનું એક પ્રકારનું માનસિક દર્શન કરી શકો છો.

મનમાં દર્શનની પોતાની ખાસ આગવી શકિત છે. તે દર્શન આ આંખો વડે થતા દર્શન જેવું જ નથી હોતું; પણ છતાં તે દર્શન છે, રૂપોમાં થતું દર્શન છે. પણ તે કલ્પના નથી. તેને કલ્પના સાથે કશી લેવા દેવા નથી.

દા. ત. કલ્પના કરતી વખતે તમે કોઈ આદર્શ સત્ત્વનું ચિત્ર ખડું કરીને તેના પર તમારા ખ્યાલને લાગુ કરતા હો છો, તમે તમારી જાતને કહેતા હો છો કે, "તે માણસનું રૂપ આવું હોવું જોઈએ, તેવું નહિ, તેનો વિચાર આવો હોવો જોઈએ, તેનું ચારિત્ર્ય આવું હોવું જોઈએ." તે બધી વિગતો જોઈને તમે તે સત્ત્વનું નિર્માણ કરો છો. લેખકો સર્વ સમયે એમ કરતા હોય છે, કારણ કે જ્યારે તેઓ નવલકથા લખે છે, ત્યારે તેઓ કલ્પના કરે છે. કેટલાક લેખકો જીવનમાંથી વસ્તુઓ લે છે, પણ કેટલાક લેખકો કલ્પનાશીલ નિર્માતાઓ હોય છે; તેઓ એક પાત્રનું, વ્યકિતનું સર્જન કરે છે, અને પછી તેને પુસ્તકમાં મૂકે છે. આનું નામ કલ્પના કરવી તે. દા. ત. સંજોગોને, ઘટનાઓને અમુક ક્રમમાં અથવા સાથે સાથે કલ્પવા એ પોતાની જાતને એક વાર્તા કહેવા સમાન છે. પણ તેને લખી શકાય, અને પછી તે માણસ નવલકથાકાર બને છે. લેખકોના ભિન્ન ભિન્ન પ્રકારો હોય છે. કેટલાક બધી જ વસ્તુઓની કલ્પના કરે છે, કેટલાક જીવનમાંથી અનેક પ્રકારનાં નિરીક્ષણોને એકત્રિત કરે છે અને પોતાનું પુસ્તક રચે છે. પુસ્તક લખવાની સેંકડો રીતો છે. પણ કેટલાક લેખકો આદિથી અંત સુધી, બધી વસ્તુઓની કલ્પના કરે છે. તે બધું તેમના મસ્તિષ્કમાંથી આવે છે અને તેઓ વાર્તા રચે છે; તેઓ શારીરિક રીતે જોયેલી વસ્તુઓનો જરા પણ આધાર લેતા નથી. આ સાચી રીતે કલ્પના છે. જો તેઓ ખૂબ શકિતશાળી હોય, તેમનામાં સર્જન કરવાની ખૂબ શકિત હોય, તો ભવિષ્યમાં એક દિવસ એક શારીરિક માનવ પેદા થશે, જે તેમના સર્જનને સિદ્ધ કરી બતાવશે. આ પણ સત્ય છે.

તમે કલ્પનાને કેવી માનો છો? શું તમે કોઈ દિવસ કલ્પના કરી નથી? અને શું બને છે?

માણસે જે કલ્પના કરી છે તે બધું બને છે.

શું તમે એમ કહેવા માગો છો કે, તમે કોઈક વસ્તુની કલ્પના કરો છો, અને બધું તે પ્રમાણે બને છે? ઓહ, તેવું તો સ્વપ્નમાં જ બનતું હોય છે.

કલ્પનાનું કાર્ય શું છે? તેનો ઉપયોગ શો છે?

જો માણસને કલ્પનાનો ઉપયોગ કરતાં આવડે, તો તે પોતાને માટે પોતાના બાહ્ય તથા આંતર જીવનનું સર્જન કરી શકે. જો માણસને કલ્પનાનો ઉપયોગ કરતાં આવડે અને જો તેમાં શક્તિ હોય, તો તે પોતાના અસ્તિત્વનું નિર્માણ કરી શકે. હકીકતમાં, જગતમાં વસ્તુઓનું સર્જન કરવાની, રચના કરવાની પ્રાથમિક રીત છે. મને હંમેશાં એમ લાગ્યું છે કે, જો માણસમાં કલ્પના કરવાની શક્તિ ન હોય, તો તે પ્રગતિ ન કરી શકે. તમારી કલ્પના હંમેશાં તમારા જીવનથી આગળ જતી હોય છે. જ્યારે તમે તમારી જાતનો વિચાર કરો છો, ત્યારે મોટે ભાગે તમે શું બનવા માગો છો તેની કલ્પના કરતા હો છો, નહિ વારુ? કલ્પના પહેલી જાય છે, પછી તમે તેને અનુસરો છો; વળી કલ્પના પહેલી જાય છે અને તમે અનુસરો છો. કલ્પના તમારે માટે સિદ્ધિનો માર્ગ ખોલી દે છે. જે લોકો કલ્પનાશીલ નથી હોતા, તેમને ગતિ કરાવવી એ બહુ કઠિન છે; તેઓ તો માત્ર પોતાના નાક આગળની વસ્તુ જ જોતા હોય છે, તેઓ પ્રતિક્ષણ પોતે જે છે તે જ અનુભવતા હોય છે, તેઓ આગળ જઈ શકતા નથી, કારણ કે નજીકની વસ્તુએ તેમને જકડી લીધા હોય છે. તે બધાનો આધાર કલ્પના પર છે.

શું વૈજ્ઞાનિકોમાં કલ્પના હોય છે?

ખૂબ, ખૂબ. નહિ તો તેઓ કશી જ શોધખોળ કરી શકે નહિ. હકીકતમાં, કલ્પના એક એવી શક્તિ છે કે જેના વડે માણસ સિદ્ધ નહિ થયેલી અને સિદ્ધ કરી શકાય તેવી વસ્તુઓ પ્રત્યે પોતાની જાતને આગળ ધકકેલે છે; તે રીતે તે તે વસ્તુઓને પોતાની પ્રત્યે ખેંચે છે. સ્પષ્ટ છે કે, માણસમાં પ્રગતિકારક કલ્પના હોય, અથવા પાછા પાડી દે તેવી કલ્પના પણ હોય. કેટલાક લોકો હંમેશાં સર્વ શક્ય વિપત્તિઓની કલ્પના કરે છે; કમનસીબે તેમનામાં તે વિપત્તિઓને પોતાની પ્રત્યે ખેંચી લાવવાની શક્તિ હોય છે. તે હજી સુધી અસિદ્ધ રહેલા જગતમાં જઈને ત્યાંથી કોઈક વસ્તુને અહીં ખેંચી લાવવા જેવી વાત છે. સ્વાભાવિક રીતે જ, પૃથ્વીના વાતાવરણમાં તે એક પ્રકારની વૃદ્ધિ છે; પછી આ વસ્તુઓ આવિર્ભાવ પ્રત્યે વલણ ધરાવતી બની જાય છે. કલ્પના એક એવું કરણ છે કે જેને શિસ્તબદ્ધ કરી શકાય, સ્વેચ્છાપૂર્વક જેનો ઉપયોગ કરી શકાય, અમુક દિશામાં વાળીને પ્રકાશમય બનાવી શકાય. તે એક એવી શક્તિ છે કે જેને માણસ પોતામાં વિકસાવી શકે અને જેનો ઉપયોગ અમુક હેતુ સિદ્ધ કરવા માટે કરી શકાય.

મધુર માતાજી, શું માણસ ભગવાનની કલ્પના કરીને તેમનો સંપર્ક પ્રાપ્ત કરી શકે?

જરૂર જો તમે ભગવાનની કલ્પના કરવામાં સફળ બનો, તો તમે તેમનો સંપર્ક સાધી શકો. તમે જેની કલ્પના કરો તેનો સંપર્ક સાધી શકો છો. હકીકતમાં, કોઈક જગ્યાએ અસ્તિત્વ ન ધરાવતી વસ્તુની કલ્પના કરવી એ અશકય છે. શકય છે કે પૃથ્વી પર તેનું અસ્તિત્વ ન હોય, તે વસ્તુ બીજે કયાંક હોય, પણ વિશ્વના સિદ્ધાંતમાં અ-સમાવિષ્ટ વસ્તુની કલ્પના તમે કરી શકો એ અશકય છે; નહિ તો, તે બને જ નહિ.

મધુર માતાજી, તો પછી આનો અર્થ એ થયો કે સર્જિત વિશ્વમાં કોઈ પણ નવી વસ્તુ ઉમેરી શકાય નહિ.

સર્જિત વિશ્વમાં? હા. વિશ્વ પ્રગતિશીલ છે. આપણે કહ્યું કે વસ્તુઓનો આવિર્ભાવ વધુ ને વધુ થતો જ રહે છે. પણ આવિર્ભાવની બહાર તમારી કલ્પના જાય, અને જેનો આવિર્ભાવ થવાનો છે તેવી કોઈ વસ્તુની ખોજ કરે, તે બને, હકીકતમાં તે બનતું જ રહે છે; આ રીતે જ કેટલાંક સત્ત્વો જગતમાં ખૂબ પ્રગતિ કરાવી રહ્યાં છે, કારણ કે તેમનામાં હજી સુધી પ્રગટ નહિ થયેલી વસ્તુની કલ્પના કરવાની શકિત છે. પણ તેવાં સત્ત્વો થોડાં જ હોય છે. અપ્રગટ વસ્તુની કલ્પના કરી શકવા માટે પ્રથમ તો માણસમાં પ્રગટ થયેલા વિશ્વથી પર જવાની શકિત હોવી જોઈએ. ઘણી વસ્તુઓ એવી છે કે જેમની કલ્પના કરી શકાય.

વિશ્વમાં આપણું પાર્થિવ જગત એ શું છે? ખૂબ નાનકડી વસ્તુ પાર્થિવ આવિર્ભાવમાં ન હોય તેવી કોઈ વસ્તુની કલ્પના કરવાની શકિત હોવી તે અત્યારે ખૂબ જ કઠિન છે, આ નાનકડી પૃથ્વી કરોડો વર્ષોથી અસ્તિત્વમાં છે. તેમાં કોઈ બે વસ્તુઓ તદ્ન સમાન નથી, એકરૂપ નથી. એ તો બહુ કહેવાય. મન વડે પૃથ્વીના વાતાવરણમાંથી બહાર જવું એ બહુ કઠિન છે. માણસ જઈ શકે પણ તે બહુ કઠિન છે, તો પછી માત્ર પૃથ્વીના વાતાવરણમાંથી જ નહિ, પણ વૈશ્વિક જીવનમાંથી બહાર જવું એ કેટલું બધું કઠિન હોય?

પૃથ્વીની અત્યાર સુધી થયેલી રચનામાંથી સમગ્ર પૃથ્વીના જીવન સાથે સંપર્કમાં પ્રવેશી શકવું આનો શો અર્થ હોઈ શકે? અને પછી શરૂઆતથી માંડીને અત્યાર સુધી વિકસેલા વૈશ્વિક જીવન સાથે સંપર્કમાં પ્રવેશવું અને પછી વિશ્વમાં કોઈ નવીન વસ્તુને લઈ આવવા સમર્થ બનવું, તે માટે તો માણસે તેથી પણ પર જવું જોઈએ; તે સહેલું નથી.

બસ પતી ગયું? (તે બાળકને) ખાતરી થઈ ગઈ?

* * *

૧૩ જુલાઈ, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશો" માંથી
"અસ્તિત્વની ભૂમિકાઓ અને ભાગો"
વાંચે છે.

હવે કોઈ પ્રશ્ન છે?

મધુર માતાજી, "વૈશ્વિક આત્મા અને વૈશ્વિક પ્રકૃતિ" તેનો શો અર્થ છે?

વૈશ્વિક એટલે વિશ્વ સંબંધી.

પણ વૈશ્વિક આત્માનો શો અર્થ છે?

તે તે આત્મા છે કે જે સમગ્ર વિશ્વ રૂપ છે, વિશ્વ છે; તે તો તમે જાણો છો ને? તેને એક આત્મા છે, વૈશ્વિક ચેતના છે.

માણસ એવી કલ્પના કરી શકે કે જેમ માનવી એક ખૂબ વિશાલ સમગ્રતામાં એક વસ્તુ છે, તેમ વિશ્વ એ તેનાથી પણ વધારે વિશાળ એવા કશાકમાં એક વસ્તુ છે. દરેક એકમને પોતાની ચેતના, પોતાનો આત્મા હોય છે, જેમાં બીજા બધાનો સમાવેશ થાય છે. જેમ સામૂહિક ચેતના બધી વ્યકિતગત ચેતનાઓની

બનેલી હોય છે તેમ, જેમ રાષ્ટ્રીય ચેતના તે રાષ્ટ્રમાં વસતા બધા માનવીઓની ચેતનાઓની બનેલી હોય છે તેમ, અને તેથી કાંઈક અધિક. જેમ પૃથ્વી સૂર્યમાળાનો એક ભાગ છે, જેમ સૂર્યમાળા વિશ્વની બીજી બધી માળાઓનો, પદ્ધતિઓનો એક ભાગ છે, તેમ માનવ–સમગ્રમાં રહેલું એક તત્ત્વ માત્ર છે. એટલે, જેમ વ્યકિતની ચેતના છે, તેમ સામૂહિક ચેતના છે; વૈશ્વિક ચેતના તેની ઘટક સર્વ ચેતનાઓની બનેલી છે, અને તેમાં કાંઈક અધિક પણ છે, જે વધારે સૂક્ષ્મ છે. તમારી પેઠે જ; તમારા શરીરમાં અસંખ્ય કોશાણુઓ છે, દરેક કોશાણુ તે તેની પોતાની ચેતના છે. તમારી ચેતના તમારા સમગ્ર વ્યકિતત્વની ચેતના છે જો કે તે નાના કોશાણુઓની ચેતનાઓની બનેલી છે.

માતાજી, અહીં એમ લખવામાં આવ્યું છે કે વ્યકિતની ચેતના અને વૈશ્વિક ચેતનાની વચ્ચે અજ્ઞાનની એક ભેદજનક દિવાલ છે. તો પછી તે દિવાલને કેવી રીતે તોડી નાંખવી?

અજ્ઞાનથી મુકત બનો, જ્ઞાનમાં પ્રવેશો.

પ્રથમ મેં હમણાં જ કહ્યું તેમ, તમારે જાણવું જોઈએ કે તમે સમગ્રતા એક ભાગ છો, આ સમગ્ર મહત્તર સમગ્રનો એક ભાગ છે, તે મહત્તર સમગ્ર તેનાથી પણ વધારે મહત્તર સમગ્રનો એક ભાગ છે. પરિણામે એક મહત્તમ સમગ્રતા રચાય છે. એકવાર તમે આ હકીકતને જાણો છો કે તમને તરત જ સભાનતા આવે છે કે, વાસ્તવિક રીતે તમારી અને તમારાથી મહત્તર વસ્તુ વચ્ચે કોઈ ભેદ નથી. આ શરૂઆત છે. હવે તમારે એવા બિંદુ પર આવવું જોઈએ કે જ્યાં તમે માત્ર તેને વિચારતા જ નથી, પણ અનુભવો છો, તેને જીવો છો; પછી અજ્ઞાનની દિવાલ તૂટી પડે છે; માણસ આ એકતાનો સર્વત્ર અનુભવ કરે છે, તેને ભાન થાય છે કે હું મારા કરતાં ખૂબ મહત્તર સમગ્ર વિશ્વનો એક આંશિક ભાગ–માત્ર છું. પછી તેને વધારે વૈશ્વિક ચેતના પ્રાપ્ત થવાની શરૂઆત થાય છે.

(મૌન)

બસ, પતી ગયું?

મધુર માતાજી, ભગવાન વડે આપણો કબ્જો લેવાય, એનો શો અર્થ છે.

તમે નથી જાણતા? તમે શું માનો છો, ભગવાન પાસે તમારો કબ્જો છે કે તમારી પાસે ભગવાનનો?

તેનો શો અર્થ છે?

તેનો અર્થ એ છે કે ભગવાન તમારામાં પ્રવેશે છે, તમારું નિયમન કરે છે, તમારી ચેતનાના અને ગતિઓના સ્વામી બને છે. આનો અર્થ ભગવાને તમારો કબ્જો લીધો છે.

મધુર માતાજી, સત્-ચિત્-આનંદના વિયોગે અજ્ઞાન અને દુઃખ સર્જ્યાં છે. તો પછી...

તે વિયોગ શા માટે થયો? (હસાહસ)

ઘણું કરીને તેમનામાં નૈતિક ખ્યાલો ન હતા. (હસાહસ)

(લાંબા સમય સુધી મૌન)

સંભવ છે કે, જો તેવો વિયોગ, ભેદ ન થયો હોત, તો અત્યારે છે તેવું વિશ્વ ન સર્જાયું હોત. કદાચ તે ભેદની જરૂર હતી. પણ તમારો પૂછવાનો આશય એવો છે કે, પરિણામે આવું બનશે તે પહેલેથી જોઈ લેવામાં આવ્યું ન હતું. કદાચ તે પહેલેથી જાણી લેવામાં આવ્યું હતું. જગત વધારે સારું બની શક્યું હોત, પણ તે ખરાબ બન્યું. આવા અકસ્માતો બનતા હોય છે.

જ્યાં સુધી તમે તમારા માનસિક, નૈતિક ખ્યાલો વિશ્વના સર્જનને લાગુ કરશો, ત્યાં સુધી તમે કદી આ વિશ્વને સમજી શકશો નહિ. કારણ કે બધી બાજૂઓએથી અને સર્વ પ્રકારે, તે સારા ખરાબના ખ્યાલોથી પર હોય છે. આપણી પાસે જે માનસિક અને નૈતિક ખ્યાલો છે, તે વિશ્વને સમજાવી નહિ શકે. સમગ્ર અજ્ઞાનમાં જીવતા, આપણા આ ભાગને માત્ર એટલું જ કહી શકાય કે, વસ્તુઓ આવી છે, કારણ કે તેઓ આવી છે. માણસ તેમને સમજાવી ન શકે, કારણ કે, તે સમજૂતિઓ અજ્ઞાને આપેલી છે; અજ્ઞાન કશું જ સમજાવી ન શકે.

મન એક વસ્તુને બીજી વસ્તુ વડે સમજાવે છે, તે બીજી વસ્તુને ત્રીજી જ વસ્તુ વડે સમજાવવાની રહે છે, આમ ચાલુ જ રહે છે, તમે આખા વિશ્વમાં ફરી વળો, અને કશું જ સમજાવ્યા સિવાય પ્રારંભ-બિંદુએ પાછા આવો છો. (હસાહસ) એટલે તમારે એક છિદ્ર પાડીને, હવામાં ઊર્ધ્વ-આરોહણ કરીને, વસ્તુ-ઓને બીજી રીતે જોવી પડે છે. પછી માણસ તરત જ બધું સમજી જાય છે.

તેમ કેવી રીતે કરવું?

તેમ કેવી રીતે કરવું? (હસાહસ)

અભીપ્સા એક બાણ જેવી છે, આવી (અભિનય). એટલે તમે અભીપ્સા કરો, સમજવા માટે ખૂબ આતુર બનો, જાણો, સત્યમાં પ્રવેશો. પછી તમે તે અભીપ્સા સાથે આમ કરો છો (અભિનય). તમારી અભીપ્સા બળવાન બનીને ઊર્ધ્વમાં આરોહણ કરતી જ રહે છે, આરોહણ કરતી જ રહે છે, અને પછી તે એક લોઢા જેવા ખૂબ કઠણ, જાડા ઢાંકણા સાથે અફળાય છે, પછી તમારી અભીપ્સા તેમાં થઈને પસાર થઈ શકતી નથી, પછી તમે કહો છો કે, "અભીપ્સા કરવાથી શો ફાયદો? તેના વડે કશું જ પ્રાપ્ત થતું નથી. મને કોઈક કઠણ વસ્તુ ભટકાઈ, અને હું તેમાંથી પસાર થઈ શકયો નહિ!" પણ તમે એક ટેકરી પર પડતા જલ-બિંદુ વિષે જાણો છો; તે ટેકરીમાં બાકોરું પાડી દે છે, પર્વતને નખથી તે શિખ સુધી ચીરી નાંખે છે. તમારી અભીપ્સા જળબિંદુ સમાન છે, જે પતન પામવાને બદલે ઊર્ધ્વમાં આરોહણ કરે છે. તે આરોહણ કરવા વડે તે પ્રહારો કરી કરીને છેવટે એક બાકોરું પાડે છે. પછી તે ઢાંકણા પરથી તે કૂદકો મારે છે અને વિશાળ પ્રકાશમાં પ્રવેશે છે. પછી તમે કહો છો કે આહ, હવે મને સમજાઈ ગયું.

તે તે પ્રકારનું છે.

માટે માણસે ખૂબ આગ્રહી, જક્કી બનવું જોઈએ અને એવી અભીપ્સા રાખવી જોઈએ કે જે ઊર્ધ્વમાં આરોહણ કરે, અનેક વસ્તુઓની ખોજમાં આમ-તેમ ભટકયા ન કરે.

માત્ર આટલું જ : સમજવું, સમજવું, સમજવું, શીખવું, જાણવું, અને બનવું.

જયારે માણસ શિખરને પહોંચે છે, ત્યારે કાંઈ જ સમજવાનું, શીખવાનું બાકી રહેતું નથી. તે બની રહે છે; ત્યારે તે સમજે છે અને જાણે છે.

માતાજી, જયારે માણસ સમજે છે, ત્યારે આપણામાં રહેલી કયી વસ્તુ સમજે છે?

સમાન વસ્તુ સમાન વસ્તુને જાણે છે, તમે તમારામાં તે વસ્તુને રાખો છો, એટલે તમે તેને શોધી કાઢો છો. તમે બરાબર સમજો છો કે, મારી કથા એક પ્રતિકૃતિ છે, આ બધું એક પ્રતિકૃતિ છે, તે કોઈક વસ્તુ સાથે સુસંગત છે, પણ છતાં તે માત્ર પ્રતિકૃતિ જ છે, પણ તે ઊર્ધ્વમાં પ્રાપ્ત થાય તેટલી સારી રીતે અંદર પ્રાપ્ત ન થઈ શકે. તેનું કારણ એ છે કે, આપણને ભિન્ન ભિન્ન ભૌતિક ભૂમિકાઓ વિષે, ભૌતિક માપો વિષે શારીરિક ખ્યાલો હોય છે. આપણે જયારે

સમજીએ છીએ, ત્યારે તે તદ્દન માપેાના બીજા જ ક્રમમાં બને છે. આ માપેાનેા બીજો ક્રમ દેશ સાથે સુસંગત નથી હેાતેા.

પણ જ્યાં સુધી તે વસ્તુ અમુક પ્રકારે તમારામાં ન હેાય અને અથવા તમે તે વસ્તુમાં ન હેા, ત્યાં સુધી તમે તેને સમજી શકતા નથી, તે-રૂપ બની શકતા નથી. પણ તમે વધારે સહેલાઈથી સમજી શકેા તે માટે હું એમ કહી શકું કે, તે વસ્તુ તમારામાં છે, તે તમારી ચેતનાનેા એક ભાગ છે, તેથી તમે તેને સમજી શકેા છેા, તે-રૂપ બની શકેા છેા; નહિ તેા તમે કદી તેનાથી સભાન ન બની શકેા. જો ભગવાન માણસમાં ન હેાય, પેાતાના અસ્તિત્વના સાર-તત્ત્વમાં ન હેાય, તેા તે ભગવાનથી કદી પણ સભાન બની શકે નહિ, તે એક અશકય સાહસ બની જાય. જો તમે તે સમસ્યાને ઊલટી કરેા, જો તમને કેાઈ પણ પ્રકારે એવું ભાન થાય અને તમે કબૂલ કરેા કે, તમારામાં ભગવાન છે અને તમે ભગવાનમાં છેા, તેા તેથી સાક્ષાત્કારનું દ્વાર થેાડું'ક ખુલી જાય છે, બહુ નહિ. પછી જો ભગવાનને જાણવાની અને તે-રૂપ બનવાની ઉત્કટ અભીપ્સા આવે, તેા તે દ્વાર વધારે ખુલે છે, અને છેવટે તમે તેમાં પ્રવેશેા છેા. પછી તેને પેાતે કેાણ છે તેનું ભાન થાય છે. શ્રી અરવિંદ તે જ કહે છે કે, આ સત્-ચિત્-આનંદ ભેદને કારણે, પેાતે જે છે તેની વિસ્મૃતિ માણસમાં આવે છે. તે પેાતાને કેાઈ છેાકરેા, છેાકરી, માણસ, સ્ત્રી, કૂતરેા, ઘેાડેા, પત્થર, સમુદ્ર, સૂર્ય વગેરે માની લે છે, હું ભગવાન છું, એમ નહિ, કારણ કે, જો હકીકતમાં માણસે "હું ભગવાન છું" એમ માનવાનું ચાલુ રાખ્યું હેાત, તેા વિશ્વ સર્જાયું ન હેાત.

હું તેને (એક બાળકને બતાવે છે) તે કહેવા માગતી હતી કે આ ભેદ વિશ્વના સર્જન માટે અનિવાર્ય હતેા; નહિ તેા બધું પહેલાં હતું તેવું જ રહ્યું હેાત, પણ જો આપણે આ વળાંકમાંથી પસાર થઈને તે એકતાને ફરી સ્થાપિત કરીએ, અનેકતામાંથી અને ભેદમાંથી લાભ ઉઠાવીને ફરી ભગવાન સાથે એકરૂપ બનીએ, તેા તે એકતા ઉચ્ચતર ગુણવત્તાવાળી હશે, જે પેાતાની જાતને ન જાણતી એકતાને બદલે પેાતાની જાતને જાણતી એકતા હશે, કારણ કે એવી કેાઈ પણ વસ્તુ નથી કે જે બીજીને જાણે. જ્યારે એકતા પરિપૂર્ણ હેાય છે, ત્યારે કેાણ તે એકતાને જાણી શકે? એક વસ્તુને સમજવા માટે આપણી પાસે તેનાથી બીજી વસ્તુની પ્રતિકૃતિ હેાવી જોઈએ. હું માનું છું કે, આ વિશ્વનું રહસ્ય છે; કદાચ ભગવાન પેાતાની જાતને સાચી રીતે જાણવા માગતા હતા એટલે તેમણે પેાતાની જાતને બહાર ફેંકી અને પછી પેાતાની જાત પ્રત્યે જોયું; હવે તે પેાતાના પરિપૂર્ણ

જ્ઞાન સાથે પોતે હોવાની આ શકયતાની મોજ માણવા માગે છે. આ ખૂબ વધારે રસપ્રદ બની જાય છે.

બીજો કોઈ પ્રશ્ન છે?

મધુર માતાજી, ગઈ વખતે તમે કલ્પના વિષે વાત કરી હતી, નહિ વારુ?

હા.

તો શું કલ્પના દ્વારા માણસ કામનાઓને અથવા અભીપ્સાઓને સિદ્ધ કરે છે?

તમારો કહેવાનો ચોકકસ અર્થ શો છે? કલ્પના સિદ્ધ થઈ છે એવી કલ્પના કરીને સિદ્ધિમાં મદદ કરવી?

હા.

જરૂર, તદ્ન ચોકકસ.

આદર્શોને પણ?

માત્ર મોટે ભાગે હા. માત્ર માણસો પાસે આદર્શોને સિદ્ધ કરવા જેટલો સમય નથી હોતો. દા. ત. જો તમારી પાસે ખૂબ શકિતશાળી કલ્પના હોય, અને તમે બધી વિગતો સાથે સમગ્રપણે તેની રચના કરીને તમારી કામનાની સિદ્ધિનું નિર્માણ કરો, તો ચોકકસ, જો તમે લાંબું જીવો તો, તે વસ્તુ સિદ્ધ થાય જ. તે બીજે દિવસે પણ સિદ્ધ થાય, બીજી મિનિટે પણ સિદ્ધ થાય, તેમાં વર્ષો, સદીઓ પણ વીતી જાય. પણ તે ચોકકસ સિદ્ધ થવાની જ. જો તમે કલ્પનાની તે શકિતમાં સર્જનાત્મક પ્રાણિક બળનો ઉમેરો કરો, તો તમે તેને એક ખૂબ જીવંત બળ બનાવો છો; બધી જીવંત શકિતઓ સાક્ષાત્કાર (સિદ્ધિ) પ્રત્યેનું વલણ ધરાવે છે; એટલે બળ પાર્થિવ ઘટનાઓ ઉપર એક દબાણ મૂકશે, જેથી તે વધારે જલ્દી સિદ્ધ થવા સમર્થ બને, અને પછી તે સિદ્ધ થઈ જાય છે.

મેં કહ્યું તેમ, માત્ર બે વસ્તુઓ છે, કામનાઓની, અંગત સંજોગોની બાબતમાં માણસ બહુ આગ્રહી અને સ્થિર રહેતો નથી; જેમાં તમને ખૂબ રસ હતો તેમાં તમને કશો રસ રહેતો નથી. તમે બીજી કોઈ વસ્તુનો વિચાર કરો છો, તમારામાં બીજી કામના ઉદ્ભવે છે, અને તમે બીજી રચના કરો છો. પણ હવે પહેલાં કલ્પાયેલી વસ્તુની રચના સારી રીતે થઈ ગઈ હોય છે; દેશમાં પોતાનો વળાંક

લઈને તે સિદ્ધ થઈ ગઈ હોય છે. પણ તેટલામાં તો માણસે બીજી રચના કરવાની શરૂઆત કરી દીધી હોય છે, કારણ કે કોઈ કારણસર તેને પહેલી વસ્તુમાં કશો રસ રહ્યો હોતો નથી; એટલામાં તો પ્રથમ કામનાની સિદ્ધિ તેની સમક્ષ આવીને ખડી થઈ જાય છે, પણ તે તો બીજી, ત્રીજી, ચોથી કામના પાછળ જ દોડતો હોય છે, એટલે તે માણસ ચીઢાઈ જાય છે કે આ વસ્તુને હવે હું માગતો નથી, તે શા માટે મારી પાસે આવી? તેને ખ્યાલ નથી રહેતો કે તે તેના પહેલાંના કાર્યનું પરિણામ છે. પણ જો કામનાઓ હોવાને બદલે, તે આધ્યાત્મિક વસ્તુઓ માટેની અભીપ્સાઓ હોય અને તે માણસ પોતાની પ્રગતિની રેખાને ચાલુ રાખે, તો તે ચોકકસ, પોતે જેની કલ્પના કરી છે તે વસ્તુને એક દિવસ સિદ્ધ કરે છે. માર્ગમાં વધારે અવરોધો હોય, તો તે દિવસને આવતાં વાર લાગે. દા. ત. તમે કેટલી રચના જો હજી પૃથ્વીના વાતાવરણની સ્થિતિને ખૂબ અપરિચિત હોય, તો તેના આગમન માટે પરિસ્થિતિઓને તૈયાર કરવામાં થોડોક સમય લાગે છે. પણ જો તે વસ્તુ પૃથ્વી પર અનેક વાર સિદ્ધ થઈ ચૂકી હોય, તેને માટે ખૂબ મૌલિક પરિવર્તનની જરૂર ન હોય, તો તેને તમે ખૂબ ઝડપથી પ્રાપ્ત કરી શકો છો, શરત માત્ર એટલી કે તમારે આગ્રહપૂર્વક તે જ રેખાને અનુસરવું જોઈએ. જો તમે તેમાં ભગવાનની કૃપામાં ઉત્કટ શ્રદ્ધાને અને વિશ્વાસને ઉમેરો, જે કૃપા તમને એવા બનાવી દે કે તમે તેની પાસેથી જ દરેક વસ્તુની અપેક્ષા રાખો, તે કૃપાને જો તમે આત્મ-સમર્પણ કરી દો, તો તો તે અભીપ્સા એક જબરદસ્ત વસ્તુ બની જાય છે; તમે વસ્તુને વધુ ને વધુ સિદ્ધ થતી જોઈ શકો છો; એક પછી બીજી એમ, સૌથી વધારે આશ્ચર્યજનક વસ્તુઓ સિદ્ધ કરી શકાય છે. પણ તેને માટે અમુક શરતો પૂરી કરવાની રહે છે.

માણસમાં ખૂબ વિશુદ્ધિ હોવી જોઈએ. સમર્પણમાં ખૂબ ઉત્કટતા હોવી જોઈએ, ભગવાનની કૃપાના પરમ જ્ઞાનમાં પરિપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ કે આપણે જાણીએ છીએ તેના કરતાં આપણે માટે શું કલ્યાણકારી છે તે ભગવાનની કૃપાનું જ્ઞાન વધારે સારી રીતે જાણે છે. પછી જો માણસ પોતાની અભીપ્સાને ખૂબ ઉત્કટતાપૂર્વક ભગવાનની કૃપાને સમર્પિત કરી દે છે, તો અદ્‌ભુત પરિણામો પ્રાપ્ત થાય છે, પણ તેમને કેવી રીતે જોવાં તે માણસે જાણવું જોઈએ, કારણ કે જ્યારે વસ્તુઓ સિદ્ધ થાય છે, ત્યારે ઘણાખરા લોકો તે વસ્તુને તદ્‌ન સ્વાભાવિક માને છે, તે શા માટે અને કેવી રીતે બન્યું તે તેઓ જોતા પણ નથી, તેઓ પોતાની જાતને કહે છે કે સ્વાભાવિક રીતે આમ બનવું જ જોઈતું હતું. એટલે તેઓ આભાર માનવાના આનંદને ગુમાવી દે છે, કારણ કે આખરી પૃથક્કરણમાં, જો માણસ

ભગવાનની કૃપા પ્રત્યે આભારની લાગણીથી સભર ભરાઈ જાય, તો તે છેલ્લો સ્પર્શ આપી જાય છે, પ્રત્યેક પગલે માણસ જોઈ શકે છે કે વસ્તુઓએ જેમ બનવું જોઈતું હતું તેવી જ તે બની છે અને તે શ્રેષ્ઠ જ બન્યું છે.

એટલે સત્-ચિત્ આનંદ ફરી એક વાર એકતા સ્થાપવા માટે એકત્રિત થવાનો પ્રારંભ કરે છે.

હે મારાં બાળકો, બસ ? પૂરું થઈ ગયું.

* * *

૨૦ જુલાઈ, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશ" માંથી
"સમર્પણ અને ખુલ્લાપણું"
વાંચે છે.

બિન-અંગતની (અવ્યકતની) શોધ કરવી, એનો શો અર્થ છે?

હે મારા બાળક, તે પશ્ચિમમાં વધારે ફેશનમાં છે. કેલ્વિયાના ધર્મો વડે, ખાસ કરીને ખ્રિસ્તી ધર્મ વડે ઉપદેશાયેલા ભગવાનથી જે લોકો કંટાળી ગયા હોય છે, તેમનામાં ભગવાન પ્રત્યે અણગમો ઉપજ્યો હોય છે, જે ભગવાન એક, ઈર્ષ્યાળુ, કઠોર, આપખુદીવાળા, અને ખૂબ પ્રમાણમાં એક માનવી જેવા છે, જે એનાટોલ ફ્રાન્સે કહ્યું તેમ માણસમાં આશ્ચર્ય પેદા કરે છે કે આ શું એક અસુર તો નથી, એ બધા લોકો જ્યારે આધ્યાત્મિક જીવન જીવવાની ઈચ્છા કરે છે, ત્યારે તેઓ કોઈ વ્યકિત પરમાત્માની ઈચ્છા નથી કરતા, તેમને ભય થાય છે કે રખેને તે ભગવાન જેમને વિષે તેમને શીખવવામાં આવ્યું છે તેવા હોય, તેઓ એક એવા બિન-અંગત, અવ્યકત પરમાત્માની ઈચ્છા કરે છે કે જે મનુષ્ય જેવા ન હોય, ઓછામાં ઓછા મનુષ્ય જેવા હોય; તેઓ એવા ભગવાનની માગણી કરે છે.

પણ શ્રી અરવિંદ કહે છે કે જે વસ્તુ તેમણે હંમેશાં કહી છે કે અધિમનસના દેવો સાચે જ ખૂબ મનુષ્યો જેવા હોય છે, અનંતગણા મહાન અને શક્તિશાળી, પણ મનુષ્યો સાથે ખૂબ સામ્યવાળા. એમનાથી પર બિન-અંગત (અવ્યકત) ભગવાન છે, પણ તે અવ્યકત ભગવાનથી પર એક ભગવાન છે, જે પુરુષ છે; તે પરમેશ્વરને પહોંચવા માટે આપણે અવ્યકત પરમાત્મામાંથી પસાર થવું પડે છે.

મેં કહ્યું તેમ, કેળવણીએ જેમને વ્યકિતરૂપ પરમેશ્વરના સંપર્કમાં મૂકયા છે તેવા લોકોએ અવ્યકત (બિન-અંગત) ભગવાનને શોધવા એ સારું છે, કારણ કે તેથી તેઓ અનેક વહેમોથી મુકત બને છે. પછી જો તેમનામાં શકિત હશે, તો તેઓ વધારે આગળ જશે અને એક એવા પુરુષ ભગવાનના સંપર્કમાં આવશે, જે આ બીજા બધા દેવોથી સાચે જ પર છે.

મધુર માતાજી, અમે બીજા લોકોની અસરથી કેવી રીતે દૂર રહી શકીએ?

ભગવાન પર વધારે ને વધારે સંપૂર્ણપણે એકાગ્રતા કરવાથી, જો તમે તમારી પૂરી ઉત્કટતા વડે અભીપ્સા કરો, જો તમારે માત્ર ભગવાનની જ અસર સ્વીકારવાની ઈચ્છા હોય, જો બીજી અસરો વડે પકડાયેલી તમારી જાતને તમે સર્વ સમયે પાછી ખેંચતા રહો, અને તમારા સંકલ્પ દ્વારા તમારી જાતને ભગવાનની અસર હેઠળ મૂકતા રહો, તો તેમ કરવામાં તમે સફળ થશો. તે એવું કાર્ય છે કે જે એક દિવસમાં કે એક મિનિટમાં ન થઈ જાય, તમારે વર્ષો સુધી સાવધાન રહેવું જોઈએ; પણ માણસ તેમાં જરૂર સફળ થાય છે.

પ્રથમ તમારે તેને માટે સંકલ્પ કરવો જોઈએ.

બધી વસ્તુઓ માટે, પ્રથમ તેને સમજો, પછી સંકલ્પ કરો અને પછી અભ્યાસ કરવાની શરૂઆત કરો, થોડી જ શરૂઆત કરો, જ્યારે તમે તમારી જાતને અમુક વસ્તુ કરતાં પકડો, કારણ કે બીજા કોઈની તમે એમ કરો એવી ઈચ્છા હતી, અથવા શું કરવું તેને વિષે તમને કોઈ ખાતરી નથી, તમને એવી ટેવ છે કે, કોઈ માણસ પરંપરા રીતરીવાજો જેમ બતાવે તેમ કરવું, તમે જે અસરો હેઠળ જીવો છો તેમાં સામૂહિક સૂચનો, સામાજિક પરંપરાઓ, સામાજિક ટેવો એ ભયંકર વસ્તુઓ છે, નાનપણથી જ તમારી ચેતનામાં તે ઠાંસીઠાંસીને ભરાઈ જતી હોય છે. તમે નાના બાળક ત્યારે જ તમને કહેવામાં આવ્યું હતું કે, તારે આ કરવું જોઈએ અને આ ન કરવું જોઈએ; તારે આ વસ્તુ આમ કરવી જોઈએ, તે રીતે નહિ. નાનપણમાં

માતાપિતાએ અથવા શિક્ષકોએ પણ તે જ રીતે વિચારો સ્વીકાર્યા હતા, જે પાછળથી ટેવરૂપ બની ગયા હતા. આ સૌથી વધારે જોખમપૂર્ણ અસરો છે, કારણકે તેઓ સૂક્ષ્મ છે, શબ્દો વડે તે બહાર અભિવ્યકત કરાયેલી હોતી નથી; તમે જ્યારે ખૂબ નાના હતા, ત્યારે તમારા મસ્તિષ્કમાં, લાગણીઓમાં, અને પ્રતિકાર્યોમાં આ વસ્તુઓ ઠાંસી-ઠાંસીને ભરવામાં આવી હતી; પછી ખૂબ પાછળથી જ્યારે તમે સત્ય શું છે તેનો વિચાર કરવાની શરૂઆત કરો છો અને તેને જાણવાનો પ્રયત્ન કરો છો, જ્યારે અમુક વસ્તુ બીજી બધી વસ્તુઓ કરતાં શ્રેષ્ઠ છે એમ તમે સમજો છો, અમુક વસ્તુ તમને સાચી રીતે જીવતાં શીખવાડી શકે એમ છે, એમ તમને લાગે છે, જેણે તમારા ચારિત્ર્યનું નિર્માણ કરવું જોઈએ, તમારી ગતિઓનું નિયમન કરવું જોઈએ એમ તમને સમજાય છે, ત્યારે તમે તે કાર્ય કરતી તમારી જાતનું અવલોકન કરો છો, તમારી જાતનું વિષયીકરણ કરો છો, ટેવની, પરંપરાઓની, કેળવણીની અનેક નાનકડી શૃંખલાઓ પ્રત્યે હાસ્ય કરો છો, પછી તમે તે વસ્તુઓ ઉપર પ્રકાશને, ચેતનાને, ભગવાન પ્રત્યે સમર્પણની અભીપ્સાને મૂકો છો અને જરૂરી વસ્તુઓ કરવા માટે દિવ્ય પ્રેરણા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરો છો, ટેવો અનુસાર નહિ, પોતાના પ્રાણિક આવેગો અનુસાર નહિ, અંગત સંકલ્પો અનુસાર નહિ, જે બધી વસ્તુઓ તેણે બીજાઓ પાસેથી મેળવી હોય છે અને જે તેને એવી વસ્તુઓ કરવા માટે ધકકેલે છે કે જો તે બધી અસરો તેના પર ન પડી હોત, તો તેણે કરી ન હોત.

માણસે આ બધી વસ્તુઓનું નિરીક્ષણ કરવું જોઈએ, એકાગ્રતાપૂર્વક તેમની પ્રત્યે જોવું જોઈએ, એક પછી બીજી એમ તેમને દિવ્ય સત્ય સમક્ષ રજૂ કરવી જોઈએ. તે ક્રિયા પ્રગતિમય છે, વધારે ને વધારે વિશુદ્ધ અને બળવાન બનતી જાય છે; પછી તે સત્યને વધારે સ્પષ્ટ દૃષ્ટિ વડે જોઈ શકે છે, માણસે તે બધી વસ્તુઓને સત્ય સમક્ષ મૂકવી જોઈએ અને પૂરી દિલની સચ્ચાઈ સાથે સંકલ્પ કરવો જોઈએ કે તે સત્ય જ મને દોરવણી આપો, બીજું કશું જ નહિ. તમે આ વસ્તુ એક વાર, સો વાર, હજાર વાર, લાખ વાર કરો; વર્ષો સુધીના સતત પ્રયાસ પછી તમે ધીમે ધીમે સભાન બનો છો કે હું એક મુકત પુરુષ છું; તે ખૂબ નોંધપાત્ર ઘટના છે કે જ્યારે માણસ ભગવાનને પરિપૂર્ણ રીતે આત્મસમર્પણ કરે છે, ત્યારે તે પરિપૂર્ણ રીતે મુકત બને છે. મુકિત માટે આ એક અનિવાર્ય શરત છે કે માત્ર ભગવાનના જ બની જવું; તમે સમગ્ર જગતથી મુકત બની જાઓ છો, કારણ કે તમે માત્ર ભગવાનના જ બની ગયા છો. આ સમર્પણ પરમ મુકિત છે; તમે તમારી નાનકડી અંગત અહંતાથી પણ મુકત બની જાઓ છો, જે સ્થિતિ

સૌ સાધનો કરતાં વધારે કઠિન છે, પણ સૌથી વધારે સુખપ્રદ પણ છે; માત્ર તે જ તમને અખંડ શાન્તિ, અખંડ આનંદ આપે છે; તમને ન્યૂન બનાવી દેવી, દરિદ્ર કરી મૂકતી, ચિંતા અને ભય પેદા કરતી, દુઃખ આપતી સર્વ વસ્તુઓથી અનંત મુક્તિ આપે છે. પછી તમને કોઈ વસ્તુનો ભય રહેતો નથી, તમે તમારી ભવિતવ્યતાના પરમ સ્વામી બની જાઓ છો, કારણકે ભગવાન તમારામાં સંકલ્પ કરતા હોય છે અને દરેક વસ્તુને દોરવણી આપતા હોય છે. પણ આ એક રાતમાં સિદ્ધ થઈ જતું નથી. તેમાં થોડોક સમય લાગે છે, સંકલ્પમાં ખૂબ ઉત્કટતાની જરૂર પડે છે, પરિશ્રમથી તમારે ડરવાનું નથી. સફળતા ન મળે તો નિરાશ થવાનું નથી; વિજય જરૂર પ્રાપ્ત થવાનો છે, તે પ્રાપ્ત થાય ત્યાં સુધી મંડ્યા રહેવાનું છે.

મધુર માતાજી, "ભગવાન પોતાની જાતને આપી દે છે;" એનો શો અર્થ?

તેનો અર્થ બરાબર આ છે: તમે જેમ જેમ વધુ ને વધુ આત્મસમર્પણ કરો છો, તેમ તેમ તમને વધુ ને વધુ અનુભવ થતો જાય છે; તે કોઈ લાગણી કે છાપ નથી હોતી; તે એક સમગ્ર અનુભવ છે કે જેમ જેમ તમે ભગવાનને વધુ ને વધુ આત્મસમર્પણ કરો છો, તેમ તેમ ભગવાન સમગ્રપણે, સતત, પ્રતિ ક્ષણ, તમારા સર્વ વિચારોમાં, જરૂરિયાતોમાં તમારી સાથે જ રહે છે. કોઈ અભીપ્સા એવી નથી કે જેને તરત પ્રત્યુત્તર ન મળે. તમને ભગવાનની પરિપૂર્ણ, સતત, સમગ્ર નિકટતા અનુભવાય છે. જાણે ભગવાન બધો સમય તમારી સાથે જ હોય છે; તમે ચાલો છો અને તે તમારી સાથે ચાલે છે; તમે ઊંઘો છો અને તે તમારી સાથે ઊંઘે છે; તમે ખાઓ છો અને તે તમારી સાથે ખાય છે; તમે વિચાર કરો છો અને તે તમારી સાથે વિચાર કરે છે; તમે ચાહો છો અને તે જ તમારો પ્રેમ છે. પણ તે માટે માણસે સંપૂર્ણ આત્મસમર્પણ કરી દેવું જોઈએ, પોતાને માટે કોઈ પણ વસ્તુ તેમાંથી બાકાત ન રાખવી જોઈએ, કોઈ વસ્તુનો બગાડ ન કરવો જોઈએ; તમારા અસ્તિત્વમાં ભગવાનને સમર્પિત નહિ થયેલી, નાનામાં નાની વસ્તુ પણ એક પ્રકારનો બગાડ છે; તે તમારા આનંદનો બગાડ છે; તે વસ્તુના પ્રમાણમાં તમારું સુખ પણ ન્યૂન બને છે, તમે જે વસ્તુ ભગવાનને નથી સમર્પતા તે ભગવાન તમને જે આપવાના છે તેમાં અવરોધરૂપ છે. તમે ભગવાનને તમારી નિકટ સતત નથી અનુઅવતા, કારણ કે તમે હજી તેમના નથી બની ગયા, તમે હજી અનેક વસ્તુઓના અને વ્યકિતઓના રહ્યા છો. તમારા વિચારમાં, કાર્યમાં, લાગણીઓમાં, આવેગોમાં એવી લાખો વસ્તુઓ છે કે જેમને

તમે ભગવાનને સમર્પિત નથી કરતા, તેથી તમે તેમને હંમેશાં તમારી નિકટ નથી અનુભવતા, કારણ કે આ બધી વસ્તુઓ તેમની અને તમારી વચ્ચે પડદા–રૂપ, દિવાલો બની ગઈ છે. પણ જો તમે બધું જ તેમને સમર્પિત કરી દો, કશું જ બાકી ન રાખો, તો તમે જે કાંઈ કરો, વિચારો, પ્રતિક્ષણ અનુભવો તેમાં ભગવાન સતત, સમગ્રપણે તમારી સાથે રહે જ. પણ તે માટે તમારે પરિપૂર્ણ આત્મ-સમર્પણ કરી દેવું જોઈએ, કાંઈ જ બાકી ન રાખવું જોઈએ; તમે જે નાનકડી વસ્તુ બાકાત રાખો છો તે તમારી અને ભગવાનની વચ્ચે રચાતી દિવાલનો એક પત્થર બની જાય છે. પછી પાછળથી તમે ફરિયાદ કરો છો કે ઓહ હું તેમને અનુભવી શકતો નથી! પણ તમે જો તેમને અનુભવો, તો તે જ આશ્ચર્ય-જનક ગણાય.

બસ, પતી ગયું?

"અવ્યકત પરમાત્મા" નો નિશ્ચિત અર્થ શો છે?

કેટલાક ધર્મોમાં અને કેટલાંક તત્ત્વચિંતનોમાં તેને નિરાકાર, સર્વ રૂપોથી રહિત કહેવામાં આવ્યું છે. માત્ર શારીરિક રૂપોથી રહિત નહિ, પણ વિચારનાં, ગતિનાં રૂપોથી પણ રહિત. તે એક એવી વસ્તુનો ખ્યાલ છે કે જે વિચારી શકાય, ખ્યાલ કરી શકાય, અથવા ખૂબ સૂક્ષ્મ આંખો વડે જોઈ શકાય તેનાથી પર છે એટલું જ નહિ, પણ તે દરેક દૃશ્ય રૂપવાળી વસ્તુથી, માનવ દર્શનથી અનંત રીતે પેલી પારનાં, ખૂબ સૂક્ષ્મ આકંપનોથી, અસ્તિત્વની ઉચ્ચતમ સ્થિતિમાં થતાં આકંપનોથી પણ પર છે, સર્વ પ્રકારના આવિર્ભાવના ક્રમથી પર છે. સામાન્ય રીતે બિનઅંગત, અવ્યકત પરમેશ્વરની આપણે એ રીતે વ્યાખ્યા કરીએ છીએ. આપણે જેમની કલ્પના કરી શકીએ તેવા કોઈ ગુણો તેમનામાં નથી. તે સૃષ્ટિથી તદ્દન વિરુદ્ધ વસ્તુની શોધ છે, એ સ્પષ્ટ છે. તેથી કેટલાક ધર્મોએ નિર્વાણનો, શૂન્યનો ખ્યાલ પોતામાં દાખલ કર્યો છે. તે આપણે જેનો ખ્યાલ કરી શકીએ તેનાથી વિરુદ્ધ એવી કોઈ વસ્તુની શોધ છે. આખરે આપણે તેની વ્યાખ્યા આપીએ છીએ, કારણ કે આપણે તેને વિષે કેવી રીતે કશું પણ કહી શકીએ? પણ અનુભવમાં, માણસ આવિર્ભૂત જગતની બધી વસ્તુઓથી પર જવા માટે પ્રયત્ન કરે છે, તેને આપણે બિનઅંગત પરમાત્મા કહીએ છીએ.

એક એવો રસપ્રદ પ્રદેશ છે જે સર્વ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓના નિષેધ-રૂપ છે. અસ્તિત્વની સર્વ ભૂમિકાઓની પીઠમાં, શારીરિક ભૂમિકાની પણ પીઠમાં

નિર્વાણ છે, આપણે નિર્વાણ શબ્દનો ઉપયોગ કરીએ છીએ, કારણ કે તે વધારે સહેલો છે; પણ આપણે કહી શકીએ કે શારીરિકની, મનની, પ્રાણિકની, અસ્તિત્વના સર્વ પ્રદેશોની, પરની પણ પીઠમાં બિનઅંગત ભગવાન છે. (કોઈ પણ રીતે આપણી જાતને વ્યકત કરવાની આપણને ફરજ પડે છે.) તે વધારે સૂક્ષ્મ હોય એ અનિવાર્ય નથી, તે બીજું કાંઈક છે જે તદ્દન ભિન્ન પ્રકારનું છે. દા. ત. જો તમે નિર્વાણ પર ધ્યાન કરો, તો તમે તમારા મનના એક પ્રદેશમાં રહી શકો, અમુક પ્રકારની એકાગ્રતા વડે તમારી ચેતનાને ઝિલટાવી શકો, અને ઓચિંતા તમે તમારી જાતને નિર્વાણમાં, બિનઅસ્તિત્વમાં જોઈ શકો; અને છતાં તમારી ચેતનાના આરોહણમાં તમે મનથી પર ન ગયા હો.

જો માણસ માપોની અનેકતાને, આ સિદ્ધાંતને સમજ્યો હોય, તો આ વસ્તુઓને થોડી ઘણી સમજી શકે. સૌથી પ્રથમ તમને ચોથું માપ શીખવાડવામાં આવે છે. જો તમે માપોના એ સિદ્ધાંતને સમજ્યા હો, તો તમે આ વસ્તુને સમજી શકો. દા. ત. મેં કહ્યું તેમ, એક ભૂમિકામાંથી બીજી ભૂમિકામાં જતી વખતે, સૌથી વધારે સૂક્ષ્મ ભૂમિકાઓમાંથી છેલ્લી સૌથી વધારે ભૂમિકામાં, નિર્વાણમાં જતી વખતે, તેને કોઈ પણ પ્રકારે વ્યકત કરવા માટે તમારી જાતનું બાહ્યીકરણ કરવાની જરૂર નથી. તમે એક પ્રકારના આંતરીકરણ દ્વારા, બીજા માપમાં અથવા માપોમાં પસાર થવા વડે તમારા અસ્તિત્વના કોઈ પણ પ્રદેશમાં આ નિર્વાણને જોઈ શકો છો. સાચે જ, નિર્વાણનો અનુભવ કર્યા સિવાય માણસ તેને થોડુંક સમજી શકે છે. તે બહુ કઠિન છે, પણ છતાં અનુભવ કર્યા સિવાય, માણસ જો આંતર માપોના આ સિદ્ધાંતને સમજે, તો તે નિર્વાણને થોડુંક સમજી શકે.

(મૌન)

એને આમ મૂકી શકાય (એ તેને કહેવાનો એક પ્રકાર છે) કે તમે એકી જ વખતે તમારામાં અસ્તિત્વને અને બિન–અસ્તિત્વને, અંગતને અને બિનઅંગતને, પ્રગટને અને અપ્રગટને, સાન્તને અને અનંતને, કાળને અને સનાતનતાને વહન કરતા હો છો. તે બધું આ નાનકડા શરીરમાં છે.

કેટલાક લોકો માનસિક રીતે પણ પર ચાલ્યા જાય છે, તેમનું માનસિક વાતાવરણ અને તેમનું પ્રાણિક વાતાવરણ પણ શરીરથી પર ચાલ્યું જાય છે. કેટલાક લોકોની ચેતના એટલી બધી વિશાલ હોય છે કે તે ખંડો ઉપર, બીજી પૃથ્વીઓ અને બીજે જગતો પર પણ વિસ્તરી જાય, પણ આ એક દેશનો ખ્યાલ છે. પણ

બીજાં માપોમાં કરાયેલા આંતરીકરણ વડે ચોથું માપ અને તેનાથી પણ આગળ તમે તમારામાં આ બધું જોઈ શકો છો, એક બિંદુમાં અનંતને પણ.

તો પછી માતાજી, શું અનંત એ દેશનું વિસ્તૃતીકરણ નથી ?

ઓહ, ના ! તે અનિશ્ચિત છે, અનંત નહિ. અનંત સાન્તનું વિરોધી છે. માણસ પોતાનામાં સૌથી વધારે સાન્ત સાન્તનો અને સૌથી વધારે અનંત અનંતનો સમાવેશ કરી શકે છે ; કદાચ તે પોતાના મસ્તિષ્કના દરેક કોશાણુમાં તેમનો સમાવેશ હકીકત-રૂપે કરે છે.

(મૌન)

માતાજી, માણસ પોતાના પ્રયત્ન વડે બિન અંગતને (અવ્યક્તને) પ્રાપ્ત કરે તે અનુભવ અને માતાજીને સમર્પણ કરવા વડે તેને પ્રાપ્ત કરે તે અનુભવ વચ્ચે કોઈ ભેદ છે ખરો ?

(લાંબું મૌન)

હા, તેમાં ભેદ છે.

(મૌન)

જો અવ્યકત ભગવાનને પહોંચવાનું લક્ષ્ય હોય, તેમની સાથે તાદાત્મ્ય કરવાની તેમનામાં વિલીન થઈ જવાની માણસને ઈચ્છા હોય, તો કદાચ ભેદ ન રહે. પણ જો અભીપ્સા જે પર છે તેનો સાક્ષાત્કાર કરવાની હોય, શ્રી અરવિંદ જેને અતિ-મનસની વાસ્તવિકતા કહે છે તેને પ્રાપ્ત કરવાની હોય, તો ભેદ છે માત્ર માર્ગમાં જ નહિ (તેનો આધાર ભિન્ન ભિન્ન સ્વભાવો પર છે), પણ જો કોઈ માણસ સમર્પણ અને પરિપૂર્ણ વિશ્વાસ શું છે તે સાચી રીતે જાણતો હોય, તો તે અનંત ગણું વધારે સહેલું છે, ચિંતાઓનો અને મુશ્કેલીઓનો ૯૯ ભાગ અદૃશ્ય થઈ જાય છે.

એ વાત સાચી છે કે માણસને આ સમર્પણ કરવામાં કોઈ ખાસ મોટી મુશ્કેલી હોય. તેથી મેં કહ્યું કે તેનો આધાર તદ્દન માણસના સ્વભાવ પર છે. પણ માત્ર એટલું જ નથી. જો તમને ગમે, તો તેને એક બિંદુમાં જેનો અંત આવે છે એવી એક રેખા અને સમગ્રતામાં જેનો અંત આવે છે એવા એક ગોળાકાર માર્ગ વચ્ચેની ભેદ સાથે સરખાવી શકાય. સમગ્રતામાં કોઈ વસ્તુ બાકાત રહી જતી નથી. દરેક માણસ, વ્યકિતગત રીતે, મૂળ ઉદ્‌ભવ સ્થાનને, પોતાના અસ્તિત્વના ચરમ ભાગને પહોંચી શકે છે. તે ઉદ્‌ભવસ્થાન અને અસ્તિત્વનો ચરમ ભાગ એ સના-

તન, અનંત, પરમ પરમાત્મા જ છે. એટલે જો તમે મૂળ ઉદ્‌ભવસ્થાનને પહોંચો, તો તમે પરાત્પર પરમાત્માને પહોંચો છો. પણ તમે તેને એક રેખા વડે પહોંચો છો (મારા શબ્દોને પર્યાપ્ત વર્ણન ન માની લેશો, આ તો તમને સમજાવવા માટે છે.) તે એક રેખાગત સાક્ષાત્કાર છે, જેનો અંત એક બિંદુમાં આવે છે, અને તે બિંદુ પરમાત્મા સાથે સંયુકત હોય છે; તે તમારી સૌથી વધારે મોટી શકયતા છે. બીજા માર્ગ વડે તમે ગોળાકાર સાક્ષાત્કારને પ્રાપ્ત કરો છો, કારણકે તેમાં સર્વ વસ્તુઓ સમાવિષ્ટ છે; તે સાક્ષાત્કાર એક બિંદુ નથી, પણ જેમાંથી કશું જ બાકાત ન હોય એવી એક સમગ્રતા છે.

હું સમગ્ર અને ભાગ એ બે શબ્દો નથી વાપરી શકતી, કારણ કે ત્યાં કાંઈ ભેદ હોતો નથી. પણ અભિગમની ગુણવત્તા ભિન્ન ભિન્ન હોય છે. તેને એમ કહી શકાય કે જળના એક બિંદુ સાથે પરિપૂર્ણ તાદાત્મ્ય કરવાથી તમે સમુદ્ર શું છે તે જાણો છો; માત્ર તે જ સમુદ્ર સાથે પરિપૂર્ણ તાદાત્મ્ય નહિ, પણ બધા શકય સમુદ્રો સાથે, જળના એક બિંદુ સાથે તાદાત્મ્ય કરવાથી તમે સમુદ્રના સાર તત્ત્વને જાણો છો અને વળી તેની સમગ્રતાને પણ જાણો છો. એ એના જેવું છે. હું તેને વ્યકત કરવા પ્રયત્ન કરું છું. તે તેના જેવું છે, પણ બહુ કઠિન છે. તેમાં એક ભેદ છે. એમ કહી શકાય કે તે વ્યકિત પોતાના વ્યકિતત્વને અને તે માટે જરૂરી મર્યાદાઓને જાળવી રાખે છે, જયારે તે પોતાના અંગત બળ પર જ આધાર રાખતો હોય છે ત્યારે. બીજા કેઈસમાં, તે વ્યકિતત્વના સદ્‌ગુણોનો લાભ લઈ શકે છે, પણ તેની મર્યાદાઓ વગર. આ લગભગ તત્ત્વચિંતન જેવું છે, એટલે બહુ સ્પષ્ટ નથી. પણ (હસતાં હસતાં) હું માત્ર એટલું જ કહી શકું તેમ છું.

હવે કોઈ પ્રશ્ન છે? નથી ને? મને લાગે છે કે આટલું પૂરતું છે.

* * *

૨૭ જુલાઈ, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશમાંથી"
"સમર્પણ અને ખુલ્લાપણું"
વાંચે છે.

શ્રી અરવિંદે બધું જ કહી દીધું છે, મારે કશું ઉમેરવાનું નથી.

મધુર માતાજી, અહીં લખવામાં આવ્યું છે કે "આ યોગમાં, જ્યાં સુધી ચેતના ઊર્ધ્વમાં આરોહણ કરે ત્યાં સુધી, હૃદય હકીકતમાં મુખ્ય કેન્દ્ર હોવું જોઈએ." પણ દરેક માણસની ચેતના ભિન્ન ભૂમિકા પર હોય છે.

હા, તદ્દન ભિન્ન. માત્ર હંમેશાં એમ કહેવામાં આવ્યું છે કે અહીં, સૂર્ય-ચક્રના કેન્દ્ર ઉપર ધ્યાન, એકાગ્રતા કરો, કારણ કે માણસ ચૈત્યિકને ખૂબ સહેલાઈથી જોઈ શકે છે, તેની સાથે સંપર્કમાં પ્રવેશી શકે છે. તેટલા માટે ત્યાં એકાગ્રતા કરવાનું કહેવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે.

એક વાર ચેતના આરોહણ કરે, ત્યારે માણસ તેને ક્યાં જુએ છે?

મસ્તકની ઉપર, મનથી ઊર્ધ્વમાં. શ્રી અરવિંદના કહેવાનો અર્થ એ છે કે જ્યાં સુધી માણસ મનથી પર તદ્દન ઉચ્ચતર પ્રદેશોમાં ન ગયો હોય, જ્યાં સુધી

તે માનસિક, પ્રાણિક, શારીરિક માનવી ચેતનામાં રહ્યો હોય, ત્યાં સુધી તેણે ચૈત્યિકને શોધી કાઢવા માટે એકાગ્રતા કરવી જોઈએ. જો તમે માનવ ચેતનામાંથી ઉડ્ડયન કરીને સભાનતાપૂર્વક મનથી ખૂબ ઊંચે, ઉચ્ચતર પ્રદેશોમાં પ્રવેશ્યા હો, તો પછી તમારે ચૈત્યિકમાં એકાગ્રતા કરવાની કશી જરૂર નથી, કારણ કે સ્વાભાવિક રીતે જ તમે તેને પ્રાપ્ત કરી શકશો.

પણ માનસિક ચેતનાથી ઉપર ઉઠવું, ઉચ્ચતર વિચારશીલ મનમાં નહિ, પણ સર્વ માનસિક ગતિઓથી ખૂબ પર એ સહેલું નથી. શરૂઆત કરતી વખતે મન તદ્દન શાન્ત બની જવું જોઈએ, નહિ તો તેમ બની શકશે નહિ. જ્યારે મન પરિપૂર્ણ શાન્તિમાં પ્રવેશે છે, જેથી તે ઊર્ધ્વમાં છે તેને પ્રતિબિંબિત થવા માટેનું દર્પણ બની જાય છે, ત્યારે જ માણસ ઉપર ઉઠી શકે છે. પણ જ્યાં સુધી મન ભમ્યા કરે છે, ત્યાં સુધી કોઈ આશા નથી.

પણ તમારે લાગણીઓને ચૈત્યિક ન માની લેવી જોઈએ; એ બે વસ્તુઓ તદ્દન ભિન્ન વસ્તુઓ છે. લોકો હંમેશાં એમ માને છે કે જ્યારે તેમનામાં લાગણીઓ ઉદ્‌ભવે છે, ત્યારે તેઓ ચૈત્યિકમાં પ્રવેશ કરે છે. લાગણીઓને ચૈત્યિક સાથે કોઈ લેવા દેવા નથી; તે તો કેવલ પ્રાણિક છે. તે પ્રાણિકનો સૌથી વધારે સૂક્ષ્મ ભાગ છે, પણ તે પ્રાણિક જ છે. માણસ લાગણીઓ દ્વારા ચૈત્યિકમાં નથી જતો; તે ખૂબ ઉત્કટ અભીપ્સા અને અનાસક્તિ દ્વારા ચૈત્યિકમાં જાય છે.

મધુર માતાજી, "હૃદયને સૂકવી નાંખવું" એનો શો અર્થ છે?

હૃદયને સૂકવી નાંખવું! જ્યારે તમારાનાં કોઈ પ્રાણિક લાગણીવશતા નથી હોતી, ત્યારે લોકો કહે છે કે તમારું હૃદય સૂકાઈ ગયું છે. સાચી રીતે સૂકાઈ ગયેલું હૃદય એટલે એવું સત્ત્વ કે જે કોઈ ભલમનસાઈ, ઉદારતા, સદ્‌ભાવ કરવા તદ્દન અસમર્થ છે; સદ્‌ભાગ્યે તે બહુ વિરલ છે.

કેટલાક એવા વિરલ મનુષ્યો હોય છે જેઓ ચૈત્યિક અસ્તિત્વ વગર જ જન્મ્યા હોય છે, જેઓ દુષ્ટ હોય છે; પણ તેવા લોકો ખૂબ વિરલ હોય છે, દરેક જણ માટે હંમેશાં આશા રાખી શકાય છે. જે લોકો એવી કલ્પના કરે છે કે દુષ્ટ બનવામાં અમે ખૂબ બળવાન છીએ, તેમને માટે પણ આશા રાખી શકાય; ચૈત્યિક તેમનામાં ઓચિંતું જાગે. પણ લોકો તેમ માનતા નથી. લોકો તો એમ જ માને છે કે જ્યારે તમારામાં લાગણીમય નિર્બળતા અને પ્રાણિક લાગણી નથી હોતી, ત્યારે લોકો તમને કહે છે કે તમારું હૃદય સૂકાઈ ગયું છે. પણ તે તેમનો અભિપ્રાય

છે, સત્ય નહિ. સૂકાઈ ગયેલા હૃદયવાળા માણસમાં જરા પણ કરુણા નથી હોતી; તે બહુ વિરલ છે. જે લોકોને સૌથી વધારે દુષ્ટ કહેવામાં આવ્યા હતા, તેમના અસ્તિત્વમાં પણ હંમેશાં એક ખૂણો એવો હતો કે જે કરુણા પ્રત્યે ખુલ્લો હતો. કેટલીક વાર તે ખૂણો હાસ્યાસ્પદ રીતે નાનકડો હતો. પણ તે હતો ખરો.

મધુર માતાજી, જ્યારે તમે હૃદયમાં એકાગ્રતાની વાત કરો છો, ત્યારે શું તેનો અર્થ એવો છે કે મન વડે એકાગ્રતા કરો?

મન વડે નહિ, ચેતના વડે એકાગ્રતા કરો.

હું કહું છું કે હૃદયમાં નહિ, પણ શક્તિ પર, ચેતના પર, અભીપ્સા પર સંકલ્પ પર એકાગ્રતા કરો. તેમ કરવાથી કોઈ વિચાર નહિ આવે અને તમે ખૂબ ઉત્કટ એકાગ્રતા કરી શકશો. માણસ વિચાર નથી કરતો, ત્યારે તે ખૂબ ઉત્કટતા-પૂર્વક એકાગ્રતા કરી શકે છે. (મૌન) જો માણસે આત્મસંયમ અને મર્યાદિત આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાં હોય, તો તે પ્રકારની એકાગ્રતા સૌથી વધારે મહત્ત્વની વસ્તુઓમાંની એક છે; તેણે પોતાની ચેતનાને એક સ્થાન પર સ્થિર કરી, તેને પોતાના અસ્તિત્વના ભિન્ન ભિન્ન ભાગોમાં એવી રીતે સંચાલિત કરવી જોઈએ કે જેથી તે પોતાની ચેતના તથા વિચાર, લાગણીઓ, આવેગો વચ્ચે વિવેક કરી શકે, ચેતના પોતેથી વસ્તુ છે તેનાથી સભાન બની શકે. તેમ કરવાથી, પોતાની ચેતનાને કેવી રીતે એક ભાગમાંથી બીજા ભાગમાં સંચાલિત કરવી તે તેને આવડે છે; તે પોતાની ચેતનાને શરીરમાં, પ્રાણિકમાં અને ચૈત્યિકમાં (જે સૌથી વધારે શ્રેષ્ઠ સ્થાન છે) મૂકી શકે છે; તે પોતાની ચેતનાને મનમાં મૂકીને મનને મનથી પર લઈ જઈ શકે છે; પોતાની ચેતના વડે માણસ વિશ્વના બધા પ્રદેશોમાં વિચરી શકે છે.

પણ પ્રથમ માણસે પોતાની ચેતના શું છે તે જાણવું જોઈએ, તેનાથી સભાન બનવું જોઈએ, અને તેને એક સ્થાનમાં સ્થિર કરવી જોઈએ. તેને માટે ઘણા અભ્યાસો છે. સૌથી વધારે પ્રસિદ્ધ અભ્યાસ આ છે; પોતાની જાતનું, જીવતી જાતનું અવલોકન કરવું. પછી જોવું કે શું શરીર, જેને માણસ "હું" માને છે તે અસ્તિત્વની ચેતના છે ખરી? જ્યારે તેને સાક્ષાત્કાર થઈ જાય કે શરીર એ ચેતના નથી જ, શરીર તો બીજી કોઈ વસ્તુને અભિવ્યકત કરે છે, ત્યારે તેણે શોધવું કે શું આવેગો અને લાગણીઓ એ ચેતના છે? જ્યારે તેઓ પણ ચેતના નથી એવી તેને ખાતરી થઈ જાય, ત્યારે તેણે શોધવું કે શું વિચાર એ ચેતના "હું" છે?

થોડા સમયને અંતે તે સભાન બને છે કે હું વિચાર કરું છું, એટલે "હું" વિચારોથી ભિન્ન છું. આમ તે તે વસ્તુઓને દૂર કરવાની પ્રગતિ વડે માણસ પોતાના અસ્તિત્વમાં "હું" માં પ્રવેશ કરવામાં સફળ નીવડે છે. તેને સમજાઈ જાય છે કે હા, આ "હું" છું. આ ચેતનાને હું મારા શરીરમાંથી મારા મનમાં સંચાલિત કરી શકું છું. જો હું ખૂબ અભ્યાસ કરું, તો તે ચેતનાને હું બીજા લોકોમાં સંચાલિત કરી શકું છું; આ રીતે હું વસ્તુઓ અને વ્યકિતઓ સાથે મારી જાતનું તાદાત્મ્ય કરી શકું છું. મારી અભીપ્સાની મદદ વડે હું તેને મારા માનવી રૂપમાંથી બહાર કાઢી શકું છું અને આ શરીરથી તથા તેમાં રહેલી વસ્તુઓથી ઊર્ધ્વમાં, બીજા પ્રદેશોમાં મોકલી શકું છું." એ રીતે માણસ પોતાની ચેતના શું છે તે સમજી શકે છે. પછી તે કહી શકે છે કે "ઠીક, મારી ચેતનાને મારા ચૈત્યિક અસ્તિત્વ સાથે સંયુકત કરીને તેને ત્યાં મૂકીશ, જેથી તે ભગવાન સાથે સંવાદમય બને, ભગવાનને સંપૂર્ણ સમર્પણ કરી શકે." અથવા "જો મારી વિચારશકિતથી અને બુદ્ધિથી ઊર્ધ્વમાં જવાના અભ્યાસ વડે હું વિશુદ્ધ પ્રકાશના તથા વિશુદ્ધ જ્ઞાનના પ્રદેશમાં પ્રવેશી શકું," તો તે માણસ પોતાની ચેતનાને ત્યાં મૂકી શકે છે, અને શારીરિક રૂપથી ઊર્ધ્વ પ્રકાશમાં જીવી શકે છે.

પણ પ્રથમ આ ચેતના ગતિશીલ હોવી જોઈએ, અને માણસે તેનો અસ્તિત્વના બીજા ભાગોથી કેવી રીતે વિવેક કરવો તે જાણવું જોઈએ, જે ભાગો હકીકતમાં ચેતનાનાં કરણો, અભિવ્યકિતની ઘાટીઓ છે, ચેતનાએ તે ભાગોનો ઉપયોગ કરવો જોઈએ; તમારે તે ભાગોને ચેતના માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. તમે તે ભાગોમાં ચેતનાને મૂકો છો, અને તેથી તમે તમારા શરીરથી, પ્રાણિકથી, મનથી, તાદાત્મ્ય માટેના સંકલ્પ દ્વારા તમારી સર્વ ક્રિયાઓથી સભાન બનો છો; પણ તે માટે પ્રથમ તમારી ચેતનાએ આ બધી વસ્તુઓ સાથે ગૂંચવાઈ ન જવું જોઈએ, સંમિશ્રિત ન બની જવું જોઈએ, તેણે તે વસ્તુઓને પોતાની જાત માની લેવાની ભૂલ ન કરવી જોઈએ.

જ્યારે માણસ પોતાની જાત વિષે વિચાર કરે છે, ત્યારે તે પોતાના શરીરને "હું" માનતો હોય છે. (લાખો લોકોમાંથી ૧૦ માણસો જ તેવું માનતા નથી હોતા). લગભગ બધા લોકો પોતાના પડોશીઓ વિષે પણ તેમના શરીરને જ આત્મા માની લેતા હોય છે. જ્યાં સુધી માણસ આ સ્થિતિમાં છે, ત્યાં સુધી તે સર્વ શકય ગતિઓનું રમકડું બની જાય છે, તે આત્મ-સંયમ પ્રાપ્ત કરી શકતો નથી.

શરીર એ તો છેલ્લામાં છેલ્લું કરણ છે. જ્યાં સુધી માણસ ચિંતન કરતો નથી, ત્યાં સુધી લગભગ સર્વ સમયે શરીરને જ "હું" માને છે.

હવે કોઈ પ્રશ્નો પૂછવાનો છે?

આત્મસાત્કરણના સમયો દરમિયાન માણસ શા માટે ઘણી વાર વિખેરાઈ જતો હોય છે?

હા, તેમ ઘણી વાર બનતું હોય છે. માણસ પોતાના સર્વ વિચારોમાં, કામનાઓમાં, ક્રિયાઓમાં ખૂબ ખૂબ વિખેરાઈ જાય છે. પરિણામે તે સર્વ બાજુઓથી ખેંચાય છે; તેના જીવનમાં સુસંવાદ સ્થપાતો નથી.

પણ તે આત્મસાત્કરણના સમયો દરમિયાન જ શા માટે?

આત્મસાત્કરણના સમયો દરમિયાન વિખેરાઈ જવાની ક્રિયા?

એમ બને જ એ જરૂરી નથી, ઊલટું એવા કેટલાક લોકો છે જેઓ આત્મ-સાત્કરણના સમય દરમિયાન પોતાની જાતમાં પૂરાઈ જાય છે. મોટે ભાગે માણસ ક્રિયાઓ કરતી વખતે વિખેરાઈ જતો હોય છે, અભીપ્સા કરતી વખતે નહિ; હું સામાન્ય ક્રિયાઓ વિષે વાત કરું છું.

માણસ હંમેશાં, વત્તાં-ઓછાં પ્રમાણમાં, પોતે જે કરતો હોય છે તે ક્રિયા સાથે, પોતે જેમના સંપર્કમાં હોય છે તે વસ્તુઓ સાથે પોતાની જાતનું તાદાત્મ્ય કહે છે. માણસોની સામાન્ય સ્થિતિ એવી હોય છે કે પોતે જે કાંઈ કરે છે, જે કાંઈ જુએ છે, જેમને વારંવાર મળે છે, તેમનામાં પોતે પોતાની જાતને સ્થાપે છે, તેમની સાથે તાદાત્મ્ય કરે છે. તેમનામાં એવું કાંઈક છે, જે ખૂબ અસ્પષ્ટ, અસંગત હોય છે, જે સર્વત્ર ભટકતું રહે છે. જો તેમને પોતે કોણ છે તે થોડુંક જાણવું હોય, તો તેમને સર્વત્ર વિખેરાઈને પડેલી અનેક વસ્તુઓના ઢગલા પ્રત્યે પોતાની જાતને પાછી ખેંચવાની ફરજ પડતી હોય છે. માણસો વચ્ચે એક પ્રકારની અભાન પ્રવાહિતા છે. મેં તમને આ અનેકવાર કહ્યું છે. જ્યારે તે બધું તદ્ન ભૌતિક નથી હોતું, ત્યારે તે એક સંમિશ્રણ પેદા કરે છે. તમારી ચામડી એવી કઠણ છે કે તમે સહેલાઈથી એકબીજામાં પ્રવેશી શકતા નથી. નહિ તો, સૂક્ષ્મ શારીરિક પણ એક પ્રકારની, જોઈ શકાય તેવી વરાળ જેવું છે, જે શરીરોમાંથી બહાર નીકળે છે, જે સૂક્ષ્મ શારીરિક છે. તે ભયંકર રીતે એક બીજા સાથે સંમિશ્રિત થઈ જાય છે; તે સતત એક માણસનાં બીજા માણસ પર પ્રતિકાર્યો ઉત્પન્ન કરે છે.

૧૭.

કારણ તે બિલ્કુલ જાણ્યા સિવાય, માણસ તંદુરસ્તીની સંવાદિતામાંથી ખૂબ બેચેનીમાં અસમતુલામાં ચાલ્યો જતો હોય છે! તેનું કારણ તે જાણતો નથી. તે ઓચિંતું બને છે. માણસ શાન્તિમય, સંતુષ્ટ હોય, ખુશનુમા, સહ્ય સ્થિતિમાં હોય; અને પછી એકદમ તે ઉગ્ર, અસંતુષ્ટ, બેચેન બની જાય છે! તેનું કારણ તે જાણતો નથી. માણસમાં ખૂબ પ્રમાણમાં આનંદ અને ઉત્સાહ હોય; પછી કોઈ દેખીતા કારણ સિવાય તે દિલગીર, શોકાવિષ્ટ, નિરાશ, નાહિંમત બની જાય છે! એમ પણ કેટલીક વાર બને છે કે માણસ નિરાશાની સ્થિતિમાં હોય, પછી તે બીજે કયાંક જાય છે અને એકદમ બધું પ્રકાશમય, આનંદપૂર્ણ બની જાય છે. શા માટે? માણસ ઓચિંતો આશાવાદી બની જાય છે; અલબત્ત આમ વિરલ બનતું હોય છે. આ બધું ચેપી છે. પણ માણસ રચનાત્મક વસ્તુઓને બદલે વિનાશ વસ્તુઓને પકડે, તો તેમાં ખૂબ જોખમ રહેલું છે.

એવા બહુ થોડા લોકો છે, જેઓ પોતાની સાથે આનંદને, શાન્તિને, વિશ્વાસને પ્રસારતા વાતાવરણને લઈ જતા હોય છે, એ બહુ વિરલ છે. પણ તેઓ સાચી રીતે માનવજાતિનું કલ્યાણ કરનારા લોકો છે. તેમને પોતાનું મોં ખોલવાની જરૂર પડતી નથી.

બસ, પતી ગયું?

(મૌન)

મધુર માતાજી, અને દરરોજ અગાસીમાંથી થતા દર્શન માટે જઈએ છીએ. અહીં અમે ક્રીડાંગણમાં કૂચ અને ધ્યાન કરવા માટે આવીએ છીએ. ૧ આ દરેક વસ્તુ પ્રત્યે અમારો અભિગમ કેવો હોવો જોઈએ?

દરેક બાબતમાં અનિવાર્ય વસ્તુ છે ગ્રહણશીલતા.

દા. ત. જ્યારે હું અગાસીમાં આવું છું, ત્યારે હું ખાસ એકાગ્રતા કરતી હોઉં છું, તમે જાણો છો કે હું દરેક જણ સામે જોતી હોઉં છું. હું જોઉં છું, દરેક જણ પર નજર ફેરવું છું, ત્યાં હાજર રહેલા કોણ કોણ છે અને કયાં ઊભા છે તે બધું હું જાણું છું, હું દરેક જણને તેને જરૂરી વસ્તુ આપું છું. હું તેની

---

૧. તે સમયે માતાજી રોજ સવારે પોતાની અગાસીમાંથી દર્શન આપતાં હતાં. સાંજે તે ક્રીડાંગણમાં કૂચની સલામી ઝીલવા હાજર રહેતાં હતાં; કૂચ પતી ગયા પછી તે ધ્યાન કરાવતાં હતાં.

સ્થિતિ જોઉં છું, અને તેને જરૂરી વસ્તુ આપું છું. હું તે બધું ઝડપથી કરી લઉં છું, કારણ કે નહિ તો તમારે ત્યાં અડધો કલાક રાહ જોવી પડે; પણ હું તે બધું કરતી તો હોઉં છું જ. તે માટે જ હું બહાર આવું છું, કારણ કે નહિ તો હું તમને મારી ચેતનામાં વહન કરતી જ હોઉં છું. હું તમને મારી ચેતનામાં હંમેશાં રાખું છું, તમને મળું નહિ તો પણ; જે જરૂરી હોય તે હું કરી લઉં છું. પણ અહીં એક એવી ક્ષણ છે કે જ્યારે હું તમારા શારીરિકનો સીધો સ્પર્શ કરીને તેમ કરી શકું છું; નહિ તો તે કામ મન વડે અથવા પ્રાણિક વડે થતું રહે છે. પણ અહીં દર્શનના સંપર્ક દ્વારા સીધી રીતે તમારા શારીરિકને સ્પર્શું છું. દર વખતે હું તેમ જ કરું છું.

એટલે જે આવનાર દરેક જણ આંતર ખુલ્લાપણાના વિશ્વાસ સાથે આવે, હું તેને જે આપું તે સ્વીકારવા તે તૈયાર હોય, અને વિખરાઈ ગયેલો ન હોય, એવા લોકો છે કે જેઓ શું બની રહ્યું છે, બીજાઓ શું કરી રહ્યા છે તે જોવામાં પોતાનો સમય ગાળતા હોય છે, અને પરિણામે હું જે આપું તે સ્વીકારવાની તક તેમને મળતી હોતી નથી; પણ જો આમ (અભિનય) સ્વીકારવા માટે તેઓ પોતાની ચેતનાને ખુલ્લી રાખે, તેમ કરવા માટે બને એટલા શાન્ત અને ખુલ્લા રહે, જો કોઈને કોઈ મુશ્કેલી કે સમસ્યા હોય, તો તે તેને પોતાની અભીપ્સામાં રજૂ કરી શકે છે, પણ તે બહુ જરૂરી નથી, કારણ કે લોકો પોતાને વિષે જે માનતા હોય છે તેની અને વાસ્તવિક રીતે પોતે જે છે તે બંને વચ્ચે બહુ અંતર હોય છે, જો તેઓ માત્ર આમ (અભિનય) ખુલ્લા હોય અને શક્તિની રાહ જોતા હોય, તો હું સીધી તેમનામાં જાઉં છું અને જે કરવાનું જરૂરી હોય તે કરી લઉં છું, તે ક્ષણે હું તે બધું હું, તદ્દન ધીમેથી આમ (અભિનય) કરી લઉં છું, ઊર્ધ્વમાંથી હું બધું બરાબર, સારી રીતે જોઈ લઉં છું, દરેક જણની સ્થિતિને જોઈ લઉં છું. એ સવારે કરાતું કામ છે.

એકાગ્રતા એ તદ્દન ભિન્ન વસ્તુ છે. પ્રથમ તો હું વાતાવરણને તદ્દન શાન્ત, એકત્રિત બનાવી દઉં છું, જાણે કે હું મારી ચેતનાને આમ (અભિનય) પ્રસારી ન દેતી હોઉં; અને પછી ખૂબ ઊર્ધ્વમાંથી હું મારાથી બની શકે તેટલી શક્તિને નીચે લઈ આવું છું, અને મારાથી બની શકે તેટલા બળપૂર્વક તેને તમારા ઉપર મૂકું છું. એટલે તેનો આધાર માણસ કેટલો શાન્ત અને એકાગ્ર છે તેના પર રહે છે. અહીં માણસે એકાગ્ર બનવું જોઈએ, વિખરાયેલો નહિ; તેણે આમ (અભિનય) સમાંતર બનવું જોઈએ. પછી તે શક્તિ તેના પર દબાણ મૂકે છે. તે

દબાણ એકત્રિત કરવા માટે, સમગ્રને ભેદી નાંખવા માટે, સુસંગત બનાવવા માટે હોય છે, જે ઊર્ધ્વની શક્તિને સામૂહિક રીતે અભિવ્યકત કરી શકે.

સવારનું કામ વ્યકિતગત છે; સાંજનું કામ સામૂહિક છે. પણ તેમાં સ્વાભાવિક રીતે જ, દરેક જણ વ્યકિતગત અનુભવ પ્રાપ્ત કરી શકે છે, પણ સાંજે હું એકીકરણનું કામ કરું છું. દરેક જણ પોતાની ગ્રહણશકિત અનુસાર, અને પોતે જે સ્થિતિમાં છે તે અનુસાર, સ્વીકારે છે.

મધુર માતાજી, ઝૂચ દરમિયાન?

ઝૂચ એ એક શારીરિક ક્રિયા છે, તે માણસને શારીરિક ક્રિયા માટે તૈયાર બનાવે છે. કાર્ય કરવા માટેની તૈયારી માટે, તે પોતાની જાતને વૈશ્વિક શકિત પ્રત્યે ખુલ્લા કરવાની એક ક્રિયા છે, તે વૈશ્વિક શકિત સાથેનો સંપર્ક છે, જેથી કાર્ય કરવામાં શરીરને મદદ મળે. તે ક્ષણે તે એવી કોઈક વસ્તુ છે કે જે ખૂબ શારીરિક છે, આ શારીરિક સંસ્કૃતિનો પાયો છે : કાર્ય માટે શરીરને તૈયાર કરવું, શકિતઓનો સ્વીકાર કરવો, હું હાજર ન હોઉં ત્યારે પણ, ઝૂચનો આ ઉદ્દેશ છે. ઝૂચ શરીરની શકિતઓ પ્રત્યેની ગ્રહણશકિતને વેગ આપે છે, જેથી કાર્ય સિદ્ધ થાય. તે એવી કોઈ વસ્તુ પર આધારિત છે કે જેને અનેક પ્રકારે અભિવ્યકત કરી શકાય છે. તે સૌથી વધારે ભૌતિક શારીરિક ચેતનામાં રહેલી વીરતાની સ્વયંભૂ અને સુંદર પ્રશંસા છે.

તે તમસ્‌ને અને શારીરિક જડતાને જિતવા માટે એક જબરદસ્ત શકિત છે. વળી યુદ્ધોમાં સેનાઓની લડાયક શકિતઓનો એ પાયો છે. જો માનવોમાં વીરતા ન હોય, તો પોતે જેમને જાણતા નથી તેવી વસ્તુઓ માટે, મૂર્ખાઈભરેલી રીતે, તેમને કોઈ લડવા જવા માટે પ્રેરી શકે નહિ. અસ્તિત્વમાં રહેલી વીરતાને કારણે માણસોના મોટા સમૂહોનો ઉપયોગ કરી શકાય છે, તેમને નોકરીમાં રાખી શકાય છે, ગતિમાં મૂકી શકાય છે.

પ્રથમ વિશ્વ યુદ્ધમાં, જે બીજા વિશ્વયુદ્ધ કરતાં વ્યકિત માટે વધારે કઠિન હતું આના ખૂબ આશ્ચર્યજનક દાખલાઓ મળી રહે છે. તે એક ભીષણ યુદ્ધ હતું. કારણ કે તેમાં સૈનિકોને પોતે ખોદેલા ખાડાઓમાં કીડાઓની સાથે સૂઈ રહેવાની ફરજ પડી હતી; તેમને સતત તોપોના ગોળાઓનું જોખમ રહેતું, જેની સામે આત્મરક્ષણ માટે તેઓ કશું કરી શકે તેમ ન હતું; અને તેમને તે ખાડાઓમાં કેટલીક વાર દિવસો સુધી રહેવું પડતું હતું. કેટલીક વાર તો તેમને

એક જ ખાડામાં પંદર કરતાં વધુ દિવસો સુધી રહેવું પડતું કારણ કે બીજા ખાડામાં જવાનાં કોઈ સાધનો ન હતાં. સતત જોખમ હેઠળ તે છછુંદરના જેવું જીવન હતું; તેનો કોઈ ઉપાય ન હતો. તે બધી વસ્તુઓ કરતાં વધારે ભયંકર સ્થિતિ હતી. તે એક ભીષણ યુદ્ધ હતું. કેટલાંક સૈન્યોને તે રીતે રહેવું પડયું હતું, કારણ કે તોપમારાને કારણે તેમને રાહત પહોંચાડી શકાય તેમ ન હતી. બીજા સૈન્યોને લાવી પેલાં સૈન્યોની જગ્યાએ મૂકવા તેને રાહત કહેવામાં આવતી. કેટલાક સૈનિકોને તે રીતે ૧૦, ૧૫ દિવસ સુધી રહેવું પડયું હતું. તેવી સ્થિતિમાં કોઈ માણસ પાગલ બની જાય, તો તેમાં નવાઈ નહિ. તેમાંના કેટલાક સૈનિકોએ જે બન્યું હતું તેનું, પોતાના જીવનનું વર્ણન કર્યું હતું.

મેં આને વિષેનાં પુસ્તકો, રોજ રોજ જે બનતું તેના સમાચારો વાંચ્યાં છે, નવલકથાઓ નહિ. એક મહાન લેખકે યુદ્ધની પોતાની સ્મૃતિઓ વિષે લખ્યું છે; તે લખે છે કે તોપગોળાના મારા હેઠળ તે સૈનિકોને ૧૦ દિવસ સુધી એમ રહેવું પડયું હતું. (સ્વાભાવિક રીતે જ કેટલાક માણસો તો તે ખાડાઓમાં મરી ગયા હતા.) પછી તેમની જગ્યાએ બીજા સૈનિકોને મૂકવામાં આવતા, અને તેઓ પાછા જતા. પાછા આવેલા સૈનિકોને ઝાઝું ખાવાનું મળ્યું ન હતું, સારી રીતે ઊંઘવાનું મળ્યું ન હતું, તેઓ અંધકારમય છિદ્રોમાં જીવ્યા હતા; તેમનું જીવન ભયંકર હતું. જ્યારે તેઓ પાછા આવ્યા, ત્યારે તેમાંના કેટલાક તો પોતાના બૂટ કાઢી શકયા ન હતા, કારણ કે તેમના પગ અંદર બહુ સૂજી ગયા હતા. આ શારીરિક ભયંકરતાઓ અકલ્પનીય છે. છેલ્લા વિશ્વયુદ્ધ જેટલી તે વખતે વાહનવ્યવહારની સગવડો ન હતી, એટલે તેઓ ભાંગી પડેલી, અધ-મૂઆ જેવી સ્થિતિમાં પાછા આવ્યા હતા.

પણ તેઓ ચીટકી રહ્યા હતા; હિમતના દૃષ્ટિબિંદુથી જોતાં, તે યુદ્ધની એક સૌથી વધારે સુંદર વસ્તુ હતી, કારણ કે તેઓ ચીટકી રહ્યા હતા, શત્રુઓ તે ખાડાઓનો કબ્જો મેળવી શકયા ન હતા અને તેઓ આગેકૂચ કરી શકયા ન હતા. સ્વાભાવિક રીતે જ તેમના સમાચાર પ્રસરી ગયા, અને તેઓ એક ગામડામાં આવ્યા. ગામડાંના બધા લોકો તેમનું સ્વાગત કરવા બહાર આવ્યા, પુષ્પો લઈને માર્ગ ઉપર પંકિતબદ્ધ ખડા રહ્યા, અને ઉત્સાહની બૂમો પાડવા લાગ્યા. પેલા જે સૈનિકો ખૂબ મુશ્કેલીથી પણ ચાલી શકતા ન હતા, આવા નીચે નમેલા (અભિનય) બની ગયા હતા, તે બધા ઓચિંતા ટટ્ટાર બની ગયા, તેમણે પોતાની ગરદન ટટ્ટાર રાખી દીધી; તેમનામાં શકિત ઉભરાઈ આવી, તેઓ ગાવા લાગ્યા, ગાતા ગાતા તેઓ આખા ગામડામાં ફરી વળ્યા, જાણે તેઓ પુનરુજ્જીવિત થઈ ગયા હોય.

હું આ પ્રકારની વસ્તુ વિષે વાત કરી રહી છું. આ એક સુંદર વસ્તુ સૌથી વધારે ભૌતિક, શારીરિક ચેતનામાં રહેલી છે! તેમને ઓચિંતી એક એવી લાગણી ઉઠી આવી કે, અમે વીરો છીએ, અમે કાંઈક વીરતાપૂર્ણ કાર્ય કર્યું છે; પરિણામે તેઓ નકામા, તદ્દન ભાંગી પડેલા લોકો જેવા દેખાવા માગતા ન હતા. જાણે તેઓ કહેતા ન હોય કે જરૂર પડે તો, અમે ફરી યુદ્ધમાં જવા તૈયાર છીએ! એ રીતે તેઓ ગામડામાં ફરી વળ્યા. મને ખાતરી છે કે તે એક અદ્‌ભુત વસ્તુ હતી.*

અત્યારે કૂચ કરતી વખતે તમે એનો વિકાસ સાધી રહ્યા છો.

બસ, હવે આપણે અટકીશું.

* * *

---

* આ વાર્તાલાપને ચાલુ રાખતાં, ક્રીડાંગણમાંથી જતા પહેલાં, માતાજીએ પવિત્રને કહ્યું હતું કે, આ પ્રાણિકના ઉત્સાહને કોષાણુઓએ આપેલો પ્રત્યુત્તર છે.

૩ ઑગસ્ટ, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશો" માંથી
"સમર્પણ અને ખુલ્લાપણું"
વાંચે છે.

સાચી જીવનક્રિયા એ શું છે?

તે ભગવાનને અભિવ્યકત કરવાની ક્રિયા છે. તે અસ્તિત્વનું કારણ છે, જીવનનું કારણ, તેનું સત્ય છે, તેની સાચી ક્રિયા છે.

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદે કહ્યું છે કે તે અશકય છે. શા માટે? કારણ કે તમે કહ્યું છે કે કશું જ અશકય નથી!

સિદ્ધાંતમાં કશું જ અશકય નથી. પણ જો માણસ જરૂરી વસ્તુ કરવાની ના પાડે, તો સ્પષ્ટ છે કે, તે સફળતા પ્રાપ્ત કરી શકે નહિ.

ભૌતિક જગતમાં અમુક સ્થિતિઓ હોય છે, નહિ તો તે જેવું છે તેવું ન બને. જો તેમાં સ્થિતિઓ અને પ્રક્રિયાઓ ન હોત, તો દરેક વસ્તુનું પરિવર્તન આશ્ચર્યકારક રીતે કરી શકાય, પણ જગતનું નિર્માણ એ રીતે કરાયું નથી એ સ્પષ્ટ છે, કારણ કે વસ્તુઓ આશ્ચર્યજનક રીતે બનતી નથી; માણસો જે સતત સ્વેચ્છામય

નિર્ણયો સિદ્ધ થાય, તેમને ચમત્કારો માને છે. એ સ્પષ્ટ છે કે, જગતમાં સ્વેચ્છામય નિર્ણયો નથી સિદ્ધ થતા.

શ્રી અરવિંદ કહે છે કે, અમુક વસ્તુ કરવા માટે શરતો હોય છે. જો તમે તે શરતો પૂરી કરવાની ના પાડો, તો તમે તે વસ્તુ ન કરી શકો, તમે બીજી જ વસ્તુ કરશો, કારણ કે માત્ર તે જ વસ્તુ એકલી શકય નથી હોતી. પણ જો માણસે અમુક વસ્તુ કરવી હોય, તો તેણે તેને માટેની શરતો પૂરી કરવી જોઈએ; નહિ તો તે બીજું જ કંઈક કરી બેસશે!

હું માનું છું કે, જો તમે દેશકાલમાં જગતને તેની સમગ્રતામાં લો, તો તમે કહી શકો કે, કશું જ અશકય નથી, ઘણું કરીને દરેક વસ્તુ બની શકે, પણ તે સમગ્રતામાં, અને દેશકાલમાં છે; કાલની સનાતનતાઓ દ્વારા અને દેશની અનંતતાઓ દ્વારા બધું જ શકય છે. પણ અમુક અપાયેલી ક્ષણે, અમુક અપાયેલા બિંદુએ, અમુક સંખ્યાની વસ્તુઓ જ શકય છે, બધી નહિ; તે શકયતાઓને સિદ્ધ કરવા માટે અમુક શરતો પૂરી કરવાની હોય છે. જગતનું નિર્માણ તે પ્રકારે થયેલું છે. આપણો કોઈ ઉપાય તેમાં ચાલતો નથી; "જગત બીજી રીતે નિર્માવું જોઈતું હતું" એમ કહેવું એ નિરર્થક છે. આપણે જગત જેવું છે તેવું તેને સ્વીકારી લેવું જોઈએ, અને તેમાંથી બને તેટલો લાભ ઉઠાવી લેવો જોઈએ.

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદે કહ્યું છે કે "જો અંતરતમ આત્મા જાગૃત થયો હોય, જો માત્ર માનસિકમાંથી, પ્રાણિકમાંથી, અને શારીરિકમાંથી ચૈત્યિક ચેતનામાં કોઈ નવીન જન્મ થયો હોય, તો જ આ યોગ કરી શકાય." તેમણે "અંતરતમ આત્મા" કેમ કહ્યું? શું ઉપરચોટિયો આત્મા પણ છે?

કારણ કે આ અંતરતમ આત્મા અર્થાત્ કેન્દ્રીય ચૈત્યિક અસ્તિત્વ ચેતનાના ઉપરચોટિયા ભાગો પર અસર નીપજાવે છે (ઉપરચોટિયા ચૈત્યિકની સરખામણીમાં, જેવા કે માનસિક ભાગો, પ્રાણિક ભાગો.) આત્મા વિશુદ્ધતમ મન પર, ઉચ્ચતમ પ્રાણિક પર અસર નીપજાવે છે, અને તે પણ એટલી બધી કે, માણસ પર એવી છાપ પડે છે કે, પોતે અસ્તિત્વના તે ભાગો દ્વારા આત્માના (ચૈત્યિકના) સંપર્કમાં પ્રવેશે છે. એટલે લોકો આત્મા માટે આ ભાગોને સ્વીકારે છે. તેથી શ્રી અરવિંદ તેને અંતરતમ આત્મા, સાચો કેન્દ્રીય આત્મા કહે છે.

ઘણી વાર, જ્યારે માણસ ચૈત્યિક અસર હેઠળ આવેલા પ્રકાશથી પૂર્ણ, તે પ્રકાશના આનંદથી પૂર્ણ મનના અમુક ભાગોને સ્પર્શે છે, અથવા જ્યારે માણસ ખૂબ વધારે ઉદાર અને નિ:સ્વાર્થ માગણીઓવાળા લાગણીમય અસ્તિત્વના અમુક ખૂબ વિશુદ્ધ અને ઉચ્ચ ભાગોને સ્પર્શે છે, ત્યારે તેને એમ લાગે છે કે, હું મારા આત્મા સાથે સંપર્કમાં છું. પણ તે સાચો આત્મા નથી, આત્માનું સારતત્ત્વ નથી. આ અસ્તિત્વના એવા ભાગો છે કે જે આત્માની અસર હેઠળ છે અને આત્માની અમુક વસ્તુને અભિવ્યકત કરે છે. એટલે લોકો ઘણીવાર આ ભાગો સાથે સંપર્કમાં પ્રવેશે છે, જે ભાગો તેમને પ્રકાશ, મહાન આનંદ, આવિષ્કારો આપે છે, અને તે લોકો એમ માની લે છે કે, અમે આત્માને પ્રાપ્ત કરી લીધો. પણ તે તેમના અસ્તિત્વનો માત્ર એક યા તો બીજો ભાગ હોય છે, જે આત્માની અસર હેઠળ આવ્યો છે. સાચી રીતે આમ બને છે કે, માણસ આ વસ્તુઓને સ્પર્શે છે, તેને અનુભવો પ્રાપ્ત થાય છે, અને પછી તે આવૃત થઈ જાય છે, અને માણસ આશ્ચર્ય અનુભવે છે કે મેં મારા આત્માનો સ્પર્શ કર્યો હતો, અને હવે હું પાછો અજ્ઞાનની અને સચેતનતાની સ્થિતિમાં કેવી રીતે પતન પામ્યો? પણ ખરી રીતે તેણે આત્માનો સ્પર્શ કર્યો ન હતો, તેણે અસ્તિત્વના તે ભાગોનો સ્પર્શ કર્યો હતો જે આત્માની અસર હેઠળ આવ્યા હતા અને તેના અમુક ભાગને વ્યકત કરતા હતા, પણ જે આત્મા ન હતા.

મેં અનેક વાર કહ્યું છે કે, જ્યારે માણસ સભાનતાપૂર્વક આત્મા સાથે સંપર્કમાં પ્રવેશે છે અને તે બેની એકતા સ્થાપિત બને છે, ત્યારે તે પતી જાય છે, પછી તે એકતાને છિન્ન-ભિન્ન કરી શકાતી નથી; તે એકતા એક એવી વસ્તુ છે કે જે સ્થાયી, સતત છે, જે દરેક વસ્તુનો સામનો કરે છે, જ્યારે તેની સલાહ લેવી હોય ત્યારે જે પ્રાપ્ય હોય છે; જ્યારે બીજી વસ્તુઓ, માણસને સરસ અનુભવો થયા હોય, પણ તે આત્મા પર આવરણ આવી જાય છે, અને માણસ પોતાની જાતને કહે છે કે, "આમ કેવી રીતે બન્યું? મેં મારા આત્માનાં દર્શન કર્યા હતાં, અને હવે તે દેખાતો નથી" પણ ત્યારે માણસે આત્મા જોયો ન હતો. આ વસ્તુઓ બહુ સુંદર હોય છે. તમારા પર છાપ પાડે તેવા અનુભવો આપે છે, પણ તે ચૈત્યિક અસ્તિત્વ સાથેનો સંપર્ક નથી હોતો.

ચૈત્યિક અસ્તિત્વ સાથેનો સંપર્ક નિશ્ચયાત્મક હોય છે. તેથી જ્યારે મને લોકો પૂછે કે, મને મારા ચૈત્યિક અસ્તિત્વ સાથે સંપર્ક થયો છે? ત્યારે હું કહું છું કે, તમારો પ્રશ્ન જ સાબીત કરે છે કે, તમને ચૈત્યિક અસ્તિત્વ સાથે સંપર્ક થયો નથી.

હે મારાં બાળકો, હવે કોઈ પ્રશ્ન છે?

મધુર માતાજી, મેં એમ સાંભળ્યું છે કે, પોતાના કામ માટે રહસ્યમય શક્તિઓનો ઉપયોગ કરનાર જાદુગરોને મૃત્યુ પછી બહુ સહન કરવું પડે છે. શું એ સાચું છે?

તમે કયા પ્રકારના જાદુગરો વિષે વાત કરો છો? ગમે તે પ્રકારના?

રહસ્યમય શક્તિઓવાળા જે જાદુગરો તેમનો ઉપયોગ અંગત હેતુ માટે કરે છે તેમને વિષે? તમારો કહેવાનો એ અર્થ છે?

હા.

મૃત્યુ પછી તેઓ દુઃખ પામે છે અથવા પોતાની ચેતના ગુમાવી દે છે કે નહિ, તે હું જાણતી નથી; પણ એટલી વાત ચોક્કસ છે કે, તેઓ શાન્તિની કે સુખની સ્થિતિમાં નથી હોતા. કારણકે, આધ્યાત્મિક દષ્ટિબિંદુથી જોતાં એ એક પ્રકારનો ચોકકસ નિયમ છે કે, આંતર સાધના વડે અને ભગવાનને સમર્પણ કરવા વડે શક્તિઓ તમારી પાસે આવે છે, પણ જો તમારી અભીપ્સા સાથે, સાધના સાથે, સમર્પણ સાથે કોઈ મહત્વાકાંક્ષા સંમિશ્રિત થઈ ગઈ હોય, તો જે શક્તિઓ તમને પ્રાપ્ત થાય છે તે એક શાપરૂપ બની જાય છે. મોટે ભાગે તો તમને પ્રાપ્ત થતી જ નથી, પણ તેમનું અનુકરણ કરતું, અમુક પ્રાણિક, વિરોધી અસરો સાથે, આવતું હોય છે, જે તમને સંપૂર્ણપણે એવાં સત્ત્વોના અંકુશ હેઠળ મૂકી દે છે કે જેઓ માત્ર તમારો ઉપયોગ કરવા ખાતર જ તમને શક્તિઓ આપે છે, અને જેમનો આશય પોતાનું કામ તમારી પાસે કરાવી લેવાનો હોય છે, પોતે જે ગેરવ્યવસ્થા પેદા કરવા ઈચ્છતાં હોય છે તે તમારી મારફતે કરાવી લે છે. જ્યારે તેમને એમ લાગે છે કે, તમે તેમની જરૂરી સેવા કરી લીધી છે અને હવે તમારો કશો ઉપયોગ નથી, ત્યારે તે સત્ત્વો તમારો વિનાશ કરે છે. શારીરિક રીતે તેઓ તમારો વિનાશ કરવા સમર્થ ન બને, કારણકે તેમ કરવાની શક્તિ તેમનામાં હંમેશાં હોતી નથી. પણ તેઓ માનસિક રીતે, પ્રાણિક રીતે, અને તમારી ચેતનામાં તમારો વિનાશ કરે છે, અને ત્યાર પછી તમે મરતા પહેલાં પણ નકામા બની જાઓ છો. મૃત્યુ પછી તમે સમગ્રપણે તેમ અસર હેઠળ હો છો એટલે પ્રથમ તો તેઓ તમને ગળી જાય છે, કારણકે તેઓ આ રીતે માણસોનો ઉપયોગ કરતાં હોય છે, એટલે તે અનુભવ સુખપ્રદ તો ન જ હોઈ શકે. તે એક ખૂબ ખૂબ જોખમકારક રમત છે.

પણ સર્વત્ર, બધા ઉપદેશોમાં, બધી સાધનાઓમાં, સર્વ યુગોમાં એક જ વસ્તુ વારંવાર કહેવામાં આવી છે કે, માણસે સાધનામાં મહત્ત્વાકાંક્ષા અને અંગત સ્વાર્થ કદી ભેળવી દેવાં ન જોઈએ; નહિ તો તે મુશ્કેલીને નિમંત્રણ આપે છે. એટલે આ કોઈ અંગત કેઈસની વાત નથી; બધા આ પ્રકારના દાખલાઓનાં પરિણામો ખતરનાક હોય છે.

મધુર માતાજી, એવા કોઈ જાદુગરો છે ખરા કે જેઓ પોતાના અંગત હેતુ માટે જાદુ નથી કરતા?

તમે જાદુભર્યા વિધિઓ વિષે પૂછો છો? કારણ કે તમારે જાદુનું સંમિશ્રણ રહસ્યવાદ સાથે ન કરી દેવું જોઈએ.

રહસ્યવાદ એક વિજ્ઞાન છે. જેમ માણસે જો વૈજ્ઞાનિક રીતે ભૌતિક શકિતઓનું અધ્યયન કર્યું હોય, તો તે તેમની સાથે કામ લેવાની શકિત પ્રાપ્ત કરે છે, તેમ રહસ્યવાદ એ અદૃશ્ય શકિતઓનું જ્ઞાન અને તેમની સાથે કામ લેવાની શકિત છે.

જાદુ : આ ભિન્ન-ભિન્ન પ્રકારની પ્રક્રિયાઓ છે જેમને ઘણું કરીને એવા લોકોએ નિશ્ચિત કરી હતી કે જેમનામાં અમુક જ્ઞાન અને પ્રાણિક રચના કરવાની અમુક શકિત હતાં. આ વસ્તુઓ કોઈ ખાસ શકિત પ્રાપ્ત કર્યા વિના પણ શીખી શકાય છે. જેનામાં કોઈ આંતર શકિત નથી, તેવો માણસ પણ, જેમ રસાયનશાસ્ત્ર અથવા ગણિત શીખે છે તેમ, જાદુ પણ શીખી શકે છે. માણસ તે રીતે જેમને શીખે છે તેમાંની આ એક વસ્તુ છે; તે વસ્તુ એવી નથી કે જેને તે પ્રાપ્ત કરે છે. એટલે જાદુમાં કોઈ ખાસ ગુણો નથી, સિવાય કે રસાયનશાસ્ત્ર શીખનાર માણસના ગુણો જેવા જ ગુણો તમે આ રાસાયનિક ક્રિયાઓનું ફરી નિર્માણ કરી શકો; પણ જો તમે બુદ્ધિશાળી અને શકિતશાળી માણસ હો, તો તમે તે રાસાયનિક ક્રિયાઓની મદદથી રસપ્રદ અને ઉપયોગી પરિણામ મેળવી શકો, અને ગમે તે બાબતમાં સર્વ જોખમોમાંથી રક્ષા પ્રાપ્ત કરી શકો; પણ જો તમે મૂર્ખ હો, તો તમારા પર વિપત્તિઓ આવી પડે. જાદુ તેના જેવું છે.

જાદુની ફોર્મ્યુલાઓની મદદ વડે માણસ અમુક પરિણામ પેદા કરી શકે, પણ તે પરિણામ મર્યાદિત હોય છે, અને જે લોકો એ પોતાના આંતર વિકાસ દ્વારા એક યાંત્રિક નહિ તેવા એક ઉચ્ચતર જ્ઞાનવાળી શકિતઓ પ્રાપ્ત કરી હોય છે તેમને જાદુમાં કોઈ ખાસ રસ પડતો નથી. તે સાચા યોગી માટે નથી હોતું, તેમાં કુતૂહલ સિવાય બીજો કોઈ રસ નથી. જે લોકો યોગી નથી અને જેઓ

અમુક મર્યાદિત શક્તિઓ પ્રાપ્ત કરવા માગે છે તેમને માટે જ રસપ્રદ છે. જાદુ ખૂબ મર્યાદિત છે.

જાદુમાં ખાસ વસ્તુ એ છે કે તે પદાર્થતત્ત્વ ઉપર સીધું કાર્ય કરે છે; પણ થોડાક વિરલ અપવાદો સિવાય, આધ્યાત્મિક, યોગિક શક્તિઓવાળા માણસોમાં તે મોટે ભાગે માનસિક શક્તિઓની દરમિયાનગિરી દ્વારા કાર્ય કરે છે. આધ્યાત્મિક અથવા માનસિક શક્તિઓ દ્વારા, કેટલીક વાર પ્રાણિક શક્તિઓ દ્વારા (જે વધારે વિરલ હોય છે), પણ સીધી રીતે પદાર્થતત્ત્વ ઉપર નહિ, સિવાય કે જે લોકોએ પદાર્થતત્ત્વમાં યોગ કર્યો હોય; પણ આ કેઈસો અપવાદરૂપ છે, જેમને વિષે તે માણસ વાત કરતો નથી. આ વસ્તુઓ અમુક નાનકડાં તત્ત્વોને ગતિમાન બનાવે છે, જે મોટે ભાગે માનવપ્રાણીઓના વિઘટનનું પરિણામ હોય છે અને છતાં જેમનામાં ભૌતિક જગત સાથે પૂરતો સંપર્ક હોય છે, જેથી તેઓ ભૌતિક જગતમાં કાર્ય કરી શકે. પણ જો કાર્ય નિમ્નતર પ્રકારનું હોય, તો શક્તિ પણ નિમ્નતર પ્રકારની હોય છે; ઉચ્ચતર શક્તિઓ સાથે સાચી રીતે સંબંધ ધરાવનાર માણસને તે શક્તિ પ્રત્યે અણગમો થાય તેવી તે હોય છે.

આધ્યાત્મિક સાક્ષાત્કારની સ્વયંભૂ શક્તિઓ વડે અમુક કામ સિદ્ધ કરવા માટે કાર્ય કરવું, તે તો સારી રીતે સમજી શકાય. પણ એમ કહી શકાય કે, દરેક માણસ તે કરતો હોય છે, કારણ કે વિચાર કરવો એટલે અદૃશ્ય રીતે કાર્ય કરવું; અને તમારા વિચારની શક્તિ અનુસાર તમારું કાર્ય વત્તા-ઓછાં પ્રમાણમાં પ્રસરતું હોય છે, પણ પરિણામ પ્રાપ્ત કરવા માટે નાનકડી જાદુની ફોર્મ્યુલાઓનો ઉપયોગ કરવો, તેને આધ્યાત્મિક જીવન સાથે સાચો સંબંધ નથી હોતો. આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં, એવી વસ્તુઓ અસરકારક સિદ્ધ થાય છે તે હકીકત આશ્ચર્ય પેદા કરે છે, કારણ કે દરેક કેઈસ માટે જરૂરિયાત ભિન્ન ભિન્ન હોય છે. અમુક શબ્દો એકઠા કરીને મૂકવા અને અમુક નિશાનીઓ કરવી, તે ક્રિયા હંમેશાં અસરકારક નીવડે એ આશ્ચર્યજનક લાગે છે.

જ્યારે માણસ આધ્યાત્મિક રીતે કાર્ય કરવા માગે છે, અને કોઈ પણ કારણસર શબ્દોની રચના કરવી એ જરૂરી હોય છે, ત્યારે કોઈ ખાસ પ્રસંગ માટે જરૂરી શબ્દો સ્વયંભૂ રીતે આવે છે, પણ આગળથી લખાયેલા શબ્દોને, પોતે શું બોલે છે અને શા માટે બોલે છે તે જાણ્યા સિવાય, ઘણા સમય સુધી યાંત્રિક રીતે બોલ્યા કરવા (તેમનો જપ કરવો) તે ક્રિયા હંમેશાં કાર્ય કેવી રીતે કરી શકે તે સમજવું કઠિન છે. તે ક્રિયામાં ચોક્કસ ખૂબ અનિશ્ચિતતા આવે જ, વળી એક

વાત નિશ્ચિત છે કે, એક જ ફોર્મ્યુલા તેની તે જ અસર પેદા ન કરી શકે, તેને અસરકારક બનવા માટે એક વસ્તુની જરૂર છે, અને તે છે ભય. જે માણસની સામે જાદુનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેનામાં પ્રથમ ભય પેદા કરવો પડે છે; જો તેનામાં ભય ન હોય, તો મને ખાતરી છે કે, તેના પર જાદુની જરા પણ અસર ન થાય, અથવા તો એટલી બધી હાસ્યાસ્પદ રીતે થોડી અસર નીપજે કે જેને વિષે કાંઈ કહેવાની જરૂર નથી.

ભય, એક પ્રકારનો ડર, કશુંક બનવાનું છે, એવી લાગણી આ શક્તિઓના કાર્ય માટે દ્વાર ખોલી નાંખે છે. ભયનાં આ આકંપનો તમારામાંથી અમુક શક્તિઓને ખસેડી દે છે, જેથી તે બળો કાર્ય કરવા સમર્થ બને છે.

મધુર માતાજી, કેટલાક લોકો હિપ્નૉટિઝમ (પ્રાણ વિનિમય) કરે છે; તેમાં તેઓ એક જ માણસનો માધ્યમ તરીકે ઉપયોગ કરે છે; શું તે માધ્યમ થોડા સમય પછી માંદો પડે છે?

માંદો જ પડે એવું અનિવાર્ય નથી. તેનો આધાર પ્રાણ-વિનિમયના પ્રકાર પર અને પ્રાણ-વિનિમય કરનાર માણસ પર છે. એક વાત નિશ્ચિત છે કે, માધ્યમ બનતો માણસ પોતાના અંગત સંકલ્પને ગુમાવી દે છે, તેની જગ્યાએ પ્રાણ—વિનિમય કરનાર માણસનો સંકલ્પ આવી જાય છે; નહિ તો હિપ્નૉટિઝમ થઈ શકે નહિ, માધ્યમ બનતો માણસ માંદો નથી પડતો, પણ ખૂબ ભયંકર રીતે પરાધીન બની જાય છે! તે હિપ્નૉટિઝમ તેનામાં એક પ્રકારની ગુલામી સર્જે છે.

(લાંબું મૌન)

તે કહેવું બહુ મુશ્કેલ છે, કારણકે તેનો આધાર પ્રાણ—વિનિમય કરનાર માણસ પર, માધ્યમ પર, અને હિપ્નૉટિઝમ કેવી રીતે કરાય છે તેના પર છે. તેના સામાન્ય બાહ્ય રૂપમાં, પ્રાણ—વિનિમય એક એવી વસ્તુ છે કે જે ખૂબ વિક્ષોભ પેદા કરે છે.

પણ એવો એક સ્વયંભૂ પ્રાણ-વિનિમય હોઈ શકે, જે દિવ્ય શક્તિની અભિવ્યકિત હોય; પણ તે સામાન્ય રીતે કાર્ય કરતો નથી.

હું માનું છું કે જેટલા માણસો છે, તેટલા કેઈસો છે. તે બીજી દરેક વસ્તુ જેવી વાત છે. જો તમે અજ્ઞાન અને મૂર્ખ લોકોના હાથમાં વૈજ્ઞાનિક જ્ઞાન મૂકો, તો તે સંકટો પેદા કરે. વધુમાં, જો તે લોકોમાં ખરાબ ભાવના અને અંગત હેતુઓ

હોય, તો પરિણામો ખતરનાક નીવડે. પ્રાણ—વિનિમયની બાબતમાં પણ તેવું જ છે, તેનો આધાર માત્ર પ્રાણ વિનિમય કરનાર માણસ પર અને તે કેવી રીતે પ્રાણ-વિનિમય કરે છે તેના પર છે.

તે સાચી વસ્તુ નથી. બધા કહેવાતા માનવી જ્ઞાનની પેઠે, તે સાચી વસ્તુ નથી, પણ કશાકની વિકૃતિ છે.

એમ કહી શકાય કે જો તમારામાં દિવ્ય સંકલ્પ કાર્ય કરે, તો તમે ઇચ્છો તો તેને પ્રાણ—વિનિમય કહી શકો છો, અને છતાં તે પરમ કલ્યાણ છે.

પણ સામાન્ય રીતે જેને પ્રાણ—વિનિમય કહેવામાં આવે છે, તે એક તદ્દન અંધ અને અજ્ઞાનમય કાર્ય છે, પોતે જેને સારી રીતે જાણતો હોતો નથી તેવી કોઈ શક્તિના બળનો ઉપયોગ છે. તેથી સ્વાભાવિક રીતે જ તેનાં પરિણામો કમ-નસીબ આવે છે. જો તે દુષ્ટ, ખરાબ આશયોવાળા માણસના હાથમાં પડે, તો તે તદ્દન ખતરનાક બને છે.

* * *

૧૦ ઑગસ્ટ, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશો" માંથી
"સમર્પણ અને ખુલ્લાપણું"
વાંચે છે.

કોઈને કશું પૂછવાનું નથી ?

(મૌન)

આપણે પાંચ મિનિટ સુધી ધ્યાન કરીશું. આપણે સામૂહિક ધ્યાન માટે પ્રયત્ન કરીશું, બરાબર ને ? તે થોડુંક કઠિન થઈ પડશે. પણ ચાલો, આપણે પ્રયત્ન કરીએ.

આપણે જે વાંચ્યું તેના ઉપર પ્રયત્ન કરવાનું તમને ગમશે ?

વિચાર ન કરો ; માત્ર આમ એકાગ્રતા કરો. આપણે જે વાંચ્યું છે તેને તમારામાં પ્રવેશવા દો અને તેને અનુભવવાનો પ્રયત્ન કરો ; પ્રયત્ન કરો.

વિચાર કરવાનો, વિચારોને ઊલટા—સુલટા કરવાનો. પ્રશ્નોના જવાબો મેળવવાનો, આવા કશાનો પ્રયત્ન ન કરશો. માત્ર આમ (અભિનય) ખુલ્લા રહો.

ખુલ્લાપણું બરાબર આવ્યું હતું. જે વંચાઈ ગયું છે તેને તમારામાં પ્રવેશવા દો, અને પછી તેને આમ તમારામાં કાર્ય કરવા દો. તમારે બને તેટલા શાન્ત રહેવું જોઈએ.

શું બનવાનું છે તે આપણે જોઈશું.

(પાંચ મિનિટ કરતાં વધુ સમય સુધી ધ્યાન)

તમારે કંઈ પૂછવાનું, કહેવાનું છે? નથી? સુંદર.

પણ શરૂઆત માટે, તમે સારું ધ્યાન કર્યું કહેવાય. બહુ સરસ.

બસ પતી ગયું? આપણે આગળ નથી જવું ને? કોઈને કાંઈ કહેવું છે?

તો પછી આજે બંધ કરવું એ વધારે સારું છે.

* * *

૧૭ ઑગસ્ટ, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશો" માંથી
"સમર્પણ અને ખુલ્લાપણું"
વાંચે છે.

મધુર માતાજી, "વૈશ્વિક ચેતનામાં સમાંતર ખુલ્લાપણું" એનો શો અર્થ છે?

માણસને હંમેશાં પરમ ચેતનાની ઊંચાઈઓના સીધા, ઊંચા આરોહણનો ખ્યાલ હોય છે અથવા વૈશ્વિક ચેતનામાં વિસ્તૃત બનવાની સમાંતર ચેતનાની લાગણી હોય છે.

વૈશ્વિક ચેતના એટલે વિશ્વમાં અને વિશ્વમાં પ્રગટ થયેલા સર્વમાં રહેલી, પ્રગટ થયેલી શક્તિઓથી સભાન બનવું તે. દા. ત. અહીં ઘણા લોકો છે; એમને આપણે વિશ્વ માની લો. જો તમારે તેમની સાથે એકરૂપ બનવું હોય, તો તમારી ચેતનાની ગતિએ તેમના બધાની ઉપર વિસ્તરી જવું જોઈએ, બધા સાથે એકરૂપ બનવું જોઈએ, આમ (અભિનય) તે ગતિ સમાંતર રીતે વિસ્તરે છે.

પણ જો તમારે અવરોહણ કરતી, અતિમનસની શક્તિ સાથે એકરૂપ બનવું હોય, તો તમને તમારી સર્વ અભીપ્સાને એકત્રિત કરવાની, અને અવરોહણ કરનાર

ઉચ્ચતર શક્તિઓ પ્રત્યે ઊર્ધ્વગામી આરોહણમાં ઉપર ચઢાવવાની છે. તે માત્ર ગતિનો સવાલ છે. તે કાં તો વિસ્તૃત કરવાની અથવા એકાગ્ર આરોહણની ગતિ છે.

ચૈત્યિક અસ્તિત્વની મુક્તિનો શો અર્થ છે ?

સાધનાની શરૂઆતમાં માણસને ઘણી વાર એવો અનુભવ થતો હોય છે કે, જાણે ચૈત્યિક અસ્તિત્વ એક પ્રકારના કઠણ કોચલામાં, જેલમાં પૂરાઈ ગયેલું છે, જે તેને બાહ્ય ચેતના, બાહ્ય અસ્તિત્વ સાથે સતત અને સભાન સંબંધમાં આવતાં અટકાવે છે. માણસને ચૈત્યિક અસ્તિત્વ કોઈ પેટીમાં અથવા દિવાલોવાળી જેલમાં પૂરાઈ ગયું હોય તેવો અનુભવ થાય છે, તેમાં પ્રવેશ કરવા માટે કાં તો તે પેટી અથવા દિવાલ ભાંગી નાંખવી પડે છે અથવા તો તેમાં બારણું પાડવું પડે છે. એટલે સ્વાભાવિક રીતે જ જો માણસ દિવાલો ભાંગી શકે, દ્વાર ખોલી શકે, તો અંદર પૂરાયેલું ચૈત્યિક અસ્તિત્વ મુકત થાય છે અને બાહ્ય રીતે પ્રગટ થઈ શકે છે. આ બધી પ્રતિકૃતિઓ છે. પણ સ્વાભાવિક રીતે જ દરેક માણસને તેની પોતાની અંગત પ્રતિકૃતિ, તેની પોતાની અંગત પદ્ધતિ હોય છે, જેમાં નાનકડા ફેરફારો હોય છે.

જેમને અનુભવ થયો છે તેવા લોકોને આમાંની કેટલીક પ્રતિકૃતિઓ ખૂબ સાધારણ રીતે આવે છે. દા. ત. જ્યારે માણસ પોતાના ચૈત્યિકને શોધવા માટે પોતાની ચેતનાનાં, અસ્તિત્વમાં ઊંડાણોમાં જાય છે, ત્યારે તેને કોઈ ઊંડા કૂવામાં નીચે ને નીચે ઉતરવાની પ્રતિકૃતિ થાય છે, જાણે કે તે માણસ કૂવામાં ડૂબી ન જતો હોય.

સ્વાભાવિક રીતે જ આ બધા ઉપમાઓ માત્ર છે; પણ તે અનુભવ સાથે સંબંધ ધરાવતી હોવાને કારણે અનુભવને સઘન વાસ્તવિકતા અને ખૂબ બળ અર્પે છે.

જ્યારે માણસ પોતાના આંતર અસ્તિત્વની, તેના સર્વ ભાગોની શોધ કરવા જાય છે, ત્યારે તેને એવી એક લાગણી ઘણી વાર થતી હોય છે કે જાણે પોતે એક રૂમમાં કે ખંડમાં ઊંડો પ્રવેશી રહ્યો છે; રંગની, વાતાવરણની, તે રૂમમાં રહેલા ભાગોની અનુસાર, માણસ અસ્તિત્વના જે ભાગની મુલાકાત લે છે, તે ભાગનું તેનું સ્પષ્ટ દર્શન થાય છે. પછી તે માણસ એક રૂમમાંથી બીજી રૂમમાં જઈ શકે છે, દ્વાર ખોલીને વધુ ને વધુ ઊંડી રૂમોમાં જઈ શકે છે, જે દરેક રૂમને પોતાનું ખાસ લક્ષણ હોય છે. ઘણી વાર રાત્રિ દરમિયાન આ આંતર મુલાકાતો થઈ શકે છે, પછી તે, એક સ્વપ્નની પેઠે, વધારે સભાનરૂપ ધારણ કરે છે; માણસને પોતે એક

ખૂબ પરિચિત ઘરમાં પ્રવેશતો હોય તેવો અનુભવ થાય છે. સમય, ગાળાઓ અનુસાર, આંતરિક રીતે ભિન્ન ભિન્ન હોય છે ; કેટલીક વાર તે ખૂબ ગેરવ્યવસ્થાની, ખૂબ ગૂંચવાડાની સ્થિતિમાં હોય છે, જ્યાં બધું જ સંમિશ્રિત બનેલું હોય છે ; કેટલીક વાર તેમાં ભાંગી ગયેલી વસ્તુઓ હોય છે, ખૂબ અંધાધુંધી હોય છે. બીજે સમયે, આ વસ્તુઓ સંગઠિત હોય છે, તેમની યોગ્ય જગ્યાએ મૂકાયેલી હોય છે જાણે માણસે તેમને સુવ્યવસ્થિત રીતે ગોઠવી હોય, વાળી-ઝૂડીને બધું બરાબર ગોઠવ્યું હોય ; પણ હંમેશાં ઘર તેનું તે જ હોય છે. આ ઘર એ એક પ્રકારની તમારા આંતર અસ્તિત્વની વિષયગત પ્રતિકૃતિ છે. તમે તેમાં જે જુઓ છો અથવા કરો છો તે અનુસાર, તમને તમારા માનસશાસ્ત્રીય કાર્યની પ્રતીકમય પ્રતિકૃતિ પ્રાપ્ત થાય છે. સધનીકરણ માટે તે બહુ ઉપયોગી છે. તેનો આધાર માણસો પર છે.

કેટલાક લોકો ખૂબ બુદ્ધિશાળી હોય છે. તેમને માટે દરેક વસ્તુ વિચારો વડે વ્યકત થાય છે, પ્રતિકૃતિઓ વડે નહિ. પણ જો તેઓ ઊંડે, વધારે ભૌતિક પ્રદેશમાં જાય, તો તેઓ સઘન વાસ્તવિકતાવાળી વસ્તુઓને સ્પર્શ કરવાનું જોખમ ખેડતા નથી, પણ માત્ર વિચારોના પ્રદેશમાં જ, મનમાં જ લાંબા સમય સુધી રહે છે. પછી તે માણસ માને છે કે, હું પ્રગતિ કરી રહ્યો છું ; માનસિક રીતે તેણે પ્રગતિ કરી હોય છે. પણ તે તદ્દન અનિશ્ચિત હોય છે.

મનની પ્રગતિમાં હજારો વર્ષો લાગે, કારણકે તે ખૂબ વિશાળ અને ખૂબ અનિશ્ચિત ક્ષેત્ર છે, જે સતત નવીન બનતું રહે છે, પણ જો માણસે પ્રાણિકમાં અને શારીરિકમાં પ્રગતિ કરવી હોય, તો કાર્યને નિશ્ચિત અને વધારે સઘન બનાવવા માટે આ પ્રતિકૃતિ ખૂબ ઉપયોગી નીવડે છે. સ્વાભાવિક રીતે જ, સંપૂર્ણપણે તે મરજી મુજબ નથી બનતું, તેનો આધાર દરેક માણસના સ્વભાવ પર છે. પણ જે લોકોમાં પ્રતિકૃતિઓ સાથે એકાગ્રતા કરવાની શકિત છે, તેમને એક વધુ સગવડ મળી રહે છે.

તાંબાના બનેલા, ભારે વજનદાર, બંધ બારણા આગળ બેસવું અને પોતે બીજી બાજૂએ પસાર થઈ શકે તે માટે દ્વાર ખુલી જાય એવો સંકલ્પ કરવો, જેથી પરિણામે સમગ્ર એકાગ્રતા અને સમગ્ર અભીપ્સા એક પ્રકાશના કિરણના રૂપમાં એકત્રિત બને, અને બારણાને વધુ ને વધુ બળપૂર્વક ધકકેલે, આમ કરવાથી ઓચિંતું બારણું ખુલી જાય છે અને માણસ તેમાં પ્રવેશ કરી શકે છે. તે એક ખૂબ શકિતશાળી છાપ પેદા કરે છે. પછી તે માણસ પ્રકાશમાં ડૂબી જાય છે, ચેતનાના ઓચિંતા, સમૂળા રૂપાંતરના પૂરા આનંદને અનુભવે છે ; તે પ્રકાશ તે માણસને પરિપૂર્ણ રીતે પકડી લે છે ;

પોતે બીજો કોઈ માણસ બની ગયો છે, એવો તેને અનુભવ થાય છે. ચૈત્યિક અસ્તિત્વ સાથે સંપર્ક સાધવાનો આ એક ખૂબ સઘન અને શકિતશાળી પ્રકાર છે.

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદ કહે છે કે, "ચૈત્યિક અસ્તિત્વ અને ઉચ્ચતર ચેતના વચ્ચેનું આ નાભિકેન્દ્ર સિદ્ધિનું મુખ્ય સાધન છે," સામાન્ય રીતે, શું ચૈત્યિક અસ્તિત્વ અને ઉચ્ચતર ચેતના વચ્ચે એક નાભિચક્ર નથી હોતું ?

સામાન્ય રીતે એટલે સામાન્ય જીવનમાં ? ચૈત્યિક અસ્તિત્વ અને...વચ્ચે સંબંધ ?

હા.

તે સંબંધ લગભગ અભાન હોય છે.

સામાન્ય જીવનમાં, લાખો લોકોમાં એક પણ માણસ એવો નથી કે જે એક ક્ષણ માટે પણ પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે સભાન સંપર્કમાં હોય. ચૈત્યિક અસ્તિત્વ અંદરથી કાર્ય કરે, પણ તે બાહ્ય અસ્તિત્વ માટે એટલું બધું અદૃશ્ય અને અભાન હોય છે કે, જાણે ચૈત્યિકનું અસ્તિત્વ જ નથી. લગભગ બધા જ લોકોમાં ચૈત્યિક અસ્તિત્વ નિદ્રાવસ્થામાં હોય છે, જરા પણ સક્રિય નહિ, એક પ્રકારની મૂર્ચ્છામાં.

માત્ર સાધના અને ખૂબ આગ્રહયુકત પરિશ્રમ વડે જ માણસ પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે સભાન સંપર્ક પ્રાપ્ત કરવામાં સફળ બને છે. સ્વાભાવિક રીતે જ, કેટલાક અપવાદો હોય છે, જેમને આંગળીના વેઢા પર ગણી શકાય; જેમનામાં ચૈત્યિક અસ્તિત્વની રચના સમગ્રપણે દઈ ગઈ હોય છે, ચૈત્યિક અસ્તિત્વ મુકત બન્યું હોય છે, પોતાનું સ્વામી બની ગયું હોય છે, જેણે પોતાનું કાર્ય કરવા માટે માનવ દેહમાં પૃથ્વી પર પાછા આવવાની પસંદગી કરી હોય છે, આવા કેઈસમાં, માણસ સભાનપણે સાધના ન કરે, તો પણ તે ચૈત્યિક અસ્તિત્વ એટલું બધું બળવાન હોય છે કે, તે સભાન સંબંધ સ્થાપી શકે છે. પણ આ અદ્વિતીય અપવાદો છે, જે નિયમને વધારે સ્થિર કરે છે.

લગભગ બધા કેઈસોમાં, માણસને પોતાના ચૈત્યિક અસ્તિત્વથી સભાન બનવા માટે ખૂબ ખૂબ પ્રયાસ સતત કરવો પડે છે. મોટે ભાગે એમ માનવામાં આવે છે કે, જો માણસ ૩૦ વર્ષમાં તેમ કરી શકે, તો તે ખૂબ ભાગ્યશાળી ગણાય. કોઈક વાર તે વધારે જલ્દી બને. પણ તે એટલો બધો વિરલ માણસ હોય છે કે તેને

માટે તરત જ કોઈ પણ માણસ કહે કે, આ તો અસાધારણ માણસ છે. તેમને ઓછાવત્તા પ્રમાણમાં દિવ્ય વિભૂતિઓ કહેવામાં આવી છે, જેઓ મહાન યોગીઓ, દીક્ષિતો હતા.

(મૌન)

તમારે ધ્યાન કરવું છે ?

હું સૂચવું છે કે, દીવા હોલવી નાંખો, આ મારા મસ્તક ઉપર છે તે દીવાને હોલવી નાંખો, કારણ કે ત્યાં ખૂબ જીવડાં છે.

(ધ્યાન)

* * *

૨૪ ઑગસ્ટ, ૧૯૫૫

માતાજી
"યોગ પર પ્રકાશો" માંથી
"સમર્પણ અને ખુલ્લાપણું"
વાંચે છે.

હવે કોઈ પ્રશ્ન છે?

મધુર માતાજી, જ્યારે અમે તમારા ફોટા પર એકાગ્રતા કરીએ છીએ (ઘણા ફોટાઓ છે, જેમાંના દરેક ફોટામાં ભિન્ન ભિન્ન અભિ-વ્યક્તિ છે), ત્યારે જે ફોટા પર અમે એકાગ્રતા કરીએ, તે અનુસાર ભિન્ન ભિન્ન પરિણામો પેદા થાય છે?

જો તમે તે હેતુપૂર્વક કરો, તો હા, ચોક્કસ. જો તમે આ ફોટો અમુક હેતુસર અથવા પેલો ફોટો કોઈ બીજા કારણસર પસંદ કરો, તો ચોકકસ ભિન્ન ભિન્ન પરિણામો આવે છે, દરેક ફોટો અમુક ખાસ અસર પેદા કરે છે. એ એના જેવું છે કે, તમે માતાજીની અમુક બાજૂ પર એકાગ્રતા કરવાનું પસંદ કરો છો, બીજી બાજૂ પર નહિ. દા. ત. તમે મહાકાલી પર, મહાલક્ષ્મી પર, અથવા મહેશ્વરી પર એકાગ્રતા કરવાનું પસંદ કરો, તો ભિન્ન-ભિન્ન પરિણામો આવે. તે તે દેવીના ગુણોને પ્રત્યુત્તર આપતો, તમારો ભાગ જાગૃત થશે અને ગ્રહણશીલ બનશે. એટલે

તે એક જ વસ્તુ છે. પણ જો કોઈની પાસે એક જ ફોટો હોય, તે ગમે તે હોય, અને આ કે તે ફોટાની પસંદગી કર્યા વગર જ તેના પર એકાગ્રતા કરે, તો ફોટાનું કોઈ મહત્ત્વ નથી. કારણ કે ફોટા પર કરાતી એકાગ્રતા માણસને શક્તિ સાથે સંપર્કમાં મૂકે છે; અને સ્વયંભૂ રીતે પ્રત્યુત્તર આપનાર, દરેક જણની બાબતમાં તે જરૂરી છે.

જ્યારે એકાગ્રતા કરનાર માણસ એકાગ્રતામાં અમુક ખાસ સંકલ્પ, અમુક ખાસ સંબંધ સાથે મૂકે છે, ત્યારે તેની અસર થાય છે. નહિ તો સંબંધ વધારે સામાન્ય પ્રકારનો છે, તે એકાગ્રતા કરનાર માણસની જરૂરિયાતની અથવા અભીપ્સાની અભિવ્યકિત છે, જો તે તદ્‌ન તટસ્થ હોય, પસંદગી ન કરે, અમુક ખાસ વસ્તુ માટે અભીપ્સા ન કરે, જો તે કોરા કાગળ જેવો તદ્‌ન તટસ્થ હોય, તો તેને જરૂરી શક્તિઓ અને બાજૂઓ તેની એકાગ્રતાને પ્રત્યુત્તર આપશે; કદાચ તે માણસ પોતે નહિ જાણે કે, પોતાને કયી ખાસ વસ્તુઓની જરૂર છે, કારણ કે બહુ થોડા લોકો પોતાની જાતથી સભાન છે. તેઓ એક અસ્પષ્ટ લાગણીમાં જીવે છે, તેમની અભીપ્સા અસ્પષ્ટ અને લગભગ પકડી ન શકાય તેવી હોય છે; તે સંગઠિત, સમન્વિત અને સંકલ્પમય, સ્પષ્ટ દર્શનવાળી નથી હોતી. દા. ત. માણસ જેમનો પરાભવ કરવા માગે છે તે મુશ્કેલીઓ, અથવા જેમને તે પ્રાપ્ત કરવા માગે છે તે શક્તિઓ; મોટે ભાગે તે ખૂબ વિકાસ પામેલી સાધનાનું પરિણામ હોય છે. પોતાને શેની જરૂર છે તે નિશ્ચિતપણે જાણવા માટે માણસે ખૂબ ચિંતન, અવલોકન, અને અધ્યયન કરેલાં હોવાં જોઈએ. નહિ તો આ છાપ બહુ ઝાંખી, અસ્પષ્ટ હોય છે; માણસ તેને પકડવાનો પ્રયત્ન કરે છે અને તે છટકી જાય છે. શું તેમ નથી હોતું?

હવે કોઈને કાંઈ પૂછવું છે?

પ્રશ્ન પાઠય પુસ્તકની બહારનો છે.

(બીજો બાળક:) માતાજી, અહીં એમ કહેવામાં આવ્યું છે કે "એકાગ્રતા કરવાને બદલે માણસ આરામની સ્થિતિમાં બેસીને ધ્યાન કરી શકે છે."

મેં તેમ કહ્યું નથી! (હસાહસ) એટલે? તમે એકાગ્રતા અને ધ્યાન વચ્ચેના ભેદ વિષે પૂછો છો?

હા, માતાજી, કારણ કે જ્યારે માણસ ધ્યાન કરે છે, ત્યારે તેમાં શું ચેતનાની એકાગ્રતા નથી હોતી?

ધ્યાન!

ધ્યાનના અનેક પ્રકારો છે! દા. ત. લોકો મોટે ભાગે જેને ધ્યાન કહે છે તેમાં તેઓ અમુક વિષય અથવા વિચાર પસંદ કરે છે, અને તેના વિકાસને અનુસરતા હોય છે અથવા તેનો અર્થ સમજવા પ્રયત્ન કરતા હોય છે. તેમાં એકાગ્રતા છે, પણ પરિપૂર્ણ એકાગ્રતા નહિ. સાચી, પરિપૂર્ણ એકાગ્રતામાં જેના-પર એકાગ્રતા કરવામાં આવે છે તે બિંદુ અથવા મુદ્દા સિવાય બીજું કશું જ અસ્તિત્વમાં ન હોય. ધ્યાન એ એક વધારે આરામમય ગતિ છે; તેમાં એકાગ્રતા કરતાં ઓછો તનાવ હોય છે.

જ્યારે માણસ માનસશાસ્ત્રીય સમસ્યાને અથવા આવી પડેલી સંજોગોની સમસ્યાને સમજવા પ્રયત્ન કરે છે, બેસીને બધી શક્યતાઓ પ્રત્યે નજર ફેંકે છે, તેમની તુલના કરે છે, તેમનું અધ્યયન કરે છે, ત્યારે તે એક પ્રકારનું ધ્યાન છે; જ્યારે વસ્તુ આવી પડે છે, ત્યારે માણસ સ્વયંભૂ રીતે ધ્યાન કરે છે. દા. ત. જ્યારે માણસને કોઈ નિર્ણય લેવાનો હોય, કયો નિર્ણય લેવો તેને તે જાણતો ન હોય, ત્યારે મોટે ભાગે માણસ ચિંતન કરે છે, પોતાની તર્કબુદ્ધિની સલાહ લે છે, સર્વ શક્યતાઓની તુલના કરે છે, અને પોતાની પસંદગી કરે છે. આ એક પ્રકારનું ધ્યાન છે.

હવે એક પ્રકારના ધ્યાનમાં માણસ એક વિચાર પર એકાગ્રતા કરે છે; તે એકાગ્રતા એવી પ્રબલ હોય છે કે જેમાં માત્ર તે વિચાર એકલો જ અસ્તિત્વ ધરાવે છે. આ એક પ્રકારની એકાગ્રતા છે; પણ તે સમગ્ર નહિ, પણ માત્ર માનસિક છે.

સમગ્ર એકાગ્રતામાં પ્રાણિકની અને શારીરિકની સર્વ ગતિઓની એકાગ્રતાનો સમાવેશ થઈ જાય છે, એક બિંદુ પર ત્રાટક કરવાની પદ્ધતિ સુપ્રસિદ્ધ છે. એટલે તે શારીરિક પણ છે, માણસની આંખો આ બિંદુ પર એકાગ્ર બનેલી હોય છે, માણસ પછી બિલ્કુલ હલનચલન કરતો નથી, કશું જોતો નથી, તે બિંદુ પરથી પોતાની દૃષ્ટિને સંચાલિત કરતો નથી; પરિણામે તે માણસ મોટે ભાગે તે બિંદુરૂપ બની જાય છે, એક મારો ઓળખીતો માણસ એમ કહેતો હતો કે, માણસે તે બિંદુથી પર જવાનું હોય છે, તે બિંદુરૂપ બની જવાનું હોય છે, તે બિંદુને વટાવીને

તેનાથી પર જવાતું હોય છે, અને પછી તે માણસ ઉચ્ચતર પ્રદેશો પ્રત્યે ખુલ્લો થઈ જાય છે, પણ એ સાચું છે કે, જો માણસ એક બિંદુ પર સમગ્રપણે એકાગ્રતા કરવામાં સફળ નીવડે છે, તો એવી એક ક્ષણ આવે છે કે જ્યારે તાદાત્મ્ય પરિપૂર્ણ થઈ જાય છે, પછી એકાગ્રતા કરનાર અને જે વસ્તુ પર તે એકાગ્રતા કરે છે, તે બે વચ્ચે કોઈ ભેદ રહેતો નથી. તે બેનું પરિપૂર્ણ તાદાત્મ્ય થઈ જાય છે. માણસ પોતાની અને તે બિંદુની વચ્ચે ભેદ જોઈ શકતો નથી. આ સમગ્ર એકાગ્રતા છે, જ્યારે ધ્યાન એ વિચારની ખાસ, આંશિક એકાગ્રતા છે.

મધુર માતાજી, વિચાર બિલ્કુલ ન આવે તે માટેનું ખુલ્લાપણું!

વિચાર બિલ્કુલ ન આવે, એ સહેલું નથી; પણ જો માણસ પરિપૂર્ણ એકાગ્રતા માગતો હોય, તો વિચારો બિલ્કુલ ન આવે એ આવશ્યક છે.

મધુર માતાજી, એકાગ્રતા અને ધ્યાન (ચિંતન) વચ્ચે કોઈ સંબંધ છે ખરો?

દરેક વસ્તુ વચ્ચે સંબંધ હંમેશાં હોઈ શકે છે. પણ મોટે ભાગે માણસ ઊર્ધ્વ પ્રત્યે એક પ્રકારના ખુલ્લાપણાને ચિંતન કહે છે. તે ઊર્ધ્વ પ્રત્યે નિષ્ક્રિય ખુલ્લાપણાની સ્થિતિ છે. તે અભીપ્સાનું એક નિષ્ક્રિય રૂપ છે. અભીપ્સામાં ખુલ્લા થવાની તે માણસ ગતિ કરે છે; પણ જો ચિંતન પર્યાપ્ત રીતે સમગ્ર હોય, તો તે એકાગ્રતા બની જાય છે. છતાં પણ તે એકાગ્રતા હોય જ એ જરૂરી નથી.

તે એકાગ્રતા હોય જ એ જરૂરી નથી.

જ્યારે માણસ એકાગ્રતા કરે છે, ત્યારે જે ભાગ એકાગ્રતા કરતો હોય... એકાગ્રતા મર્યાદિત છે અથવા...

એકાગ્રતા મૂળ મુદ્દે મર્યાદા કરવાની જ વસ્તુ છે. માણસ એકી વખતે અનેક બિંદુઓ પર એકાગ્રતા ન કરી શકે, તો તો તે એકાગ્રતા જ ન કહેવાય.

ના, મારો કહેવાનો અર્થ છે, ચિંતન દરમિયાન.

ના, તમે માત્ર મર્યાદિત એકાગ્રતાની વાત કરી; એકાગ્રતા હંમેશાં મર્યાદિત હોય જ.

મધુર માતાજી, બુલેટિનમાં (સમાચાર પત્રમાં) તમે લખ્યું છે કે "કવિતા એ આત્માની ઇન્દ્રિયગ્રાહ્યતા છે." તેનો શો અર્થ છે?

તેનો અર્થ શો છે?... તેનું કારણ એ છે કે, કવિતા વિચારોનાં રૂપો અને પ્રતિકૃતિઓ સાથે સંબંધ રાખે છે, રૂપો, પ્રતિકૃતિઓ, લાગણીઓ, છાપો, વિચારોની લાગણીઓ, આ બધું વસ્તુઓની ઈન્દ્રિયગ્રાહ્ય બાજૂ છે, કવિતા એ વિચારની આ બાજૂ છે, તે જગત પ્રત્યે જવાનો આ પ્રકાર છે; તે વિચારોના જગત પ્રત્યે આ વિચારોની પ્રતિકૃતિઓ વડે, રૂપો વડે, દૃશ્યો વડે, લાગણીઓ વડે, ઈન્દ્રિયજન્ય સંસ્કારો વડે, આ વસ્તુઓની ક્રીડા વડે જવાનો પ્રકાર છે. તે (કવિતા) જરા પણ તત્ત્વચિંતન અથવા પાર–ભૌતિક જેવી નથી, જે વિચારનું હાર્દ, વિચારનો સિદ્ધાંત શોધે છે. જો કવિતા લાગણી જેવી બધી વસ્તુઓને પેદા ન કરે, તો તે કવિતા જ નથી. કવિતા એ રૂપનું અને ઈન્દ્રિયજન્ય સંસ્કારનું જગત છે. એટલે આપણે જરાક કહેવત જેવી અભિવ્યકિતને "આત્માની ઈન્દ્રિય-ગ્રાહ્યતા" કહીએ છીએ. જે લોકો ભૌતિક જગત પોતાનાં રૂપો દ્વારા જેમને અભિવ્યકત કરે છે તે ઈન્દ્રિયજન્ય સંસ્કારોમાં જ મશગૂલ છે, ભૌતિક, શારીરિક જીવનના ઈન્દ્રિયજન્ય સંસ્કારોનાં રૂપોની સમગ્ર બાજૂમાં ગૂંથાયેલા છે, તે લોકો પોતાની ઈન્દ્રિયોમાં જીવે છે. જયારે તેઓ આ બધી વસ્તુઓની મોજ માણે છે, ત્યારે આપણે તેમને વિલાસી કહીએ છીએ.

અહીં, બાહ્ય શારીરિક જીવનને લાગુ કરવાને બદલે, તે આધ્યાત્મિક જીવનને, વિચારોને, અને વિચારોથી પર રહેલી વસ્તુને લાગુ કરવામાં આવે છે. તેના રૂપના સૌન્દર્યની બાજૂ હેઠળ જોવાયેલું જગત એ કવિતા છે. તે વિચારોના સૌન્દર્યને, વિચારોની સંવાદિતાને અભિવ્યકત કરે છે, અને તે બધાને એક એવું રૂપ આપે છે કે જે સઘન, પ્રતિકૃતિઓ, પ્રતિકૃતિઓની ક્રીડા, ધ્વનિઓની ક્રીડા, શબ્દોની ક્રીડા બની જાય છે.

એટલે તે પદાર્થતત્ત્વની ઈન્દ્રિયગ્રાહ્યતા બનવાને બદલે આત્માની ઈન્દ્રિય-ગ્રાહ્યતા બની જાય છે, તેને આજ્ઞાર્થક કે નૈતિક અર્થવાળી લેવામાં નથી આવતી; તે કવિતા માત્ર વર્ણનાત્મક છે.

પણ વિચારોના રૂપ અને સૌન્દર્ય પર એકાગ્રતા કરતી વખતે માણસ શું સત્ય તે ગુમાવી દેવાનું જોખમ નથી ખેડતો?

પણ મેં તે જ વાત કહી. મેં કહ્યું હતું કે, કવિતા જાતિની આજ્ઞા નથી કરતી; મેં એમ કહ્યું ન હતું કે, કવિતા તમને વસ્તુઓના સત્યને જોતાં અટકાવે છે, તે વિષય પ્રત્યે અભિગમનો એક પ્રકાર છે. જો મારે એક તત્ત્વચિંતનના

પુસ્તક અને એક સુંદર કાવ્ય પુસ્તક વાંચવા વચ્ચે પસંદગી કરવાની હોય, તો હું કાવ્ય પુસ્તક વાંચવાનું પસંદ કરું; તે વાંચતાં કંટાળો કે થાક ઓછો લાગે. તે નીતિબોધક નથી, પણ વર્ણનાત્મક છે. તે એમ કહેવા જેવું છે કે, તે આવું છે, તે એક કથન માત્ર છે, બીજું કાંઈ વધારે નહિ.

આશ્ચર્યની વાત તો એ છે કે, લોકોએ તે બાબત વિચાર જ કર્યો હોતો નથી. જો તેઓ પરિપૂર્ણ ચેતનાની મુક્તિ (સ્વતંત્રતા) સાથે આત્મામાં ગતિ કરતા હોત તો તેમને આનાથી જરા પણ આશ્ચર્ય ન થાત, કારણ કે, તેઓ બરાબર જાણતા હોત કે કવિતા એ સત્ય પાસે જવા માટેનો એક ઈન્દ્રિયગ્રાહ્ય પ્રકાર છે. આ પ્રદેશમાં તેઓ હજી લગી તદ્દન સ્વતંત્ર નથી, એટલે તેઓ મોટે ભાગે પરંપરાગત રીતે અથવા ટેવગત રીતે, અથવા પોતે શીખ્યા હોય કે વાંચ્યું હોય તે રીતે વિચારતા હોય છે, પણ સ્વતંત્ર રીતે નહિ.

વિચારને મનમાં ઘુસાડવા માટે તે જરાક વિરોધમય રીતે વસ્તુઓને કહેવાનો એક પ્રકાર છે. પણ તેથી તમારે એમ ન માની લેવું જોઈએ કે, તે કવિતાનો તિરસ્કાર છે; ના, તેવું બિલ્કુલ નથી.

મધુર માતાજી, કવિને પ્રેરણા પ્રાપ્ત થઈ છે, એમ આપણે કયારે કહી શકીએ?

શા માટે તેણે પ્રેરણા પ્રાપ્ત ન કરી હોવી જોઈએ?

ત્યારે શું કવિતા લખતી વખતે તે વિચાર કરતો હોતો નથી?

વિચાર કરતો હોતો નથી? તમે શું કહેવા માગો છો?

કવિતા ઊર્ધ્વમાંથી આવે છે!

એવું નથી. તમારો કહેવાનો અર્થ એ છે કે, કવિને પ્રેરણા પ્રાપ્ત થઈ છે, એમ આપણે કયારે કહી શકીએ? સામાન્ય રીતે, જ્યારે કવિએ પ્રેરણાઓ પ્રાપ્ત કરી હોય છે, ત્યારે આપણે તેને પ્રેરિત કહીએ છીએ. (હસાહસ)

તમે જે કહેવા માગો છો, પણ કહેતા નથી તે આ છે. જે કવિઓ પોતાના વિચારથી પર જાય છે, પોતાના વિચારોને શાન્ત કરી દે છે, જેમનું મન તદ્દન મૌન અને અગતિશીલ હોય છે, જેઓ આંતર પ્રદેશો પ્રત્યે ખુલ્લા હોય છે. અને ઊર્ધ્વમાંથી જે આવે છે તેને સ્વયંભૂ રીતે લખતા હોય છે. તમારો કહેવાનો આશય

આ હતો, પણ તમે તેમ કહ્યું નહિ. પણ તેવું તો એક તદ્દન ભિન્ન વસ્તુ છે, જે હજાર વર્ષોમાં એકવાર બને છે. તે વારંવાર જોવા મળતું નથી. તે બધું કરી શકવા માટે તો પ્રથમ તે કવિ યોગી હોવો જોઈએ. પણ આપણે જેને પ્રેરણા પ્રાપ્ત કરેલો કવિ કહીએ છીએ, તે તો એક તદ્દન ભિન્ન વસ્તુ છે. બધા પ્રતિભાશાળી લોકોને, અર્થાત્ જેમનામાં સામાન્ય મન કરતાં જરાક ઉચ્ચતર જગત પ્રત્યે ખુલ્લાપણું છે, તેવા લોકોને પ્રેરણા પ્રાપ્ત કરેલા "કહેવામાં આવતા હોય છે, જે માણસ શોધ-ખોળો કરે છે, તેને પણ પ્રેરિત કહેવામાં આવે છે. જ્યારે જ્યારે માણસ સામાન્ય માનવ, ક્ષેત્ર કરતાં જરાક ઉચ્ચતર વસ્તુ સાથે સંપર્કમાં હોય છે, ત્યારે તેણે પ્રેરણા પ્રાપ્ત કરી હોય છે. જ્યારે માણસ સામાન્ય ચેતના વડે તદ્દન મર્યાદિત બની ગયો હોતો નથી, ત્યારે તે ઊર્ધ્વમાંથી પ્રેરણાઓને પ્રાપ્ત કરે છે, તેની કૃતિનું ઉદ્‌ગમ, સ્થાન સામાન્ય માનસિક ચેતના કરતાં ઉચ્ચતર હોય છે.

બસ; હવે કોઈ પ્રશ્ન છે?

માતાજી, કેટલીક વાર માણસને મૌનનો, શાન્તિનો અનુભવ થાય છે, પણ તે પોતાની જાતને આ શાન્તિમાંથી બહાર હોય એમ અનુ-ભવે છે. એવું શા માટે બનતું હોય છે?

માણસ શાન્તિ અનુભવે છે, અને પછી?

વસ્તુઓમાં તે આવી જાય છે.

ના. જો તમે તમારી ચેતનામાં શાન્તિની, મૌનની સ્થિતિને પ્રાપ્ત કરો, તો તમે તમારી મૌનની સ્થિતિને સર્વત્ર જુઓ, પણ બીજાઓ તે જુએ તેવું અનિ-વાર્ય નથી. તમે તે જુઓ છો, કારણ કે તમે તે સ્થિતિમાં છો. તે તેના જેવું જ છે કે, જેઓ પોતામાં ભગવાનથી સભાન બને છે; તેઓ સર્વત્ર ભગવાનને જુએ છે, પણ બીજા લોકો તેમનાથી સભાન હોય જ એવું નથી. તેનું કારણ એ છે કે, તમે તે સ્થિતિમાં પ્રવેશ્યા છો; જેમ તમે આ સ્થિતિથી સભાન છો, તેમ તે સ્થિતિ જ્યાં જ્યાં હોય તેનાથી તમે સભાન હોઈ શકો છો; હકીકતમાં તે સર્વત્ર કયાંક છે, ઉપરચોટિયા રીતે નહિ, બાહ્ય રીતે નહિ, પણ આંતરિક રીતે.

માણસ એમ અનુભવે છે કે, હું શાન્તિની બહાર છું, શાન્તિ મારામાં નથી.

માણસ શાન્તિની બહાર છે? તો તે અવાજમાં, ધાંધલમાં છે? તમે શું કહેવા માગો છો તે મને સમજાતું નથી.

મારો કહેવાનો અર્થ છે કે, શાન્તિ વસ્તુઓમાં છે, પણ મારામાં નહિ.

કારણ કે ઘણું કરીને તમે તે સમયે તમારામાં હો છો તેના કરતાં વધારે વસ્તુઓમાં હો છો, તેનો અર્થ એવો થાય છે કે, તમે તમારી અંદર કરતાં બહાર શાન્તિથી વધારે સભાન બન્યા છો.

મધુર માતાજી, કેટલીક વાર એવું બને છે કે, માણસ ધ્યાન અથવા એકાગ્રતા માટે તૈયાર ન હતો, અને પછી ઓચિંતાં તેને કશાકમાં જવાની ફરજ પડે છે અને તેને શાન્ત બનવાની ફરજ પડે છે; ત્યારે તેને શાન્તિમાંથી બહાર આવવાની ઇચ્છા થાય, તો પણ તે બહાર આવી શકતો નથી; તે કેટલીક વાર લાંબા સમય સુધી શાન્ત રહે છે, વસ્તુઓના પ્રવાહમાં તે તદ્દન ખેંચાઈ જાય છે. આને ધ્યાન કહી શકાય?

આનો અર્થ એટલો જ છે કે, માણસ ઓચિંતો એક ઉચ્ચતર શક્તિની અસર હેઠળ આવી જાય છે, જે શક્તિથી તે સભાન હોતો નથી. તે અસરથી સભાન છે, પણ કારણથી નહિ. બસ એટલું જ. તે તેનાથી વધારે કશું જ નથી. જો તમે સભાન હોત, તો તમને શાન્ત બનાવનાર વસ્તુથી, ધ્યાન કરાવનાર વસ્તુથી, કયા પ્રકારની શક્તિએ તમારામાં પ્રવેશ કરાવ્યો છે અથવા તમારા પર કાર્ય કરી રહી છે. તમારા પર અસર પાડે છે, અને તમને શાન્તિમાં મૂકયા છે, તે સર્વથી તમે સભાન બન્યા હોત. પણ તમે સભાન નથી, અને પરિણામે તમે માત્ર અસરથી, પરિણામથી, તમારામાં આવેલી શાન્તિથી જ સભાન છો.

પણ મધુર માતાજી, માણસ સભાન બની શકે; શું ન બની શકે?

પરિપૂર્ણ રીતે સભાન બની શકે! પણ તે માટે માણસે પોતાની અંદર થોડુંક કાર્ય કરવું જોઈએ. માણસે ઉપલી સપાટી પરથી પોતાની જાતને અંદર ખેંચી લેવી જોઈએ.

લગભગ દરેક જણ સમગ્રપણે, સર્વ સમયે, સપાટી પર જીવે છે. તેવા લોકો માટે માત્ર ઉપલી સપાટી જ અસ્તિત્વ ધરાવતી હોય છે. જયારે કોઈક વસ્તુ તેમને ઉપલી સપાટી પરથી અંદર જવાની ફરજ પાડે છે, ત્યારે કેટલાક લોકોને જાણે પોતે કોઈ ખાડામાં, છિદ્રમાં પડી જતા હોય તેવું લાગે છે, ઊંડા ખાડામાં પડી જતા હોય તેવું લાગે છે; તેઓ એટલા બધા અભાન હોય છે!

તેઓ માત્ર એક પ્રકારના, નાના, પાતળા છોતરાથી જ સભાન હોય છે; તેઓ પોતાને વિષે, વસ્તુઓ વિષે, જગત વિષે એટલું બધું થોડું જ જાણતા હોય છે, એટલું બધું પાતળું છોતરું! મેં ઘણી વાર તેવા લોકોને જોયા છે. મેં કેટલાક તેવા લોકોનું આંતરીકરણ કરવાનો પ્રયત્ન કર્યો હતો, અને તરત જ તેમને એવી લાગણી થઈ હતી કે અમે કોઈ અંધકારમય ખાડામાં પડીએ છીએ. આ પરિપૂર્ણ અચેતનતા છે. પણ ઘણી વાર તે લોકોને પોતે બિન–અસ્તિત્વમાં પડી જતા હોય તેવું લાગે છે. લોકોને કહેવામાં આવે છે કે નીચે બેસો, ખૂબ શાન્ત બનવા પ્રયત્ન કરો; તે સાંભળીને તેઓ ખૂબ ભયભીત બની જાય છે.

જ્યારે માણસ બાહ્ય ચેતનામાંથી બહાર જાય, ત્યારે જીવનમાં વૃદ્ધિનો અનુભવ થાય તે માટે ખૂબ લાંબા સમય સુધી કરાયેલી તૈયારીની જરૂર છે. તે એક મહાન પ્રગતિ છે. પછી એક પૂર્ણવિરામ આવે છે. જ્યારે તેમને કોઈ કારણસર બાહ્ય ચેતનામાં પાછા આવવાની ફરજ પડે છે, ત્યારે તેમને એક અંધકારમય છિદ્રમાં, એક પ્રકારની નીરસ, નિર્જીવ શુષ્કતામાં, અસંગઠિત વસ્તુઓના અંધાધુંધીપૂર્ણ સંમિશ્રણમાં પડવાની લાગણી પેદા થાય છે; તે સ્થિતિમાં ખૂબ ઝાંખો પ્રકાશ છે, આ સર્વ એટલું બધું નીરસ, ઝાંખું, નિર્જીવ દેખાય છે કે આ સ્થિતિમાં રહેવું કેવી રીતે શકય બને તે બાબત માણસને આશ્ચર્ય થાય; પણ અલબત્ત આ તે અનુભવનો બીજો છેડો છે અવાસ્તવિક, જુઠ્ઠો, ગૂંચવાડા ભરેલો, નિર્જીવ!

(મૌન)

તો શું આપણી અંદર અંધકારમય ખાડો છે કે નહિ તે જોવા માટે આપણે અંદર પ્રવેશવા પ્રયત્ન કરીશું?

હું માત્ર એટલી ઇચ્છા રાખું છું કે કોઈ હાલે ચાલે નહિ, ઉભો થાય નહિ, ચાલ્યો જાય નહિ.

જે લોકો પોતે શાન્ત રહી શકશે એવી ખાતરી ન હોય, તેઓ તરત જ ચાલ્યા જાય એવી હું વિનંતિ કરું છું! કારણ કે જો તેઓ ધ્યાન દરમિયાન ઉભા થઈને જશે, તો તેઓ બધાને વિક્ષેપ કરશે.

પણ એક જણ હલનચલન કરે છે. તેણે કશું સાંભળ્યું નથી અને તે હલનચલન કરે છે.

કેટલાક લોકો ફ્રેન્ચ સમજતા નથી.

શું તમે ફ્રેન્ચ બોલતા નથી? જો તેઓ ફ્રેન્ચ બોલતા ન હોય તો તેઓ શા માટે અહીં આવ્યા છે? હું અહીં ફ્રેન્ચ સિવાય બીજી કોઈ ભાષામાં બોલતી નથી!

(ધ્યાન)

* * *

૩૧ ઑગસ્ટ, ૧૯૫૫

માતાજી,
"યોગ પર પ્રકાશો" માંથી
"કાર્ય"
વાંચ્યે છે.

મધુર માતાજી, મને આ ન સમજાયું. "માણસે આંતર અનુભવમાં અને બાહ્ય કાર્યમાં એક જ ચેતના હોવી જોઈએ, અને તે બંનેને માતાજીથી અભર ભરી દેવાં જોઈએ."

હું તે બેમાંથી એકકેયને સમજી શકી નથી. ૧ તે વાકયનું, એક પેટા, વાકય ખૂંટતું નથી શું? આ વાકયની રચનાને હું પણ સમજી શકી નથી. (માતાજી પવિત્ર પ્રત્યે વળે છે) મને એમ લાગે છે કે વાકયમાં કમથી કમ એક શબ્દ ખૂટે છે.

(પવિત્ર:) ફરી પાછા મળીશું, ત્યારે હું મૂળ અંગ્રેજી વાકયને જોઈને ખાતરી કરી લઈશ.

---

૧. અલબત્ત માતાજી શ્રી અરવિંદના મૂળ ભાગના ફ્રેન્ચ અનુવાદનો ઉલ્લેખ કરતાં હતાં.

ના. અંગ્રેજીમાં વાકય આમ હોવું જોઈએ; હું તેની કલ્પના કરી શકું છું. પણ ફ્રેન્ચમાં તે વાકય સ્પષ્ટ નથી. (માતાજી પુસ્તક હાથમાં લે છે) હા, તે શરૂઆતમાં જ છે (માતાજી તે વાકય વાંચે છે). હા, હા, તે વાકય સ્પષ્ટ નથી. ૨

(પવિત્ર :-) બરાબર છે; ફ્રેન્ચમાં "રેફિલર" શબ્દ વધારે પડતો સઘન છે.

હવે તમે સમજ્યા? બસ, પતી ગયું?

મધુર માતાજી, જ્યારે કોઈ માણસ અમુક કાર્ય કરવા માગે છે, ત્યારે વધારે સારું શું છે? તમે તેને માટે કાર્ય પસંદ કરો તે, કે તે પોતે જ તે પસંદ કરે તે?

તેનો આધાર માણસને જે દૃષ્ટિબિંદુ પસંદ પડે તેના પર છે.

જો તે યોગના દૃષ્ટિબિંદુવાળું કાર્ય હોય અને માણસ તે કાર્ય કરવા માગતો હોય, તો તે પોતે તે કાર્ય પસંદ કરે તે વધારે ઇચ્છનીય છે, કારણ કે તે પોતે તે કાર્ય કરવા શકિતમાન છે એવી ભ્રાન્તિ તે સેવતો હોય અને પોતે તે કરવા સમર્થ ન હોય, અથવા તો તેને કોઈ મહત્ત્વાકાંક્ષા હોય, તે પોતાના મિથ્યાભિમાનને સંતોષવા માટે કાર્ય કરવા માગતો હોય, જો તે માણસને તે કાર્ય કરવા દેવામાં આવે, તો તે કાર્ય કરવાની તેની અશકિત તરત જ જણાઈ આવશે, કારણ કે અહીં કરાતું કાર્ય સત્ય ચેતનાની અસર હેઠળ હોય છે; અને તેથી તે માણસ પ્રગતિ કરી શકશે. પણ જો મને લાગે કે અમુક માણસ અમુક કાર્ય કરવા માટે સમર્થ છે, અને જો હું તેને ના પાડું કે "એ કાર્ય તને અનુકૂળ નથી. તું આ કાર્ય કરે તે વધારે સારું છે." તો તે માણસને અથવા સ્ત્રીને ખાતરી નહિ થાય; તેને હંમેશાં એમ લાગશે કે મારો નિર્ણય સ્વચ્છંદમય હતો; માણસને અમુક કાર્ય કરવાનું પસંદ પડતું હોય છે, એટલે તેના અંગત દૃષ્ટિબિંદુથી જોતાં, તે ઇચ્છે તે કાર્ય તેને કરવા દેવું એ વધારે સારું છે, જેથી તેણે કરવી જોઈતી પ્રગતિ તે કરી શકે. જો તે માણસ પોતે કરી શકે તે કાર્યથી ખૂબ સભાન હોય, અને પોતે કરવું જોઈએ તે જ કાર્યની માગણી કરે, તો તે સારું છે, તેમાં ચર્ચાને કોઈ અવકાશ રહેતો નથી.

---

૨. બાકીનો ફકરો એ ફ્રેન્ચ અનુવાદની ચર્ચા રૂપ છે, તેનો અનુવાદ થઈ શકે તેમ નથી.

પણ અમુક કેઈસોમાં, અમુક માણસને અનુભવ મેળવવા માટે અમુક કાર્ય કરવા દેવું અને તેમાં વિક્ષેપ કરીને તે કામને બગાડી નાંખવા દેવું તે કદાચ બહુ સારું નથી. એટલે જે કાર્ય કરવાનું છે તે તે માણસના યોગ કરતાં વધારે મહત્ત્વનું હોય, તો તેને કહેવામાં આવે છે કે "ના, હું દિલગીર છું. તમે આ કાર્ય કરવા સમર્થ નથી. તમારે પેલું કાર્ય કરવું જોઈએ." માત્ર આમ કરવાથી તેની મુશ્કેલી વધે છે, કારણ કે તેને એવી ખાતરી રહ્યા જ કરશે કે બીજાએ કરી તે કરતાં મેં મારે માટે જે કાર્યની પસંદગી કરી હતી તે વધારે સારી હતી; પણ અનુભવથી તેને જ્યારે સમજાય, તેણે પોતે પસંદ કરેલા કાર્યમાં તે નિષ્ફળ નીવડે, ત્યારે તેને સમજાશે કે મેં ભૂલ કરી હતી.

હવે હું પુનરુકિત કરું છું. જો માણસ સભાન હોય કે હું સાચે જ આ કાર્ય કરી શકું તેમ છું, તો તેને તે કાર્ય કરવા દેવું તે વધારે સારું છે. પછી કોઈ સમસ્યા પેદા થતી નથી. તેણે જે કાર્ય કરવું યોગ્ય છે તેની અને પોતે જે કાર્ય કરવાનું પસંદ કરે છે તે બેની વચ્ચે કોઈ તફાવત રહેતો નથી; એટલે કોઈ સમસ્યા ઉભી થતી નથી. એટલે તેનો આધાર તે કેઈસ ઉપર અને કરવાના કાર્યના પ્રકાર ઉપર છે.

તે બાળકોની કેળવણીની સમસ્યા જેવી જ વાત છે, કેળવણીની બાબતમાં અનેક પ્રકારના ભિન્ન ભિન્ન અને વિરોધી સિદ્ધાંતો છે. કેટલાક લોકો કહે છે કે બાળકોને તેમનો પોતાનો અનુભવ પ્રાપ્ત કરવા છોડી દેવાં જોઈએ, કારણ કે જાત-અનુભવ વડે તેઓ શ્રેષ્ઠ પ્રકારે વસ્તુઓ શીખે છે. એ વિચાર સુંદર છે. પણ વ્યવહારમાં અમુક વસ્તુઓ બાકાત રાખવાની જરૂર પડે છે, કારણ કે જો તમે બાળકને એક દિવાલની અણી પર ચાલવા દો, તે પડે, અને પોતાનો પગ કે માથું ભાંગી નાંખે, તો તે અનુભવ જરાક કઠણ કહેવાય. અથવા તો, જો તમે તેને દિવાસળીની પેટી સાથે રમવા દો અને તેની આંખો દાઝી જાય, તો થોડા જ્ઞાન માટે ખૂબ ભારે કિંમત ચૂકવી ગણાય! આ વાત મેં ઈંગ્લેન્ડથી આવેલા કેળવણીકાર સાથે ચર્ચી હતી; તેમનું નામ હું ભુલી ગઈ છું; તે બાળકોને પૂરેપૂરી છૂટ આપવામાં માનતા હતા. મેં તેમને આ વાકય કહ્યું હતું, ત્યારે તે બોલ્યા કે સ્વતંત્રતાના પ્રેમ ખાતર માણસે ઘણા લોકોની જિંદગીઓનું બલિદાન આપવું પડે. આ એક અભિપ્રાય છે. (શ્રી માતાજી હસે છે)

તેનાથી વિરુદ્ધના સિદ્ધાંતમાં બાળકને પોતાનો અનુભવ પ્રાપ્ત કરવામાંથી બધે સમયે રોકવામાં આવે છે. તેને કહેવામાં આવે છે કે આ ન કર, નહિ તો

આમ થશે; પેલું ના કરીશ, નહિ તો તેમ બનશે. છેવટે બાળક પૂરેપૂરી રીતે પોતાની જાતમાં જ કોચવાઈ જશે, તેના જીવનમાં હિંમત કે વીરતા નહિ આવે. આ પણ બહુ ખરાબ વસ્તુ છે.

હકીકતમાં, છેવટે એમ લાગે છે કે માણસે નિયમો ન ઘડવા જોઈએ.

પ્રતિક્ષણે માણસે પોતે જોઈ શકે તે ઉચ્ચતમ સત્યને લાગુ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. તે ઘણું વધારે કઠિન છે, પણ તે જ માત્ર સાચો ઉકેલ છે.

તમે ગમે તે કામ કરતા હો, અગાઉથી નિયમો ન ઘડી રાખશો, કારણ કે એક વાર તમે નિયમ ઘડો, એટલે પછી તમે તેને વત્તી-ઓછી અંધતાપૂર્વક અનુસરો છો; પરિણામે ૧૦૦ માંથી ૯૯॥ વખત તમે ભુલો કરવાના જ.

સાચી રીતે કાર્ય કરવાનો માત્ર એક જ માર્ગ છે, અને તે દર મિનિટે, દર ક્ષણે, દરેક ગતિમાં પોતે જોઈ શકે તે ઉચ્ચતમ સત્યને જ માત્ર અભિવ્યકત કરવાનો અને સાથે સાથે જાણવાનો કે એ સત્યનું દર્શન પ્રગતિમય હોવું જોઈએ; આજે તમને જે સૌથી વધારે સત્ય દેખાય છે તે આવતી કાલે તેવું નહિ રહે, તમારી મારફતે ઉચ્ચતર સત્યને વધુ ને વધુ પ્રમાણમાં અભિવ્યકત થવા દેવું પડશે. પરિણામે, તમને આરામમય તમસમાં ઊંઘવાનો કોઈ અવકાશ નહિ રહે. માણસે હંમેશાં જાગ્રત રહેવું જોઈશે. હું શારીરિક નિદ્રાની વાત નથી કરતી, માણસે હંમેશાં જાગ્રત, સભાન, અને પ્રકાશમય ગ્રહણશીલતાથી અને સદ્‌ભાવથી સભર ભરેલા રહેવું જોઈશે. તેણે હંમેશાં શ્રેષ્ઠ વસ્તુની જ ઈચ્છા રાખવી પડશે; તેણે કદી પોતાની જાતને એવું નહિ કહેવાનું રહે કે "ઓહ, આ તો થકવી નાંખે તેવું છે! મને થોડોક આરામ કરવા દો, શિથિલ બનવા દો! ઓહ, હું આ પ્રયાસ બંધ કરી દેવા માગું છું." જો તે તેમ કરશે, તો તે તરત જ કોઈ છિદ્રમાં પતન પામશે અને કોઈ મોટી, મૂર્ખાઈભરેલી ભૂલ કરી બેસશે.

આરામ એવો ન હોવો જોઈએ કે જે અચેતનતામાં અને તમસમાં સરી પડે. આરામ એવો હોવો જોઈએ કે જેથી માણસ પ્રકાશમાં, પરિપૂર્ણ શાન્તિમાં, સમગ્ર મૌનમાં આરોહણ કરે, અંધકારમાંથી ઊર્ધ્વમાં ગતિ કરે. ત્યારે તે સાચો આરામ છે, આરોહણરૂપ આરામ છે.

મધુર માતાજી, "ડોર્ટોઈટ" નાં બાળકોએ મને તમને પૂછવાનું કહ્યું હતું કે સચિત્ર સારાં પુસ્તકો વાંચવાં એ સારું છે કે નહિ?

શું વાંચવું?

સચિત્ર સારાં પુસ્તકો!

એ શું છે? (હસાહસ)

(તે બાળક માતાજીને આ સચિત્ર પુસ્તકની એક નકલ આપે છે) આજકાલ બધાં બાળકો આ પુસ્તકો વાંચે છે. તેમણે મને કહ્યું હતું કે, અમે વર્ગમાં પણ, જ્યારે શિક્ષક બીજી કોઈ વાત કરતા હોય ત્યારે પણ આ પુસ્તકો વાંચીએ છીએ.

ઠીક, આમાં કયો વિષય છે? (માતાજી પાનાં ફેરવે છે) ઉહ, આ વસ્તુ કયાંથી આવે છે?

અમેરિકામાંથી.

શું તે અમેરિકન છે? (શ્રી માતાજી થોડાંક વધારે પાનાં ઉથલાવે છે) ઠીક મારાં બાળકો, આ શોચનીય રીતે ક્ષુદ્ર, અસંસ્કારી છે! તે પુસ્તકો માટે હું માત્ર એટલું જ કહી શકું છું.

મધુર માતાજી, આજકાલ આવી સેંકડો વસ્તુઓ અહીં છે.

સેંકડો નકલો છે?

હા, માતાજી, તેમનો તે સંગ્રહ કરતાં હોય છે.

(બીજો બાળક :–) ભિન્ન ભિન્ન પુસ્તકોનો, એક જ ચોપડી તો નહિ.

(પવિત્ર :–) સોથી પણ વધારે.

(બીજો બાળક :–) આ પુસ્તક નહિ, ભિન્ન–ભિન્ન પુસ્તકો.

(પહેલો બાળક :–) બધાં શ્રેષ્ઠ પુસ્તકોમાંથી તેઓ આ બનાવે છે. પછી બાળકો તેને વાંચે છે, પાઠય–પુસ્તકો નથી વાંચતાં.

(બીજો બાળક :–) બધી ભાષાઓનાં.

હા, એ સમયનું એક ચિહ્ન છે. તે દરેક વસ્તુનું ક્ષુદ્રીકરણ છે. વિચારોનું, શ્રેષ્ઠ પુસ્તકોનું, ઈતિહાસનું, દરેક વસ્તુને શકય એટલું નિમ્ન મૂકવામાં આવ્યું છે, જેથી માણસને પોતાની જાતને ઉચ્ચ બનાવવાની કોઈ જરૂર ન રહે, માણસ જમીન

પર કીડાની પેઠે સરકયા કરે અને આ વસ્તુને પ્રાપ્ત કરી શકે. તે ચેતનાનું બની શકે તેટલું અવરોહણ છે, પછી માણસ તેમાં આળોટે છે!

ઓહ, ના. આ તો સૂગ ચઢે એવું છે! પણ તે તમારે જોવાનું છે. જો તમને પશુઓની પેઠે કાદવમાં આળોટવું ગમતું હોય, તો તેમ કરો. તે તમારે જોવાનું છે. બસ, એ શોચનીય છે!

ભલે, કોઈ સુધારા-વધારા સિવાય આ પ્રશ્નને બંધ કરી દેવામાં આવે છે.

હું કોઈને હુકમ કરતી નથી. દરેક જણ પોતાની ચેતનાને અનુસરે છે. જો તમારે અધ:પતનમાં જવું હોય, તો આ પુસ્તકો તેનું બહુ સારું સાધન છે.

(હસાહસ)

જો તમારે આરોહણ કરવું હોય, તો હું તમને આ પુસ્તકોને રસ્તા પર ફેંકી દેવાની સલાહ આપું છું, ગમે ત્યાં ફેંકી દો; તે મહત્ત્વની વાત નથી. તેમને કોઈ પણ જગ્યાએ રાખી શકાય તેવાં તે નથી.

માતાજી, વધારે મોટાં બાળકો આ પુસ્તકોને નાનાં બાળકોમાં ફેલાવે છે.

હા.

અને તે પણ તમને પૂછયા વગર.

તેમણે મને પૂછયું છે, હમણાં જ પૂછયું છે.

તમને પૂછયા પહેલાં તેમણે તે કયારનુંયે કરી દીધું છે.

ઠીક, શું તમે પુસ્તકાલયમાંથી આ વસ્તુઓને પ્રાપ્ત કરો છો?

માતાજી, ના.

આહ! (હસાહસ)

મેઘાનંદ ગભરાઈ જાય છે.

કલ્પના કરો. જો આ વસ્તુઓની, તમને રેકોર્ડ આપવામાં આવતી હોય, (અમારી પાસે કેટલાક રેકોર્ડો હતાં), તો હું એમ કહેવાની તૈયારીમાં હતી કે તે જરાક ગ્રામ્ય, અસંસ્કારી છે. રેકોર્ડો વેચાય અને બધા લોકો તેમને સાંભળે તેટલા માટે તેઓ તેના કલામય મૂલ્યને જરાક નીચે લાવી દે છે, જેથી જાહેર જનતાને

તે ગમે, તેને તે સમજી શકે. તે રેકોર્ડ જરા શબ્દોની ભભકવાળી હતી, બળજબરી-પૂર્ણ હતી; તેમાં મૂળની સર્વ વિશુદ્ધિ ન હતી. તમે જાણો છો કે એક દિવસ આપણી સમક્ષ જુલિયસ સીઝરનું નાટક ભજવી બતાવવામાં આવ્યું હતું. ત્યારે પણ મેં કેટલાક ખાનગી વિચારો મારામાં રાખ્યા હતા. મેં મારી જાતને કહ્યું હતું કે આ તો લોકોની રસવૃત્તિને જૂઠી બનાવી દેવાની વાત છે. મૂળ વસ્તુની શુદ્ધ ઉદાત્તતા હોવાને બદલે, મોટી સંખ્યાના પ્રેક્ષકોને રાજી કરવા માટે તે જરાક અતિ-શયોક્તિ કરે છે.

પણ તમને સમજાયું ને કે તે નાટકની સરખામણીમાં આ પુસ્તકો તો ગ્રામ્ય-તાની પરાકાષ્ઠાએ પહોંચી જાય છે. તે નાટકમાં તો કમથી કમ કલામય સિદ્ધિ માટે થોડીક અભીપ્સા હતી; પૂરી સિદ્ધિ ન હતી, પણ તેને માટે તેમાં પ્રયાસ જરૂર કરવામાં આવ્યો હતો.

આ પુસ્તકો, રેકોર્ડો તો તેનાથી તદ્દન ઊલટાં જ છે. છતાં પણ...!

હવે હિંમત રાખો! તમારામાંના કેટલા જણે આ પુસ્તકો વાંચ્યાં છે? (ઘણાં બાળકો પોતાની આંગળીઓ ઉંચી કરે છે).

અરે ભલા ભગવાન! અને છતાં ધ્યાન કરવા માટે મને કહેવાની ધૃષ્ટતા તમારામાં હતી! ઠીક, ધ્યાન માટે આ એક સુંદર તૈયારી છે!

મધુર માતાજી, અંદર શું છે તે જોવા માટે હું થોડાક આ પુસ્તકો વાંચું છું.

ભલે, આજે સાંજે હું તમને કોઈ ધ્યાન નહિ આપું. જો તમને ગમશે તો આવતે અઠવાડિયે આપણે ધ્યાન કરીશું; પણ આજે સાંજે તો નહિ.

ઠીક, આજે સમાપ્ત થાય છે.

* * *

૭ સપ્ટેમ્બર, ૧૯૫૫.

માતાજી,
"યોગ પર પ્રકાશો" માંથી
"કાર્ય"
વાંચ્યે છે.

શું "સર્વ કાર્ય" એ અનુભવની પાઠશાળા છે?

હા, ચોક્કસ. તમને તે નથી સમજાતું?

ના, માતાજી.

જો તમે કશું જ ન કરો, તો તમને કોઈ અનુભવ પ્રાપ્ત થાય નહિ. સમગ્ર જીવન એ અનુભવનું ક્ષેત્ર છે. તમે જે કોઈ ગતિ, વિચાર અને કાર્ય કરો છો, તે અનુભવ બની શકે, તેણે અનુભવ બનવું જ જોઈએ. સ્વાભાવિક રીતે જ કાર્ય અનુભવનું એક ક્ષેત્ર છે, જેમાં માણસે પોતે અંદર જે પ્રગતિ સાધવા પ્રયાસ કર્યો હોય છે તે પ્રગતિને લાગુ પાડવી જોઈએ.

જો તમે કાર્ય કર્યા સિવાય ધ્યાનમાં કે ચિંતનમાં જ રહો, તો તમે પ્રગતિ કરી છે કે નહિ તે જાણી શકો નહિ; તમે તમારી પ્રગતિ કર્યાની ભ્રાન્તિમાં રહો. પણ જો તમે કાર્ય કરવાની શરૂઆત કરો, તો તમારા કાર્યના સર્વ સંયોગો, બીજાઓ

સાથે સાધેલા સંપર્કો, ભૌતિક ધંધો, આ બધું અનુભવનું ક્ષેત્ર બની જાય છે, જેને પરિણામે તમે સાધેલી પ્રગતિને અને હજી બાકી રહેલી પ્રગતિને જાણી શકો છો. જો તમે કાર્ય કર્યા સિવાય તમારી જાતમાં પૂરાયેલા જ રહો, તો તમે એક પરિપૂર્ણ વિષયીગત ભ્રાન્તિમાં જીવો. જે ક્ષણે તમે તમારી જાતનું બાહ્યીકરણ કરો છો, બીજાઓ સાથે, સંજોગો સાથે, જીવનના પદાર્થો સાથે સંપર્કમાં આવો છો, ત્યારે તમે વિષયગત રીતે પરિપૂર્ણ રીતે સભાન બનો છો કે મેં પ્રગતિ કરી છે કે નહિ; હું વધારે શાન્ત, સભાન, બળવાન, નિઃસ્વાર્થ બન્યો છું કે નહિ, હવે તમારામાં કોઈ કામના, પસંદગી, નિર્બળતા, બિનવફાદારી રહ્યાં છે કે નહિ. કાર્ય કરવા વડે જ તમે આ બધાંથી સભાન બનો છો. પણ જો તમે માત્ર અંગત ધ્યાનમાં જ પૂરાયેલા રહો, તો તમે એક સમગ્ર ભ્રાન્તિમાં પ્રવેશો અને તેમાંથી કદી પણ બહાર ન આવો, અને એમ માની લો કે મેં અસાધારણ વસ્તુઓ સિદ્ધ કરી છે, પણ સાચી રીતે જોતાં તમને તેમ કર્યાની એક ભ્રાન્તિ માત્ર હોય છે.

શ્રી અરવિંદના કહેવાનો એ અર્થ છે.

માતાજી, તો પછી ભારતની બધી જ આધ્યાત્મિક શાળાઓમાં કાર્યમાંથી છટકી જવાનો, નિવૃત્તિનો સિદ્ધાંત શા માટે છે?

હા, કારણ કે આ બધાના પાયામાં એવો ઉપદેશ રહેલો છે કે જીવન એક ભ્રાન્તિ છે. તેની શરૂઆત બુદ્ધના ઉપદેશથી થઈ હતી કે જીવન એ કામનાનું ફલ છે; તે દુઃખમાંથી અને કામનામાંથી મુકત થવાનો એક જ માર્ગ છે, અને તે જીવનમાંથી બહાર આવી જવાનો. એ ઉપદેશ શંકર સુધી ચાલુ રહ્યો. શંકરે ઉમેર્યું કે જીવન માત્ર કામનાનું જ ફલ છે, એટલું જ નહિ, પણ તે એક પરિપૂર્ણ ભ્રાન્તિ છે; જ્યાં સુધી તમે આ ભ્રાન્તિમાં જીવો છો, ત્યાં સુધી તમે ભગવાનનો સાક્ષાત્કાર કરી શકતા નથી. શંકરને મન ભગવાન પણ ન હતા એમ મને લાગે છે, બુદ્ધને મન તો ન હતા જ.

તો પછી શું તેમને સાચી રીતે અનુભવો પ્રાપ્ત થયા હતા?

તેનો આધાર તમે શેને "અનુભવ" કહો છો તેના પર છે. તેમને ચોકકસ કોઈક વસ્તુ સાથે આંતર સંપર્ક હતો.

બુદ્ધને ચોકકસ કોઈક એવી વસ્તુ સાથે આંતર સંપર્ક હતો, જે બાહ્ય જીવન સાથે સરખાવતાં, શૂન્ય હતું. આ શૂન્યમાં સ્વાભાવિક રીતે જ અસ્તિત્વનાં બધાં પરિણામો અદૃશ્ય થઈ જાય છે. આ પ્રકારની એક સ્થિતિ છે; એમ પણ

કહેવામાં આવ્યું છે કે જો માણસ આ સ્થિતિમાં ૨૦ દિવસ સુધી રહે, તો તેનું શરીર ચોકકસ પડી જાય; જો શરીર પડી જવાની વાતને બાદ કરો, તો હું તે અનુભવ સાથે સંમત થાઉ છું.

પણ તે અનુભવ પીઠમાં રહે છે, જે જગત સાથે સંપર્કને ઉપજાવે છે; ત્યારે બાહ્ય ચેતનાને કોઈ મુકત અને સ્વતંત્ર વસ્તુ ટકાવી રાખે છે. આ સાચે જ એક એવી સ્થિતિ છે કે જેમાં માણસ બાહ્ય રીતે ખૂબ પ્રગતિ કરી શકે, કારણ કે માણસ દરેક વસ્તુ પ્રત્યે અનાસકત બની જાય છે; આસકિત કે પસંદગી વગર આંતર મુકિત સાથે કાર્ય કરી શકે છે, જે આંતર મુકિત બાહ્ય રીતે અભિવ્યકત થાય છે.

છતાં પણ આ એક સાચી જરૂરિયાત છે. જો એક વાર આ આંતર મુકિત અને સનાતન તથા અનંત તત્ત્વ સાથે સભાન સંપર્ક પ્રાપ્ત થાય તો આ ચેતના ગુમાવ્યા વગર તે માણસે ફરી કાર્ય કરવા પ્રત્યે પાછા આવવું જોઈએ, અને તે કાર્ય પ્રત્યે વળેલી સમગ્ર ચેતના પર અસર પાડે તેમ થવા દેવું જોઈએ.

આને શ્રી અરવિંદ "ઊર્ધ્વમાંથી શકિતને નીચે લાવવી" કહે છે. આ રીતે માણસને જગતને પરિવર્તિત કરવાની શકિત મેળવ્યાની તક સાંપડે છે, કારણ કે માણસ એક નવીન શકિતને, એક નવા પ્રદેશને, એક નવીન ચેતનાને લઈ આવ્યો હોય છે, અને તેમને તેણે બાહ્ય જગત સાથે સંપર્કમાં મૂકયાં છે. એટલે તેની હાજરી અને કાર્ય અનિવાર્ય પરિવર્તનો પેદા કરશે, અને આપણે આશા રાખીએ કે આ બાહ્ય જગતનું સંપૂર્ણ રૂપાંતર કરશે.

એટલે આપણે કહી શકીએ કે બુદ્ધને ચોકકસ આ અનુભવનો પ્રથમ ભાગ પ્રાપ્ત થયો હતો, પણ તેમને કદી બીજો ભાગ સ્વપ્નમાં પણ આવ્યો ન હતો, કારણ કે તે તેમના પોતાના સિદ્ધાંતથી વિરુદ્ધ હતું. તેમનો સિદ્ધાંત એવો હતો કે માણસે સંસારથી દૂર ભાગી જવું; પણ એ સ્પષ્ટ છે કે સંસારમાંથી છટકી જવાનો માત્ર એક જ માર્ગ છે અને તે મરી જવું તે; તેમણે (બુદ્ધે) પોતે કહ્યું છે તેમ, તમે મરી જાઓ અને છતાં જીવન પ્રત્યે પૂર્ણ આસકિતવાળા હો, જન્મ મૃત્યુના ચક્રમાં હો, અને મુકિતને પ્રાપ્ત ન કરો. હકીકતમાં બુદ્ધ એ વિચારને સ્વીકાર્યો છે કે આ મુકિતને પ્રાપ્ત કરવા માટે માણસે આ પૃથ્વી પર અનેક જન્મો લેવા પડે છે અને પોતાની જાતનો વિકાસ સાધવો પડે છે. પણ તેમને માટે તો આદર્શ એ હતો કે જગતનું અસ્તિત્વ જ ન રહે. તે જાણે એવું હતું કે તેમણે ભગવાન પર આ જગતનું નિર્માણ કરવામાં ભૂલ કરી હતી. એવો આરોપ

તેમણે ભગવાન પર મૂકયો હતો; એટલે તે ભૂલને સુધારવાનો અથવા મિટાવી દેવાનો માત્ર એક જ માર્ગ રહ્યો હતો. પણ સ્વાભાવિક રીતે જ તાર્કિક બનવા ખાતર, તેમણે ભગવાનનો સ્વીકાર ન કર્યો. તે ભૂલ કોણે, કેવી રીતે કરી હતી તે બુદ્ધે કદી સમજાવ્યું નથી. તેમણે તો માત્ર એટલું જ કહ્યું કે કામના સાથે જગતની શરૂઆત થઈ છે, અને તેના અંત સાથે જગતનો અંત આવવાનો છે. તે (બુદ્ધ) એવું કહેવાની અણી પર હતા કે આ જગત કેવળ વિષયિગત છે, એક સામૂહિક ભ્રાન્તિ છે; જો ભ્રાન્તિ જતી રહે, તો જગત પણ અસ્તિત્વમાં ન રહે. પણ બુદ્ધ તેટલે દૂર ગયા નહિ. તે વાત શંકરે ઉપાડી લીધી અને બુદ્ધના ઉપદેશને તદ્દન પરિપૂર્ણ બનાવ્યો.

દા. ત. જો આપણે ઋષિઓના ઉપદેશ પ્રત્યે પાછા જઈએ, તો તેમાં જગતમાંથી ભાગી છૂટવાનો કોઈ વિચાર નથી; તે ઋષિઓ માનતા હતા કે સાક્ષાત્કારે પાર્થિવ હોવું જોઈએ. તેમણે સુવર્ણ યુગનો ખ્યાલ બહુ સારી રીતે કર્યો હતો, જેમાં સાક્ષાત્કાર પાર્થિવ હોય. પણ દેશના આધ્યાત્મિક જીવનમાં પ્રાણ-શકિતની અમુક ક્ષીણતાને કારણે એક ભિન્ન પ્રકારનું જ્ઞાન અસ્તિત્વમાં આવ્યું. જગતથી ભાગી જવાનો વિચાર ચોકકસ બુદ્ધના ઉપદેશથી શરૂ થયો, જે વિચારે દેશની પ્રાણ શકિતનો વિનાશ કર્યો છે, કારણ કે માણસે જીવનમાંથી પોતાની જાતને કાપી નાંખવા માટે પ્રયત્ન કરવાનો રહેતો. બાહ્ય વાસ્તવિકતા એક ભ્રાન્તિમય જૂઠાણું બની ગઈ; માણસે તેની સાથે કશી લેવા-દેવા રાખવાની ન હતી. પરિણામે સ્વાભાવિક રીતે જ માણસ વૈશ્વિક શકિતથી વિચ્છિન્ન થઈ ગયો, પ્રાણ-શકિતઓ સરતી ગઈ, અને સાક્ષાત્કારની સર્વ શકયતાઓ પણ ઓછી થતી ગઈ.

પણ એ નોંધપાત્ર છે, હું ઘણા લોકોને મળી છું, જેઓ જીવનથી દૂર રહેવાની, અનાસકિતની આ પદ્ધતિ માટે પ્રયત્ન કરતા હતા, અને માત્ર આંતર વાસ્તવિકતામાં જ જીવવા માટે પ્રયત્ન કરતા હતાં. લગભગ તે બધા લોકોના બાહ્ય જીવનમાં તદ્દન સ્થૂલ ખામીઓ હતી. જયારે તેઓ સામાન્ય ચેતનામાં પાછા આવતા, ત્યારે તેઓ કોઈ સંસ્કારી, બહુ બુદ્ધિશાળી, અને નીતિવાળા માણસ કરતાં ખૂબ વધારે નિમ્ન કોટિના હતાં. જયારે તે લોકો તેમના ધ્યાનમાંથી, તેમની એકાગ્રતામાંથી બહાર આવતા, ત્યારે પોતાના સામાન્ય આચરણમાં તેઓ ખૂબ સ્થૂલ જીવન જીવતા હતા. તેમનામાં ખૂબ ખૂબ સામાન્ય ત્રુટિઓ હતી. હું એવા ઘણા લોકોને જાણતી હતી. અથવા કદાચ તેઓ એવી અવસ્થાએ પહોંચ્યા હતા કે તેમનું બાહ્ય જીવન તેમને માટે એક સ્વપ્ન સમાન હતું, અસ્તિત્વ ધરાવતું ન

હતું. પણ તેઓ એવી છાપ પેદા કરતા કે બાહ્ય રીતે તેઓ તદ્દન અપૂર્ણ છે, તેમનામાં કશું જ ન હતું.

પણ જો માણસ બાહ્ય ચેતનામાં ખૂબ નિમ્ન પ્રકારનો હોય, તો તે ધ્યાન કેવી રીતે કરી શકે? ધ્યાન તેને માટે બહુ કઠિન બની જાય, નહિ વારુ?

હા, ખૂબ જ કઠિન.

તો પછી તે લોકો કેવી રીતે સફળ બન્યા?

પણ તેઓ તેમાંથી પરિપૂર્ણ રીતે બહાર આવ્યા હતા. માણસ જેમ પોતાનો કોટ ઉતારી કાઢે છે તેમ પછી તેઓ પોતાના અસ્તિત્વના બીજા ભાગમાં પ્રવેશતા હતા, બરાબર આમ જ બનતું હતું. તેઓ જાણે આ ચેતનાને લઈ લેતા, એક બાજૂએ મૂકી દેતા, અને પોતાના અસ્તિત્વના બીજા ભાગમાં પ્રવેશતા. જ્યાં સુધી તેમનું ધ્યાન ચાલતું, ત્યાં સુધી તે બહુ સારું હતું. પણ આમાંના મોટા ભાગના લોકો જ્યારે તે સ્થિતિમાં હતા, ત્યારે તેઓ એક પ્રકારની સમાધિમાં હતા. તેઓ બોલી પણ શકતા નહિ. પછી જ્યારે તેઓ સામાન્ય ચેતનામાં પાછા આવતા, ત્યારે તેઓ પહેલાનાં જેવા જ અપરિવર્તિત; તેમને દિવ્યનો સંપર્ક થયો જ ન હતો.

તમને આ વસ્તુઓ સમજવી અઘરી પડે છે, કારણકે, તમે સઘનતાપૂર્વક, વ્યવહારમય રીતે જાણતા નથી કે, બધાં અસ્તિત્વો તે હોય છે તેમ, તમારા અસ્તિત્વને ભિન્ન ભિન્ન ભૂમિકાઓ છે, જેમને પરસ્પર કોઈ સંપર્ક થયો હોતો નથી, માણસ એક ભૂમિકામાંથી બીજી ભૂમિકામાં સહેલાઈથી જઈ શકે છે, અમુક ચેતનામાં જીવી શકે છે અને બીજી ચેતનાને તદ્દન નિદ્રાવસ્થામાં છોડી શકે છે, વળી કાર્ય કરતી વખતે પણ, ભિન્ન ભિન્ન સમયે અસ્તિત્વની ભિન્ન-ભિન્ન સ્થિતિઓ કાર્યમાં પ્રવેશે છે; જો માણસ તેમને એકત્રિત કરવાની, સંવાદિતામાં મૂકવાની ખૂબ સાવધાની ન રાખે, તો એક સ્થિતિ તેને એક બાજૂએથી ખેંચે છે, બીજી સ્થિતિ બીજી બાજૂએથી, ત્રીજી ત્રીજી બાજૂએથી, અને તે બધી સ્થિતિઓ પરસ્પર ખૂબ વિરોધી હોય છે.

દા. ત. કેટલાક લોકો, પોતાના અસ્તિત્વની અમુક સ્થિતિમાં, રચનાત્મક હોય છે, ઉપયોગી કાર્ય કરવા સમર્થ હોય છે, અને પોતાના અસ્તિત્વના બીજા ભાગમાં તેઓ તદ્દન વિનાશક હોય છે, તેમના એક ભાગે જે રચના કરી હોય છે તે, તે તેઓ સતત તોડી મૂકતા હોય છે, હું આ પ્રકારના ઘણા લોકોને ઓળખતી હતી,

જેમનું જીવન અસંગત દેખાતું હતું, કારણકે તેમના અસ્તિત્વના બે ભાગો પરસ્પર પૂરક અને સમન્વયમાં સુસંવાદી બનવાને બદલે પરસ્પર વિરુદ્ધ અને ભિન્ન બની ગયા હતા; એક ભાગ જે રચતો હતો તેનો બીજો ભાગ વિનાશ કરી દેતો હતો; તેઓ સતત આમ એક ભાગમાંથી બીજા ભાગમાં ચાલ્યા જતા રહેતા હતા. તેમનું જીવન બિલ્કુલ સંગઠિત ન હતું. આપણી કલ્પનામાં પણ ન આવે તેટલા બધા લોકો આ પ્રકારના છે!

આવા ઘણા, ધ્યાન ખેંચે તેવા, સ્પષ્ટ દાખલાઓ છે, પણ તેમની સ્થિતિઓ પરસ્પર ઓછી વિરુદ્ધ હોય છે. વળી માણસને, પોતે જ્યારે પ્રગતિ કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે, આવો અનુભવ થાય છે. તેના અસ્તિત્વનો એક ભાગ પ્રગતિમાંના પ્રયત્નમાં સાથ આથ આપે છે; અને ઓચિંતો કોઈ પણ કારણ વગર, તેણે કેટલો સઘળો પ્રયાસ, પ્રાપ્ત કરેલી સઘળી ચેતના ભાંગી પડે છે, અને કોઈ તદ્દન ભિન્ન વસ્તુરૂપ બની જાય છે, કે જેના ઉપર તે માણસને કાબૂ હોતો નથી.

કેટલાક માણસો આખો દિવસ પ્રયત્ન કરે છે, પોતામાં કોઈક વસ્તુનું નિર્માણ કરવામાં સફળ બને છે; રાતે તેઓ ઊંઘી જાય છે, બીજે દિવસે જ્યારે તેઓ જાગે છે, ત્યારે તેમને માલમ પડે છે કે, આગલે દિવસે તેમણે જે કાંઈ કર્યું હતું તે બધું તેમણે અચેતનતાની સ્થિતિમાં ગુમાવી દીધું છે, આમ ઘણીવાર બને છે; આ કેઈસો અપવાદરૂપ નથી. આથી તમને કારણ સમજાશે કે, અમુક લોકો જ્યારે પોતાના ઉચ્ચતર મનમાં પોતાની જાતની ખેંચી લે છે, ત્યારે તેઓ ખૂબ ઊંડા ધ્યાનમાં પ્રવેશે છે, આ જગતની વસ્તુઓથી મુકત બને છે; અને પછી જ્યારે તેઓ પોતાની સામાન્ય શારીરિક ચેતનામાં પાછા આવે છે, ત્યારે તેઓ, ગ્રામ્ય નહિ તો, તદ્દન સામાન્ય બની ગયા હોય છે, કારણકે, તેમણે કોઈ સંપર્ક સ્થાપવાની દરકાર કરી હોતી નથી, ઊર્ધ્વમાંની જે વસ્તુ કાર્ય કરીને નીચેની વસ્તુને પરિવર્તિત કરે છે તેને જોવાની પરવા કરી નથી.

બસ.

માતાજી, બુદ્ધ વિષે મારે એક પ્રશ્ન પૂછવાનો છે, તમે કહ્યું હતું કે ભગવાન પૃથ્વી પર જીવી શકે છે તે બતાવવા માટે અવતાર પૃથ્વી પર આવે છે. તો પછી બુદ્ધે તદ્દન ઊલટી વસ્તુનો બોધ શા માટે કર્યો? બુદ્ધ અવતાર છે કે નહિ?

કેટલાક લોકો કહે છે કે બુદ્ધ એક અવતાર હતા; બીજાઓ કહે છે કે તે અવતાર ન હતાં. પણ સાચું કહું તો...

ભગવાન પૃથ્વી પર જીવી શકે છે તે બતાવવા માટે અવતાર પૃથ્વી પર આવે છે, તે શબ્દો વડે અમુક વસ્તુ સાબિત કરવાની વાત નથી પણ અમુક સાક્ષાત્કાર વડે સાબિત કરવાની વાત છે. હું માનું છું કે ભગવાનની આ બાજૂ રચનાત્મક અને રક્ષાત્મક છે; તે પરિવર્તન કરનારી અને વિનાશક બાજૂ નથી. ભારતવર્ષમાં સુપ્રસિદ્ધ નામોનો ઉપયોગ કરું તો, ભગવાન પૃથ્વી પર આવી શકે છે તે સિદ્ધ કરવા માટે વિષ્ણુના અવતારો થયા હતા. જ્યારે જ્યારે શિવ પ્રગટ થયા છે, ત્યારે ત્યારે તે એવી વિભૂતિઓમાં પ્રગટ થયા હતા કે જેમણે ભ્રાન્તિ સામે યુદ્ધ કરવા માટે અને તેનો વિનાશ કરવા માટે પ્રયત્ન કર્યો હતો.

બુદ્ધ એક અવતાર હતા એમ માનવાનાં મારી પાસે કારણો છે. નિશ્ચિતતા-પૂર્વક કહું તો, બુદ્ધે શિવની શક્તિની અમુક વસ્તુને પ્રગટ કરી હતી. બુદ્ધમાં શિવ જેવી જ કરુણા હતી, સર્વ દુઃખોની સમજ હતી, પરિવર્તન કરવા માટે વિનાશની શક્તિ હતી; તે રચના કરતાં વિનાશ કરવામાં વધારે ગૂંથાયેલા હતા. માણસોને અહંતાનો ત્યાગ કરવા માટે વ્યવહારુ બોધ આપવા માટે, તે જરૂરી હતું; તે દૃષ્ટિબિંદુથી જોતાં બુદ્ધનો ઉપદેશ ખૂબ જરૂરી હતો. પણ તેમના ગહનતર સિદ્ધાંતમાં, તે ઉપદેશે પૃથ્વીનું રૂપાંતર કરવામાં બહુ મદદ નથી કરી.

પાર્થિવ જીવનમાં ઉચ્ચતર ચેતનાના અવતરણને મદદ કરવાને બદલે, બુદ્ધના ઉપદેશે ગહનતર ચેતનાના વિચ્છેદને બલપૂર્વક પ્રોત્સાહન આપ્યું છે, જે ગહનતર ચેતના જ માત્ર બાહ્યતર અભિવ્યકિત કરતાં વધારે સાચી છે.

હવે પૃથ્વી પર ભગવાનના અવતારની વાત કરીએ. જે લોકો બુદ્ધમાં માનતા હતા, તેમણે તેમને સ્વાભાવિક રીતે જ ભગવાન બનાવી દીધા છે. માનવ સ્વભાવમાં હંમેશાં પોતે જેને વખાણે તેને દેવ બનાવી દેવાનું વલણ છે; બધાં બૌદ્ધ મંદિરો અને બૌદ્ધ દેવો આ વાતની સાક્ષી પૂરે છે.

બસ, હવે કાંઈ પૂછવું છે?

અમે એક બીજી વસ્તુ પૂછવા માગીએ છીએ. આ વિષય પર ઘણી ચર્ચાઓ થઈ છે, જે ગીતોમાં ખાસ કરીને સિનેમાનાં ગીતોમાં કોઈ અર્થ નથી તેમાં અમારે કોઈ રસ લેવો જોઈએ?

રસ લેવો જોઈએ? તમારો કહેવાનો શો અર્થ છે.

ઘણા લોકો આ ગીતો સાંભળે છે અને ગાય પણ છે.

હા. પણ તમે "રસ લેવો" શેને કહો છો? હું તે સમજતી નથી. માણસને આ વસ્તુઓ ગમે, કારણકે તેનામાં રસવૃત્તિ હોતી નથી; પણ તમે "રસ લેવો" શેને કહો છો? માણસ અધ્યયનમાં રસ લે છે, કાર્ય કરવામાં રસ લે છે, કરવા-યોગ્ય પ્રગતિમાં રસ લે છે. પણ માણસ આળસની ક્રિયામાં તલ્લીન બની જાય, પણ તેનો અર્થ એવો નથી કે તે તેમાં રસ લે છે.

પણ જો કોઈને આ ગીતો ગાવા પડતાં હોય તો?

શા માટે? આજીવિકા કમાવા માટે? (હસાહસ)

શું તે અમારી પ્રગતિમાં અવરોધરૂપ નથી?

જે કાંઈ માણસની ચેતનાને નીચે લાવે છે તે તેની પ્રગતિમાં અવરોધરૂપ છે. જો તમારામાં કોઈ કામના હોય, ખરાબ વિચાર કે સંકલ્પ હોય, તો તે તમારી પ્રગતિમાં અવરોધરૂપ છે. જો તમે કોઈ પણ અસત્યનું સ્વાગત કરો, તમારામાં કોઈ પ્રકારની ક્ષુદ્રતા, અસંસ્કારિતા કેળવો, તો તે તમારી પ્રગતિમાં અવરોધરૂપ છે. જે કોઈ સત્ય સાથે અસંગત હોય તે બધું તમારી પ્રગતિમાં રૂકાવટ ડાલે છે; આવી તો પ્રતિદિન સેંકડો વસ્તુઓ છે.

દા. ત. અધૈર્યની, ક્રોધની, હિંસાની દરેક ગતિ, દંભનું વલણ, ઓછી કે વત્તી સત્યની વિકૃતિ, દરેક કુ-સંકલ્પ, દરેક પક્ષપાતી નિર્ણય, દરેક પસંદગી, ખરાબ રુચિને, ગ્રામ્યતાને અપાતું દરેક પ્રોત્સાહન આ બધું સતત માર્ગમાં રૂકાવટ ડાલે છે. આ બધું નાની કે મોટી, ક્ષણભંગુર કે ચિરસ્થાયી આવી દરેક ગતિ તમારી પ્રગતિને અટકાવનાર દિવાલને ચણવા માટે પત્થરરૂપ છે. આવી વસ્તુ એક નહિ, પણ સેંકડો હજારો છે. પોતામાં કોઈ પસંદગી હોવી, અધૈર્ય હોવું, કંઈક સંતાડ-વાની નાનકડી કામના હોવી, પરિશ્રમ માટે અણગમો કે અરુચિ હોવાં આમાંની એક વસ્તુ પણ તમારી પ્રગતિમાં રૂકાવટ ડાલવા પૂરતી છે, કામનાઓ અને અણગમાઓ સાથે સંબંધ ધરાવતી કોઈ પણ વસ્તુ તમારી પ્રગતિને અટકાવવા પૂરતી છે. વળી બૌદ્ધિક અસ્તિત્વના, કલામય અસ્તિત્વના આંતર અથવા બાહ્ય સંસ્કૃતિના દૃષ્ટિબિંદુથી જોતાં, દરેક રસવૃત્તિનો અભાવ એક ભીષણ અવરોધ છે.

રસવૃત્તિની અને સાહિત્યિક સંસ્કૃતિની દૃષ્ટિથી જોતાં, મારે કહેવું જોઈએ કે આ વાડાઓનું, ખૂબ વિરોધોનું જગત છે. એક બાજૂએ તે કાંઈક વધારે ઉચ્ચ, વધારે વિશુદ્ધ, વધારે ઉદાત્ત વસ્તુને શોધી કાઢવા મહાન પ્રયાસ કરે છે, અને બીજી બાજૂએ, બીજે છેડે તે એક એવી ગ્રામ્યતામાં, અસંસ્કૃતિમાં ડૂબી જાય છે કે જે

વીતી ગયેલી બે ત્રણ સદીઓ કરતાં અનંતગણી વધારે મોટી છે. વિચિત્ર તો એ છે કે બે–ત્રણ સદીઓ પહેલાં અસંસ્કારી લોકો સ્થૂલ હતા, પણ તેમની સ્થૂલતા પશુઓની સ્થૂલતા જેવી હતી, તેમાં બહુ નહિ પણ થોડી વિકૃતિ હતી, કારણ કે જ્યારે મન આવે છે કે તરત જ વિકૃતિ પણ આવે છે, પણ તે વિકૃતિ બહુ મોટી ન હતી. પણ અત્યારે જે વસ્તુ પર્વતના શિખર પર ચઢી જતી નથી, ભૂમિના સ્તર પર રહે છે, તે સ્થૂલતામાં તદ્દન વિકૃત બની જાય છે; તે માત્ર અજ્ઞાનમય અને મૂર્ખાઈભરેલું નથી, પણ તે કદ્રૂપું, ગંદું, અણગમો પેદા કરે તેવું, વિકૃત, દુષ્ટ, અને અધમ છે. મનના ખોટા ઉપયોગથી જ તે પેદા થયું છે. મન વગર આ વિકૃતિ આવી ન હતી, પણ મનના દુરુપયોગ આ વિકૃતિ પેદા કરી છે. દરેક દૃષ્ટિબિંદુથી જોતાં તે ગ્રામ્ય અને કદ્રૂપું છે.

અત્યારે એવી વસ્તુઓ છે જેમને બહુ સુંદર માનવામાં આવે છે. મેં એવા ફોટા કે પ્રતિકૃતિઓ જોયાં છે, જેમને બહુ સુંદર માનવામાં આવે છે, પણ તે તેમની વિકૃતિમાં ભયંકર રીતે ગ્રામ્ય, ક્ષુદ્ર હોય છે, અને છતાં લોકો તેમના પર ફિદા થઈ જાય છે; તેમને તે સુંદર જણાય છે! તેનું કારણ એ છે કે માણસોમાં કંઈક વિકૃત બની ગયું છે, સંસ્કૃતિ વગરનું નહિ, અવિકસિત નહિ, પણ વિકૃત, તેનાથી પણ વધારે ખરાબ, કારણ કે કોઈ અજ્ઞાનીને અથવા અભણ માણસને ભણાવવો તેના કરતાં આ વિકૃત વસ્તુને પાછી મૂળ સ્વરૂપમાં મૂકવી એ વધારે કઠિન છે. હું માનું છું કે અમુક વસ્તુઓ વિકૃતિનાં મહાન કરણો બન્યાં છે જેમાં સિનેમાને મૂકી શકાય. સિનેમા કેળવણીનું અને વિકાસનું એક સાધન બની શક્યું હોત, હું આશા રાખું છું કે તે સિનેમા તેવું સાધન બનશે, પણ અત્યારે તો તે વિકૃતિનું કરણ બની ગયું છે અને તે પણ એક ભીષણ વિકૃતિનું, રસવૃત્તિની, ચેતનાની વિકૃતિનું; દરેક વસ્તુમાં એક ભીષણ નૈતિક અને શારીરિક કદ્રૂપાપણું આવી ગયું છે. અને છતાં સિનેમાનો ઉપયોગ કેળવણી માટે, પ્રગતિ માટે, સંસ્કૃતિ માટે, અને કલાના વિકાસ માટે કરી શકાય. આ દૃષ્ટિબિંદુથી જોતાં, તે સૌન્દર્યને અને સંસ્કૃતિને વધારે વિશાલતાપૂર્વક પ્રસારિત કરવાનું અને પહેલાંની પદ્ધતિઓ કરતાં તેમને બધા માટે વધારે સુલભ બનાવવાનું સાધન બની શકે, પણ હમેશાં આમ જ બનતું હોય છે; જે વસ્તુ વધારે સારી બની શકે તેવી હોય, તે જો વધારે સારી ન બને, તો તે વધારે ખરાબ બને છે. મેં શરૂઆતમાં કહ્યું હતું તેમ, આપણે અત્યારે દરેક પ્રકારની અતિશયોક્તિઓના સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. જે વસ્તુ પોતાની જાતને પરિપૂર્ણ બનાવવા માટે વધારે પ્રયત્ન કરે છે અને વિકૃતિઓની અતિશયોક્તિઓમાં પતન પામે છે, તે અતિશયોક્તિઓ વધારે

મોટી નહિ તો પહેલાંના જેટલી જ મોટી હોય છે. જો માણસ ધ્યાનપૂર્વક પોતાની જાત પ્રત્યે જુએ, તો તેને ભાન થાય કે અત્યારે જગત જેવું છે તેમાં જીવતો માણસ સ્વાભાવિક રીતે જ તેની ગ્રામ્યતામાં ભાગીદાર બને છે. જો માણસ પોતાની જાતનું સતત ઝીણવટપૂર્વક અવલોકન કરે અને પોતાની જાત પર પોતાની ઉચ્ચતમ ચેતનાનો પ્રકાશ ન મૂકે, તો આધ્યાત્મિક દૃષ્ટિબિંદુ જોતાં તે ઘણીવાર પોતાની રસવૃત્તિમાં ભૂલો કરવાનું જોખમ ખેડે છે, બસ.

હવે હું આજે સાંજે તમને ધ્યાન કરાવીશ; તમે મસ્તિષ્કના કોશાણુઓનું સ્નાન કરવા, સ્વચ્છ બનવા સમર્થ છો કે કેમ તે હું જોઈશ.

માતાજી, જ્યારે અમે અહીં ધ્યાન કરીએ, ત્યારે અમારે કયા કેન્દ્ર પર એકાગ્રતા કરવી જોઈએ?

સાચું કહું તો, દર વખતે તે કેન્દ્ર ભિન્ન ભિન્ન હોવું જોઈએ.

પહેલી વખતે મેં તમને આપણે જે વાંચ્યું હતું તેના પર ધ્યાન કરવાનું કહ્યું હતું, નહિ વારુ? જો તમને ગમે તો, આજે આપણે એક પાવન કરતી ચેતનાને આપણી અંદર આવવા દેવા માટે પ્રયાસ કરીશું, જે ચેતના, મેં હમણાં જ મશ્કરીમાં કહ્યું હતું તેમ, આપણા મસ્તિષ્કને સ્નાન કરાવશે, અર્થાત્ આપણને પવિત્ર અને સ્વચ્છ બનાવનાર પ્રકાશ આપશે.

* * *

૧૪ સપ્ટેમ્બર, ૧૯૫૫

માતાજી

"સ્ટેઇટ્સમેનમાંથી"

"મહાન રહસ્ય" ૧

વાંચે છે.

મધુર માતાજી, સાચા રાજકારણી પુરુષનું વલણ કેવું હોવું જોઈએ ?

મેં અહીં સાચા રાજકારણી પુરુષનું વલણ જ આપ્યું છે. હે મારા બાળક, તે આદર્શ રાજકારણી નેતા છે. તેના કરતાં વધારે સારો રાજકારણી નેતા ન બનાવી શકાય. તે પોતે જ કહે છે કે તે સંજોગો છે, મારા કરતાં કોઈ મહત્તર શક્તિ છે. તે રીતે જ જગતનું સંગઠન થયું છે. તેણે શ્રેષ્ઠ આશયો સાથે શરૂઆત કરી હતી. તેણે ખૂબ શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા, પણ તે કશું જ કરી શકયો નહિ, કારણ કે અત્યારના સંજોગોમાં, અત્યારે રાજકારણ જે રીતે આચરાય છે તેમાં માણસ કશું કરી શકતો

---

૧. માતાજીએ આ નાટકને થોડું-ઘણું લખ્યું હતું અને તે ભજવવા માટે ગોઠવણ કરી હતી. તેમાં છ સ્વગત-કથનો અને અંતિમ નિગમન છે. તેમાં છ જગતના સૌથી વધારે વિખ્યાત માણસો પાત્રો-રૂપે આવે છે. એક અજ્ઞાન માનવ પણ તેમની સાથે છે. તેમણે એક જીવન નૌકામાં આશ્રય લીધો છે. તેઓ જે વહાણમાં બેસીને માનવ-પ્રગતિની વિશ્વ-પરિષદમાં જતા હતા તે વહાણ ભર-દરિયાની વચ્ચે ડૂબી ગયું હતું.

નથી. મોટે ભાગે માણસો એવા ખુલ્લા દિલના નથી કે જેઓ મેં તેની પાસે કહેવરાવ્યું છે તે કહી શકે. મેં તેની પાસે સત્ય કહેવરાવ્યું છે; તે સાબીત કરે છે કે તે ખૂબ ખુલ્લા દિલનો, સરલ માણસ હતો. બાકી તો, રાજકારણી પુરુષો પોતાનાં સઘળાં દુષ્કૃત્યો પર સુંદર શબ્દો વડે ઢાંક-પિછોડો કરે છે, પણ તેમનાં દુષ્કૃત્યો તો હતાં તેવાં જ રહે છે. જગતનું સંગઠન જ એવી રીતે થયું છે કે માણસ બીજા પ્રકારનો હોઈ જ ન શકે. જો કોઈ એવો માણસ હોય કે જે કોઈ પ્રકારની બાંધછોડ ન સ્વીકારે, તો તે રાજકારણમાં રહી જ ન શકે, વસ્તુઓનું બળ જ તેને રાજકારણમાંથી બહાર હાંકી કાઢે. એક એવો સમય આવશે કે જ્યારે આ બધું બદલાઈ જશે. પણ હજી તેને વાર છે. કદાચ રાજકારણ એ છેલ્લી વસ્તુ હશે કે જેમાં પરિવર્તન આવશે. ત્યાર પહેલાં ઘણી વસ્તુઓમાં ફેરફારો થાય એ જરૂરી છે, રાજકારણ ખૂબ જકડી-દુરાગ્રહી વસ્તુઓમાંની એક છે.

બે વસ્તુઓમાં પરિવર્તન લાવવું એ ખૂબ કઠિન છે, એક નાણાંશાસ્ત્ર અને બીજું રાજકારણ. અર્થકારણનું અને શાસનનું આ બે ક્ષેત્રો એવાં છે કે જેમાં માણસ સૌથી વધારે નિર્બળ અને અસત્યને સૌથી વધારે ચીટકી રહેનારો છે. એટલે ઘણું કરીને તેમાં પરિવર્તન સૌથી છેલ્લું આવશે. માણસ સામાજિક પરિવર્તનની, અર્થકારણી રૂપાંતરની, કેળવણીના રૂપાંતરની આશા રાખી શકે. પણ રાજકારણનું અને નાણાંશાસ્ત્રનું પરિવર્તન છેલ્લું આવશે. મેં લોકોને જગતની સાચી સ્થિતિ બતાવવા માટે, અને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ સૂચવવા માટે જ આ નાટક લખ્યું હતું. પણ તેમાંથી બહાર આવવું એ સહેલું નથી. શકય છે કે વૈજ્ઞાનિક જગતમાં પરિવર્તન પ્રથમ આવશે, કારણ કે તેમાં ખૂબ મહાન દિલની સચ્ચાઈની અને ખંતપૂર્વક કરાતા પરિશ્રમની જરૂર છે; આ ગુણો તમારે માટે ઉચ્ચતર જીવનનાં દ્વાર ખોલી નાંખે છે. પણ તેની વાત આપણે, બે બોધપાઠો પછી કરીશું.

મારાં બાળકો, હવે કોઈને કશું પૂછવું છે? કોઈને કંઈ કહેવાનું નથી?

મધુર માતાજી, નાટકમાંના રાજકારણી પુરુષના સ્તર પર રહેલો, આજ-કાલના જગતમાંનો રાજકારણી પુરુષ, જે પોતાનાથી બને તેટલો શ્રેષ્ઠ પ્રયત્ન કરી રહ્યો છે, તે શું ભગવાન વડે માર્ગ-દર્શન નથી મેળવતો? શું તેને...નાં સાધનો જડશે ખરાં?

નાટકમાંના રાજકારણી પુરુષે બિલ્કુલ એમ કહ્યું નથી કે "હું ધાર્મિક છું. હું આધ્યાત્મિક અથવા ધાર્મિક કારણોસર આ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું."

નોંધ કરો કે તે બધા માનવ–પ્રગતિની પરિષદમાં જઈ રહ્યા હતા, કોઈ ધાર્મિક પરિષદમાં નહિ. હકીકતમાં, તમારા પ્રશ્નનો કોઈ અર્થ નથી, કારણકે જગતમાં કોઈ પણ વસ્તુ એવી નથી કે જેને ભગવાને ન બનાવી હોય. તે દૃષ્ટિબિંદુથી જોતાં, તમારો પ્રશ્ન અર્થશૂન્ય છે. ધાર્મિક કારણો માટે અમુક વસ્તુ કરવા માટે, તે માણસ પોતે સભાનતાપૂર્વક એક ધાર્મિક મનુષ્ય હોવો જોઈએ. તે વસ્તુનું કથન હેતુપૂર્વક કરવામાં નથી આવ્યું, જેથી સમસ્યામાં બીજા કોઈ તત્ત્વનો ઉમેરો ન થાય. તે નાટકમાંનો રાજકારણી પુરુષ આ બધું ભગવાનની સેવા–રૂપે કરતો નથી. તે તે કાર્ય એટલા માટે કરે છે કે તેનામાં માનવતાવાદી વિચારો છે, તે પૃથ્વી પર માનવી પરિસ્થિતિમાં સુધારો લાવવા માગે છે. નૌકામાંના બધા માણસો તે જ સ્થિતિમાં છે.

માતાજી, જેમ છેલ્લા વિશ્વયુદ્ધમાં હતું તેમ, ઘણા મહાન, મુત્સદ્દી રાજકારણી પુરુષો હતા, જેમણે.....

પણ આ તેવા એક પ્રસિદ્ધ રાજકારણી પુરુષપરથી જ લેવામાં આવ્યું છે.

પણ તેઓ યુદ્ધ દરમિયાન ભગવાનનાં કારણો બન્યા હતા!

અમુક દૃષ્ટિબિંદુથી જોઈએ તો, બધા લોકો ભગવાનનાં કરણો જ છે. પણ તેઓ સભાનતાપૂર્વક ભગવાનનાં કરણો ન હતા; બિલ્કુલ નહિ. તેઓ માત્ર મોટા ધાર્મિક શબ્દોનું ઉચ્ચારણ કરવા ટેવાયેલા હતા. મેં તેમને છોડી દીધા, કારણ કે તેઓ સાચા દિલના ન હતા; હું મારા રાજકારણી પુરુષને બને તેટલો સાચા દિલનો બનાવવા માગતી હતી; પેલા લોકોના મોટા ધાર્મિક શબ્દોમાં જરા પણ દિલની સચ્ચાઈ ન હતી, તે એક છેતરપિંડી હતી; તેની સાબીતી એ છે કે તેઓ વિજયી બન્યા કે તરત જ તેઓ તે ધાર્મિક શબ્દોને ભૂલી ગયા હતા.

માતાજી, જો તે રાજકારણી પુરુષ ખુલ્લો ન હોય, તો અંતે તે કેવી રીતે જાણી શકયો કે મને સત્ય પ્રાપ્ત થયું નથી?

શું? તે કેવી રીતે જાણી શકયો.....?

(પવિત્ર :–) જો તે કોઈ ઉચ્ચતર વસ્તુ પ્રત્યે ખુલ્લો ન હોય, તો તેણે કેવી રીતે જાણ્યું કે મને સત્ય જડયું નથી?

પણ તે કોણે જાણ્યું, મારા રાજકારણી પુરુષે કે પેલા બીજાએ?

(પવિત્ર :–) જે ક્ષણે તે સભાન બને છે કે કોઈક વસ્તુ મને પ્રાપ્ત થઈ નથી, ત્યારે તેનો અર્થ એવો થાય છે કે બીજી કોઈ વસ્તુ પ્રત્યે તે ખુલ્લો હતો.

હા, સ્વાભાવિક રીતે જ સર્વ સદ્‌ભાવ ગહનતર ચેતના પ્રત્યે ખુલ્લો હોય છે. તે કહેવાની જરૂર નથી. હું તમને કહું છું કે મેં અપવાદરૂપ પુરુષો જ લીધા છે, જેઓ સમજવા માટે તૈયાર છે; નહિ તો તે થઈ શકયું જ ન હોત. તેઓ સાચી રીતે છે તેના કરતાં મેં તેમને વધારે સારા બનાવ્યા છે, કારણ કે બધાઓને પોતાની અભીપ્સાની પીઠમાં બીજું કાંઈક હતું; તેઓ તેનાથી સભાન નથી, પણ તે લોકો સમજવાની અણી પર છે; આ રીતે મેં તે નાટકને સંગઠિત કર્યું હતું; તે પ્રકૃતિની કોઈ નિશ્ચિત નકલ નથી; તે તો અમુક વસ્તુ સાબીત કરવા માટે કરાયેલી ગોઠવણ છે; સાહિત્યમાં હમેશાં તેમ જ બનતું હોય છે.

માતાજી, આ અમને એવી આશા આપે છે કે આજે જગતમાં, ખાસ કરીને ભારતમાં એવા લોકો છે કે જે.....

આશા આપે છે! હું ધારું છું કે આ તમને આશા આપતું નથી; જો માણસ અત્યારે જગતમાં જે લોકો અસ્તિત્વ ધરાવે છે તેમને જ આદર્શ તરીકે પોતાની દૃષ્ટિ સમક્ષ રાખે, તો ઝાઝી આશા ન રાખી શકાય.

માતાજી, અત્યારના જગતમાં રાજકારણ બે શિબિરોમાં વહેંચાઈ ગયું છે : અમેરિકાનો અને રશિયાનો. તે બે વચ્ચે સમાધાન કેવી રીતે થશે?

ઓહ! તે બહુ સહેલું છે. તેઓ સમજતા નથી કે તે બહુ સહેલું છે, અને તેથી જ હું કહું છું કે રાજકારણમાં પરિવર્તન છેલ્લું આવશે. આ વસ્તુઓ માત્ર ઉપરચોટિયા વિચારો, દેખાવો, અને સ્વાર્થો છે–સાચા સ્વાર્થો પણ નહિ, પોતાના સ્વાર્થો માટેના તે વિચારો માત્ર છે. પણ જો સાચો ઉકેલ જડે, કદાચ તે જડી ગયો છે, જો સાચો અર્થકારણી ઉકેલ લાગુ કરવામાં આવે, તો તેમની સમસ્યાઓનો પાયો તૂટી પડે, પછી માત્ર રાજકારણી વલણ જ રહે, જે બહુ ઉપરછલ્લું છે, તે વલણ ઉપરછલ્લું છે, ઊંડું નહિ; તે માત્ર શબ્દો, પોકળ શબ્દો છે, જે પોકળ હોવાને કારણે ખૂબ અવાજ કરે છે; તે માત્ર મોટા શબ્દો જ છે. પણ તેમના વલણનો સાચો ટેકો, મેં કહ્યું તેમ, બે વસ્તુઓ પ્રત્યેના તેમના વલણમાં છે, નાણાંકીય ટેકો અને અર્થકારણી ટેકો. જો અર્થકારણી સમસ્યાનો ઉકેલ આવી જાય, જો તે ઉકેલને લાગુ પાડવામાં આવે, તો આ રાજકારણી મતભેદોના ટેકાનો મોટો

ભાગ અદૃશ્ય થઈ જાય. તેના પાયામાં માત્ર જીવનની સમસ્યાઓ તરફ તથા તેમની ઉકેલ તરફ જોવાનો પરસ્પર વિરોધી પ્રકાર છે. એક પક્ષ તેને એક પ્રકારે માને છે, જ્યારે બીજો પક્ષ તેને બીજા પ્રકારે માને છે. હું ખૂબ સાચા દિલવાળા લોકોની વાત કરું છું, જેમણે ખૂબ અવાજ કરવા માટે અને પોતાની વગ ખૂબ વધારવા માટે શૂન્યમાંથી વસ્તુઓનું સર્જન કર્યું છે તેમની નહિ. પણ જો આપણે આ પ્રશ્નના મૂળમાં ઊંડા ઉતરીએ, તો ઝાઝો મતભેદ નથી.

એવી સરકારો છે જે સામ્યવાદી હોવાનો ઢોંગ કરે છે, સામ્યવાદીઓ પેઠે કાર્ય કરવાનો એક પ્રકાર અજમાવે છે, તેઓ સામ્યવાદીઓ કરતાં પણ વધારે ખતરનાક રીત-રસમો અજમાવે છે. એટલે આ બધી માત્ર શબ્દોની વસ્તુ છે. માણસ જેમ પોતે કરેલી વસ્તુઓ પર ઢાંક-પિછોડો કરે છે, તેમ તેઓ શબ્દો મૂકે છે; તેથી વસ્તુઓનો દેખાવ માત્ર બદલાય છે, પણ અંદરની વસ્તુ જેવી હતી તેવી જ રહે છે. વળી એક વસ્તુ બહુ સરલ છે કે સમગ્ર માનવજાતિ ઉત્ક્રાંતિના વળાંકને અનુસરે છે, અને અમુક એવા યુગો છે જ્યારે અમુક અનુભવ તદ્દન વૈશ્વિક અર્થાત્ પાર્થિવ બની જાય છે; તેનાં નામ-મેખલો, શબ્દો ભિન્ન ભિન્ન હોય છે, પણ તેનો તે જ અનુભવ ચાલુ રહે છે. એટલે જૂની વસ્તુઓ, જે અદૃશ્ય થઈ જવાની તૈયારીમાં છે, પણ છતાં જે ચીટકી રહે છે, તેઓ અમુક નવી વસ્તુઓના દેખાવને અને સાર-તત્ત્વને બદલે છે. પણ તે માત્ર કોઈ વસ્તુની પુંછડી જેવું છે. સમગ્ર નવીન ગતિ એક એવા અનુભવ પ્રત્યે જાય છે જે બને તેટલો સર્વસામાન્ય થઈ જાય છે, કારણ કે જો તે સર્વસામાન્ય હોય, તો જ ઉપયોગી બને. જો તે અનુભવને અમુક સ્થાનમાં જ સ્થિર કરી દેવામાં આવે, તો તે બિલાડીના ટોપ જેવો બની જાય છે, તે સામાન્ય માનવ-ચેતના માટે ફલદાયી નીવડતો નથી. મહાન માનવ-અનુભવોમાંથી વત્તાઓછા પ્રમાણમાં સમગ્ર માનવ-જાતિએ પસાર થવાનું છે, અને તે આ રીતે કરવામાં આવે છે. માત્ર માણસના વિચારો જ બીજાં શબ્દોને, બીજાં રૂપોને, બીજાં કારણોને, પોતાને સાચા ઠેરવવા માટેની બીજી દલીલોને, પોતે ન્યાય્ય છે તે પુરવાર કરવા માટેનાં બીજાં પ્રમાણોને નિશ્ચિત કરે છે, પણ માણસ જ્યારે હકીકત પ્રત્યે આવે છે, ત્યારે તે બધું એક-સરખું જ હોય છે. તે જાણી લેવા માટે માણસે માત્ર દેખાવોથી પર દૃષ્ટિ કરવી જોઈએ.

જર્મની અને ઇંગ્લંડ વચ્ચેના યુદ્ધમાં ભગવાન કોના પક્ષમાં છે તે, દિવ્ય શક્તિ આસુરી બળો સામે યુદ્ધ કરી રહી છે તે જાણી શકાયું હતું.

તે કોના જાણવામાં આવ્યું હતું ?

અહીં :

આહા ! અલબત્ત !

આધુનિક રાજકારણમાં ભગવાન કયા શિબિરમાં છે તે...

જ્યારે યુદ્ધનું ભીષણ ભૌતિકીકરણ થાય છે, ત્યારે તે વસ્તુઓ તદ્દન સ્પષ્ટ બને છે, કયી વસ્તુઓ ભગવાન માટે છે અને કયી તેમની વિરુદ્ધ એ જાણી શકાય છે, કારણ કે ત્યારે સ્પષ્ટ બને છે કે કયો પક્ષ વિજયી બને તે પસંદ કરવાયોગ્ય છે; એનો અર્થ એવો નથી કે એક પક્ષ બીજા પક્ષ કરતાં વધારે સારો છે, ભગવાનના દૃષ્ટિબિંદુથી જોતાં બધા એક સરખા છે, બધાનું મૂલ્ય એક-સરખું છે; પણ વિજયનાં પરિણામો એવાં હોય છે કે અમુક પક્ષ વિજયી બને તે વધારે સારું હોય છે. પણ તે ત્યારે જ કે જ્યારે વસ્તુ તદ્દન પાશવી બની જાય છે, બંને પક્ષો પરસ્પરનો સંપૂર્ણ વિનાશ કરવા તૈયાર બની જાય છે. નહિ તો, સાચું કહું તો દિવ્ય શક્તિ પોતાના કાર્ય માટે સર્વત્ર, માણસોની ભૂલોમાં તેમ જ સદ્‌ભાવમાં, દુષ્ટ સંકલ્પ દ્વારા તેમ જ અનુકૂળ વસ્તુઓ દ્વારા, કાર્ય કરી રહી છે. એવી કોઈ વસ્તુ નથી કે જેમાં સંમિશ્રણ ન હોય, કોઈ પણ જગ્યાએ એવી વસ્તુ નથી કે જેને આપણે સાચી રીતે ભગવાનનું વિશુદ્ધ કરણ કહી શકીએ; ભગવાન કોઈ માણસનો કે કાર્યનો માર્ગ પર આગળ વધવા માટે ઉપયોગ કરે, તે કોઈ પણ જગ્યાએ અસંભવિત નથી. એટલે જ્યાં સુધી વસ્તુઓ અનિશ્ચિત છે, ત્યાં સુધી ભગવાન લગભગ એકસરખી રીતે સર્વત્ર કાર્ય કરે છે, જો માણસો આમ ખૂબ પાગલ બને, તો તે જુદી વાત છે. જે યુદ્ધમાં અનેક લોકો અને સંકલ્પો ભાગ લે અને પરસ્પર સંહાર કરે એ સાચે જ એક મોટું પાગલપણું છે. હું બૉમ્બની, નગરીના કે લોકોના વિનાશની વાત નથી કરતી; હું ગીતામાં કહેલા સંહારની વાત કરી રહી છું, જ્યારે અસુર આત્મવિનાશ માટે જઈ રહ્યો હોય છે. આ એક મહાન કમનસીબી છે, કારણ કે પાશવી રીતે સંહાર કરવાની જરૂર પડે તેના કરતાં તે માણસને બચાવી લેવો, પ્રકાશમય બનાવવો, તેનું રૂપાંતર કરવું એ હમેશાં વધારે સારું છે. આ ભીષણ પસંદગી યુદ્ધની સાચી ભીષણતા છે; તેવા ભયંકર યુદ્ધમાં શાન્તિના સમયમાં જેમને બચાવી શકયાં હોત તેવાં તત્ત્વોનો પાશવી રીતે સંપૂર્ણપણે વિનાશ થાય છે માત્ર માણસોનો અને વસ્તુઓનો જ નહિ, પણ માણસોની શક્તિઓનો તથા અંત:કરણનો.

અત્યારના રાજકારણમાં ભારતને અમુક ખાસ ભાગ ભજવવાનો છે?

રાજકારણ! મેં તમને શરૂઆતમાં જ કહ્યું હતું કે રાજકારણમાં હજી કશું પરિવર્તન થયું નથી. તો પછી તેમાં સાચો ભાગ કેવી રીતે ભજવી શકાય?

ભારતે જગતમાં એક ભાગ ભજવવાનો છે. પણ તે આદર્શમય છે, જેમાં એક પરિવર્તનની જરૂર છે અને જે, હું જાણું છું ત્યાં સુધી, હજી આવ્યું નથી. જો ભારત સાચા દિલનું હોય, તો ઉપરચોટિયા, બાહ્ય દૃષ્ટિબિંદુથી પોતાનો ભાગ ભજવી શકે છે. હું માત્ર તેટલું જ કહી શકું છું. પણ તેમાં ચોકકસ જ્ઞાન હોવું એ જરૂરી છે.

(લાંબા સમય સુધી મૌન)

આ વસ્તુઓ વિષે કાંઈ કહી શકાય નહિ.

જ્યારે આ રાજકારણી પુરુષને સત્ય પ્રાપ્ત થશે, ત્યારે સમસ્યાઓ તેની તે જ નહિ રહે, વારુ?

શું? મેં નાટકમાં ચીતર્યો છે તે રાજકારણી પુરુષ! બધાએ સત્ય તો શોધી કાઢવું જ જોઈએ; પછી વસ્તુઓ ભિન્ન બની જશે. એટલે આપણે આ સમસ્યા પર ચિંતન કરીશું!

* * *

૨૧ સપ્ટેમ્બર, ૧૯૫૫

માતાજી

"મહાન રહસ્ય : લેખક"

વાંચે છે.

મધુર માતાજી, અહીં લખવામાં આવ્યું છે કે "સૂક્ષ્મ વસ્તુઓ, શક્તિઓ, આકંપનો, સિદ્ધાંતો, અને વિચારો સાથે સંપર્કમાં આવવા માટે શબ્દ, બહુ જ અભૌતિક, બિનઅગત્યનો છે.

મારાં બાળકો, મારે શરૂઆતમાં તમને કહેવું જોઈએ કે આ સાહિત્ય છે. એટલે તમારે મને સમજૂતિઓ માટે ન પૂછવું જોઈએ. તમારે સમજવું જોઈએ કે એ બોલવાનો, કહેવાનો એક સાહિત્યિક પ્રકાર છે. તે શબ્દનું સાહિત્યિક વર્ણન છે; તે બહુ ચોકકસ છે, પણ તે સાહિત્યિક છે. એટલે આ સાહિત્ય પર હું સાહિત્યનું સર્જન ન કરી શકું. માણસમાં રૂપો માટે, વસ્તુઓને સુંદર રીતે કહેવા માટે, જરાક અપવાદરૂપ, પણ બહુ ક્ષુદ્ર નહિ એવી વસ્તુઓ કહેવા માટે રસવૃત્તિ હોવી જોઈએ, પણ તે માત્ર મનોરમ વસ્તુઓને કહેવાનો એક પ્રકાર માત્ર છે. તમારી શકિત અનુસાર તમે મૂળમાં રહેલી વસ્તુને પકડી શકો છો. જો તમે સાહિત્યિક અર્થ પ્રત્યે ખુલ્લા હો, તો તે તમારે માટે વસ્તુઓ પ્રગટ કરે છે, પણ તેમને સમજાવી શકાય નહિ. તે પ્રગટીકરણનું એવું એક સાધન છે, જે સંગીત સાથે પણ અનુરૂપ છે. સ્વાભાવિક રીતે જ, માણસ સાહિત્યનું પૃથકકરણ કરી શકે છે અને વાકય કેવી રીતે

રચાયું છે તે જોઈ શકે છે, પણ તે માનવ આકૃતિને હાડપિંજરમાં બદલી નાંખવા જેવું છે. હાડપિંજર સુંદર નથી હોતું, જો કે તે જ વસ્તુ છે. જો તમે સંગીતમાં સંવાદિતાનું અધ્યયન કરો કે આ સૂર પછી પેલો સૂર જ આવવો જોઈએ, આ સૂર સમૂહ પછી પેલો સૂર સમૂહ જ આવવો જોઈએ, તો તમે સંગીતને પણ બગાડી નાંખો છો, તમે સંગીતનું હાડપિંજર બનાવી દો છો; તે રસપ્રદ નથી હોતું. આ વસ્તુઓને તેમને અનુરૂપ ભાવો સાથે અનુભવવાની હોય છે, પેટા વાકયના સૌન્દર્યને સાહિત્યિક ભાવ સાથે અનુભવવાનું હોય છે, શબ્દોની સંવાદિતાને અને તે જે વસ્તુને પ્રગટ કરે છે તેને પકડવાનાં હોય છે.

મારા નાટકનાં બધાં પાત્રોમાં પણ તે જ વસ્તુ છે. તમને એવા લોકોનું વર્ણન આપવામાં આવ્યું છે કે જેઓ ઉચ્ચતમ માનવ–શકયતાને પહોંચ્યા હતા. એ સ્પષ્ટ છે કે આ "લેખક" એક મહાન વ્યકિત છે, ખ્યાલ કરી શકાય તેવી એક શ્રેષ્ઠ વ્યકિત છે. તે તેવી સ્થિતિએ પહોંચ્યો છે. છેવટે તેને ભાન થાય છે કે આ બધું પોકળ છે, પોતામાં સારભૂત વસ્તુનો અભાવ છે. બધાને તેવો જ અનુભવ થવાનો.

ગઈ વખતે મેં કહ્યું હતું કે તે એક અપવાદરૂપ રાજકારણી પુરુષ છે. આજે આપણે એમ કહી શકીએ કે આ એક અપવાદરૂપ લેખક છે, જે એવા માનસશાસ્ત્રીય બિંદુએ પહોંચ્યો છે કે જ્યાં તે બીજી ઉચ્ચતર ચેતનાને જાગૃત કરી શકે. અને છતાં તે ઉચ્ચતમ માનવી શકયતાઓનું સાચું વર્ણન આપે છે. તેણે વસ્તુઓ જેવી છે તેવી, નિર્જીવ જોઈ ન હતી, તેણે પીઠમાં રહેલા આત્માને જોયો હતો, તેની સાથે તેણે વ્યવહાર કર્યો હતો. તેને અભિવ્યકત કરવાનો તેણે પ્રયત્ન કર્યો હતો, માનવ–ચેતના જ્યાં સુધી જઈ શકે ત્યાં સુધી તે ગયો હતો. અને પછી તેની સામે એક ખાડો આવીને ઉભો રહ્યો. તેણે કેવી રીતે તેને પાર કરવો? બધું આમ જ બનતું હોય છે. આપણે અનેક વાર તે સ્થિતિનો સામનો કરવો પડે છે.

હવે કોઈ પ્રશ્નો પૂછવાના છે?

મધુર માતાજી, સાહિત્ય આપણને પ્રગતિ કરવામાં કેવી રીતે મદદ કરી શકે?

તે તમને વધારે બુદ્ધિશાળી બનવામાં, વસ્તુઓને વધારે સારી રીતે સમજવામાં, સાહિત્યિક રૂપોની ભાવના પ્રાપ્ત કરવામાં, તમારી રસવૃત્તિ ખિલવવામાં, વસ્તુઓને સારી અને ખરાબ રીતે કહેવાની શૈલીમાં પસંદગી કરવામાં, તમારા આત્માને

સમૃદ્ધ બનાવવામાં મદદ કરી શકે. તે સેંકડો ભિન્ન ભિન્ન પ્રકારે તમને મદદ કરી શકે.

પ્રગતિના અનેક ભિન્ન ભિન્ન પ્રકારો હોય છે. જો માણસે સમગ્ર રીતે પ્રગતિ કરવી હોય, તો તેણે આ સર્વ ભિન્ન ભિન્ન દિશાઓમાં પ્રગતિ કરવી જોઈએ. સાહિત્યમાં એકી સાથે બૌદ્ધિક અને કલામય પ્રગતિ, બંને થાય છે. તેમાં (સાહિત્યમાં) માણસ વિચારો સાથે ક્રીડા કરે છે, તેમને સમજવા સમર્થ બને છે, તેમનું વર્ગીકરણ અને સંગઠન કરી શકે છે. સાથે સાથે તે વિચારોના રૂપ સાથે, તેમને અભિવ્યકત કરવાના, કહેવાના રજૂ કરવાના, પ્રકાર સાથે, તેમને સમજી શકાય તેવા બનાવવા સાથે ક્રીડા કરે છે.

મધુર માતાજી, સાહિત્યમાં, વાર્તાઓમાં, નવલકથાઓમાં વગેરેમાં અમે જે બધું વાચીએ છીએ, તેમાં એવી વસ્તુ હોય છે કે જે અમારી ચેતનાને નિમ્ન બનાવે છે. તે બધી વસ્તુઓને છોડી દઈને, માત્ર સાહિત્યિક મૂલ્યના દૃષ્ટિબિંદુથી જ તેમને વાંચવી એ તદ્દન શકય નથી.

ગમે તેવી વિચિત્ર નવલકથાઓ વાંચવા માટે કોઈ બહાનું નથી. જો તે નોંધપાત્ર રીતે લખાઈ હોય અને તમે ભાષા શીખવા માગતા હો, પછી તે તમારી માતૃભાષામાં લખાઈ હોય કે બીજી કોઈ ભાષામાં, તો તમે ગમે તે નવલકથાઓ વાંચી શકો છો, પણ તે સારી રીતે લખાયેલી હોવી જોઈએ. વસ્તુ કે વિષય રસપ્રદ નથી, તે જે પ્રકારે કહેવાય છે તે રસપ્રદ છે. એટલે જે રીતે તે લખાયું હોય, બરાબર તે જ રીતે તેને વાંચવું જોઈએ; જે લખાયું હોય અને જે રસપ્રદ ન હોય તેની તમારે દરકાર ન કરવી જોઈએ. દા. ત. પુસ્તકમાં હંમેશાં વર્ણનો હોય છે, તમે જુઓ છો કે આ વર્ણનો કેવી રીતે કરવામાં આવ્યાં છે, લેખકે વસ્તુઓને અભિવ્યકત કરવા માટે કયા શબ્દોની પસંદગી કરી છે. વિચારોને પણ તે જ વસ્તુ લાગુ પડે છે; તેમાંનાં પાત્રો પાસે તેણે કેવી રીતે બોલાવ્યું છે. તેઓ શું કહે છે, તેમાં તમે રસ નથી લેતા, પણ તે પાત્રો કેવી રીતે કહે છે તેમાં તમને રસ પડે છે. જો તમે વાકયો સારી રીતે કેમ લખવાં અને વસ્તુઓને કેવી રીતે અભિવ્યકત કરવી, તે શીખવા માટે પાઠય–પુસ્તકો લો, કારણ કે આ પુસ્તકો સારી રીતે લખવામાં આવ્યાં છે, તો પછી તેમાં કહેલી વાર્તા મહત્ત્વની નથી રહેતી. પણ જો પુસ્તકોમાં જે વર્ણવવામાં આવ્યું છે તે માટે તેમને વાંચવાનું શરૂ કરો તો તમારે બહુ કડક બનવું જોઈએ, તમારી ચેતનાને અંધકારમય બનાવે તેવાં પુસ્તકો ન વાંચવાં જોઈએ, કારણ કે તે વખતનો બગાડ છે, સમયના બગાડ કરતાં

પણ વધારે ખરાબ છે. એટલે અસંસ્કારી (ગ્રામ્ય) રીતે લખાયેલી ગ્રામ્ય, અસંસ્કારી વાર્તાઓ વિષે કોઈ પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી. તેમને તો તમારે સ્પર્શ પણ ન કરવો જોઈએ. પણ અત્યારે તો, આપણા સમયમાં તે જ સૌથી વધારે વંચાય છે, કારણ કે માણસોએ સોંઘી કિંમતે છાપવાની અને સોંઘા ચિત્રો બનાવવાની પદ્ધતિઓ શોધી કાઢી છે. એટલે તેઓ દેશમાં અને પરદેશોમાં ખરાબ રીતે લખાયેલા, મૂલ્ય વગરના, ખોટા વિષય વસ્તુવાળા, ગ્રામ્ય વસ્તુઓને અભિવ્યકત કરતા, ગ્રામ્ય વિચારો વડે તમને જડ બનાવી દેતા, અને ગ્રામ્ય ચિત્રો દ્વારા તમારી રસવૃત્તિને તદ્‌ન બગાડી મૂકનાર સાહિત્યને ભરચક મોકલી આપે છે. તેનું કારણ એ છે કે ઉત્પાદનના દૃષ્ટિબિંદુથી જોતાં, તેઓ વસ્તુઓને ખૂબ સોંઘી બનાવવામાં સફળ નીવડે છે, જે વસ્તુઓને બધાને સુલભ એવી લોકપ્રિય આવૃત્તિઓ કહેવામાં આવે છે. પણ આ લોકોનો આશય માણસોને કેળવણી આપવાનો કે પ્રગતિ કરાવવાનો નથી હોતો; ઊલટું તેઓ એવી આશા રાખે છે કે માણસો પ્રગતિ ન કરે તો સારું, કારણ કે જો માણસો પ્રગતિ કરે, તો તેઓ તેમનો માલ ખરીદે જ નહિ; એટલે તે લોકોનો આશય તેમના સાહિત્યને વાંચનાર લોકોને ભોગે, પૈસા કમાવાનો છે, અને તે માટે તે જેમ વધારે વેચાય, તેમ વધારે સારું. ભલે તે ભયંકર હોય, પણ જો તે વધારે વેચાય, તો વધારે સારું. કલાની, સંગીતની, અને નાટકની બાબતમાં પણ તે જ વાત લાગુ પડે છે.

છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક શોધખોળોએ, તેમને જીવનને લાગુ પાડવામાં આવ્યા પછી, દરેક જણ માટે બધા પ્રકારની વસ્તુઓ સુલભ બનાવી દીધી છે, જે પહેલાં માત્ર બુદ્ધિશાળી અને સંસ્કારી લોકો માટે જ ઈલાયદી રાખવામાં આવતી હતી. પોતાના પ્રયત્નને તથા પોતાના કાર્યથી તેમને મળતા લાભને (નફાને) ન્યાય્ય ઠેરવવા માટે, તેમણે એવી વસ્તુઓ બનાવવા માંડી છે કે જેમનું ખૂબ ખૂબ વેચાણ થાય, અર્થાત્ જે વસ્તુઓ સૌથી વધારે નિમ્ન, તદ્‌ન સામાન્ય, ખૂબ ગ્રામ્ય (ક્ષુદ્ર), અને સહેલાઈથી સમજી શકાય તેવી હોય, કારણ કે તેવી વસ્તુઓનું સર્જન કરવામાં પ્રયત્નની કે કેળવણીની જરૂર પડતી હોતી નથી. સમગ્ર જગત આવી વસ્તુઓમાં એટલું બધું ડૂબી ગયું છે કે જો કોઈ માણસ એક સુંદર પુસ્તક કે નાટક લખે, તો તે કયાંય વેચાતું નથી, કારણ કે પેલી વસ્તુઓએ બધે જ પોતાનું સ્થાન જમાવી દીધું છે.

સ્વાભાવિક રીતે જ બુદ્ધિશાળી લોકો આનું પ્રતિકાર્ય કરવા પ્રયત્ન કરે છે, પણ તે બહુ કઠિન છે. સૌથી પ્રથમ તો જગતમાંથી વેપારી વૃત્તિને હાંકી કાઢવી

જોઈએ. તેમ કરતાં સમય જશે. એવાં થોડાંક ચિહ્નો દેખાય છે કે પહેલાં કરતાં તે સાહિત્યને ઓછું માન મળે છે. એક એવો સમય હતો કે જ્યારે, જે માણસને વેપાર કરતાં ન આવડે તેને ગૂન્હેગાર માનવામાં આવતો હતો, અને જે માણસમાં ઘણી સારી વસ્તુઓ માટે પોતાની મૂડી ખર્ચવાની ધૃષ્ટતા હતી, તેને પાગલખાનામાં મોકલી આપવાયોગ્ય માનવામાં આવતો હતો. અત્યારે તે મનોદશામાં થોડોક સુધારો થયો છે, પણ હજી સાચી પરિસ્થિતિથી આપણે ખૂબ દૂર છીએ; હજી પણ સોનેરી વાછરડું જગત પર શાસન કરી રહ્યું છે, મને ભય છે કે તેને નીચે ખેંચી પાડતા પહેલાં અમુક સમય વીતી જશે. આ ધનના લોભે માણસોના મનને એવું તો વિકૃત બનાવી મૂકયું છે કે બધા લોકો વસુ વગરના માણસને પશુ માને છે. જ્યારે અમેરિકામાં કોઈ માણસ વિષે વાત કરવામાં આવે છે, ત્યારે એમ કહેવામાં આવે છે કે તેની પાસે ૧૦ લાખ ડોલર છે! તે તે માણસની સૌથી મહાન પ્રશંસા ગણાય છે. જો કોઈ માણસ બીજાને વિષે પૂછે, તો તે આમ પૂછે છે કે "તમે અમુક માણસને ઓળખો છો! તેની પાસે કેટલા ડોલર છે?" તેને જવાબ મળે છે કે તેની પાસે લાખ અથવા પાંચસો ડોલર છે. તેથી મોભો મળે છે. તે માણસ બુદ્ધિશાળી છે કે મૂર્ખ છે, તે જરાય મહત્ત્વનું નથી લેખાતું. તે માણસ સારો છે કે ખરાબ તેમાં કોઈ ભેદ નથી લેખાતો. તે માણસ શ્રીમંત છે કે ગરીબ? જો તે શ્રીમંત હોય તો આહ! આહ! હું તેની સાથે પરિચય કરવા બહુ ઈંતેજાર છું. જો તે ગરીબ હોય, તો મારે તેનું કાંઈ કામ નથી. અમેરિકા એક યુવાન દેશ છે, એટલે સ્વાભાવિક રીતે જ તેની રીતરસમો બાળકના જેવી છે, પણ તે ખૂબ ખરાબ રીતે ઉછેરવામાં આવેલા બાળકના જેવી. પણ પ્રાચીન દેશો વધારે પડતા વૃદ્ધ બની ગયા છે, તેઓ કશું પ્રતિકાર્ય કરી શકતા નથી; તેઓ માથું હલાવીને કહે છે કે આખરે આ યુવાન દેશ સત્યને માર્ગે તો નથી, બધું આ પ્રકારનું જ છે. જગત ખૂબ માંદું પડી ગયું છે.

હવે કોઈ પ્રશ્ન પૂછવો છે?

મધુર માતાજી, માણસે પોતાને વાંચવાની ચોપડીઓની પસંદગી કેવી રીતે કરવી?

તે પ્રશ્ન કોઈ જાણકારને પૂછો તો વધારે સારું. જો તમે એવા કોઈ માણસને પૂછો કે જેનામાં રસવૃત્તિ અને સાહિત્યનું થોડું જ્ઞાન છે, તો તે તમને ખરાબ રીતે લખાયેલાં પુસ્તકો વાંચવાનું નહિ કહે. જો તમે આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં તમને મદદરૂપ થાય તેવું કાંઈક વાંચવા માગતા હો, તો તમારે તમને મદદ મળે

તે માટે એવા કોઈ માણસને પૂછવું જોઈએ કે જેને આધ્યાત્મિક સાક્ષાત્કાર થયો હોય.

બે ખૂબ ભિન્ન ભિન્ન રેખાઓ છે; તે પરસ્પર એક બિંદુમાં મળી શકે છે, કારણ કે દરેક વસ્તુ તે એક બિંદુમાં મેળવી શકાય છે. પણ બે સાચી રીતે ભિન્ન ભિન્ન રેખાઓ છે. એક રેખા છે સતત પસંદગી કરવાની, માત્ર વાંચવાની જ નહિ, પણ દરેક કાર્યની, વિચારની, ક્રિયાની પસંદગી કરવાની, કડક રીતે માત્ર તે જ કાર્ય કરવાની કે જે તમને આધ્યાત્મિક માર્ગમાં મદદ કરી શકે; તે ખૂબ સંકુચિત અને મર્યાદિત હોય તેવી કોઈ જરૂર નથી, પણ તે સામાન્ય જીવન કરતાં જરાક ઉચ્ચતર ભૂમિકાની ક્રિયા હોવી જોઈએ; તેમાં સંકલ્પની અને અભીપ્સાની એકાગ્રતા હોવી જોઈએ. જેથી તમે માર્ગ ઉપર નકામા આમ-તેમ ભટકી શકો નહિ. આ કઠિન, તપસ્યામય છે. માણસ જ્યારે યુવાન હોય, ત્યારે આ વસ્તુ સ્વીકારવી એ કઠિન છે, કારણ કે માણસને લાગે છે કે પોતે જે કરણ છે તે હજી એટલી પરિપૂર્ણ રીતે રચાયું નથી અથવા સમૃદ્ધ બન્યું નથી કે તેમાં વૃદ્ધિ કે પ્રગતિ કર્યા સિવાય એમને એમ રાખી શકાય. એટલે અમુક બહુ જ થોડા અપવાદો સિવાય, મોટે ભાગે તે જીવનમાં અમુક અનુભવ મેળવ્યા પછી, વિકાસ સાધ્યા પછી આવે છે. બીજો માર્ગ છે પરિપૂર્ણ વિકાસનો; બધી માનવ શક્તિઓના, પોતામાં જે કાંઈ છે તેના, પોતાની બધી શક્યતાઓના વિકાસનો. પછી તેમાં માણસે સર્વ દિશાઓમાં યથાશક્ય વિસ્તરવાનું છે, જેથી તે પોતાની ચેતનાને સર્વ માનવી શક્યતાઓ વડે ભરી શકે, અત્યારના જગતને, જીવનને, માણસોને, અને તેમના કાર્યને જાણી શકે, અને ભાવિ આરોહણ માટે એક વિશાલ અને સમૃદ્ધ પાયો સર્જી શકે છે.

મોટે ભાગે અમે બાળકો પાસેથી આની અપેક્ષા રાખીએ છીએ, સિવાય કે તે વિરલ બાળકો, જેમનામાં એવું ચૈત્યિક અસ્તિત્વ છે કે જેણે પૂર્વ જન્મમાં સર્વ અનુભવો કયારનાયે પ્રાપ્ત કરી લીધા છે અને જેને કોઈ વધારે અનુભવોની જરૂર નથી, જે માત્ર ભગવાનનો સાક્ષાત્કાર કરવા અને તેમને જીવવા માગે છે. પણ આવાં બાળકો તો લાખોમાં એક હોય છે. બાકી તો, અમુક ઉમ્મર સુધી, પોતે નાનો હોય ત્યાં સુધી પોતાની જાતનો વિકાસ કરવો, બધી દિશાઓમાં બને તેટલું વિસ્તરવું, પોતામાં રહેલી સર્વ શક્યતાઓને બહાર લાવવી અને તેમને અભિવ્યકત, સભાન, સક્રિય વસ્તુઓ બનાવવો તે વધારે સારું છે, જેથી તેને આરોહણ માટે ખૂબ નકકર પાયાની પ્રાપ્તિ થાય. નહિતો, તે પાયો જરાક નિર્બળ રહે છે.

તેથી તમારે શીખવું જોઈએ, હંમેશાં શીખવાનું તમને ગમવું જોઈએ, તમારી જાતમાં નકામી વસ્તુઓ ન ભરવી જોઈએ, નકામી વસ્તુઓ ન કરવી જોઈએ. તમારે દરેક કાર્ય આ લક્ષ્ય રાખીને જ કરવું જોઈએ. તમારી શકયતાઓને સમૃદ્ધ બનાવવી, તમારી શકિતઓને વિકસાવવી, નવી શકિતઓ પ્રાપ્ત કરવી, અને બને તેટલા પરિપૂર્ણ માનવ બનવું. આ રેખા પર પણ તમારે ગંભીરતાપૂર્વક કાર્ય કરવું જોઈએ, તમે અહીં (આશ્રમમાં) છો, માટે માત્ર ગમે તેમ તમારો સમય પસાર ન કરવો જોઈએ, સમયનો બગાડ ન કરવો જોઈએ, કારણ કે ગમે તે પ્રકારે તમારે સમય પસાર કરવાનો છે.

મોટે ભાગે માણસો આ વલણનો હોય છે. તેઓ જીવનમાં આવે છે, પણ શા માટે તે તેઓ જાણતા નથી; તેઓ જાણે છે કે અમારે અમુક વર્ષો સુધી જીવવાનું છે, પણ શા માટે તે તેઓ જાણતા નથી; તેઓ જાણે છે કે દરેક જણની પેઠે અમારે પણ એક દિવસ મરવાનું છે, પણ શા માટે તે તેઓ જાણતા નથી; ઘણો-ખરો સમય તેઓ કંટાળામાં વીતાવતા હોય છે; કારણ કે તેમનામાં કંઈ જ નથી, તેઓ ખાલીખમ પ્રાણીઓ છે; શૂન્યતા કરતાં વધારે કંટાળાજનક, બીજું કશું નથી, તેથી તેઓ તેને વિક્ષેપ વડે ભરી દેવા પ્રયત્ન કરે છે, તેઓ તદ્દન નકામા બની જાય છે, અને જયારે તેમનું મૃત્યુ નજીક આવે છે, ત્યારે તેમણે પોતાના અસ્તિત્વનો બગાડ કરી નાંખ્યો હોય છે, સર્વ શકયતાઓ ગુમાવી દીધી હોય છે. ૧૦૦૦ માં ૯૯૦ માણસો આ સ્થિતિમાં છે. તેઓ અમુક સંજોગોમાં અથવા બીજા અમુક સંજોગોમાં જન્મે છે, બને તેટલી સારી રીતે પોતાનો સમય પસાર કરવા તેઓ પ્રયત્ન કરે છે, બને તેટલો ઓછો કંટાળો અને ઓછું દુ:ખ આવે તે માટે તેઓ પ્રયત્ન કરે છે, બને તેટલો સારો સમય પ્રાપ્ત કરવા કોશીશ કરે છે; પણ તે બધું નીરસ, નિર્જીવ, નકામું, મૂર્ખાઈભરેલું અને પરિણામ-શૂન્ય હોય છે. મોટા ભાગના માણસોની આ દશા છે. તેઓ વિચાર જ કરતા નથી, પોતાની જાતને પૂછતા નથી કે "પણ હું શા માટે જન્મ્યો છું? પૃથ્વી શા માટે સર્જાઈ છે? માણસો શા માટે સર્જાયા છે? હું શા માટે જીવું છું?" આ વસ્તુઓમાં તેમને જરાય રસ પડતો નથી. તેમને રસ પડે છે માત્ર સારું સારું ખાવામાં, મજાક-મશ્કરી કરવામાં, સુંદર રીતે વિક્ષિપ્ત બનવામાં, સારી સ્ત્રીને પરણવામાં, બાળકો પ્રાપ્ત કરવામાં, પૈસા કમાવામાં, કામનાઓના દૃષ્ટિબિંદુથી બને તેટલા લાભો મેળવવામાં, અને સૌથી વધારે વિચાર ન કરવામાં, કોઈ પ્રશ્નો ન પૂછવામાં, સર્વ મુશ્કેલીને ટાળવામાં; અને પછી ઘણી વિપત્તિઓ ભોગવ્યા વગર જગતમાંથી ચાલ્યા જવામાં. આ સામાન્ય સ્થિતિ છે, આને માણસો "બુદ્ધિશાળી

હોવું" કહે છે. જગત આ રીતે સનાતન કાલ માટે ગોળ ચક્રમાં ફર્યા કરે છે; તે કદી પ્રગતિ નહિ કરે. તેથી બધા માણસો કીડીઓ જેવા છે; તેઓ આવે છે પેટ પર ચાલે છે, મરી જાય છે, ચાલ્યા જાય છે, પાછા આવે છે, ફરી પેટ પર સરકે છે, ફરી મૃત્યુ પામે છે. અને પછી પાછું તે નું તે જ. આમ સનાતન કાળ સુધી ચાલી શકે. સદ્‌ભાગ્યે કેટલાક માણસો બીજા બધાઓનું કાર્ય કરે છે; માત્ર તે લોકો જ એક દિવસ દરેક વસ્તુનું પરિવર્તન કરશે.

એટલે પ્રથમ સમસ્યા છે માણસે કયી બાજૂએ રહેવું છે તે જાણવાની. જે લોકો કોઈ કાર્ય કરે છે તેમની બાજૂએ રહેવાની કે જે લોકો કશું જ કરતા નથી તેમની બાજૂએ રહેવાની; જે લોકો કદાચ સમજી શકશે કે જીવન શું છે, અને આ જીવનને પરિપૂર્ણ બનાવવા માટે જે જરૂરી છે તે કરવા જેઓ કટિબદ્ધ બને છે, તેમની બાજૂએ રહેવાની કે જેઓ કશું પણ સમજવાની જરાય દરકાર કરતા નથી અને ઓછામાં ઓછી માથાકૂટથી પોતાનો સમય પસાર કરવા પ્રયત્ન કરે છે, તેમની બાજૂએ રહેવાની.

આ પ્રથમ પસંદગી કરવાની. પછી બીજી ઘણી પસંદગીઓ કરવાની રહે છે.

હે મારાં બાળકો, અહીં આપણે અટકીશું.

જો તમારી ધ્યાન કરવાની ઇચ્છા હોય, તો કહો. હા કે ના? હા? સરસ. નિરર્થક જીવન સાથે અંધકારમય રીતે સંલગ્ન એવી બધી વસ્તુઓને તમારી ચેતનામાંથી દૂર કરવા પ્રયત્ન કરો.

* * *

૫ ઑકટોબર, ૧૯૫૫

માતાજી વાંચે છે.

"મહાન રહસ્ય :
વૈજ્ઞાનિક."

મારો આશય છેલ્લાં વ્યાખ્યાનો છોડી દેવાનો અને સીધા અજ્ઞાન માનવના જવાબ પ્રત્યે જવાનો હતો, કારણ કે મને એમ લાગ્યું હતું કે તે વાંચવામાં આપણે જે સમય ગાળવો પડે તેને ન્યાય્ય ઠેરવવા માટે તે ભાગમાંથી પૂરતા પ્રશ્નો ઉદ્‌ભવ પામે એવો સંભવ ન હતો. પણ જે અહીં નથી તેવા આ "વૈજ્ઞાનિકે" મને બે એવા પ્રશ્નો પૂછયા કે જે મને રસપ્રદ જણાયા. એટલે આજે હું "વૈજ્ઞાનિક" વાંચીશ, અને આવતે અઠવાડિયે આપણે સીધા "અજ્ઞાન માનવ" ને લઈશું.

(માતાજીએ "વૈજ્ઞાનિક" ને વાંચ્યા પછી પવિત્ર પ્રશ્નો વાંચવા તૈયાર થાય છે.)

એટલે પવિત્ર, તમે તે પ્રશ્નો વાંચશો ને? તમે બરાબર જોઈ શકતા નથી? આપણે ફરી સ્વીચ કરીને પ્રકાશ કરીએ.

(પવિત્ર :-) ના, ના, માતાજી, પ્રકાશ પૂરતો છે.

વૈજ્ઞાનિક બે માન્યતાઓ વિષે કહે છે, જેમને સ્વીકારીને તેણે પ્રકૃતિનાં રહસ્યોની શોધખોળ કરવાનું માથે લીધું છે અને જે ધીમે ધીમે ન્યૂન બની ગયાં હોય.

તે કહે છે કે "હું માનું છું કે અજ્ઞાન એ, જો એકમાત્ર નહિ, તો મુખ્ય, મૌલિક અનિષ્ટ હતું."

શું તે સાચે જ એવું નથી?

જો સ્પષ્ટ શબ્દોમાં તે પ્રશ્નને મૂકીએ, તો તે આ છે: શું અજ્ઞાન માનવ જાતિનું કદાચ પ્રથમ અને એકમાત્ર અનિષ્ટ નથી?

વિજ્ઞાન, જે જગતનો સૌથી વધારે ભૌતિક દૃષ્ટિબિંદુથી વિચાર કરે છે, તેણે ભારપૂર્વક તેવું કથન કર્યું છે. આધ્યાત્મિક ગુરુઓમાંના એક મહાન ગુરુએ, સૌથી વધારે મહાન પ્રકાશદાતાઓમાંના એકે તદ્દન વિરુદ્ધ ભૂમિકા પર માનવ જાતિનાં અનિષ્ટોનો ઉકેલ શોધનાર એક મને, બુદ્ધે તે જ વસ્તુ કહી છે. તે બંને જણ એકી વખતે સાચા અને ખોટા છે, કારણ કે તે બંને જણે પ્રશ્નની એક જ બાજૂ જોઈ છે. એ વાત સાચી છે કે આ માન્યતા સમસ્યાના ઉકેલને વધારે સહેલો બનાવે છે, જો કે ખાતરીપૂર્વક એમ ન કહી શકાય કે આ ઉકેલ પરિપૂર્ણ રીતે અસરકારક છે, તે ગમે તેમ હોય, પણ જો આપણે અજ્ઞાનની વાત કરીએ, અજ્ઞાનના દૃષ્ટિકોણથી સમસ્યાને જોઈએ, તો તેનું કારણ એ છે કે પોતાનો ઉદ્ધાર ન થઈ શકે તેનું જ્ઞાન માણસને નથી; તે સ્પષ્ટ જણાય છે. પણ આપણે કયા પ્રકારના જ્ઞાન વિષે વાત કરીએ છીએ?

વૈજ્ઞાનિક તમને કહેશે કે પ્રકૃતિના નિયમોનું અધ્યયન કરો. તે તમને જે કાંઈ શીખવાડે તે જાણો; તેથી તે તમને એવું જ્ઞાન આપશે કે જે તમને જીવન પર પ્રભુત્વ મેળવવા માટે સમર્થ બનાવશે, જે જ્ઞાન તમને જગતના માલીક બનાવશે, તેની મિલ્કત નહિ, પણ અહીં, આપણે હમણાં જ જે વાંચ્યું તે અનુસાર, આપણે જોઈએ કે જેમ જેમ દિલની સચ્ચાઈપૂર્વક, વધુ ને વધુ ગહનતાપૂર્વક તે વૈજ્ઞાનિક અધ્યયન અને શોધખોળ કરતો ગયો, તેમ તેમ તેને ભાન થતું ગયું કે કોઈક વસ્તુ તમારી પકડમાંથી છટકી જાય છે, કારણ કે સ્વાભાવિક રીતે જ તે ભૌતિક જગતની મર્યાદા પર આવે છે અને ત્યાં તેની સામે એક ખાડો આવીને ઉભો રહે છે; તેની પરની વસ્તુમાં તે પોતાની શોધખોળ આગળ ચલાવી શકતો નથી, કારણ કે તેની તે પદ્ધતિઓ પર્યાપ્ત નીવડતી નથી.

પણ જો આપણે આ પ્રશ્નને બીજે છેડેથી લઈએ, તો આપણને જણાશે કે બુદ્ધ જે અજ્ઞાન વિષે વાત કરતા હતા તે એવું અજ્ઞાન નથી કે જો માણસ ઝેર પીએ તો તેને ઝેર ચઢે, અથવા જો માણસ શ્વાસ લીધા સિવાય પોતાના મસ્તકને

પાણીની હેઠળ રાખે, તો તે જરૂર ડૂબી જાય. તે અજ્ઞાન પ્રકૃતિ કેવી રીતે પરમાણુઓ નિર્માણ કરે છે, તે જ્ઞાનનો અભાવ પણ નથી. પણ બુદ્ધ "જગતને સાચું માનવાને, અનુકૂળ સંજોગો જીવવા માટે ભાગ્યશાળી બનનાર માણસનું જીવન સારું હોઈ શકે, એમ માનવાને" અજ્ઞાન કહેતા હતા. જગતમાં આવવું એટલે અજ્ઞાનમાં જન્મવું; બુદ્ધની માન્યતા અનુસાર, જીવવાની કામનાનું તે પરિણામ છે; આ જીવવાની ઈચ્છા એ પરમ અજ્ઞાન છે, એટલે જો માણસ તે કામનાનો ત્યાગ કરે, તો તદ્દન સ્વાભાવિક રીતે જ થોડાક સમય પછી તે જીવનનો ત્યાગ કરે, કારણ કે જીવન, જગત, અને આ સર્વ અસ્વસ્થ બનાવનાર, શાપ-રૂપ દેખાવ એ અજ્ઞાનનું પરિણામ છે.

એટલે બુદ્ધને મન, અજ્ઞાનમાંથી બહાર આવવું એટલે આ જગત કોઈ સાચી વસ્તુ છે એ જુઠ્ઠી ખાતરીમાંથી બહાર આવવું, અને જીવવાની કામનામાંથી બહાર આવવું, જે કામના સૌથી મહાન મૂર્ખાઈ છે, પણ બુદ્ધની સામે એક બીજી સમસ્યા આવીને ઊભી રહી, જે વૈજ્ઞાનિકની સમસ્યા કરતાં વધારે ગંભીર નહિ, તો તેટલી જ ગંભીર હતી. તે સમસ્યા આ હતી : તેમણે સૂચવેલો ઉપાય માત્ર કોઈ વ્યકિત માટે જ સારો હતો; તે માત્ર બહુ થોડા એવા લોકોને જ લાગુ પડે એવો હતો કે જેઓ અસંખ્ય જન્મોમાં અસંખ્ય અનુભવોમાંથી પસાર થઈ ચૂકયા છે, અને આ સત્યને સમજવા અને કામનાનો ત્યાગ કરીને જગતમાંથી પોતાની જાતને મુકત કરવા માટે, નિર્વાણમાં અદૃશ્ય થઈ જવા માટે તૈયાર બની ચૂકયા છે.

પણ આ આખરી રૂપાંતર પૂરતા પ્રમાણમાં કયારે પ્રબળ બને કે જેથી માણસ જગતને અદૃશ્ય બનાવી દેવામાં સફળ બને? આ અશકય લાગે છે, કારણ કે તે પ્રક્રિયા પ્રગતિશીલ છે, અને માણસે સભાન જીવનની બધી અવસ્થાઓમાંથી પસાર થઈ એવી સ્થિતિએ પહોંચવાનું છે કે જયારે તે નિર્વાણમાં ઉડ્ડયન કરવા માટે તૈયાર હોય. અને તે સમય દરમિયાન, આ બિચારા સર્વ ગરીબડા લોકોનું જ નહિ, પણ પશુઓનું, વૃક્ષોનું, આ દુ:ખ પામતા, સંઘર્ષ કરતા, પ્રયાસ કરતા જગતનું શું બને છે? એટલે નિરાશ બનીને કમથી કમ વૈજ્ઞાનિકો તમને કહે છે કે અમે તમારે માટે જીવનને વધારે આરામમય બનાવવાના ઉપાયો, સાધનો શોધી કાઢવાના છીએ. તેમણે તે બહુ સારી રીતે શોધી કાઢયા હોય એમ લાગતું નથી, કારણ કે આ પ્રકારની સગવડ જીવનને જટિલ બનાવે છે, તેને વધારે સગવડભરેલું સુખમય બનાવતી નથી. છતાં પણ તેઓ કમથી કમ તમને આશાનું કિરણ આપે છે, જયારે બીજો માણસ કહે છે કે રાહ જુઓ, રાહ જુઓ, જયારે તમારો વારો આવશે, ત્યારે

તમે બીજી બાજુએ જઈ શકશો. પણ રાહ જોતી વખતે માણસ સુખી નથી, એટલે કદાચ એમ કહી શકાય કે સમસ્યા પ્રત્યેનો આ અભિગમ બહુ સંતોષકારક નથી, કારણ કે તે કેવળ એક પ્રકારનો માનસિક ઉપાય છે, જે માત્ર તે લોકોને જ સંતોષી શકે જેમનામાં માનસિક જીવન છે; પણ એવા લોકો મોટી સંખ્યામાં નથી. આ કારણે બધા ધર્મોને ગ્રામ્ય બનાવી દીધા, તે ધર્મોને પણ, જેમની પાસે શરૂઆતમાં કોઈક ખૂબ ઉચ્ચ અને સત્ય વસ્તુ આપવાની હતી; તેમને તે વસ્તુ માનવ ચેતનાની માત્રાને અનુરૂપ તે માટે ન્યૂન કરી દેવી પડી હતી. કારણ કે માનવજાતિ દુ:ખી છે, અને સુંદર વિચારો વડે તેનું દુ:ખ મટતું નથી.

બીજી કોઈ વસ્તુની જરૂર છે, તે વસ્તુ આપણે અંત-ભાગમાં જોઈશું, જ્યારે આપણે તે ભાગ પર આવીશું. અત્યારે તો.....

(પવિત્ર:-) બીજી માન્યતા છે: "જગત વાસ્તવિક રીતે જેવું છે તેવું તેને જાણવું એ શક્ય છે; તેના નિયમોને વિષયગત રીતે સમજવા એ શક્ય છે."

આપણે વિશ્વમાં જે પ્રકારની નિયમિતતા જોઈએ છીએ અને જેમને આપણે પ્રકૃતિના કાયદાઓ કહીએ છીએ, શું તેમનું અસ્તિત્વ આપણાથી સ્વતંત્ર રીતે છે? કે પછી આ કહેવાતા નિયમો માત્ર આપણા મનમાં જ અસ્તિત્વ ધરાવે છે?

દ્રષ્ટા અથવા વિચારકથી સ્વતંત્ર રીતે, જગતને તેની સાચી વાસ્તવિકતામાં જાણવું એ શું શક્ય નથી?

હા, તાદાત્મ્ય વડે વિશ્વને વાસ્તવિક રીતે જાણી શકાય છે. પણ તે ઉપાય સર્વ શારીરિક પદ્ધતિઓનો પરિપૂર્ણ રીતે બહિષ્કાર કરે છે. હું માનું છું કે માત્ર ઉપયોગમાં લેવાની પદ્ધતિમાંથી જ આ નિર્બળતા આવે છે, કારણ કે માણસ કેવળ પોતાની ઉપરછલ્લી ચેતનામાં જ રહ્યો છે, અને તેથી પહેલી વખતે બનેલી ઘટના ફરી બીજી વાર બને છે. જો તમે તમારી સંશોધનાને ખૂબ ઊંડી બનાવો, તો તમે ઔચિંતા એક એવા બિંદુ પર આવો છો કે જ્યાં તમારી શારીરિક પદ્ધતિઓ મૂલ્યવાન રહેતી નથી. હકીકતમાં, માણસ પોતે જે છે તેને જ તે જાણી શકે. એટલે જો તમે વિશ્વને જાણવા માગતા હો, તો તમારે વિશ્વ બનવું જોઈએ. તમે શારીરિક રીતે વિશ્વ બની શકો નહિ, પણ તમે ચેતનામાં વિશ્વ બની શકો છો.

જો તમે તમારી ચેતનાનું તાદાત્મ્ય વિશ્વની ચેતના સાથે કરો તો શું બને છે તે તમે જાણી શકો.

માત્ર આ જ એક ઉપાય છે; બીજા કોઈ ઉપાયો નથી. એ એક તદ્ન સાચી હકીકત છે કે માણસ પોતે જે છે, તેને તે જાણે છે; જો માણસે કોઈ વસ્તુને જાણવી હોય, તો તેણે તે વસ્તુ બનવું જોઈએ. એવા ઘણા લોકો છે, જેઓ કહે છે કે તે અશકય છે, પણ તેનું કારણ એ છે કે તેઓ અમુક ભૂમિકા પર જ રહે છે, માનસિક ભૂમિકા પર પણ તમે વિશ્વને જાણી શકો નહિ, કારણ કે મન વૈશ્વિક નથી, મન તો વિશ્વની અભિવ્યકિતનું એક સાધન-માત્ર છે; માત્ર તાદાત્મ્ય વડે જ તમે વસ્તુઓને જાણી શકો, બહારથી અંદર જઈને નહિ, પણ અંદરથી બહાર આવીને. આ અશકય નથી. આ તદ્ન શકય છે, તેમ કરવામાં આવ્યું છે, પણ તે સાધનો કરણો વડે કરી શકાતું નથી, ભલેને તે કરણો ખૂબ પરિપૂર્ણ હોય. અહીં માણસે બીજી કોઈ વસ્તુને, બીજા પ્રદેશોને, કેવળ ભૌતિકથી બીજી વાસ્તવિકતાઓને લઈ આવવી પડે છે; મન તો શારીરિક જીવનનું, પાર્થિવ જીવનનું છે, તેની જ એક વસ્તુ છે.

માણસ બધું જ જાણી શકે, પણ તેને તેનો માર્ગ આવડતો હોવો જોઈએ. તે માર્ગ પુસ્તકો દ્વારા શીખી શકાતો નથી. તે સંખ્યાઓમાં લખી શકાતો નથી. તે તો માત્ર સાધના વડે જ જાણી શકાય છે. સાધના માગે છે ત્યાગ, સમર્પણ, ખંત, અને આગ્રહ-સાચા દિલના, ખૂબ પ્રામાણિક, ખૂબ નિઃસ્વાર્થ વૈજ્ઞાનિકોમાં છે તેના કરતાં પણ વધારે પ્રમાણમાં. પણ મારે કહેવું જોઈએ કે કાર્ય કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ એક ખૂબ અદ્ભુત સાધના છે; અને વિચિત્ર વાત તો એ છે કે કામનાઓથી અને જગતની ભ્રાન્તિથી મુકિત મેળવવા માટે બુદ્ધે જે પદ્ધતિની ભલામણ કરી હતી, તે પણ જગતમાં એક સૌથી વધારે આશ્ચર્યકારક સાધના છે. તે બે સાધનાઓ બે છેડાઓ પર છે; પણ તે બંને સુંદર સાધનાઓ છે. જે લોકોને બેમાંની ગમે તે એક સાધનાને દિલની સર્વ સચ્ચાઈપૂર્વક અનુસરે છે, તેઓ પોતાની જાતને યોગ માટે તૈયાર કરે છે. કોઈક જગ્યાએ થયેલો, નાનકડો 'કલીક' અવાજ તેમને એક બાજૂનું, પોતાનું સંકુચિત દૃષ્ટિબિંદુ છોડાવવા માટે પૂરતું છે, જેથી તેઓ એવી એક સમગ્રતામાં પ્રવેશ કરી શકે છે કે જે તેમને પરમ સત્ય અને પ્રભુત્વ પ્રત્યે દોરી જશે.

અજ્ઞાન માનવ-જાતિના માર્ગમાં સૌથી મોટો અવરોધ છે કે નહિ તે હું જાણતી નથી. આપણે કહ્યું હતું કે તે લગભગ માત્ર માનસિક અવરોધ હતો;

માનવ માનસિક અસ્તિત્વ કરતાં ખૂબ વધારે જટિલ છે, જો કે માનવ ખૂબ ખૂબ પ્રમાણમાં માનસિક છે, કારણ કે માનવ જગતમાં મનનું એક નવીન સર્જન છે, માનવ પ્રકૃતિની છેલ્લી શકયતાનો પ્રતિનિધિ છે; માનવમાં સ્વાભાવિક રીતે જ તેના માનસિક જીવને ખૂબ માત્રાઓ રોકી છે, મોટું પ્રમાણ પ્રાપ્ત કર્યું છે, કારણ કે પૃથ્વી પર માત્ર પોતામાં જ મન છે એવું અભિમાન તે લઈ શકે છે. માનવ હંમેશાં મનનો સદુપયોગ કરતો નથી, છતાં પણ વસ્તુસ્થિતિ એવી છે. પણ મન દ્વારા તે સમસ્યાનો ઉકેલ નહિ લાવી શકે. તેણે મનથી પર જવું પડશે.

હવે કોઈને કાંઈ પૂછવું છે? કોઈને નહિ? (એક બાળકને) તમારે કોઈ પ્રશ્ન પૂછવાનો છે?

માતાજી, પથ્થર યુગથી માંડીને આપણા સમય સુધી, માણસે માત્ર મનમાં જ પ્રગતિ કરી છે, અર્થાત્ વૈજ્ઞાનિક ક્ષેત્રમાં; તેણે શા માટે પોતાના.....પ્રગતિ નથી કરી!

તમે એમ માનો છો? તમને આવું કોણે કહ્યું?

આ પાઠય પુસ્તકમાં છે; અહીં કહેવામાં આવ્યું છે કે આપણે લગભગ પથ્થર યુગમાં જ છીએ.

આહ! આહ! (પવિત્ર પ્રત્યે અંગુલિ-નિર્દેશ કરીને) તેમણે એ કહ્યું છે. (હસાહસ).

કદાચ માણસે પ્રથમ પોતાના મનને તૈયાર કરવાનું હતું. પથ્થર યુગમાં તેનું મન જરાક ગ્રામ્ય હતું, તેમાં ઝાઝો સાર ન હતો, મનથી પર જવા માટે માણસે મનને વિકસાવવાનું હતું. તેમાં ઘણો સમય વીત્યો છે, છતાં પણ આપણે મનનો થોડો ઘણો વિકાસ તો સિદ્ધ કર્યો છે.

એ તદ્દન સ્પષ્ટ છે કે કેવલ શારીરિક મનના દૃષ્ટિબિંદુથી જોતાં, આપણે પથ્થર યુગથી ઘણા આગળ વધ્યા છીએ. એમ કહેવામાં આવ્યું છે કે આપણે બહુ પ્રગતિ નથી કરી, કારણ કે બીજી કોઈ વસ્તુનો આપણે વિકાસ કર્યો નથી, કારણ કે આપણે એક નવા કરણ (મન) સાથે ક્રીડા કરવામાં ગુંથાયેલા હતા; મનમાં ક્રીડા કરવી એ એક ખૂબ રસપ્રદ રમત છે! લોકો મન સાથે રમવા લાગ્યા, તેનો ઉપયોગ કરવાની સર્વ રીતો તેમણે અજમાવી. વ્યવહારિક દૃષ્ટિબિંદુથી જોતાં, તેમની ક્રીડાઓ મુખ્યત્વે મનનો જ ઉપયોગ કરવાની હતી, હા! ઍટમ-બૉમ્બ પણ એક પ્રકારની ક્રીડા છે; તે જરાક બાલિશ છે, પણ છતાં તે એક ક્રીડા જ

છે. સાચા લક્ષ્ય પ્રત્યે વધવા માટે જરૂરી, સ્પષ્ટ નિશ્ચિત દર્શન, યોજના, સંગઠન તે ક્રીડામાં ન હતાં. તે બધું હજી બાળકો પ્રાંગણમાં મનોરંજન માટે ખેલનાં હોય તેના જેવું છે. બાળકો શોધી કાઢે છે, શોધખોળ કરે છે, રમે છે, શોધી કાઢે છે, એક બીજા સાથે અફળાય છે, માંહ્યોમાંહ્ય લડે છે, સમાધાન કરી લે છે, ઝઘડે છે, શોધી કાઢે છે, વિનાશ કરે છે, રચના કરે છે, પણ પીઠમાં એક યોજના છે, હતી, હજી પણ છે; યોજનામાં વૃદ્ધિ થતી જ રહે છે. આ ક્રીડા ઉપરની સપાટી પર થતી હોય છે, છતાં પણ એક દિવસ તે એવી કોઈ વસ્તુ પ્રત્યે દોરી જશે કે જે પ્રગટ થશે. અત્યારે આપણે તે વસ્તુ વિષે ખૂબ વાતો અને વિચારો કરીએ છીએ; પણ એક ક્ષણે તે જરૂર પ્રગટ થશે. તે ધીમે ધીમે, અવસ્થાઓમાંથી પસાર થઈને પ્રગટ થાય, પણ એક ક્ષણે તે જરૂર પ્રગટ થશે જ. તેથી તો આપણે અત્યારે આ ક્ષણે પહોંચ્યા છીએ.

પણ આપણે આગળથી બહુ અપેક્ષા ન રાખવી જોઈએ; આપણે આવતી વખતે તેને વિષે વાત કરીશું.

બસ, હવે કાંઈ પૂછવું છે? (એક બાળકને) આજે સાંજે તમારે કશું જ પૂછવાનું નથી?

નહિ? તો પછી, હે મારાં બાળકો, હવે આપણે સમાપ્તિ કરીશું.

* * *

૧૨ ઑકટોબર, ૧૯૫૫

માતાજી
"મહાન રહસ્ય;
અજ્ઞાત માનવ"
વાંચે છે.

તે વસ્તુ કયારે પ્રગટ થશે? હું તે પ્રશ્નની રાહ જોતી હતી.
(એક બાળકને) તમે શું પૂછવા માગતા હતા?

તમે ઘણું કહ્યું તે જ.

તમે જાણો છો? મને વિચારો વાંચી લેતાં આવડે છે.

તે વસ્તુ કયારે પ્રગટ થશે તેનો આધાર તમારા પર છે, એમ હું કહું તો? તે તદ્દન સાચું નથી, છતાં પણ તેમાં કાંઈક સત્ય છે.

હું ધારું છું કે આ વસ્તુ તે ક્ષણે બનશે, જ્યારે પૂરતી વિશાલ સંખ્યાની ચેતનાઓને એમ લાગશે કે તે પ્રગટ થવું જ જોઈએ. તે શું બનશે તેની તમારામાંના મોટા ભાગના લોકોને કલ્પના કરવા માટે પ્રયત્ન કરવો પડશે, તેના પર ચિંતન કરવું પડશે અને આશા રાખવી પડશે કે આ રૂપાંતર વસ્તુઓને વધારે પ્રસન્નકારી બનાવશે. પણ જે છે તેમાં તમારી ચેતના એટલી બધી આસકત બની ગઈ છે કે વસ્તુઓ બીજા પ્રકારની બની શકે, તેની કલ્પના કરવાનું પણ તેને

કઠિન લાગે છે. જ્યાં સુધી જે થવાનું છે તે પૂરતી સંખ્યાવાળી અનેક ચેતનાઓને એક અનિવાર્ય જરૂરિયાત ન લાગે, અત્યારે જે છે તે લાંબો વખત ન ચાલી શકે એવી એક અસંભાવના ન લાગે, ત્યાં સુધી આ વસ્તુ પ્રગટ નહિ થાય.

એક સમસ્યા રહે છે કે જે બનવાનું છે તે વ્યક્તિગત રીતે બનશે કે સામૂહિક રીતે, એ પણ સંભવિત છે. કોઈ પણ વ્યક્તિગત સાક્ષાત્કાર, જો તે નવીન જગતના પ્રતિનિધિ-રૂપ, અનેક ચેતનાઓ સાથે સુસંગત ન હોય તો, પરિપૂર્ણ ન બની શકે, પરિપૂર્ણતાની નિકટ ન જઈ શકે. બધી વસ્તુઓ છે તેવી હોવા છતાં, વ્યક્તિ અને સમૂહ ખૂબ પ્રમાણમાં પરસ્પર સંકળાયેલાં-આધાર રાખતાં છે, વ્યક્તિગત સાક્ષાત્કાર પ્રત્યુત્તર ન આપે તેવાં વાતાવરણમાં મર્યાદિત અને દરિદ્ર બની જાય છે. એ વાત ચોકકસ છે કે સમગ્ર પાર્થિવ જીવને પ્રગતિના અમુક વળાંકને અનુસરવાનું છે, જેને પરિણામે નવીન જગત અને નવીન ચેતના પ્રગટ થઈ શકે. એટલે મેં શરૂઆતમાં કહ્યું હતું કે તેનો આધાર આંશિક રીતે તમારા પર છે.

આ નવીન ચેતના, નવીન જાતિ, અને આખરે નવીન જગત કેવા પ્રકારનાં હશે તેનું ચિત્ર તમારા મનમાં ખડું કરવા તમે કદી પ્રયત્ન કર્યો છે?

તુલનાની દૃષ્ટિએ જોઈએ તો એ સ્પષ્ટ છે કે પૃથ્વી પર થયેલા માનવના આગમને પૃથ્વીની સ્થિતિમાં પરિવર્તન આણ્યું છે. અમુક દૃષ્ટિબિંદુથી જોતાં આ બધાના પરમ કલ્યાણ માટે હતું એમ હું નથી કહી શકતી, કારણ કે ઘણા લોકોને તેથી ભીષણ રીતે વેઠવું પડયું છે; એ સ્પષ્ટ છે કે માનવ જીવનમાં જે ગૂંચવાડાઓ લઈ આવ્યો છે તે હંમેશા તેને કે બીજાઓને અનુકૂલ સિદ્ધ થયા નથી. પણ અમુક દૃષ્ટિબિંદુથી જોતાં તેણે નિમ્નતર જાતિઓમાં પણ ખૂબ પ્રગતિ પેદા કરી છે. માણસે પશુઓના, વૃક્ષોના, ધાતુઓના, ખનિજોના જીવનમાં માથું માર્યું, પણ તેથી તે બધાંને હંમેશાં ખૂબ આનંદ પ્રાપ્ત થયો હતો એવું નથી બન્યું; પણ તેણે ચોકકસ તેમના જીવનની સ્થિતિમાં ખૂબ પરિવર્તન આણ્યું. તે જ રીતે સંભવિત છે કે અતિમનસનું સત્ત્વ પૃથ્વીના જીવનમાં ખૂબ પરિવર્તન લાવશે. આપણા હૃદયમાં અને વિચારમાં આપણે આશા સેવીએ છીએ કે પૃથ્વીનાં બધાં અનિષ્ટો અને દુ:ખો નિર્મૂળ નહિ થાય, પણ ન્યૂન બની જશે, સામાન્ય સ્થિતિઓ વધારે સંવાદમય અને સહ્ય બનશે. આ બને, કારણ કે માનવમાં પ્રગટેલી માનસિક ચેતનાનો એ સ્વભાવ જ હતો; અત્યાર સુધી તો માણસ પોતાના વિકાસને ધ્યાનમાં રાખીને માત્ર પોતાના સંતોષ માટે જ કાર્ય કરતો હતો, પોતાનાં કાર્યોનાં શા પરિણામો આવશે તેનો ખ્યાલ તે રાખતો ન હતો. કદાચ અતિમનસ વધારે સંવાદમય રીતે કાર્ય કરશે.

કમથી કમ, આપણે તેવી આશા સેવીએ છીએ. અતિમનસ વિષે આપણો એવો ખ્યાલ છે.

પણ હું બદલામાં તમને એક પ્રશ્ન પૂછું છું, તમે તેને વિષે, તે કેવું હશે તેનો વિચાર કર્યો છે?

(એક બાળકને) તમે તેને વિષે વિચાર કર્યો છે? (બીજા બાળકને) તમે? તમે તેને વિષે વિચાર કર્યો છે? તો પછી મને કહો કે તમે શો વિચાર કર્યો છે. સ્વાભાવિક રીતે જ, શ્રી અરવિંદનાં પુસ્તકોમાં તમે જે વાંચ્યું છે તેનું પુનરુચ્ચારણ કરવાનું હું નથી પૂછતી, કારણ કે તે વસ્તુ પ્રશ્નમાં અંતર્ગત નથી થતી; તમારે પોતે તેની કલ્પના કરવા માટે અને તે અનુસાર જીવવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

તમે પણ મને નહિ કહી શકો? તમે પણ નહિ?

માતાજી, અમારી અપૂર્ણતાને કારણે અમારે અમુક વસ્તુ કરવી પડે છે. પણ જ્યારે અતિમાનસિક જાતિનું અવતરણ થશે ત્યારે બધું પરિપૂર્ણ બની જશે; ત્યારે શું કરવાનું બાકી રહ્યું હશે?

પરિપૂર્ણ! આપણી સરખામણીમાં પરિપૂર્ણ, પણ પાછળથી જે આવશે તેની સરખામણીમાં નહિ. જગત સતત ગતિ અને પ્રગતિ કરી રહ્યું છે; એ ખૂબ સ્પષ્ટ છે કે જ્યારે જ્યારે નવીન ચેતના પૃથ્વી પર પ્રગટ થઈ છે, ત્યારે ત્યારે માણસને એમ લાગ્યું છે કે કદાચ તે એક નિશ્ચયાત્મક સાક્ષાત્કાર નહિ હોય, પણ છતાંયે ખૂબ પ્રગતિ તો થશે જ. એ પણ ખૂબ સ્પષ્ટ છે કે હાથીની અથવા કૂતરાની ચેતના સાથે સરખાવતાં માનવની શક્તિઓ ખૂબ અદ્‌ભુત છે. પોતાની સમજ-શક્તિ અને કલ્પના અનુસાર કૂતરાઓને માનવની શક્તિઓ દિવ્ય જણાય છે. આપણે એવી અવસ્થાએ પહોંચ્યા છીએ કે જ્યાં આપણે પર એવી કોઈ વસ્તુને જોઈએ (મેં તે નાટકમાં તે જ કહ્યું છે. નહિ વારુ?), એટલે આપણે જે કાંઈ કરીએ છીએ તેનાથી આપણને સંતોષ થતો નથી; તેથી આપણને એમ લાગે છે કે આપણે ગમે તે કરીએ, પણ સાચી વસ્તુ આપણી પકડમાંથી છટકી જાય છે; આપણે તેની આસપાસ ગોળગોળ ફરીએ છીએ, પણ તેનો સ્પર્શ કરી શકતા નથી. પણ તેનું કારણ એ છે કે આપણે આ કોઈ વસ્તુ માટે તૈયાર છીએ. જો આપણે તેને સમજતા ન હોત તો આપણે જે કરી શકીએ છીએ તેનાથી આપણને સંપૂર્ણ સંતોષ પ્રાપ્ત થયો હોત, માત્ર તેને વધારે સારી રીતે કરવાનો પ્રયાસ જ બાકી રહેત. તે એક નવીન અભિવ્યકિતનો પ્રારંભ છે. જ્યારે માણસ નવીન ચેતના સ્વીકારવા તૈયાર હોય છે, ત્યારે તેને વધારે સારભૂત સત્યની જરૂર લાગે છે; જે

વસ્તુ ખાતરી આપી શકે તેવી હોય, આપણે તેના પર ટેકો દઈએ ત્યારે ભાંગી પડે તેવી ન હોય. જે આપણને ચિરસ્થાયી ટેકો આપે તેવી કોઈક વસ્તુની જરૂર અનુભવાય છે; આ જરૂરિયાત આપણામાં પોતામાં રહેલી સનાતનતાની, પરમ સત્યં-શિવં-સુંદરંની છે; તે જરૂરિયાત આપણામાં જાગે છે.

ઘણાં લાંબા સમયથી, કદાચ પ્રારંભ કાળથી (ઉત્ક્રાન્તિના દૃષ્ટિબિંદુથી જોતાં પ્રારંભ કાળથી નહિ, કારણ કે વચગાળાના સમયમાં માણસો સાચા માનવ કરતાં વધારે પશુ કોટિના હતા); જ્યારે આ માનવરૂપ વિકસ્યું અને ઊર્ધ્વમાંથી કોઈક વસ્તુને સ્વીકારવા માણસ તૈયાર બન્યો, જ્યારે ઉચ્ચતર જગતોનાં પ્રથમ સત્ત્વો માનવ શરીરોમાં અવતર્યાં હતાં, ત્યારથી હંમેશાં એવી વ્યક્તિઓ હતી, જેમનામાં સનાતનતા અને પરમાત્મા માટેની આ જરૂરિયાત ઉદ્‌ભવી હતી. પણ તે વ્યક્તિગત હતું. પછી ધીમે ધીમે, ખૂબ પ્રગતિશીલ રીતે, પ્રકાશના અને અંધકારના વચગાળા વટાવીને, સમગ્ર માનવ જાતિ આ ઉચ્ચતર કલ્યાણની જરૂરિયાત પ્રત્યે જાગ્રત બની છે.

હવે એ તદ્‌ન સ્પષ્ટ છે કે બધાં પરિભ્રમણો અને મૂર્ખાઈઓમાંથી એક જાગૃત થતી જરૂરિયાત છે, જે આ વસ્તુ શું હોઈ શકે અને હોવી જોઈએ તેની એક પ્રકારની લાગણી (ભાન) પેદા થઈ છે, જેનો એવો અર્થ છે કે, સમય પાસે આવ્યો છે. ઘણા સમયથી એમ કહેવામાં આવતું હતું કે, તે થશે, તે આવશે; તે વિષે વચન આપવામાં આવ્યું હતું. હજારો વર્ષ પૂર્વે તેમણે વચન આપવાની શરૂઆત કરી દીધી હતી કે, એક નવીન ચેતના, નવીન જગત, કશુંક દિવ્ય પૃથ્વી પર પ્રગટ થશે, પણ તે હજારો, લાખો વર્ષો પછી, યુગો પછી આવશે, એમ કહેવામાં આવ્યું હતું. તેમને, આપણી પેઠે, આ ભાન થયું ન હતું કે, તેણે આવવું જ જોઈએ, તે બહુ નિકટ છે. અલબત્ત, માનવ જીવન બહુ ટુંકું છે અને સમયનો ગાળો ટૂંકો બને એવી ઈચ્છા પ્રત્યે વલણ છે, પણ તે બધું હોવા છતાં એક ક્ષણ આવશે, જ્યારે તે સિદ્ધ થશે, ગતિ એક નવીન વાસ્તવિકતા પ્રત્યે વળશે. એક સમય હતો, જ્યારે માનસિક અસ્તિત્વ પૃથ્વી પર પ્રગટ થઈ શકયું હતું. પ્રારંભ-બિંદુ દરિદ્ર, અપૂર્ણ, ખૂબ આંશિક હોઈ શકે, પણ છતાં પ્રારંભ-બિંદુ આવી ચૂક્યું હતું. તે પ્રારંભ-બિંદુ હમણાં જ કેમ ન હોય? બસ.

તે આવશે, થશે એમ શરૂઆતથી ઘોષણા કરનાર લોકો હવે કહે છે કે, તે આવી રહ્યું જ છે; કદાચ તેમની પાસે સર્વશ્રેષ્ઠ માહિતી હશે. હું વિચારી રહી છું કે, પૃથ્વીના ઈતિહાસની શરૂઆતથી (તેથી પૂર્વના કાલની વાત આપણે નહિ કરીએ, કારણ કે, આપણે પૃથ્વી પર જ ઘણું કરવાનું છે), એક યા બીજા

રૂપમાં, એક યા બીજા નામ હેઠળ, શ્રી અરવિંદ હંમેશાં મહાન પાર્થિવ રૂપાંતરોના અધિષ્ઠાતા રહ્યા છે; જ્યારે તે કહે છે કે, આ યોગ્ય સમય છે, ત્યારે કદાચ તે જાણે જ છે, એટલે આપણે તેમનું કથન માનવું જ જોઈએ. હું માત્ર એટલું જ કહી શકું.

એટલે જો આ યોગ્ય સમય હોય, તો આ સમસ્યાને આમ મૂકી શકાય : એવા લોકો છે કે જેઓ તૈયાર છે અથવા તૈયાર થશે, અને તે લોકો જ પ્રથમ તે માર્ગે જવાની શરૂઆત કરશે. બીજા લોકો કદાચ બહુ મોડા તે વસ્તુથી સભાન બનશે; તેઓ તક ચૂકી જશે; હું માનું છું કે, તક ચૂકી જનાર લોકોની સંખ્યા મોટી હશે. પણ મારું દૃષ્ટિબિંદુ આ છે : જો તક માત્ર અડધી જ હોય, તો પણ પ્રયત્ન કરવાની મુશ્કેલી વહોરવી એ યોગ્ય ગણાશે. કારણ કે, મેં તમને હમણાં જ કહ્યું તેમ, એક એવી ક્ષણ હોય છે કે જ્યારે જીવન અને માનવ-ચેતના જેવાં છે તેવાં રહે, તો તે અસહ્ય, ખૂબ અસહ્ય બની જશે; તેના પરિણામે એક પ્રકારનો કંટાળો, અણગમો આવશે; ત્યારે માણસ કહે કે, ના, તે એ વસ્તુ નથી, ન હોઈ શકે, તે વધુ વખત ચાલી ન શકે. જ્યારે માણસ એ સ્થિતિમાં આવે, ત્યારે તેને પોતાનો સંકલ્પ છોડવાનો છે, પ્રયાસ અને બલ અજમાવવાનાં છે, પોતાનું સર્વ જીવન તે માટે સમર્પી દેવાનું છે, તે તકમાં મૂકી દેવાનું છે, કારણ કે આ તક બીજી બાજૂએ જવા માટે એક અપવાદરૂપ તક છે. તમને બીજે કયાંક દોરી જાય તેવા, નવીન માર્ગ પર પગ મૂકવો એ કેટલું આરામપ્રદ છે! તે કૂદકો, છલંગ મારવા માટે ઘણા સરસામાનને પાછળ ફેંકી દેવાની, ઘણી વસ્તુઓથી રહિત બનવાની તકલીફ ઉઠાવવી પડે, તો તે ઉઠાવવા યોગ્ય છે. હું આ સમસ્યાને આ રીતે જોઉં છું.

હકીકતમાં આ સાહસ સૌથી વધારે ઉદાત્ત છે. જો માણસમાં સાહસની જરા પણ સાચી ભાવના હોય, તો તેમાં બધું ગુમાવી દેવાનું જોખમ ખેડવું એ યોગ્ય છે. પણ જેમને ભય છે, જેમને પેલી ક્ષુદ્ર કહેવત અનુસાર એમ લાગે છે કે, હું પડછાયાને પકડવા માટે હાથમાંની વસ્તુ તો છોડી દેતો નથી ને? જેઓ પોતાની જાતને કહે છે કે, "વાહ! બધું ગુમાવી દેવાનું જોખમ ખેડવા કરતાં પોતાની પાસે જે છે તેનો લાભ ઉઠાવવો એ વધારે સારું છે; આવતી કાલે શું થશે તે અમે જાણતા નથી, આપણે અગમચેતી રાખવી જોઈએ." કમનસીબે આ મનોદશા ખૂબ વ્યાપક છે, તેવા લોકો માટે હું તમને એક વસ્તુની ખાતરી આપું છું કે, જ્યારે તે વસ્તુ તેમના નાક આગળ પ્રગટ થશે, ત્યારે પણ તેઓ તેને

જોઈ નહિ શકે; તેઓ કહેશે કે, તે વસ્તુ સારી છે, પણ એ રીતે હું પશ્ચાત્તાપ કરવા નથી માગતો. તેઓ તેમ કહે એ શકય છે. પણ કદાચ પાછળથી તેઓ પસ્તાશે; તે આપણે જાણતા નથી.

દરેક કેઈસમાં હું દિલની સચ્ચાઈ આને કહું છું: જો માણસ એમ માને કે, આ નવીન સાક્ષાત્કાર જ એક એવી વસ્તુ છે કે જેને જીવનમાં ઉતારવી જોઈએ, જો જે છે તે તેને અસહ્ય લાગે, માત્ર પોતાને એકલાને માટે જ નહિ, જો તે માણસ કેવલ સ્વાર્થી અને અધમ ન હોય, જો તેને સાચેસાચ એમ લાગે કે, આ દુઃખમય સ્થિતિ ખૂબ લાંબી ચાલી છે, હવે તેમાં પરિવર્તન આવવું જ જોઈએ, તો તે પોતાની પાસેની વધુ વસ્તુઓને, પોતાની જાતને લઈને પરિપૂર્ણ રીતે, જરા પણ પાછું જોયા સિવાય, તેમાં જંપલાવે છે, પછી જે થવાનું હોય તે થાય! ધ્રુજતાં ધ્રુજતાં, એવો વિચાર કરતાં કરતાં કે, "જો હું આ વગર-વિચાર્યું પગલું ભરું, તો આવતી કાલે મારું શું થાય?" તટ પર રહેવું, તેના કરતાં ખાડામાં જંપલાવવું એ વધારે સારું છે. મારો એવો અભિપ્રાય છે કે છાતી થોડીક કઠણ કરીને અંદર જંપલાવવાની તક પકડી લેવી તે વધુ પસંદ કરવાયોગ્ય છે.

હવે તમારે કાંઈ બીજું કહેવું હોય, તો કહો. (એક બાળકને) તમે સંતુષ્ટ બનેલા લોકોમાંના એક છો કે આ પરિવર્તન માગનાર લોકોમાંના એક? હું ડહાપણ વગરના સવાલો નહિ પૂછું!

(મૌન)

માતાજી, તમે જે હમણાં કહ્યું તે એમ સૂચિત કરે છે કે ચેતનાનું અને જીવનનું રૂપાંતર સાથે સાથે થતું રહે છે, નહિ વારુ?

કારણ કે પાઠય પુસ્તકમાં એમ કહેવામાં આવ્યું છે કે માણસે પ્રથમ ચેતનાનું રૂપાંતર કરવું જોઈએ, પછી જીવન.....

સાચું કહું તો, અત્યારે જીવન માટે ઝાઝી વસ્તુ માગવામાં આવતી નથી, તેને માટે થોડીક જ વસ્તુઓની જરૂર છે. એ સ્પષ્ટ છે કે જો તમને તદ્દન પશુની પેઠે ન જીવવાનું કહેવામાં આવે, પરિપૂર્ણ રીતે નહિ, કારણ કે અત્યારે પશુની પેઠે આંશિક રીતે પણ ન જીવવું એ કઠિન છે, તો તે જીવનમાં એક પરિવર્તન છે. પણ તે તેનાથી વધુ આગળ જતું નથી. તમને આકાશી સત્ત્વો પેઠે જીવવાનું કહેવામાં નથી આવ્યું; અત્યારે તો આપણે મૃદુતાપૂર્વક, પ્રગતિશીલ રીતે ગતિ કરીએ છીએ.

પણ આ પશુતા.....

ના, મને માફ કરો! શું તમે એમ કહેવા માગો છો કે નવીન ચેતનામાં માણસ પોતાની પશુતાને પણ પોતાની સાથે લાવી શકે છે?

ના, પણ જ્યાં સુધી તે તૈયાર થાય.....

પણ વસ્તુઓ એટલી બધી નિશ્ચિત નથી. પશુતા તદ્ન અદૃશ્ય થઈ જાય તે માટે રૂપનું સમગ્ર રૂપાંતર થવું જોઈએ. દા. ત. જ્યાં સુધી શરીરનું કાર્ય અત્યારે છે તેવું જ રહેશે, ત્યાં સુધી આપણામાં વધુ પશુતા રહેવાની જ. જ્યારે આપણામાં હૃદય, ફેફસાં, ઉદર વગેરે ન હોય, ત્યારે જ પશુતા તદ્ન અદૃશ્ય થઈ જઈ શકે. આપણે કહીએ છીએ કે તેમ ખૂબ મોડું બનશે.

હકીકતમાં, આ ક્ષણે માત્ર ચેતનાનું પરિવર્તન જ ખૂબ મહત્ત્વનું છે. એમ ન માની લેશો કે તે ખૂબ સહેલું છે. જો તમે ધ્યાનપૂર્વક તમારું અવલોકન કરશો તો તમને જણાશે કે તમે એક માનવ પશુ તરીકે વિચારો છો, લાગણી અનુભવો છો, અનુભવ કરો છો, અને રચના કરો છો, અર્થાત્ એક નિમ્ન તાર્કિક માણસ તરીકે કે જેનો $\frac{3}{4}$ ભાગ લગભગ આખા દિવસ દરમિયાન અવચેતન છે. શકય છે કે અમુક ક્ષણોએ તમે તેમાંથી છટકી જાઓ છો, પણ હજી યે તેમાંથી છટકી જવા માટે તમારે પ્રયત્ન કરવાની જરૂર છે, અમુક ક્ષણોએ કૃપા વડે તેવું સ્વયંભૂ રીતે બને, પણ ઘણોખરો સમય તો તમારે અવચેતનથી કોઈક વધારે શુદ્ધ વસ્તુ પકડવા માટે પ્રયત્ન કરવો પડતો હોય છે. દિવસના ગમે તે સમયે જો તમે એક પગલું પાછું ભરો અને તમારી જાતનું અવલોકન કરો તો તમે તમારી જાતને જોઈ શકશો, તે અવચેતનને તમે પકડી શકશો. જો હું તમને ઓચિંતી કહું કે તમારી જાત પ્રત્યે જુઓ, તમને અગાઉથી ચેતવણી આપ્યા સિવાય, તો તમારી ચેતનાના ક્ષેત્રમાં શું હોય છે? જો તમે તેને પકડો, તો તમે તેને જોઈ શકો. લગભગ ૧૦૦૦ માંથી ૯૯ વખત, ત્યાં તમારામાં એક જરાક સુધારેલું પશુ હોય છે, તદ્ન કૂતરા કે વાંદરા જેવું નહિ, પણ લગભગ તેના જેવું.

એવી ઘણી વસ્તુઓ છે કે જેમને માણસોએ આશ્ચર્યજનક સદ્ગુણોમાં પરિવર્તિત કરી છે; પણ પશુઓમાં તે મને સ્વયંભૂ ગતિઓ રૂપે દેખાઈ છે; પશુઓ તેથી મિથ્યાભિમાન કરતાં નથી તે તેમને એક મોટો લાભ છે. ત્યાગમાં, ભક્તિમાં, અગમચેતીમાં, કેળવણીવિષયક ભાવનામાં પશુઓએ ચોકકસ સ્વયંભૂ રીતે ખૂબ નોંધપાત્ર વસ્તુઓ પ્રાપ્ત કરી છે. તેમણે સ્વયંભૂ રીતે, તે વસ્તુઓ પર પુસ્તકો લખ્યા સિવાય, તેમની અદ્ભુતતા બાબત બડાઈ માર્યા વગર તે વસ્તુઓ

પ્રાપ્ત કરી છે. એટલે માણસ ધારે તેના કરતાં પશુતામાંથી બહાર આવવા માટે, તેને ઘણું કરવાની જરૂર છે.

માતાજી, તમે હમણાં જ કહેતાં કે તે પરિવર્તન ખૂબ નિકટ આવી ગયું છે.

શું, બહુ નિકટ? તે ઘટના?

નહિ તો, આપણે તેને વિષે વાતો ન કરતાં હોત. જો તે પરિવર્તન ૧૦૦૦ વર્ષ પછી આવવાનું હોત, તો આપણે તેને એક દૂરનું સ્વપ્ન માનીને તેની ઝાઝી દરકાર ન કરત.

એટલે એનો શું એવો અર્થ છે કે કેટલાક લોકોએ તે પરિવર્તન પોતામાં આણ્યું છે?

આહ, તે શકય છે, પણ ઘણા લોકોએ તે પરિવર્તન હજી સિદ્ધ કર્યું નથી.

એવા લોકો છે કે જેઓ પોતાની જાત સામે ગમે તે ક્ષણે જુએ અને તેમને પોતામાં પશુતા નજરે ન પડે. પણ તેમની સંખ્યા બહુ થોડી છે. જ્યાં સુધી માણસ વસ્તુઓને જાણતો નથી, ત્યાં સુધી તે તેમને વિષે વાત કરતો નથી, તેણે ન કરવી જોઈએ.

(એક બાળકને) તમારે કાંઈક પૂછવાનું હોય એમ લાગે છે.

માતાજી, વિશ્વની સાચી વાસ્તવિકતા શી છે?

(લાંબા સમય સુધી મૌન)

જો તમને ગમે તો, વિશ્વ કેવું બનશે તે હું તમને વિરોધાત્મક રૂપમાં કહું.

હું તેના પ્રારંભબિંદુ અને અંતિમ સિદ્ધિ વિષે પણ કહી શકું; સનાતન કાલથી તે શું છે તે પણ કહું. હવે આ બધા વડે કોઈક વસ્તુનું નિર્માણ કરો.

માતાજી, પાઠય પુસ્તકમાં તમે કહ્યું છે કે એક વચ્ચગાળો આવશે અને આપણા જીવનને લાંબું બનાવશે. તો તો પછી તે વસ્તુ આવશે, ત્યાં સુધી અમારું જીવન ટકશે, નહિ વારુ?

મેં તમારી આગળ તે વસ્તુ હેતુપૂર્વક વાંચી નથી. જ્યારે માણસ જાહેર જનતા માટે નાટક લખે, ત્યારે તેણે એવી અમુક વસ્તુઓ કહેવી જોઈએ કે જે તે વસ્તુને પ્રાપ્ય (સુલભ) બનાવે.

પણ તે સારું છે, નહિ વારુ ?

હા, તે એક સત્ય છે.

માતાજી, માણસ પશુતામાંથી માનવરૂપે પ્રગટ્યો તે ધીમે ધીમે બન્યું હતું, નહિ વારુ ?

છતાં પણ એક સમય આવ્યો કે જ્યારે પશુતામાંથી તે માણસ બન્યો. મેં તમને કહ્યું હતું કે ઉત્ક્રાન્તિના દૃષ્ટિબિંદુથી જોતાં, તેમ થયું હતું એમ લાગે છે. તમે જાણો છો કે આ વિષયનું મને ઝાઝું જ્ઞાન નથી. તે કેવી રીતે બન્યું, વિજ્ઞાન તે કેવી રીતે બન્યું, એ જે રીતે જાણે છે, તે હું તમને કહી શકું તેમ નથી. હું જે જાણું છું તે જ હું તમને કહી શકું.

એક એવો સમય આવ્યો કે જ્યારે આપણે જેને માનવી શક્તિઓવાળો, માનસિક ચેતનાવાળો, તદ્દન સભાન, માનવ કહીએ છીએ તે પૃથ્વી પર પ્રગટવા માટે તૈયાર બન્યો. એ સાચે જ પ્રથમ માનવ હતો. ઐતિહાસિક દૃષ્ટિએ તે કયે સમયે બન્યું તે હું કહી શકતી નથી, પણ ઘણા લાંબા સમય પૂર્વે તે બન્યું હતું. થોડાક સમય પહેલાં હું કેટલાક એવા માણસોને મળી હતી કે જેઓ ખૂબ તાર્કિક અને નિશ્ચિંત હતા ; પણ તે ખૂબ સમય પહેલાં. ઘણા સમય પૂર્વે તે એક વિશાળ અને શાન્ત સ્થિતિ હતી, દરિયામાં મોટી ભરતી આવે, તે પ્રસરે, અને પછી શાન્ત થઈ જાય તેવી તે ખૂબ લાંબા સમય સુધી શાન્ત રહી, અને લાંબા સમય પછી તેમાં માનવી ક્રિયાઓ અને માનવી સંસ્કૃતિ પેદા થવા લાગી. તે શરૂઆતથી માંડીને અત્યાર સુધી આપણે આકૃતિઓ જોઈએ છીએ, (પવિત્ર તરફ વળીને) પવિત્ર, તમે તેમને જાણો છો ?

(પવિત્ર :-) અત્યારે તેઓ મને યાદ નથી.

તે આકૃતિઓ ખૂબ મોટી હતી. એ સમયને ઐતિહાસિક કહી શકાય. લોકોએ (પુરાતત્ત્વવિદોએ) એવાં ચિહ્નો, દસ્તાવેજો, સૂચનો ખોળી કાઢ્યાં છે કે જે આપણને તે સમયનો ખ્યાલ આપે. આ બધું ત્યારે બન્યું હતું કે જ્યારે પ્રથમ માનસિક ચેતના માનવરૂપમાં અવતરી હતી. માનવ આકૃતિ પ્રગટી ત્યાર પહેલાં પ્રકૃતિએ હજારો, લાખો વર્ષો સુધી અનેક પ્રયોગો કર્યા હોવા જોઈએ. તે પ્રયોગો વિષે હું જાણતી નથી. પણ એક સમય આવ્યો હતો કે જ્યારે માનસિક ચેતના પ્રગટી શકી હતી અને માનવરૂપ ધારણ કરવા સમર્થ બની શકી હતી. ત્યાર પછી આ માનવરૂપ, આ ચેતનાને પર્યાપ્ત રીતે અભિવ્યક્ત કરી શકે તે માટે, પોતાની

જાતને અનુરૂપ અને પરિપૂર્ણ કરે તેમાં ઘણો લાંબો સમય જરૂર હતો; એ તો સમજી શકાય તેવી વાત છે. ફરી પણ તે રીતે જ તેવું બનશે એ નક્કી છે.

એક એવો સમય આવશે કે જ્યારે માનવ ચેતના એવી જરૂરી સ્થિતિમાં આવશે કે જ્યારે અતિમનસની ચેતના માનવ ચેતનામાં પ્રવેશી શકે અને પ્રગટ થઈ શકે.

પણ માનવ જાતિ જેવી કોઈ નવીન જાતિ આવે અને એ વસ્તુ સિદ્ધ થાય, ત્યાર પહેલાં ઘણો લાંબો સમય વીતી જાય એ સંભવિત છે. તે પ્રગતિમય રીતે સિદ્ધ થશે. તે એક રબ્બરના પટ્ટાની પેઠે તરત જ વિસ્તરી જતી નથી. એક એવો સમય છે કે જ્યારે અવતરણ સિદ્ધ થાય છે. તાદાત્મ્ય સિદ્ધ થાય છે, તે એક ચમકારામાં થઈ શકે. પાછળથી તે ઘણો લાંબો સમય પણ લે. માણસે એવી આશા ન સેવવી જોઈએ કે, એક રાતમાં પાર-માનવો બધે કૂદી આવશે. ના, એવું નહિ બને. માત્ર તે લોકો જ તેને જાણશે, જેમણે મેં કહ્યું તેમ કર્યું હશે, જેમણે પોતાની જાતને પરિપૂર્ણ રીતે અંદર હોમી દીધી હશે, પૂરેપૂરું જોખમ ખેડ્યું હશે. તે લોકો જ જ્યારે તે બનશે, ત્યારે તેને ઓળખશે.

શું બીજા લોકો તેને જોઈ પણ નહિ શકે?

બીજાઓ? બીજાઓ તેથી સભાન પણ નહિ બને. શું બન્યું છે તે જાણ્યા વગર, તેઓ પોતાનું મૂર્ખાઈભરેલું જીવન ચાલુ રાખશે.

પણ છતાંયે તેઓ પોતાની સમક્ષ આ પાર માનવને જોઈ શકશે તો ખરા ને? (હસાહસ)

મધુર માતાજી, પાર માનવનું માનવ પ્રત્યે વલણ કેવું હશે?

પશુ પ્રત્યે માનવનું વલણ કેવું છે? ના, આપણે એવી આશા રાખીએ કે પાર માનવ જરાક વધારે દયાળુ હશે! (હસાહસ)

પણ તમારે તમારી જાતને ભ્રાન્તિમાં ન નાંખવી જોઈએ. અતિમનસની ચેતના માટે, માણસ સાચે જ મૂર્ખ છે. માણસે ગમે તેટલી પૂર્ણતા પ્રાપ્ત કરી હોય, સિદ્ધિઓ અને સાક્ષાત્કારો પ્રાપ્ત કર્યા હોય, છતાં પણ તે ભયંકર રીતે મૂર્ખ હોય એમ લાગે છે, પણ તે કારણે તેની સાથે ખરાબ વર્તન રાખવાની જરૂર નથી. પણ હું માનું છું કે, પાર માનવ કોઈની સાથે ખરાબ વર્તન નહિ કરે, કારણ કે તેની ચેતના બધા દેખાવોની પીઠમાં જવા સમર્થ હશે, તે ખૂબ દયાળુ હશે, એવી આપણે આશા રાખીએ.

હવે કાંઈ પૂછવું છે? જો કોઈને કોઈ મહત્ત્વનો પ્રશ્ન પૂછવાનો ન હોય, તો આપણે સમાપ્ત કરીએ. પવિત્ર?

(પવિત્ર :-) માણસ પાર-માનવ પ્રત્યે કેવું વલણ રાખશે?

આહ! (હસાહસ) આપણે એવી આશા રાખીએ કે, માણસ પોતાના દેવો પ્રત્યે જે વલણ રાખે છે તેવું વલણ તે પાર-માનવ પ્રત્યે નહિ રાખે. કારણ કે તેણે પોતાના દેવો સાથે ખરાબ વર્તન રાખ્યું છે. તેણે પોતાના દેવોને અને પયગંબરોને ક્રોસ પર ચઢાવ્યા છે, પથ્થર માર્યા છે, જીવતા બાળી મૂકયા છે; સાચે જ, જે લોકો માણસને નવીન જીવન જીવવાનો બોધ કરવા આવ્યા હતા, તેમની બધાની સાથે તેણે ગેર-વર્તન કર્યું છે. આપણે આશા રાખીએ કે, માણસ વધારે સમજુ બનશે; હવે તે તેમને જેલમાં પૂરશે.

પણ માણસે તેમને મંદિરોમાં પ્રતિષ્ઠિત પણ કર્યા છે!

ના, તે અસ્તિત્વને ખુદને જ નહિ. ઘટના પતી ગયા પછી માણસે જે મૂર્તિ બનાવી કાઢી હતી, અને જેને તેણે એક રાજકારણી કાર્યમાં પરિવર્તિત કરી હતી, તેને મંદિરમાં તેણે સ્થાપી છે. મને માફ કરો; માણસે દેવ પોતાની મૂર્તિમાં ઘડયો હતો, પછી મંદિરમાં તેને પ્રતિષ્ઠિત કર્યો હતો, અને તેની તે પૂજા કરતો હતો; પણ કેવળ રાજકારણી હેતુઓ માટે તે તે બધું કરતો હતો. પણ જે લોકોએ પોતામાં દિવ્ય વાસ્તવિકતા પ્રગટ કરી હતી, તેમની સાથે માનવે હંમેશાં ખૂબ ગેરવર્તન કર્યું છે. ઈતિહાસ તે વાતની સાક્ષી પૂરે છે. અત્યારે તો માણસો કેટલીક-વાર અમેરિકામાં બિચારા નીગ્રો સિવાય બીજા કોઈના પર પથ્થર-મારો કરતા નથી, કોઈને જીવતો બાળી મૂકતા નથી, હવે તે ફૅશન રહી નથી, પણ અત્યારે તેઓ તેમને જેલમાં પૂરે છે. હકીકતમાં (હું તમને આ વસ્તુ અનેક વાર કહી ચૂકી છું), જે લોકો હજી પૂરા માનવો નથી બન્યા તેમને એક જ વસ્તુ બચાવી લે છે : આજકાલ જગત અજ્ઞાનની એવી સ્થિતિમાં છે કે, લોકો પોતાની સત્તાની વાસ્તવિકતામાં બિલ્કુલ માનતા જ નથી. પણ જો સરકારો પોતાની સત્તાની વાસ્તવિકતામાં માનતી હોય, તો ચોક્કસ તેઓ બહુ મુશ્કેલીમાં મૂકાઈ જાય.

પણ આપણે એવી આશા રાખીએ કે પાર-માનવ ખૂબ માયાળુ હશે, જેમ માણસોએ પણ બનવું જોઈએ તેમ, પાર-માનવ પોતાની જાતનું રક્ષણ કેવી રીતે કરવું તે જાણતો હશે; તેની પાસે આત્મરક્ષણનાં કેટલાંક અદૃશ્ય, પણ પૂરતાં સાધનો હશે.

પણ માતાજી, જો માણસ તેને જોઈ ન શકે, તો તેને આત્મ-રક્ષણની જરૂર રહેતી નથી, નહિ વારુ?

ના. અદૃશ્યતાની દેણ તેનું કદાચ સૌથી વધારે મોટું આત્મ-રક્ષણનું સાધન છે. (માતાજી હસે છે.)

પણ તમે હમેશાં પૂછો છો કે "માણસ અતિમનસની શકિતઓને કેમ પ્રગટ કરતો નથી? તે શા માટે એકદમ શારીરિક રીતે તેજોમય બની જતો નથી? તો આપણે તેને જાણી શકીએ કે તે પાર-માનવ છે." તે બિચારાની શી વલે થાય તે તમે જોઈ શકો! તેજોમય બનવું એ તો એક બહુ નાનકડી વસ્તુ છે!

આજને માટે આટલું બસ છે.

* * *

૧૯ ઑકટોબર, ૧૯૫૫

માતાજી શ્રી અરવિંદના
"યોગના સમન્વય" માંથી
"ચાર મદદો"
વાંચે છે.

મધુર માતાજી, અહીં લખ્યું છે કે "છેલ્લું આવે છે કાળરૂપી સાધન; કારણ કે બધી વસ્તુઓમાં તેમના કાર્યનું ચક્ર ફરતું હોય છે, દિવ્ય ગતિનો સમય આવતો હોય છે." આ "દિવ્ય ગતિનો સમય" એ શું છે?

દરેક જણ માટે તે ભિન્ન ભિન્ન હોય છે.

દરેક ક્રિયા માટે, દરેક સાક્ષાત્કાર માટે, દરેક ગતિ માટે ભિન્ન ભિન્ન સમય હોય છે. કાળના અસંખ્ય ગાળાઓ ગૂંચવાઈ ગયેલા હોય છે; પણ દરેક વસ્તુ એક પ્રકારની છંદોમયતા વડે, તે વસ્તુની છંદોમયતા વડે નિયમિત છે.

પોતાના બાહ્ય અસ્તિત્વની સગવડ માટે માણસોએ, વત્તી-ઓછી સ્વૈચ્છિક રીતે, સમયનું વિભાજન વર્ષોમાં, માસોમાં, અઠવાડિયામાં, દિવસોમાં, કલાકોમાં, મિનિટોમાં, ક્ષણોમાં કર્યું છે; તે છંદોમયતા વત્તી-ઓછી સ્વેચ્છામય છે, કારણ કે તેનું સર્જન માનવે કર્યું છે; પણ તે વિભાજનની છંદોમયતામાં અમુક વાસ્તવિકતા

છે, કારણ કે તે બની શકે ત્યાં સુધી વૈશ્વિક ગતિઓ સાથે સુસંગત છે. તેથી આપણે દા. ત. જન્મ દિવસ ઉજવીએ છીએ, કારણ કે દરેક માણસના જીવનમાં અમુક છંદોમયતા છે, સંજોગો વારંવાર પુનરાવર્તન કરતા હોય છે, જે તેના જન્મદિવસની સમાન હોય છે.

જ્યારે તમે સર્વ ગતિઓનું અવલોકન કરો છો, ત્યારે તમે દા. ત. આંતર ચેતનાની ગતિઓમાં પણ છંદોમયતા જોઈ શકો છો, માત્ર સમજના દૃષ્ટિબિંદુથી નહિ, પણ અંગત પ્રતિકાર્યોના, પ્રગતિમાં ચડતી પડતીના, મુશ્કેલીઓના અને મદદોના દૃષ્ટિબિંદુથી પણ. પણ જો દરેક માણસ ધ્યાન રાખે, તો તેને ભાન થાય છે કે, પોતાની છંદોમયતા તદ્દન તેને અંગત હોય છે, તે તેના પડોશીઓ જેવી નથી હોતી. જેવી રીતે ઋતુઓ અમુક નિયમિત છંદોમયતાને અનુસરે છે, તેમ વ્યકિતના જીવનમાં પણ તેની ઋતુઓ હોય છે, જ્યારે માણસ પોતાની જાતનું ધ્યાનપૂર્વક અવલોકન કરે છે, ત્યારે તેને માલમ પડે છે કે ખૂબ નિયમિત ગાળાઓમાં સમાન સંજોગોનું અમુક પુનરાવર્તન થતું હોય છે. ખૂબ લાગણીપ્રધાન લોકોને પણ ભાન થાય છે કે, અઠવાડિયાના અમુક દિવસો અથવા દિવસના અમુક કલાકો એવા હોય છે કે જ્યારે તેઓ પોતાનું કાર્ય વધારે સહેલાઈથી કરી શકે છે. કેટલાક લોકોને અમુક દિવસોએ અથવા અમુક કલાકોએ મુશ્કેલીઓ આવી પડતી હોય છે; તેથી ઊલટું કેટલાક લોકોને અમુક ક્ષણોએ વધારે સારી પ્રેરણાઓ પ્રાપ્ત થતી હોય છે; પણ દરેક જણ આત્માવલોકન વડે તે શોધી કાઢવાનું છે, સ્વાભાવિક રીતે જ, આ તદ્દન અનિવાર્ય કે કડક નથી હોતું; થોડાક પ્રયત્ન અને દૃઢનિશ્ચયી સંકલ્પ વડે આવી પડતી મુશ્કેલીને દૂર કરી શકાય છે. પણ જો તે મદદરૂપ હોય, તો માણસ તેનો ઉપયોગ કરી લઈ શકે છે.

આ છંદોમયતાઓ ખૂબ પ્રમાણમાં પરસ્પર જટિલ અને વિરુદ્ધ પણ હોય છે, જેનાં પરિણામો આપણે જોઈ શકીએ છીએ. કેટલીક છંદોમયતાઓ એટલી બધી જટિલ અને ગૂંચવાડાભરેલી હોય છે કે તેમનું કંઈ જ પરિણામ આવતું નથી.

મધુર માતાજી, અમે કેવી રીતે તેનો ઉપયોગ કરી શકીએ?

આપણે યોગ વિષે વાત કરીએ છીએ. જો તમે તમારામાં અમુક સ્થિતિઓનું પુનરાવર્તન જુઓ, દા. ત. દિવસના અમુક સમયે અથવા અમુક કલાકે, અમુક સંજોગોમાં તમે સહેલાઈથી ધ્યાન અથવા એકાગ્રતા કરી શકતા હો, તો તે સમયે ધ્યાન કરીને તમારે તેનો ઉપયોગ કરી લેવો જોઈએ.

સ્વાભાવિક રીતે જ, તમારે તેના ગુલામ ન બની જવું જોઈએ. માણસે તે કલાકનો ઉપયોગ કરી લેવો જોઈએ, પણ તે એક જરૂરિયાત ન બની જવી જોઈએ; તે કલાક વહી ગયો હોય, તો તમારે ધ્યાન કરવું, એવું ન બની જવું જોઈએ. પણ જો તે એક સારી મદદરૂપ હોય, તો માણસે તે મદદનો ઉપયોગ કરી લેવો જોઈએ; તે બધી માત્ર અવલોકન કરવાની બાબત છે.

જો તમે તમારી જાતનું અવલોકન કરો, તો તમને ભાન થાય કે વર્ષ દરમિયાન અમુક સમયો અંગત સ્થિતિઓને કારણે નહિ, પણ પ્રકૃતિની સ્થિતિઓને કારણે આવતા હોય છે. કેટલાક સમયો પર તમને સાધનામાં વધારે મુશ્કલીઓ આવે છે, જ્યારે કેટલાક સમયો પર તમને તમારામાં જ્ઞાનની અને ચેતનાની વૃદ્ધિ માટે વધારે મોટો આવેગ પ્રાપ્ત થતો હોય છે. આ તમને એ અર્થમાં મદદ કરે છે કે જો અમુક સમયે તમને મુશ્કેલીઓ જણાય અથવા સાધના અટકી ગઈ હોય એવું જણાય, તો વિલાપ કરવાને બદલે તમારે તમારી જાતને કહેવું જોઈએ કે આ તો વર્ષનો અમુક ખાસ સમય હોવાને કારણે બન્યું છે. પછી તમે તે સમય વીતી જવાની ધીરજપૂર્વક રાહ જુઓ છો અથવા બની શકે તેટલા પ્રયત્ન કરો છો; પણ નિરાશ, નાહિંમત બનીને એમ કહેતા નથી કે ઓહ! હું કાંઈ પ્રગતિ કરી શકતો નથી. તે તમને ડાહ્યા બનવામાં મદદ કરે છે.

સ્વાભાવિક રીતે જ માણસ એક વધુ પગલું આગળ ભરી શકે છે, અને આવી બાહ્ય અસરોથી મુકત બનવા માટે આંતર ચેતવણીઓ લઈ શકે છે, પણ તે પાછળથી, જ્યારે તે પોતાની સાધનાનો સભાન સ્વામી બનવા માગે છે ત્યારે થઈ શકે છે; તે પાછળથી આવે છે.

બસ, હવે કોઈ પ્રશ્ન છે?

માતાજી, જ્ઞાનનું અને પરિપૂર્ણતાનું કમળ એ શું છે?

તમે શું જાણવા માગો છો? તમે ભિન્ન ભિન્ન ચક્રો વિષે સાંભળ્યું છે, નહિ વારુ? તે ચક્રોને મોટે ભાગે કમળોનું રૂપક આપવામાં આવ્યું છે; પ્રથમ તે બિડાયેલાં હોય છે, અને માણસ જેમ જેમ આધ્યાત્મિક પ્રગતિ કરે છે, તેમ તેમ તે ધીમે ધીમે ખુલે છે.

જ્ઞાનનું કમળ એ સહસ્રાર-દળ કમળ છે. (નલિની પ્રત્યે) બરાબર ને? તે મસ્તકના શિરોભાગમાં છે. માનવ શરીરમાં રહેલાં ચક્રોથી તે છેલ્લું છે.

પરિપૂર્ણતાનું ચક્ર ?

સહસ્રાર–દળ કમળ, જ્ઞાનનું કમળ ખિલે છે, તે ઉચ્ચતમ પરિપૂર્ણતા છે. તેનો આધાર તમે જેને પરિપૂર્ણતા કહો તેના પર છે!

"સનાતન જ્ઞાનનું અને સનાતન પરિપૂર્ણતાનું કમળ આપણામાં એક કળી–રૂપે બંધ હોય છે."

હા. એક કમળ મસ્તકથી ઊર્ધ્વમાં છે, પણ મોટે ભાગે તેનું કથન કરવામાં આવતું નથી.

સામાન્ય ક્રમમાં, તે છેલ્લું ખુલે છે, કારણ કે કેટલાક કેઈસોમાં તેમ નથી બનતું હોતું; નીચેનાં ચક્રો ઉપરનાં ચક્રોના ખુલ્યા પછી ખુલે છે. પણ જ્યારે આપણે કુંડલિનીના આરોહણની સામાન્ય ક્રમમાં વાત કરીએ છીએ, ત્યારે શક્તિ-કેન્દ્રમાંથી તે ઉપર જાય છે અને તે તે કેન્દ્રોને જાગૃત કરે છે. સહસ્રાર–દળ કમળને કુંડલિની છેલ્લે પહોંચે છે. હકીકતમાં, જ્યારે કુંડલિની સહસ્રાર–દળ કમળને પહોંચે છે, ત્યારે તે શક્તિના આરોહણમાં પરિપૂર્ણતાનું ચિહ્ન છે.

(મૌન)

હું માનું છું કે મેં તમને આ ચક્રો વિષે પહેલાં વાત કરી છે, તે દરેક ચક્ર સાથે સુસંગત વસ્તુની વાત પણ કરી છે. હવે કાંઈ પૂછવાનું છે?

મધુર માતાજી, અહીં લખવામાં આવ્યું છે કે "જે સુષુપ્ત જ્ઞાન તરીકે અંદર નિગૂઢ ન હોય તેવું કશું મનને શીખવાડી શકતું નથી." શું આનો અર્થ એવો છે કે જેનામાં નિગૂઢ જ્ઞાન નથી તે માણસ... પ્રાપ્ત ન કરી શકે?

ના, તદ્દન એવું નથી.

તેનો અર્થ આ છે કે માણસમાં રહેલ સાર–તત્ત્વમાં સર્વ વસ્તુઓ સુષુપ્ત રહેલી છે. માત્ર વ્યક્તિઓ પરત્વે તેમનું સંગઠન ભિન્ન ભિન્ન હોય છે; જાગૃત થવાની માત્રા, પ્રત્યુત્તર આપવાની શક્તિ પણ ભિન્ન ભિન્ન હોય છે.

આ જ વસ્તુ વ્યક્તિઓની શક્યતાઓ વચ્ચે ભેદ પેદા કરે છે. પણ હકીકતમાં, તાત્ત્વિક રીતે દરેક પ્રાણીમાં સર્વ વૈશ્વિક શક્યતાઓ સમાયેલી છે. તેમનો વિકાસ કરવા માટે માણસ કેટલાક પ્રમાણમાં શક્તિમાન છે. તેનો એક પ્રકારનો

ક્રમ વ્યકિતઓમાં સ્થપાયેલો છે, અને તેમના વિકાસની માત્રા પણ. તાત્ત્વિક રીતે, દરેક જણમાં પરમ ચેતનાની ભગવાનની હાજરી છે, માત્ર કેટલાક લોકો તેનાથી સભાન બનવા માટે હજારો વર્ષો લેતા હોય છે, જ્યારે બીજા કેટલાક લોકો, બાહ્ય અને આંતર સંજોગોને કારણે તેનાથી સભાન બનવા માટે તૈયાર હોય છે. તે શકયતાઓના ક્રમ કરતાં સાક્ષાત્કારનો ક્રમ વધારે પ્રમાણમાં છે.

વધારામાં, કેટલીક વ્યકિતઓ કેવળ માનવી ચેતના કરતાં કોઈક બીજી જ વસ્તુ પ્રગટ કરે છે, પણ આ એક વધારાની વસ્તુ છે; આ કેઈસો અપવાદરૂપ છે. પણ સામાન્ય રીતે વ્યકિતના સારતત્ત્વમાં સર્વ શકયતાઓ સમાવિષ્ટ છે.

શ્રી અરવિંદ આગળ કહે છે તેમ, જો તમારામાં ભગવાન ન હોય, તો તમે કદી પણ ભગવાનને જાણી શકો નહિ. તેમના કહેવાનો તે અર્થ છે.

મધુર માતાજી, શ્રી અરવિંદે અહીં કહ્યું છે કે "આત્માની પાંખડીઓ;" એ શું છે?

ઓહ! આત્માને હજી પણ એક છોડ સાથે સરખાવવામાં આવે છે. તે એક એવી વસ્તુ છે કે જે પુષ્પની પાંખડીઓને બંધ રાખે છે, કળીને અથવા પુષ્પને બાંધી દે છે, બંધ કરી દે છે. પુષ્પ ખીલે તે માટે આ વસ્તુઓને ભાંગી નાંખવી પડે છે. તેથી કમળની ઉપમા આપવામાં આવી છે. આત્માને જે વસ્તુ બંધ કરી દે છે, તેને સક્રિય અને પ્રગટ બનતાં રોકે છે તેને સાંકળની કડીઓની પેઠે, ગ્રંથિઓની પેઠે ધીમે ધીમે તોડી નાંખવાની રહે છે, જેથી આત્મા પુષ્પની પેઠે ખીલી ઉઠે, આ આસકિતઓ તે આત્મપુષ્પના અનિવાર્ય ખિલવામાં "અવરોધરૂપ છે." (માતાજી તે વાકય વાંચે છે.)

શ્રી અરવિંદ એમ પણ કહે છે કે "સાન્ત દૃશ્યો પ્રત્યે આસકિત વડે જેલમાં પુરાયેલો" (આત્મા). તે એક જ વસ્તુ છે. તે બધી વસ્તુઓ તમને સામાન્ય બાહ્ય ચેતનામાં આસકત કરે છે, સામાન્ય જીવન સાથે બાંધી રાખે છે, તે આત્માને જોરથી દબાવીને પોતામાં પૂરી રાખે છે. તેને ભાંગી નાખવું જોઈએ.

હવે કોઈ પ્રશ્ન પૂછવો છે?

માતાજી, અહીં કહેવામાં આવ્યું છે કે "પ્રથમ સત્યોનું, સિદ્ધાંતોનું જ્ઞાન છે." પ્રથમ શાસ્ત્રોને જાણવાં જોઈએ. પણ તેમને જાણવા માટે કહેવામાં આવ્યું છે કે "પૂર્ણયોગનું પરમ શાસ્ત્ર છે હૃદયમાં નિગૂઢ

એવો સનાતન વેદ.” એટલે શાસ્ત્રોને જાણવા માટે યોગની એક લાંબી પ્રક્રિયા જરૂરી છે. (હાસ્ય)

હા. સામાન્ય ફોર્મ્યુલા અનુસાર તે તેવું જ છે. તે એક રાતમાં શીખી જવાનું નથી. ના. હું માનું છું કે કોઈ પણ માણસ એમ માનતો નથી! હજી સુધી, આજે આપણે તે વાંચ્યું નથી, પણ શ્રી અરવિંદે એક ભેદ પાડયો છે; આગળ જતાં તે કહે છે, જે આપણે આવતી વખતે વાંચીશું, કે “જીવંત ગુરુનો વધારે શક્તિશાળી શબ્દ.” તે વિષે તે પાછળથી કહે છે.

જો માણસે ગ્રંથોનું અધ્યયન કરીને પોતાની જાતને તૈયાર કરવાની હોય, તો તેમાં ખૂબ સમય લાગે છે. પણ જો તેને કોઈ ગુરુનો સીધો ઉપદેશ મળી જાય, તો તે બહુ ઝડપભેર પ્રગતિ કરે છે. જો તમારો કોઈ માર્ગદર્શક ન હોય, અને પુસ્તકોની મદદથી તમારે તમારો માર્ગ શોધી કાઢવાનો હોય, તમને કોઈ એમ કહેનાર પણ ન હોય કે પેલા કરતાં આ પુસ્તક વાંચો, તમારે બધું જ તમારી જાતે જ ખોળી લેવાનું હોય, તો તેમાં ઘણાં વર્ષો વીતી જાય.

માણસોને તેનો ખ્યાલ નથી, પણ જો તમે કોઈ સાક્ષાત્કારી, અનુભવી, અંત સુધી પહોંચેલા જ્ઞાનીને પ્રશ્ન પૂછવા ભાગ્યશાળી બનો, તો બહુ મોટો ફેર પડી જાય છે. તમે તેમને પૂછી શકો છો કે આ સારું છે, ઉપયોગી છે કે નુકસાન-કારક છે? તો એક મિનિટમાં તમને જબાબ મળે છે કે હા, આ કરો, આ પુસ્તક વાંચો, પેલું ન કરશો, તે બહુ સગવડભરેલું છે.

પણ જયારે તમે એકલા જ હો, અનુકૂળ પરિસ્થિતિમાં ન હો, જયાં માણસો આ વસ્તુને બિલ્કુલ જાણતા નથી કે તેને વિષે વિચાર જ કરતા નથી, પછી ભલે તેઓ વિરુદ્ધ ન હોય, તો તમારે પોતે જ બધી વસ્તુઓને શોધી લેવાની રહે છે, કોઈ તમને કહેનાર નથી કે આ પુસ્તક વાંચો, તે વધારે સારું છે, પેલા કરતાં વધારે સાચું છે. પછી તો તમારે અસંખ્ય પુસ્તકો વાંચવાં પડે છે, તમારા વિચારમાં તેમની તુલના કરવી પડે છે, તમારા પર તે પુસ્તકોની પડતી અસરની તુલના કરવી પડે છે, તે તમને કેટલી મદદ કરશે કે નહિ કરે તે વિચારવું પડે છે.

સ્વાભાવિક રીતે જ, જે લોકોનું ભાવિ નિર્માણ થઈ ચૂકયું છે તેમને અંત-ર્યામી ભગવાન માર્ગદર્શન આપે છે. એવું બને છે કે જે ચોપડી તેમણે વાંચવી જોઈએ તે જ તેમના હાથમાં આવીને પડે છે, તેમને ઉપયોગી સૂચના આપે તે માણસ તેમને મળી જાય છે; પણ પાછળથી તેમને ખબર પડે છે કે તેમાં એક

ચેતના હાજર હતી; તે ચેતના કયાંથી આવી, કેવી હતી, કોણે તેમના જીવનના સંજોગોને તથા જીવનને સંગઠિત કર્યા, કોણે તેમને આગળ જવા માટેનું જરૂરી પગલું ભરાવ્યું તે બધું તેઓ જાણતા હોતા નથી. પણ આવું વિરલ બનતું હોય છે. આ લોકો નક્કી થઈ ગયેલા ભાવિવાળા છે.

નહિ તો તે માર્ગ કઠિન છે, તેમાં ખૂબ સમય વીતે છે, અને છતાં પણ તે માત્ર શરૂઆત હોય છે, તે સત્યો જાણવા માટે હતું કે જેમના પાયા પર તેમણે યોગ કરવાનો છે. તે યોગ નથી, પણ સામાન્ય સિદ્ધાંતો છે, જેમના પાયા પર તેઓ યોગનું નિર્માણ કરવાના છે.

એ સ્પષ્ટ છે કે જે લોકોને આમાં ખાસ રસ હોય છે, તે કાંઈક પ્રાપ્ત કરી શકે છે. એ કહેવાની જરૂર નથી કે ભારતમાં રહેલા લોકો માટે તે ખૂબ સહેલું છે; આ દેશમાં એક જીવંત પરંપરા છે; યોગ કરવા ઈચ્છતા માણસને હંમેશાં જરૂરી માહિતી આપનાર માણસ મળી જ રહે છે. ખૂબ અજ્ઞાની અને અભણ લોકોને પણ શું કરવું જોઈએ અથવા કયી વસ્તુ તેમને મદદરૂપ બની શકશે તેનો અસ્પષ્ટ ખ્યાલ હોય છે.

પણ જો તમે પશ્ચિમમાં જઈને રહો, તો તમને તે કેટલું કઠિન છે તે સમજાશે. કારણ કે તે સમગ્ર જગત વાસ્તવિકતા માટે સંગઠિત બન્યું નથી; તે તેની પ્રત્યે બેદરકાર છે એટલું જ નહિ, પણ તદ્દન વિરુદ્ધ છે; તે જાણીબુઝીને વાસ્તવિકતાને જાણવાનો ઈન્કાર કરે છે, કારણ કે તે મુશ્કેલીભર્યું કાર્ય છે; એટલે જયારે તમારામાં વાસ્તવિકતાને જાણવાની જરૂર પેદા થાય છે, ત્યારે કોની પાસે જવું અને માર્ગદર્શન મેળવવું તે તમે સાચે જ જાણી શકતા નથી.

અત્યારે તો પરિસ્થિતિ થોડીક સુધરી છે. પણ ૫૦–૬૦ વર્ષ પહેલાં તે કઠિન હતું. હવે પશ્ચિમના લોકોએ થોડીક પ્રગતિ કરી છે. ત્યાં સર્વત્ર થોડોક વધારે પ્રકાશ આવ્યો છે, બસ, હવે કોઈ પ્રશ્ન છે?

માતાજી, અહીં કહેવામાં આવ્યું છે કે "જે અનંત પરમાત્માની પસંદગી કરે છે, તેની પસંદગી અનંત પરમાત્મા પણ કરે છે."

આ એક ભવ્ય વાકય છે.

તે તદ્દન સાચું વાકય છે. "વિચારો અને ઝાંખીઓ" માં પણ આવું એક વાકય છે, જેમાં શ્રી અરવિંદ "ભગવાન" શબ્દ વાપર્યો છે, અનંત પરમાત્માને

બદલે. પણ વિચાર એક જ છે. ભગવાને તમારી પસંદગી કરી છે, એટલે તો તમે ભગવાન પાછળ દોડો છો!

શ્રી અરવિંદ કહે છે કે તેથી એવી ખાતરી, એક પ્રકારનો વિશ્વાસ જન્મે છે કે તે માણસનું ભાવિ નિર્માણ થઈ ચૂકેલું છે; તેવા માણસ પર મુશ્કેલીઓનો પર્વત તૂટી પડે, છતાં કોઈ પરવા નહિ, કારણ કે તે ચોકકસ સફળ થવાનો જ છે! આ તમને સર્વ મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત આપે છે, બધી કસોટી-ઓને પાર કરવાની ધીરજ આપે છે; તમે ચોકકસ સફલતા પ્રાપ્ત કરવાના.

હકીકતમાં તેવું જ બને છે. જે ક્ષણે તમે તેનો વિચાર કરો છો, ત્યારે તે એટલા માટે બનતું હોય છે કે કોઈકે તમારે વિષે વિચાર કર્યો છે. તમે પસંદ કરો છો, કારણ કે તમારી પસંદગી થયેલી છે. એક વાર તમારી પસંદગી થઈ જાય, એટલે તમે સફળ થવાના જ. એટલે શંકાઓ, આનાકાની, વિષાદ, અનિશ્ચિતતા આ બધું માત્ર સમયનો અને શકિતનો બગાડ માત્ર છે; તે બિલ્કુલ નિરર્થક છે.

જે ક્ષણે માણસને એક વાર પોતામાં ખાતરી થઈ જાય છે કે આહ! મારે માટે આ જ સત્ય છે, એટલે પછી બધું પતી જાય છે, નિશ્ચિત બની જાય છે.

તમે કોઈ માણસનો જેમાં પગ-સંચાર ન થયો હોય તેવા જંગલમાંથી પસાર થવા માટે તમે અનેક વર્ષો ગાળો, છતાં તે મહત્ત્વનું નથી; બધું પતી ગયું હોય છે, નિશ્ચિત બની ગયું હોય છે.

તેથી મેં તમને એક દિવસે કહ્યું હતું કે આખરે તમે અહીં (આશ્રમમાં) છો, કારણ કે તમારા કોઈ આંતર ભાગમાં તમે તેની ઈચ્છા કરી હતી; તમે એવી ઈચ્છા કરી હતી એટલે ભગવાને તમારામાં આની ઈચ્છા કરી હતી.

એટલે કેટલાક લોકો સીધે માર્ગે આગળ વધે છે અને ખૂબ જલ્દી લક્ષ્યને પ્રાપ્ત કરે છે. બીજા લોકોને વાંકાચૂંકા માર્ગો પસંદ પડે છે, તેમને લક્ષ્ય પ્રાપ્ત કરવામાં બહુ સમય વીતે છે. પણ લક્ષ્ય તો ત્યાં રહેલું જ છે, અનુભવ પરથી હું જાણું છું કે જો માણસના જીવનમાં એક વાર ભગવાન પ્રત્યે પ્રબળ આવેગ પેદા થાય, તો તે જરૂર તેમને પ્રાપ્ત કરવાનો; કદાચ અમુક સમયે તે ભગવાન પ્રત્યે પોતાની પીઠ ફેરવે, તો તે પણ મહત્ત્વનું નથી; તે જરૂર ભગવાનને પ્રાપ્ત કરવાનો. તેને થોડો-ઘણો પ્રયાસ કરવો પડશે, થોડી-ઘણી મુશ્કેલીઓ વેઠવી પડશે, પણ એક દિવસ તે જરૂર સફલ બનવાનો. આત્માની પસંદગી કરવામાં આવે છે,

તે સભાન બને છે, કારણ કે તેની ઘડી આવી પહોંચી છે. ઘડી એક વાર આવી જાય, એટલે તે જલ્દી કે જરાક મોડો પરિણામને પ્રાપ્ત કરવાનો જ. તમે થોડાક માસમાં આ સફળતા મેળવી શકો છો, થોડાંક વર્ષોમાં તે સિદ્ધ કરી શકો છો, થોડાંક જન્મોમાં પરમાત્માને પ્રાપ્ત કરી શકો છો, પણ તમે તેમ કરવાના એ ચોકકસ.

અને નોંધપાત્ર વસ્તુ તો એ છે કે આ પસંદગીની સ્વતંત્રતા તમને આપવામાં આવી છે. જો તમે તમારી જાતમાં એવો નિર્ણય કરો કે મારે આ જન્મમાં જ આ કાર્ય સિદ્ધ કરવું છે, તો તમે તે કરી શકવાના. અહીં હું સ્થાયી અને સતત નિર્ણયની વાત નથી કરતી, કારણ કે, તો તો તમે ૧૨ માસમાં જ ભગવાનને પ્રાપ્ત કરી શકો છો. મારો કહેવાનો અર્થ આ છે. જો ભગવાનને પ્રાપ્ત કરવાની ઇચ્છા ઓચિંતી એક વાર, ચમકારામાં તમને પકડમાં લે, તો તેના પર સીલ વાગી ગયું એમ સમજો.

પણ તેથી તમારે માર્ગમાં સમય ન બગાડવો જોઈએ; આડે-અવળે માર્ગે, ગલી-કૂંચીઓમાં ન ચઢી જવું જોઈએ, અને આખરે, ખૂબ કચરા સાથે, લક્ષ્યને પ્રાપ્ત કરવું જોઈએ. ના; પણ તેનો અર્થ એટલો જ છે કે ગમે તેવી અને ગમે તેટલી મુશ્કેલીઓ આવે, છતાં પણ તમારે નિરાશ ન થવું જોઈએ.

મારો એવો અભિપ્રાય છે કે જ્યારે કોઈ કાર્ય કરવાનું હોય, ત્યારે તેને જલ્દી કરવું એ વધારે સારું છે. છતાં પણ કેટલાક લોકોને પોતાનો સમય બગાડવો એ ગમે છે. લક્ષ્યને પહોંચતા પહેલાં તેઓ અનેક વળાંકો લે છે. પણ તે પસંદગીનો પ્રશ્ન છે. દુર્ભાગ્યે, આમ વળાંક લેનાર, વ્યર્થ પરિભ્રમણ કરનાર લોકો જ વધારેમાં વધારે ફરિયાદ કરતા હોય છે; તેઓ વિલાપ કરે છે, તેઓ પોતે જ પોતાનું દુ:ખ ઉત્પન્ન કરી લે છે!

ગમે તે ભોગે આ માર્ગે તદ્દન સીધા જવાનો જો માણસે નિર્ણય કર્યો હોય, જો તેને થોડીક મુશ્કેલીઓ અને અગવડો નિર્બળતા દાખવ્યા વગર વેઠતાં આવડતું હોય, તો તે ઘણી મુશ્કેલીમાંથી બચી જાય છે. પણ કેટલાક લોકોને ખૂબ બળજબરીપૂર્વક, ગળું પકડીને આ માર્ગે ઘસડી જવા પડે છે. પછી તેઓ બૂમ-બરાડા પાડે છે કે અમારા પર કઠોર બળજબરી આચરવામાં આવે છે. પણ તેમણે પોતે જ તે માગી લીધી હતી.

બસ હવે આપણે અટકીશું.

* * *

૧૬ ઑક્ટોબર, ૧૯૫૫

માતાજી
"યોગનો સમન્વય" માંથી
"ચાર મહદ્વો"
વાંચે છે.

કોઈ પ્રશ્નો નથી ને! આમાં કોઈ પ્રશ્નને અવકાશ નથી; આ તો સ્ફટિક-મણિ જેવું સ્પષ્ટ છે.

અહીં એમ લખવામાં આવ્યું છે કે "અંદરનો શબ્દ આપણામાં રહેલા અંતરતમ આત્માનો ઉદ્ગાર હોય અથવા નિગૂઢ વૈશ્વિક ગુરુનો શબ્દ હોય..." ભગવાન અને વૈશ્વિક ગુરુ બેને ભિન્ન શા માટે કહેવામાં આવ્યા છે?

વૈશ્વિક ગુરુ માત્ર ભગવાનનું જ એક સ્વરૂપ છે. ભગવાનમાં બધી ક્રિયાઓનો સમાવેશ છે; ગુરુ એ તેમની એક ક્રિયા છે, ભગવાન જ બોધ આપે છે. શ્રી અરવિંદના કહેવાનો એ અર્થ છે કે કાં તો તે ભગવાન સાથે સીધો સંપર્ક છે અથવા તો ભગવાનના સ્વરૂપ એવા બોધ આપનાર ગુરુ સાથે સંપર્ક છે. પણ ભગવાન એ માત્ર ગુરુ જ નથી. હવે કોઈ પ્રશ્ન છે?

મધુર માતાજી, અહીં લખ્યું છે કે "કેટલાક કેઈસોમાં આ પ્રતિનિધિ રૂપ શબ્દ, આંતર શક્તિને જાગૃત થવા માટે અને પ્રગટ થવા માટે, એક પ્રકારનું બહાનું છે." તો પછી એવા કેઈસમાં, તે વ્યક્તિની અભીપ્સા હોય છે કે શબ્દની શક્તિ?

આનો આધાર મોટા પ્રમાણમાં સાધકના વિકાસની માત્રા પર રહેલો છે. જો તે પૂરતો વિકાસ પામ્યો હોય, અને શબ્દોની પીઠમાં કાર્ય કરી રહેલી આધ્યાત્મિક શક્તિ સાથે સીધા સંપર્કમાં આવવા માટે પૂરતો સભાન હોય, તો શબ્દ માત્ર એક બહાનું છે. પણ જો અસર પેદા કરવા માટે શબ્દે તેની માનસિક સમજમાંથી પસાર થવાનું હોય, તો શબ્દ બહુ મોટું મહત્ત્વ ધારણ કરે છે. તેનો આધાર વિકાસની માત્રા પર છે.

જો સાધક સીધી રીતે સ્વીકારવા માટે સમર્થ હોય, તો દા. ત. તે એક પુસ્તક ઉઘાડે, એક વાકય જુએ, અને પ્રકાશ પ્રાપ્ત કરે. કારણ કે તેને આગળનું પગલું ભરવા માટે જરૂરી એવી શક્તિ સાથે સંપર્કમાં મૂકી આપે તેવો શબ્દની તે રાહ જોઈ રહ્યો હતો.

નહિ તો, તેને એક પુસ્તક લેવું પડે, તેના દરેક વાકયનું અને શબ્દનું અધ્યયન કરવું પડે, ચિંતન કરવું પડે, સમજવું પડે, અને પચાવવું પડે; પછી ધીમે ધીમે, પચાવ્યા અને સમજ્યા પછી, તે પુસ્તક તેના ચારિત્ર્ય પર અસર પાડે છે અને તે માણસ કંઈક પ્રગતિ કરે છે.

એક કેઈસમાં સીધો સંપર્ક થાય છે, અને એક વાકય અથવા શબ્દ વાંચતાં-વેંત તે માણસને પ્રકાશ પ્રાપ્ત થાય છે, અને જરૂરી શક્તિ મેળવે છે. બીજો માર્ગ વિદ્વાનનો છે, જે બુદ્ધિશાળી છે, તેને વાંચવાની, વિચારવાની, પચાવવાની, શીખેલી વસ્તુની ચર્ચા કરવાની જરૂર પડે છે, અને પછી તેની પ્રગતિ થાય છે. તે પરિશ્રમ અને લાંબો સમય માગી લે છે. બસ?

મધુર માતાજી, તમે એક પુષ્પને "સર્જક શબ્દ" નામ આપ્યું છે.

હા.

તેનો અર્થ શો છે?

તે સર્જન કરનાર શબ્દ છે.

અનેક પ્રકારની પ્રાચીન પરંપરાઓ છે : હિંદુ પરંપરાઓ, કૅલ્ડિયન પરંપરાઓ, જેમાં વિધાતા (સર્જક) ના રૂપમાં રહેલા ભગવાન એક શબ્દ ઉચ્ચારે છે, જેમાં સર્જન કરવાની શકિત છે. તે મંત્રનું ઉદ્‌ભવસ્થાન છે. મંત્ર એટલે સર્જક-શકિતવાળો, ઉચ્ચારાયેલો શબ્દ. આવાહન કરવામાં આવે છે, અને તેનો પ્રત્યુત્તર મળે છે. અથવા પ્રાર્થના કરવામાં આવે છે, અને માગેલી વસ્તુ આપવામાં આવે છે. આ ધ્વનિમાં રહેલો શબ્દ છે ; તે વિચાર નથી, પણ ધ્વનિ છે, જેમાં સર્જન કરવાની શકિત છે, તે મંત્રનું ઉદ્‌ભવ-સ્થાન છે.

ભારતીય પુરાણ શાસ્ત્રમાં બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરે છે ; આ "સર્જક શબ્દ" નામનું પુષ્પ તેમની શકિતનું પ્રતીક છે. જયારે માણસ તેની સાથે સંપર્ક પ્રાપ્ત કરે છે, ત્યારે ઉચ્ચારાયેલા શબ્દોમાં આવાહનની, સર્જનની, નિર્માણ કરવાની, અથવા રૂપાંતર કરવાની શકિત આવે છે. શબ્દોના ધ્વનિમાં હંમેશાં એક શકિત છે, માણસો ધારે છે તેના કરતાં ઘણી વધારે શકિત તેમાં છે. તે શકિત સારી હોઈ શકે, અને ખરાબ પણ હોઈ શકે. તે એવાં આકંપનો સર્જે છે કે જેમની અસર અચૂક પડે છે, તેમાં વિચાર નહિ, પણ ધ્વનિ મહત્ત્વનો છે ; વિચારમાં પણ પોતાની આગવી શકિત છે, પણ તે તેના પોતાના ક્ષેત્રમાં ; જયારે ધ્વનિને ભૌતિક જગતમાં શકિત છે.

હું ધારું છું કે એક વાર મેં તમને આ વાત સમજાવી છે. દા. ત. મેં તમને કહ્યું હતું કે કશો વિચાર કર્યા સિવાય, તેમને કશું મહત્ત્વ આપ્યા સિવાય, બોલાયેલા શબ્દોનો ઉપયોગ કોઈક બહુ કલ્યાણકારી વસ્તુ માટે થઈ શકે. મેં તમને "બોન્જુર, તમારો દિવસ સારી રીતે વીતો" વિષે વાત કરી હતી, નહિ વારુ ? જયારે લોકો એક બીજાને મળે છે અને "બોન્જુર" શબ્દ ઉચ્ચારે છે, ત્યારે તેઓ યાંત્રિક રીતે, કોઈ વિચાર વગર જ, બોલે છે, પણ જો તમે તે શબ્દમાં સંકલ્પ મૂકો, સામા માણસનો દિવસ સારો વીતો એવી અભીપ્સા મૂકો, તો તેની ખૂબ અસર નીપજે, યાંત્રિક રીતે "શુભ દિવસ" ઉચ્ચારાયેલા શબ્દ કરતાં ઘણી વધારે અસર. વિચારમાં તેને માટે સારા દિવસની આશા રાખીને જો તમે બોન્જુર શબ્દ ઉચ્ચારો તો તે વધારે સઘન અને અસરકારક બને છે.

શાપોની બાબતમાં પણ તેવું જ છે ; ગુસ્સે થઈને બીજાઓને કહેલા ખરાબ શબ્દોની બાબતમાં પણ તેવું જ છે. તે શબ્દોથી તેમનું ઘોલ માર્યા કરતાં પણ વધારે ખરાબ અસર થાય છે. બહુ લાગણી-પ્રધાન લોકોને તો તેવા શબ્દોથી અપચો અથવા ધ્રુજારી થઈ જાય છે, કારણ કે તમે તે શબ્દમાં એક વિનાશકારી, દુષ્ટ શકિત મૂકો છો.

બોલવાની અસર જરૂર પડે જ છે. તેનો મોટો આધાર માણસની આંતર શકિત પર રહેલો છે. ચેતના વગરના, નિર્બળ લોકોના શબ્દોની અસર ઝાઝી પડતી નથી, સિવાય કે ભૌતિક સાધનોનો ઉપયોગ કરે. જો તમે બળવાન હો, તમારામાં શકિતશાળી પ્રાણિક હોય, તો તમારે તમારી વાણી પર ખૂબ સંયમ રાખવો જોઈએ; નહિ તો તમે અનિચ્છાએ, અજાણતાં, સામા માણસને ખૂબ નુકસાન પહોંચાડો છો.

હવે બીજો કોઈ પ્રશ્ન છે? કોઈને પૂછવાનું નથી?

માતાજી, ભિન્ન ભિન્ન ભાષાઓમાં ધ્વનિઓની ભિન્ન ભિન્ન અભિવ્યકિતઓ હોય છે. તો પછી ભાષાની શકિતનો આધાર શેના પર છે?

પણ જ્યારે માણસમાં જોવાની શકિત હોય, તે લાગણી પ્રધાન હોય, અને પોતે ન જાણતો હોય તેવી ભાષામાં તે બોલે, તો પણ પોતાના શબ્દોમાં અમુક આશયો મૂકે છે અને તે આશયોની અસર અનુભવાતી હોય છે.

જો કોઈ માણસ, તમારી ભાષા સાથે જેને જરા પણ સંબંધ નથી તેવી ભાષામાં, તમને સારો દિવસ કે સારું સ્વાથ્ય ઇચ્છે, તો શબ્દોને ન સમજ્યા હોવા છતાં તમારા પર તેમની અસર નીપજે છે. તમે જે ભાષાને જાણતા નથી તે ભાષામાં જો કોઈ પણ માણસ તમને કઠોર શબ્દો કહે અથવા શાપ આપે, તો તે શબ્દોનાં આકંપનો તમે ખૂબ પ્રમાણમાં સ્વીકારો છો. તેનો આધારશબ્દો સમજાય તેના પર નથી. દરેક ભાષામાં અભિવ્યકિતકારક ધ્વનિઓ છે. એક જ ભાષા અભિવ્યકિત-કારક નથી હોતી. એક જ વસ્તુને અભિવ્યકત કરવાના અનેક પ્રકારો છે, અસંખ્ય પ્રકારો છે.

મેં વિદ્વાનોને ચર્ચા કરતા સાંભળ્યા છે. તેઓ પોતાની જાતને બહુ ડાહ્યા માનતા હતા; ભગવાને કયી ભાષામાં "પ્રકાશ થાઓ" કહ્યું હતું તે વિષે તેઓ અક્ષોભ્ય ગંભીરતાપૂર્વક ચર્ચા કરતા હતા.

તેમાંના કેટલાક વિદ્વાનોએ કહ્યું કે તે ભાષા સંસ્કૃત હતી; બીજાઓએ કહ્યું કે તે ભાષા સંસ્કૃતથી પણ વધારે પ્રાચીન હોવી જોઈએ; વળી બીજાઓએ કહ્યું કે ભગવાન સિરિયન ભાષામાં બોલ્યા હશે. પણ કોઈને એવો વિચાર ન આવ્યો કે તે કોઈ ભાષામાં બોલ્યા જ ન હતા!

શું શબ્દ પણ ઉત્ક્રાન્તિને અનુસરે છે?

તેનો શો અર્થ છે?

તેનો અર્થ એ છે કે પહેલાં જેનું અધ્યયન થતું હતું તે અત્યારે તદ્દન સામાન્ય બની ગયું છે.

કયો શબ્દ?

લખાયેલાં શાસ્ત્રોમાં વિદ્વાનોએ જેનો ખ્યાલ કર્યો હતો તે, અહીં લખાયેલો શબ્દ.

પ્રાચીન પરંપરાઓનો શબ્દ? હા. પણ શ્રી અરવિંદ પણ કહે છે કે તે શબ્દમાં પરિવર્તન ન આવે, તેનું કોઈ કારણ નથી, બીજી વસ્તુઓ ઉમેરાય નહિ તે માટે પણ કોઈ કારણ નથી. તે પોતે જ તમારા પ્રશ્નનો જવાબ આપે છે.

જો ભૂતકાળની સ્મૃતિ તમને મદદ કરે, તો તેને રાખવી એ સારું છે. પણ તેણે તમને આગળ વધતાં અટકાવવા ન જોઈએ. એ વાત નક્કી છે કે એક વખતે જે ઉપદેશ સારો હતો, તે બીજા સમયે ઉપયોગી નીવડતો નથી.

હું તમને એમ પૂછું છું કે શું શબ્દ પણ ઉત્ક્રાન્તિને અનુસરે છે?

કયી ઉત્ક્રાન્તિને?

અર્થાત, પહેલાં જે જરૂરી હતું તે અત્યારે પર્યાપ્ત નથી.

તાર્કિક રીતે જોતા, માણસે તેમાં ઉમેરો હંમેશાં કરવો જ જોઈએ.

પણ મોટે ભાગે ભૂતકાળમાં આસક્તિવાળા લોકો તેને સાચવી રાખવા માગે છે, જ્યારે આગળ વધવા ઇચ્છતા લોકો બધી વસ્તુઓને ત્યજી દેવા માગે છે, અને પોતે પ્રાપ્ત કરેલી વસ્તુને જ માત્ર રાખવા ઇચ્છે છે. એટલે તે બંને પ્રકારના લોકો પોતાની ચેતનાને વિસ્તૃત કરવાને બદલે મર્યાદિત કરવાની, સંકુચિત બનાવવાની ભૂલ કરે છે.

શું ધ્વનિ માત્ર શારીરિક જગતમાં જ છે કે બીજા પ્રદેશોમાં પણ ધ્વનિ છે?

બીજા પ્રદેશોમાં પણ ધ્વનિ છે.

અહીં છે તે જ રીતે?

સર્વ પ્રગટ થયેલાં જગતોમાં ધ્વનિ ચોકકસ છે; જ્યારે માણસને યોગ્ય અંગો પ્રાપ્ત થાય છે, ત્યારે તે તે ધ્વનિને સાંભળે છે.

ઉચ્ચતર પ્રદેશોમાં ધ્વનિઓ છે; તે ધ્વનિની સરખામણીમાં આ પૃથ્વીપરનો ધ્વનિ તો એક ગરબડ-ધાંધલ જેવો લાગે છે.

દા. ત. કેટલાક સુસંવાદમય અને સંગીતમય પ્રદેશો છે, જેમાં માણસ એવું કંઈક સાંભળે છે કે જે પૃથ્વીપરના સંગીતનું ઉદ્‌ભવ સ્થાન છે; પણ ભૌતિક, શારીરિક સંગીતના ધ્વનિઓ તે પ્રદેશોના સંગીતની સરખામણીમાં, તદ્‌ન જંગલી લાગે છે. તે સંગીત સાંભળનાર માણસને પૃથ્વીપરનું ખૂબ પરિપૂર્ણ વાદિત્ર પણ અપર્યાપ્ત લાગે છે. બધાં રચાયેલાં વાદ્યિંત્રોમાં વાયોલિનનો ધ્વનિ સૌથી વધારે વિશુદ્ધ છે; પણ તે વાયોલિનનો ધ્વનિ પણ આ સંવાદમય જગતના સંગીતની અભિવ્યકિત કરતાં નિમ્ન, ખૂબ નિમ્ન પ્રકારનો છે.

તદ્‌ન વિશુદ્ધ બનેલો માનવી અવાજ બધાં વાદ્યિંત્રો કરતાં શ્રેષ્ઠ અભિવ્યકિત કરે છે; છતાં પણ તે અવાજ, તે જગતોના ધ્વનિ સાથે સરખાવતાં, બહુ કઠોર અને સ્થૂલ લાગે છે. જ્યારે માણસ તે પ્રદેશમાં જાય છે, ત્યારે જ તે સાચા સંગીતને જાણે છે. તે સંગીતમાં એવી પરિપૂર્ણ સ્પષ્ટતા છે કે, ધ્વનિ સાંભળતાં-વેંત જ તેનો અર્થ પૂરેપૂરો સમજાઈ જાય છે. અર્થાત, માણસ શબ્દો સિવાય, માત્ર ધ્વનિ અને તેના ઉચ્ચ-નિમ્ન આરોહો-અવરોહો વડે સંગીતના વિચારનો સિદ્ધાંત પકડમાં આવી જાય છે; તેને લાગણીઓ ન કહી શકાય; તે એક પ્રકારની આત્મ-સ્થિતિ અથવા ચેતના-સ્થિતિ છે. ધ્વનિના સૂરો દ્વારા આ બધા આરોહ-અવરોહો સ્પષ્ટ સમજાઈ જાય છે. મહાન, પ્રતિભાશાળી સંગીતકારો ચોક્કસ તે પ્રદેશના સંગીત સાથે, વત્તીઓછી સભાનતાપૂર્વક, સંપર્કમાં હોવા જોઈએ. આપણું અત્યારનું શારીરિક જગત તદ્‌ન સ્થૂલ છે, તે જગતના સંગીતનું માત્ર કટાક્ષ-ચિત્ર છે.

ચિત્રકળાની બાબતમાં પણ તેવું જ છે. જ્યારે માણસે રૂપ રંગોનો તે પ્રદેશ જોયો હોય છે કે જે ચિત્રકળા દ્વારા અભિવ્યક્ત કરાતી વસ્તુઓનું ઉદ્‌ગમ સ્થાન છે, ત્યારે આજકાલમાં ચિત્રો ડાઘા જેવાં લાગે છે.

વિચારોના દૃષ્ટિબિંદુથી જોતાં પણ પાયાભૂત હકીકત તે જ છે. જ્યારે માણસ શબ્દોની મર્યાદાઓથી પર એવા વિશુદ્ધ વિચારોના પ્રદેશ સાથે સંપર્કમાં આવે છે, ત્યારે પાર્થિવ વિચારો એક પ્રકારનું કટાક્ષ ચિત્ર બની જાય છે, વિચારમાં સમાયેલા જીવનની તીવ્રતા એવી હોય છે કે જેનો અનુવાદ ન થઈ શકે. જો માણસ સભાનતાપૂર્વક આ પ્રદેશમાં પ્રવેશવા શકિતમાન બને, તો તે તે તીવ્રતાને

ઝીલી શકે છે. જો માણસ અમુક પ્રમાણમાં આકંપનોનો સ્વામી હોય અને જો તે તેમને પોતામાંથી પ્રગટ થઈ દેવા શકતો હોય, તો તે તે આકંપનોને બીજામાં સ્થાપિત કરી શકે છે. પણ અત્યારે માણસ જે કાંઈ કહેતો હોય છે કે લખતો હોય છે તે તો સાચે જ એક કટાક્ષચિત્ર છે.

બસ, હવે કોઈ પ્રશ્ન પૂછવાનો છે?

માતાજી, આજે વિજયાદશમી (દુર્ગા માતાના વિજયનો દિન) છે. એમ કહેવામાં આવ્યું છે કે, આજને દિવસે તમે કોઈક વિજય પ્રાપ્ત કરો છો.

પણ તે જાણવાનો અધિકાર મેળવવા માટે, તમને તેનો કમથી કમ એક ઝાંખો અનુભવ હોવો જોઈએ. આજે કયો વિજય પ્રાપ્ત થયો છે? તે તમે જાણો છો? તમને શું તેનો કોઈ અનુભવ થયો નથી? કોઈને પણ થયો છે?

કામનાઓ પર વિજય.

શું? તમને હવે કોઈ પણ કામના રહી નથી? તે ખતમ થઈ ગઈ છે? હું તમને અભિનંદન આપું છું! (હસાહસ)

(મૌન)

આ પરંપરા પાર્થિવ નથી, વૈશ્વિક તો નહિ જ, પણ માત્ર સ્થાનિક છે. તેને અનુસરીને હું પૂછું છું કે હજારો વર્ષોથી દુર્ગા માતાએ દર વર્ષે કેટલા વિજયો મેળવ્યા છે? અને છતાં તેમને હંમેશાં ફરી તેની જ શરૂઆત કરવી પડે છે. એટલે તેનો (અજ્ઞાનરૂપી અનિષ્ટનો) નાશ કરવો એ બહુ કઠિન હોવું જોઈએ.

આહ! પ્રશ્નો પતી ગયા? આજે આપણે પ્રયોગ કરવાનાં છીએ. આપણે ૧૦ મિનિટ ધ્યાન કરીશું. આ ૧૦ મિનિટ દરમિયાન હું તમને જે બન્યું છે તેના સંપર્કમાં મૂકી દઈશ; પણ હું એક પણ શબ્દ નહિ બોલું. તમારામાંથી કોઈને કોઈક વસ્તુની સભાનતા થઈ હોય, તો તે પાછળથી તે કાગળ પર લખી લેશે, અને કાલે હું તે જોઈશ.

બસ, હવે સમાપ્ત.

* * *

૨ નવેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગના સમન્વય" માંથી
"ચાર મદદો"
વાંચે છે.

"યોગની પ્રક્રિયા એ માનવ આત્માનું બાહ્ય દેખાવોમાં તલ્લીન બની ગયેલી ચેતનાની અહંતાપૂર્ણ સ્થિતિમાંથી વળી જવાની ક્રિયા છે."
બાહ્ય દેખાવોમાં તલ્લીન બની ગયેલી ચેતનાની અહંતાપૂર્ણ સ્થિતિ એમને ન સમજાયું.

માણસો બાહ્ય વસ્તુઓમાં ગુંથાયેલા રહે છે, અર્થાત્ તેમની ચેતના બહિર્મુખ છે; ગહનતર સત્ય પ્રત્યે, દિવ્ય હાજરીને શોધવા માટે અંતર્મુખ બનવાને બદલે, તેમની ચેતના જીવનની સર્વ વસ્તુઓમાં, પોતે જે કાંઈ જુએ છે, જાણે છે, કરે છે તેમાં ગુંથાયેલી રહે છે. આ પ્રથમ ગતિ છે. તમે જે કાંઈ કરો છો તેમાં, આસ-પાસના માણસોમાં, તમે જેમનો ઉપયોગ કરો છો તે વસ્તુઓમાં ગુંથાયેલા રહો છો. પછી જીવનમાં તમે ઊંઘો છો, ખાઓ છો, વાતો કરો છો, થોડુંક કામ કરો છો, થોડીક મજાક પણ કરો છો; અને ફરી પાછું તેનું તે જ કરતા રહો છો; આ કાર્યક્રમ રોજ રોજ ચાલુ રહે છે. આ માણસે શું કહ્યું, પેલા માણસે શું કર્યું, પોતે શું કરવું જોઈએ, પોતે પોતાનું લેસન શીખવાનું છે તે વિષે, જે એકસસાઈઝ

તેનો શો અર્થ છે?

તેનો અર્થ એ છે કે પહેલાં જેનું અધ્યયન થતું હતું તે અત્યારે તદ્દન સામાન્ય બની ગયું છે.

કયો શબ્દ?

લખાયેલાં શાસ્ત્રોમાં વિદ્વાનોએ જેનો ખ્યાલ કર્યો હતો તે, અહીં લખાયેલો શબ્દ.

પ્રાચીન પરંપરાઓનો શબ્દ? હા. પણ શ્રી અરવિંદ પણ કહે છે કે તે શબ્દમાં પરિવર્તન ન આવે, તેનું કોઈ કારણ નથી, બીજી વસ્તુઓ ઉમેરાય નહિ તે માટે પણ કોઈ કારણ નથી. તે પોતે જ તમારા પ્રશ્નનો જવાબ આપે છે.

જો ભૂતકાળની સ્મૃતિ તમને મદદ કરે, તો તેને રાખવી એ સારું છે. પણ તેણે તમને આગળ વધતાં અટકાવવા ન જોઈએ. એ વાત નક્કી છે કે એક વખતે જે ઉપદેશ સારો હતો, તે બીજા સમયે ઉપયોગી નીવડતો નથી.

હું તમને એમ પૂછું છું કે શું શબ્દ પણ ઉત્ક્રાન્તિને અનુસરે છે?

કયી ઉત્ક્રાન્તિને?

અર્થાત, પહેલાં જે જરૂરી હતું તે અત્યારે પર્યાપ્ત નથી.

તાર્કિક રીતે જોતા, માણસે તેમાં ઉમેરો હંમેશાં કરવો જ જોઈએ.

પણ મોટે ભાગે ભૂતકાળમાં આસક્તિવાળા લોકો તેને સાચવી રાખવા માગે છે, જ્યારે આગળ વધવા ઇચ્છતા લોકો બધી વસ્તુઓને ત્યજી દેવા માગે છે, અને પોતે પ્રાપ્ત કરેલી વસ્તુને જ માત્ર રાખવા ઇચ્છે છે. એટલે તે બંને પ્રકારના લોકો પોતાની ચેતનાને વિસ્તૃત કરવાને બદલે મર્યાદિત કરવાની, સંકુચિત બનાવવાની ભુલ કરે છે.

શું ધ્વનિ માત્ર શારીરિક જગતમાં જ છે કે બીજા પ્રદેશોમાં પણ ધ્વનિ છે?

બીજા પ્રદેશોમાં પણ ધ્વનિ છે.

અહીં છે તે જ રીતે?

સર્વ પ્રગટ થયેલાં જગતોમાં ધ્વનિ ચોકકસ છે; જ્યારે માણસને યોગ્ય અંગો પ્રાપ્ત થાય છે, ત્યારે તે તે ધ્વનિને સાંભળે છે.

ઉચ્ચતર પ્રદેશોમાં ધ્વનિઓ છે; તે ધ્વનિની સરખામણીમાં આ પૃથ્વીપરનો ધ્વનિ તો એક ગરબડ-ધાંધલ જેવો લાગે છે.

દા. ત. કેટલાક સુસંવાદમય અને સંગીતમય પ્રદેશો છે, જેમાં માણસ એવું કંઈક સાંભળે છે કે જે પૃથ્વીપરના સંગીતનું ઉદ્‌ભવ સ્થાન છે; પણ ભૌતિક, શારીરિક સંગીતના ધ્વનિઓ તે પ્રદેશોના સંગીતની સરખામણીમાં, તદ્‌ન જંગલી લાગે છે. તે સંગીત સાંભળનાર માણસને પૃથ્વીપરનું ખૂબ પરિપૂર્ણ વાદિત્ર પણ અપર્યાપ્ત લાગે છે. બધાં રચાયેલાં વાદ્યિંત્રોમાં વાયોલિનનો ધ્વનિ સૌથી વધારે વિશુદ્ધ છે; પણ તે વાયોલિનનો ધ્વનિ પણ આ સંવાદમય જગતના સંગીતની અભિવ્યકિત કરતાં નિમ્ન, ખૂબ નિમ્ન પ્રકારનો છે.

તદ્‌ન વિશુદ્ધ બનેલો માનવી અવાજ બધાં વાદ્યિંત્રો કરતાં શ્રેષ્ઠ અભિવ્યકિત કરે છે; છતાં પણ તે અવાજ, તે જગતોના ધ્વનિ સાથે સરખાવતાં, બહુ કઠોર અને સ્થૂલ લાગે છે. જ્યારે માણસ તે પ્રદેશમાં જાય છે, ત્યારે જ તે સાચા સંગીતને જાણે છે. તે સંગીતમાં એવી પરિપૂર્ણ સ્પષ્ટતા છે કે, ધ્વનિ સાંભળતાં-વેંત જ તેનો અર્થ પૂરેપૂરો સમજાઈ જાય છે. અર્થાત, માણસ શબ્દો સિવાય, માત્ર ધ્વનિ અને તેના ઉચ્ચ-નિમ્ન આરોહો-અવરોહો વડે સંગીતના વિચારનો સિદ્ધાંત પકડમાં આવી જાય છે; તેને લાગણીઓ ન કહી શકાય; તે એક પ્રકારની આત્મ-સ્થિતિ અથવા ચેતના-સ્થિતિ છે. ધ્વનિના સૂરો દ્વારા આ બધા આરોહ-અવરોહો સ્પષ્ટ સમજાઈ જાય છે. મહાન, પ્રતિભાશાળી સંગીતકારો ચોક્કસ તે પ્રદેશના સંગીત સાથે, વત્તીઓછી સભાનતાપૂર્વક, સંપર્કમાં હોવા જોઈએ. આપણું અત્યારનું શારીરિક જગત તદ્‌ન સ્થૂલ છે, તે જગતના સંગીતનું માત્ર કટાક્ષ-ચિત્ર છે.

ચિત્રકળાની બાબતમાં પણ તેવું જ છે. જ્યારે માણસે રૂપ રંગોનો તે પ્રદેશ જોયો હોય છે કે જે ચિત્રકળા દ્વારા અભિવ્યક્ત કરાતી વસ્તુઓનું ઉદ્‌ગમ સ્થાન છે, ત્યારે આજકાલમાં ચિત્રો ડાઘા જેવાં લાગે છે.

વિચારોના દૃષ્ટિબિંદુથી જોતાં પણ પાયાભૂત હકીકત તે જ છે. જ્યારે માણસ શબ્દોની મર્યાદાઓથી પર એવા વિશુદ્ધ વિચારોના પ્રદેશ સાથે સંપર્કમાં આવે છે, ત્યારે પાર્થિવ વિચારો એક પ્રકારનું કટાક્ષ ચિત્ર બની જાય છે, વિચારમાં સમાયેલા જીવનની તીવ્રતા એવી હોય છે કે જેનો અનુવાદ ન થઈ શકે. જો માણસ સભાનતાપૂર્વક આ પ્રદેશમાં પ્રવેશવા શકિતમાન બને, તો તે તે તીવ્રતાને

ઝીલી શકે છે. જો માણસ અમુક પ્રમાણમાં આકંપનોનો સ્વામી હોય અને જો તે તેમને પોતામાંથી પ્રગટ થઈ દેવા શકતો હોય, તો તે તે આકંપનોને બીજામાં સ્થાપિત કરી શકે છે. પણ અત્યારે માણસ જે કાંઈ કહેતો હોય છે કે લખતો હોય છે તે તો સાચે જ એક કટાક્ષચિત્ર છે.

બસ, હવે કોઈ પ્રશ્ન પૂછવાનો છે?

માતાજી, આજે વિજયાદશમી (દુર્ગા માતાના વિજયનો દિન) છે. એમ કહેવામાં આવ્યું છે કે, આજને દિવસે તમે કોઈક વિજય પ્રાપ્ત કરો છો.

પણ તે જાણવાનો અધિકાર મેળવવા માટે, તમને તેનો કમથી કમ એક ઝાંખો અનુભવ હોવો જોઈએ. આજે કયો વિજય પ્રાપ્ત થયો છે? તે તમે જાણો છો? તમને શું તેનો કોઈ અનુભવ થયો નથી? કોઈને પણ થયો છે?

કામનાઓ પર વિજય.

શું? તમને હવે કોઈ પણ કામના રહી નથી? તે ખતમ થઈ ગઈ છે? હું તમને અભિનંદન આપું છું! (હસાહસ)

(મૌન)

આ પરંપરા પાર્થિવ નથી, વૈશ્વિક તો નહિ જ, પણ માત્ર સ્થાનિક છે. તેને અનુસરીને હું પૂછું છું કે હજારો વર્ષોથી દુર્ગા માતાએ દર વર્ષે કેટલા વિજયો મેળવ્યા છે? અને છતાં તેમને હંમેશાં ફરી તેની જ શરૂઆત કરવી પડે છે. એટલે તેનો (અજ્ઞાનરૂપી અનિષ્ટનો) નાશ કરવો એ બહુ કઠિન હોવું જોઈએ.

આહ! પ્રશ્નો પતી ગયા? આજે આપણે પ્રયોગ કરવાનાં છીએ. આપણે ૧૦ મિનિટ ધ્યાન કરીશું. આ ૧૦ મિનિટ દરમિયાન હું તમને જે બન્યું છે તેના સંપર્કમાં મૂકી દઈશ; પણ હું એક પણ શબ્દ નહિ બોલું. તમારામાંથી કોઈને કોઈક વસ્તુની સભાનતા થઈ હોય, તો તે પાછળથી તે કાગળ પર લખી લેશે, અને કાલે હું તે જોઈશ.

બસ, હવે સમાપ્ત.

* * *

૨ નવેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગના સમન્વય" માંથી
"ચાર મદદો"
વાંચે છે.

"યોગની પ્રક્રિયા એ માનવ આત્માનું બાહ્ય દેખાવોમાં તલ્લીન બની ગયેલી ચેતનાની અહંતાપૂર્ણ સ્થિતિમાંથી વળી જવાની ક્રિયા છે."
બાહ્ય દેખાવોમાં તલ્લીન બની ગયેલી ચેતનાની અહંતાપૂર્ણ સ્થિતિ એમને ન સમજાયું.

માણસો બાહ્ય વસ્તુઓમાં ગુંથાયેલા રહે છે, અર્થાત્ તેમની ચેતના બહિર્મુખ છે; ગહનતર સત્ય પ્રત્યે, દિવ્ય હાજરીને શોધવા માટે અંતર્મુખ બનવાને બદલે, તેમની ચેતના જીવનની સર્વ વસ્તુઓમાં, પોતે જે કાંઈ જુએ છે, જાણે છે, કરે છે તેમાં ગુંથાયેલી રહે છે. આ પ્રથમ ગતિ છે. તમે જે કાંઈ કરો છો તેમાં, આસ-પાસના માણસોમાં, તમે જેમનો ઉપયોગ કરો છો તે વસ્તુઓમાં ગુંથાયેલા રહો છો. પછી જીવનમાં તમે ઊંઘો છો, ખાઓ છો, વાતો કરો છો, થોડુંક કામ કરો છો, થોડીક મજાક પણ કરો છો; અને ફરી પાછું તેનું તે જ કરતા રહો છો; આ કાર્યક્રમ રોજ રોજ ચાલુ રહે છે. આ માણસે શું કહ્યું, પેલા માણસે શું કર્યું, પોતે શું કરવું જોઈએ, પોતે પોતાનું લેસન શીખવાનું છે તે વિષે, જે એકસર્સાઈઝ

પોતે તૈયાર કરવાની છે તે વિષે, માણસની તબિયત સારી છે કે કેમ તે વિષે, મોટે ભાગે માણસ આનો જ વિચાર કર્યા કરે છે.

એટલે પ્રથમ ગતિ, જે બહુ સહેલી નથી, એ છે કે એ બધું માણસે પાછળ મૂકી દેવું જોઈએ, અને પોતાની ચેતના સમક્ષ એક જ મહત્ત્વની વસ્તુ અંદર આવવા દેવી જોઈએ ; તે છે જીવનના હેતુની શોધ, પોતે કેવો છે, શા માટે જીવે છે, આ બધાની પીઠમાં કયું તત્ત્વ રહેલું છે, આની શોધ. આ પ્રથમ પગલું છે, આવિર્ભાવ કરતાં તેના કારણમાં અને લક્ષ્યમાં વધારે રસ લેવો તે. અર્થાત્ બાહ્ય દેખીતી વસ્તુઓ સાથેના સમગ્ર તાદાત્મ્યમાંથી ચેતનાને પાછી ખેંચી લેવી, અને પોતે જે સત્યને શોધવા માગે છે તેના પર એક પ્રકારની એકાગ્રતા એ પ્રથમ ગતિ છે.

અહીં રહેતા ઘણા લોકો એક વસ્તુ ભૂલી જાય છે. તેઓ અંતથી શરૂઆત કરવા ઇચ્છે છે. તેઓ એમ માને છે કે અમે અમારા જીવનમાં અતિમનસની શકિતને અથવા ચેતનાને અભિવ્યકત કરવા માટે તૈયાર થઈ ગયા છીએ ; તેઓ પોતાનાં કાર્યોમાં, ગતિઓમાં, દૈનિક જીવનમાં તેને સ્થાપવા ઇચ્છે છે. પણ મુશ્કેલી એ છે કે તેઓ અતિમનસની શકિત અથવા ચેતના શું છે તે, અને પ્રથમ તેમણે તેથી ઊલટો માર્ગ, આંતરીકરણનો, જીવનમાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવાનો માર્ગ અપનાવવો જોઈએ, જેથી તેઓ જેને અભિવ્યકત કરવાનું છે તે સત્યને પોતામાં જોઈ શકે, તે જાણતા જ હોતા નથી.

કારણ કે જ્યાં સુધી માણસને તે સત્ય પ્રાપ્ત થયું હોતું નથી, ત્યાં સુધી તેણે કશું જ અભિવ્યકત કરવાનું હોતું નથી. પોતે એક અપવાદરૂપ જીવન જીવે છે એવી માત્ર કલ્પના જ કરવાથી, માણસ માત્ર અપવાદરૂપ ભ્રાન્તિમાં જ જીવતો હોય છે. એટલે પ્રથમ માણસે માત્ર પોતાના આત્માને જ નહિ, પણ તે આત્માના માલીક એવા પરમાત્માને શોધી લેવા જોઈએ, એટલું જ નહિ, પણ તેણે તેની સાથે પોતાની જાતનું તાદાત્મ્ય કરવું જોઈએ. પછી પાછળથી તે બાહ્ય ક્રિયાઓ પ્રત્યે પાછા આવવાની અને તે ક્રિયાઓનું રૂપાંતર કરવાની શરૂઆત કરી શકે, કારણકે અત્યારે તે જાણે છે કે ક્રિયાઓને કયી દિશામાં વાળવાની છે અને તેમનું શેમાં રૂપાંતર કરવાનું છે.

માણસ આ અવસ્થા પરથી કૂદકો મારી શકતો નથી. પ્રથમ માણસે પોતાના આત્માને શોધી કાઢવો અને તેની સાથે તાદાત્મ્ય કરવું એ અનિવાર્ય છે. પાછળથી તે રૂપાંતર પ્રત્યે આવી શકે છે. શ્રી અરવિંદે કોઈક જગ્યાએ લખ્યું છે કે જ્યાં

બીજા યોગોનો અંત આવે છે ત્યાંથી આપણા યોગની શરૂઆત થાય છે. મોટે ભાગે યોગ ભગવાન સાથે આ તાદાત્મ્ય એકતા પ્રત્યે દોરી જાય છે; તેથી તો તેને યોગ કહેવામાં આવ્યો છે. જ્યારે લોકો આ સ્થિતિને પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓ પોતાના માર્ગના અંતભાગને પહોંચે છે અને સંતોષ અનુભવે છે. પણ શ્રી અરવિંદે લખ્યું છે કે જ્યાં તે યોગો સમાપ્ત થાય છે, ત્યાં આપણે શરૂઆત કરીએ છીએ. તમે ભગવાનને પ્રાપ્ત કર્યા છે; પણ ધ્યાનમાં બેસી જવાને બદલે, તમારા નકામા બની ગયેલા શરીરમાંથી ભગવાન તમને લઈ જાય, તેની રાહ જોવાને બદલે, તમે આ ચેતના સાથે શરીર અને જીવન પ્રત્યે વળો છો અને રૂપાંતરના કાર્યનો પ્રારંભ કરો છો, જે મહાન પરિશ્રમ માગી લે છે, અહીં શ્રી અરવિંદ ઉપમા આપે છે કે તે જ્યાં માણસનો પગ સંચાર કદી થયો નથી તેવા જંગલમાંથી આપણે માર્ગ કાપવાનો છે, કારણ કે કોઈએ પણ પહેલાં આ કર્યું નથી, તેથી માણસે પોતાનો માર્ગ રચી લેવાનો છે. પણ પોતાના આત્મામાં રહેલા ભગવાન સાથેની એકતાની અનિવાર્ય મંજૂરી મેળવ્યા વગર આ રૂપાંતર સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરવો એ બાલિશતા છે.

હું યોગ વિષે વાત કરી રહી છું, અહીં બેઠેલાં બધાં બાળકો વિષે નહિ. તમારે માટે વસ્તુ ભિન્ન છે. તમારે તો અહીં તમારી જાતનો વિકાસ સાધવાનો છે. જ્યારે તમે વિકાસ કરો, તમારો પોતાનો ચોકકસ વિચાર તમને પ્રાપ્ત થઈ જાય, તમારું દર્શન પ્રાપ્ત થઈ જાય, તમે કયા પ્રકારનું જીવન જીવવા માગો છો તેને મુકત રીતે પસંદ કરવાનું પૂરતું જ્ઞાન તમારામાં આવી જાય ત્યારે તમારે નિર્ણય લેવાનો છે.

પણ જેમણે નિર્ણય લઈ લીધો છે, તેમને માટે પ્રથમ પોતાના આત્માને શોધી કાઢવો અને પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે તથા અંદર રહેલા ભગવાન સાથે જોડાણ કરવું એ અનિવાર્ય છે. આ એક તદ્દન અનિવાર્ય શરૂઆત છે. તે પૂલને ઠેકી જવો એ શકય નથી. તમને આપવામાં આવતી મદદનો જો તમે ઉપયોગ કેમ કરવો તે જાણો, તો તે જલ્દી બને છે, પણ તે કરવાનું જ છે.

બસ? હવે કોઈને કાંઈ પૂછવાનું છે?

પવિત્ર પોતાના આત્માની ખોજ કરે છે!

માતાજી, શ્રી અરવિંદ અહીં કહે છે કે "નવીન પ્રારંભ બિંદુથી તે જ સમસ્યા પ્રત્યે જવાનું રહે છે."

હા, મેં હમણાં તે જ વાત કરી. સમસ્યા તેની તે જ રહે છે.

સમસ્યા.....

પોતાના આત્માને શોધી કાઢી ભગવાન સાથે જોડાણ કરવાની સમસ્યા.

પણ માતાજી, શું વૈદિક કાળમાં પણ તેમ જ હતું ?

અલબત્ત, પોતાના આત્માને તથા ભગવાનને શોધવા.

પણ શું તેઓ સફલ નીવડયા ન હતા ?

ના, શ્રી અરવિંદ કહે છે કે વૈદિક યુગમાં તેમણે આધ્યાત્મિક જીવનને શારીરિક જીવનમાં લાવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તેમણે તે સમયે જે સાધનોનો ઉપયોગ કર્યો હતો અને જે માર્ગ અપનાવ્યો હતો, તે અત્યારે ઉપયોગી નથી. વેદી આગળ આપણે પૂજા કરી રહ્યા છીએ તેવી કલ્પના કરો તે અત્યારે ઉપયોગી નથી, અનુકૂળ નથી.

શું તેમનું અને આપણું લક્ષ્ય એક જ છે ?

હા, હું એમ માનું છું.

તે ગમે તેમ હોય, પણ પૃથ્વીના ઈતિહાસમાં કેટલાક યુગો હતા કે જેમાં એક પ્રકારનો દાખલો, શું એક દિવસે બનવાનું છે તેનું વચન આપવામાં આવ્યાં હતાં. એમને સુવર્ણ-યુગો કહેવામાં આવ્યા હતા. પણ ચોકકસ એવા સમયો હતા, જેમાં જે બનવાનું હતું તેના પરિપૂર્ણ ચિત્રને જીવનમાં ઉતારવામાં આવ્યું હતું. તે માત્ર એક પ્રદર્શન હતું, દાખલો હતો, જેને સાક્ષાત્કાર તરીકે સ્વીકારવા માટે જગત તદ્દન અયોગ્ય હતું.

તે માત્ર એવું કહેવા સમાન હતું કે તે આ પ્રકારનું હશે, પણ બધી વિગતોમાં તે આ છે, સારતત્ત્વમાં આના જેવું છે, એમ કહેવા સમાન ન હતું. હું માનું છું કે તે બહુ લાંબા સમય સુધી ચાલ્યું ન હતું. ગમે તેમ, પણ આ વસ્તુની સ્મૃતિ બહુ મર્યાદિત, સ્થાનિક, અને સ્વલ્પજીવી છે. તેની અભિવ્યકિતમાં ઉત્કટતા હતી, મહાન સૌન્દર્ય હતું ; પણ તે સમગ્ર પાર્થિવ જીવન તદ્દન સ્વતંત્ર હોય એવું હતું, માત્ર એવા દાખલારૂપ જેને અનુસરવાનું ન હતું, જે અનુસરી શકાય તેવાં ન હતાં, જેની સાથે માત્ર એક એવું વચન આપવામાં આવતું હતું કે તે આ પ્રકારનું હશે, જે વચનની "નવીન પૃથ્વી" અથવા "દિવ્ય જગત" અથવા "નવીન સૃષ્ટિ" વગેરે ભિન્ન ભિન્ન શબ્દોમાં પુનરુકિત કરવામાં આવી છે.

હું માનું છું કે તે કદાચ શરૂઆતમાં હતું, માનવ જાતિની શરૂઆત નહિ, પણ એક સાક્ષાત્કાર પ્રત્યે માનવ જાતિની સભાન ઉત્ક્રાન્તિની શરૂઆત. આપણે ગઈ વખતે કહ્યું હતું કે બહુ લાંબા સમય સુધી માનવ જાતિ ખૂબ અગતિશીલ હતી, જાણે કે તે એક એવી ધીમી, અદૃશ્ય તૈયારી કરી રહી હોય કે જેમાં લાખો વર્ષો વીતી ગયાં છે. પણ આ વચનો અને દાખલાઓ પ્રારંભબિંદુઓ જેવાં હતાં, ઉચ્ચતર સાક્ષાત્કાર પ્રત્યે ચેતનાની ઉત્ક્રાન્તિ શરૂ કરવા માટેના પ્રથમ ધક્કા સમાન હતાં.

હું ધારું છું કે વૈદિક યુગ સૌથી છેલ્લો હતો. ત્યાર પહેલાં બીજા યુગો આવી ગયા હતા, પણ તે ખૂબ ટૂંકા ગાળાના હતા.

હવે કોઈ પ્રશ્ન પૂછવાનો છે? બસ પતી ગયું?

માતાજી!

તે જ માણસ હજી પ્રશ્નો પૂછી રહ્યો છે!

તમારે શું જાણવાની ઇચ્છા છે?

જ્યારે વિવેકાનંદે "જે પરિપૂર્ણ સ્થિતિને પ્રાપ્ત કરશે તેવી તાત્ત્વિક એકતા" ની વાત કરી, ત્યારે તે વિષે તેમણે અસ્પષ્ટ રીતે વિચાર કર્યો હતો કે.....

હું જાણું છું ત્યાં સુધી વિવેકાનંદ ભૌતિક સાક્ષાત્કારને બહુ લાગતા ન હતા. તે તે વર્ગના હતા કે જેઓ જીવનમાંથી છટકી જવા માગે છે, માત્ર પોતાની જ માંદગી મટાડવા માગે છે.

પણ પોતાના જીવનના અંત ભાગમાં પોતે સફલ ન થયા તે માટે દિલગીર થયા હતા.

મેં એક વાર કાંઈક વાંચ્યું હતું, ક્યાં તે મને અત્યારે યાદ નથી, કારણ કે તે ફ્રાન્સમાં હતું, એક પુસ્તકમ ાંઅનુવાદ હતો, કદાચ તે થિયોસોફીનાં પુસ્તકોમાંનું એક હતું, જે પુસ્તકો ભારતીય વસ્તુઓના અનુવાદો કરે છે. વિવેકાનંદ વિષે વર્ણવાયેલી, એક ઘટના મેં વાંચી હતી. એક શિષ્યે તેમને કહ્યું હતું કે ઓહ! જુઓ, સૂર્યાસ્ત કેટલો ભવ્ય છે! ત્યારે તેમને ખૂબ આઘાત લાગ્યો હતો, વિવેકાનંદે તે શિષ્યને ઠપકો આપ્યો હતો. તે વાકયથી વિવેકાનંદને ઊંડો આઘાત લાગ્યો હતો. મને યાદ છે કે આ મેં ફ્રાન્સમાં વાંચ્યું હતું, મને તે નોંધપાત્ર લાગ્યું હતું. મને

તે હજી પણ યાદ છે, કારણ કે મને વિવેકાનંદની ટીકા નિંદાપાત્ર લાગી હતી! તેમણે કહ્યું હતું કે "ઓહ, શું સૂર્યાસ્ત સુંદર છે? જો તમે પ્રકૃતિના સૌન્દર્યનું જ મૂલ્યાંકન કર્યા કરશો, તો તમે કદી ભગવાનને પ્રાપ્ત નહિ કરી શકો." આ તેમનું કથન સાચું છે કે પછી વર્ણન કરનાર માણસે પોતાના ભેજામાંથી તે ઉપજાવી કાઢયું હતું, તે હું જાણતી નથી. હું માત્ર એટલું જ કહું છું કે મેં તે વાંચ્યું હતું. મને તેથી એવો આઘાત થયો હતો કે જ્યારે જ્યારે હું સૂર્યાસ્ત, સૂર્યોદય કે પ્રકાશની મનોરમ અસર જોઉં છું, ત્યારે ત્યારે એ વાકય મને યાદ આવે છે અને હું મારી જાતને કહું છું કે "શા માટે! શા માટે આવું વિભાગીકરણ? જો કોઈ માણસ પ્રકૃતિની પ્રશંસા કરે, તો તે આધ્યાત્મિક જીવન ન જીવી શકે એ કેવી વિચિત્ર વાત છે!

એટલે જો વિવેકાનંદ તેવા હતા એ સાચું હોય, તો તે આપણા કાર્યક્રમના છેવાડે, અંત ભાગમાં છે. હું જાણતી નથી કે તે સાચું છે કે નહિ; તેમના તે વાકયમાં જે મૂલ્ય હોય તેની સાથે તે વાકયને હું તમારી સમક્ષ રજૂ કરું છું. મેં તેમને વિષે જે કાંઈ વાંચ્યું હતું તે પરથી મારા મનમાં એવી છાપ પડી છે કે સર્વ શારીરિક વસ્તુઓ માટે તેમને ઊંડો તિરસ્કાર હતો; તે તેમને માત્ર આત્મ-વિકાસના અને મુકિતના સાધનરૂપ જ માનતા હતા; તેથી વિશેષ નહિ.

માતાજી, તમે કહ્યું કે વૈદિક યુગ એક વચન સમાન હતો. કોને અપાયેલા વચન સમાન?

પૃથ્વીને અને માણસોને અપાયેલા વચન સમાન.

તેમણે પોતાના અનુભવનો એક પ્રકારનો મૌખિક દસ્તાવેજ પોતાની પાછળ મૂકયો હતો. તે બીજાઓને પરંપરામાં મળતો રહ્યો; તે વચનરૂપ હતું.

તે લોકો રૂપકમય ભાષાનો ઉપયોગ કરતાં હતાં. કેટલાક લોકો એમ કહે છે કે તેનું કારણ એ હતું કે માત્ર દીક્ષિતો જ તે દીક્ષાને સમજી શકે, એવી તેમની ઈચ્છા હતી, પણ તે વસ્તુઓને આવૃત કરવાની કોઈ ચોકકસ ઈચ્છા વગર એક તદ્ન સ્વયંભૂ અભિવ્યક્તિ પણ હોઈ શકે, પણ જે અભિવ્યકિતને માત્ર અનુભવી લોકો જ સમજી શકે. કારણ કે એ સ્પષ્ટ રીતે કોઈ એવી વસ્તુ છે કે જે માનસિક નથી, જે જાણે હૃદયમાંથી અને અભીપ્સામાંથી સ્વયંભૂ રીતે પ્રગટી છે, જે અનુ-ભવની અને જ્ઞાનની પરિપૂર્ણ રીતે સ્વયંભૂ અભિવ્યકિત છે, જે સ્વાભાવિક રીતે જ એક કાવ્યમય, છંદોમય, સુંદર અભિવ્યકિત છે, જેને માત્ર તેવા જ અનુભવ-

વાળા લોકો સમજી શકે. એટલે તે જાતે જ આવૃત બની ગઈ હતી, તેના પર આવરણ ઢાંકવાનો કોઈએ પ્રયત્ન કર્યો ન હતો. આમ હશે એ વધારે સંભવિત છે.

જ્યારે માણસને કોઈ સાચો અનુભવ થાય છે, જે કોઈ વિચાર રચનાનું પરિણામ નથી, જેને માટે કશો પરિશ્રમ કરવો પડયો નથી, જ્યારે તે અનુભવ સીધો અને સ્વયંભૂ હોય છે, અભીપ્સાની ખૂબ ઉત્કટતામાંથી મને જ પ્રગટ થયો હોય છે, ત્યારે સ્વયંભૂ રીતે જ શબ્દોમાં તેની રચના થાય છે, જ્યારે તે અનુભવ ખૂબ સમગ્ર અને પરિપૂર્ણ હોય છે, ત્યારે તે સ્વયંભૂ શબ્દોમાં, વિચાર-દ્વારા પ્રાપ્ત નહિ કરેલા શબ્દોમાં, ચેતનામાંથી પ્રગટતા શબ્દોમાં રચાઈ જાય છે. ખૂબ સંભવ છે કે વેદો એ પ્રકારના હતાં. પણ માત્ર તે લોકો જ વેદોનો અર્થ સમજી શકે કે જેમને અનુભવ થયો છે, જેમની ચેતનાની સ્થિતિ તે જ પ્રકારની છે,

કેટલાંક વાકયો તદ્ન ક્ષુદ્ર અને સામાન્ય લાગે છે, જેમાં વસ્તુઓ લગભગ બાલિશ રીતે કહેવામાં આવી છે, અને જેમ તે લખવામાં અથવા સાંભળવામાં આવી છે અને તે રીતે નોંધી લેવામાં આવી છે. જ્યારે તેમને સામાન્ય ચેતના સાથે વાંચવામાં આવે છે, ત્યારે તે કેટલીક વાર તદ્ન સામાન્ય અથવા ક્ષુદ્ર લાગે છે. પણ જો માણસને અનુભવ થયો હોય, તો તે જુએ છે કે તેમાં સાક્ષાત્કારની અને અભિવ્યકિતના સત્યની શકિત છે, જે તમને અનુભવની ચાવી આપે છે.

પણ એ સ્પષ્ટ લાગે છે કે પ્રાચીન દિવસોના ઋષિ જેવા અત્યારના ઋષિની સ્વયંભૂ વૈદિક અભિવ્યકિત તેની રચનામાં ખૂબ ભિન્ન હશે. કારણ કે પાર્થિવ વિકાસ અને માનવનો વિકાસ અભિવ્યકિતની સ્થિતિઓમાં પરિવર્તન આણે છે. તે સમયની કહેવાની રીત અને અત્યારની રીત એક જ ન હોઈ શકે, પણ કોઈક વસ્તુનો અનુભવ તેનો તે જ હોઈ શકે, જેનો વિચાર કરી શકાતો નથી પણ જે તેની જીવંત અભિવ્યકિત-રૂપે આવે છે.

માતાજી, વૈદિક ઋષિઓ તે સ્થિતિમાં ઉત્ક્રાંત થયા હતાં કે તેઓ ખાસ આવિર્ભાવો હતા?

તમારો કહેવાનો શો અર્થ છે? તેઓ ઉત્ક્રાંતિ પામેલા મનુષ્યો હતાં કે અવક્રાંતિ પામેલા?

તેઓ ચોકકસ અવક્રાંત મનુષ્યો હતાં. પણ શરીર ઉત્ક્રાંતિનું પરિણામ હતું.

પણ એ વાત તદ્‌ન નિશ્ચિત છે કે તેઓ અવકાંત સત્ત્વો અર્થાત્ ઉચ્ચતર પ્રદેશોમાંથી આવેલાં સત્ત્વો હતા, જે સત્ત્વોએ તેમનાં શરીરો સાથે તાદાત્મ્ય કરીને તે શરીરોનો ઉપયોગ કર્યો કતો.

મેં પહેલાં કહ્યું હતું કે જે શરીરો પૂરતા પ્રમાણમાં પરિપૂર્ણ બન્યાં હતાં કે જેથી ઉચ્ચતર પ્રદેશોમાંથી આવેલાં સત્ત્વો તેમનામાં અવતરીને તેમનો ઉપયોગ કરી શકે. તેમણે પાર્થિવ અને માનવી વિકાસના માર્ગને પરિવર્તિત કર્યો છે. એ સ્પષ્ટ લાગે છે કે જો બધા નહિ તો, નેતા ઋષિઓ, આગેવાન ઋષિઓ તે પ્રકારનાં સત્ત્વો હતા. પણ ઘણું કરીને તેમણે એક જૂથ રચ્યું હતું, જેને તેનો પોતાનો સાક્ષાત્કાર પ્રાપ્ત થયો, પરિસ્થિતિથી ખૂબ સ્વતંત્ર રીતે. જો મળેલી માહિતી સાચી હોય, તો તેઓ ખૂબ એકાંતમાં જીવતા હતા.

(મૌન)

બસ, પતી ગયું ? હવે કોઈ પ્રશ્ન નથી ?

માતાજી, શું ઉત્ક્રાંતિ ચાલુ રહેશે કે તેને સ્થાને અવક્રાંતિ આવશે ? અર્થાત્.....

હા, હું સમજું છું. પણ તમારા પ્રશ્નનો મુદ્દો હું સમજતી નથી : ઉત્ક્રાંતિ વડે પાર્થિવ વિકાસની પ્રક્રિયા ચાલુ રહેશે...

કે તેની જગ્યાએ અવક્રાંતિ આવશે.

હા, પણ તમે એક વસ્તુ ભુલી જાઓ છો. શ્રી અરવિંદે કહ્યું છે કે પૃથ્વી પર પ્રગટેલી દરેક જાતિ અવક્રાંતિનું પરિણામ હતી. એટલે હંમેશાં ઉત્ક્રાંતિનું અને અવક્રાંતિનું સંમિશ્રાણ થયેલું હોય છે; તે બે પ્રકારનું કાર્ય હોય છે : એક નીચેથી ઉપર જાય છે, અને બીજું પ્રત્યુત્તર રૂપે ઉપરથી નીચે આવે છે.

માતાજી, શું ઉત્ક્રાંતિ એ અંદર રહેલા ભગવાનનું પોતાનું પ્રગટીકરણ નથી ? તો પછી તે ઉત્ક્રાંતિની શી જરૂર છે ?

શેની ? ઉત્ક્રાંતિની કે અવક્રાંતિની ?

ઉત્ક્રાંતિની ; દા. ત. પ્રથમ પશુ-મનની ઉત્ક્રાંતિ થઈ. એટલે એમ કહેવામાં આવ્યું હતું કે મન...હતું જ.

સિદ્ધાંતમાં...

સિદ્ધાંતમાં નિગૂઢ.

સિદ્ધાંતમાં, હા. તેને આ વસ્તુ તૈયાર કરે છે; તેને અનેક નામો આપવામાં આવ્યાં છે: દિવ્ય સ્કુલ્લિંગ, દિવ્ય હાજરી વગેરે; જે પદાર્થતત્ત્વના અંધકારમાં ભરાઈ જાય છે, જેથી ઉત્ક્રાંતિની શરૂઆત થાય. પણ એક બીજી વસ્તુ પણ બને છે; સભાન સત્ત્વો, વ્યકિતઓ ઉક્રાંતિ વડે પેદા થયેલાં શરીરોમાં અવતરણ અને તાદાત્મ્ય કરે છે. એટલે ઉચ્ચતર પ્રદેશોનાં સત્ત્વો અને દિવ્ય હાજરી વડે ઉત્ક્રાંત થયેલાં રૂપો–શરીરો વચ્ચે જોડાણ થાય છે. શરીરમાં રહેલા અંતર્યામી ભગવાનનું અને નીચે અવતરણ કરેલા આ સત્ત્વનું તાદાત્મ્ય થાય છે. જ્યારે ચૈત્યિક અસ્તિત્વ કોઈ ઉચ્ચતર પ્રકારની વ્યકિત સાથે પોતાનું તાદાત્મ્ય કરે છે, ત્યારે એક દિવ્ય વિભૂતિને ચૈત્યિક અસ્તિત્વ સાથે તાદાત્મ્ય કરે છે; પછી તે બે ભિન્ન રહેતાં નથી, તેમાંનું એક અંદરથી બાહ્ય વિકાસનું કાર્ય કરે છે, અને બીજું નીચે આવીને પહેલાએ જે તૈયાર કર્યું હોય છે તેનો કબ્જો લે છે.

મોટે ભાગે આ વ્યકિતગત ઘટનાઓ છે. આ તાદાત્મ્યો વ્યકિતગત ઘટનાઓ છે. હું એમ નથી કહેતી કે તે સામૂહિક ઘટના બને એ અશકય છે, પણ મોટે ભાગે તે વ્યકિતગત ઘટનાઓ હોય છે.

પણ અનુભવ હોવો એ બસ છે, પછી માણસ તેને સમજી જાય છે; તે તેને સ્પષ્ટ બની જાય છે. એટલે માણસે બોલવું ન જોઈએ, પણ કાર્ય કરવું જોઈએ.

બસ, મારાં બાળકો, હું તમને શુભરાત્રિ ઇચ્છું છું.

* * *

૯ નવેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગના સમન્વય" માંથી
"ચાર મદદો"
વાંચે છે.

માતાજી, હું આ સમજતી નથી. "આપણા અંગત પ્રયાસની અને અભીપ્સાની લાગણી, અહંતાપૂર્ણ મન દિવ્ય શક્તિનાં કાર્યો સાથે ખોટી અને અપૂર્ણ રીતે પોતાનું તાદાત્મ્ય કરવાનો પ્રયાસ કરે છે તે પ્રયાસમાંથી પેદા થાય છે."

એમાં તમે શું નથી સમજતા? વાક્યને કે વિચારને?

માતાજી, વિચારને હું નથી સમજતો.

તેને વધારે પરિચિત શબ્દોમાં મૂકી શકાય.

વ્યક્તિને અને ખાસ કરીને તેના મનને એમ કબૂલ કરવામાં સાહજિક અણગમો હોય છે કે તેમના નાનકડા અંગત વ્યક્તિત્વથી બીજી જ કોઈ શક્તિ વસ્તુઓ કરી રહી છે. એક પ્રકારની સાહજિક વૃત્તિ તમને તેવી ખાતરી આપતી હોય છે કે અભીપ્સાનો પ્રયાસ અને પ્રગતિ માટેનો સંકલ્પ અમે જ કરીએ છીએ, તે અમારો અધિકાર છે; તેનો જશ અમને જ મળવો જોઈએ.

કલાનો, સાહિત્યનો, અને વિજ્ઞાનનો માણસ, જે કાંઈક ઉત્પન્ન કરે છે, અધ્યયન કરે છે, અને જેને એવી ખાતરી હોય છે કે આ બધું હું જ કરું છું તેનાથી માંડીને એક અભીપ્સાયુકત યોગી સુધી, જે એમ માને છે કે મારી અભીપ્સાની ઉત્કટતા અને સાક્ષાત્કાર માટેની મારી અંગત જરૂરિયાત મને આગળ ધકકેલી રહી છે તેમને જો કોઈ જરાક વહેલા એમ કહે કે ના, ભગવાન તમને અભીપ્સા આપે છે, ભગવાનની શકિત તમારામાં કોઈ વસ્તુ ઉત્પન્ન કરે છે, તો તેઓ પછી કશું જ કરતા નથી, લાંબા થઈને સૂઈ જાય છે, પછી તેમને તે કરવામાં કશો રસ પડતો નથી, તેઓ કહે છે કે ઠીક, તો પછી મારે કાંઈ કરવાનું રહેતું નથી, ભગવાન ભલે તેને કરે. મને આવા લોકોનો અનુભવ છે.

શ્રી અરવિંદના કહેવાનો આ જ અર્થ છે કે મન એવું અહંતાયુકત અને અભિમાની છે કે જો તમે જેને તે શોધે છે તે સંતોષ લઈ લો તો તે તમને સહકાર આપતું નથી, પ્રાણિક પણ નહિ. શારીરિક પ્રાણિકની અને મનની આજ્ઞા માને છે, એટલે તે પણ સહયોગ આપતું નથી. પછી માણસ એવા એક જડ જથ્થા સામે આવીને ઉભે રહે છે કે જે કહે છે કે "ઠીક, જો હું કાર્ય ન કરતો હોઉં, તો પછી ભગવાનને તેમની મરજી મુજબ કાર્ય કરવા દો; હવે હું કશું જ કરવાનો નથી."

હું એવા લોકોને જાણું છું કે જેમણે ઘણી પ્રગતિ કરી હતી, જેઓ વસ્તુઓના સત્યની ખૂબ નજીક પહોંચી ગયા હતા, પણ જે લોકો માત્ર આમ કહેવાથી અટકી ગયા હતા. કારણ કે કાર્યનું ઉદ્‌ભવ સ્થાન હોવાની, પરિશ્રામ કર્યા બદલ જશ ખાટવાની આ જરૂરિયાત એટલી બધી જડ ઘાલીને પડેલી છે કે તેઓ છેલ્લું પગલું ભરી શકતા નથી. કેટલીક વાર તેમ કરવામાં વર્ષો વીતી જાય છે. જો તેમને કહેવામાં આવે કે "તમારામાં રહેલી શકિત, સંકલ્પ, જ્ઞાન તમે નથી, પણ ભગવાન છે, તમે તમારી જાતને જે માનો છો તે તમે નથી", તો તેઓ એટલા બધા દુઃખી થઈ જાય છે કે પછી તેઓ કશું જ કરી શકતા નથી. શ્રી અરવિંદ આ વાકયમાં તે કહેવા માગે છે.

એવા લોકો છે, જેઓ પોતાના ભિન્ન વ્યકિતત્વની ભાવનાને જાળવી રાખવાની જરૂરિયાતને એટલી બધી માને છે કે જો તેમને કબૂલ કરવાની ફરજ પડે કે ભગવાન ઊર્ધ્વ ગતિની પ્રેરણા આપે છે, ભગવાન જ તે ઊર્ધ્વ ગતિ કરે છે, તો તેઓ પોતાની નાનકડી જાતમાં બધી ન્યૂનતાઓ, દોષો, ભૂલો રાખે છે, તેમને લાડ કરે છે, જેથી કંઈક તો તેમની માલીકીનું રહે. તેઓ કહે છે કે હા, જે સર્વ કાંઈ

સુંદર અને પ્રકાશમય છે તે ભગવાન છે, પણ આ ભીષણ વસ્તુઓ હું છું. પણ તેમની તે મોટી જાતનો કોઈએ સ્પર્શ પણ ન કરવો જોઈએ!

માતાજી, કેટલીક વાર માણસને સ્વયંભૂ રીતે અભીપ્સાનો અનુભવ થતો હોય છે; પણ બીજી વખતે જ્યારે તે અભીપ્સા કરવા ઇચ્છે છે, ત્યારે તે સ્વયંભૂ નથી આવતી, તે ભેદ શા માટે? ભગવાન અભીપ્સા કરે છે?

શ્રી અરવિંદ આનો જવાબ આપે છે, તે તેનું ખૂબ સુંદર રીતે વર્ણન કરે છે. કારણ કે આ સર્વ અંધકાર, આ સર્વ અચેતનતા, આ સર્વ અજ્ઞાન અંગત નથી હોતાં. તે જગતની સ્થિતિ છે, પદાર્થતત્ત્વની અને શારીરિક જીવનની સ્થિતિ છે. તે તમારામાં પ્રવેશ કરે છે, તમારી પાસે કાર્ય કરાવે છે, તે કઠપૂતળીની દોરી ખેંચવા જેવી વસ્તુ છે. આ સર્વ કામનાઓ, આવેગો, શક્તિના પ્રવાહો તમારામાંથી પસાર થાય છે, સભાન બન્યા સિવાય તમે તેમની આજ્ઞા માનો છો, અને તેમને તમારી જાત સમજો છો. પણ એમાં તમારી જાત છે જ નહિ. તે બધેથી આવે છે અને બધે ચાલ્યું જાય છે. તમે એક જાહેર સ્થાન છો, જ્યાં ચાર રસ્તા મળે છે; વસ્તુઓ પ્રવેશે છે, બહાર ચાલી જાય છે, અને તમારી પાસે ગતિ કરાવે છે.

માતાજી, માણસમાં અમુક એક ત્રુટિ કેમ હોય છે, બીજી ત્રુટીઓ કેમ નહિ?

એ પ્રકૃતિનું કાર્ય છે.

અમુક વૃક્ષો, છોડો અમુક જાતના કેમ છે અને બીજી જાતના નહિ? અમુક પશુઓ અમુક પ્રકારનાં કેમ છે અને બીજા પ્રકારનાં નહિ? આ વિશ્વમાં બે સંયોગીકરણો એકસરખાં હોતાં નથી. તે ભિન્ન ભિન્ન હોય છે. વિશ્વમાં બે ગતિઓ એકસરખી હોતી નથી; કોઈ વસ્તુની પુનરુક્તિ હોતી જ નથી. સમાનતાઓ હોય છે, ગતિઓનાં કુટુંબો હોય છે, જેમને આકંપનોનાં કુટુંબો કહી શકાય, પણ દેશ-કાલમાં બે વસ્તુ એ તદ્દન એકસરખી નથી હોતી. પુનરાવર્તન થતું જ હોતું નથી. નહિ તો આવિર્ભાવ ન થાય, માત્ર એક જ વસ્તુ રહે.

આવિર્ભાવ એ માત્ર વિવિધતા છે. ભગવાન પોતાની જાતને અસંખ્ય અનિશ્ચિત રૂપોમાં પ્રગટ કરે છે. કયાંય, કોઈ પણ વસ્તુ તેમનાથી ભિન્ન નથી.

મધુર માતાજી, અહંતા કરણ કયારે બને છે?

જ્યારે તે કરણ બનવા લાયક બને, ત્યારે.

તે કેવી રીતે લાયક બને?

દરેક માણસમાં તે ભિન્ન ભિન્ન રીતે બને છે. આંતર પરિવર્તન દ્વારા તે ઓચિંતું, એક ક્ષણમાં બને; તેમ થતાં વર્ષો પણ વીતી જાય, સદીઓ અથવા અનેક જન્મો પણ વીતી જાય, દરેક જણ માટે, જ્યારે તે તૈયાર બને છે, ત્યારે એક ક્ષણે તે બને છે.

જ્યારે માણસની પરિપૂર્ણ રચના થાય છે, ત્યારે તે તૈયાર થયો ગણાય એમ હું માનું છું. અહંતાના અસ્તિત્વનો હેતુ છે વ્યકિતનું નિર્માણ. જ્યારે વ્યકિત તૈયાર થાય, ત્યારે અહંતા અદૃશ્ય થઈ જઈ શકે, ત્યાર પહેલાં નહિ, કારણ કે હજી અહંતાને અમુક કાર્ય કરવાનું બાકી છે.

જ્યારે જગત નવા સર્જનને સ્વીકારવા તૈયાર બનશે, ત્યારે વિરોધી બળો અદૃશ્ય થઈ જશે. પણ જ્યાં સુધી જગતને ગુંદવાની, મથન કરવાની જરૂર છે, ત્યાં સુધી વિરોધી બળો તમને પ્રલોભન આપવા માટે, પ્રહાર કરવા માટે, ધક્કેલવા માટે, નિદ્રા લેતા અટકાવવા માટે, તદ્ન સાચા દિલના બનવાની ફરજ પાડવા માટે રહેશે.

તદ્ન સાચા દિલનો માણસ વિરોધી બળોનો સ્વામી બની જાય છે, પણ જ્યાં સુધી માણસમાં અહંતા, અભિમાન, અથવા કુસંકલ્પ છે, ત્યાં સુધી તે પ્રલોભનનો અને આક્રમણનો વિષય હંમેશાં બનશે; વિરોધી બળો સાથે તેને સતત સંઘર્ષ કરવો પડશે, કારણ કે વિરોધી બળોના દેખાવ હેઠળ તેઓ ભગવાનના કાર્યને સિદ્ધ કરવા માટે જ મથતાં હોય છે.

મેં તમને અનેક વાર સમજાવ્યું છે, સમય નક્કી થયેલો હોતો નથી. ચેતનાનાં અનેક ક્ષેત્રો, પ્રદેશો છે, જે એક બીજા ઉપર લદાયેલાં છે. ચેતનાના અથવા કાર્યના આ દરેક ક્ષેત્રમાં એક પરિપૂર્ણ નિશ્ચિતતા છે. પણ ઉચ્ચતર ક્ષેત્રની નીચેના ક્ષેત્રમાં દરમિયાનગિરી, દા. ત. શારીરિકમાં પ્રાણિકની દરમિયાનગિરી શારીરિકના ક્ષેત્રમાં પ્રાણિકની નિશ્ચિતતાને દાખલ કરે છે, અને તે શારીરિકની નિશ્ચિતતાનું ચોક્કસ રૂપાંતર કરે છે. જો માણસ અભીપ્સાદ્વારા, આંતર સંકલ્પ દ્વારા સાચા આત્મસમર્પણ દ્વારા ઉચ્ચતર પ્રદેશો સાથે અથવા ઉચ્ચતમ પ્રદેશ સાથે સંપર્કમાં પ્રવેશી શકે, તો ત્યાંથી પરમ નિશ્ચિતતા નીચે આવશે અને વચગાળાની સર્વ

નિશ્ચિતતાઓનું રૂપાંતર કરશે અને જે કાર્ય સિદ્ધ કરતાં અનેક વર્ષો અથવા જન્મો વીતી ગયા હોત તેને તે એક ક્ષણમાં સિદ્ધ કરશે. માત્ર આ જ માર્ગ છે.

કોઈ જોખમની ઘટના અથવા સંયોગના સમયે, પોતે જે પ્રદેશમાં છે તેમાં સંઘર્ષ કરવાનો પ્રયત્ન કરવાને બદલે, જો માણસ ચેતનાનાં પગથિયાં સમાન સર્વ પ્રદેશોમાં ઉડ્ડયન, મહાન ઉડ્ડયન કરી શકે, અને શ્રી અરવિંદ જેને પરાત્પર કહે છે તેની સાથે પરિપૂર્ણ સમર્પણ ભાવથી સંપર્કમાં પ્રવેશી શકે, તો ભગવાન પોતે જ કાર્ય કરશે અને સર્વ સંજોગોમાં બધી વસ્તુઓમાં પરિવર્તન લાવી દેશે, લોકો જેને ચમત્કાર કહે છે તેવું કાંઈક કરી દેશે ; લોકો તેને ચમત્કાર કહે છે, કારણ કે તે કેવી રીતે બને છે તે તેઓ સમજતા નથી.

રહસ્ય માત્ર એક જ છે, શિખર પર સીધું આરોહણ કેવી રીતે કરવું તેનું જ્ઞાન.

બસ પતી ગયું ? તમે ધ્યાન કરવાની ઈચ્છા રાખતા હતા.

* * *

૧૬ નવેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગનો સમન્વય" માંથી
"ચાર મહદો"
વાંચે છે.

(એક બાળકને) તમે તમારા જન્મ દિવસ માટે કોઈ પ્રશ્ન તૈયાર કર્યો છે?

૧૮ સંખ્યાનો શો અર્થ છે?

૧૮ સંખ્યાનો? તેનો આધાર તમે કેવી રીતે તેને વાંચો છો તેના પર છે.

તેને ૧૦ + ૮, ૯ + ૯, ૧૨ + ૬ એમ અનેક રીતે વાંચી શકાય, તે દરેક રીતનો અર્થ ભિન્ન ભિન્ન છે.

જો આપણે ૧૦ + ૮ લઈએ, તો તે તદ્‌ન અગતિશીલ વસ્તુને સૂચવે છે, કારણ કે ૧૦ સ્થિર પરિપૂર્ણતાને, કોઈ એવી વસ્તુને કે જેણે પરિપૂર્ણતાને પ્રાપ્ત કરી છે અને ત્યાં અટકી છે એવી વસ્તુને સૂચવે છે, અને ૮ કોઈ મઢાયેલી, પરિવેષ્ટિત, સ્પષ્ટ ભિન્ન નિર્માણ કરાયેલી, અને તેથી સ્વાભાવિક રીતે જ ત્યાં અટકી જતી વસ્તુને સૂચવે છે. એટલે જો આપણે ૧૦ ને અને ૮ ને સાથે મૂકીએ, તો તે સાચે જ એવી કોઈ વસ્તુ બનાવે છે કે જેને પ્રાપ્ત કરી શકાય, પણ તે અંતવાળી હોય છે.

બીજી બાજુએ, જો આપણે ૯ + ૯ લઈએ, તો ૯ એ સર્જનની પ્રક્રિયા છે; ૯ + ૯ સર્જનની ચાલુ રહેતી પ્રક્રિયા છે; એક સર્જનની પ્રક્રિયા પછી બીજી સર્જન પ્રક્રિયા તેને અનુસરે છે, અર્થાત્ તે બમણી (દ્વિગુણ) સર્જન છે; તે અનિશ્ચિત મુદત સુધી ચાલુ રહે, એવા વિચારને તે સૂચવે છે.

જો આપણે ૧૨ + ૬ લઈએ, તો તે એક બહુ સુંદર વસ્તુ બને છે. ૧૨ ની સંખ્યા શું છે તે તમે જાણો છો? નથી જાણતા? તે ખ્યાલમાં અને સર્જનમાં પરિપૂર્ણતાની સંખ્યા છે; ૬ એ નવીન સર્જનની સંખ્યા છે. એટલે જો તમે ૧૨ અને ૬ ભેગા મૂકો, તો તમને કોઈ ચોકકસ નોંધપાત્ર વસ્તુ પ્રાપ્ત થાય છે.

આપણે બીજાં સંયોગીકરણો કરી શકીએ, પણ તે જરાક વધારે જટિલ બને છે.

૧૮ ની સંખ્યા એ ભૌતિક સાક્ષાત્કાર માટેનો પ્રયત્ન કરતી ચેતનાની સંખ્યા છે, અર્થાત્ પોતાની જાતને ભૌતિક રીતે વ્યકત કરવા મથતી ચેતના, તમને આમાં કોઈ નવી વસ્તુ જાણવાની મળી.

સામાજિક દૃષ્ટિબિંદુથી જોતાં, તે બહુમતી મેળવવા માટેની પ્રથમ સંખ્યા છે, અર્થાત્ ૧૮ થી આગળ, માણસને સામાજિક દૃષ્ટિબિંદુથી જોતાં પોતાનો સંકલ્પ રાખવાનો અધિકાર છે. તે સ્પષ્ટ રીતે એક રસપ્રદ પ્રારંભ-બિંદુ છે.

મધુર માતાજી, શું દરેક માણસની સંખ્યાનો અર્થ ભિન્ન ભિન્ન છે?

હા, જો માણસ તે આપવા માગે તો. જો માણસ તેને વિષે વિચાર જ ન કરે, તો તેનો કશો જ અર્થ નથી. તે સંખ્યાને મહત્ત્વ આપવું એ અગત્યનું છે.

સંખ્યાઓ એ બોલવાનો એક પ્રકાર છે. તે એક ભાષા છે. જેમ બધાં વિજ્ઞાનો, બધી કલાઓ, માણસ જેનું સર્જન કરે છે તે બધી વસ્તુઓ બોલવાનો એક પ્રકાર છે, એક ભાષા છે. જો માણસ આ ભાષાને અપનાવે, તો તે જીવંત, અભિવ્યંજક, ઉપયોગી બની જાય છે. જેમ આપણી જાતને સમજાવવા માટે મોટે ભાગે આપણને શબ્દોની જરૂર પડે છે, કમનસીબે તે અનેક પ્રકારના ગૂંચવાડા પેદા કરે તેવો સંભવ છે. પણ હજી સુધી આપણે એવી સ્થિતિએ પહોંચ્યા નથી કે જ્યાં આપણે મૌનમાં પરસ્પર વ્યવહાર કરી શકીએ, કે જે સ્થિતિ ખૂબ ખૂબ ઉચ્ચતર છે. જો તમે તમારા જીવનમાં સંખ્યાઓને કોઈ અર્થ આપવા માગતા હો, તો તે તમારી સમક્ષ ઘણી વસ્તુઓ પ્રગટ કરે. તે જ્યોતિષશાસ્ત્ર જેવું છે. જો માણસ પોતાના જીવનની અને તારાઓની ગતિ વચ્ચેના સંબંધનું અધ્યયન કરવા માગતો હોય, તો તેને અનેક પ્રકારની ઉપયોગી માહિતી સાંપડે.

પાયાભૂત રીતે તે જાણવાનો એક પ્રકાર છે, બીજું કંઈ જ નહિ, એક પ્રક્રિયા છે. સાચું જ્ઞાન શબ્દોથી, પદ્ધતિઓથી, ભાષાઓથી પર છે; તે એક મૌન તાદાત્મ્ય છે; તે જ એક એવી હકીકત છે કે જે કદી ભૂલ કરતી નથી.

બીજું શું પૂછવું છે?

આ વખતે, કાલીપૂજા વખતે, તમે અમને જે પ્રાર્થના આપી હતી, તેમાં તમે સંસ્કૃતમાં કાંઈક લખ્યું છે.

તે મંત્ર શ્રી અરવિંદે લખ્યો છે.

તો તેમણે તે મંત્રને આમ શા માટે લખ્યો?

તેમણે શા માટે આ લખ્યો?

તમે તેમને કેમ પૂછતા નથી? કદાચ તે તમને તેનો જવાબ આપશે.

તે એક આવાહન છે. આવાહનનો અર્થ તમે જાણો છો? કોઈએ તમને તે સમજાવ્યો હતો? નહિ? આહ, તમારે તે પ્રથમ કરવું જોઈતું હતું, આ ચાર શબ્દોનો અર્થ પૂછી લેવો જોઈતો હતો.

તેમાંના બે જ શબ્દો તેમણે એક નાના કાગળના ટુકડા પર નીચે લખ્યા હતા. બધું લખવાની જગ્યા રહી ન હતી; એટલે તે અટકી ગયા હતા.

તમે તે વાંચ્યું છે? તમને સંસ્કૃત વાંચતાં નથી આવડતું? તમને તે વાંચતાં શીખવાડે અને પછી તેનો અર્થ શીખવાડે તેવા કોઈ માણસને તમારે શોધી કાઢવા જોઈએ. પછી તમે મને પૂછી શકો કે તેમણે શા માટે આ લખ્યું હતું? અત્યારે નહિ.

મધુર માતાજી, તમે જે કેલિડયન કથા[1] લખી છે તેને કાલીપૂજા સાથે કોઈ સંબંધ છે?

હા, મારા બાળક, કારણ કે કાલીપૂજાને દિવસે હું હંમેશાં "ભગવાનનો પ્રેમ" નામનાં પુષ્પો વહેંચું છું, કારણ કે કાલી મહાશક્તિનાં બધાં રૂપોમાં તે સૌથી વધારે પ્રેમાળ છે; તેમનો પ્રેમ સૌથી વધારે સક્રિય અને શક્તિશાલી છે. તેથી હું દર વર્ષે કાલીપૂજાના દિવસે "ભગવાનનો પ્રેમ" નામનાં પુષ્પોની પાંખડીઓ વહેંચું છું. ભગવાનના પ્રેમને વ્યકત કરતાં, આ પુષ્પોને શા માટે પસંદ કરવામાં આવ્યાં, તેની પૂરતી સમજૂતી તેથી મળી રહે છે.

---

૧. આ વાર્તાલાપના અંતે આપેલું પરિશિષ્ટ જુઓ.

માતાજી, તમે જેને વિષે વાત કરી હતી તે માણસ કોણ હતો?

તમને કોણે કહ્યું કે તે માણસ હતો? મેં તે પુરુષ હતો કે સ્ત્રી તેની વાત કરી જ નથી; મેં તો માત્ર "દિવ્ય સત્ત્વ" કહેવાની દરકાર રાખી હતી.

કોણ?

તે એક પ્રાગૈતિહાસિક કથા છે, એટલે તમે તેને વિષે કોઈ માહિતી મેળવી શકો નહિ. તે કથા કયાંયે લખવામાં આવી નથી. તેના કોઈ લેખિત દસ્તાવેજો નથી.

આપણે આજે જે વાંચ્યું તેના પર તમારે કોઈ પ્રશ્નો પૂછવાના નથી?

મધુર માતાજી, અંગત પ્રયત્ન શું હંમેશાં અહંતાપૂર્ણ હોય છે?

ફ્રેન્ચ આપણે આશા રાખી શકીએ તેટલી સમૃદ્ધ ભાષા નથી. અંગ્રેજીમાં બે શબ્દો છે: સ્વાર્થી અને અહંતાપૂર્ણ. તે બંને શબ્દોનો અર્થ એક જ નથી. અંગ્રેજીમાં તમે તે ભેદ જાણો છો, નહિ વારુ? ફ્રેન્ચમાં ઈગોઈઝમનો અર્થ અહંતા છે, સ્વાર્થીપણું નહિ.

એવો પ્રયાસ હોય કે જે જરાય સ્વાર્થી ન હોય, અને છતાં અહંતાપૂર્ણ હોય, કારણ કે જયારે પ્રયાસ અંગત બની જાય છે, તે જ ક્ષણે તે અહંતાપૂર્ણ બની જાય છે અર્થાત્ તે અહંતા પર આધારિત છે. પણ તેનો અર્થ એવો નથી કે તે ઉદાર, કરુણાળુ, નિઃસ્વાર્થ, અથવા સંકુચિત અંગત હેતુઓ વગરનો ન હોય. તે એમ નથી હોતું. તે પ્રયાસ ખૂબ નિઃસ્વાર્થ કાર્ય માટે પણ હોય. પણ જ્યાં સુધી માણસમાં અહંતા છે, ત્યાં સુધી તે પ્રયાસ અહંતાપૂર્ણ હોય છે. જ્યાં સુધી માણસમાં પોતાનો વ્યકિતત્વનો ખ્યાલ છે, ત્યાં સુધી સ્વાભાવિક રીતે જ તે થોડા, કોઈક અહંતાપૂર્ણ વસ્તુ છે; તે અહંતાની હાજરી પર આધારિત છે.

આ બહુ લાંબા સમય સુધી ચાલે છે, કારણ કે જ્યાં સુધી વ્યકિતત્વનું પરિપૂર્ણ નિર્માણ ન થાય, વ્યકિતગત પરિપૂર્ણતાની અમુક સ્થિતિ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી અહંતા એ ટકી રહેવું જોઈએ. તે પ્રાપ્ત થઈ જાય ત્યાર પછી અહંતાની હાજરીની જરૂર નથી, પણ માણસ જ્યાં સુધી વધારેમાં વધારે વ્યકિતગત વિકાસ પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી તો અહંતાની હાજરીની જરૂર છે.

અહંતાને દૂર કરવી એ સહેલું, નાનકડું કાર્ય નથી. તે ખૂબ સમય અને પરિશ્રમ માગી લે છે. જ્યારે માણસ પોતાના વિકાસની પરિપૂર્ણતા પ્રાપ્ત કરી લે

છે, તે બીજાઓ કરતાં ભિન્ન એવી એક સાચી વ્યકિત બને છે, કારણ કે સિદ્ધાંતની દૃષ્ટિએ જોતાં, જગતમાં બે વ્યકિતઓ તદ્દન એકસરખી નથી હોતી, જ્યારે વૈશ્વિક સૃષ્ટિમાં તે પોતાના વિશિષ્ટ વ્યકિતત્વને અભિવ્યકત કરે છે, ત્યારે તે અહંતા અદૃશ્ય થઇ જાય તે માટે તૈયાર બન્યો હોય છે, ત્યાર પહેલાં નહિ.

તેમાં અમુક લાંબા સમયની, ખૂબ પ્રયાસની, અને પરિપૂર્ણ કેળવણીની જરૂર પડે છે. પણ અહંતાની માણસને જરૂર ન રહે એવી રીતનો તે તૈયાર થાય ત્યાર પહેલાં ઘણા સમયથી તે તદ્દન નિ:સ્વાર્થી હોઈ શકે છે. એ એક જુદી વાત છે.

હું ૩૦–૩૫ વર્ષથી એક પુસ્તકનો અંગ્રેજીમાંથી ફ્રેન્ચમાં અનુવાદ કરી રહી છું. તેનો ભેદ બતાવવા માટે મેં બે શબ્દો શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો છે. પણ હજી સુધી મને તે જડયા નથી, કારણ કે ફ્રેન્ચમાં માણસ નવા શબ્દો રચી શકતો નથી, તેમ કરવા માટે તેને છૂટ આપવામાં આવી નથી, તે એક કમનસીબી છે! અંગ્રેજીમાં તમે તમને ગમે તેટલા નવા શબ્દો બનાવી શકો છો; જો તે સુંદર અને સારી રીતે નિર્માણ થયેલા હોય, તો તેમનો સ્વીકાર કરવામાં આવે છે. ફ્રેંચમાં જ્યાં સુધી ફ્રેન્ચ એકેડેમી પોતાના શબ્દકોશમાં તે શબ્દને મંજૂર ન રાખે, ત્યાં સુધી તમને કહેવામાં આવશે કે આ બરાબર નથી. એટલે હજી સુધી મને તે બે શબ્દો જડયા નથી.

(એક બાળક તરફ જોઈને) તે કંઈક તોફાન કરવાનું વિચારી રહ્યો છે. (હસાહસ)

મધુર માતાજી, શ્રીમંત માણસ કદી સંતુષ્ટ થતો નથી, તે વધારે ધન મેળવવાની ઇચ્છા કરે છે; વિદ્વાન વધુ જ્ઞાન મેળવવાની ઇચ્છા કરે છે. શું આ એમ બતાવે છે કે તેઓ ભગવાનની ખોજ કરી રહ્યા છે?

એ વાત સ્પષ્ટ છે કે માણસ જીવનમાં કોઈક શ્રેષ્ઠ વસ્તુની ખોજ કરી રહ્યો છે. કદાચ તે બે વસ્તુઓ સમાન હોય, હું તે જાણતી નથી.

તે આ છે: "સક્રિયતાના અને નિષ્ક્રિયતાના, શાન્તિના અને સત્તાના, એકતાના અને ભેદના સર્વ અનુભવોમાં ભગવાનને માણવા એ સુખને જગતમાં પ્રગટેલો જીવાત્મા અસ્પષ્ટ રીતે શોધી રહ્યો છે."

હા. પણ તમને શ્રીમંતાઈના, સત્તાના, જ્ઞાનના પ્રેમ વિષે કશું કહેવામાં આવ્યું નથી. તમને દિવ્ય પ્રેમ વિષે કહેવામાં આવ્યું છે; તે બે તદ્દન એક

જ વસ્તુ નથી. મહત્ત્વાકાંક્ષાને, કામનાને અથવા અભીપ્સાને પણ માણવા વિષે કશું કહેવામાં આવ્યું નથી; માત્ર દિવ્ય હાજરીને માણવાની વાત કરવામાં આવી છે. તે તદ્દન ભિન્ન છે, તેમાં કશું સામ્ય નથી.

હું કબૂલ કરું છું કે મને તમારા પ્રશ્નનો અર્થ બરાબર સમજાયો નથી, મને લાગે છે કે તમે ભગવાનને વૃદ્ધિ અને વિકાસ સાથે ગૂંચવી દો છો, નહિ વારુ? કદાચ પ્રગતિ સાથે ગુંચવી દો છો. પણ તે એક જ વસ્તુ નથી. એમ માની શકાય કે અત્યારનું જગત પ્રગતિરૂપી પાયા પર રચાયું હતું. પણ તે ભગવાન નથી.

તમે શું કહેવા પ્રયત્ન કરતા હતા?

દરેક માણસમાં કોઈને કોઈ વસ્તુની તૃષા હોય છે.

શું તે તૃષા ભગવાન માટે હોય છે! ના, મારા બાળક, તે કેવળ કામના હોય. કોઈ પણ વસ્તુ માટેની તૃષા ભગવાન કેવી રીતે હોઈ શકે?

તમે જે કહેવા પ્રયત્ન કરો છો તેને હું સ્પષ્ટ રીતે જોઉં છું, પણ તમે તે સાચી રીતે કહેતા નથી. તમે અભીપ્સાની આ આંતર જ્વાલાને ભગવાન કહો છો, જે અભીપ્સાની આંતર જ્વાલા કદી મરતી નથી, જે હંમેશાં વધુ ને વધુ પ્રજ્વલિત બને છે, ભારતમાં જેને અગ્નિ કહે છે, પ્રગતિ માટેનો સંકલ્પ, અભીપ્સાની શકિત કહે છે; તેને તમે ભગવાન કહો છો. તે ભગવાનનું એક રૂપ છે એ વાત સાચી છે, પણ તે ભગવાન નથી, તે માત્ર એક પાસું છે, અર્થાત્ હોવાની એક દિવ્ય રીત.

મધુર માતાજી, શું વ્યકિતમાં ભૂતકાળની ઉત્ક્રાન્તિ અને અત્યારનો સ્વભાવ હંમેશાં પરિવર્તન લાવનારી ઉચ્ચતર ભૂમિકાની અંતિમ દરમિયાનગિરીને નિશ્ચિત બનાવે છે?

આ કયા પ્રકારનો પ્રશ્ન છે? હું તેને સારી રીતે સમજી શકતી નથી. ભૂતકાળની ઉત્ક્રાન્તિ?

અને અત્યારનો સ્વભાવ...

અને અત્યારનો સ્વભાવ? તે બે એક જ વસ્તુ નથી, તે ભિન્ન વસ્તુઓ છે.

ના, માતાજી, કારણ કે અહીં લખવામાં આવ્યું છે કે "ભગવાન વિષેના જ્યાલ પ્રત્યે મનનું પ્રવેશદ્વાર તે માણસની ભૂતકાળની ઉત્ક્રાન્તિ અને અત્યારના સ્વભાવ અનુસાર અવશ્ય બદલાતું રહેવું જોઈએ."

હા, આ બે વસ્તુઓ તદ્‌ન ભિન્ન છે. ઉત્ક્રાંતિ એટલે પૂર્વજન્મોમાં થયેલી ઉત્ક્રાન્તિ અને અત્યારનો સ્વભાવ એટલે આ વર્તમાન શરીરનો સ્વભાવ, એ બે માણસનો ભગવાન પ્રત્યેનો અભિગમ નક્કી કરે છે.

આપણે એક ખૂબ સાદો દાખલો લઈએ. જો માણસ અમુક ધર્મમાં જન્મ્યો હોય, તો ભગવાન પ્રત્યે જવાનો તેનો પ્રથમ પ્રયાસ તે ધર્મ અનુસાર હશે; નહિ તો, જો તેણે પૂર્વજન્મોમાં તે એવા અમુક અનુભવોમાંથી પસાર થયો હોય કે જે બીજા પ્રકારના અનુભવોની જરૂરિયાતને પેદા કરે, તો સ્વાભાવિક રીતે જ તે માણસ તે અનુભવો પ્રત્યે દોરી જનાર માર્ગને અનુસરશે.

ચૈત્યિક અસ્તિત્વનું જીવન અનેક ક્રમિક શારીરિક જન્મોમાં મેળવેલા ક્રમિક અનુભવોથી બનેલું હોય છે. એટલે તેને જરાક બાલિશ રીતે અથવા વિલાસમય રીતે મૂકી શકાય : તમારું ચૈત્યિક કોઈ પણ કારણસર રાજાશાહી આપે તેવા સર્વ અનુભવો પ્રાપ્ત થઈ શકે તે રીતે અવતર્યું છે, દા. ત. પરમ સત્તા માટે તેનો ઇચ્છિત અનુભવ પ્રાપ્ત કર્યા પછી, તે શરીર છોડતા પહેલાં એવો નિર્ણય કરે કે આવતા જન્મમાં હું અસ્પષ્ટ, ગરીબ સ્થિતિઓમાં જન્મીશ, કારણ કે તેને સામાન્ય સ્થિતિમાં જ મળી શકે તેવા અનુભવોની જરૂર છે કે જેમાં રાજ્યોના વડાઓને હોય છે તેવી જવાબદારીઓમાંથી મુક્તિ મળે છે. એટલે તદ્‌ન સ્વાભાવિક રીતે જ, હવે પછીના જન્મમાં તે ચૈત્યિક તે જરૂરિયાત પૂરી કરે તેવી અમુક સ્થિતિઓમાં જન્મશે, અને તે અનુભવો અનુસાર તે ભગવાન પ્રત્યે જશે.

વળી વધારામાં તે બે શારીરિક સ્વભાવોના, અને કેટલીક વાર બે પ્રાણિક સ્વભાવોના સંમિશ્રણની પેદાશ હોય છે. આનું પરિણામ વત્તે-ઓછે અંશે આ બે સ્વભાવોના સંમિશ્રણનું પરિણામ છે; પણ તે એક વલણ અથવા ચારિત્ર્ય પેદા કરે છે, તે ચારિત્ર્ય તેને અમુક ક્ષેત્ર માટે, અમુક પ્રકારના અનુભવો માટે યોગ્ય બનાવે છે.

એટલે પૂર્વજન્મોમાં અથવા આગલા જન્મમાં જે નક્કી થઈ ગયું હોય છે તે અને આ જન્મની પરિસ્થિતિ, એ બે અનુસાર, અમુક નિશ્ચિત રેખામાં તેનો ભગવાન પ્રત્યેનો અભિગમ અને તેમની શોધ નક્કી થાય છે, જે તેના પડોશીથી અથવા બીજા માણસથી ભિન્ન હોય છે.

મેં થોડાક વખત પહેલાં કહ્યું હતું કે દરેક વ્યક્તિ વિશ્વમાં એક ખાસ આવિર્ભાવ છે, એટલે તેનો સાચો માર્ગ એક તદ્‌ન અદ્વિતીય માર્ગ હોવો જોઈએ.

સામ્યો, પ્રકારો, કુટુંબો, દેવળો, આદર્શો અર્થાત્ ભગવાન પ્રત્યે જવાનો સામૂહિક માર્ગ હોય છે, જે ભૌતિક રૂપમાં નહિ, પણ વધારે સૂક્ષ્મ જગતમાં એક પ્રકારનું દેવળ રચે છે, પણ આ માર્ગની વિગતો, યોગની વિગતો દરેક વ્યકિત માટે ભિન્ન ભિન્ન હોય છે; તે રીતો તેના અત્યારના શરીરની રચના વડે અને પ્રાણિક રીતે, માનસિક રીતે, ચૈત્યિક રીતે પૂર્વજન્મો વડે મર્યાદિત હોય છે.

માતાજી, ચમત્કારો કરવા માટે શું અત્યારની રચના ઉચ્ચતર ભૂમિકાઓની દરમિયાનગિરી હોવી જોઈએ કે નહિ તે નક્કી કરે છે?

અર્થાત્ ઉચ્ચતર ભૂમિકાઓ...એ પહેલેથી ભાવિ નિર્માણ છે.....

પહેલાં એક દિવસ તમે કહ્યું હતું કે તે પરિપૂર્ણ રીતે પરિવર્તિત થઈ શકે છે.

હા.

તો પછી, જો વર્તમાન વસ્તુઓ આવી રહે, તો.....

પણ જુઓ. આપણે એક તદ્ન સામાન્ય, આંશિક, અને ઉપરચોટિયો દાખલો લઈએ. તમે ભારતમાં જન્મ્યા છો; એટલે તમે અમુક ધાર્મિક અને તત્ત્વચિંતનીય વલણ સાથે જન્મ્યા છો. પણ જો તમે, ગમે તે કોઈ કારણસર, તમારી જાતને આ અસરમાંથી મુકત કરવા માગો, જો તમે બીજા દેશનાં ધર્મનું અને તત્ત્વચિંતનનું અનુસરણ કરો, અધ્યયન કરો, તો તમે તમારા આંતર વિકાસની સ્થિતિઓને બદલી શકો. તે જરાક વધારે પ્રયાસ માગી લે છે, જરાક વધારે કઠિન છે, પણ અશકય તો નથી જ. હકીકતમાં ઘણા લોકો તેમ કરે છે, પોતાના જન્મથી પ્રાપ્ત થયેલી વસ્તુઓમાંથી મુકત બનવાનું તેમને ગમે છે; ભારતમાં જે તેમને નહિ પ્રાપ્ત થઈ શકે તેવી વસ્તુઓને બીજા દેશમાં શોધવામાં તેમને ખાસ રસ હોય છે. આમ તમે તમારા જન્મનાં પરિણામોમાં સમૂળું પરિવર્તન લાવો છો.

હવે તમે મને કહો કે આ નવીન વસ્તુ માટેનો રસ તમારા પૂર્વજન્મમાંથી તમને પ્રાપ્ત થયો હોય; તે સંભવિત છે. પણ તેનો આધાર તમારા અસ્તિત્વ પર પ્રભુત્વ ધરાવતી વસ્તુ પર છે: તે પહેલાંનાં ચૈત્યિક જીવનોનું અને ચૈત્યિક નિર્ણયોનું પરિણામ છે કે તમારી વર્તમાન રચનાનું તાત્કાલિક પરિણામ છે.

પણ કેટલીક વાર આ વર્તમાન રચનાઓ ભૂતકાળની વસ્તુઓથી વિરુદ્ધ હોય છે...

વિરુદ્ધ? કયી રીતે વિરુદ્ધ? પહેલાંની અસરો પ્રત્યે વિરુદ્ધ? તે કદી વિરુદ્ધ નથી હોતું, તે માત્ર પૂરક હોઈ શકે.

જ્યારે વસ્તુઓ તમને વિરુદ્ધ લાગે છે, ત્યારે હંમેશાં તેનું કારણ એ છે કે તમે ખૂબ નિમ્ન ભૂમિકા પર રહેલા હો છો. જો તમને નિસરણીનાં થોડાંક પગથિયાં પર ચઢતાં આવડે, તો બધા વિરોધો અદૃશ્ય થઈ જાય છે, દરેક વસ્તુ પૂરક બની જાય છે.

પણ મને પ્રગતિ કરતાં સ્વભાવ જ અટકાવે છે, નહિ વારુ?

તમને શું અટકાવે છે?.....તે ઘણા લોકોને અટકાવે છે, તે સહેલું નથી.

આ મુક્તિનો એક ભાગ છે. આપણે જાણીએ છીએ કે તપ દ્વારા મુક્તિ પ્રાપ્ત થાય છે. પણ લોકો અમુક પ્રકારની તપસ્યા કરવાની ના પાડે છે. દા. ત. આ (માતાજી પોતાના હોઠ પર પોતાની અંગુલિ મૂકે છે). તેઓ માત્ર વાતો જ કર્યા કરે છે.

(માઈકમાં પવનના સૂસવાટા થાય છે).

આજે આપણે વાવાઝોડાનું દૃશ્ય ભજવીશું! રંગભૂમિ ઉપર આ રીતે જ ગર્જના થતી હોય છે.

બસ, મારાં બાળકો, પતી ગયું? કોને કોઈ ખૂબ રસપ્રદ પ્રશ્ન પૂછવો છે?

રસપ્રદ પ્રશ્ન પૂછવા માટે માણસે રસપ્રદ રીતે વિચાર કરવાની શરૂઆત કરવી જોઈએ.

માતાજી, તમે રસપ્રદ પ્રશ્ન કોને કહો છો?

આહ! જવાબ આપવા યોગ્ય પ્રશ્નને. (હસાહસ) એવો પ્રશ્ન કે જે કોઈ નવીન પ્રત્યુત્તરની સંભાવના પેદા કરે છે, જ્ઞાનના નવીન ક્ષેત્રને ખુલ્લું કરે છે.

દા. ત. જ્યારે તમે મને કોઈ શબ્દની સમજૂતી પૂછો છો, ત્યારે મને તે પ્રશ્ન રસપ્રદ નથી લાગતો, કારણ કે તમારે માત્ર શબ્દકોશ જ ઉઘાડવાનો રહે છે. જ્યારે તમે મને એવો કોઈ પ્રશ્ન પૂછો છો કે જેનો જવાબ શ્રી અરવિંદે આપી દીધો હોય અથવા બીજા કોઈએ પ્રગટ થયેલાં પુસ્તકોમાં આપી દીધો હોય, ત્યારે તે મને રસપ્રદ નથી લાગતો, કારણ કે તમારે માત્ર તે પુસ્તક ઉઘાડીને વાંચવાનું જ રહે છે.

પણ જ્યારે દા. ત. તમને કોઈ એવો અંગત અનુભવ થયો હોય કે જેને તમે સમજી શકતા નથી અને જેનું તમે સ્પષ્ટીકરણ માગો છો, ત્યારે તે પ્રશ્ન રસપ્રદ બની શકે.

(મૌન)

કોઈ રસપ્રદ પ્રશ્ન નથી? મેં અત્યારે જે વ્યાખ્યા આપી તેની અનુસાર, કોઈને કોઈ રસપ્રદ પ્રશ્ન પૂછવાનો નથી ને?

* * *

પરિશિષ્ટ

એક પ્રાચીન કેલ્ડિયન કથા

ઘણા પ્રાચીન કાળમાં, એરેબિયાના શુષ્ક પ્રદેશમાં, પૃથ્વીમાં પરમ પ્રેમ જાગૃત કરવા માટે એક દિવ્ય સત્ત્વ પૃથ્વી પર અવતર્યું હતું. આશા રાખી શકાય તેમ, લોકોએ તેને ખૂબ દુ:ખો આપ્યાં, તેને વિષે ગેરસમજ કરી, શંકાઓ કરી, તેનો પીછો પકડયો. હૂમલાખોરોથી ખૂબ ઘવાયેલા તે સત્ત્વે પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે એકાંતમાં શાન્તિપૂર્વક મરી જવાની ઈચ્છા કરી. તેનો પીછો હૂમલાખોરોએ કર્યો હતો, એટલે તે દોડી ગયું. તે વિશાલ રણમાં ઓચિંતી એક દાડમની નાનકડી ઝાડી દેખાઈ. શાન્તિપૂર્વક મરી જવા માટે જગતનું ઉદ્ધારક તે સત્ત્વ નીચે નમેલી શાખાઓ હેઠળ સરી ગયું. શાખા તરત જ ચમત્કારિક રીતે વિસ્તરવા લાગી; તે વધારે ઊંચી, વધારે મોટી, ઊંડી અને જાડી બની, જેથી પીછો કરનાર લોકો જ્યારે ત્યાંથી પસાર થાય, ત્યારે તેમને શંકા ન આવે કે તે સત્ત્વ અહીં સંતાઈ ગયું છે. તે આવ્યા અને પોતાને માર્ગે આગળ ચાલ્યા ગયા.

જ્યારે તે સત્ત્વનાં પવિત્ર રકતનાં બિંદુઓ નીચે ટપકયાં, ત્યારે તે જમીન ફળદ્રૂપ બની ગઈ, ઝાડી નારંગી રંગની, મોટી, પાંખડીઓવાળાં આશ્ચર્યકારક પુષ્પોથી આચ્છાદિત થઈ ગઈ; લોહીનાં અસંખ્ય ટીપાં પડયાં હતાં.

આ તે પુષ્પો છે કે જે આપણે માટે "ભગવાનનો પ્રેમ" તેમનામાં રાખે છે.

* * *

૨૩ નવેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગનો સમન્વય" માંથી
"ચાર મદદો"
વાંચે છે.

મને છેલ્લો ભાગ બરાબર ન સમજાયો.

હે મારા બાળક, કયો છેલ્લો ભાગ?

"જ્યાં સુધી પોતાના ખ્યાલમાં સાધકે ભગવાનનાં સર્વ બીજાં નામ રૂપોનો સમાવેશ નથી કર્યો, ત્યાં સુધી પૂર્ણ યોગનો સાધક સંતોષ નહિ માને."

હા.

શા માટે? તે જે કહે છે તે જ તેનો અર્થ છે. તેમાં તમને શું નથી સમજાતું?

મને તેનો અર્થ નથી સમજાતો.

(મૌન)

પણ મારા બાળક, તમને કહેવામાં આવ્યું છે કે માત્ર એક જ વાસ્તવિકતા છે અને તેની જ આ બધી અનેકરૂપ અભિવ્યકિત છે. એટલે આ સર્વ દિવ્ય

આવિર્ભાવ કાળમાં તેણે જે ધારણ કર્યાં છે તે સર્વ રૂપો, માણસોએ તેને જે અનેક નામો આપ્યાં છે તે એક જ પરમાત્માના માત્ર આવિર્ભાવો, રૂપો, અને નામો છે.

માનવો ખૂબ મર્યાદિત છે, એટલે મોટે ભાગે તેમને અમુક એક માર્ગ અનુસરવો એ વધારે સહેલું બને છે. પણ તે માત્ર એક નાનકડી શરૂઆત છે. જો માણસ ઊંચાઈઓને પ્રાપ્ત કરવા માગતો હોય, તો તેણે સર્વ માર્ગો દ્વારા સરખી રીતે ભગવાનને પ્રાપ્ત કરવા શકિતમાન બનવું જોઈએ, અને સમજવું જોઈએ કે દેખાવો ભલે ભિન્ન ભિન્ન હોય, પણ ભગવાન તો એક જ છે.

શ્રી અરવિંદ તમને તે જ કહે છે : તમે અટકી જઈ શકો નહિ, જ્યાં સુધી તમે પરિપૂર્ણ રીતે, સઘનતાપૂર્વક એવો અનુભવ ન કરો કે ભગવાન અથવા વાસ્તવિકતા એક જ છે, ગમે તે દૃષ્ટિકોણથી તેમને જોવામાં આવે અથવા તેમને પ્રાપ્ત કરવા માટે ગમે તે માર્ગ અનુસરવામાં આવે, પણ છેવટે તમે એક જ પરમાત્માને પ્રાપ્ત કરો છો છો, ત્યાં સુધી તમારે સંતોષ ન માનવો જોઈએ. એટલે આપણે જેને પૂર્ણ યોગ કહીએ છીએ તેને અનુસાર માણસમાં સર્વ શકય માર્ગો દ્વારા ભગવાનને પ્રાપ્ત કરવાની શકિત હોવી જોઈએ. જો તે આ પૂર્ણ યોગને અનુસરવા ન માગતો હોય, કારણ કે તે ખૂબ સમય માગી લે છે જો કે વિકાસની અમુક માત્રા પ્રાપ્ત કર્યા પછી, જે માર્ગમાં આખું જીવન વીતી જાય તેને અનુસરતાં તેને થોડાક દિવસો કે કલાકો જ લાગે છે, છતાં પણ જો માણસને આ પ્રકારના વ્યાયામમાં રસ ન હોય, પણ તેનામાં એવી સમજ તો હોવી જોઈએ કે આખરે તો આ સર્વ પાયાભૂત રીતે એક જ વસ્તુ છે. તમે તેને આ નામ આપો કે પેલું નામ આપો કે કોઈ નામ ન આપો અથવા અનેક નામો આપો પણ તમે સર્વ વસ્તુઓરૂપ એક જ પરમાત્માની હમેશાં વાત કરતા હો છો.

તમને શું આ ન સમજાયું ?

માત્ર મન અને મર્યાદિત માનવ ચેતના ભેદો કરે છે, તે ભેદોને કારણે તમે ગૂંચવાડામાં પડી જાઓ છો. તમે માત્ર ભેદો વડે જ વસ્તુઓનો વિવેક કરો છો અને ભેદો એટલે માત્ર ભ્રાન્તિયુકત બાહ્ય ચેતના. જ્યારે તમે સાચી રીતે અંદર પ્રવેશ કરો છો કે તરત જ તમને પરિપૂર્ણ તાદાત્મ્યનું ભાન થાય છે; આ બધા ભેદો તમને તદ્ન હાસ્યાપદ લાગે છે.

મધુર માતાજી, પરમ માનવ અને દિવ્ય માનવ વચ્ચે શો તફાવત છે ?

પરમ માનવ એટલે માનવજાતિના શિખરરૂપ, પરિપૂર્ણ માનવ. દિવ્ય માનવ એટલે માનવ શરીરમાં પ્રવેશેલા ભગવાન. તેમનું શરીર જ, બાહ્ય રૂપ જ માત્ર માનવી છે, ચેતના નહિ. પરમ માનવમાં માનવી ચેતનાએ પરિપૂર્ણતા પ્રાપ્ત કરી હોય છે.

હવે કાંઈ પૂછવું છે? પણે કોઈક પ્રશ્ન પૂછવા માગે છે?

શ્રી અરવિંદ અહીં કહે છે કે "દિવ્ય કાર્ય એ કાર્ય નથી કે જેની કામના અહંતાપૂર્ણ મન કરે અથવા તે જેને સંમતિ આપે; કારણ કે સત્યને પહોંચવા માટે ભૂલનો ઉપયોગ કરે છે, આનંદને પહોંચવા માટે દુઃખનો ઉપયોગ કરે છે, પરિપૂર્ણતાને પહોંચવા માટે અપૂર્ણતાનો ઉપયોગ કરે છે." કેવી રીતે?

અત્યારે જગત જેવું છે તે રીતે.

પાછળથી શ્રી અરવિંદ વિસ્તારપૂર્વક તે સમજાવે છે. તે કહે છે કે જો ભગવાન માનવ મનના ખ્યાલ મુજબ કાર્ય કરે, તો જ માનવ મન તેમનામાં શ્રદ્ધા રાખવાનું કબૂલે છે, માણસના ભગવાન વિષેના ખ્યાલને શ્રી અરવિંદ એક ચમત્કાર કહે છે, અર્થાત્ તર્કબુદ્ધિ વગરનો કહે છે. માણસ ભગવાનની હાજરીમાં નથી હોતા; પણ તે ખૂબ ખૂબ સૂક્ષ્મ છે. જ્યાં વસ્તુઓ તદ્દન ભિન્ન પ્રકારે બને છે કે જેમને આપણે માટે સમજવું કઠિન છે, પણ જ્યાં તે વસ્તુઓ તદ્દન ભિન્ન પ્રકારની તર્કબુદ્ધિ વડે (ઘટનાઓની, કારણોની, પરિણામોની, અને અસરોની ભિન્ન પ્રકારની તર્કબુદ્ધિ વડે) બનતી હોય છે, જો તેવા બીજા જગતમાંથી ઓચિંતા આપણે આ જગતમાં આવીએ, તો અહીં આપણને બધું ચમત્કાર જેવું લાગે, કારણ કે આપણે ઘટનાઓના તર્કશાસ્ત્રને સમજી શકીએ નહિ.

વસ્તુઓ જે રીતે બને છે તેનાથી આપણે ટેવાઈ ગયા છીએ; તેમાં ટેવ જ કારણરૂપ છે, કારણ કે આપણે પૃથ્વી પર પહેલો શ્વાસ લીધો ત્યારથી આપણે વસ્તુઓને આ પ્રકારે જોવાથી ટેવાઈ ગયા છીએ, અને તેથી તે આપણને સામાન્ય, સાધારણ લાગે છે. પણ જો આપણે આ ટેવમાંથી મુકત બનીએ, જો આપણે વસ્તુઓને ભિન્ન દૃષ્ટિબિંદુથી જોઈ શકીએ, તો આપણને તે એક ચમત્કાર જેવું લાગે, કારણ કે આપણે વસ્તુઓના તર્કશાસ્ત્રને ટેવાયેલી લાગણી વડે જોઈ શકતા નથી.

કાર્ય, કારણ, સર્વ વસ્તુઓનાં પરિણામોના, સર્વ ગતિઓ વચ્ચેના સંબંધના અમુક તર્કશાસ્ત્રથી આપણે ટેવાઈ ગયા છીએ. આપણે વિચાર કર્યા સિવાય, તેમને

હકીકત માનીને, સ્વીકારી લઈએ છીએ, કારણ કે આપણે હંમેશાં તેમાં જ જીવ્યા છીએ. જો આપણે હંમેશાં તેમાં ન જીવ્યા હોત, તો તે આપણને જુદા પ્રકારનું દેખાત. માણસ આ પ્રયોગ કરી શકે છે : જો તે અત્યારના જગતની નિશ્ચિતતાની બહાર જાય, આ જગત શારીરિકનું, પ્રાણિકનું, માનસિકનું અને આવૃત આધ્યાત્મિક અસરનું સંમિશ્રણ છે, દરેક બનતી વસ્તુ આ સર્વનું સંમિશ્રણ છે, જો આપણે તે બધાથી બહાર જઈએ (આપણે તેમ કરી શકીએ છીએ), જો આપણે શારીરિક, ભૌતિક જગતથી ઊર્ધ્વમાં આરોહણ કરીએ અને બીજી ચેતનામાં પ્રવેશ કરીએ, તો આપણે વસ્તુઓ તદ્ન ભિન્ન પ્રકારે જોઈએ.

ત્યારે આપણે જોઈએ કે આપણને તદ્ન તર્કયુકત, સ્વાભાવિક અને જરૂરી જણાતા આ બધા દેખાવોની પીઠમાં એવું કાંઈક છે કે, જો આપણે તેને સામાન્ય ચેતનામાં જોઈએ તો, તે આપણને ચમત્કાર જેવું લાગે.

શકિતઓની, ચેતનાઓની, ગતિઓની, અસરોની એવી એક દરમિયાનગિરી થતી હોય છે, જેને આપણી સામાન્ય ચેતના જોઈ શકતી નથી, પણ જે સંજોગોના સમગ્ર માર્ગમાં સતત પરિવર્તન લાવે છે.

આનું ભાન લાવવા માટે આપણે બહુ દૂર જવાની જરૂર નથી, માત્ર આપણી સામાન્ય ચેતનામાંથી આપણે એક ડગલું બહાર જવાનું છે. મેં અનેક વાર કહ્યું છે કે જો માણસ પોતાની ચૈત્યિક ચેતનાને શોધી કાઢે અને તેની સાથે પોતાની જાતનું તાદાત્મ્ય કરે, તો તરત જ તેને સંજોગોમાં ઊલટાસુલટી થઈ ગયેલી જણાશે, તે સામાન્ય રીતે જે વસ્તુઓને જોતો હતો તેમને તે તદ્ન ભિન્ન રીતે જોશે, કારણ કે પછી માણસ આ કાર્યનું પરિણામ જોવાને બદલે કાર્ય કરતી શકિતને જુએ છે.

અત્યારે તમે શકિતઓના કાર્યના માત્ર પરિણામને જ જુઓ છો ; તે તમને સ્વાભાવિક, તર્કયુકત લાગે છે. જ્યારે માત્ર કશુંક અસાધારણ બને છે અથવા તમારે માટે તે અસાધારણ હોય, ત્યારે તમે આશ્ચર્ય અનુભવો છો. પણ જો તમે ચેતનાની બીજી સ્થિતિમાં હો, તો અત્યારે તમને જે અસાધારણ લાગે છે તે અસાધારણ ન લાગે. તમે ત્યારે જોઈ શકો છો કે મારાથી અદૃશ્ય એવા બીજા કોઈ કાર્યનું આ પરિણામ છે.

પણ કેવળ ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં, તમે અમુક વસ્તુઓથી ટેવાઈ ગયા હો છો, તે તમને સમજાવવામાં આવ્યું છે. દા. ત. વીજળીનો દીવો અથવા કારને ચાલુ કરવા માટે એક બટન દાબવું એ પર્યાપ્ત છે. તમે તેને સમજાવી શકો છો,

તેનું કારણ તમને કહેવામાં આવ્યું હોય છે, અને તેથી તમને તદ્દન સ્વાભાવિક લાગે છે. પણ મારી પાસે એવા માણસોના દાખલા છે, જેઓ તેનાથી તદ્દન અજાણ હતા, જેઓ એવા સ્થાનમાંથી આવ્યા હતા કે જ્યાં હજી સુધી તે વસ્તુઓ પ્રવેશ પામી ન હતી, તેમને પ્રકાશનાં કિરણો વડે તેજોમય બનેલું એક પૂતળું બતાવવામાં આવ્યું, અને તેઓ પૂજ્ય બુદ્ધિપૂર્વક તેની આગળ ઘુંટણિયે પડયા હાતા. તેમને મન તે એક દિવ્ય આવિર્ભાવ હતો.

મેં એક એવા બાળકને પણ જોયું હતું કે જે તેવી જ સ્થિતિમાં હતું, જે તે બાબત કાંઈ જ જાણતું ન હતું. તેની હાજરીમાં એક બટન દાબવામાં આવ્યું અને કારને ચાલુ કરવામાં આવી; તે બાળકને તે એક મહાન ચમત્કાર લાગ્યો. તે આમ જ બનતું હોય છે. તમે અમુક વસ્તુઓથી ટેવાઈ ગયા હો છો, અને તેથી તે તમને તદ્દન સ્વાભાવિક લાગે છે. જો તમે તેમનાથી ટેવાઈ ગયા ન હો, તો તમને તે ચમત્કારો લાગે.

સમસ્યાનો વિચાર કરો. એવી વસ્તુઓનો એક ઢગલો છે કે જેને તમે તામારી જાતને સમજાવી શકતા નથી, એવી અનેક દરમિયાનગિરીઓ થાય છે કે જે સંજોગોનો માર્ગ પલ્ટી નાંખે છે, તમે તે વસ્તુ પર ધ્યાન પણ આપતા નથી. તેથી તમને તે તે બધી વસ્તુઓ સામાન્ય, એકધારી, અને નીરસ લાગે છે. પણ જો તમને જ્ઞાન હોય, જો તમે જોઈ શકો કે આ બધી વસ્તુઓ તમને તદ્દન સામાન્ય લાગે છે, કારણ કે તમે તેમનાથી ટેવાઈ ગયા છો, તમે કદી તમારી જાતને પૂછ્યું હોતું નથી કે આ વસ્તુ આમ કેવી રીતે બને છે; જો તમે તે કેવી રીતે બને છે, તે જાણતા હોત, કાર્ય કયી વસ્તુ કરે છે, દા. ત. શા માટે માણસ એવી મૂર્ખાઈભરેલી રીતે કાર્ય કરે છે કે જેથી તેનું માથું ભાંગી ગયું હોત, પણ શા માટે તે બચી ગયો, શા માટે દરેક વસ્તુની ગોઠવણ એવી રીતે થઈ છે કે ભીષણ અકસ્માતો સર્જાય, પણ તે સર્જાતા નથી, આવી તો હજારો, લાખો વસ્તુઓ રોજ સર્વત્ર બનતી હોય છે, જો તમને તેમ શા માટે બને છે તેનું જ્ઞાન હોય, તો તમે તરત જ કહો કે એક શકિત, ચેતના, બળ કાર્ય કરી રહ્યું છે, જે ભૌતિક પ્રદેશનું નથી. ભૌતિક રીતે, તાર્કિક રીતે તે બનવું જોઈતું હતું, પણ તે બન્યું નથી. તમે કહો છો કે આહ, તે તેનું સદ્‌ભાગ્ય હતું, નહિ વારુ? તેથી તમને સંતોષ થઈ જાય છે, તમારે માટે તે બસ છે.

(મૌન)

અજ્ઞાનમય, મર્યાદિત, અહંતાપૂર્ણ ચેતના જ ચમત્કારોની માંગ કરે છે. પ્રકાશ પ્રાપ્ત થયેલો માણસ જાણે છે કે સર્વત્ર હમેશાં ચમત્કાર થતો હોય છે.

જેમ જેમ માણસ, આ ચમત્કારમાં અને ભગવાનની કૃપામાં વધારે શ્રદ્ધા જન્મે છે, તેમ તેમ તેને સતત અને સર્વત્ર જોવા માટે સમર્થ બને છે. અજ્ઞાન, શ્રદ્ધાનો અભાવ, અને અંધ અહંતા માણસને તે જોતાં અટકાવે છે.

* * *

૩૦ નવેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગનો સમન્વય" માંથી
"ચાર મદદો"
વાંચે છે.

સમય, કાળ મિત્ર કેવી રીતે છે?

તેનો આધાર તમે કાળને કેવી રીતે જુઓ છો તેના પર છે. દરેક વસ્તુનો આધાર તમારો તેની સાથે જે સંબંધ છે તેના પર છે. જો તમે કાળને મિત્ર બનાવો, તો તે તમારો મિત્ર બની જાય છે. જો તમે તેને દુશ્મન માનો, તો તે તમારો દુશ્મન બની જાય છે.

પણ તમે તે પૂછતા નથી. તમે એમ પૂછો છો કે જ્યારે કાળ દુશ્મન કે મિત્ર હોય છે, ત્યારે માણસને કેવો અનુભવ થાય છે? જ્યારે તમે અધીરા બની જાઓ છો અને તમારી જાતને કહો છો કે ઓહ! મારે આ કામ કરવામાં સફળતા મેળવવી જોઈએ, અને હું તે સફળતા કેમ મેળવી શકતો નથી? જ્યારે તમે તે કાર્ય કરવામાં તરત જ સફળ થતા નથી અને નિરાશ બની જાઓ છો, ત્યારે કાળ તમારો દુશ્મન છે. પણ જ્યારે તમે તમારી જાતને કહો છો કે "ભલે, આ વખતે ૨૫.

હું સફલ ન થયો, પણ આવતી વખતે હું સફલ બનીશ ; મને ખાતરી છે કે એક યા તો બીજા દિવસે હું તે કાર્ય કરીશ જ, ત્યારે કાળ તમારો મિત્ર છે.

શું કાળ માત્ર વિષયિગત છે કે કોઈ વ્યક્તિની પેઠે સઘન વસ્તુ છે ?

આનો પણ આધાર તમે તેને જેવો માનો તેના પર છે, બધી શકિતઓ, પ્રકૃતિની બધી વસ્તુઓ અંગત છે, પણ જો આપણે તેમને બિન અંગત વસ્તુઓ માનીએ, તો તેમની સાથેનો આપણો સંબંધ બિનઅંગત છે.

દા. ત. હમણાં જ બનેલી વાત લો. જો તમે ખગોળશાસ્ત્રી હો, તમે વાયુ-પ્રવાહોની ગણતરી કરી હોય, અને કહો કે આ બન્યું છે, એટલે આ બનશે, આટલા દિવસ સુધી વરસાદ પડશે વગેરે. એટલે તમારે માટે આ એક શકિત છે, જેને અમારે પ્રકૃતિની શકિત કહેવાની ફરજ પડે; તમે તે માટે કાંઈ પણ કરી શકતા નથી, પણ શાન્તિપૂર્વક તે દિવસો પસાર થઈ જાય તેની રાહ જોવાની રહે છે. પણ જો વાયુની, વાવાઝોડાની, વરસાદની, ગર્જનાની વગેરે પીઠમાં રહેતી પ્રકૃતિની શકિતઓ, જરાક સભાન શકિતઓની સાથે તમને અંગત સંબંધ હોય અને તમે તેમની સાથે એક પ્રકારનો મૈત્રી સંબંધ બાંધી શકો, તેમને શત્રુઓ અને અનિવાર્ય મંત્રો ન માનો કે જેમને સહન કરી લીધા સિવાય બીજા કોઈ ઉપાય નથી, તો તમે તેમના પર અસર પેદા કરીને તેમને કહી શકો કે તમે શા માટે પવનને વવડાવો છો અને વૃષ્ટિ કરો છો; તે તમે બીજી કોઈ જગ્યાએ કેમ કરતી નથી ?

મેં મારી સગી આંખે આ અહીં, ફ્રાન્સમાં, એલ્જીરિઆમાં બનતું જોયું છે. વરસાદ એક નિશ્ચિત જગ્યાએ, જ્યાં તેની જરૂર હતી, પડતો મેં જોયો છે; તે જગ્યા સૂકી ભઠ્ઠ હતી, એક ખેતરમાં પાણીની ખૂબ જરૂર હતી. અહીંથી આ હોલના બીજા છેડા સુધી દૂરની, બીજી જગ્યાએ એક થોડીક સૂર્યપ્રકાશવાળી જગ્યા હતી, જ્યાં બધું સૂકું ભઠ્ઠ હતું, કારણ કે ત્યાં સૂર્યપ્રકાશની જરૂર હતી. જો તમે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી આની તપાસ કરશો, તો તમને આની વૈજ્ઞાનિક સમજૂતી આવશે. પણ મેં સાચે જ જોયું છે કે તે એવા એક માણસની દરમિયાનગિરીનું પરિણામ હતું કે જેને તે કેવી રીતે માગવું અને મેળવવું તેનું જ્ઞાન હતું.

એલ્જીરિયામાં મેં એવી અનેક રસપ્રદ વસ્તુઓ જોઈ છે. ત્યાં જરાક વધારે વાસ્તવિક જ્ઞાનનું વાતાવરણ હતું ; ત્યાં એવાં સત્ત્વો હતાં કે જે દા. ત. બરફ સાથે કામ પાડી શકતાં, બરફ પેદા કરી શકતાં, જે રૂમમાં પ્રવેશીને કોઈકને કહેતાં કે અહીં હવે બરફ પડવો જોઈએ (તે દેશમાં કદી બરફ પડયો ન હતો)! પેલો

માણસ કહેતો કે "બરફ પડશે! તમે મજાક કરો છો. સહારાની આટલી નજીકની જગ્યામાં બરફ પડશે?" પેલું સત્ત્વ જવાબ આપતું કે "બરફ પડવો જ જોઈએ, કારણ કે તેમણે પર્વત પર ફર વૃક્ષો વાવ્યાં છે. જ્યારે અમે ફર વૃક્ષો જોઈએ છીએ, ત્યારે અમે આવીએ છીએ. ફર વૃક્ષો અમને બોલાવે છે, એટલે અમે આવીએ છીએ." આમ તે બે જણ વચ્ચે ચર્ચા થઈ. પેલું નાનકડું સત્ત્વ બરફ લાવવાની રજા લઈને ચાલ્યું ગયું. જ્યારે તે ચાલ્યું ગયું, ત્યારે જમીન પર ઓગળી ગયેલા બરફના પાણીનું એક નાનું ખાબોચિયું હતું. તે શારીરિક હતું... પર્વત બરફથી આચ્છાદિત થઈ ગયો હતો. એલ્જીરિયામાં! તે સહારાના રણની તદ્દન નજીક છે, થોડાક કિલોમિટર જ દૂર છે. કોઈકે ક્રીડાપૂર્વક સર્વ ટેકરીઓને ફર વૃક્ષો વડે આચ્છાદિત કરી હતી. પેલાં સત્ત્વો કહેતાં કે "ફર વૃક્ષ તો ઠંડા દેશોમાં હોય છે. તમે અમને શા માટે બોલાવો છો? અમે આવીએ છીએ." આ એક સત્ય ઘટના છે, કલ્પના નહિ.

બધાનો આધાર તમારા સંબંધ પર છે. ખગોળશાસ્ત્રીઓ આ વસ્તુની પણ સમજૂતી આપી શકયા હોત, તે તદ્દન શકય છે. પણ હું તેને વિષે કશું જ જાણતી નથી, તેઓ માણસ ઇચ્છે તે દરેક વસ્તુની સમજૂતી આપી શકે છે.

માતાજીને ઋતુઓની નિયમિતતા વિષે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, પણ તે સ્પષ્ટ રીતે લખી શકાય તેવો રેકૉર્ડ કરી શકાયો ન હતો.

હકીકતમાં, નિયમિતતા એ શું છે? હું જાણું છું કે હું અહીં આવી ત્યારથી મેં અહીં સર્વ શકય વસ્તુઓ જોઈ છે. થોડા જ દિવસો અગાઉ હું એમ કહી શકું એમ હતું કે જુઓ! આપણે ઉનાળાની ઉંચાઈ પર છીએ, આ ઉનાળાની હવા છે; અને તે નવેમ્બરમાં બન્યું હતું. આ વર્ષે નવેમ્બરમાં મે માસ કરતાં વધારે ગરમી પડી હતી, આપણે માત્ર માની લઈએ છીએ કે અત્યારે ઊનાળો છે, તેના પછી શરદ ઋતુ આવશે, ત્યાર પછી શિયાળો આવશે. આપણે તેને અનુરૂપ બની જઈએ છીએ, પણ તે સાચું નથી. ઠીક, એવી વસ્તુઓ બનતી હોય છે. દેશના લોકોએ મને તે કહ્યું હતું. બીજી વાર હું અહીં એપ્રિલ માસમાં આવી હતી. પહેલી વખતે હું ૨૯ મી માર્ચે અહીં આવી હતી, અર્થાત્ એપ્રિલ માસ તરત જ બેસવાનો હતો. તે દિવસોમાં બધા જ લોકો તે સમજતા હતા, અહીં ત્રણ માસ સુધી કદી વરસાદ, એક ટીપું પણ નહિ, પડતો નહિ; બધું સૂકાઈ જતું; છાપરા પરનાં માંદડાં એટલાં બધાં સૂકાઈ ગયાં કે એક દિવસે તેમાંથી ભડકો પેદા થયો.

હું આવી, અને ભયંકર વરસાદ પડયો! પછી લોકોએ મારા તરફ જોયું (અહીં લોકોમાં જરાક એવું ભાન છે કે વસ્તુઓ દેખાય છે તેવી કેવળ યાંત્રિક નથી.), તેમણે મને પૂછયું કે વરસાદ પડયો એ કેવી રીતે બન્યું? મેં જવાબ આપ્યો કે હું જાણતી નથી, મેં વરસાદ નથી વરસાવ્યો, પણ મારે વરસાદ સાથે મૈત્રી છે.

હું ફ્રાન્સની દક્ષિણમાં આવેલા પાનમાં એવે સમયે ગઈ હતી કે જ્યારે ત્યાં તે સમયે કદી વરસાદ પડતો ન હતો, પોતાની બાલ્યાવસ્થાથી લોકોએ ત્યાં તે સમયે વરસાદનું એક ટીપું પણ પડતું જોયું ન હતું. હું ગઈ અને મૂશળધાર વરસાદ પડયો.

હું દક્ષિણ એલ્જીરિયામાં ગઈ, ત્યારે સ્વાભાવિક રીતે જ બધું સૂકું ભઠ્ઠ હતું, ખૂબ ગરમી હતી; હું ગઈ અને વરસાદ પડવા માંડયો! (હસાહસ)

અહીં પણ તેવી જ વસ્તુ બની હતી; લોકોએ કહ્યું હતું કે તેવું પહેલાં માત્ર એક જ વાર બન્યું હતું, લગભગ ૨૦૦ વર્ષ પહેલાં. લોકોને તે યાદ હતું કે કોઈક આવ્યું હતું અને વરસાદ પડયો હતો; તેમણે તે વસ્તુને એક શુભ ચિહ્ન માન્યું હતું, તે અપવાદરૂપ ભાવિ નિર્માણનું ચિહ્ન હતું. અહીં લોકોમાં શુભ અશુભ કલાકો વિષે, શુભ–અશુભ ઘટનાઓ વિષે ખ્યાલો હોય છે. જ્યારે વરસાદની આશા ન રખાય ત્યારે કોઈના આવવાથી વરસાદ જો પડે, તો તે એક શુભ ઘટના મનાય છે.

એટલે ઘટનાઓ, માણસ તેમના પ્રત્યે જે રીતે જુએ, તે પ્રકારની હોય છે. પણ મેં એવી અશુભ વસ્તુઓ પણ જોઈ છે. જ્યારથી માણસો અજ્ઞાત વસ્તુઓને શોધી કાઢીને બાળકોની પેઠે તેમની સાથે ખેલવા લાગ્યા, ત્યારથી તેમણે એટમ બોમ્બ અને તેથી પણ વધારે ખરાબ વસ્તુઓ બનાવવા માંડી. ત્યારથી આ નાનકડાં સત્ત્વો, જે પોતાની અમુક ખાસ છંદોમયતા અનુસાર જીવતાં હતાં, અને જેમની આગાહી કરી શકાય તેવી ઘટનાઓને આજ્ઞા આપવાથી ટેવાયેલાં હતાં, તે ખૂબ વિક્ષિપ્ત બની ગયાં છે. તેથી તેમને ખૂબ દુ:ખ થયું છે, તેઓ પોતાનો મિજાજ ગુમાવી બેઠાં છે, અને પોતે શું કરી રહ્યાં છે તેનું તેમને ભાન રહેતું નથી.

વિશ્વયુદ્ધના અંત સમયે વસ્તુઓ ત્યાં ખૂબ અંધાધૂંધીમય બની ગઈ હતી, તેઓ એક પ્રકારની અસંભવિતતામાં જીવતાં હતાં; આ કમનસીબ અનુભવો ચાલુ રહ્યા છે, એટલે માણસો હજી તે ગભરાટમાંથી બહાર આવી શકયા નથી. સાચે જ માણસો તે વસ્તુઓ સાથે ખેલે છે કે જેમને તેઓ માત્ર બહારથી જ

જાણતા હોય છે, અર્થાત્ જાણતા હોતા નથી. તેઓ માત્ર તેમનો દુરુપયોગ કરવાનું જ જાણતા હોય છે. ગમે તેવી વિપત્તિઓ આવી પડે જેમની ઘણા સમય પૂર્વે આગાહી કરવામાં આવી હતી. તેનો આધાર કયી વસ્તુ દરમિયાનગિરી કરશે તેના પર છે.

કાંઈક કરવાની જરૂર છે. મેં તમને કહ્યું હતું કે જો તમે વરસાદ માગતા હો, તો પ્રાર્થના કરો. પણ તમે તેને મજાક માની લીધી હતી.

આ વરસાદનું કારણ શું છે?

આહ! એમ લાગે છે કે કયાંક કોઈ દોષ–અપરાધ થઈ ગયો છે, કોકને નારાજ કરવામાં આવ્યો છે; કોણ નારાજ થયું છે?

આપણે પહેલી તારીખે [૧] જે કરીએ છીએ તેનાથી શું કોઈ ગુસ્સે થાય?

આપણે જે કરીએ છીએ તેનાથી ચોકકસ નહિ, પણ કદાચ આપણે જે રીતે તે કરીએ છીએ તેનાથી. તમે ઈચ્છો છો કે હું તમને વસ્તુઓનો મારો અનુભવ કહું, કારણ કે તેમ કરવામાં મને રસ પડે છે; હું તે જોઉં છું. કમનસીબે હું એક પ્રેક્ષક છું, વચ્ચે દરમિયાનગિરી કરતી નથી. આવી વસ્તુઓમાં મારી પાસે દરમિયાનગિરી કરાવવી એ કઠિન છે. છતાં હું જાણવા માગતી હતી, અને મેં આજે આ જોયું. તે સંભળાયું કે જોવાયું ન હતું, તે એકદમ સંભળાયું અને જોવાયું હતું, તમે કહો તે બધું બન્યું હતું.

તમે જે કાંઈ, લગભગ એક વર્ષ દરમિયાન પરિશ્રમપૂર્વક કર્યું છે, તમે જે મુશ્કેલીઓને પાર કરી છે; તમારી સર્વ દિલની સચ્ચાઈ અને સદ્‌ભાવ સાથે સંપૂર્ણ શકિતપૂર્વક, પૂરા હૃદયપૂર્વક તમે તમારા કરેલા તે કાર્યનું દિવ્ય કાર્યને સમર્પણ કર્યું છે. તમે તે કાર્યમાં તમારી સર્વ શકિત હોમી દીધી છે, અમુક પ્રમાણમાં તમે સફળ બન્યા છો, તમે તમારી સર્વ શકિતઓ અજમાવી છે. પછી આ સત્ત્વે થોડોક લુચ્ચા સ્મિતપૂર્વક ઉમેર્યું કે "થોડાક મૂર્ખાઓ તમે જે કર્યું હોય તેને જુએ કે ન જુએ, તેનું તમારે માટે શું મહત્ત્વ છે. તમે આ કાર્ય સિદ્ધ કર્યું છે, તમે શું કરી શકો તેમ છો તે તમે બતાવી આપ્યું છે. પછી કેટલાક મૂર્ખ પ્રેક્ષકો

---

૧ ડિસેમ્બરની પહેલી તારીખે શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય કેળવણી કેન્દ્રનો વાર્ષિક કાર્યક્રમ રાખવામાં આવે છે. ૧૯૫૫ માં તે ક્રીડાંગણમાં યોજવામાં આવ્યો હતો; જ્યારે પ્રેક્ષકોને ખુલ્લી જગ્યામાં બેસવું પડયું હતું.

તે જુએ કે ન જુએ, તેની તમારે શા માટે દરકાર રાખવી જોઈએ?" મેં સ્પષ્ટ રીતે જે સાંભળ્યું હતું તેને હું અભિવ્યકત કરું છું, અભિવ્યકત કરવામાંથી થોડુંક હું બાકાત રાખું છું. તે ચેતનાની એક સ્થિતિ હતી, પછી તેનાથી મને થોડું દુ:ખ થયું હતું. દુ:ખ! એ તો બોલવાનો એક પ્રકાર છે. મેં મારી જાતને કહ્યું કે "ઓ ભલા ભગવાન! છેવટે જો તે આવું જ હોય, તો વરસાદ અટકશે તેવી ખાતરી આપણે ન રાખી શકીએ. કારણ કે હજારો લોકો આપણા કાર્યને જુએ તે મહત્ત્વનું ન હોય, જો આપણું સમર્પણ હૃદયપૂર્વક કરાયેલા સમર્પણ તરીકે સ્વીકારાયું હોય, તો પછી પરિણામની અમે દરકાર કરતા નથી. તો પછી કદાચ વરસાદ ચાલુ રહેશે."

હું મારી શોધ ચાલુ રાખું છું, શું બનશે તે હું જાણતી નથી. તે ગમે તેમ હોય, પણ મારે તમને કહેવું જોઈએ કે મેં હજી સુધી વરસાદને બંધ કરવાનો નિર્ણય લીધો નથી. હજી હું જોયા કરવાની અવસ્થામાં છું. આપણે જોઈશું, ગમે તેમ, પણ તે સુંદર હતું. મેં કહ્યું કે "શું કોઈએ આમાં અહંતાપૂર્ણ અથવા સ્વાર્થમય લાગણી દાખલ કરી હતી, અને જેણે વસ્તુ કરાવી જોઈએ તે પ્રમાણે કરી ન હતી, સાચી ભાવનાપૂર્વક? દોષ કયાં છે? પણ આમાંનું કાંઈ જ ન હતું. આપણે જે કર્યું હતું તેનાથી આપણને પૂરો સંતોષ થયો હતો, તે કાર્ય સાચી ભાવનાપૂર્વક સારી રીતે કરવામાં આવ્યું હતું. દરેક જણે સુખ અનુભવ્યું હતું. કયાંક થોડાક વાંદરાવેડા હતા. શું તે વાનરવેડા હતા? તે તેનાથી ઘણું ઉચ્ચતર હતું. તે એક અવલોકન હતું. એટલે આપણે તે જોવા પ્રયત્ન કરીશું. મને એવી વસ્તુઓમાં રસ છે. કમનસીબે, હું કોઈ પક્ષમાં જોડાતી નથી, હું પ્રેક્ષક બની રહું છું, મને તેમાં મજા પડે છે. (હસાહસ).

મારે કહેવું જોઈએ કે જો હું તમે જે સારી રીતે પરિશ્રામ કર્યો છે તેનો વિચાર કરું, તો હું મારી જાતને કહું છું કે ઓહ, આ બાળકો ખૂબ મધુર છે, તેઓ સારો દેખાવ કરી શકશે. તે તેવું છે, તે એક સંકલ્પ નથી, જે જાગૃત બનીને કહે છે કે હવે બરાબર થયું! જયારે સંકલ્પ જાગે છે, ત્યારે બધું બરાબર થાય છે. દરેક જણ આજ્ઞા માને છે, ઊર્ધ્વમાં રહેલાં નાનાં સત્ત્વો પણ. તેથી મેં તમને કહ્યું હતું કે તેમને પ્રાર્થના કરો, કારણ કે જો તમે પ્રાર્થનાની શરૂઆત કરશો, તો હું સ્વાભાવિક રીતે જ તેમાં જોડાઈશ. તે એક યુક્તિ છે. (હસાહસ)

શું પ્રયત્ન સાચે જ સંતોષકારક હતો?

જો હું મારી જાતને માનવી શકિતના અને શું કરી શકાય તેના બાહ્ય દૃષ્ટિ-બિંદુએ મૂકું, તો મને કહેવાની ફરજ પડે છે કે વધારે સારું કરી શકયું હોત. પણ આ વસ્તુ તેની સામે જોતી નથી. કાલે મેં તમને તેને વિષે જ વાત કરી હતી, તે પ્રયાસને ગહનતર અર્થમાં, સમર્પણ તરીકે, સમજે છે, સ્વીકારે છે.

આપણે ઘણી વાર કહ્યું છે કે સર્વ કાર્ય શરીર વડે કરાતી પ્રાર્થના છે, કાર્યમાં સાચું વલણ ભગવાનને સમર્પણ છે. આ સત્ત્વ કરાયેલા કાર્યથી સંતુષ્ટ બન્યું હતું. કારણ કે હું તમારા કાર્યમાં કોઈ ભૂલો થાય, તો તેમને જોવા માટે સાવધાન હતી. પણ તેને જોતી ચેતનાની આંખને સંતોષ થયો હતો. ભૌતિક રીતે મેં કહ્યું કે બાહ્ય માનવી ચેતનામાં આને વધારે સારી રીતે કરી શકાય. એ તો અલબત્ત સમજી શકાય તેવી વાત છે, આપણે હજી પરિપૂર્ણતાની ઊંચાઈએ પહોંચ્યાં નથી, તેનાથી હજી આપણે દૂર છીએ, પણ એ પણ કહેવાવું જોઈએ કે આ તો આપણી પ્રવૃત્તિનો એક બહુ નાનો ભાગ છે. આપણે તેના કરતાં વધારે પ્રયત્ન કરી રહ્યાં છીએ, આ તો આપણી સાધનાની ગતિઓમાંની એક છે. આના ઉપરાંત, આપણે બીજી અનેક વસ્તુઓમાં ગુંથાયેલાં છીએ; આ તો અનેક વસ્તુઓમાંની એક છે. માનવ-પરિપૂર્ણતાના નિયમો જે સિદ્ધિની માંગ કરે છે તે દૃષ્ટિબિંદુથી જોતાં, આપણે હજી અનંતગણો વધારે સમય ગાળવો પડશે, અનંતગણું વધારે કાર્ય કરવું પડશે, અનંત-ગણાં વધારે સાધનોની જરૂર પડશે. પણ આપણે માત્ર એક અથવા બીજી વસ્તુમાં જ માત્ર પરિપૂર્ણતાની શોધ કરતાં નથી, આપણે દરેક વસ્તુને, બીજી બધી વસ્તુઓ સાથે, આગળ વધી એક સર્વસાધારણ, સમગ્ર પરિપૂર્ણતા પ્રત્યે લઈ જવા પ્રયત્ન કરીએ છીએ. આ વસ્તુઓને તેમનું સ્થાન અને મહત્ત્વ છે, પણ બીજી વસ્તુઓને બાકાત રાખીને નહિ. એટલે બાહ્ય દૃષ્ટિબિંદુથી કોઈ માણસ ટીકા કરી શકે, કાંઈક કહી શકે; પણ સાચા દૃષ્ટિબિંદુથી જોતાં તે મહત્ત્વનું નથી; આંતર દૃષ્ટિએ જોતાં, તે બરાબર છે.

નવા આગંતુકોને, અજાણ્યા લોકોને, મુલાકાતીઓને, સામાન્ય માનવી માન-સિક રચનાઓ સાથે આવનાર લોકોને બધે સમયે આમ જ બને છે. તેઓ અહીં આવે છે અને કહે છે કે વાહ, વાહ વાહ; પણ આમાં કશું નોંધપાત્ર નથી, અસાધારણ નથી, તેમની સર્વ શકિતઓ સામાન્ય પ્રકારની છે. તેનું કારણ એ હોય છે કે તેઓ મંદ બુદ્ધિવાળા લોકો છે, તેમની ચેતના તદ્દન સામાન્ય છે. પણ જો તેઓ દેખા-વોની પીઠમાં રહેલી વાસ્તવિકતાને જુએ તો તેમને લાગે કે આ તદ્દન સહેલું તો નથી જ; તેમના નાનકડા ખ્યાલોથી અનંતગણા પર એવા કોઈ સાક્ષાત્કાર પ્રત્યે

આગળ વધી રહેલી કોઈક વસ્તુ, બધી વસ્તુઓ સાથે, જઈ રહેલી છે; આ વસ્તુ તેઓ જોઈ શકતા નથી. તેથી ઘણું કરીને મને જવાબ આપતા આ સત્ત્વે કહ્યું કે તમે જે પ્રયત્ન કર્યો છે તેને અમુક હજારો મૂર્ખાઓ જુએ કે નહિ તેની તમારે શા માટે પરવા કરવી જોઈએ? કારણ કે એક વસ્તુ તદ્દન સાચી છે કે જો તમે વસ્તુઓના ગહન નિયમને જુઓ, અને સર્વ માનવી ખ્યાલોને ટપી જતી એવી કોઈક વસ્તુનો સાક્ષાત્કાર કરવા માટે ઉચ્ચતર ચેતના સાથે સંપર્કમાં આવો, તો માનવના અભિપ્રાયની તમારે શી દરકાર? તમે જે સમસ્યાનો ઉકેલ આણ્યો છે તેનું મૂલ્ય કૂતરાને પૂછવા જેવી તે એક વાત છે. તમે જાણો છો કે તમારી વૈજ્ઞાનિક સમસ્યાનો નિર્ણય કરવા માટે જરૂરી તત્ત્વો કૂતરામાં નથી હોતાં. પણ અહીં તો તેથી પણ વધારે મોટો તફાવત છે. લોકોને આધ્યાત્મિક જીવન અને દિવ્ય સાક્ષાત્કાર શું છે તેનો જરા પણ ખ્યાલ હોતો નથી; એટલે સ્વાભાવિક રીતે જ, પોતાની અજ્ઞાનતાને કારણે અહીં આવીને તેઓ બહુ સહેલાઈપૂર્વક તમે શું કરો છો અથવા નથી કરતા તેને વિષે, તમારી તે કાર્ય કરવાની રીત તે વિષે, તમે કેવી રીતે જીવો છો તે વિષે પોતાનો નિર્ણય આપે છે, કારણ કે તેઓ તેને વિષે કશું સમજતા નથી, કશું જ જોતાં નથી.

તેથી જે લોકો આવીને પૂછે છે કે શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠમાં[1] કયી ડિગ્રિઓ (ગુણવત્તાઓ) પ્રાપ્ત થાય છે, તેમને હું જવાબ આપું છું કે, "જાઓ અને જુઓ, અનેક વિદ્યાપીઠો છે, જે અમારી વિદ્યાપીઠ કરતાં અનંત-ગણી વધારે સારી છે, જેમાં ઘણી વધારે સાધનસામગ્રી છે, જે વધારે સારી રીતે સંગઠિત થયેલી છે. અમારી વિદ્યાપીઠ કાંઈ નથી, તે તો સમુદ્રમાં એક પાણીના ટીપા જેવી છે. બીજી વિદ્યાપીઠોમાં જાઓ, જે સર્વત્ર, ભારતમાં પણ ઘણી છે, બીજા મહાન દેશોમાં પણ ઘણી મહત્ત્વની, અમારી વિદ્યાપીઠ કરતાં વધારે સારી વિદ્યાપીઠો છે. ત્યાં જાઓ, તમને જેની જરૂર છે તેવું ત્યાં તમને ઘણું-બધું મળી રહેશે." તે કારણે અમે બીજી સંસ્થાઓ સાથે હરીફાઈમાં ઉતરવાનો પ્રયત્ન કરતાં નથી.

તો પછી માતાજી, અમારે તેવા પ્રેક્ષકો સામે કેવું વલણ રાખવું જોઈએ?

મારાં બાળકો, તેમને પૂરા દિલથી ચાહો, અને ઇચ્છો કે, તેઓ પ્રકાશ પ્રત્યે જન્મે; સમસ્યાનો ઉકેલ લાવવાનો એ જ એક માર્ગ છે. જો તેઓ વિચાર

---

૧ હવે શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય કેળવણી કેન્દ્ર.

કર્યા વગર વાત કરવાની શરૂઆત કરે, તો તમે વિનયી બનો, તેમનો વિરોધ ન કરો, તેમનું કશું જ ન કહો. તમારે ખાસ કરીને તેમની સાથે ચર્ચા કરીને ખાતરી કરાવી આપવાનો પ્રયત્ન ન કરવો જોઈએ, કારણ કે તે એક અશકય પ્રયાસ છે. તમારે તેમની પ્રશંસાઓ અને ટીકાઓ પ્રત્યે તદ્ન બેપરવા રહેવું જોઈએ. પ્રશંસાઓ કરતાં ટીકાઓ પ્રત્યે બેદરકાર રહેવું તે વધારે સહેલું છે.

મેં તમને શ્રીમતી ડેવિડ-નીલ વિષે વાત કરી છે, નહિ વારુ? તે એક લડાયક બૌદ્ધ છે, મહાન બૌદ્ધ વિદુષી છે, જ્યારે તે ભારતમાં આવ્યાં અને કેટલાક મહાત્માઓને અથવા ગુરુઓને મળવા ગયાં, હું તમને તેમનાં નામ નહિ આપું. તે એક મહાત્મા પાસે ગયાં. તેમણે તેમના સામે જોયું અને પૂછયું, કારણ કે તેઓ યોગ અને અંગત પ્રયત્ન વગેરે વિષે વાતો કરતાં હતાં; તેમણે પૂછયું કે, તમે ટીકા પ્રત્યે બેદરકાર છો? શ્રીમતી ડેવિડ-નીલે સંસ્કારી ભાષામાં જવાબ આપ્યો કે, શું કોઈ પણ માણસ કૂતરાના ભસવાની દરકાર કરે છે? તે વાત મને કહેતી વખતે તેમણે ખૂબ મજાકપૂર્વક ઉમેર્યું કે, સદ્ભાગ્યે તેમણે મને પૂછયું નહિ કે, તમે પ્રશંસા પ્રત્યે બેદરકાર છો, કારણ કે, તે ઘણું વધારે કઠિન છે.

સ્વાભાવિક રીતે જ તમારે તમારી જાતને બીજા માણસ કરતાં શ્રેષ્ઠ ન માનવી જોઈએ; તેનું કારણ હું તમને કહીશ, કારણ કે મેં તમને હમણાં જ એક આંતર સાક્ષાત્કાર વિષે વાત કરી છે, પણ થોડાંક અસ્પષ્ટ અને અનિશ્ચિત શબ્દ-ગુચ્છો સિવાય મેં જે કહ્યું હતું તે તમે નહિ કહી શકો. તમે અસ્પષ્ટ રીતે જાણો છો કે આપણે કંઈક કરી રહ્યાં છીએ, પણ તે શું છે, તે શેના પ્રત્યે દોરી જાય છે, એવાં આંતર પરિવર્તનો કયાં છે કે જે આપણને સામાન્ય માનવ જાતિથી નોખા પાડે, ભિન્ન બતાવે, તેનાથી તમે સભાન નથી; જો હું તમને તે વસ્તુ શું છે તે મને સમજાવવાનું કહું, તો તમે ખૂબ બેચેન બની જાઓ. એટલે તમે બીજા કોઈથી શ્રેષ્ઠ છો એમ તમારે ન માનવું જોઈએ, કારણ કે માણસમાં ચેતના જ મહત્ત્વની છે.

જો તમે સભાન ન હો, તો તમે તમારી જાતને બીજા કરતાં અધિક ન માની શકો. જે ક્ષણે તમે સાચી રીતે સભાન બનો છો, કે તરત જ તમારા અધિકતાના અને ન્યૂનતાના ખ્યાલો તમે ગુમાવી દો છો, એટલે બંને કેઈસોમાં તમારે તમારી જાતને બીજા કરતાં શ્રેષ્ઠ ન માનવી જોઈએ, કારણ કે તે એક ક્ષુદ્રતા અને અધમતા છે; પણ તમારે સદ્ભાવ અને સહાનુભૂતિ અનુભવવાં જોઈએ, લોકો શું કહે છે અને નથી કહેતા તેની દરકાર ન કરવી જોઈએ, પણ વિનયી બનવું

જોઈએ, કારણ કે અવિનયી બનવું તેના કરતાં વિનયી બનવું એ વધારે પસંદ કરવાયોગ્ય છે, કારણ કે તેથી તમે તમારી જાતને વધારે સુસંવાદી બળો સાથે સંપર્કમાં મૂકો છો અને વિનાશનાં તથા કદરૂપતાનાં બળો સામે વધારે સારી રીતે લડી શકો છો; તેનું કારણ મુખ્યત્વે આ છે કે, આપણને સંવાદિતા ગમે છે, તેને સાચવી રાખવી એ વધારે સારું છે; પણ તાત્ત્વિક રીતે તમારે આ બધાથી ઊર્ધ્વમાં રહેવું જોઈએ, માત્ર ભગવાન સાથેના તમારા સંબંધમાં, ભગવાન તમારી પાસે જે અપેક્ષા રાખે છે તેમાં, અને તેમને માટે તમે શું કરવા માગો છો તેમાં જ રસ ધરાવવો જોઈએ, કારણ કે માત્ર તે જ વસ્તુ મહત્ત્વની છે, બીજી બધી વસ્તુઓ મહત્ત્વની નથી.

કેટલાક લોકો પોતાની અધિકતા બતાવવા માગતા હોય છે, તે સિદ્ધ કરે છે કે તેઓ બહુ ક્ષુદ્ર છે. પોતાની અધિકતા બતાવવાની ઇચ્છા માણસમાં જેમ વધારે, તેમ તેની ક્ષુદ્રતા વધારે. નાનું બાળક પોતાની જાત પ્રત્યે જોયા વગર સાદી રીતે જીવે છે, તે કેવી રીતે જીવે છે તે જોતું નથી, તેથી તે તમારા કરતાં ખૂબ અધિક છે, કારણ કે તે સ્વયંભૂ છે.

હવે તમારે મને કોઈ પ્રશ્ન પૂછવો છે? કોઈ નહિ?

સદ્‌ભાવવાળો કોઈ માણસ કોઈક કાર્ય લગભગ પરિપૂર્ણ રીતે સિદ્ધ કરે છે, અને એક નાનકડો કુભાવ તે કાર્યને બગાડી મૂકે છે, આ કેવી રીતે શક્ય છે?

થોડાક કુભાવ સદ્‌ભાવના સમગ્ર કાર્યને વિક્ષિપ્ત કરી દે છે, તમારા પ્રશ્નનો એ અર્થ છે તે? પણ એમ બને છે, એવું કોણે કહ્યું?

ઘણી વાર તેમ બનતું હોય છે.

(માતાજી શિષ્યને બરાબર સાંભળી શકયાં નહિ.)

શું એમ હંમેશાં બને છે?

પત્રોમાં શ્રી અરવિંદ તે વાત કહે છે; અતિમનસનું અવતરણ થયું હોત, પણ આશ્રમવાસીઓના કુભાવને કારણે તેને પાછા ચાલ્યા જવાની ફરજ પડી હતી.

પણ મેં ચોકકસ તે જોયું નથી, હું કબૂલ કરું છું કે હું સમજતી નથી. મને તો તેથી ઊલટો જ અનુભવ થાય છે. ખરાબ સંકલ્પોનો ઢગલો હોય, છતાં પણ જો કોઈ જગ્યાએ એક શુભ સંકલ્પ હોય, તો તે ભગવાનની કૃપા પાસે કાર્ય કરાવે છે, અને બધું ઠીકઠાક આગળ વધે છે.

તમે હમણાં જ કહ્યું કે.....

તેને આની સાથે કશો સંબંધ નથી.

જો એકાગ્રતા [1] હોય.....

મેં શું કહ્યું હતું? હું ભૂલી ગઈ, હું અસંભવિત વસ્તુઓ સાંભળું છું. તે શું હતું?

(પવિત્ર :–) અવલોકન.

શેનું અવલોકન?

(શિષ્ય જવાબ બબડે છે, જેને માતાજી સાંભળતાં નથી.)

તે શું કહે છે તે તમે સમજો છો? હું નથી સમજતી.

(એક બાળક :–) તેમણે તેને "કુભાવ" માની લીધો.

મેં જે કહ્યું તેમાંથી તે કશું જ જરા પણ સમજ્યા નથી. મે કહ્યું તે તે નથી, તે નીચેથી આવ્યું ન હતું. તમારી ચેતના પહોંચી ન શકે એવી ખૂબ ઉચ્ચતર ભૂમિકામાંથી તે આવ્યું હતું. તે કુભાવ ન હતો, તેનાથી અનંતગણી દૂરની વસ્તુ હતી.

હું જે કહું છું તેને લોકો આવી રીતે સમજતા હોય છે! મારે સાચે જ બહુ દરકાર રાખવી જોઈએ. બીજો કોઈ એવો છે કે જે આ રીતે સમજ્યો હોય? (એક બાળકને) તમે પણ તે રીતે જ સમજ્યા હતા, નહિ વારુ? (હસાહસ)

તેવો ખ્યાલ મારા મનમાં કદી ઉદ્‌ભવ્યો જ ન હતો. તે જે કહેવા માગતા હતા તેમાંનું કશું જ હું સમજી શકી ન હતી. તે તદ્‌ન જુદું જ હતું. જો મને એક ક્ષણ માટે પણ એવો વિચાર આવ્યો હોત કે તે આ રીતે સમજી લેવામાં આવશે, તો હું કદી કશું જ ન બોલી હોત.

---

૧. શિષ્યે ફ્રેન્ચ શબ્દ "કોન્સ્ટેટેશન" બરાબર સાંભળ્યો ન હતો; તેણે તેને "કોન્સેન્ટ્રેશન" (એકાગ્રતા) માની લીધો હતો.

ઠીક, હવે પતી ગયું, આજને માટે આટલું બસ છે.

માણસ ટીકા પ્રત્યે બેદરકાર કેવી રીતે બની શકે?

નીસરણી પર થોડુંક ઊંચે ચઢવા વડે પોતાની ચેતનામાં, વસ્તુઓ પ્રત્યે જરાક વધારે વિશાળતાપૂર્વક જોવા વડે. દા. ત. જો અમુક ખાસ ક્ષણે કોઈક વસ્તુ તમને સખ્ત પકડમાં લે, અને જો તમે તેને થવા દો, તો તમે એક ભયંકર અવરોધ સામે લડી રહ્યા છો, તમે તેને બનતું અટકાવો છો. જો તમે તે ક્ષણે એવો વિચાર કરો કે અત્યાર પહેલાં મેં લાખો વર્ષોને વીતી જવા દીધાં છે અને ભાવિમાં હજી લાખો વર્ષો વીતી જશે, તે જોતાં આ નાનકડી ઘટના શી મહત્ત્વની છે? કોઈ આધ્યાત્મિક ભૂમિકામાં પ્રવેશવાની મારે કશી જરૂર નથી. ભૂત, ભવિષ્ય અને વર્તમાન; દેશ, કાળ સાથે જ માત્ર સંબંધમાં રહો, તો જો માણસ મૂર્ખ ન હોય, તો તે તરત જ પોતાની જાતને કહે છે કે હું એવી કોઈ વસ્તુને મહત્ત્વ આપી રહ્યો છું કે જેને કશું મહત્ત્વ આપવાની જરૂર નથી. પછી તરત જ તે તેનું મહત્ત્વ ગુમાવી દે છે.

જો તમે સૃષ્ટિની વિશાલતાનો ખ્યાલ કરો, હું અત્યારે આધ્યાત્મિક ઊંચાઈઓ પર આરોહણ કરવાની વાત નથી કરતી, માત્ર દેશ, કાળમાં સૃષ્ટિની વિશાલતાની વાત કરું છું, અને તમે આ નાનકડી ઘટનાને ખૂબ ખૂબ મહત્ત્વ આપી દો છો, તો જો તમે આમ (અભિનય) દિલની સચ્ચાઈપૂર્વક કરો તો તે અદૃશ્ય થઈ જાય છે, જો તમારામાંનો કોઈક ભાગ તમને એમ કહે કે પણ મારે માટે આ વસ્તુ મહત્ત્વની છે, ત્યારે તમારે તે ભાગને પાછળ મૂકી દેવો જોઈએ અને તમારી ચેતનાને તેની મૂળ સ્થિતિમાં રાખવી જોઈએ. પણ જો તમે દિલની સચ્ચાઈપૂર્વક વસ્તુઓનું સાચું મૂલ્ય જોવા માગો, તો તે બહુ સહેલું છે.

બીજી પદ્ધતિઓ પણ છે. એક ચાઈનીઝ મહાત્મા તમને એવી સલાહ આપે છે કે તમે સમુદ્રની સપાટી પર પીઠ રાખીને તરતા માણસની પેઠે ઘટનાઓ પર સૂઈ જાઓ; સમુદ્રની વિશાલતાની કલ્પના કરો, તમારી જાતને મોજાંઓ પર તરવા દો, આકાશનું ચિંતન કરો, તમારી જાતને તણાઈ જવા દો, ચાઈનીઝ ભાષામાં આને વુ-વેઈ કહે છે. જ્યારે તમે આ કરો છો ત્યારે તમારી બધી મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જાય છે. હું એક આઈરિશ માણસને ઓળખતી હતી. તે પોતાની પીઠ પર સૂઈ જતો, યથાશકય તારાઓવાળા આકાશ પ્રત્યે જોઈ રહેતો, આકાશનું ચિંતન કરતો અને એવી કલ્પના કરતો કે હું તે અસંખ્ય તારાઓની વિશાલતામાં તરી રહ્યો છું.

અને તરત જ સર્વ મુશ્કેલીઓ શાન્ત થઈ જાય છે.

એના ઘણા માર્ગો છે. પણ તમારે તમારા નાનકડા વ્યકિતત્વ તથા તમે જે વસ્તુઓને મહત્ત્વ આપો છો તેમની અને વૈશ્વિક વિશાલતાની વચ્ચેની સાપેક્ષતાની ભાવના દિલની સચ્ચાઈપૂર્વક રાખવી જોઈએ; આટલું બસ છે. બીજો પણ એક માર્ગ છે: પોતાની જાતને પૃથ્વીની ચેતનામાંથી મુકત કરવાનો અને ઉચ્ચતર ચેતનામાં આરોહણ કરવાનો, જ્યાં આ પાર્થિવ વસ્તુઓ તેમનું સ્થાન પ્રાપ્ત કરી લે છે કે જે સ્થાન બહુ નાનકડું હોય છે.

પણ સાચે જ, ખૂબ સમય પહેલાં, હું જ્યારે પૅરિસમાં હતી અને રોજ શ્રીમતી ડેવિડ-નીલને મળતી હતી, ત્યારે તે પોતાના વિચારમાં ગરકાવ હતાં, અને તેમણે મને કહ્યું હતું કે તમારે કોઈ પણ કાર્યનો વિચાર ન કરવો જોઈએ, તે તે કાર્ય પ્રત્યેની આસકિત છે; જ્યારે તમે કોઈ કાર્ય કરવા માગો છો, ત્યારે તેનો અર્થ એ થાય છે કે તમે હજી જગતની વસ્તુઓ સાથે બંધનમાં છો. ત્યારે મેં તેમને કહ્યું કે "ના, તેનાથી વધારે સહેલી વસ્તુ બીજી એકકેય નથી. તમારે માત્ર ભૂતકાળમાં થઈ ગયેલી સર્વ વસ્તુઓની અને ભવિષ્યમાં કરાનારી સર્વ વસ્તુઓની અને વર્તમાન કાળમાં જે બની રહ્યું છે તેની કલ્પના કરવાની છે; ત્યારે તમને ભાન થશે કે તમારું કાર્ય એક શ્વાસ સમાન છે, સનાતનતામાં એક ક્ષણ જેવું છે; પછી તમે તેમાં આસકત નહિ બનો." તે સમયે મેં ગીતા પૂરી વાંચી ન હતી. (અહીં કેટલાક શબ્દો સાંભળી શકાય તેવા ન હતા), હું જેનો મારી પોતાની રીતે અનુવાદ કરું છું તે શ્લોક તો મેં ન હતો વાંચ્યો કે બધા ફલોની આશાનો ત્યાગ કરીને કાર્ય કર; તે શ્લોકનો આ ભાવાર્થ છે. આ હું જાણતી ન હતી, પણ ગીતામાં બરાબર તે જ કહેવામાં આવ્યું છે.

પણ તમે તમારા કાર્યમાં માનો છો, તેથી તમારે તે કાર્ય ન કરવું જોઈએ; તમે કાર્ય કરો છો, કારણ કે તમારે તે કરવું જ જોઈએ, બસ એટલું જ. બાહ્ય દૃષ્ટિબિંદુથી જોતાં, તે એક એવી શરત છે કે જે કેટલીક વાર જરા જોખમકારક થઈ પડે, કારણ કે વરસાદે બંધ થઈ જવું જોઈએ એવી પરમ સત્તાપૂર્વક સંકલ્પ કરવાને બદલે, માણસ શું બને છે તે જોયા કરે છે. પણ હું તમને કહું છું કે જો તમને પ્રાર્થના કરવાનું ગમે તો જરૂર પ્રાર્થના કરો.

આપણે અત્યારે પ્રાર્થના કરી શકીએ છીએ. (હસાહસ)

તે બહુ મજાકખોર છે!

ઠીક ત્યારે, દીવા બંધ કરી દો. આપણે પ્રાર્થના કરીશું.

* * *

૭ ડિસેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગનો સમન્વય" માંથી
"ચાર મદદો"
વાંચે છે.

માતાજી, માણસ જ્યારે ઉચ્ચતર સ્તર પર પહોંચે છે, ત્યારે જ તે આત્મસમર્પણ કરી શકે છે. પણ જ્યારે માણસ ઓછા વત્તા પ્રમાણમાં સભાન જીવન જીવતો હોય, ત્યારે આત્મસમર્પણ વત્તા ઓછા પ્રમાણમાં માનસિક બની જાય છે, નહિ વારુ? અને તેથી તે અસરકારક નથી હોતું. તો માણસે શું કરવું જોઈએ? માણસ શું આત્મસમર્પણ વડે પ્રારંભથી જ શરૂઆત કરી શકે?

હે મારા બાળક, તેનો આધાર તે તે માણસો પર છે.

કેટલાક માણસોમાં ચૈત્યિક ગતિ, લાગણીમય આવેગ બૌદ્ધિક સમજ કરતાં વધારે બળવાન હોય છે. તેમને ભગવાન પ્રત્યે અપ્રતિધર્ષ્ય આકર્ષણ અનુભવાય છે, પણ તેઓ જાણતા હોતા નથી કે તે શું છે. તે શેનું પ્રતિનિધિત્વ કરે છે, તે શું હોઈ શકે, તેનો કોઈ બૌદ્ધિક ખ્યાલ નથી હોતો, પણ માત્ર એક પ્રકારનો આવેગ, આકર્ષણ, અનિવાર્ય જરૂરિયાત હોય છે.

તેવું જેને થતું હોય તે લોકોની બાબતમાં તે ભગવાનની કૃપા છે, તેમનું મન તેમને સતાવતું હોતું નથી, શંકાઓ કરતું નથી, ચર્ચા કરતું નથી, ઝડપથી પ્રગતિ કરે છે.

સામાન્ય વિચાર અનુસાર જે તદ્ન ચમત્કારિક લાગે તે એ છે કે જ્યારે તેઓ સમર્પણની એવી માત્રાને પ્રાપ્ત કરે છે કે જે તેમનું તાદાત્મ્ય ચૈત્યિક અસ્તિત્વ દ્વારા ભગવાનની હાજરી સાથે કરાવે છે, ત્યારે તેમનામાં એવી અભિવ્યકિતની શકિતઓ આવી જાય છે કે જે તેમના સ્વભાવને તદ્ન અજ્ઞાન હતી.

ઘણા સમય પહેલાં, ફ્રાન્સમાં મેં એક આવો કેઈસ જોયો હતો. એક નાની છોકરી કશું જ ભણી-ગણી ન હતી. તે એક બહુ સારી ઓપેરા નર્તિકા હતી. તેને આઠ વર્ષની ઉમ્મરે ત્યાં ભણવા મૂકવામાં આવી હતી. ઈતિહાસ, ભૂગોળ, ગણિત, અને બીજા વિષયો શીખવાને બદલે તે છોકરી નૃત્ય શીખી હતી. તેને પોતાની જાતને અભિવ્યકિત કરતાં લગભગ આવડતું ન હતું. તેની બુદ્ધિ સ્પષ્ટ હતી, પણ તેને તાલીમ મળી ન હતી. તેને ભગવાન પ્રત્યે આ રીતે આકર્ષણ થયું હતું, તેમની શોધ કરવાની તેને અત્યંત જરૂરિયાત લાગી હતી, તેમને આત્મસમર્પણ કરવાની તેને લગની લાગી હતી. પ્રથમ તો તે નોટ્રેડેઈમના જાદુગર પેઠે, ભગવાનના માનમાં નૃત્ય કરવા લાગી. તે સાચે જ ખૂબ સુંદર નૃત્ય કરતી હતી. તેને ઓચિંતી પોતાની ભાવના અભિવ્યકત કરવાની ઈચ્છા પ્રગટી. તેણે આશ્ચર્યકારક રીતે કાવ્યમય પત્રો લખવાની શરૂઆત કરી. તે બહુ આશ્ચર્યકારક રીતે આશ્ચર્યકારક વસ્તુઓ કહેતી. એક પછી બીજું, એમ પૃષ્ઠો લખાતાં ગયાં, અને તે પણ અસાધારણ સરલતાપૂર્વક.

એવું બન્યું કે અમુક સંજોગોને લઈને તે કેટલીક મુશ્કેલીઓમાં મૂકાઈ ગઈ. તેના સ્વભાવમાં રહેલી અમુક વસ્તુએ તેને પોતે છોડી દીધેલા, પહેલાંના સ્વભાવ પ્રત્યે પાછી ખેંચી, જેથી તે વ્યવહારુ અને ભૌતિકતાવાદી બની ગઈ; તે માત્ર બાહ્ય રીતે જ વસ્તુઓ જોવા લાગી. તરત જ તે બે શબ્દો પણ બલવા અશકિત-માન બની ગઈ, લખવામાં તે જોડણીની અસંખ્ય ભૂલો કરવા લાગી.

જ્યારે તે પ્રેરણામય સ્થિતિમાં હતી, ત્યારે તે એક મહાન લેખકની પેઠે, એક પણ ભૂલ કર્યા સિવાય લખતી હતી. પણ જ્યારે તે તે સ્થિતિમાંથી ફરી તદ્ન પાર્થિવ ચેતનામાં પટકાઈ પડી, જીવનની જરૂરિયાતોમાં, દરેક ક્ષણની જરૂરિયાતોમાં પતન પામી, ત્યારે બધું અદૃશ્ય થઈ ગયું, ભૂલો કર્યા સિવાય તે એક પણ લીટી લખી શકતી ન હતી, અને તેનું લખાણ પણ તદ્ન અસંસ્કારી હતું.

આ સાબિત કરે છે કે જો માણસ સાચી ચેતના પ્રાપ્ત કરે, તો તેને કોઈ સમસ્યાનો ઉકેલ લાવવાનો રહેતો નથી. તમારે જે થવાનું છે તે તમે બની જાઓ છો, તમારે જે જાણવાનું હોય, તે તમે જાણી લો છો, તમારે જે કરવાનું હોય છે તે કરવાની શકિત તમારામાં આવી જાય છે, અને બધી કહેવાતી મુશ્કેલીઓ તરત જ અદૃશ્ય થઈ જાય છે.

હું જે છોકરીની વાત કરી રહી છું તેનામાં પોતામાં એવું કાંઈ ન હતું કે જેણે તેને નીચે ધકકેલી દીધી હતી; એક બીજી વ્યકિતએ તેમ કર્યું હતું. કમનસીબે ઘણીવાર તેવું જ બનતું હોય છે. માણસ જીવનમાં અમુક જવાબદારીઓનો બોજો પોતાને માથે લે છે, અને તે તેની પ્રગતિને રોકે છે.

તે છોકરીની એ વાર્તા છે.

બીજા પ્રકારના લોકો પ્રથમ સમજે છે, ખૂબ બુદ્ધિશાળી હોય છે, શબ્દો અને વિચારો સાથે કીડા કરી શકે છે, જે બધાં તત્ત્વચિંતનો અને ધર્મો પર, બધા માનવી ખ્યાલો પર તેજસ્વી પ્રવચનો આપે છે, અને છતાં એક પગલું આગળ ભરવામાં તેમને વર્ષો વીતી જાય છે, કારણ કે તે બધું માત્ર મસ્તિષ્કમાં જ હતું.

મસ્તિષ્કમાં ઘણી વસ્તુઓ ચાલતી હોય છે, મેં તમને અનેક વાર કહ્યું છે કે મસ્તિષ્ક એક ચાર રસ્તા જ્યાં મળે છે તેવા સ્થાન જેવું છે. ગમે તે વસ્તુ તેમાં પ્રવેશી શકે છે, તેને ઓળંગી શકે છે, બહાર જઈ શકે છે, અને ખૂબ ગેરવ્યવસ્થા પેદા કરી શકે છે. વિચારો સાથે રમત કરતા લોકોને પ્રગતિમાં વધારેમાં વધારે અવરોધો આવતા હોય છે, તે રમત બહુ આકર્ષક હોય છે, તે તમને એવો ખ્યાલ આપે છે કે હું કોઈ સામાન્ય માણસ નથી, પણ તે તે માણસની પાંખોને કાપી નાંખે છે.

મસ્તિષ્કને પાંખો નથી હોતી, હૃદયને પાંખો છે, આ એક અનિવાર્ય જરૂરિયાત છે. બીજા કશાનું મહત્ત્વ નથી. માત્ર હૃદય જ સર્વસ્વ છે.

એટલે માણસ અવરોધોની અને મુશ્કેલીઓની જરા પણ પરવા કરતો નથી. તે તમને શું કરી શકવાની હતી? તે મહત્ત્વનાં નથી. કેટલીક વાર માણસ અવરોધો અને મુશ્કેલીઓ પ્રત્યે હસતો પણ હોય છે. તેમને જિતવામાં લાંબો સમય લાગે, તો તેથી શું બગડી ગયું? તેથી તો તમે વધારે લાંબા સમય સુધી અભીપ્સાના અને આત્મસમર્પણના આનંદને માણી શકશો. કારણકે, તે બધું ખૂબ આનંદપ્રદ છે. જ્યારે માણસમાં કશુંક અહંતાપૂર્ણ હોય છે, ત્યારે તે આનંદ ઝંખવાઈ

જાય છે, કારણ કે અહંતા અમુક વસ્તુની માંગ કરે છે, જેને તે માણસ જરૂરિયાત કહેતો હોય છે; તે તેના આત્મસમર્પણમાં ભળી જાય છે. નહિ તો, તે આનંદ કદી અદૃશ્ય થઈ જતો નથી.

આ વસ્તુને સાધક પ્રથમ પ્રાપ્ત કરે છે, અને છેલ્લે સાક્ષાત્કારને પ્રાપ્ત કરે છે. એ વિજયનું ચિહ્ન છે.

જ્યાં સુધી તમે સતત, શાન્ત, શાન્તિપૂર્ણ, પ્રકાશમય, અપરિવર્તનશીલ આનંદને પ્રાપ્ત કરતા નથી, ત્યાં સુધી તમારે હજી તમારી જાતને વિશુદ્ધ કરવા માટે ખૂબ પરિશ્રમ કરવાની જરૂર છે. પણ આ તે વિજયનું ચિહ્ન છે.

ભેદના જ્ઞાન સાથે દુ:ખ, પીડા, અજ્ઞાન, અને અશક્તિઓ આવે છે. પરિપૂર્ણ આત્મસમર્પણમાં, આત્મવિસ્મૃતિમાં દુ:ખ અદૃશ્ય થઈ જાય છે, અને તેની જગ્યાએ એવો આનંદ આવે છે કે જેને કોઈ વસ્તુ આવૃત ન કરી શકે.

જ્યારે આ આનંદ આ જગતમાં સ્થાપિત થાય, ત્યારે જ તેનું સાચી રીતે રૂપાંતર થઈ શકે, નવીન જીવન, નવીન સૃષ્ટિ, અને નવીન સાક્ષાત્કાર આવી શકે. આનંદ પ્રથમ ચેતનામાં સ્થાપિત થવો જોઈએ, પછી ભૌતિક આવશે, ત્યાર પહેલાં નહિ.

સાચી રીતે કહું તો, દુ:ખ પોતાના શત્રુ સાથે જ જગતમાં આવ્યું છે, આનંદ જ માત્ર તે શત્રુને હરાવી શકે, નિશ્ચયાત્મક રીતે, છેલ્લી, આખરી રીતે, બીજું કશું જ તેને હરાવી શકે નહિ.

(લાંબા સમય સુધી મૌન)

આનંદે જ સર્જન કર્યું છે અને આનંદ જ તેને સિદ્ધ કરશે.

(મૌન)

ધ્યાનમાં રાખો કે માણસો જેને આનંદ કહે છે તેની હું વાત નથી કરતી. માણસો જેને આનંદ કહે છે તે તો એક કટાક્ષ કૃતિ છે, આસુરી શોધખોળ છે, જેથી માણસ સાચા માર્ગને ગુમાવી દે; તે આનંદનો વિષયસુખમાંથી, વિસ્મૃતિમાંથી, બેદરકારીમાંથી આવતો હોય છે.

(મૌન)

૨૬.

હું જે આનંદની વાત કરું છું તે પરિપૂર્ણ શાન્તિ છે, અંધકાર વગરનો પ્રકાશ છે, સંવાદિતા છે, સમગ્ર સૌન્દર્ય છે, એક અપ્રતિધર્ષ્ય શકિત છે. તે આનંદનો ખુદ ભગવાનની હાજરી છે, પોતાના સારતત્ત્વમાં, સંકલ્પમાં, અને સાક્ષાત્કારમાં.

માતાજી આપ કહો છો કે માત્ર આનંદ જ તે શત્રુને જિતી શકે. પણ આનંદને પ્રાપ્ત કરવા માટે માણસે પ્રથમ તે શત્રુને જિતવો જોઈએ!

ના, માણસે શત્રુની ઉપેક્ષા કરવી જોઈએ, તેનાથી પર ચાલ્યા જવું જોઈએ.

હા, પ્રથમ તમારે તે શત્રુની અસરમાંથી તમારી જાતને મુક્ત કરવી જોઈએ, પણ પોતાની જાતને શત્રુની અસરમાંથી મુક્ત કરવી તેની અને તેના પર વિજય મેળવવો, તે બેની વચ્ચે તફાવત છે. શત્રુને જિતવો એ નાનીસૂની વસ્તુ નથી. તેને હરાવવા માટે તમારામાં તેના કરતાં વધારે શકિત હોવી જોઈએ. પણ માણસ તેની અસરમાંથી પોતાની જાતને તદ્દન મુક્ત કરી શકે છે. તે રીતે પોતાની જાતને તેની અસરમાંથી માણસ મુક્ત કરે, કે તરત જ તેનું આત્મસમર્પણ સમગ્ર, પરિપૂર્ણ બની જાય છે. આત્મસમર્પણની સાથે આનંદ આવે છે, તેનો પરાજય તો પછી થાય છે, પછી તે શત્રુ અદૃશ્ય થઈ જાય છે.

જ્યારે જગતમાં તેની જરૂર નહિ રહે, ત્યારે જ શત્રુ અદૃશ્ય થઈ જશે. જેમ સુવર્ણ માટે કસોટીના પથ્થરની જરૂર છે, જેથી જાણી શકાય કે સોનું શુદ્ધ છે કે નહિ, તેમ તે શત્રુની પણ જરૂર છે.

પણ જો તમે તદ્દન સાચા દિલના બનો, હું અને શ્રી અરવિંદ દિલની સચ્ચાઈ તેને કહીએ છીએ કે જ્યારે અસ્તિત્વનો કોઈ પણ ભાગ અભીપ્સાનો, સમર્પણ માટેના સંકલ્પનો વિરોધ ન કરતો હોય, જ્યારે કશું પણ પોતાનું સ્વતંત્ર જીવન જીવવા માટે કોઈ અંચળો ઓઢી લેતું ન હોય ત્યારે તે દિલની સચ્ચાઈ છે, એવા અસંખ્ય અંચળા હોય છે, જે ખૂબ લુચ્ચા, દ્વેષપૂર્ણ, છેતરામણા હોય છે. કમનસીબે, માણસમાં પોતાની જાતને છેતરવાનું ખૂબ સાહજિક વલણ છે. જેમ જેમ તે વધારે પોતાની જાતને છેતરે છે, તેમ તેમ તે આત્મવંચનાને ઓછી ને ઓછી જાણી શકે છે. પણ જો માણસ સાચે જ સાચા દિલનો હોય, તો શત્રુ તેની પાસે ફરકી શકતો નથી, પાસે આવવા તે પ્રયત્ન પણ કરતો નથી, કારણ કે તેથી તો તેનો પોતાનો વિનાશ જ સર્જાય.

માત્ર કેટલાક લોકોમાં એક પ્રકારની યુદ્ધ કરવાની સાહજિક વૃત્તિ (યુયુત્સા) હોય છે. તેઓ માત્ર પોતાની જાતને શત્રુની અસરમાંથી મુકત કરીને સંતોષ માનતા નથી. તેઓ સાચે જ એમ માને છે કે અમારામાં શત્રુ સાથે યુદ્ધ કરવાની શકિત છે. એટલે કેટલીક વાર જો તેઓ તદ્દન તૈયાર ન હોય, તો તેઓ તેની સાથે યુદ્ધ કરવા જાય છે, અને ખરાબ, મુશ્કેલ પરિસ્થિતિઓમાં મૂકાઈ જાય છે.

તેઓ માત્ર તેમની ભગવાનમાં મૂકાયેલી શ્રદ્ધાને કારણે જ ઉગરી જાય છે. કારણ કે તેઓ મૂર્ખાઈભરી રીતે કાર્ય કરે અને મુશ્કેલીઓમાં મૂકાઈ જાય, તો પણ છેલ્લી ક્ષણે કોઈક વસ્તુ આવીને તેમને મુશ્કેલીમાંથી બહાર ખેંચી કાઢે છે– જેમ કોઈ બિલાડીનું બચ્ચું પાણી પર ચાલવાની ઈચ્છા કરે અને તે ભૂલને કારણે ડૂબી જવાની તૈયારીમાં હોય, પણ તેની માતા, બિલાડી આવી તેને બહાર ખેંચી લે છે તેમ.

પણ હંમેશાં એમ કહેવામાં આવે છે કે માણસે ભગવાનને લલચાવવા ન જોઈએ, કાચી હિંમત સાથે, એવા વિચાર સાથે કે ઓહ, ભગવાન, મને હંમેશાં મુશ્કેલીમાંથી બહાર ખેંચી કાઢશે, કશું કાર્ય કરવું ન જોઈએ. એ સારું નથી, કારણ કે કાર્યમાં મદદ કરવાને બદલે, તે કાર્યને ગુંચવી નાંખે છે. બસ, પતી ગયું?

થોડીક મિનિટો સુધી તમે આંતર મૌન રાખવા પ્રયત્ન કરવા માગો છો? હા?

(ધ્યાન)

* * *

૧૪ ડિસેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગનો સમન્વય" માંથી
"આત્મ-સમર્પણ"
વાંચે છે.

માતાજી, હું આ ફકરો સારી રીતે સમજ્યો નથી.

કયો ફકરો?

"એમ લાગે છે કે આ જગતની શક્તિઓ અને તેમની ક્રિયાઓ કાં તો ભગવાનની જરા પણ નથી અથવા તો તે માયા અથવા એવા કોઈ અસ્પષ્ટ અને ગૂંચવાડો પેદા કરે તેવા કોઈ કારણ માટે, દિવ્ય સત્યના કોઈ અંધકારમય વિરોધ માટે છે."

અમુક વલણ આવી લાગણી પેદા કરે છે. શ્રી અરવિંદ પહેલાં તે સમજાવે છે. એવું એક વલણ છે કે જેમાં બધી ભૌતિક વસ્તુઓ માત્ર ભગવાનની અભિ-વ્યક્તિ નથી, દેખાતી નથી એટલું જ નહિ, પણ તેવી બનવા માટે અસમર્થ લાગે છે, તાત્ત્વિક રીતે આધ્યાત્મિક જીવનની વિરુદ્ધની લાગે છે. એટલે તેનો એક જ ઉકેલ દેખાય છે, જે પ્રાચીન યોગોઓ સ્વીકાર્યો હતો કે જીવન આધ્યાત્મિક જીવનમાં ભાગ લેવા માટે અસમર્થ હોવાને કારણે, તેનો, ભૌતિક જીવનનો સંપૂર્ણ ત્યાગ.

શ્રી અરવિંદ કહે છે કે આ વલણ સાથે માણસ જીવન પ્રત્યે જુએ છે. તે એમ નથી કહેતા કે જીવન તેવું છે, પણ કેટલાક તેવા વલણપૂર્વક જીવન પ્રત્યે જુએ છે, જગતને તેવું માની લે છે. તે વલણ એવા લોકોનું છે કે જેમણે જીવનને આત્માથી તદ્દન ભિન્ન કરી દીધું હોય છે, અને જેઓ એમ કહે છે કે જીવન એક ભ્રાન્તિ છે, તે ભગવાનને અભિવ્યકત કરવા અસમર્થ છે, બસ ?

મધુર માતાજી, "આપણે આપણા વિરોધ કરતી શકિતઓ પાસેથી ઝુંટવી લીધેલી મિલ્કત વડે આપણા સાક્ષાત્કારને સમૃદ્ધ કરી શકીએ."

હા.

આ લૂંટી લીધેલી મિલ્કત એ શું છે ?

જગતમાં કાર્ય કરી રહેલી સર્વ વિરોધી શકિતઓ.

જગત અત્યારે જેવું છે તેવું, તેના વધારે મોટા ભાગોમાં, વિરોધી બળોની અસર હેઠળ છે, તે દિવ્ય જીવન માગતાં નથી, તેથી આપણે તેમની વિરોધી કહીએ છીએ; તેઓ દિવ્ય જીવનનો વિરોધ કરે છે. તેઓ એવું ઈચ્છે છે કે, વસ્તુઓ જેવી છે તેવી જ રહે, કારણ કે જગતમાં તે તેમનું ક્ષેત્ર અને સત્તા છે, તેઓ બહુ સારી રીતે જાણે છે કે, જે ક્ષણે ભગવાન પ્રગટ થશે કે તરત જ અમે અમારી સર્વ સત્તા અને અસર ગુમાવી બેસીશું. એટલે તેઓ ખુલ્લેખુલ્લા અને સંપૂર્ણ રીતે ભગવાન સાથે લડી રહ્યાં છે; આપણે આપણી જાતને કટકે કટકે તેમની પકડમાંથી છટકી જવાનું છે, બાહ્ય જીવનમાં તેમણે જે વસ્તુઓ જિતી લીધી છે તે છોડાવી લેવાની છે, એટલે તેઓની હાનિ એ આપણો લાભ બની જશે.

તેથી ઊલટું, પહેલાં જેમ કરવામાં આવ્યું હતું તેમ, જો આપણે જમીન છોડીને ભાગી જઈએ, જેમનું રૂપાંતર કરવું શકય નથી એમ માનીને તેમને જવા દઈએ, તો દિવ્ય સાક્ષાત્કારમાં તેટલી હાનિ થાય.

બાહ્ય જીવનમાં પ્રકૃતિની સર્વ સિદ્ધિઓ, તેણે કરેલું સર્જન, દા. ત. પૃથ્વી-પરનું આ સર્વ વનસ્પતિ રાજ્ય અને પશુ રાજ્ય, અને પ્રકૃતિએ સર્જેલું આ માનવી જીવન, જો આ બધાને આપણે ભ્રાન્તિ માનીને, ભગવાનને અભિવ્યક્ત કરવા માટે અસમર્થ માનીને છોડી દઈએ, તો તે બધું વિરોધી બળોના હાથમાં જાય, જે બળો તે બધી વસ્તુઓને પોતાના હેતુઓ માટે બેશક પોતાની પાસે રાખવા માગે છે. પણ તેને બદલે, જો આપણે એમ માનીએ કે, આ બધું અત્યારે

વિકૃત દેખાય છે, પણ ઉદ્‌ભવસ્થાનની દૃષ્ટિએ, તાત્ત્વિક રીતે જોતાં તે બધું ભગવાનની માલીકીનું છે એટલું જ નહિ, પણ ભગવાનરૂપ જ છે, તો આપણે સભાનતાપૂર્વક, હેતુપૂર્વક રૂપાંતરનું કાર્ય કરી શકીએ, અને અત્યારે તેમના પર શાસન કરી રહેલી, વિરોધી બળોની અસરમાંથી તેમને તે વસ્તુઓને ઝુંટવી લઈ શકીએ.

બસ ? હવે કોઈ પ્રશ્ન છે ?

મધુર માતાજી, આપણું વૈશ્વિક અસ્તિત્વ એ શું છે ?

આપણું વૈશ્વિક અસ્તિત્વ ? તે શું છે ? હું તમારો પ્રશ્ન બરાબર સમજી શકતી નથી.

તે શું છે ? કારણ કે, આપણો સમગ્ર સ્વભાવ અને તેનું વાતાવરણ, આપણો વ્યક્તિગત અને વૈશ્વિક આત્મા એવી ટેવોથી અને અસરોથી પરિપૂર્ણ છે કે જે આપણા આધ્યાત્મિક પુનર્જન્મની વિરોધી છે.''

આપણો વૈશ્વિક આત્મા એ બીજા બધાઓ સાથે તથા પ્રકૃતિની સર્વ ગતિઓ સાથે આપણો સંબંધ છે.

મેં તમને અનેક વાર કહ્યું છે કે, તમારા અસ્તિત્વની પ્રથમ અવસ્થા એ બહારથી આવતી સર્વ વસ્તુઓના લગભગ સંમિશ્રાણની અવસ્થા છે, તેમાં કશું વ્યક્તીકરણ અથવા તમને એક ભિન્ન મનુષ્ય બનાવે તેવું કશું હોતું નથી. સર્વ-સામાન્ય વૈશ્વિક શકિતઓ, પ્રાણિક શકિતઓ અથવા માનસિક શકિતઓ વડે તમારું શારીરિક અસ્તિત્વ અથવા રૂપ (શરીર) ગતિમાન બનતું હોય છે.

તે વૈશ્વિક અસ્તિત્વ છે.

તમે આ અર્ધ-ચેતનામાંથી જે કાંઈ ખૂંચવી લીધું હોય છે, અને તેને એક સ્વતંત્ર અસ્તિત્વના રૂપમાં વત્તે-ઓછે અંશે સ્થાપિત કર્યું હોય છે, જે પોતાની જાતથી સભાન હોય છે, પોતાના ગુણોવાળું હોય છે, આ તમારું વ્યકિતરૂપ અસ્તિત્વ છે. આ વ્યકિતગત અસ્તિત્વ અસ્પષ્ટતાની, અચેતનતાની, સામાન્ય જીવનની મર્યાદાઓની ગતિઓથી સભર ભરેલું હોય છે ; તમારે તેને ધીમે ધીમે દિવ્ય અસર પ્રત્યે ખુલ્લું કરવું જોઈએ અને વસ્તુઓની ચેતના અને સમજ પ્રત્યે લઈ આવવું જોઈએ. શ્રી અરવિંદ તે કહે છે.

હકીકતમાં, વ્યકિતત્વનું સર્જન કરવું એ પ્રથમ વિજય છે. પછી આ વ્યકિતત્વનું ભગવાનને સમર્પણ કરી દેવું એ બીજો વિજય છે. ભગવાન તમારા વ્યકિતત્વનું દિવ્ય અસ્તિત્વમાં રૂપાંતર કરે એ ત્રીજો વિજય છે.

ત્રણ અવસ્થાઓ છે. પ્રથમ વ્યકિત બનવાની, બીજી વ્યકિતત્વને ભગવાનને સમર્પિત કરી દેવાની, જેથી તે ભગવાન સાથે તાદાત્મ્ય કરી શકે, અને ત્રીજી અવસ્થા એ છે કે જ્યારે ભગવાન તે વ્યકિતનો કબ્જો લે છે અને પોતાની પ્રકૃતિમાં તેનું પરિવર્તન કરે છે, અર્થાત્ તે વ્યકિત પણ ભગવાન બની જાય છે.

મોટે ભાગે, બધા યોગો બીજી અવસ્થા આગળ અટકી ગયા હતા. જ્યારે માણસે કાંઈ પણ બાકાત રાખ્યા વગર ભગવાનને આત્મ–સમર્પણ કરી દેવામાં અને તેમની સાથે તાદાત્મ્ય મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી, ત્યારે તે એમ માનતો હતો કે મારું કાર્ય સિદ્ધ થઈ ગયું.

પણ આપણે ત્યાંથી શરૂઆત કરીએ છીએ અને કહીએ છીએ કે " ના, આ તો માત્ર શરૂઆત છે. અમે જે ભગવાન સાથે તાદાત્મ્ય કર્યું છે તે અમારા વ્યકિતત્વમાં પ્રવેશ કરે અને તેને એક દિવ્ય જગતમાં કાર્ય કરતી દિવ્ય વ્યકિત બનાવી દે એવું અમે ઈચ્છીએ છીએ. અમે આને રૂપાંતર કહીએ છીએ. પણ પેલી પહેલી સિદ્ધિ તો તેની આગળની પહેલાંની છે, તેમ હોવું જ જોઈએ. જો તે સિદ્ધ ન કરાય તો ત્રીજી અવસ્થા પ્રાપ્ત કરવાની કોઈ શકયતા નથી. એટલે તેનો આધાર કેવળ ભગવાન પર છે. "

માતાજી, ભગવાન કબ્જો લેવા માગે કે ન માગે, પણ આ ત્રીજી અવસ્થાનો પૂરેપૂરો આધાર ભગવાન પર છે.

હકીકતમાં, દરેક વસ્તુનો આધાર ભગવાન પર જ છે. માત્ર તમને તેની જે ચેતના થાય છે તે ભિન્ન છે. એટલે સ્પષ્ટ રીતે ત્રીજી અવસ્થામાં માણસ સભાન બને છે કે ભગવાન જ બધું કરી રહ્યા છે, એટલે તેનો સમગ્ર આધાર માત્ર ભગવાન પર જ છે.

જ્યારે તમે આમ કહો છો, ત્યારે તમારી ચેતનાના જે ભાગને હજી પોતાના ભેદ વિષે અને પોતાના અસ્તિત્વ વિષે ખાતરી છે એ બીજા ભાગની સામે જોઈને કહે છે કે આહ, સરસ ; હવે મારે કશું કરવાનું રહેતું નથી. પણ જો તેનું અસ્તિત્વ જ ન રહ્યું હોય, પોતે ભગવાન રૂપ છે એવી સભાનતા તેને થઈ ગઈ હોય, તો

તેને આવો ખ્યાલ આવી શકે જ નહિ. તે કાર્ય કરવાનું ચાલુ રાખે છે, પણ તે વિકૃત ચેતના રાખ્યા સિવાય સાચી ચેતના સાથે તે કાર્ય ચાલુ રાખે છે.

(મૌન)

હવે કોઈ પ્રશ્ન છે?

મધુર માતાજી, માણસ કેવી રીતે સતત ભગવાનની હાજરીનો અનુભવ કરી શકે?

શા માટે નહિ?

પણ તે કેવી રીતે કરી શકાય?

પણ હું પૂછું છું કે શા માટે ભગવાનની હાજરીનો સતત અનુભવ થાય? તે અનુભવ કેવી રીતે મેળવવો, તેને બદલે હું પૂછું છું કે તે અનુભવ મેળવવા માટે તમે શું કરો છો? ભગવાનની હાજરી ન અનુભવી શકાવાનું કોઈ કરાણ નથી. જો એક વાર તમે તેમની હાજરીનો અનુભવ કરો, તો તમે હંમેશાં તેમની હાજરીનો અનુભવ કરવા માટે સમર્થ બનો છો, કારણ કે તે છે જ, તે એક હકીકત છે. માત્ર આપણું અજ્ઞાન જ આપણને તેનાથી અભાન બનાવે છે. પણ જો આપણે સભાન બનીએ, તો પછી આપણે હંમેશાં સભાન કેમ ન રહીએ? પોતે શીખ્યો હોય તેને માણસે શા માટે ભૂલી જવું જોઈએ? અનુભવ થયા પછી, શા માટે તેને ભૂલી જવો? તે માત્ર એક ખરાબ ટેવ છે, એટલું જ.

એક હકીકત છે, તે હકીકત જ છે. પણ આપણે તેનાથી સભાન છીએ, તેને જાણતા નથી. પણ સભાન થયા પછી અને જાણ્યા પછી આપણે શા માટે તેને ભૂલી જવું જોઈએ? શું તે બુદ્ધિનું લક્ષણ છે? તેનું કારણ માત્ર એટલું જ કે આપણને ખાતરી થઈ નથી કે એક વાર ભગવાનને મળેલો માણસ તેમને કદી ભૂલી જઈ શકે નહિ. ઊલટું, આપણામાં એવો મૂર્ખાઈભરેલા વિચારો હોય છે જે આપણને કહે છે કે ઓહ! હા, એક વાર એવો અનુભવ ભલે થયો હોય, પણ બાકીના સમયમાં તો પહેલાં હતું તેવું જ રહેશે. એટલે એની ફરી શરૂઆત કરવી જ પડે.

પણ જો આપણે એટલું જાણીએ કે અમુક વસ્તુ આપણે જાણી નથી, અમે અજ્ઞાન હતા, તો તે જ ક્ષણે આપણે જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે, હું દિલની સચ્ચાઈ-પૂર્વક પૂછું છું કે માણસ કેવી રીતે તે ભૂલી જઈ શકે? માણસ અમુક વસ્તુ

જાણતો ન હોય, તે એક હકીકત છે; માણસ અસંખ્ય વસ્તુઓ જાણતો હોતો નથી. પણ જે ક્ષણે તે તેમને જાણે છે, અનુભવ પ્રાપ્ત કરે છે, પછી તે તેમને કેવી રીતે ભૂલી જઈ શકે? તમારામાં ભગવાનની હાજરી છે, તમે તેને વિષે કાંઈ જ જાણતા નથી, અનેક કારણોસર, પણ તેમાં મુખ્ય કારણ એ છે કે તમે અજ્ઞાનની સ્થિતિમાં છો. તમે ઔચિતા, સંજોગોને વશ બનીને આ દિવ્ય હાજરીથી સભાન બનો છો; તમે એક હકીકતની સમક્ષ ખડા રહો છો, તે કલ્પના નથી, પણ હકીકત છે. તો પછી એક વાર જાણ્યા પછી તમે તેને કેવી રીતે ભૂલી જઈ શકો?

પણ હજી અમારામાં આ અજ્ઞાનની સ્થિતિ છે.

આહ! અને શા માટે? કારણ કે તમે તેને સામાન્ય સ્થિતિ ખાતરીપૂર્વક માનો છો, માણસ બીજી સ્થિતિમાં ન આવી શકે એમ માનો છો.

પણ જે ક્ષણે તમે જાણો કે એ એક તદ્દન અસાધારણ, સત્યથી વિપરીત સ્થિતિ છે, તો પછી તેનું પુનરાવર્તન શા માટે થાય છે? તેનું કારણ માત્ર એ જ છે કે તમને ખાતરી થઈ નથી, જ્યારે તમને ભગવાનની હાજરીનો અનુભવ થાય છે, ત્યારે તમને એમ લાગે છે કે "તે એક કાલ્પનિક, ચમત્કારિક, અને અસામાન્ય વસ્તુ છે; એટલે હું આ ઉદાત્ત સ્થિતિ કેવી રીતે રાખી શકું? તે મારા અસ્તિત્વથી તદ્દન વિરુદ્ધની વસ્તુ છે." પણ આ એક મૂર્ખતા છે, કારણ કે ઉદાત્ત સ્થિતિ એ એક સ્વાભાવિક સ્થિતિ છે; તમે સતત જે સ્થિતિમાં હો છો તે સ્વાભાવિક નથી, પણ એક જુઠ્ઠાણું છે, વિકૃતિ છે; અસ્વાભાવિક સ્થિતિ છે.

પણ જ્ઞાન પ્રાપ્ત કરવું અને સત્યમાં જીવવું, સાચે જ આ સ્વાભાવિક સ્થિતિ છે. એક વાર તમે તેમાં આવો, એટલે બધું પતી જાય છે, પેલી અજ્ઞાનમય સ્થિતિ અદૃશ્ય થઈ જાય છે, તમે સામાન્ય સ્થિતિમાં આવી સત્યમાં જીવો છો. એક વાર સત્યમાં આવ્યા પછી માણસ તેમાંથી ફરી કેવી રીતે બહાર આવી શકતો હોય છે?

તેનું કારણ માત્ર એ છે કે માણસે સમગ્રપણે સત્યમાં પ્રવેશ કર્યો હોતો નથી, તેના એક ભાગને જ સત્યનો અનુભવ થયો હોય છે અને બીજા ભાગોને હજી તે અનુભવ થયો હોતો નથી, તમે તે અનુભવ પ્રાપ્ત કરેલા ભાગમાં રહેતા હોતા નથી અને અનુભવ નહિ કરેલા બીજા ભાગોમાં આવી જાઓ છો; તે બધા ભાગોને, એક પછી એક, તે સત્યનો અનુભવ પ્રાપ્ત થવો જ જોઈએ.

મારા પ્રશ્નનો આ જવાબ છે, તમારે મને આ કહેવું જોઈતું હતું. આપણે અનેક ભાગોના બનેલા છીએ, જેણે અનુભવ પ્રાપ્ત કર્યો છે તે ભાગ એકલો

જ આપણામાં નથી, હંમેશાં આપણે તે ભાગમાં રહેતા હોતા નથી, આપણે તે અનુભવ વગરના બીજા ભાગોમાં જીવવાની શરૂઆત કરી દઈએ છીએ. તે ભાગોને પણ સત્યનો અનુભવ થવો જોઈએ.

પણ સાચું કહીએ, તો તે અનિવાર્ય નથી. કારણ કે તે અનુભવ પ્રાપ્ત કરેલો ભાગ તે અનુભવની સન્મુખ રહેતો હોતો નથી, ચેતનાનો સ્વામી બન્યો હોતો નથી. જો અનુભવ પ્રાપ્ત નહિ કરેલો ભાગ પેલા ભાગની જગ્યાએ આવી જાય, તો પણ આપણે તે અનુભવને ભૂલી જવાનું કોઈ કારણ નથી, કારણ કે તે ભાગ પણ તમે જ છો, તમારી જાત જ રહે છે, હજી તમારામાં હાજર છે. તેને શા માટે ભૂલી જવો? જ્યારે અસ્પષ્ટ, અચેતન, અજ્ઞાનમય ભાગ આગળ આવે, ત્યારે તેને આમ પેલા જ્ઞાન, અનુભવવાળા ભાગ સામે તમે શા માટે ધરી દેતા નથી કે જેથી અનુભવવાળો ભાગ તેને બતાવી દે કે તું હજી અજ્ઞાનમાં છે? દરેક માણસ આ કરી શકે છે. તેમાં જરૂર છે માત્ર તેમ કરવાની માણસની ઇચ્છાની. ફરી ભૂલમાં ગબડી પડવાની, અસ્પષ્ટતામાં, અજ્ઞાનમાં, અને મૂર્ખાઈમાં ગબડી પડવાની આપણને કોઈ ફરજ પાડી શકે તેમ નથી.

તેનું કારણ એ હોય છે કે આપણામાં રહેલી કોઈ વસ્તુ, નામર્દાઈ અથવા પરાજયની લાગણી દ્વારા તે પતનને સ્વીકારી લે છે. જો માણસ તેને ન સ્વીકારે, તો તે ફરી વાર ન બને.

જ્યારે બધું જ ઓચિંતું અંધકારમય બની જાય છે ત્યારે પણ જવાલા અને પ્રકાશ તો હંમેશાં હોય જ છે. જો માણસ તેમને ભૂલી ન જાય, તો તેણે તે અંધકારમય ભાગને તેમની સામે ધરી દેવાનો રહે છે; કદાચ તે બે વચ્ચે યુદ્ધ થાય, થોડી મુશ્કેલી ઊભી થાય, પણ તે સ્વલ્પકાલીન જ હશે, તમે તમારું સ્થાન કદી નહિ ગુમાવો.

તેથી સાચી રીતે એમ કહેવામાં આવે છે કે અજ્ઞાનદ્વારા કરાયેલા પાપનાં પરિણામો ભયંકર આવે, કારણ કે માણસ ભૂલો કરે છે, તે ભૂલોનાં પરિણામો આવે છે, જે મોટે ભાગે બાહ્ય અને ભૌતિક હોય છે, પણ તે કોઈ મોટી હાનિ નથી. મેં તમને અનેક વાર આ વસ્તુ કહી છે. પણ માણસ એક વાર સત્ય શું છે તે જાણે અને સત્યનો અનુભવ કરે, અને પછી પાપ કરે, અજ્ઞાનમાં અને અસ્પષ્ટતામાં પતન પામે, એ અનંતગણી ગંભીર ભૂલ છે. તે ભૂલ કુભાવ, દુષ્ટ

સંકલ્પના પ્રદેશની છે. ગમે તેમ પણ, તે શિથિલતાની અને નબળાઈની નિશાની છે, તેનો અર્થ એ છે કે, સંકલ્પબળ હજી નબળું છે.

એટલે તમારા પ્રશ્નને ઊલટી રીતે મૂકવામાં આવ્યો છે, તે અનુભવને કેવી રીતે કાયમ રાખવો, એમ પૂછવાને બદલે, તમારે તમારી જાતને એમ પૂછવું જોઈએ કે, માણસ કેવી રીતે તે અનુભવને રાખી શકતો નથી? જ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં દરેક જણ એ સ્થિતિમાં હોય છે કે, જેમાં તે અનુભવ નથી થયો હોતો. પણ એક વાર તેને પ્રાપ્ત કર્યા પછી માણસ તે અનુભવને ભૂલી ન જઈ શકે. જો તે ભૂલી જાય, તો તેનો અર્થ એ થયો કે, તેનો કોઈક ભાગ એમાં સંમતિ આપે છે; નહિ તો, તે ન જ ભૂલે.

(મૌન)

બસ? હવે કોઈ પ્રશ્ન નથી? તમારે ધ્યાન કરવું છે? હા?

(ધ્યાન)

* * *

૨૧ ડિસેમ્બર, ૧૯૫૫

માતાજી

"યોગનો સમન્વય" માંથી

"આત્મ-સમર્પણ"

વાંચે છે.

"ઘણીવાર સાધકને એમ લાગે છે કે, પોતે આગ્રહપૂર્વક પોતાના અંગત યુદ્ધમાં વિજય મેળવ્યો છે, છતાં તેને વારંવાર વિજય મેળવવો પડે છે."

હા, એટલે ?

તો શું તેનો અર્થ એવો છે કે, તેની સાધનાથી બીજા લોકોને લાભ મળે છે ?

તમે જાણો છો કે, દરેકને માટે તેવું જ છે.

જો માત્ર એક જ માણસ હોય, તો તે બધાને માટે પોતે એકલો તેમ કરી શકે છે, પણ જો દરેક જણ તે કરે, તો તમે સમજો છો કે... તમે ૫૦ માણસો પૂર્ણ યોગ કરો છો. જો તેમાંનો એક જ માણસ તે કરતો હોય, તો તે બધા

૫૦ જણ માટે કરે છે. પણ જો ૫૦ માંનો દરેક જણ તે કરતો હોય, તો તે માત્ર એક માણસ માટે જ કરે છે, કારણ કે, બધા બધાને માટે તે કરે છે.

પણ તે એવું કાર્ય છે કે જે ખૂબ સમય માગી લે છે?

માણસે પોતાની જાતને વિસ્તૃત કરવી જોઈએ. કાર્ય વધારે જટિલ છે, વધારે પરિપૂર્ણ છે. તે વધારે શક્તિની, વિશાળતાની, ધીરજની, સહિષ્ણુતાની માંગ કરે છે, આ બધી વસ્તુઓ જરૂરી છે. પણ હકીકતમાં, જો દરેક જણ પોતાને કરવાનું કાર્ય પરિપૂર્ણ રીતે કરે, તો તે એક જ માણસને બધું કાર્ય કરવાનું રહેતું નથી, એક જ જણને બધા માટે કાર્ય કરવાનું રહેતું નથી. પણ બધા એક વ્યક્તિ બની જઈને આખા સમૂહ માટે કાર્ય કરે છે.

યોગ કરનાર બધા લોકોમાં આથી એક પર્યાપ્ત એકતાનું નિર્માણ થાય છે, તેથી તેમનામાં ભેદ રહેતો નથી. આ સાચે જ તે કાર્ય કરવાની એક આદર્શ રીત છે. તેમાં એક જ શરીર, એક જ વ્યક્તિ રચાય છે; દરેક જણ પોતાને તથા બીજાઓને માટે, ભેદભાવ રાખ્યા વગર, કાર્ય કરે છે.

સાચું કહું તો, હું જ્યારે શ્રી અરવિંદને પ્રથમ મળી, ત્યારે પ્રથમ મારા મનમાં તે જ પ્રશ્ન ઉદ્‌ભવ્યો હતો. હું માનું છું કે, મેં તમને તે વિષે વાત કરી છે, મને અત્યારે તે યાદ નથી, પણ તાજેતરમાં જ મેં તમને તે વિષે કહ્યું હતું. માણસે લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પોતાનો યોગ કરવો જોઈએ અને પછીથી બીજાઓ સાથે તે કાર્ય ઉપાડી લેવું જોઈએ કે તે જ અભીપ્સાવાળા સર્વ લોકોને પોતાની પાસે આવવા દઈને, બધાએ એકઠા મળીને લક્ષ્ય પ્રત્યે પ્રગતિ કરવી જોઈએ?

મારા પહેલાંના કાર્યને તથા પ્રયત્નને કારણે, હું બરાબર આ જ પ્રશ્ન લઈને શ્રી અરવિંદ પાસે આવી હતી. કારણ કે બે શક્યતાઓ હતી: જગતનો ત્યાગ કરીને, બીજાઓ સાથે સંપર્ક છોડી દઈને ખૂબ ઉત્કટ વ્યક્તિગત સાધના કરવી કે સમૂહને સ્વયંભૂ રીતે, સ્વાભાવિક રીતે એકઠો થવા દેવો, કોઈ પણ માણસને અટકાવવો નહિ, અને બધાએ એકઠા મળીને માર્ગ પર આગળ વધવું?

ઠીક, તેનો નિર્ણય એક માનસિક પસંદગી ન હતી; તે સ્વયંભૂ રીતે પેદા થયો હતો. સંજોગો જ એવા હતા કે પસંદગીને અવકાશ જ ન હતો. તદ્‌ન સ્વાભાવિક અને સ્વયંભૂ રીતે સમૂહનું નિર્માણ એવી રીતે થયું હતું કે તે એક આવશ્યક જરૂરિયાત બની ગઈ. આપણે એક વાર તે રીતે શરૂઆત કરી એટલે પછી તે રીતે જ આપણે લક્ષ્યને પ્રાપ્ત કરવાનું રહે છે.

શરૂઆતમાં માત્ર ૫–૧૦ માણસો હતા. લાંબા સમય સુધી માત્ર ૫–૬ માણસો હતા. પછી સંખ્યા વધીને ૧૦, ૧૨, આશરે ૨૦, પછી ૩૦, ૩૫ ની થઈ ગઈ. તે સંખ્યા લાંબા સમય સુધી રહી. પછી તો સંખ્યા ઓચિંતી વધવા માંડી, અને પરિણામે આપણે અહીં છીએ! છેલ્લી સંખ્યા ૧૧૦૦ ની હતી. હજી તે સંખ્યા વધતી જ જાય છે.

આમાંના ઘણા લોકો સાધના કરતા નથી, એટલે સમસ્યા ઉભી થતી નથી. પણ જેઓ સાધના કરે છે તેમને માટે શ્રી અરવિંદે અહીં જે કહ્યું છે તે લાગુ પડે છે. જો માણસ એકાંતમાં રહીને સાધના કરવા માગે, તો તે સમગ્રપણે કરવી અશકય બની જાય છે. દરેક શારીરિક અસ્તિત્વ, માણસ ગમે તેટલો પૂર્ણ હોય, પણ તે આંશિક અને મર્યાદિત છે. તે જગતમાં એક જ નિયમનું પ્રતિનિધિત્વ કરે છે, પણ તે નિયમ એક જ છે, જેને ભારતમાં ધર્મ, એક સત્ય, એક નિયમ કહેવામાં આવે છે.

દરેક માણસ માત્ર એક વ્યકિત જ છે, પછી તે ગમે તેટલો પરિપૂર્ણ રીતે ઉચ્ચતર પ્રકારનો હોય, અને અમુક ખાસ કાર્ય કરવા માટે જ તેનું નિર્માણ થયું હોય. અર્થાત્ એક શરીર દ્વારા રૂપાંતરની સમગ્રતા સિદ્ધ ન થઈ શકે. તેથી જ સ્વયંભૂ રીતે સમૂહ એકઠો થઈ ગયો છે.

એકલો માણસ એકાંતમાં રહીને પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકે, પોતાની ચેતનામાં અનંત અને પરિપૂર્ણ બની શકે. પણ જયારે કાર્યનો પ્રશ્ન ઉદ્‌ભવે છે, ત્યારે તે હંમેશાં મર્યાદિત હોય છે.

તમે મને બરાબર સમજો છો કે નહિ તે હું જાણતી નથી, પણ અંગત સાક્ષાત્કારને કોઈ મર્યાદાઓ નથી. માણસ, આંતર રીતે, પોતામાં પરિપૂર્ણ અને અનંત બની શકે. પણ બાહ્ય સાક્ષાત્કાર અનિવાર્ય રીતે મર્યાદિત છે. જો માણસ સર્વસાધારણ કાર્ય માગતો હોય, તો માણસોની થોડી સંખ્યા પણ જરૂરી છે.

એક ખૂબ પ્રાચીન પરંપરામાં એમ કહેવામાં આવ્યું હતું કે, બાર માણસોની સંખ્યા પૂરતી છે, પણ આધુનિક જીવનની જટિલતાઓમાં તે શકય લાગતું નથી. એક પ્રતિનિધિ–સમૂહ હોવો જ જોઈએ. તમે તેને વિષે કાંઈ પણ જાણતા નથી અથવા કલ્પના કરી શકતા નથી, પણ તમારામાંનો દરેક જણ એવી મુશ્કેલીઓનું પ્રતિનિધિત્વ કરે છે કે રૂપાંતર સિદ્ધ કરવા માટે તેમને જિતવી જ જોઈએ. આ વસ્તુ ઘણી મુશ્કેલીઓ પેદા કરે છે! (માતાજી હસે છે) મેં એક જગ્યાએ

લખ્યું છે કે, દરેક જણ મુશ્કેલી કરતાં વધારે અશક્યતાનું પ્રતિનિધિત્વ કરે છે, જેનો ઉકેલ લાવવાનો છે. આ સર્વ અશક્યતાઓના સમૂહનું સાક્ષાત્કારના કાર્યમાં રૂપાંતર કરવાનું છે. દરેક જણ એક અશક્યતા છે, જેનો ઉકેલ લાવવાનો છે. જ્યારે આ બધી અશક્યતાઓનો ઉકેલ લાવવામાં આવશે, ત્યારે કાર્ય સિદ્ધ થશે.

પણ અત્યારે હું વધારે મૃદુ છું. હું અશક્યતાને બદલે મુશ્કેલી શબ્દ મૂકું છું. કદાચ હવે તે અશક્યતાઓ રહી નથી.

શરૂઆતથી અને ખાસ કરીને અત્યારે જ્યારે આપણો સમૂહ ખૂબ મોટો થઈ ગયો છે ત્યારે, જ્યારે કોઈ માણસ મને કહેવા આવે છે કે હું મારા યોગ માટે આવું છું, ત્યારે હું કહું છું કે "ઓહ, ના! તો પછી ન આવશો. બીજા કોઈ સ્થાન કરતાં અહીં કાર્ય વધારે, ખૂબ વધારે કઠિન છે." શ્રી અરવિંદે અહીં જે લખ્યું છે તે તેનું કારણ છે.

જો કોઈ મને એમ કહેવા આવે કે હું કાર્ય કરવા આવું છું, મારી જાતને ઉપયોગી બનાવવા આવું છું, તો તે બરાબર છે, પણ જો કોઈ આવે અને કહે કે "બહાર મને ઘણી મુશ્કેલીઓ છે, હું તેમને પાર કરી શકતો નથી. હું અહીં એટલા માટે આવું છું કે મને મદદ મળે." તો હું કહું છું કે "ના, ના. અહીં વધારે, ઘણું વધારે કઠિન બની જશે; તમારી મુશ્કેલીઓ અનંતગણી વધી જશે." તે સાચું છે, કારણ કે અહીં વ્યકિતગત મુશ્કેલીઓ નથી, પણ સામૂહિક મુશ્કેલીઓ છે.

તમારી અંગત મુશ્કેલી ઉપરાંત, અહીં અનેક પ્રકારના સંઘર્ષો, સંપર્કો, પ્રતિ-કાર્યો છે, કે જે બહારથી આવે છે, કસોટી કરવા માટે આવે છે, તમારી નબળાઈના બિંદુ પર, જેનો ઉકેલ લાવવો સૌથી વધારે મુશ્કેલ છે તે વસ્તુ પર જ કસોટી આવે છે, ત્યારે તમે જે શબ્દ-ગુચ્છ સાંભળવા માગતા ન હતા, તે જ તમારે બીજા માણસ પાસેથી સાંભળવો પડશે. કોઈક તમને આઘાત આપે એવો અભિનય કરશે, તમારે એવા કોઈ સંયોગનો, ગતિનો, હકીકતનો, પદાર્થનો સામનો કરવો પડશે કે તમે બોલી ઉઠશો કે આ ન બન્યું હોત, તો કેવું સારું થાત! તેવું જ કાંઈક વધુ ને વધુ પ્રમાણમાં બનતું રહેશે, કારણ કે તમે માત્ર તમારા એકલા માટે આ યોગ કરતા હોતા નથી, પણ દરેક જણ માટે કરો છો અને તે પણ સ્વયંભૂ રીતે.

એટલે જ્યારે લોકો આવીને મને કહે છે કે હું મારો યોગ કરવા માટે, મને શાન્તિ અને આરામ મળે તેટલા માટે હું અહીં આવું છું, ત્યારે હું કહું છું કે

ના, ના, તરત જ બીજે કયાંક જતા રહો. અહીંના કરતાં ત્યાં તમને વધારે શાન્તિ મળશે.

જો કોઈ માણસ આવે અને મને કહે કે " ઠીક. હું અહીં આવી ગયો છું. મને લાગે છે કે મારે મારી જાતનું દિવ્ય કાર્ય માટે સમર્પણ કરી દેવું જોઈએ. તમે મને જે કાર્ય આપશો તે કરવા હું તૈયાર છું." ત્યારે હું કહું છે કે "સરસ. એ બરાબર છે. જો તમારામાં સત્સંકલ્પ, સહિષ્ણુતા, અને થોડીક શકિત હોય, તો તમે ભલે અહીં રહો, પણ જો તમે તમારા આંતર વિકાસ માટે એકાંત ઈચ્છતા હો, તો તમે બીજે ગમે તે સ્થાને ચાલ્યા જાઓ એ વધારે સારું છે, પણ અહીં નહિ."

આજે જ મેં આ બધું કહ્યું, કારણ કે તેમ કરવાની મને તક મળી. સાથે સાથે મેં એમ પણ કહ્યું કે બાળકો માટે આ નિયમનો અપવાદ છે. કારણ કે અહીં બાળકોને અજ્ઞાન અવસ્થાથી તેમને મદદરૂપ બને તેવા વાતાવરણમાં રહેવાનો લાભ પ્રાપ્ત થાય છે. આવું વાતાવરણ બહાર મળતું નથી. જે લોકો બહુ વૃદ્ધ બની ગયા નથી, કિશોર અવસ્થામાં, યૌવનના પ્રારંભમાં છે, તેમને માટે પણ હું એમ જ કહું છું કે જે મેં પહેલાં કહ્યું.

પણ નાનાં બાળકો માટે તો, તે જેમ વધારે નાનાં તેમ તેમને માટે વધારે સારું છે. કારણ કે કોમલ બાલ્યાવસ્થાથી પરિપૂર્ણ વિકાસ માટે ખૂબ અનુકૂલ વાતાવરણમાં રહે છે, અને તેથી તેઓ વધારે ને વધારે વિકાસ સાધી શકે છે, જ્યારે માણસ આ અંગત વિકાસમાંથી બહાર આવીને યોગની શરૂઆત કરે છે, ત્યારે સમસ્યા ઉભી થાય છે. પણ જે લોકોનો ઉછેર પૂરેપૂરો અહીં જ થયો હતો તેમને માટે સમસ્યા ખૂબ ઓછી કઠિન છે, કારણ કે બાલ્યાવસ્થાથી જ તેઓ અજાણ્યે એક સમૂહના, સમગ્રતાના સભ્યો હતા; તેઓ તે સમૂહ–સમગ્રતા સાથે સાક્ષાત્કાર પ્રત્યે ગતિ કરે છે. એટલે તેમને માટે તે કોઈ નવી વસ્તુ નથી, કે જે મુશ્કેલીમાં વધારો કરે; ઊલટું તેથી તેમને મદદ મળતી રહે છે.

જ્યારે સમસ્યા ઉભી થાય, ત્યારે તેમને જાણી લેવાનું છે કે તેઓ યોગ કરવા માગે છે કે નહિ. આ મેં તમને અનેક વાર કહ્યું છે. એક ક્ષણ આવે છે કે જ્યારે બાળક કહે છે કે હવે હું મારો અનુભવ પ્રાપ્ત કરવા માટે જીવનમાં જઉં છું. ત્યારે હું કહું છું કે હે મારાં બાળકો, મારા આશીર્વાદ સાથે જાઓ; એવું જોજો કે તમે બહુ અપ્રસન્નકારી અનુભવમાં ન આવી જાઓ. (માતાજી હસે છે) પણ જે લોકો (બાળકો) એમ કહે છે કે ના, મેં મારો નિર્ણય કરી

લીધો છે, હું યોગ કરવા માગું છું. ત્યારે તેમની પાસે હું એ વસ્તુ સંતાડતી નથી કે મુશ્કેલીની એ શરૂઆત છે. એ ક્ષણથી અમુક ખાસ ગુણો જરૂરી બને છે; તેમને જે તૈયારી આપવામાં આવી છે, તેનો લાભ કેવી રીતે ઉઠાવવો તે તેમણે જાણવું જોઈએ. બહારથી આવતા લોકોના કરતાં તેઓ ઘણી વધારે સારી સ્થિતિમાં હોય છે! છતાં પણ તેમણે પ્રયત્ન તો કરવો જ પડશે. કારણ કે જો તેઓ નાનપણથી જ બીજાઓ વડે ખેંચાતાં ન શીખ્યાં હોય, તો તેમણે પ્રયત્ન કરવો જ પડશે. પણ બહુ થોડાં બાળકો એવાં પ્રૌઢ કે પાકટ બન્યાં હોય છે કે જેઓ પોતાની જાતને એકદમ ખેંચાવા દઈ શકે, જેમને બહારના ફટકાઓની જરૂર ન પડે કે જેથી તેઓ જાણી શકે કે આ જ સાચી વસ્તુ છે.

આનો આધાર ખૂબ પ્રમાણમાં પોતામાં તેઓ કેવા છે તેના પર છે. અહીં તે પ્રશ્ન આવીને ઉભો રહે છે કે તેઓ આ યોગ માટે જન્મ્યા છે, તેવું તેમનું પૂર્વનિર્માણ છે કે નહિ. જો તે તેમનું પૂર્વનિર્માણ હોય, તો તે બહુ સહેલું બની જાય છે.

મધુર માતાજી, તમે જે તક અમને આપી છે તેનો લાભ ઉઠાવવા માટે શું અમે પૂરતો પ્રયત્ન કરીએ છીએ?

આહ! મારા બાળક, આ તમારી અને તમારા અંતરાત્માના અવાજ વચ્ચેની બાબત છે. હું તેને વિષે કશું જ નહિ કહું. હું તેનો જવાબ ન આપી શકું. તેનું અવલોકન તમારે કરવાનું છે.

ઓહ, જો તમારામાંનો દરેક જણ સાચા પ્રકાશમાં આ વસ્તુને જોઈ શકે, તો સ્પષ્ટ છે કે...

જ્યારે તમે માનવ જાતિને મદદ કરવા આવેલા મહાત્માઓની આશ્ચર્યજનક કથાઓ વાંચતા હતા, ત્યારે તમને આ અનુભવ થયો હતો કે નહિ તે હું જાણતી નથી. કદાચ બીજા દેશો કરતાં અહીં, ભારતમાં તમે તે વિષે વધારે સાંભળ્યું હશે. તે કથાઓમાં એવું આવતું હતું કે જ્યારે ઊર્ધ્વમાંથી કોઈક દરમિયાનગિરી, ભગવાનની અદ્‌ભુત કૃપા જેવી તકો પ્રાપ્ત થતી હતી.

જ્યારે નાનું બાળક તેવી કથા વાંચે, તો તે કહે છે કે ઓહ! હું તે વખતે જન્મ્યો હોત, તો કેવું સારું થાત! તમને આવો અનુભવ થયો હતો કે નહિ તે હું જાણતી નથી.

હું એવા લોકોને જાણું છું કે જેમને એવો અનુભવ થયો હતો. અને પછી કોઈક તેમને કહે છે કે ધારો કે તમને આવી તક મળે, તો તમારું પ્રતિકાર્ય કેવું હોય? કેટલીક વાર ઓચિંતાં માણસ તે જુએ છે, સ્વર્ગ ખુલી ગયું હોય અને ત્યાંથી પહેલાં જે પૃથ્વી પર અહીં ન હતી તેવી વસ્તુ આવી ગઈ હોય એવું તેમને લાગે છે, કેટલા લાંબા સમય સુધી તે રહેશે તે ન કહી શકાય, પણ એ પૃથ્વીના અને માનવના જીવનમાં એક એવી અસાધારણ ક્ષણ છે કે જ્યારે વસ્તુઓ પહેલાંની પેઠે શુષ્ક અને નિર્જીવ લાગતી નથી. એટલે તે માણસને ચમત્કાર જીવવાની લાગણી થાય છે.

જો માણસ તે વસ્તુ રાખી શકે, તો બધું બરાબર ચાલે છે. પણ કમનસીબે માણસ તે જલ્દી ભૂલી જતો હોય છે.

જો માણસને એક વાર તે પ્રાપ્ત થાય, તો દ્વાર ખુલી જાય છે. માણસને ઓચિંતી એવી લાગણી થાય છે કે, તે કાંઈક છે, અનંત કૃપા છે, અદ્‌ભૂત છે. એક, બે, ત્રણ સદીઓ પહેલાં જીવનાર લોકો તેની આશા રાખતા હતા, તેની રાહ જોતા હતા. તેમને માત્ર એક જ તક હતી, ફરી એક નવીન જીવન જીવવાની અને વધારે સારી સ્થિતિઓમાં જીવવાની.

પણ અત્યારે તો આપણને આ સ્થિતિઓ પ્રાપ્ત થઈ છે, કૃપા અહીં છે.

તે વસ્તુનો માત્ર વિચાર જ નહિ, પણ અનુભવ જો માણસ પ્રાપ્ત કરી શકે, અને પછી તેને રાખી શકે, તો બધું સહેલું બની જાય છે. પણ કમનસીબે માણસ ખૂબ જલ્દી તેને ભૂલી જતો હોય છે.

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદે કહ્યું છે કે, "પૂર્ણયોગના સાધકે માત્ર પોતામાં જ અહંતામય અસત્યની અને અવ્યવસ્થાની શક્તિઓને જિતવાની નથી, પણ તેમને..... ના પ્રતિનિધિઓ તરીકે જિતવાની છે."

હે મારા બાળક, ધ્યાનપૂર્વક સાંભળ, પણ હું જ્યારે બોલું છું, ત્યારે તમે સાંભળતા નથી, તેથી હું દિલગિર છું. તારા તો બરાબર આ જ પ્રશ્ન હતો, અને મેં તેને બધી વસ્તુઓ સમજાવી છે. તો પછી તમે તેવો જ પ્રશ્ન શા માટે પૂછો છો? તમને સમજાયું ન હતું? મેં બધું જ સમજાવ્યું હતું.

(મૌન)

માતાજી, તમે કહ્યું કે, દરેક જણ એક અશક્યતાનું પ્રતિનિધિત્વ કરે છે, આ કેઈસમાં, દરેક જણે આ અશક્યતાનો ઉકેલ લાવવા પર એકાગ્રતા કરવી જોઈએ, નહિ વારુ ?

તેના પર એકાગ્રતા કરવી એ અનિવાર્ય નથી, તે સમસ્યાના રૂપને તે જાણતો કે ન જાણતો હોય, પણ તેણે તેનો સામનો કરવો જોઈએ.

મેં એક વાર આ કહ્યું છે, જ્યારે તમે વિજયનું પ્રતિનિધિત્વ કરો છો, ત્યારે હંમેશાં તમારામાં તે વિજયથી વિરુદ્ધની કોઈક વસ્તુ હોય છે, જે તમને સતત મુશ્કેલીમાં મૂકતી હોય છે.

દરેક માણસને પોતાની આગવી મુશ્કેલી હોય છે. એક વાર મેં તમને તેનો દાખલો પણ આપ્યો હતો. દા. ત. જે માણસે નિર્ભયતાનું, હિંમતનું, બધાં જોખમોમાં અને યુદ્ધોમાં ટકી રહેવાનું પ્રતિનિધિત્વ કરવાનું છે, તેનામાં પોતાના અસ્તિત્વમાં કોઈક જગ્યાએ મોટે ભાગે ભીષણ બાયલાપણું હોય છે, જેની સામે તેણે સતત યુદ્ધ કરવું પડે છે, કારણ કે જગતમાં તેને જે વિજય પ્રાપ્ત કરવાનો છે તેનું પ્રતિનિધિત્વ તે કરે છે.

તે આના જેવું છે. જે માણસે ભલા, કરુણાળુ, ઉદાર બનવાનું છે, તેના અસ્તિત્વના અમુક ભાગમાં તે માણસ તીક્ષ્ણ, કટુ, અને કેટલીક વાર ખરાબ હોય છે; બીજું અસ્તિત્વ બનવા માટે તેણે તેની સાથે ઝઘડવું પડે છે. તે બધી વિગતોમાં લાગુ પડે છે. તે તેવા પ્રકારનું છે.

જ્યારે તમે કયાંક સાચી રીતે દુ:ખજનક, કાળો પડછાયો જુઓ છો, ત્યારે તમે ખાતરી રાખી શકો કે, તમારામાં પ્રકાશની શકયતા પણ છે.

તે પડછાયો ન્યૂન થવાને બદલે શા માટે વૃદ્ધિ પામે છે ?

"વૃદ્ધિ પામે છે", એટલે તમે શું કહેવા માગો છો ?

(શિષ્ય જવાબ આપી શકતો નથી.)

અહીં તે વૃદ્ધિ પામે છે ? હા, કારણ કે આ સાક્ષાત્કારનું સ્થાન છે.

તમે જીવનમાં અજ્ઞાન હો છો. તમે આખું જીવન એક અસ્પષ્ટ અર્ધચેતનામાં પસાર કરો છો, તમે તમારી જાતને માત્ર એક દેખાવ કરતાં વધારે જાણતા હોતા નથી. તેથી તમે હંમેશાં તમારું જીવનકાર્ય સિદ્ધ કરવા અસમર્થ રહેશો, અને તેથી

તમે મુશ્કેલીના હૃદયમાં રહેલા અવરોધનો સામનો કરતા નથી, માત્ર દેખાવોની વચ્ચે જ જીવો છો. એટલે તમારા દોષો, સદ્‌ગુણો, શક્તિઓ, મુશ્કેલીઓ નાનકડાં છે; તમે જાતે જ સતત મધ્યમ પ્રકારના માણસ રહો છો.

જ્યારે તમે સાક્ષાત્કારના માર્ગ પર ચાલવાની શરૂઆત કરો છો, ત્યારે જ તમારી શક્યતાઓ વાસ્તવિક બને છે, અને સ્વાભાવિક રીતે જ તમારી મુશ્કેલીઓ પણ વધારે મોટી બને છે, વસ્તુઓ ઉત્કટ બની જાય છે.

તેથી હું લોકોને એમ કહું છું કે, "જો તમે તમારી અંદર શાન્તિને અને એકાંતને શોધી ન શકો, તમારી અંદર પ્રવેશવા માટે તમારી જાતને અલગ ન કરી શકો, જો સામાન્ય જીવનમાં તમે તેમ ન કરી શકો, તો તમે ચોક્કસ અહીં પણ તેમ નહિ કરી શકો, કારણ કે તમારી પ્રથમ મુશ્કેલી એ હશે કે, તમને એમ લાગશે કે, દરેક વસ્તુ અને દરેક જણ તમારા પર આક્રમણ કરી રહ્યું છે; એટલે તમે તમારી જાતને અલગ કરવા માટે તદ્‌ન અસમર્થ બની જશો. જો તમે અહીં આવતા પહેલાં તમારી જાતને અલગ કરી દેવાનું શીખ્યા હશો, તો બહુ સારું બનશે. પણ જો તેમને તેમ કરતાં નહિ આવડતું હોય, તો અહીં તે કરવાનું તમને બહુ કઠિન જણાશે.

દરેક વસ્તુ માટે તેવું જ બનતું હોય છે. જેમનો સ્વભાવ ખરાબ છે, દા. ત. જેઓ પોતાના ક્રોધ પર કાબૂ રાખી શકતા નથી, તેઓ સામાન્ય જગત કરતાં અહીં વધારે ખરાબ બની જાય છે, કારણ કે સામાન્ય જગતમાં જીવનની બધી જરૂરિયાતો તેમને કાબૂમાં રાખતી હોય છે, દા. ત. જ્યારે તેઓ ઑફિસમાં જાય અને સાહેબ સાથે ગુસ્સે થઈ જાય, તો તેમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે છે. જ્યારે અહીં અમે તેમને કાઢી મૂકતા નથી, તેમને માત્ર એટલું જ કહેવામાં આવે છે કે, તમારી જાત પર કાબૂ રાખવા પ્રયત્ન કરો.

* * *

૨૮ ડિસેમ્બર, ૧૯૫૫

માતાજી
"યોગનો સમન્વય" માંથી
"આત્મ-સમર્પણ"
વાંચે છે.

મધુર માતાજી, "પૂર્ણ યોગના સત્ય સ્વભાવરૂપ સર્વગ્રહણકારી એકાગ્રતા" એ શું છે?

ના, જે કાંઈ અસ્તિત્વમાં છે તેના પ્રત્યે ખુલ્લી, કોઈ પણ વસ્તુનો વિરોધ ન કરતી એકાગ્રતા એ છે. તે ખુલ્લી એકાગ્રતા છે. તેનો અર્થ એવો છે કે, સાધકે પોતાનામાંથી અમુક વસ્તુઓનો ઈન્કાર કરવો ન જોઈએ; અમુક બિંદુ પર જ માત્ર એકાગ્રતા કરીને બીજાં બિંદુઓની ઉપેક્ષા ન કરવી જોઈએ. બધી શકયતાઓનો સ્વીકાર કરવો જોઈએ અને તેમનો પીછો પકડવો જોઈએ.

અહીં લખવામાં આવ્યું છે કે, આપણો એકમાત્ર હેતુ, લક્ષ્ય ભગવાન પોતે જ હોવો જોઈએ, જાણ્યે કે અજાણ્યે એવું કાંઈક કે જે આપણા નિગૂઢ સ્વભાવમાં હંમેશાં અભીપ્સા કરી રહ્યું છે."

મધુર માતાજી, આ અભીપ્સા કરનારી કોઈક વસ્તુ એ શું છે?

તે અસ્તિત્વનો એક ભાગ છે જે દરેક જણમાં એક જ હોતો નથી, અને જે ચૈત્યિકની અસર પ્રત્યે સાહજિક વૃત્તિથી ખુલ્લો છે.

હંમેશાં અસ્તિત્વમાં એક ભાગ, કાંઈક એવું હોય છે, કેટલીક વાર તે તદ્દન આવૃત હોય છે, જેનાથી આપણે સભાન હોતા નથી, જે ચૈત્યિક પ્રત્યે વળેલું હોય છે અને તેની અસર ઝીલતું હોય છે. તે ચૈત્યિક ચેતના અને બાહ્ય ચેતના વચ્ચે દુભાષિયો છે.

દરેક જણમાં તે એક જ ભાગ કે વસ્તુ નથી, પણ ભિન્ન ભિન્ન હોય છે, તે તેના સ્વભાવમાં અથવા ચારિત્ર્યમાં એક એવું બિંદુ છે કે જેની દ્વારા તે ચૈત્યિકનો સ્પર્શ કરી શકે છે અને જ્યાં તે ચૈત્યિકની અસરને ઝીલી શકે છે. તેનો આધાર માણસો પર છે, દરેક જણ માટે તે ભિન્ન ભિન્ન છે, દરેક જણમાં આવું બિંદુ હોય છે.

તમને એવી પણ લાગણી થાય કે, અમુક વસ્તુઓ તમને ઓચિંતી ધકકેલી રહી છે, તમારી જાતથી ઊર્ધ્વમાં ઉઠાવી રહી છે, કોઈક મહત્તર વસ્તુ પ્રત્યે દ્વાર ખોલી રહી છે. તે ઘણી વસ્તુઓ હોઈ શકે, તેનો આધાર દરેક માણસના સ્વભાવ પર છે. તે અસ્તિત્વનો એક એવો ભાગ છે કે જે કોઈક વસ્તુ માટે ઉત્સાહ ધરાવે છે, તે આ ઉત્સાહ માટેની શકિત છે.

બે મુખ્ય વસ્તુઓ છે. એક આ ઉત્સાહ માટેની શકિત, જે માણસને પોતાની મહત્તર અથવા ન્યૂનતર જડતામાંથી બહાર લાવે છે, જેથી તે પોતાની જાતને વત્તી-ઓછી સમગ્ર રીતે તેને ઉત્સાહ આપનારી વસ્તુમાં ફેંકી શકે. દા. ત. કલાકાર પોતાની કલા માટે, વૈજ્ઞાનિક પોતાના વિજ્ઞાન માટે. સામાન્ય રીતે, દરેક સર્જકમાં, નિર્માણકારમાં એક ખાસ શકિતનું, ખાસ શકયતાનું ખુલ્લાપણું હોય છે, જે તેનામાં ઉત્સાહ ઉત્પન્ન કરે છે. જ્યારે તે સક્રિય હોય છે, ત્યારે તેના અસ્તિત્વમાં કાંઈક જાગૃત થાય છે, અને નિર્માણ થતી વસ્તુમાં તેનું લગભગ સમગ્ર અસ્તિત્વ ભાગીદાર બનતું હોય છે.

કેટલાક લોકોમાં આભાર-વૃત્તિની સાહજિક શકિત હોય છે; સમગ્ર જીવનની, સૂક્ષ્મથી સૂક્ષ્મ તત્ત્વની, જીવનની નાનામાં નાની ઘટનાની પીઠમાં એક ચમત્કારની પેઠે સંતાઈ રહેલું જે તેમને લાગે છે તેના પ્રત્યે હૃદયની ઉષ્ણતા, ભકિત, આનંદ સાથે પ્રત્યુત્તર આપવાની ઉત્કટ જરૂરિયાત તેમનામાં હોય છે. તેઓ સર્વ વસ્તુઓની પીઠમાં રહેલા પરમ સૌન્દર્યને અથવા અનંત કૃપાને અનુભવે છે.

મેં એવા કેટલાક માણસોને જોયા છે, જેમને કશાનું જ્ઞાન ન હતું, જેઓ લગભગ અભણ હતા, જેમનાં મન તદ્દન સામાન્ય પ્રકારનાં હતાં, અને છતાં જેમનામાં આ આભાર–વૃત્તિની, હૃદયની ઉષ્માની શકિત હતી, જે પોતાની જાતને આપી દે છે, સમજે છે, અને આભાર માને છે.

તેવા લોકો માટે ચૈત્યિક સાથેનો સંપર્ક વારંવાર થતો, લગભગ સતત રહેતો, અને તેટલા પ્રમાણમાં તેનાથી સભાન બની શકતા, બહુ નહિ તો થોડા સભાન; તેમને એમ લાગતું કે પોતે ખેંચાઈ રહ્યા છે, કશુંક તેમને મદદ કરી રહ્યું છે, પોતાથી ઊર્ધ્વમાં ઉઠાવી રહ્યું છે.

આ બે વસ્તુઓ લોકોને વધારેમાં વધારે તૈયાર બનાવે છે. જન્મથી જ તેમનામાં આ બેમાંની એક વસ્તુ હોય છે; જો તેઓ પ્રયત્ન કરે, તો તે ધીમે ધીમે વિકાસ કરે છે, વૃદ્ધિ પામે છે.

અમે કહીએ છીએ કે ઉત્સાહ માટેની શકિત, જે કોઈક વસ્તુ તમને તમારી દુઃખી અને અધમ અહંતામાંથી બહાર કાઢે છે તે ઉદાર આભાર–વૃત્તિ, જે પણ પોતાની જાતને નાનકડી અહંતામાંથી આભાર પ્રગટ કરવામાં બહાર ફેંકે છે, આ બે વસ્તુઓ પોતાના ચૈત્યિક અસ્તિત્વમાં ભગવાન સાથે સંપર્ક સાધવાનાં સૌથી વધારે શકિતશાલી ઉચ્ચાલન બિંદુઓ છે. તે ચૈત્યિક અસ્તિત્વ સાથે સંપર્ક સાધવામાં એક સૌથી વધારે ખાતરીભરી કડી છે.

(મૌન)

હવે કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, શું ખૂબ ખરાબ માણસોમાં પણ એવું કાંઈક છે કે જે અભીપ્સા કરે છે?

સૌથી વધારે દુષ્ટ લોકોમાં? હા, મારા બાળક, અસુરોમાં પણ, યોગના શત્રુઓમાં પણ, રાક્ષસોમાં પણ તેવું કાંઈક છે.

હંમેશાં એક ખૂણો, એક ચિરાડ, એક લાગણીપ્રધાન બિંદુ હોય છે કે જેને મોટે ભાગે નબળાઈ કહેવામાં આવે છે. પણે તે અસ્તિત્વનું વાસ્તવિક બળ છે, એવું બિંદુ છે કે જેના વડે તેનો સ્પર્શ થઈ શકે.

ખૂબ ખૂબ અસ્પષ્ટ અને ગેરમાર્ગે દોરાયેલા માણસોમાં પણ, જેમનો સભાન સંકલ્પ ભગવાન સાથે લડવાનો છે તેવા માણસોમાં પણ, તેઓ ન ઇચ્છે તો પણ, વસ્તુઓ ગમે તેવી બનતી હોય તો પણ, તેમનું ઉદ્‌ભવ સ્થાન દિવ્ય જ છે. તેઓ પોતાની જાતને પોતાના દિવ્ય ઉદ્‌ભવસ્થાનમાંથી કાપી નાંખવા માટે વ્યર્થ પ્રયત્ન કરતા હોય છે; તેઓ તેમ કરી શકતા નથી. તેઓ તેમ કરવાનો હેતુપૂર્વક, સભાનતાપૂર્વક પ્રયત્ન કરે છે. પણ તેઓ તેમ કરી શકતા નથી. સૌથી વધારે રાક્ષસી માણસનો પણ સ્પર્શ કરવાનું એક સાધન છે.

ભગવાન અને ભગવાનનું જગતમાં થતું કાર્ય હંમેશાં પાપની અતિશયતા પર મર્યાદા તરીકે કાર્ય કરે છે, અને સાથે સાથે શુભને, પુણ્યને અમર્યાદિત શક્તિ આપે છે. શુભની આ અમર્યાદિત શક્તિ બાહ્ય રીતે, આવિર્ભાવમાં, અશુભના પ્રસારણ પર અંકુશ રાખવાનું, મર્યાદા મૂકવાનું કાર્ય કરે છે.

માણસોની ખૂબ મર્યાદિત દૃષ્ટિને કેટલીક વાર સ્વાભાવિક રીતે જ એમ લાગે છે કે અશુભને કોઈ મર્યાદાઓ નથી. તે હદ પાર વિસ્તરે છે. પણ તે હદ જ તેની મર્યાદા છે. અશુભને હંમેશાં અમુક જગ્યાએ અટકી જવું પડે છે, કારણ કે અમુક બિંદુ પર ભગવાન પોતે પ્રગટ થઈને કહે છે કે આનાથી આગળ તું નહિ વધી શકે. તે પ્રકૃતિના મહાન વિનાશો હોય કે માણસોનું રાક્ષસીપણું હોય, પણ એક એવી ક્ષણ આવે છે કે જ્યારે ભગવાન દરમિયાનગિરી કરે છે અને વસ્તુઓને આગળ વધતી અટકાવે છે.

(લાંબા સમય સુધી મૌન)

મધુર માતાજી, જે લોકોમાં જાણ્યા વગર આ અભીપ્સા હોય છે, તેઓ શું અજાણ્યે પણ પ્રગતિ કરે છે?

હા, હા.

તો પછી દરેક માણસ હંમેશાં પ્રગતિ કરે છે, નહિ વારુ?

અમુક રીતે જોતાં, હા. તે માત્ર એક જીવનકાળમાં દેખાય નહિ, કારણ કે જ્યારે માણસ સભાનતાપૂર્વક તેમાં ભાગીદાર બનતો નથી, ત્યારે ગતિ પ્રમાણમાં ધીમી હોય છે, માનવ જીવનના ટુંકા ગાળા માટે પણ ધીમી. એટલે એ તદ્‌ન શકય છે કે દાખલા તરીકે, મૃત્યુની ક્ષણે એમ લાગે કે માણસે પ્રગતિ કરી નથી, કેટલીક વાર એમ પણ લાગે કે તેણે પીછેહઠ, અવનતિ કરી છે, જીવનની શરૂઆતમાં

તેની પાસે જે હતું તે તેણે ગુમાવી દીધું છે. પણ જો આપણે અનેક જન્મોના તેના ચૈત્યિક અસ્તિત્વનો જીવન-વળાંક લઈએ, તો આપણને જણાશે કે હંમેશાં પ્રગતિ થતી જ રહી છે. તેના એક જન્મમાં તેને જે અનુભવ મળ્યો હતો તે તેને થોડીક પ્રગતિ કરવામાં મદદરૂપ બને છે. પણ માત્ર ચૈત્યિક અસ્તિત્વ જ પ્રગતિ કરે છે.

અત્યારે જે સ્થિતિમાં છે તે શારીરિક અસ્તિત્વ આરોહણના અમુક બિંદુએ પહોંચ્યા પછી ફરી નીચે આવે છે. એવાં તત્ત્વો છે કે જે સ્થૂલ રૂપે પાછાં નીચે આવતાં નથી, પણ તે પાછું નીચે આવે છે એ ચોકકસ વાત છે.

પ્રાણિક અસ્તિત્વ અને માનસિક અસ્તિત્વ પાછાં નીચે આવે એ અનિવાર્ય નથી. જો પ્રાણિક અસ્તિત્વને વૈશ્વિક શકિત સાથે સંયુકત થતાં આવડતું હોય, તો તે સહેલાઈથી ફરી નીચે આવવાનું ટાળી શકે છે. જો માનસિક અસ્તિત્વ સામાન્ય રીતે પોતાનો વિકાસ ચાલુ રાખે, તો તેને ફરી બિલ્કુલ નીચે આવવું પડતું નથી. એટલે જ્યાં સુધી આ બધાં સુસમન્વિત હોય અને ચૈત્યિકની અસર હેઠળ હોય, તો તેઓ હંમેશાં પ્રગતિ કરતાં રહે છે.

માત્ર શારીરિક અસ્તિત્વ જ વૃદ્ધિ પામે છે અને વિઘટન પામે છે. પણ તેનું કારણ એ છે કે તેનામાં સ્થિતિસ્થાપકતાનો અને ગ્રહણશીલતાનો અભાવ સ્વાભાવિક રીતે જ હોય છે; તે અનિવાર્ય નથી, એટલે એમ માની શકાય કે જો અમુક ક્ષણે શારીરિક ચેતના પોતે સભાનતાપૂર્વક અને હેતુપૂર્વક પ્રગતિ કરે, તો અમુક પ્રમાણમાં અને વધતી જતી રીતે શરીર પોતે પણ પ્રથમ ક્ષીણતાનો પ્રતિરોધ કરી શકે, આ સ્પષ્ટ રીતે પ્રથમ ગતિ છે અને પછી ધીમે ધીમે આંતર પરિપૂર્ણતામાં એવી વૃદ્ધિ પામવા માંડે કે છેવટે તે વિઘટનનાં બળો પર વિજય મેળવે.

પણ સાચું કહીએ તો, શરીર જ માત્ર એક એવી વસ્તુ છે કે જે પ્રગતિ કરતી નથી. બીજી બધી વસ્તુઓ પ્રગતિ કરે છે.

પણ આ ભૌતિક શારીરિક પદાર્થતત્ત્વ જે શરીરનું ઘટક તત્ત્વ છે, તે આપેલા શરીરમાં અમુક ઉમ્મર સુધી જીવે છે, પછી તે રૂપ ક્ષીણ થાય છે અને વિઘટન પામે છે, પણ આ બધાં શરીરોનું ઘટક પદાર્થતત્ત્વ તે બધાં શરીરો દ્વારા જન્મ પરંપરામાં પ્રગતિ કરે છે. આ શરીરનાં કોશાણુઓ દિવ્ય શકિતને તથા ચેતનાને

અભિવ્યકત કરવા માટે પ્રગતિ કરે છે. તે બધાં ઘટકો દ્વારા પદાર્થતત્ત્વ વધુ ને વધુ સભાન, તેજોમય અને ગ્રહણશીલ બને છે, અને છેવટે તે એક એવી પરિપૂર્ણતાને પહોંચે છે કે જ્યારે તે દિવ્ય શકિતને પ્રગટ થવા માટે એક શકય વાહન બની શકે, જે દિવ્ય શકિત જેમ સૃષ્ટિનાં બીજાં તત્ત્વોનો, મનનો અથવા પ્રાણિકનો ઉપયોગ કરે છે તેમ તે પદાર્થતત્ત્વનો પણ કરે.

તે ક્ષણે શારીરિક પદાર્થતત્ત્વ જગતમાં નવીન ચેતનાને, નવીન પ્રકાશને, નવીન સંકલ્પને અભિવ્યકત કરવા માટે તૈયાર બનશે. અનેક સદીઓમાંથી, અસંખ્ય જન્મોમાંથી, અસંખ્ય શરીરોમાંથી પસાર થઈને તેમાં મળેલા અનુભવોનો ઉપયોગ કરીને તે પદાર્થતત્ત્વ સંસ્કૃત બને છે, તૈયાર થાય છે, દિવ્ય શકિતઓ પ્રત્યે વધારે ખુલ્લું અને ગ્રહણશીલ બને છે.

એટલે એક સ્વલ્પજીવી પ્રાણી તરીકે માણસ પ્રગતિ કરતો ન દેખાય. પણ તેની દ્વારા અને બીજાં બધાં શરીરો દ્વારા પ્રગતિ ચાલુ જ રહે છે.

(મૌન)

(એક બાળકને) તમને એમ લાગે છે કે, આ બહુ આશ્વાસનદાયી નથી!

છતાં પણ તે એક આશ્વાસનરૂપ છે, કારણ કે હકીકતમાં સભાનતાપૂર્વક કાર્ય કરવા વડે દરેક માણસ પ્રગતિની ગતિને ઝડપી બનાવી શકે છે. દરેક જણને તે સ્વતંત્રતા આપવામાં આવી છે; માણસે તેનો લાભ ઉઠાવવો જોઈએ.

વૈશ્વિક પ્રગતિમાં સભાનતાપૂર્વક ભાગ લેવામાંથી કોઈ પણ માણસને અટકાવે એવો અનિવાર્ય કાયદો નથી. આ સ્વતંત્રતા તેને આપવામાં આવી છે.

હવે કોઈ પ્રશ્ન છે? નથી? (એક બાળકને) તમારે કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, જ્યારે કોઈ માણસ સ્વપ્નમાં બે મસ્તકવાળો, ધોળો સાપ જુએ, ત્યારે તે શું સૂચવે છે?

તેનો આધાર સંદર્ભ ઉપર છે. તે કહેવું કઠિન છે. તાર્કિક રીતે તેનો અર્થ "વિશુદ્ધ બનેલી શકિત" હોવો જોઈએ.

બે માથાં : તેનો આધાર સંદર્ભ પર છે, અર્થાત્ કયા સંજોગોમાં તે તેને જુએ છે, ત્યાર પહેલાં શું બન્યું હતું, તે સમયે શું બને છે, અને પછી શું બન્યું હતું, તેના પર તેનો આધાર છે. જો તે બે માથાંવાળો સર્પ હોય, તો...

મંજુર માતાજી, તે સર્પ આ રૂમમાં હતો. તે વખતે ત્યાં કોણ હતું તે હું જાણતો નથી, પણ ગૌરીના ખાનામાં, અહીંઆ તે સાપ હતો. મેં જેવું તે ખાનું ઉઘાડયું કે તરત જ તે બહાર આવ્યો. પછી તેને તમે પૂંછડી વડે પકડયો, તે તમને કરડયો, પણ તેથી તમને કશું થયું નહિ. પછી બીજી બારીમાંથી તમે તેને જવા દીધો.

તે ધોળો હતો?

હા.

તેને બે માથાં હતાં?

હા.

(મૌન)

તમને ખાતરી છે કે તે મને કરડયો?

તે હું નથી જાણતો.

પણ તમને એવું યાદ છે ને?

હા.

કયા ખાનામાં?

મંજુર માતાજી, અહીં, જેમાં તમે પુષ્પો રાખો છો તે ખાનામાં.

પેટીમાં?

હા.

(મૌન)

મેં તેને બહાર નાંખી દીધો?

ના, નાંખી ન દીધો, પણ તમે તેને બારી પર મૂકયો, અને તેને જવા દીધો, તે સાપ બહાર જતો રહ્યો.

તદ્દન ઘેાળો ?

હું એમ ધારું છું.

તમે તેની આંખો જોઈ હતી? તેની આંખો કેવી હતી ?

મને ખબર નથી.

આ કયારે બન્યું ?

હું ધારું છું કે, બે-ત્રણ દિવસ પહેલાં.

સરસ. હવે આપણે ધ્યાન કરીશું ને ?

(ધ્યાન)

* * *

શબ્દસૂચિ

અ

અકસ્માતો

સામૂહિક વાતાવરણ ૧૫૨
—ની સામે રક્ષણ ૧૫૨

અગ્નિ

અભીપ્સાની જ્વાળા ૩૪૬

અતિમનસ

અતિમનસની શક્તિમાં આરોહક ૨૭૨
આધમનસ અને ૨૧૨,૨૧૩
—નું અવતરણ અને શરીરનું રૂપાંતર ૨૧૨
—નું કાર્ય ૩૨૮
મુખ્ય ટાઈપો અને ૧૨૭

અધિમનસ

અતિમનસમાં જવું તે ૨૧૨,૨૧૩
દેવો અને દેવીઓ ૧૬૩,૨૪૫
"નિર્માણકારો" ૧૬૩
—નાં સત્ત્વો અને ચૈતસિક ૯૨
મુખ્ય ટાઈપો અને અધિમનસ ૧૩૬

અનુભવ

અહંતા અને ૨૩૧,૨૩૨
અનુભવો હોવા ૮૩
એક જ ફરીને થતો નથી ૩૬
એકાગ્રતા અને ૮૫
આંતર ૨૯૬
કાર્ય અને ૨૯૫
ચૈતસિક અસર અને અનુભવ ૨૬૪, ૨૬૫
જીવન એક અનુભવ ૮૩
ટાર્ઘ્ય-રૂપ ૮૬
તર્કબુદ્ધિનો અવરોધ ૪૩
ની "નિષેધાત્મક અને વિધેયાત્મક બાજુ" ૨૦૮
—ની રચના ૩૬૧
—નું વિશુદ્ધિકરણ ૧૨,૧૩
સમજ અને ૩૬૧
સભાન અનુભવ હંમેશાં યાદ રહે ૧૦૨
સ્વયંભૂ અને માનસીકરણ કરાયેલો ૨૧૫,૨૧૬

અનિષ્ટ

—ની અતિશયતા પર મર્યાદા ૪૨૩, ૪૨૪
ભગવાનની દરમ્યાનગીરી ૪૨૩

અભીપ્સા

અસુરો વગેરે અભીપ્સા કરે છે ૪૨૩
અસ્તિત્વના ભિન્ન ભિન્ન ભાગો ૪૨૧
કામનાઓ અને સાચા દિલની અભીપ્સા ૬૯
ચૈતસિક અને માનસિક અભીપ્સા ૯

—ને માટે સમજ ૨૩૮
—ને માટે યોગ ૨૧૭
—ની સિદ્ધિ ૨૪૧,૨૪૨
—ની જ્વાળા ૩૭૪
—નું ઉત્કટીકરણ ૧૯૫
પરમાત્મા માટે ૯૮,૩૭૪,૩૭૫

શ્રી અરવિંદ

નવીન જગતનું વચન ૩૩૧
—નો યોગ ૨૦૩,૪૧૩
"પારતાર્કિક સૌંદર્ય" ૧૭૨,૧૮૪
પાર્થિવ રૂપાંતરોના અધિષ્ઠાતા ૩૩૧
વડે લખાયેલો મંત્ર ૩૭૧
વિચારો અને ઝાંખીઓ ૩૪૫
વિવેકાનંદ અને ૨૩૦,૨૩૧
રૂપાંતર. પર ૩૦૦ વર્ષ ૧૫૪
સામૂહિક યોગ પર નિર્ણય ૪૧૩

અવકાશ

કાલ અને દેશ ૨૬૩,૨૬૪
શારીરિક, પ્રાણિક, માનસિક
ભૂમિકાઓના દેશ ૨૨૨

અવચેતન

ખોટી ગતિઓનો ઈન્કાર ૯૧
માંદગી અને અવચેતન ૧૪૯
શારીરિક રૂપાંતર અને ૮૯

અવપ્રકાશમય

"અવપ્રકાશમય આત્મા" ૧૧૬, ૧૧૭
"આંતર શારીરિક" ૧૩૩,૧૪૪
ચૈતસિક અને અવપ્રકાશમય ૧૧૪
સ્વપ્નો અને અવપ્રકાશમય ૧૧૪,૧૧૬
સૂક્ષ્મ મન વગેરે ૧૧૩,૧૧૪

અવતાર

તરીકે બુદ્ધ ૩૦૧
—નો અર્થ ૩૦૦
પૃથ્વી જીવનમાં ચમત્કારિક ક્ષણો ૪૧૩
વિશ્નુ અને શિવના ૩૦૧

અવાજનું ધાંધલ

મોટા અવાજોમાં મોજ માણવી ૨૫

અશક્યતા

અને અશક્યતાઓ ૨૩૬,૨૬૪
મુશ્કેલી અને ૪૧૪,૪૧૯
"સાધના" દરેક જણ
એક અશક્યતા છે. ૪૧૪,૪૧૮

અસુર

ઉદ્ભવસ્થાન માટે અભીપ્સા ૪૨૩
વનાશ ૩૧૧
જુઓ : વિરોધી બળો

અહંતા

અને સ્વાર્થીપણું ૩૭૧,૩૭૨
અહંતાપૂર્ણ ગતિઓનું
રૂપાંતર ૮૧
અંગત પ્રયાસની લાગણી ૩૬૬,૩૬૫, ૩૭૧
"અહંતામય વ્યક્તિત્વ"નો અર્થ ૧૧

આભારવૃત્તિ અને ૪૨૩
ઉત્સાહ અને ૪૨૩
ઘણી અહંતાઓ ૧૧
ચેતનાની અહંતાપૂર્ણ સ્થિતિ ૩૫૫
—નો હેતુ ૩૬૬,૩૭૨,૩૭૩
—નું કોચલું, તેના અનુભવો ૨૩૧, ૨૩૨
પાર અહંતા ૧૨૪
વ્યક્તિગત અને સામૂહિક ૧૧,૧૩

અજ્ઞાન

ભેદજનક અજ્ઞાનની દીવાલ ૨૩૮
"માનવજાતિનું એકમાત્ર અનિષ્ટ" ૩૨૦,૩૨૧
—માં કરાતી ભૂલો ૪૧૦
વિજ્ઞાનનો અને બુદ્ધનો અભિપ્રાય ૩૨૦, ૩૨૧
જ્ઞાન અને ૩૨૧

આક્રમણો

તેમનાથી મુક્તિ ૧૪૮
—ની સામે રક્ષણ ૮૮,૧૫૨
રચનાઓના રૂપે પાછા આવે છે ૮૭,૮૮

આત્મા

મુક્ત : તેની ઉપમા ૨૦૯

આત્મા

આત્મજ્ઞાન ૧૯૭,૧૯૮
ચૈતસિક અને સાચો આત્મા ૧૧૦,૧૧૧
—ની સત્યની વિસ્મૃતિ ૨૬૧
બધાં પરિવર્તનોની પીઠમાં સ્થાઈ છે ૮૬
વ્યક્તિગત અને વૈશ્વિક ૪૦૬

આત્મા

આત્માના તંતુઓ ૩૪૨
જુઓ : ચૈતસિક

આત્મસમર્પણ

નવીન સાક્ષાત્કાર માટે સંપૂર્ણ ૩૩૧,૩૩૨
—નો આનંદ ૪૦૦,૪૦૨
—માં વિશુદ્ધિ અને ઉત્કટતા ૨૪૪
યોગમાં ૧૯૫,૨૦૧,૨૪૮

આંતરીકરણ

—ની અસર ૨૮૬,૨૮૭
બીજા માપોમાં જવું તે ૨૫૦
યોગમાં પ્રથમ પગલું ૩૫૫,૩૫૬

આનંદ

કલાકારનો ૩૯
કામના પર પ્રભુત્વની પ્રાપ્તિ ૪૦
દ્વારા રૂપાંતર ૪૦૧
દિવ્ય હાજરી એ આનંદ સૌંદર્ય છે ૪૦૧
"માણસો જેને આનંદ કહે છે" ૪૦૧
વિજયનું ચિહ્ન ૪૦૦
શત્રુને જીતે છે ૪૦૧,૪૦૨
સમર્પણનો ૪૦૦,૪૦૧
સાચો નિષ્કામ ૪૦

આનુવંશિકતા

અને ચારિત્ર્ય ૩૭૫
જડતા ૩૭૬

આપઘાત ૨૪,૩૫

આભારવૃત્તિ

અહંતામાંથી ઉદય ૪૨૩
—નો આનંદ ૨૪૪
સાહજિક છે : બલવાન
ઉચ્ચાલન બિંદુ ૪૨૨,૪૨૩

આરામ

સાચો આરામ ૨૯૧

આવિર્ભાવ

અનેક ભેદો; અસંખ્ય, એક
પરમાત્મા ૩૬૬
એક ભગવાનનાં અનેક નામરૂપો ૩૩૧
નવીન ૩૩૧

આસક્તિ

આત્માને બંધ – પૂરી દે છે ૩૪૩

આશ્રમ

ઘણાં કારણોસર આવેલા લોકો ૨૦૩
—ના કાર્ય પાછળ કાર્યનું
નિર્માણ ૩૯૧, ૩૯૨
—નું નિર્માણ ૪૧૩
—નું વલણ અને લક્ષ્ય ૩૯૩
—ના વિદ્યાર્થીઓ ૨૦૩, ૪૧૬,૪૧૭
—માં સામૂહિક સાધના
૪૧૨,૪૧૫,૪૨૦
—માં માતાજીનું કાર્ય ૨૫૯,૨૬૦
—માં ક્રીડાંગણ ૨૬૮
મુલાકાતીઓની ટીકા ૩૯૧,૩૯૨
શાળા – વાર્ષિક કાર્યક્રમ ૩૮૯
શાળાનું લક્ષ્ય ૩૪૫
સાક્ષાત્કારનું સ્થાન ૪૧૯

આંતરરાષ્ટ્રીય કેળવણી કેન્દ્ર

ક્રીડાંગણ ૨૫૮
ડિપ્લોમાઓ આપવામાં
આવતા નથી ૩૯૨
પરિપૂર્ણ પરિપૂર્ણતા – એ લક્ષ્ય ૩૯૧
વાર્ષિક કાર્યક્રમ ૩૯૦

એકતા

મૌલિક અને ભેદ ૨૩૮
સામૂહિક ૪૧૨

એકાગ્રતા

ક્રીડાંગણમાં ૨૫૮,૨૫૯
ચિંતન અને એકાગ્રતા ૨૮૧
—નો કર્મ દ્વારા અનુભવ ૮૫
પર પ્રભુત્વ ૮૬
બાહ્ય પ્રવૃત્તિ અને ૭૩
વડે સમયનો બચાવ ૧૩૧
સર્વસ્વીકાર ૪૨૧
સાચી એકાગ્રતા ૨૫૫
સંપૂર્ણ એકાગ્રતામાંથી
પસાર થવું ૨૮૦
હૃદય અને સૂર્યચક્ર
—તેનું કેન્દ્ર ૨૫૩

અંત ૯૦,૧૦૯,૧૧૦

ઈ

ઈંન્કાર
જીવનને ભ્રાંતિ ગણીને ૪૦૪
—નો પ્રક્રિયા ૧૦૦
—ની ખોટી ગતિઓ ૯૫,૨૦૦
૨૦૧,૨૦૮,૨૦૯
રૂપાંતર અને ૮૯,૧૦૦,૧૦૧

ઈંન્દ્રિયો
—ની કેળવણી ૬૧
—નો અવકાશ ૧૭૦,૧૭૧

ઉ

ઉત્સાહ
અહંતામાંથી ઉદય ૪૨૩
—ને માટે શક્તિ ૪૨૨,૪૨૩

ઉત્ક્રાન્તિ
અવક્રાંતિ અને ઉત્ક્રાન્તિ ૩૬૨,૩૬૩
ઉત્ક્રાન્તિની પીઠમાં એક યોજના ૩૨૫
—નો માનવ અનુભવમાં વળાંક
૩૦૯,૩૬૫
પ્રથમ માનવ ૩૪૧
પ્રકૃતિની રીતરસમો ૧૬૭
પાર-માનવ અને નવીન જાતિ ૩૩૭
ભૂતકાળની ઉત્ક્રાન્તિ; ભગવાન
પ્રત્યે અભિગમ ૩૭૪
માનવ અને નિમ્નતર સ્તરો
૩૨૮,૩૨૯
સભાન : માનવ જાતિની ૩૫૮

ઉપવાસ
અસમતુલા ૬૫
મેટરલિંક ૬૬
શક્તિ ૬૪

ક

કમળ
ચક્રો ૨૧૬
સહસ્રદળ કમળ ૨૧૫,૨૧૬
"જ્ઞાનનું કમળ" ૩૩૯,૩૪૦

કલા
આધુનિક ચિત્રકલા ૪૮,૧૬૧
કલાકાર, સૌંદર્યની ભાવના ૬૨
ચિત્રકલાનું ઉદ્ભવસ્થાન ૩૫૨,૩૫૩
ડાઘવાળો કાચ ૫૦,૫૧
—નું ભાવિ ૧૬૩
પ્રાચીન ચિત્રકલા ૧૬૨

કલ્પના
ઉપયોગ અને દુરુપયોગ ૬૮
—નું કાર્ય ૨૩૪,૨૩૫
ભગવાન અને ૨૩૫
લેખકો અને ૨૩૩
વાસ્તવિકતા અને ૨૩૫
વૈજ્ઞાનિકો અને ૨૩૪
શક્તિનું નિર્માણ ૨૩૩,૨૩૪,૨૪૩
સાક્ષાત્કાર (સિદ્ધિ) અને ૨૩૪,૨૩૫

કવિતા
"આત્માની વિષય-વિલાસિતા" ૨૮૧

કવિઓ વિચારોને અભિવ્યક્ત કરે છે ૯૮
તત્ત્વચિંતન અને ૨૮૧
— માં સૌંદર્ય ૨૮૨

કામના

અજ્ઞાન અને ૩૨૧,૩૨૨
કલ્પના દ્વારા સિદ્ધિ ૨૪૩
ચેપી છે ૩૯
—નાં ઉદ્ભવસ્થાનો ૪૦
—નો ત્યાગ ૪૧
પ્રગતિમાં અવરોધરૂપ ૩૦૨
પ્રેમ અને ૩૯,૪૦
વગર ખાવું તે ૬૬
વિશે બુદ્ધના વિચારો ૩૯,૨૯૬ ૩૨૧,૩૨૨
સુધારવા બાબત ૬૨

કાર્ય

આંતરમુક્તિ અને ૨૯૭
—ની પર ગીતાનું ૩૯૭
—ની પ્રત્યે આસક્તિ ૩૯૬,૩૯૭
—માંથી છુટકારો ૨૯૬

કાર્ય

"અનુભવની પાઠશાળા" ૨૯૫
ધ્યાન અને ૨૯૫
ભગવાન માટે ૨૦,૩૮૯
"શરીરની પ્રાર્થના" ૩૯૧
સાધના માટે પસંદગી ૨૮૮

કાળ

કાળ સાથે આપણો સંબંધ ૩૮૫
ચૈતસિક ભૂમિકામાં કાળ ૨૨૪
છંદોમયતાનાં વર્તુળો ૩૩૯
તેનાથી પર; ત્રણેય કાળોની ચેતના ૨૨૩
દેશ અને તેમાં શકયતાઓ ૨૬૩,૨૬૪
શારીરિક, પ્રાણિક, માનસિક ભૂમિકાઓ ૨૨૨
"સમય નજીક છે" ૩૩૦,૩૩૧,૩૩૨,૩૩૫

કયૂ

કયૂનો આશાવાદ ૪
—ની પદ્ધતિ ૪,૫

કેન્દ્રો

—ને જાગ્રત કરવાં ૨૧૬
સહસ્રાર-દલ કમલ ૨૧૫,૨૧૬,૩૪૧
સૂર્યચક્ર અને હૃદય કેન્દ્ર ૨૫૩
જ્ઞાનનું કમલ ૩૪૧,૩૪૨

કેલ્ડિયન કથા

'પ્રભુનો પ્રેમ' વિશે ૩૭૧,૩૭૨,૩૭૮

કેળવણી

અનુભવ દ્વારા શીખવાતી સ્વતંત્રતા ૨૯૦
અસ્તિત્વને સમૃદ્ધ બનાવવા શીખવું ૩૧૭
ઇન્દ્રિયોની ૬૨
'કલાસિકલ' પુસ્તકોનું વાચન ૨૯૧
પુસ્તકો ૩૧૪
રસવૃત્તિની ૬૧,૩૧૩

સિનેમા, કેળવણીના સાધન તરીકે ૩૦૨

ક્રોધ ૯૫,૧૧૨,૧૧૯,૧૪૬,૨૦૦

કંટાળો

કંટાળાની સ્થિતિ ૨૫
માણસની સામાન્ય સ્થિતિ ૩૧૭,૩૧૮

કુંડલિની

અને જાગ્રત કેન્દ્રો ૩૪૨
—ની અનુભૂતિ ૨૧૪,૨૧૫

ખ

ખગોળશાસ્ત્રી

એક ભાષા તરીકે ૩૭૦

ખોરાક

અનિવાર્ય વસ્તુ ૫૭
ઇચ્છા વગર ખાવું ૬૬
ઉપવાસ ૬૪
લોભ ૬૨,૬૩
વિટામિનો (પોષક તત્ત્વો) ૫૨
શરીર અને ૬૬
શક્તિ અને ૬૪

ગ

ગુરુ

દિવ્યગુરુ "વૈશ્વિક ગુરુ" ૩૪૮
ગુરુનો શબ્દ ૩૪૩

ગૂઢવાદ ૨૬૫

ગ્રહો

ઊડતી રકાબી ૧૬૮,૧૬૯
બીજા ગ્રહો પર જવું :
બાહ્યીકરણ ૧૬૯
બીજા ગ્રહો પર પદાર્થતત્ત્વ ૧૬૭
બીજા ગ્રહો પર પ્રાણીઓ ૧૭૦
માર્ટિયન્સ, મંગલ ગ્રહના
નિવાસીઓ ૧૬૮

ગ્રહણશીલતા

અગાશીનું દર્શન ૨૫૮
ઉપવાસ અને ૮,૬૬
પ્રાણિક શક્તિઓ અને ૧૪૪,૧૪૫
શંકા તેને જડ બનાવે છે ૮

ગ્રામ્યતા

આધુનિક જગતમાં રસવૃત્તિની
વિકૃતિ ૩૦૪,૩૧૪,૩૧૫
"આધુનિક સમયનું ચિહ્ન છે" ૨૯૨
ગ્રામ્યીકરણ સિનેમાનાં ગીતો
૩૦૨,૩૦૩
પ્રગતિમાં અવરોધ ૩૦૩
સિનેમા; વિકૃતિનું સાધન ૩૦૪

ચ

ચઢતો-ઊતરતો ક્રમ

સાક્ષાત્કારમાં ૩૪૨

ચમત્કાર

ઉચ્ચતર ભૂમિકાઓની
દરમ્યાનગિરી ૩૭૬,૩૮૨,૩૮૩
તે શું છે ૩૮૩
નિશ્ચિતતા અને ૩૬૭,૩૬૮,૩૮૨

ચેતના

અહંતામય સ્થિતિ ૩૫૫
આંતર અને બાહ્ય ચેતના ૨૦૦,૩૫૩
આંતર અને બાહ્ય સ્વભાવ ૧
કોષાણુઓમાં ૨૩૮
ચૈતસિક સાથે જોડાયેલી ૨૫૬
દરેક પ્રાણીમાં પરમચેતના ૩૪૨
—ના ક્રમો ૧૮૪
—ની ભિન્ન ભિન્ન સ્થિતિઓ ૧૩૭
—ની ઊલટાસૂલટી ૧૯૮,૧૯૯,૨૭૪
—નું પરિવર્તન ૩૩૩
ભગવાનને સમર્પિત થયેલી ૨૫૬
મનથી ઊર્ધ્વમાં જવું તે ૨૫૩
યોગ માટે પ્રકાશ ૨૦૪
વિશાળ ચેતના ૨૫૦
વૈશ્વિક ચેતના પ્રત્યે ખુલ્લાપણું ૨૭૨
વૈશ્વિક અને અન્ય ૨૩૭
શારીરિક ચેતના અજ્ઞાનમય ૨૨૫,૨૨૭,૩૮૦
સમયો-ચેતનાની ગતિઓ ૩૩૯,૩૪૦
સભાન બનવું ૪૫,૧૯૭,૧૯૮
સાચી ચેતના ૬૯
સાચી ચેતના; મુશ્કેલીઓ અદૃશ્ય થાય ૩૯૯

ચૈતસિક

અવપ્રકાશ અને ૧૧૪
આશ્રમમાં તેની સાથે સતત સંપર્ક ૧૨૨
કૃપામાં શ્રદ્ધા ૧૨૧,૧૨૨
ચેતના અને સંયોગો ૩૮૨
"ચૈતસિક જરૂરિયાત" ૪૨,૩૯૮
જોડાણ "યોગ" ૩૫૬,૩૫૭
જીવનને સંગઠિત કરે છે ૨૨૪
જીવાત્મા અને ૨૮
—ની મુક્તિ ૨૭૨,૨૭૩
—ની અભિવ્યક્તિ ૪૫
—ની સ્વભાવ પર અસર ૨૬૪, ૨૬૫,૪૨૧
—નો જીવન વળાંક; અને પ્રગતિ ૪૨૪,૪૨૫
—ના સંપર્કથી શક્તિઓનો વિકાસ ૩૯૮,૩૯૯
—ને માટે માત્ર પૃથ્વી જ સ્થાન છે ૧૬૯
—નો સંપર્ક ૧૨૨,૧૯૯,૨૨૩,૨૫૩, ૨૬૪,૨૬૫,૨૭૫,૨૬૬, ૩૫૬,૩૪૮,૪૨૨,૪૨૩
—નું કાર્ય ૮૨
—નું જ્ઞાન ૨૨૬,૨૨૭,૨૭૬,૩૫૬
પાર્થિવ જીવનમાં પ્રગતિ ૮૨
પ્રાણિક અને ૪૯,૨૫૪
પુનર્જન્મ ૯૨,૯૩,૩૭૫,૩૭૭
પૂર્વજન્મોની સ્મૃતિ ૨૨૪
બાહ્ય સ્વભાવ અને ૨૧,૧૧૫,૨૨૩, ૨૬૪,૨૬૫
ભગવાનનો પ્રતિનિધિ ૨૨૯
મન અને ૪૩,૪૪,૩૧૩
માં પૂર્વજન્મોનો અનુભવ ૩૭૫
મુશ્કેલીઓ અને ચૈતસિક ૨૨
વિકસિત ચૈત્યિક ૨૧,૨૭૩,૩૬૩
વિભૂતિ અને ૩૬૩
શારીરિક ચેતના અને ૯૦,૨૨૫,૨૨૬

શોધ માટે ઉપમાઓ ૨૭૩,૨૭૪
સાતત્યની લાગણી ૨૨૪
સાથે આપ-લેનો વ્યવહાર ૪૧,૭૩, ૮૪,૮૬
સાચો આત્મા અને ૧૧૦,૧૧૧

ચિંતન ૨૮૧

જ

જગત

આધુનિકઃ રસવૃત્તિનો છેવાડો ૩૦૩
નવીન જગતનો આવિર્ભાવ ૩૨૭, ૩૨૮
નવીન જગતનું વચન ૩૨૯,૩૩૦
ને બદલવું —૧૯૦,૩૨૬
ભિન્ન ૩ંો ૨૯૬

જન્મદિવસ

આપણે શા માટે ઊજવીએ છીએ૩૩૯

જાદુ

જાદુની ફૅાર્મ્યુલાઓ ૨૬૭,૨૬૮
રહસ્યમય શકિતઓ અને ૨૬૫
યૌગિક શકિતઓ અને ૨૬૭

જાતિ

જાતિની ગતિઓ ૧૦૨
પ્રકૃતિ સમગ્ર જાતિઓનો નાશ કરે છે ૧૬૬

જાતીયવૃત્તિ

પ્રકૃતિ સાધન તરીકે તેનો ઉપયોગ કરે છે ૧૬૭
પ્રાણિક જગતોમાં તેના વગરનાં પ્રાણીઓ ૧૬૫
બીજા જગતનાં સત્ત્વો ૧૬૨,૧૬૭
માનસિક જગતમાં જાતીયવૃત્તિ વગરનાં પ્રાણીઓ ૧૬૬

જીવન

અંદરનું જીવન અને સપાટી પરનું ૨૮૬,૨૮૭
આંતર અને બાહ્ય ૨૯૯,૩૮૦
ઉચ્ચતમ સત્ય અનુસાર ૨૯૧
કેમ જીવવું તે શીખવું ૧૫૩, ૧૮૦,૧૮૧
જીવનનો ભ્રાંતિ માની ત્યાગ ૪૦૫
—ની સમસ્યાઓ ૩૦૯
—ની ચકત્કારિક ક્ષણો ૪૧૬
—નો હેતુ ૨૧૪
—ને વિરોધી બળથી બચાવવું ૪૦૫
—નું ટેવરૂપ કાર્યફળ ૨૨૫
પોતાના જીવનને સંગઠિત બનાવવું ૧૩૦,૧૩૧
"સાચી જીવન પ્રવૃત્તિ" ૨૨૩

જીવાત્મા

આવિર્ભાવનું ઉદ્ગમ સ્થાન૨૨૯,૨૩૦
ચૈતસિક અને જીવાત્મા ૨૨૯

ટ

ટેવો

જોવાની ટેવ ૩૮૧,૩૮૨
વિસ્મૃતિ ખરાબ ટેવ છે ૪૦૮
સામાજિક ટેવો ૨૪૬
સ્વયંભૂ ગતિઓ ૨૨૫

ત

તર્કબુદ્ધિ

અનુભવ અને ૪૩,૧૭૫,૧૭૮,૧૯૮
"આત્માનો પ્રધાન" ૧૭૭
આધ્યાત્મિક જીવન અને ૧૭૪,૧૭૫
ધર્મ અને ૧૭૨,૧૭૩
—નું ક્ષેત્ર ૧૭૪
—નો વિકાસ ૧૭૮
—ને ભજવવાનો સાચો ભાગ ૧૭૩,૧૭૪
"માર્ગને તૈયાર કરે છે" ૧૮૦,૧૮૧

દ

દર્શનો

પ્રતીકમય સ્વપ્ન અને દર્શનો ૧૩૩,૧૩૪

દિલની સચ્ચાઈ

આત્મવંચના અને ૪૦૨
વિરોધી શક્તિઓ અને ૯૩,૩૬૭
સત્યનો પ્રકાશ ૯૪,૯૫

દિવ્યકૃપા

આશ્રમ : કૃપાની દરમ્યાનગિરી ૪૧૮
ચૈતસિક જરૂરિયાત અને ૪૩
દિવ્યકૃપાની શ્રદ્ધા ૪૦
બચાવી લે છે ૪૦૨
માનવઇતિહાસમાં દરમ્યાનગિરી ૪૧૭,૪૧૮
સદ્ભાવ (સત્ સંકલ્પ) અને ૩૯૫
સર્વની પાછળ ચમત્કાર ૪૨૨

દુઃખ

જગતના દુઃખનું કારણ ૫૫
ભેદ અને ૪૦૦
મટાડવું ૧૩૪,૧૩૬
માનસિક ઉપચાર ૩૨૨

દેવદૂતો

ઘણાં નામો ૧૬૫
—નું જગત ૧૬૨

દેવો

અને દેવીઓ ૧૬૩
અધિમનસ ૧૬૩,૧૬૪,૨૪૧
દેવદૂતોનું જગત ૧૬૪
—ની પ્રત્યે માણસનું વલણ ૩૩૭

ધ

ધન

અસત્ય અને ૩૦૫,૩૦૬
એક શક્તિ તેનો ઉપયોગ ૫૯
એક શાપ છે ૫૮
દરિદ્રતા ૫૯
મનની વિકૃતિ ૩૧૫,૩૧૬
વેપારી મનોવૃત્તિ ૩૧૫,૩૧૬

ધર્મ

કેલ્ડિયન અને ખ્રિસ્તીધર્મમાં ભગવાન ૨૪૫

તર્કબુદ્ધિ અને ૧૭૨,૧૭૩
માનવી માત્રમાં ન્યૂન
બન્યો છે ૩૨૨
—માં આંશિક ચમત્કાર ૯૮

ધ્વનિ

તેનો અર્થ આત્મસ્થિતિઓ ૩૫૨
—ની શક્તિ ૩૫૦
બીજાં જંગલોમાં ધ્વનિ ૩૫૨,૩૨૩
માનવનો અવાજ ૩૫૨

ધ્યાન

એકાગ્રતા અને ૨૮૦
કાર્ય અને ૨૯૫
કેવી રીતે કરવું ૨૭૧
ધ્યાનમાં મસ્તિષ્કસ્નાન ૩૦૪
—ના ભિન્ન ભિન્ન
પ્રકારો ૨૭૯,૨૮૦
"બંધ બારણા આગળ" ૨૭૫
—માં કદરૂપાં રૂપો દેખાય છે ૮૭
વડે બાહ્ય જીવનમાં પરિવર્તન
નથી આવ્યું ૨૯૯,૩૮૦

ન

નારી

—ની સમસ્યા ૧૫૩
ફ્રાંસમાં તેમની સ્થિતિ ૧૬૦
રાજકારણમાં ૧૬૦

નાણાંશાસ્ત્ર

—નું રૂપાંતર કઠિન ૩૦૫,૩૦૬

નિદ્રા

આંતરજ્ઞાનની પાઠશાળા ૭૬
કેવી રીતે ઊંઘવું ૭૧,૭૨,૧૨૫,
૧૨૬,૧૩૦
—માં પ્રાણીજગતમાં જવું ૧૨૬
—માં આક્રમણો ૮૭,૮૮
"યૌગિક આરામ" ૭૦,૧૨૯
સભાન ૭૦

નિર્વાણ

અવ્યકત ભગવાન અને
નિર્માણ ૨૪૯,૨૫૦
બૌદ્ધ ધર્મ; જીવનમાંથી
નાસી છૂટવું ૩૨૩
સર્વ ભૂમિકાઓની પીઠમાં તે છે ૨૪૯

નિશ્ચિતતા

ઉચ્ચતર ભૂમિકાઓની
દરયાનગિરિ ૩૬૭,૩૬૮,૩૮૨,૩૮૩
ચમત્કારો અને
૩૬૭,૩૬૮,૩૮૨,૩૮૩

નૈતિકતા ૧૨૯,૧૩૦

પ

પદાર્થતત્ત્વ

અચેતનાની સ્થિતિ ૩૬૬
"પદાર્થતત્ત્વમાં યોગ" ૨૬૮

પયગંબરો

—ના પ્રત્યે માનવનું વલણ ૩૩૭

પરમમાતા

અદિતિ; સર્જક ચેતના ૧૬૪
આવિર્ભાવથી પર ૧૬૧,૧૬૩
કાલીપૂજા ૩૭૧
દુર્ગાપૂજા–વિજયદિન ૩૫૩
પ્રકૃતિ અને પરમમાતા ૧૬૮
મહાશક્તિ અને કાલી ૩૭૧

પરિસ્થિતિ

પોતાની પરિસ્થિતિનું પરિવર્તન ૪૭૬
ભગવાનની શોધને મર્યાદિત
કરતી ૩૭૫

પરંપરા

પ્રાચીન પરંપરા; ૧૨ માણસોની
જરૂર ૪૧૪
ભારતમાં યોગનીજીવંત પરંપરા ૩૪૪

પશુઓ

ધ્યાન કરતી બિલાડી ૧૦૪,૧૦૫
—નો પુનર્જન્મ ૧૦૪,૧૦૫
પોતાનાં બચ્ચાંનું રક્ષણ
કરતી બિલાડી ૧૦૩,૧૦૪
પ્રકૃતિ સાથે સંવાદિતા ૫૬
બિલાડી, એક કલાકારની કથા ૨૯
માનવોમાં પશુતા ૩૩૨
માનવ અને ૩૨૯
—માં અદ્‌ભુત ગુણો ૩૩૪
—માં ચૈતસિકનું નિર્માણ નથી ૧૦૫
—માં ભય ૩૦
સરકસો ૩૦

પારતાર્કિક

—નું સૌંદર્ય ૧૭૬,૧૮૭
—નો પ્રદેશ ૧૭૬

પારમાનવ ૩૨૮

પીડા

ભેદ અને દુઃખ ૪૦૦
મટાડવાની પદ્ધતિઓ
૧૩૪,૧૩૫,૧૫૪
સુખમાં રૂપાંતર ૧૫૪

પુનર્જન્મ ૯૩,૯૪

પુરુષ ૨૦૯

પુસ્તકો

આધુનિક સમયમાં ગ્રામ્યતા
૩૧૪,૩૧૫
—માંથી શીખવું ૩૪૩,૩૪૪,૩૪૯
વાચન : પોતાને માટે પસંદગી
૩૧૪,૩૧૫,૩૧૬,૩૧૭,૩૪૩

પુષ્પ

દાડમ ૩૭૮
"ભગવાનનો પ્રેમ" ૩૦૦,૩૭૮
"સર્જનાત્મક શબ્દ" ૩૪૯

પોંડિચેરી

અનિયમિત ઋતુઓ ૩૮૭,૩૮૮
માતાજીનું આગમન ૩૮૭,૩૮૮

પ્રગતિ

કાર્ય અને ૨૯૫

ગ્રહણશીલતા અને ૧૪૭
ચૈત્યિક અને ૪૨૪
—ના ભિન્ન ભિન્ન પ્રકારો ૩૧૩
—ના વળાંક ૩૨૮
—ની શક્તિ ૧૦૭
પાર્થિવ જીવન પ્રગતિનો સમય ૮૨
ભગવાન માટે શોધ અને ૩૭૪
માટે પ્રયાસ ૨૦૫
—માં અવરોધો ૩૦૨,૩૦૩
વ્યક્તિગત અને વૈશ્વિક ૪૨૬
વિનાશ અને ૨૧૧
સતત ૩૨૯
સમાંતર અને ઊર્ધ્વમાં સીધી ૩૭,૩૮
સંપૂર્ણ–સમગ્ર પ્રકૃતિ ૨૦૦,૩૧૩
સાધના અને ૩૫
સ્થિતિસ્થાપકતા અને ૨૧૨,૨૧૩
પ્રલય ૨૧૧
પ્રયાસ
અહંતા અને પ્રયાસ ૩૬૪,૩૬૫,૩૭૧
અંગત પ્રયાસની ભાવના ૩૬૪,૩૬૫
પ્રશ્ન
રસપ્રદ પ્રશ્ન ૩૭૭,૩૭૮
શંકાઓ અને ગ્રહણશીલતા ૮
શંકાઓ અને મુશ્કેલીઓ ૮
પ્રકૃતિ
ઉત્ક્રાંતિ અને ૧૬૭
ઋતુઓ નિયમિત નથી ૩૮૭
જાતીયવૃત્તિનો એક સાધન તરીકે ઉપયોગ કરે છે ૧૬૬
નિમ્ન-તાર્કિક પ્રકૃતિ ૧૮૩
—ની શક્તિઓ: અંગત અને બિનઅંગત ૩૮૫
પરમ માતા અને ૧૬૭
"પ્રકૃતિની નીતિમયતા" ૧૮૮,૧૮૯
માનવો વડે વિક્ષિપ્ત કરાતાં તત્ત્વો ૩૮૮
માનવ અને પ્રકૃતિના નિયમો ૧૮૩
માતાજીનો પ્રકૃતિશક્તિનો અનુભવ ૩૮૬
—માં સૂર્ય-પ્રતીક ૧૪૩
—માં સંવાદિતા ૫૬
—માં ભિન્ન ભિન્ન સંમિશ્રણો ૩૬૬
—માંથી ખેંચી લેવાતી શક્તિઓ ૧૪૨,૧૪૩
વિશાળતા અને આનંદ સાથે સંપર્ક ૭૬,૧૪૨,૧૪૩
શારીરિક પ્રકૃતિ સંવાદમય છે ૨૨૦
પ્રકૃતિ
દિવ્યમાતા અને ૨૧૦
પુરુષ અને ૨૧૦
પ્રતિકૃતિઓ
ચૈતસિકની શોધ માટે ૨૭૩,૨૭૪
—નું મૂલ્ય અને ઉપયોગ ૨૭૪
પ્રાણવિનિમય
દિવ્યસંકલ્પ અને ૨૭૦
—ની અસરો ૨૭૦

પ્રાણિક

ઉગ્ર ગતિઓ ૮૭
ચૈતસિક અને ૪૭,૨૫૪
નિમ્નતર – તેની ભૂલ ૭૬
ની આપલે; ચેપી છે ૨૫૭,૨૫૮
પ્રગતિ અને ૪૨૪
પ્રતિકાર્યો : વરવાં રૂપો ૮૭
મન અને ૭૬
—માં સંકલ્પ; સીધો સટ
કાર્ય કરે છે ૨૨૨
વાણી અને ૩૫૧
વિશાળ અને ગ્રહણશીલ ૭૮,૭૯
વૈશ્વિક શક્તિઓ ૧૪૫,૧૪૭
શક્તિઓ : માંથી શક્તિ
૭૯,૧૪૧,૧૪૨,૧૪૫,૧૪૭
શક્તિશાળી અસ્તિત્વ
અને વાણી ૩૫૧
સર્જનાત્મક બલ ૨૪૩
સાચું ૨૨૦

પ્રાણિક જગતો

જગતમાં ખુલ્લાપણું ૮૬
બિહામણાં સ્વપ્નો (ઓથારો)
૨૫,૧૨૬
—માં રહેતાં સત્ત્વો ૧૬૪

પૃથ્વી

તાત્ત્વિક અને દિવ્ય ૧૯૬
નવીન પૃથ્વીનું વચન ૩૫૮
—નો ઇતિહાસ; વૈદિકયુગ ૩૫૮
પ્રતીકમય છે ૧૬૫,૧૬૯
પાર્થિવ જીવન; ચમત્કારિક ક્ષણો ૪૧૭
પૃથ્વી પર યોગ ૩૫
વિકાસ; અવક્રાંતિ અને
ઉત્ક્રાન્તિ ૩૬૨,૩૬૩

પ્રેમ

અને કામના ૩૯
પ્રભુનો ૩૭૦,૩૭૮
"માણસો જેને પ્રેમ કહે છે" ૯૪

પ્રેરણા

તે શું છે ? ૨૮૪
પ્રતિભાશાળી માણસો ૨૮૪

ફ

ફોટાઓ

માતાજીના ફોટાઓ ૨૭૮
રંગીન ફોટાઓ પર ૪૮

બ

બાયલાપણું

અજ્ઞાન અને ભૂલ ૪૧૦
તમસ્ અને ૨૬

બાહ્યીકરણ

તમારી જાતને પાછી લાવવી
૧૩૯,૧૪૦
બીજી ભૂમિકાઓ પર જવું
૧૬૯,૧૭૦
માનસિક, પ્રાણિક અને
શારીરિક ૨૩૨

આળકો
અનુભવ દ્વારા શીખવાની
સ્વતંત્રતા ૨૮૨
આશ્રમના
૨૦૩,૨૦૪,૩૫૬,૪૧૬,૪૧૭
અસ્તિત્વને સમૃદ્ધ બનાવવાનું
શિક્ષણ ૩૧૭
અહીં તેમને સ્વતંત્રતા
અપાય છે ૨૦૫
ક્લાસિકલ પુસ્તકોનું વાચન ૨૮૩
દર્શનો ૧૩૩
પાંચ વર્ષની ઉમ્મર : પોતાનું
જીવન સંગઠિત કરે છે ૧૮૨
—માં તર્કબુદ્ધિ ૧૮૨
—માં પ્રાણિક શક્તિ ૧૪૧,૧૪૭
યોગ અને
૨૦૩,૨૦૫,૩૫૬,૪૧૬,૪૧૭
વૃદ્ધિ ૧૪૩,૧૪૪

બુદ્ધ-બૌદ્ધ ધર્મ
અવતાર તરીકે ૨૯૯,૩૮૦
અજ્ઞાન અને જીવન માટે
કામના ૩૨૧,૩૨૨
કામના-ની પર ૩૯,૨૯૬
કામના પર પ્રભુત્વ ૪૧,૩૨૪
જીવન એક ભ્રાંતિ ૨૯૬
દેવ બનાવવામાં આવ્યા ૩૦૦
દુઃખ અને માનસિક ઉકેલ ૩૨૧
—ના ઉપદેશો ૨૯૬,૩૧૯,૩૨૧
નિર્વાણ ૩૨૧

ભ

ભગવાન
અવ્યકત અને વ્યકત
૨૪૫,૨૪૯,૨૫૧
એકતા અને અનેકતા ૨૩૦,૨૪૨
૩૭૯,૩૮૦
આપણા અસ્તિત્વનું સારત્વ
૧૯૪,૧૪૧
—ની અસર ૨૪૬
—ની પસંદગી કરવી અને તેમના
વડે પસંદ કરાવવું ૩૪૭
—ની દોરવણી ૨૪૭
—ની દરમ્યાનગિરી ૪૨૪
—ની સભાનતા ૨૪૧
—ની સાથે ચૈતસિકમાં સંપર્ક ૪૨૩
—ની સાથે એકતા ૨૧૪
—ની હાજરી ૨૪૮,૩૪૨,૪૦૯
—ને વિશે માનવાનો ખ્યાલ ૩૮૧
"પોતાની જાતને આપી દે છે" ૨૪૮
પૃથ્વી પર પ્રગટે છે ૧૯૪,૨૩૦,૩૭૯
—ના પ્રત્યે ભિન્ન ભિન્ન
અભિગમો ૨૩૦,૩૭૪
—ના પ્રત્યે અભિગમ "ભૂતકાળની
ઉત્ક્રાન્તિના અને વર્તમાનકાળના
સ્વભાવની અસર પડે છે ૩૪૭
સર્વત્ર સમાન રીત ૩૧૦,૩૭૯
સર્વમાં અંતર્યામી ૩૪૨
સર્વનું ઉદ્ભવસ્થાન ૪૨૩
સર્વ પર તેમનો કબ્જો ૨૩૮,૨૩૯
સંકલ્પ અને પ્રાણવિનિમય ૨૭૦

ભય

આત્મસમર્પણનો ૩૩૧
જાદુઈ પ્રક્રિયાઓ અને ૨૬૯
પશુઓ અને ૩૦
માણસો અને ૫૭
વિપત્તિઓને આકર્ષે છે ૬૯
શરીરના કોષાણુઓ અને ૧૫૦
હિંમત અને ૨૯

ભય અને વિપત્તિઓ

—નાં કારણો ૧૭
ભય અને ૬૮

ભારત

જગતમાં તેનો ભજવવાનો ભાગ ૩૧૧
દિવ્ય દરમ્યાનગિરીની કથાઓ ૩૧૭
પ્રાણિક શક્તિ ગુમાવી દેવાઈ ૨૯૮
યોગની જીવંત પરંપરા ૩૪૪

ભ્રાંતિ

તરીકે જગત ૨૯૬
તરીકે જીવનનો ઇન્કાર ૪૦૪

ભાવિ

નક્કી થઈ ગયેલું છે પણ માણસોથી અજ્ઞાત ૨,૩
નવીન ભાવિનાં ચિહ્નો ૩૨૬

ભાષાઓ

ફ્રેન્ચ ભાષા પર એકેડેમીનું શાસન ૩૭૨
ભાષા તરીકે ખગોળશાસ્ત્ર ૩૭૦
ભાષા તરીકે સંખ્યાઓ ૩૭૦
ભિન્ન ભિન્ન શબ્દની શક્તિ ૩૫૦

ભૂતકાળ ૩૭

મ

મન

અનુભવમાં અવરોધ કરે છે ૪૫
અહંતાપૂર્ણ ૩૬૫
એક કરણ છે ૪૪,૪૬,૩૨૫
ઉચ્ચતર મન : તેને ભજવવાનો ભાગ ૧૬
કશું સમજાતું નથી ૨૩૯
ચૈતસિક અને ૪૩,૪૭
જાહેર ચોતરો છે ૪૦૦
દર્શન કરવાની શક્તિ ૨૩૩
—ની પ્રગતિ ૨૭૫,૩૨૫,૪૨૪
—નો ઉપયોગ એક મુસાફરી ૩૨૫
"પ્રકાશનું મન" ૨૨૮
પ્રાણિકનો તે સાથીદાર છે ૭૬
બુદ્ધિશાળી લોકો ૨૭૫,૪૦૦
મર્યાદિત ૩૮૦
માનસિક વ્યાયામ ૯૮
માનસિક રચનાઓ અને આવિષ્કાર ૧૮૯,૧૯૦,૨૧૫, ૨૧૬,૨૭૭
—માં મુસાફરી ૧૭૦,૨૨૨,૨૨૩
—માં અસંગતતાઓ ૯૬
મૃત્યુ પામેલા માણસો સાથે સંપર્ક ૨૩૪
વિશાળ બનાવવું; કેળવવું ૬૨

વિકૃતિ અને ૩૦૩
શાન્ત જુઓ : વિચાર ૨૫૩

માંદગી

અસંવાદિતા અને ૬૦
આશ્રમમાં સામૂહિક માંદગી ૧૫૬
જંતુઓ ૧૫૧
યોગ વડે મટાડી શકાય ૧૦૯,૧૫૦
શરીર અને મન સંબદ્ધ છે ૪૭

માતાજી— અંગત અનુભવો વગેરે

અગાશી દર્શન અને ક્રીડાંગણમાં તેમનું કાર્ય ૨૫૮
આસક્તિ વગરનું કાર્ય ૩૯૭
ઓગણીસસો સત્તાવન વિશે ૧૫
ઊડતી રકાબી જોઈ ૧૬૯
કલા : આધુનિક અને પ્રાચીન
કલા પ્રત્યે માતાજીનાં પ્રતિકાર્યો ૧૯૨
તેમણે આપેલી વસ્તુ ખોવા વિશે ૫૨
દર્શનમય ફોટાઓ વિશે યોજના ૪૯
—ના ફોટાઓ ૨૭૮
નારીની સમસ્યા ૧૫૮
—નું રોજિંદુ કાર્ય ૨૫૯
પ્રકૃતિની શક્તિઓનો અનુભવ ૩૮૬
બધાની અંદર દ્વાર ખોલે છે ૭૪
"મહાન રહસ્ય" નામનું નાટક ૩૦૫, ૩૦૮,૩૧૨,૩૧૩, ૩૨૦,૩૨૭
વિજયદિન પર તેમનું કાર્ય ૩૫૩
શાળાના કાર્યક્રમમાં તેમનો અનુભવ ૩૮૬
શુભ સત્ત્વનું આગમન: વરસાદ પડ્યો ૩૮૮
સત્યના પ્રકાશ માટે તેમને બોલાવો ૬૪
સામૂહિક યોગ માટે નિર્ણય ૪૧૩

માતાજી કહેલી વાતો

અલ્જીરિયામાં બરફ ૩૮૬, ૩૮૭
એક સ્ત્રીએ કયૂની પદ્ધતિનો કરેલો પ્રયોગ ૫, ૬
ઓપેરાની નર્તિકા ૩૬૮,૩૬૯
ઓપેરામાં આત્મસંયમી સ્ત્રી ૪૦
પશુપાલક અને હિંમત ૨૭
"પ્રકૃતિની નીતિમયતા"નો બોધ કરતો માણસ ૧૮૮,૧૮૯
બિલાડી અને રશિયન સ્ત્રી ૧૦૩,૧૦૪
સાબુના ટુકડા એકઠા કરતો સાધક ૫૪
સૃષ્ટિની કથા ૧૬૪
શ્રીમતી ડેવિડ–નીલ ૩૬૩,૩૬૭

માનવ

અતિમાનવ અને માનવ ૩૩૬,૩૩૭
અધિકતાની લાગણી ૩૬૩,૩૬૪
અસંગઠિત જીવન ૨૬૬,૩૦૦
આત્મસભાનતાનો અભાવ ૨૭૬, ૨૬૬,૩૧૭,૩૧૮,૩૬૬
ઉપર ચઢતા માનવનું આરોહણ ૧૬૧
ઉચ્ચતર કલ્યાણની જરૂર ૩૩૦
ચારિત્ર્ય, આનુવંશિકતા, પરિસ્થિતિ ૩૭૫,૩૭૬
જાહેર ચોતરો ૩૬૬
જીવનમાં વલણ ૩૧૭,૩૧૮
દેવો અને પયગંબર તરફ વલણ ૩૩૭

નિમ્નતર ઉત્ક્રાન્તિના જીવનમાં
પરિવર્તન લાવે ૩૬૮
નિરાશાવાદી વલણ ૪
—નો ભગવાન વિશેનો ખ્યાલ ૩૮૧
પરમ માનવ અને દિવ્ય માનવ ૩૮૦
પ્રકૃતિ અને ૧૮૩,૩૯૫,૩૮૮
"પ્રકૃતિના–સ્વભાવના નિમ્નતર
પ્રદેશો' ૧૦૮,૧૦૯
પ્રથમ માનવ-ઉત્ક્રાન્તિ ૩૩૫
ભિન્ન ભિન્ન સ્થિતિઓ અને
સ્વરૂપની ભૂમિકાઓ ૨૯૯,૩૦૦
માનસિક જીવન અગત્યનું ૩૨૪
—માં પશુતા ૩૩૩
રૂપાંતર માટે તૈયાર નથી ૧૯૦
લક્ષ્ય અને કાર્ય ૨૯૬
વિકસિત અને સામાન્ય
૧૮૧,૨૧૮,૨૧૯
શક્તિઓ અને વિરોધી
મુશ્કેલીઓ ૪૧૯
સાદાં અને જટિલ
સંયોગીકરણો ૨૧૮,૨૧૯,૩૬૬
સંસ્કારી ૧૮૧,૨૧૮,૨૧૯
જ્ઞાનનો દુરુપયોગ ૩૮૮

માનવવાદ

માનવપ્રગતિ ૩૦૫
માનવો પર ઉપકારવાદ ૫૮

માનસશાસ્ત્ર

પૃથક્કરણકારો ૧૧૩
પૃથક્કરણ-ફ્રોઈડ ૧૧૩
સાચું ૧૧૭

માપો

આંતરમાપો ૨૫૦

મિથ્યાભિમાન ૧૯,૨૦

મુક્તિ

—ને માટે તપસ્યાઓની જરૂર ૩૭૭
—ને માટે પ્રયત્ન ૩૭૬
શત્રુથી મુક્તિ ૪૦૧,૪૦૨
જુઓ : સ્વતંત્રતા

મુખ્ય ટાઈપો ૧૨૭,૩૫૪

મુશ્કેલીઓ

"અશક્યતા" અને
"મુશ્કેલી" ૪૧૪,૪૧૯
ચૈતસિક અસ્તિત્વ અને ૨૨,૪૦૦
—નાં ઉદ્ભવસ્થાનો ૩૫,૩૬
—નો ઉકેલ; તેમની પદ્ધતિ ૧૧૧,૧૧૨
શંકા અને પ્રતિરોધ દ્વારા વૃદ્ધિ ૮
સાચી ભાવનાથી સામનો કરાય તો ૯
સામૂહિક ૪૧૨

મેટરલિંક ૬૬

મૌન ૨૮૫,૨૮૬

મંત્ર

શ્રી અરવિંદનો ૩૭૧
—ની શક્તિ ૩૪૯
—નો ઉપયોગ ૫૩,૬૦
ભૌતિક વસ્તુઓ અનિવાર્ય છે ૫૫
"શક્તિઓનો સ્વામી" ૨૪

યુદ્ધ
એટમ બૉમ્બ ૩૮૮
છેલ્લા યુદ્ધ દરમ્યાન મુત્સદ્દીઓ ૩૦૭
—ની શકયતા ૧૪
પ્રકૃતિ તત્ત્વોમાં વિક્ષેપ કરે છે ૩૮૮
પ્રથમ વિશ્વયુદ્ધ ૨૬૧
"મહાન પાગલપણું" ૩૧૦
—માં ભગવાનની દરમ્યાનગિરી ૩૧૦,૩૧૧
—માં શૂરવીરતા ૨૬૦
—માં હિંમત ૩૨,૨૬૨
યોગ
અસ્તિત્વના ભિન્ન ભિન્ન ભાગો કાર્ય કરે છે ૪૦૯
અસ્તિત્વનું સંગઠન ૨૧૯
અજ્ઞાનમાં ભૂલો અને જ્ઞાન ૪૧૦
આંતરીકરણ ૪૦૬,૪૦૭
આત્મસમર્પણ ૧૯૫,૨૦૧,૨૪૪,૨૪૮,૩૬૭
આત્મજ્ઞાન ૨૫૫,૩૫૫,૩૫૬
આશ્રમ ૨૦૩,૪૧૪
આશ્રમમાં પ્રતિનિધિરૂપ જૂથો ૪૧૪
કરવા વિશે ૨૦૪,૨૦૬,૩૫૬
કાર્યની સાધના માટે પસંદગી ૨૮૮
ગતિઓનું સામયિક પુનરાગમન ૩૩૯,૩૪૦
જાદુ અને યોગિક શકિતઓ ૨૬૮
ટીકા પ્રત્યે બેપરવાઈ ૩૯૨,૩૯૫,૩૯૬
નિમ્નતર સ્વભાવનું પરિવર્તન ૧૧૯,૨૦૦,૨૦૨
નિશ્ચિત થઈ ગયેલા લાગે ૩૪૪,૩૪૫
—ની સાધના; અસ્તિત્વનું સંગઠન ૨૧૯
"પદાર્થતત્ત્વમાં યોગ" ૨૬૮
પસંદગીની સ્વતંત્રતા ૩૪૬
પૂર્ણ યોગ ૩૭૦,૪૦૬,૪૦૭,૪૧૨,૪૧૪
પ્રથમ પગલું—આંતરીકરણ ૩૫૫,૩૫૬
પ્રાચીન યોગોમાં જીવનનો ઈન્કાર ૪૦૪,૪૦૭
પૃથ્વી તેને માટે સ્થાન છે ૩૫
બાળકો અને ૨૦૫,૨૦૭
ભગવાનની અને બીજાઓની અસરો ૨૪૬
ભગવાન માટે કાર્ય ૧૯૪,૧૯૫
ભગવાન સાથે તાદાત્મ્ય ૩૫૫,૩૫૭
જુઓ : પ્રાણિક
માંદગી અને ૧૦૯
—માં અહંતાપૂર્ણ હેતુઓ ૧૯૫
—માં મહત્ત્વાકાંક્ષા ૨૬૬
મુશ્કેલીઓનો સામનો ૨૦૦,૧૨૦
મુકિત ૨૪૭,૩૭૭
યોગશકિત ૧૦૭,૨૧૪,૨૧૬
"લોખંડી નિશ્ચય" ૨૦૬
વાચનનો ઉપયોગ ૨૧૭,૨૧૮,૩૧૬,૩૪૩
સમર્પણ અને સ્વતંત્રતા ૨૪૭, ૩૬૮
સમર્પણનો માર્ગ ૨૫૧
જુઓ : રૂપાંતર

વિશ્વાસ

કૃપામાં ૪૦૨
ભગવાનનું પ્રલોભન કરવું ૪૦૨,૪૦૩

જુઓ : શ્રદ્ધા

વિજ્ઞાન

અજ્ઞાન એક અનિષ્ટ ૩૨૦,૩૨૧
—માં સાધન ૩૨૪
વૈજ્ઞાનિકોમાં કલ્પના ૨૩૪
વૈજ્ઞાનિકો : પ્રેરણા ૨૮૪
જ્ઞાન ૩૨૧

વિષાદ

અને પ્રગતિ ૧૧,૧૨
ની સ્થિતિ ચેપી છે ૨૫૮

વીરતા

—ની પ્રશંસા ૨૬૦
પ્રથમ વિશ્વયુદ્ધમાં વીરતા ૨૬૧

વેદ

અનુભવ અને સમજ ૩૬૧
ઋષિઓ ૩૬૧,૩૬૨
—ની પ્રતીક વાણી ૩૬૦
વૈદિક યુગ ૩૫૭,૩૫૮,૩૫૯,૩૬૦

વેરવિખેર થઈ જવું

આંતર વેરવિખેરપણું ૨૫૭,૨૫૮

શ

શક્તિ

ઉપવાસ અને ૬૪
ગ્રહણશીલતાને તૈયાર કરે છે ૨૬૦
—નાં ઉદ્ગમ સ્થાનો ૭૫,૭૬
—ને ખેંચવી ૬૪,૭૭
પ્રાણિક શક્તિઓ ૭૬,૧૪૧,૧૪૨
શરીરનાં કોષાણુઓ ૭૬

શત્રુ

કસોટી છે ૪૦૩
—ને આનંદ જીતે છે ૪૦૨
—માં અભીપ્સા ૪૨૩
—માંથી મુક્તિ ૪૦૨,૪૦૩
વડે દુઃખનું આગમન ૪૦૨

શબ્દ

ગુરુનો ૩૪૪

જુઓ : મંત્ર

બોલાયેલો ૩૪૮,૩૫૦
ભિન્ન ભિન્ન ભાષાઓ ૩૫૧
શબ્દ શક્તિ ૩૪૮
"સર્જક શક્તિ" ૩૪૯,૩૫૦

શરીર

અચેતન અને ૧૧૫
અતિમનસ રૂપ પામેલું ૧૪૯,૧૫૩,૧૨૩
"આંતર શારીરિક" ૧૪૩,૧૪૪
કાર્ય—"શરીરની પ્રાર્થના" તરીકે ૩૯૧
કોષાણુઓનું પદાર્થ-તત્ત્વ ૪૨૫
કોષાણુઓનો પ્રત્યુત્તર ૨૬૨
'કૂચ' અને 'કવાયત' દ્વારા તૈયારી ૨૬૦
ખોરાક અને ૬૬,૬૭

ચૈતસિક અને ૪૭
—ના વડે અપાતું રક્ષણ ૨૫
—ના કોષાણુઓમાં ભય ૧૫૦
—ની પીડાને મટાડવી ૧૩૪
—ની હુમલાઓમાંથી મુક્તિ ૧૪૮
—નું પરિવર્તન ૧૧૦
પરિપૂર્ણ શરીર ૨૧૨,૨૨૧
મન અને ૪૬
મસ્તિષ્કના કોષાણુઓ ૨૫૧
—માં કોષાણુઓ; શરીરમાં શક્તિ ૭૮
—માં ચેતના ૨૩૮,૨૬૦
માંદગીની ટેવો ૧૪૯,૧૫૦
માંદગી ૧૪૯,૧૫૩
સાથે તાદાત્મ્ય ૨૫૬
સાધના માટે જરૂર ૩૪
સાચી અને વિકૃત સ્થિતિ ૨૨૧
સ્થિતિસ્થાપકતા અને મૃત્યુ ૨૧૨

શારીરિક

"આંતર શારીરિક" ૧૪૩,૧૪૪
ચેતના અજ્ઞાત છે ૨૨૫,૨૨૮
પદાર્થતત્ત્વની પરિપૂર્ણતા ૪૨૫
વિકૃત શારીરિક સ્થિતિ ૨૨૧
શારીરિક અસ્તિત્વ અને પ્રગતિ ૪૨૪,૪૨૫
સાચું શારીરિક ૨૨૦,૨૨૧
જુઓ : શરીર
સંવાદમય છે ૨૨૦

શાસ્ત્ર ૩૪૩

શુભ (કલ્યાણ)

અમર્યાદ શક્તિ ૪૨૩
શંકર ૨૯૫

સ

સચ્ચિદાનંદ

—ની સાથે એકતા ૨૪૪
—નો વિયોગ ૨૩૯,૨૪૧,૨૪૨
પોતાની વાસ્તવિકતાની વિસ્મૃતિ ૨૪૧

સત્ય

ઉચ્ચત્તમ સત્ય અનુસાર જીવવું ૨૯૦,૨૯૧
નિયમો અને સત્ય ૨૯૦
ભગવાનની હાજરીમાં જીવવું ૪૦૯
સૌંદર્ય અને ૨૮૨

સમજ

અસ્તિત્વ અને સમજ ૨૪૦
બીજું માપ ૨૪૧
સાચી સમજ ૨૩૯,૨૪૦

સમર્પણ

નો આનંદ ૪૦૦,૪૦૨
ભગવાનને સંપૂર્ણ સમર્પણ ૧૯૫,૨૪૪
પૂર્ણયોગનો માર્ગ ૨૫૧
બધી નિશ્ચિતતાને પલટે છે ૩૬૭,૩૬૮
ભગવાનને ચેતનાનું સમર્પણ ૨૫૬
મુક્તિ અને ૨૪૭

સમૂહ

આશ્રમમાં સામૂહિક માંદગી ૧૫૬
આશ્રમમાં સામૂહિક સાધના ૪૧૨,૪૧૫

વ્યક્તિ અને સમૂહ–બંને
પરસ્પર આધારિત ૨૨૭
સામૂહિક મુશ્કેલીઓ અને કાર્ય ૪૧૨
સામૂહિક વાતાવરણ ૧૫૨,૩૨૭
સામૂહિક સૂચનો ૨૪૬,૨૪૭

સાહસ

—ની સાચી ભાવના ૩૩૧,૩૩૨

સાહિત્ય

પ્રગતિમાં મદદગાર ૩૧૩
રૂપો શબ્દોની સંવાદિતા ૩૧૨

સાક્ષાત્કાર

કલ્પના અને સિદ્ધિ ૨૩૪,૨૩૫
નવીન સાક્ષાત્કાર;
સમર્પણ અને ૩૩૧,૩૩૨
—નુ સ્થાન; આશ્રમ ૪૧૯
—નો માર્ગ ૪૨૦
પાર્થિવ ૨૯૯
—માં ચઢતોઊતરતો ક્રમ ૩૪૨
રેખાગત અને વર્તુલમય ૨૫૨
"સક્રિય" ૨૦૭

સિનેમા

કેળવણીનું સાધન ૩૦૩,૩૦૪
વિકૃતિનું સાધન ૩૦૩,૩૦૪

સુવર્ણયુગ

ઋષિઓનો ખ્યાલ ૨૯૮

સ્વાદ : રસવૃત્તિ

નું ઉદ્ગમસ્થાન ૬૩
નું ગ્રામ્યીકરણ ૨૯૨,૩૦૩,૩૦૪,
૩૧૪,૩૧૫
—નો અભાવ પ્રગતિમાં
અવરોધરૂપ ૩૦૩
—નો વિકાસ ૬૧,૧૮૮
લોભ અને ૬૨
સાહિત્ય રસવૃત્તિને કેળવે છે ૩૧૩

સ્વપ્નો

અનુભવો ૮૫,૮૬,૧૨૪,૧૨૫
આ પ્રકાશમય સ્વપ્નો ૧૧૪,૧૧૬
આપણને શા માટે સ્વપ્ન
આવે છે ૧૩૬
—ની સ્મૃતિ ૭૧,૧૨૬
પ્રતીકમય અને દર્શનો ૧૩૩,૧૩૪
બે માથાંવાળો, ધોળો સર્પ ૪૨૬
બિહામણું સ્વપ્ન, ઓથાર ૨૫,૧૨૬
ભિન્ન ભિન્ન પ્રકારના
૧૨૪,૧૨૫
—માં કોઈનું મૃત્યુનું દર્શન
૧૨૮,૧૩૬
—માંથી શીખવાનું મળે છે ૧૨૯
વારંવાર આવતા ૧૨૯

સ્વતંત્રતા

આંતર સ્વતંત્રતા અને
બાહ્ય અભિવ્યક્તિ ૨૯૬
પસંદગી કરવાની ૩૪૬
બાળકો અને ૨૦૫,૨૯૦
સમર્પણ અને ૨૫૦

શ્રદ્ધા

અસ્તિત્વના ભિન્ન ભિન્ન ભાગોમાં ૧૨૦,૧૨૧
ચૈત્યિકની ૧૨૧,૧૨૨
દિવ્ય કૃપામાં ૮૮,૧૨૦,૨૪૪,૪૦૨
શરીરની ૧૨૦

સૃષ્ટિ

નવીન અતિમનસની સૃષ્ટિ ૧૬૧
—ની કથા ૧૬૪
"સર્જનાત્મક શબ્દ" ૩૪૯
સત્યસૃષ્ટિ અને પ્રલય ૨૧૦
સાતમી સૃષ્ટિ પ્રગતિશીલ હશે ૨૧૧

સ્મૃતિ

ચૈતસિકની ૨૨૪
સાચી રીતે ગોખવું ૯૮,૯૯

સંગીત

આવાહન ૩૧૨
માનવનો અવાજ અને ૩૫૨
વાયોલિન ૩૫૨
સંગીતમય પ્રદેશો ૩૫૨

સંખ્યાઓ

—નું રહસ્ય-ગૂઢાર્થ ૩૬૯,૩૭૦
ભાષા તરીકે ૩૭૦

સંવાદમયતા

આંતર અભીપ્સાની અને બાહ્ય અભિવ્યક્તિની ૧
સમતુલા અને પ્રગતિ ૬૦

સૌંદર્ય

કલામય અંતઃકરણ ૧૮૪,૧૮૫
ધર્મ અને ૧૭૧
—ની ભાવના ૧૮૪
પારતાર્કિક ૧૭૨,૧૭૬,૧૮૪
ભગવાન સાથે સંપર્ક ૧૭૮
રૂપ ૩૫૩
સત્ય અને ૨૮૨

હ

હૃદય

કેન્દ્ર અને સૂર્ય-ચક્ર ૨૫૪
શુષ્ક હૃદય ૨૫૪
હૃદયને પાંખો છે ૪૦૦

હિંમત

—ના ભિન્ન ભિન્ન પ્રકારો ૨૭,૩૦
ભય અને ૨૮

જ્ઞ

જ્ઞાન

અજ્ઞાન અને ૩૨૧
તાદાત્મ્ય વડે ૩૨૩,૩૨૪
માટે સાધના ૩૨૪
સુષુપ્ત જ્ઞાન ૩૪૩,૩૪૪
"જ્ઞાનનું કમળ" ૩૪૨,૩૪૩

* * *

વ્યક્તિ અને સમૂહ–બંને
પરસ્પર આધારિત ૨૨૭
સામૂહિક મુશ્કેલીઓ અને કાર્ય ૪૧૨
સામૂહિક વાતાવરણ ૧૫૨,૩૨૭
સામૂહિક સૂચનો ૨૪૬,૨૪૭

સાહસ

—ની સાચી ભાવના ૩૩૧,૩૩૨

સાહિત્ય

પ્રગતિમાં મદદગાર ૩૧૩
રૂપો શબ્દોની સંવાદિતા ૩૧૨

સાક્ષાત્કાર

કલ્પના અને સિદ્ધિ ૨૩૪,૨૩૫
નવીન સાક્ષાત્કાર;
સમર્પણ અને ૩૩૧,૩૩૨
—નુ સ્થાન; આશ્રમ ૪૧૯
—નો માર્ગ ૪૨૦
પાર્થિવ ૨૯૯
—માં ચઢતોઊતરતો ક્રમ ૩૪૨
રેખાગત અને વર્તુલમય ૨૫૨
"સક્રિય" ૨૦૭

સિનેમા

કેળવણીનું સાધન ૩૦૩,૩૦૪
વિકૃતિનું સાધન ૩૦૩,૩૦૪

સુવર્ણયુગ

ઋષિઓનો ખ્યાલ ૨૯૮

સ્વાદ : રસવૃત્તિ

નું ઉદ્ગમસ્થાન ૬૩
નું ગ્રામ્યીકરણ ૨૯૨,૩૦૩,૩૦૪,
૩૧૪,૩૧૫
—નો અભાવ પ્રગતિમાં
અવરોધરૂપ ૩૦૩
—નો વિકાસ ૬૧,૧૮૮
લોભ અને ૬૨
સાહિત્ય રસવૃત્તિને કેળવે છે ૩૧૩

સ્વપ્નો

અનુભવો ૮૫,૮૬,૧૨૪,૧૨૫
આ પ્રકાશમય સ્વપ્નો ૧૧૪,૧૧૬
આપણને શા માટે સ્વપ્ન
આવે છે ૧૩૬
—ની સ્મૃતિ ૭૧,૧૨૬
પ્રતીકમય અને દર્શનો ૧૩૩,૧૩૪
બે માથાંવાળો, ધોળો સર્પ ૪૨૬
બિહામણું સ્વપ્ન, ઓથાર ૨૫,૧૨૬
ભિન્ન ભિન્ન પ્રકારના
૧૨૪,૧૨૫
—માં કોઈનું મૃત્યુનું દર્શન
૧૨૮,૧૩૬
—માંથી શીખવાનું મળે છે ૧૨૯
વારંવાર આવતા ૧૨૯

સ્વતંત્રતા

આંતર સ્વતંત્રતા અને
બાહ્ય અભિવ્યક્તિ ૨૯૬
પસંદગી કરવાની ૩૪૬
બાળકો અને ૨૦૫,૨૯૦
સમર્પણ અને ૨૫૦

શ્રદ્ધા

અસ્તિત્વના ભિન્ન ભિન્ન ભાગોમાં ૧૨૦,૧૨૧
ચૈત્યિકની ૧૨૧,૧૨૨
દિવ્ય કૃપામાં ૮૮,૧૨૦,૨૪૪,૪૦૨
શરીરની ૧૨૦

સૃષ્ટિ

નવીન અતિમનસની સૃષ્ટિ ૧૬૧
—ની કથા ૧૬૪
"સર્જનાત્મક શબ્દ" ૩૪૯
સત્યસૃષ્ટિ અને પ્રલય ૨૧૦
સાતમી સૃષ્ટિ પ્રગતિશીલ હશે ૨૧૧

સ્મૃતિ

ચૈતસિકની ૨૨૪
સાચી રીતે ગોખવું ૯૮,૯૯

સંગીત

આવાહન ૩૧૨
માનવનો અવાજ અને ૩૫૨
વાયોલિન ૩૫૨
સંગીતમય પ્રદેશો ૩૫૨

સંખ્યાઓ

—નું રહસ્ય-ગૂઢાર્થ ૩૬૯,૩૭૦
ભાષા તરીકે ૩૭૦

સંવાદમયતા

આંતર અભીપ્સાની અને બાહ્ય અભિવ્યક્તિની ૧
સમતુલા અને પ્રગતિ ૬૦

સૌંદર્ય

કલામય અંતઃકરણ ૧૮૪,૧૮૫
ધર્મ અને ૧૭૧
—ની ભાવના ૧૮૪
પારતાર્કિક ૧૭૨,૧૭૬,૧૮૪
ભગવાન સાથે સંપર્ક ૧૭૮
રૂપ ૩૫૩
સત્ય અને ૨૮૨

હ

હૃદય

કેન્દ્ર અને સૂર્ય-ચક્ર ૨૫૪
શુષ્ક હૃદય ૨૫૪
હૃદયને પાંખો છે ૪૦૦

હિંમત

—ના ભિન્ન ભિન્ન પ્રકારો ૨૭,૩૦
ભય અને ૨૮

જ્ઞ

જ્ઞાન

અજ્ઞાન અને ૩૨૧
તાદાત્મ્ય વડે ૩૨૩,૩૨૪
માટે સાધના ૩૨૪
સુષુપ્ત જ્ઞાન ૩૪૩,૩૪૪
"જ્ઞાનનું કમળ" ૩૪૨,૩૪૩

* * *